स्वामी विवेकानंद

भाग १०–११ मो

(એમના સદુપદેશ)

અનુવાદકો:–શ્રી. નર્મદાશંકર બાલાશંકર પંડ્યા
અને શ્રી. નાજુકલાલ નંદલાલ ચોકસી

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૫૬૦, પ્રત [illegible], સંવત ૧૯૯૬
મૂલ્ય રૂ. ૨), ટપાલખર્ચ અલગ

स्वामी विवेकानंद
भाग १०-११ मो
(એમના સદુપદેશ)

અનુવાદકો:—શ્રી. નર્મદાશંકર બાલાશંકર પંડ્યા
અને શ્રી. નાજુકલાલ નંદલાલ ચોકસી

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक: भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ બીજી, પૃ૪ ૫૬૦, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૬
મૂલ્ય રૂા. ૨), માર્ગવ્યય અલગ

અમદાવાદ—“ સસ્તુ સાહિત્ય મુદ્રણાલય ”માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.



સ્વામી વિવેકાનંદજી ધ્યાનસ્થ

प्रकाशकनुं निवेदन

સંવત ૧૯૭૯ અને ૧૯૮૬ માં સ્વામી વિવેકાનંદ ભાગ ૧૦મો–રાજયોગ તથા સ્વામી વિવેકાનંદ ભાગ ૧૧મો–જ્ઞાનયોગ અનુક્રમે "વિવિધ ગ્રંથમાળા" દ્વારા પ્રસિદ્ધ થયા હતા. એ બંને ખલાસ થવાથી એક પુસ્તકરૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે.

ભાગ ૧૦મો–રાજયોગ પહેલી આવૃત્તિ પ્રમાણે શુદ્ધિપત્ર મુજબ સુધારી લઇને છપાયો છે; અને ભાગ ૧૧ મો–જ્ઞાનયોગની પહેલી આવૃતિમાં સ્વામી વિવેકાનંદનાં ૨૬ વ્યાખ્યાનો અપાયલાં હતાં, તેમાંથી આમાં ૯ વ્યાખ્યાનો લેવામાં આવ્યાં છે અને બાકીનાં ૧૯ વ્યાખ્યાનો સાંપ્રતકાળમાં ઉપયોગી નહિ જણાયાથી લેવાયાં નથી.

અગાઉની આવૃત્તિઓ પૈકાના ટાઈપમાં છપાઇ હતી; અને આ આવૃત્તિ સર્વ કોઈને વાંચવામાં સરળતા થાય એટલા માટે સવૈના મોટા ટાઇપમાં પ્રસિદ્ધ થાય છે.

યુરોપીય વિગ્રહને લીધે કાગળના ભાવ લગભગ દોઢા થઇ ગયા છે; આમ છતાં કાગળો અગાઉના ભાવે મળવાનું નક્કી થઈ ગયેલું હોવાથી કિંમત અગાઉના ધોરણે ગણીને રૂા. ૨) રખાઇ છે.

આ પછીનાં પૃષ્ઠોમાં પહેલી આવૃત્તિનાં પ્રકાશકનાં નિવેદનો સારાંશરૂપે અને તે પછી સ્વામી વિવેકાનંદે લખેલી રાજયોગની પ્રસ્તાવના અપાઈ છે. પૃષ્ઠ ૧૪ ઉપર અપાયલા શુદ્ધિપત્ર મુજબ ગ્રંથ સુધારીને વાંચવો ઘટે. हरिः ॐ तत्सत्

પોષ વદિ ૧૨,
સંવત ૧૯૯૬.

—ભિક્ષુ અખંડાનંદ

पहेली आवृत्तिनुं निवेदन

(ભાગ ૧૦મો–રાજયોગમાંથી)

" વિવિધ ગ્રંથમાળા "ના ૧૫૪થી ૧૫૬મા અંકરૂપે સ્વામી વિવેકાનંદના સદુપદેશનો આ દશમો ભાગ વાચકબંધુઓની સેવામાં સાદર થાય છે. સ્વામીજીએ અમેરિકામાં પોતાના શ્રોતાઓ પ્રત્યે રાજયોગ ઉપર આપેલાં મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો તેમજ મહામુનિ ભગવાન પતંજલિનાં યોગસૂત્ર પણ સ્વામીજીને હાથે તૈયાર થયેલાં ભાવાર્થ તથા વિવેચનસહિત આમાં અનુવાદરૂપે અપાયલાં જણાશે. એ ઉપરાંત યોગવિદ્યામાં સહાયકારક એવાં અન્ય શાસ્ત્રીય ગ્રંથોનાં પણ કેટલાંક વચનો તથા સૂત્રો તેના ભાવાર્થસહિત પરિશિષ્ટરૂપે આપવામાં આવ્યાં છે.

× × × ×

(ભાગ ૧૧ મો–જ્ઞાનયોગમાંથી)

" વિવિધ ગ્રંથમાળા "ના ૨૨૩ થી ૨૨૫મા અંકરૂપ આ ગ્રંથમાં સ્વામી વિવેકાનંદજીનાં " જ્ઞાનયોગ " સંબંધી ૨૭ વ્યાખ્યાન સમાયલાં છે. પ્રબુદ્ધ ભારત ઑફિસ–આલ્મોરા તરફથી અંગ્રેજીમાં અને રામકૃષ્ણ મઠ–કલકત્તા તરફથી બંગાળીમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો ઉપરથી આ વ્યાખ્યાનો અનુવાદિત થયાં છે. × × × ×

આ ગ્રંથમાં આવેલાં જ્ઞાનયોગ સંબંધી વ્યાખ્યાનો જેટલી પણ ધીરજ, શાંતિ અને કાળજીપૂર્વક તથા રાત્રિના છેલ્લા કે દિવસના પહેલા પહોરમાં એક પછી એક વંચાતાં ચાલશે, તેમ તેમ તેમાં સમાયલા જ્ઞાનયોગ સંબંધી પ્રકારો, સાધનો, સાધનાઓ અને સિદ્ધિઓ વિષે તથા સિદ્ધાત્માની અવસ્થાઓ, પ્રકારો અને વિશેષતાઓવિષે અનેક પ્રકારની ઉપયોગી માહિતીઓ, સમજણો, સૂચનાઓ અને ખુલાસાઓ વગેરે સમજાતું ચાલશે; તથા આ જ્ઞાનયોગનો ગહન વિષય વધુ ને વધુ સરળ, સુરસ, પ્રેરક અને ઉત્તેજક થતો ચાલશે, એમાં શક નથી.

ફાગણ–૧૯૮૬ —ભિક્ષુ અખંડાનંદ

स्वामी विवेकानंदजीनो उपोद्‌घात

(સ્વામી વિવેકાનંદ ભાગ ૧૦ મો–રાજયોગમાંથી)

ઇતિહાસના આરંભકાળથી માંડીને વર્તમાન સમય સુધી દરેક યુગમાં મનુષ્યસમાજની અંદર અનેક પ્રકારના અલૌકિક બનાવો બનતા જોવામાં આવે છે. અત્યારે આપણને આધુનિક વિજ્ઞાનના પ્રકાશની સહાયતા છે; તોપણ "પુષ્કળ અલૌકિક ઘટનાઓ અમે નજરે જોઇ છે અને અનુભવી છે" એવું કહેનારા માણસો નીકળી આવે છે. અલબત, લોકો જે જે કહે છે તેનો મોટો ભાગ તો માની શકાય એવો નથીજ હોતો; કારણકે તેમાંના ઘણાખરા માણસો અજ્ઞાની, વહેમી અને ઢોંગી હોય છે. વળી એમ પણ ઘણી વાર જોવામાં આવે છે કે, જેને લોકો ચમત્કાર કહે છે તે વાસ્તવિક રીતે અનુકરણજ હોય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ કોનું અનુકરણ છે? પૂરી તપાસ કર્યા વગર કોઇ પણ વાતને અસત્ય ઠરાવીને ફેંકી દેવી એ વૈજ્ઞાનિક અને પ્રમાણિક બુદ્ધિને શોભે નહિ. જે વૈજ્ઞાનિકો ઉપલકિયા તપાસ કરનારા છે, તેઓ નાના પ્રકારના માનસિક વ્યાપારની રચના સમજાવી શકતા નહિ હોવાથી તેઓ એવા મનોવ્યાપારના અસ્તિત્વનોજ અસ્વીકાર કરે છે. આમ હોવાથી જે અંધશ્રદ્ધાળુ માનવીઓ આકાશવાસી દેવ અથવા દેવગણનું અસ્તિત્વ માને છે, પોતાની પ્રાર્થનાના પ્રત્યુત્તરની એવા દેવગણો પાસેથી આશા રાખે છે, અથવા તેમની પ્રાર્થનાને વશ થઇને દેવગણો જગતના અચળ નિયમને પણ ફેરવી નાખશે એવી માન્યતાને વળગી રહે છે; તેવાઓના કરતાં પણ આવા ઉપલકિયા અને સૂક્ષ્મદૃષ્ટિ વગરના વૈજ્ઞાનિકો વિશેષ દોષપાત્ર છે; કારણકે સામાન્ય કોટિના માનવીઓ અજ્ઞાન છે; તેમને અસલથી એવા દેવગણોના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખવાનું શીખવવામાં આવ્યું છે; અને લાંબા સમયના અભ્યાસથી

તેમની અંધશ્રદ્ધા તેમના અવનત સ્વભાવ સાથે ઓતપ્રોત થઇ ચૂકી છે, એમ સમજીને તેમને તો દોષમુક્ત ઠરાવી શકાય છે; પણ વિદ્વાનો અને વૈજ્ઞાનિકોનો બચાવ થઇ શકતો નથી.

હજારો વર્ષો થયાં ઉપરોક્ત અલૌકિક ઘટનાઓનું સૂક્ષ્મ અવલોકન થતું આવ્યું છે અને તેમના સંબંધમાં પુષ્કળ સપ્રયોગ શોધખોળ કરીને તેમાં સમાવિષ્ટ થયેલાં કેટલાંક સામાન્ય તત્ત્વો તારવી કાઢવામાં આવ્યાં છે. માનવજાતિની સમગ્ર ધાર્મિક પ્રવૃત્તિનાં મૂળતત્ત્વોનું બારીક પૃથક્કરણ કરાઇને એ સર્વ અન્વેષણના અંતિમ પરિણામરૂપે રાજયોગરૂપી રત્ન મેળવવામાં આવ્યું છે. એ રાજયોગ–વૈજ્ઞાનિક પંડિતોની દોષપાત્ર રીતિનું અનુસરણ કરીને જે જે અલૌકિક ઘટનાઓનું સ્વરૂપ ન સમજાવી શકાય, તેમના અસ્તિત્વનો ઇનકાર કરતો નથી, પણ વહેમમાં ફસાઈ ગયેલાં અંધશ્રદ્ધાળુ માનવીઓને નમ્ર પણ સ્પષ્ટ શબ્દો વડે સમજાવી દે છે કે, એ સર્વ અલૌકિક વ્યાપારની રચના કરનાર આકાશવાસી દેવગણ નથી. તમારી પ્રાર્થનાનો તમને પ્રત્યુત્તર મળે છે અને તમારી શ્રદ્ધામાં અતુલ શક્તિ રહેલી છે, એ બધી બાબતો સાચી છે; તોપણ તેમાં કોઇ દેવી–દેવતાનો હાથ છે, એવો અશાસ્ત્રીય જવાબ આપ્યાથી તેમનું ખરૂં સ્વરૂપ ઊલટું ઢંકાઇ જાય છે. "રાજયોગવિદ્યા" માનવજાતિને આશાજનક અને બળપ્રદ ઉપદેશ આપે છે કે, તમારી આસપાસ જ્ઞાન અને શક્તિનો અનંત સમુદ્ર ઊછળી રહ્યો છે અને પ્રત્યેક મનુષ્ય એજ સમુદ્રની નાનીનાની નીકો છે. વળી તે કહે છે કે, મનુષ્યના અંતઃકરણમાં જે જે અભિલાષાઓ અને તૃષ્ણાઓ રહેલી છે તે સર્વને તૃપ્ત કરવાની શક્તિ પણ તેને અપાઇ ચૂકેલી છે. જ્યારે મનુષ્યની કોઈ પણ ઇચ્છા, તૃષ્ણા અથવા પ્રાર્થના પરિપૂર્ણ થાય છે ત્યારે નિશ્ચયપૂર્વકજ સમજી લેવું કે, એ પરિણામ કોઇ દેવ–દેવીની કૃપાથી નથી આવ્યું; પણ ઉપર કહેલા શક્તિના અનંત ભંડારમાંથી મનુષ્યે પોતાની પ્રાર્થનાના બળ વડે શક્તિનું આકર્ષણ

કરીનેજ એ કાર્ય સિદ્ધ કર્યું છે. દેવી–દેવતાના ધ્યાનથી મનુષ્યની ક્રિયાશક્તિ કેટલેક અંશે જાગ્રત થાય છે ખરી, પણ તેથી તેની આધ્યાત્મિક અવનતી પણ થતી જાય છે. તેની સ્વતંત્રતાનો લોપ થાય છે, તેનો આધ્યાત્મિક વિકાસ અટકી જાય છે; ભય અને વહેમ તેના હૃદયમાં ઘર કરે છે અને "મનુષ્ય કુદરતી રીતે નિર્બળ અને પામર છે" એવી ભયંકર અને આત્માઘાતક માન્યતાને પોષણ મળે છે. યોગવિદ્યા જાહેર કરે છે કે, અલૌકિક જેવું કશું છેજ નહિ; પણ પ્રકૃતિનાં સ્થૂલ અને સૂક્ષ્મ એવાં બે સ્વરૂપ છે. સૂક્ષ્મ એ કારણ છે અને સ્થૂળ એ કાર્ય છે. પંચ ઇંદ્રિય વડે સ્થૂળનીજ પ્રતીતિ માત્ર થાય છે; સૂક્ષ્મની થઇ શકતી નથી. રાજયોગના અભ્યાસથી એ સૂક્ષ્મ જગતનો અનુભવ કરવાનું સામર્થ્ય પણ અભ્યાસી મનુષ્યમાં પેદા થાય છે.

ભારતવર્ષમાં વેદમતને આધારે જે જે દર્શનશાસ્ત્રો રચાયાં છે તેમનું સર્વનું એકજ લક્ષ્ય છે કે, મનુષ્ય પૂર્ણતાને પામીને મુક્ત થાય; અને તેના ઉપાય તરીકે યોગનો આશ્રય લેવાનું તે કહે છે. "યોગ" શબ્દ ઘણોજ વ્યાપક છે. સાંખ્ય અને વેદાંત બેઉ યોગનાંજ જુદાંજુદાં સ્વરૂપનું સમર્થન કરે છે.

યોગના અનેક પ્રકાર છે. આ પુસ્તકમાં તે પૈકીના રાજયોગનો વિષય ચર્ચેલો છે. રાજયોગના સંબંધમાં પતંજલિ મુનિનાં સૂત્રો એ શાસ્ત્રીય અને અતિ પ્રમાણિક ગ્રંથ મનાય છે. બીજા કેટલાક દાર્શનિકો કોઇ કોઇ તાત્ત્વિક બાબતમાં પતંજલિથી જુદો અભિપ્રાય દર્શાવે છે; તોપણ તેણે બતાવેલાં સાધનમાર્ગનો તો બધાય એકસરખી રીતે સ્વીકાર કરે છે. આ પુસ્તકના પ્રથમખંડમાં ગ્રંથકારે (સ્વામી વિવેકાનંદે) ન્યુયોર્ક નગરના શિષ્યમંડળ આગળ રાજયોગના વિષયમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, તેનો સમાવેશ કરવામાં આવ્યો છે અને બીજા ખંડમાં પતંજલિનાં સૂત્રોનો સંક્ષિપ્ત વિવેચન સહિત સરળ અનુવાદ આપવામાં આવ્યો છે. દર્શનશાસ્ત્રના કઠિન પારિભાષિક શબ્દોનો ઉપયોગ નહિ કરવાનો તથા

ભાષાને પણ સરળ બનાવવાનો યથાસાધ્ય પ્રયત્ન કર્યો છે. પ્રથમ ખંડમાં સાધકને ઉપયોગી થઇ પડે એવો સરળ અને વિશેષ ઉપદેશ અપાયો છે, પણ પ્રત્યેક સાધકને ખાસ ચેતવણી આપવામાં આવે છે કે, યોગની કેટલીક—સાધારણ ક્રિયા સિવાય, બાકીની સર્વ યૌગિક ક્રિયાઓ નિર્વિઘ્ને સિદ્ધ કરવી હોય, તો ગુરુના સાંનિધ્યની ખાસ જરૂર છે. સામાન્ય વાતચીતના રૂપમાં આપેલા આટલા ઉપદેશથી આ વિષયમાં આથી વધારે પ્રગતિ કરવાની ઇચ્છા જો કોઇના હૃદયમાં ઉત્પન્ન થઇ હશે તો પ્રયત્નથી તેને ગુરુની સહાય અવશ્ય મળી આવશેજ.

પાતંજલ દર્શન સાંખ્યમત ઉપર રચાયલું છે. એ બેઉ મત વચ્ચે જૂજ ભિન્નતા છે. ભગવાન પતંજલિ આદિ ગુરુસ્વરૂપ સગુણ ઇશ્વરનો સ્વીકાર કરે છે અને સાંખ્યમતવાળા એમ માને છે કે, લગભગ પૂર્ણતાને પામેલી કોઈ વ્યક્તિ ઉપર અમુક કલ્પ દરમ્યાન જગતના નિયમનની જવાબદારી મુકાયલી છે અને તેજ ઇશ્વર છે. બીજો ભેદ એ છે કે, યોગવિદ્યામાં મનને આત્માની માફકજ સર્વ-વ્યાપી ગણેલું છે અને સાંખ્યમતવાળા તેમ માનતા નથી.

—ગ્રંથકર્તા (સ્વામી શ્રીવિવેકાનંદજી)

अनुक्रमणिका

भाग १० मो—राजयोग

भाग ११ मो—ज्ञानयोग

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૬	કહેશે	કહેશે કે
૧૪	૫	જાગ્રતાવસ્થાની	જાગ્રદવસ્થાની
૧૭	૨૩	નવાંઇ	નવાઇ
૫૩	૨૬	સ્થળ	સ્થૂળ
૫૯	૧૯	યોગી	રોગી
૬૦	૩	અ શે	અંશે
૭૦	૮	શરીરશાસ્ત્રના	શારીરશાસ્ત્રના
૮૮	૧૦	થય છે	થાય છે
૧૧૪	૭	સમજપૂર્વક જેવો	સમજપૂર્વક
૧૪૬	૧૦	ચતન્યનું	ચૈતન્યનું
૧૫૨	૨	દીર્ઘકાલ	દીર્ઘકાળ
૧૫૨	૨૦	ઝંટવી	ઝૂંટવી
૧૫૨	૨૫	વરાગ્યની	વૈરાગ્યની
૧૫૭	૨	તત્ત્વનો	તત્ત્વને
૧૫૮	૨૨	બીજાના	બીજના
૧૬૪	૧૮	દેશના	દેશનો
૧૭૫	૧૬	ઘૃણા	ઘુણા
૧૮૯	૨૦	અધ્યાત્મિક	આધ્યાત્મિક
૧૯૨	૨	સ્કારો	સંસ્કારો
૨૦૬	૧૫	ક્રાધ	ક્રોધ
૨૧૭	૪	વિરુદ્ધિ	વિરુદ્ધ
૨૨૦	૪	વિશોષાવિશાષ	વિશેષાવિશેષ
૨૨૪	૧૯	મૂલ	મૂલ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૫૪	૧૬	અસ્તે	અસ્ત
૨૫૮	૨૬	ત્અર્થા	અર્થાત્
૨૬૯	૧૫	અથવ	અથવા
૩૦૪	૨૩	સહૃદ્	સુહૃદ
૩૦૭	૧૯	શાસ્ત્રી	શાસ્ત્રો
૩૪૭	૧૯	પરિમાણા	પરિમાણુ
૩૫૪	૧૩	દ્વતવાદીઓના	દ્વૈતવાદીઓના
૩૭૪	૪	આંવ્યું	આવ્યું
૩૮૫	૨૦	ઓળખતાં	ઓળખાતાં
૩૮૮	૨૦	કરવા	કરવો
૩૯૫	૧૨	વિજ્ઞાનશાસ્ત્રો	વિજ્ઞાનશાસ્ત્રો
૪૧૬	૨૨	પરાકાષ્ટાએ	પરાકાષ્ઠાએ
૪૪૬	૧૯	સદ્ધિાંત	સિદ્ધાંત
૪૭૪	૯	યુકેટિસ	યુક્રેટિસ
૪૭૩	૨૪	પદણુના	પરઠણુના
૫૨૫	૨૬	ભાતિકવિજ્ઞાન	ભૌતિકવિજ્ઞાન
૫૩૩	૨૨	કારણો	કરણો

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્દગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા માટે પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમ-શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા–સમજવાથી ઘણીજ વધારે અસર થાય છે. અર્થાત્ અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઇ આગળ વધે છે."

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદૃષ્ટાંત જોઇને સ્ફૂર્તિ-

માન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

× × × ×

"ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે."

× × × ×

"મહાન સ્ત્રીપુરુષોનાં જીવન ચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." —**વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે; તેટલો કોઇ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." —**બંકિમચંદ્ર**

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી; તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ

કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના 'ઇલિયડ' તથા 'ઇનીડ' અને મિલ્ટન કવિનો 'પેરેડાઇઝ લોસ્ટ' પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે? કદાચ કોઇ કાવ્ય–શક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; પણ તેઓના કાવ્યનાયકો એકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઊતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરાવે છે તે યોગ્યજ છે." —**ચિંતામણ વિ. વૈદ્ય**

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનાર અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." —**સંતરામ શર્મા**

"રામાયણને વાંચીને અમે કંઇકના કંઇક બની રહીએ છીએ. અમારામાં ઊંચા ઊંચા ખ્યાલ ઊપજી મનુષ્યના ભૂષણરૂપ સદ્ગુણો આવી હાજર થાય છે. સત્યાચરણ, પિતૃભક્તિ, પતિવ્રતાધર્મ, પતિ-કર્તવ્ય, પિતામાતાનો સ્નેહ, વિનય, ધીરજ, દયા–સારાંશ કે માનુષી ગુણોનું એવું કોઇ ચિત્ર નથી કે જેનું યથાર્થ રૂપ કવિએ પોતાની જાદુભરી કલમ વડે આમાં આલેખ્યું નથી." —**મિ. ગ્રેફ્ટ**

स्वामी विवेकानंद

भाग १० मो—राजयोग

(યોગસૂત્ર સહિત)

અનુવાદક:—

શ્રી. નર્મદાશંકર બાલાશંકર પંડ્યા — મુ૦ સુરત

स्वामी विवेकानंद

एमना सदुपदेश—भाग १० मो

રાજયોગ

अध्याय १ लो—प्रवेशिका

આપણું સઘળું જ્ઞાન અનુભવ ઉપરથી ઉપજેલું હોય છે. જેને આપણે અનુમાનજન્ય જ્ઞાન કહીએ છીએ, અને જેના વડે અલ્પ જ્ઞાનમાંથી સામાન્યજ્ઞાનપર્યંત તથા સામાન્યમાંથી વિશેષજ્ઞાનપર્યંત પહોંચીએ છીએ; તે અનુમાનજ્ઞાનનો આધાર પણ અનુભવ ઉપરજ હોય છે. જેને આપણે પ્રત્યક્ષજ્ઞાન× કહીએ

× પ્રત્યક્ષ અથવા નિશ્ચયાત્મક વિજ્ઞાન તેનેજ કહેવાય, કે જેના અચળ સિદ્ધાંતોને આધારે ગણતરી કરીને ચોક્કસપણે ભવિષ્યને જાણી શકાય, ગણિત અને જ્યોતિષના ગણિત વિભાગનો એમાં સમાવેશ થાય છે.

છીએ અને જેના વડે સત્યને આપણે સરળતાથી સમજી શકીએ છીએ; તે પ્રત્યક્ષજ્ઞાન પણ પ્રત્યક્ષ પ્રયોગ અથવા વિશેષ અનુભવનુંજ પરિણામ છે. કોઇ પણ બાબતને વગર તપાસે સાચી માનવાનું વિજ્ઞાનવેત્તાથી કહેવાયજ નહિ. વિજ્ઞાનવેત્તા તેના ઉપર વિચાર કરીને અમુક પ્રત્યક્ષ અનુભવ કરી સિદ્ધાંત નક્કી કર્યા પછી, જ્યારે તે સિદ્ધાંત ઉપર શ્રદ્ધા રાખવાનું આપણને કહે છે, ત્યારે પણ તેમના કહેવાનો અને આપણે તે ઉપર જે શ્રદ્ધા રાખીએ છીએ, તેનો પાયો અનુભવ ઉપરજ રચાયલો હોય છે; અને તે સિદ્ધાંતનો પંડે અનુભવ લઈને ખાતરી કરી લેવાનું પણ તેઓ આપણને કહે છેજ. આ પ્રમાણે પ્રત્યેક અનુભવસિદ્ધ જ્ઞાન યાને નિશ્ચયાત્મક વિજ્ઞાનનો આધાર, જેનો અનુભવ કરવાનું સૌનાથી બની શકે એવાં સામાન્ય મૂળતત્ત્વો ઉપરજ હોય છે; અને તે ઉપરથી બંધાયેલા સિદ્ધાંતને પોતાના અનુભવની કસોટીએ ચડાવીને પ્રત્યેક મનુષ્ય તેની પરીક્ષા કરી શકે છે. હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે, ભૌતિક પદાર્થ કે વિજ્ઞાનની માફક ધાર્મિકજ્ઞાનને પણ સૌને અનુભવગમ્ય એવાં સામાન્ય મૂળતત્ત્વોનો આધાર છે કે નહિ? આનો જવાબ મારે હા અને ના બેઉમાં આપવો પડશે. જગતમાં ધર્મ વિષે જ્યાં ને ત્યાં એવુંજ શીખવવામાં આવે છે કે, એ તો વિશ્વાસ અને શ્રદ્ધાનોજ વિષય છે અને શ્રદ્ધા પરજ તેનો આધાર છે. ઘણાખરા દાખલાઓમાં તો ધર્મનો અર્થ જુદાજુદા મતનો સંગ્રહજ થઈ પડ્યો છે. આજ કારણથી જુદાજુદા ધર્માનુયાયીઓ વચ્ચે કલેશ અને ઝઘડા થતા જોવામાં આવે છે. ધર્મને લગતા એ મતમતાંતરો કેવળ શ્રદ્ધા ઉપરજ ટકી રહેલા છે. દાખલા તરીકે અમુક માણસ આપણને કહેશે, એક આકાશવાસી પરમેશ્વર આખા જગતનું શાસનકાર્ય ચલાવે છે અને આપણે જો જરા સંદેહ ઉઠાવીએ, તો તે કહેશે

કે, "નહિ, બસ, હું કહું છું તેજ ખરૂં છે અને તે તમારે માનવુંજ જોઇએ." એજ પ્રમાણે મારા મનમાં વળી કાંઇ તેથી જુદોજ વિચાર હોય અને હું પણ બીજાને આગ્રહપૂર્વક કહું કે, હું જે કહું છું, તે સત્ય છે અને તમે બધા તેને માની લો. જો કોઈ શ્રદ્ધા રાખવાનું કારણ માગે અથવા સાબિતી માગે તો હું તેને માટે કશી સાબિતી આપી શકતો નથી. આ રીતે વર્તમાન સમયમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની દુનિયામાં જ્યાંત્યાં અપકીર્તિ થઈ રહી છે. દરેક સુશિક્ષિત માણસ હવે એમજ માનવા લાગ્યો છે કે, "ધર્મ એ ભિન્નભિન્ન વિચારોનો સંગ્રહ છે, ધર્મના વિષયમાં જેને જેમ ફાવે તેમ તે બોલી શકે છે; દરેક માણસ પોતપોતાને રુચે તેવો મત, પછી તે કશા અર્થ વગરનો અને સાબિતીના આધાર વગરનો હોય, તોપણ તેનો પ્રચાર કરવાને ઉત્સુક હોય છે." તોપણ મારૂં કથન એ છે કે, જગતમાં જે જે ધર્મ અને સંપ્રદાય અત્યારે પ્રવર્તી રહ્યા છે, તે સર્વનો આધાર અતિ સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં એકજ સામાન્ય મૂળ પાયા ઉપર રહેલો છે; અને સામાન્ય મૂળ પાયાની જેમને સમજ પડી ગઈ છે, તેઓ જોઇ શકે છે કે, તમામ ધર્મો એક પ્રકારના સાર્વભૌમિક પ્રત્યક્ષ અનુભવ ઉપરજ રચાયેલા છે.

જો આપણે દુનિયાના જુદા જુદા ધર્મોનું પૃથક્કરણ કરીને જોઇશું, તો તેઓ બે વર્ગમાં વહેંચાયલા છે એમ આપણને તરતજ સમજાઇ જશે. એ બે વર્ગ એ કે, કેટલાક ધર્મને શાસ્ત્રનો આધાર છે અને બીજા કેટલાકને નથી. જે ધર્મો શાસ્ત્રના પાયા ઉપર સ્થાપિત થયેલા છે, તેઓ સુદૃઢ છે અને તેમના અનુયાયીઓની સંખ્યા વિશેષ છે; ત્યારે શાસ્ત્રના આધાર વિનાના ઘણાખરા ધર્મ ચિરકાળ ટકી રહ્યા નથી; અને એવા પ્રકારના કોઈ નવા ધર્મની રચના કદી કદી થાય છે, તોપણ તેને સ્વીકારનારા

બહુજ થોડા હોય છે. આટલું છતાં પણ એ બેઉ શ્રેણીના ધર્મની વચ્ચે એક સામ્ય એ છે કે, તેમના સિદ્ધાંતો અમુક વ્યક્તિઓના પ્રત્યક્ષ અનુભવ ઉપરજ રચાયેલા હોય છે. ખ્રિસ્તીધર્મને માનનારા આપણને કહે છે કે, "અમારા ધર્મમાં શ્રદ્ધા રાખો; ઇસુખ્રિસ્તને ઇશ્વરાવતાર માનો અને ઈશ્વર, જીવ તથા જીવની ઉન્નતિ વિષે અમે જે કહીએ તે કબૂલ રાખો." આપણે તેમ કરવાનું કારણ જો તેમને પૂછીશું, તો તેઓ કહેશે કે, "અમે એમ શ્રદ્ધાપૂર્વક માનીએ છીએ." પણ જો આપણે ખ્રિસ્તીધર્મનું મૂળ તપાસી જોઇશું તો સમજાશે કે, એ ધર્મ પણ પ્રત્યક્ષ અનુભવ ઉપર રચાયો છે. ઇસુખ્રિસ્ત કહેતો કે, "મને ઈશ્વરનું દર્શન થયું છે." તેના સમાગમમાં આવેલા શિષ્યો પણ કહી ગયા છે કે, "અમને ઇશ્વરનો અનુભવ થયો છે." આવી આવી પ્રત્યક્ષ અનુભવની અનેક કથાઓ ખ્રિસ્તીધર્મના ગ્રંથોમાં છે.

બૌદ્ધધર્મની પણ એવીજ હકીકત છે. બુદ્ધ ભગવાને પણ પોતાના પ્રત્યક્ષ અનુભવ ઉપર ધર્મની રચના કરી છે. તેમણે જે જે સત્યોનો અનુભવ કર્યો હતો; તેનોજ તેમણે જગતમાં પ્રચાર કર્યો હતો. હિંદુધર્મનો પણ એવોજ ઇતિહાસ છે. તેમનાં શાસ્ત્રોમાં ઋષિના નામથી ઓળખાતા ગ્રંથકર્તાઓ કહી ગયા છે કે, "અમે અમુક સત્યોનો અનુભવ કર્યો છે; અને એ સત્યોનો તેમણે જગતમાં પ્રચાર કર્યો છે. આટલા ઉપરથી સર્વને સમજાશે કે, જગતના તમામ ધર્મ, જ્ઞાનનો સાર્વભૌમિક અને સુદૃઢ પાયો જે અનુભવ છે, તેનાજ આધાર ઉપર રચાયેલા છે અને તેના સઘળા મૂળ પુરુષોએ ઇશ્વરનું દર્શન કરેલું હોય છે. તેમણે પોતાના આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય છે; પોતાના અનંત સ્વરૂપની અને પોતાની ભવિષ્યની સ્થિતિની તેમને ઝાંખી થયેલી હોય છે. તેમણે જે કાંઇ જોયું તથા અનુભવ્યું છે, તેનોજ તેઓ

ઉપદેશ આપી ગયા છે. હિંદુધર્મ અને બીજા ઘણાખરા ધર્મ વચ્ચે વર્તમાન સમયમાં ખાસ મતભેદ માત્ર એટલોજ છે કે, હિંદુ સિવાયના ધર્મોના મત પ્રમાણે હાલ એવો પ્રત્યક્ષ અનુભવ મેળવવાનું અશક્ય છે. જેમના નામથી એ જુદાજુદા ધર્મ ચાલી રહ્યા છે, તેવા થોડા ગણ્યાગાંઠ્યા માણસોએ જેવો સ્વાનુભવ કર્યો હતો, તેવો અનુભવ કરવાનો હવે બીજાઓ માટે શક્ય નથી. આવી માન્યતાને લીધેજ વર્તમાન સમયમાં ધર્મ એ શ્રદ્ધા અને વિશ્વાસનો વિષય થઇ પડ્યો છે હું આ મતનો પૂરેપૂરો વિરોધ કરૂં છું. જ્યારે વિજ્ઞાનની કોઇ પણ બાબતનો પ્રયોગ કરીને અમુક વૈજ્ઞાનિક નવું સત્ય શોધી કાઢે છે, ત્યારે તે ઉપરથી સાર્વભૌમિક સત્ય સિદ્ધાંતને આધારે આપણે એટલું જરૂર કહી શકીએ કે, એ સત્યને જાણવાનું પૂર્વે શક્ય હતું, તો વર્તમાનમાં તેમજ ભવિષ્યમાં પણ તેને જાણવાનું કરોડો વાર શક્ય હોવુંજ જોઇએ. સમાન વર્તન એ પ્રકૃતિનો અટળ નિયમ છે અને જે ક્રિયા એક વાર થઈ, તે તેવાજ સંયોગો પ્રાપ્ત થતાં બીજી વાર પણ બનવીજ જોઇએ.

આજ કારણથી યોગવિદ્યાના આચાર્યો કહે છે કે, ધર્મ એ કાંઇ માત્ર પ્રાચીન સમયના અનુભવો ઉપરજ રચાયેલો નથી. પોતાની જાતે અનુભવ મેળવ્યા વગર કોઈ પણ માણસ ખરો ધાર્મિક થઇ શકતોજ નથી.

હવે જે વિદ્યા વડે એ સર્વ અનુભવો મેળવવાની ચાવી હાથ લાગે છે તે વિદ્યાને યોગ કહે છે. ધર્મનાં તમામ સત્યોનો જ્યાંસુધી કોઇએ જાતે અનુભવ ન લીધો હોય, ત્યાંસુધી ધર્મની મોઢાની ચર્ચા તથા અંધશ્રદ્ધા બંને નિરર્થક છે. ઇશ્વરના નામથી દુનિયામાં જે ધાંધલ, કલેશ અને ઝઘડા થતા આવ્યા છે, તથા ઈશ્વરના ઓઠા હેઠળ દુનિયામાં જેટલી ખૂનરેજી થઇ છે,

તેટલી બીજા કોઇ પણ કારણસર થઇ નથી. આનું કારણ એજ છે કે, ધર્મના ખરા ઊંડાણમાં એ ઝઘડા અને મારામારી કરનારાઓમાંના કોઇએ પ્રવેશજ કર્યો નથી. એ સઘળાઓ માત્ર પોતપોતાના પૂર્વજોના કેટલાક આચારોનેજ ધર્મ સમજીને સંતોષ માની લે છે અને તેઓ ઇચ્છે છે કે, બીજાઓ પણ અમારૂંજ અનુકરણ કરે. જેમને આત્માનો અનુભવ અને ઇશ્વરનો સાક્ષાત્કાર થયો નથી, તેમને ઈશ્વર અને આત્મા છે એવું બોલવાનો અધિકારજ શો છે? જો ઇશ્વર અસ્તિત્વમાં હોય તો તેનું દર્શન કેમ ન થાય? જો આત્મા જેવો કોઇ પદાર્થ હયાતીમાં હોય, તો તેનો અનુભવ થવોજ જોઇએ. જો તેમ બનવું અશક્યજ હોય, તો પછી ઇશ્વર અને આત્મા નથી, એજ માન્યતા વધારે પ્રામાણિક છે. સ્વાનુભવ વગરના ભક્ત કરતાં સ્પષ્ટવાદી નાસ્તિક વધારે સારો. એક બાજુએ અત્યારે જેમની ગણના વિદ્વાન વર્ગમાં થાય છે તેમનો અભિપ્રાય એવો છે કે, ધર્મ, તત્ત્વજ્ઞાન અને આત્માનુસંધાન એ સર્વ પ્રવૃત્તિ વૃથા છે. બીજી બાજુએ જેઓ અર્ધશિક્ષિત છે તેમના મનનું વલણ એવું છે કે, "ધર્મ અને તત્ત્વજ્ઞાનને વાસ્તવિક રીતે કશો આધાર નથી; પણ તે ઉપયોગી છે; કારણકે જગતનું કલ્યાણ કરનાર પ્રવૃત્તિઓને ધર્મ અને તત્ત્વજ્ઞાન વડે ભારે પોષણ મળે છે. ઇશ્વર છે એમ લોકો માને છે તેથીજ તેઓ સાચા નીતિપરાયણ અને એકબીજા તરફ સૌજન્યશાળી થાય છે." તેમનો આવા પ્રકારનો અભિપ્રાય હોય તેમાં તેમનો દોષ પણ કેમ કઢાય? કારણકે તેમને ધર્મ સંબંધી જે કાંઇ જ્ઞાન મળ્યું તેમાં સાર રહિત, ઉન્મત્ત મનુષ્યના પ્રલાપ જેવા શબ્દસમૂહ કરતાં વિશેષ કંઇજ હોતું નથી. તેમને વગરવિચાર્યે શ્રદ્ધાજ રાખવાનું કહેવામાં આવે છે. એવી આંધળી શ્રદ્ધા કયો વિચારવંત માણસ રાખી શકે? જો તેઓ તેમ કરી શકે તો પછી મનુષ્ય-

સ્વભાવ ઉપરથી મારી શ્રદ્ધા સમૂળગી ખસી જાય. મનુષ્ય સત્યને માટે તલસે છે; સત્યનો જાતે અનુભવ કરવા ઇચ્છે છે; સત્યનો સાક્ષાત્કાર કરવા ઉત્સુક છે; અંતઃકરણના ઊંડાણમાં રહેલા સત્યનો અપરોક્ષ અનુભવ લેવા ચાહે છે. એમ થાય ત્યારેજ વેદો કહે છે તેમ સંદેહમાત્ર ટળી જાય; અંધકારનું આવરણ છિન્નભિન્ન થઈ જાય અને જગતમાં જ્યાં જ્યાં વક્રતા દેખાતી હોય ત્યાં ત્યાં સરળતા અને મધુરતાનો અનુભવ થાય.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि दृष्ट एवात्मनीश्वरे ॥

ભાવાર્થઃ-"ઇશ્વરરૂપ આત્માનો સાક્ષાત્કાર થતાં હૃદયની ગ્રંથિ છૂટી જાય છે, સર્વ સંશયો નિવૃત્ત થઇ જાય છે અને કર્મો નાશ પામે છે."

शृण्वन्तु विश्वे अमृतस्य पुत्रा आये धामानि दिव्यानि तस्थुः ।
वेदाहमेतं पुरुषं महान्तम् आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥

ભાવાર્થઃ-"હે અમૃતનાં સંતાનો! દિવ્યધામનિવાસીઓ! સાંભળો. મને અજ્ઞાનરૂપ અંધકારમાંથી પ્રકાશનો પંથ હાથ લાગ્યો છે. જે સમસ્ત અંધકારથી પર છે, તેને જાણ્યાથીજ અંધકારથી મુક્ત થવાય છે. એ સિવાય મુક્તિનો બીજો માર્ગ નથી.

સત્યની પ્રાપ્તિનો સર્વાંશે વ્યવહારોપયોગી અને શાસ્ત્રીયમાર્ગ માનવજાતિને બતાવી દેવાનું કામ "રાજયોગ" વિદ્યાનું છે. પ્રથમ એ વાત બરાબર સમજી લેવી જોઇએ કે, દરેક વિદ્યાને પોતપોતાની સ્વતંત્ર અનુસંધાન પદ્ધતિ હોય છે. ધારો કે તમારે

જ્યોતિષી થવું છે, પણ એક જગ્યાએ બેસીને તમે "જ્યોતિષ, જ્યોતિષ" એવા પોકાર કર્યા કરો તો તેથી કાંઇ તમને જ્યોતિષવિદ્યા આવડી જાય નહિ. રસાયનશાસ્ત્રનું પણ એમજ સમજવું. એ શાસ્ત્રનો અભ્યાસ કરવો હોય તો તેની ચોક્કસ પદ્ધતિ પ્રમાણેજ અભ્યાસ કરવો જોઇએ. પ્રયોગશાળામાં જઈ જુદાજુદા દ્રવ્યોને અમુક પ્રમાણમાં એકત્રિત કરીને પ્રયોગ કરતાં કરતાંજ રસાયનશાસ્ત્રી થવાય. ખગોળવેત્તા થવું હોય તો વેધશાળાનો આશ્રય લઈ દૂરબીન વડે ગ્રહોનું અવલોકન કરી, તેમની ગતિ ઇત્યાદિ સંબંધી જે જે ગણુતરીઓ કરવી ઘટે, તે કરતાં શીખીએ તોજ ખગોળવિદ્યા આવડે. આ પ્રમાણે દરેક વિદ્યાનો અભ્યાસ કરવાની ચોક્કસ પદ્ધતિ નિર્માણ કરેલી હોય છે. હું તમારી આગળ ધર્મ સંબંધી હજાર ભાષણો આપું, પણ તમે પોતે જ્યાંસુધી તેની સાધના ન કરો, ત્યાંસુધી તમે કદાપિ ધાર્મિક થઇ શકો નહિ. તમામ યુગમાં, દેશોદેશમાં નિષ્કામ અને પવિત્ર સાધુ મહાત્માઓ જગતને એજ સત્યનો ઉપદેશ આપી ગયા છે. જગતનું કલ્યાણ કરવા સિવાય તેમનાં પવિત્ર અંતઃકરણમાં બીજો કોઇ હેતુજ ન હતો. તેઓ સઘળા એકની એકજ વાત કહી ગયા છે કે, ઇંદ્રિયોની મદદ વડે સત્યનો જેટલો અનુભવ થાય છે, તે કરતાં અમે સત્યનો વધારે નિકટનો સમાગમ કર્યો છે અને તમે પણ જાતે સમાગમ કરીને ખાતરી કરી લો. તેઓ કહે છે કે, તમને બતાવેલા સાધનમાર્ગનું સરળ મનથી અનુસરણ કર્યે જાઓ. જો તમને એ સર્વોત્તમ સત્યની પ્રાપ્તિ ન થાય તો તમે સ્પષ્ટપણે કહી દેજો કે, એ સત્ય સંબંધી જે કાંઇ કહેવામાં આવ્યું છે, તે તદ્દન જૂઠું છે પણ આ રીતે જાતે સાધન કરીને અનુભવ મેળવ્યા વગરજ સાધુ મહાત્માઓના કથનને આ કાનમાંથી પેલા કાનમાં કાઢી નાખવાં ઘટે નહિ. આપણે એકનિષ્ઠા-

થી બતાવેલે માર્ગે સાધન કરીએ તો આપણને સત્યનું દર્શન જરૂર થવાનુંજ.

કોઇ પણ વિષયનું જ્ઞાન મેળવવા માટે તે વિષય સાથે સંબંધ ધરાવતી વસ્તુઓનું અવલોકન અને તુલના કર્યા પછીજ અમુક સામાન્ય સિદ્ધાંતો તારવી કાઢવા પડે છે. દાખલા તરીકે આપણે એક, બે, ત્રણ એમ અનેક માણસોને મરતાં જોઇએ, તે ઉપરથી માણસજાત મરણને અધીન છે, એવો એક સામાન્ય સિદ્ધાંત તારવી કાઢીએ છીએ. આપણા મનની અંદર કેવી કેવી ક્રિયાઓ અને વ્યાપાર ચાલી રહ્યા છે, તે જ્યાંસુધી પ્રત્યક્ષ રીતે ન અવલોકીએ, ત્યાંસુધી આપણા મન વિષે, મનુષ્યની આંતરિક પ્રકૃતિને વિષે આપણે કાંઇજ જાણતા નથી એમ કહીએ તો ખોટું નથી. બાહ્યસૃષ્ટિના બનાવોનું અવલોકન કરવું ઘણું સહેલું છે. કુદરતના દરેક અવયવનું નિરીક્ષણ કરવા માટે હજારો જાતનાં યંત્રો બનાવી શકાયાં છે, પણ આંતરિક સૃષ્ટિનું અવલોકન કરવામાં સહાય આપે એવું યંત્ર હજી તૈયાર થયું નથી. પણ એટલું તો આપણે નિશ્ચયપૂર્વક માનીએ છીએ કે, કોઇ પણ વિષયનું જ્ઞાન મેળવવા માટે અવલોકનની તો પહેલીજ જરૂર છે. પૃથક્કરણ કર્યા વગર મેળવેલું જ્ઞાન એ જ્ઞાન ન કહેવાય, પણ માત્ર અનુમાન અને કલ્પનાની સૃષ્ટિજ. એટલા માટેજ મનોવ્યાપારનું અવલોકન અને પૃથક્કરણ કરવાનો ઉપાય જેમને હાથ લાગ્યો છે, તેમના સિવાયના બીજા તમામ માનસશાસ્ત્રીઓ પરાપૂર્વથી અંદર અંદર અથડાયાજ કરે છે.

રાજયોગ–વિદ્યા પ્રથમ તો મનુષ્યને તેના અંતરનું અવલોકન કરવાની ચાવી બતાવે છે. મન એજ મનનું અવલોકન કરવાનું સાધન છે. મનુષ્યની એકાગ્રતાશક્તિ જ્યારે યોગ્ય

માર્ગે દોરવાઇને આંતરજગત તરફ વળે છે, ત્યારે તે પ્રકાશથી મનના એકેએક અંગનું પૃથક્કરણ થઇ જાય છે અને મનોવ્યાપારનો આખો વિષય દીવા જેવો સ્પષ્ટ જોઇ શકાય છે. પ્રકાશનાં કિરણ ગમે તેમ વેરણછેરણ થઇ ગયાં હોય, તેના જેવી આપણી મનોવૃત્તિઓની અત્યારે અવસ્થા છે. પણ એજ શક્તિઓ જ્યારે એક કેંદ્રમાં સ્થિર થાય છે, ત્યારે તેના પ્રકાશથી બધું ઝળહળી રહે છે. સત્યજ્ઞાન મેળવવાનો આ એકજ માર્ગ છે. બાહ્યજગતમાં તેમજ આંતરજગતમાં આજ શક્તિની મદદ લેવી પડે છે. વૈજ્ઞાનિકો જેમ બાહ્યજગતમાં પ્રયોગ કરતી વેળા એ શક્તિને કામમાં લે છે, તેવીજ રીતે મનોવ્યાપારનો શોધક એ શક્તિને મનના ઉપરજ પ્રયોગ કરવામાં વાપરે છે. અલબત, એમાં લાંબા અભ્યાસની જરૂર તો છેજ. બાળપણથી આપણે બહારની વસ્તુઓ ઉપરજ ચિત્ત પરોવતાં શીખ્યા છીએ. આંતરજગત તરફ મનને વાળવાનું આપણે શીખ્યા નથી; તેમ એ દિશામાં કદી પ્રયત્ન પણ કર્યો નથી, તેથી મનને અંતર્મુખ કરીને તેની આંતરરચના તપાસવાની શક્તિ આપણામાંના ઘણાખરા ગુમાવી બેઠા છે. મનોવૃત્તિઓને અંતર્મુખ કરીને તેમની બહિર્મુખ ગતિનું નિવારણ કરવામાં આવે, તોજ મનનું ખરૂં સ્વરૂપ જાણી શકાય અને પોતાની જાતનું પૃથક્કરણ કરીને તેનું અવલોકન કરી શકાય. એ કામ ઘણું કઠિન છે. તેને માટે મનની તમામ શક્તિઓને એક કેંદ્રમાં સ્થિર કરીને મનના ઉપરજ તેનો પૂર્ણ પ્રકાશ નાખવો પડે છે, પણ એ વિષયનો શાસ્ત્રીય અભ્યાસ કરવો હોય તો એ વિના બીજો રસ્તોજ નથી.

આવા પ્રકારના જ્ઞાનનો ઉપયોગ શો, એ પ્રશ્ન ઘણી વાર પુછાય છે. પ્રથમ તો જ્ઞાન એજ જ્ઞાનનો સર્વશ્રેષ્ઠ પુરસ્કાર છે. એ જ્ઞાનથી અલબત બીજા લાભ પણ છે-એનાથી દુઃખમાત્રનો નાશ

થઈ જાય છે. જ્યારે મનુષ્ય પોતાના મનનું પૃથક્કરણ કરી જુએ છે, ત્યારે એવી એક વસ્તુનો તેને સાક્ષાત્કાર થાય છે કે, જેનો કોઈ કાળે પણ નાશ થઇ શકતો નથી–જે પોતાના સ્વભાવ વડેજ નિત્યપૂર્ણ અને નિત્યશુદ્ધ છે. આમ થયું એટલે પછી તેને માટે દુઃખનો કે ક્લેશનો સંભવ રહેતો નથી. ક્લેશ, ભય, અને અપૂર્ણ વાસનાઓમાંથીજ સર્વ દુઃખની ઉત્પત્તિ થાય છે. ઉપરોક્ત અવસ્થા પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય સમજી શકે છે કે તેને માટે મૃત્યુ જેવું કાંઈ છેજ નહિ; એટલે પછી તેને મૃત્યુનો ભય હોયજ કેવી રીતે? એકવાર તે પોતાને પૂરેપૂરો જાણી લે એટલે પછી અસાર વાસના તેને લલચાવી શકેજ નહિ. વાસના અને ભય એ બેઉ દુઃખનાં કારણો આ પ્રમાણે દૂર થયાં એટલે પછી મનુષ્ય દેહધારી રહેવા છતાં પણ પરમાનંદનો સ્વાદ લેવા સમર્થ થાય છે.

આ જ્ઞાનની પ્રાપ્તિનો એકજ ઉપાય છે અને તે ચિત્તની એકાગ્રતા. રસાયનવિદ્યાનો સંશોધક પોતાની પ્રયોગશાળામાં જઇ, પોતાના મનની તમામ શક્તિને એકજ વિષયમાં પરોવે છે; તથા જુદાંજુદાં દ્રવ્યોનું પૃથક્કરણ અને મિશ્રણ કરી પ્રયોગ કરે છે, ત્યારેજ તેને બાહ્યપદાર્થના રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે ખગોળવિદ્યાનો અભ્યાસી પણ પોતાના મનની સમગ્ર શક્તિને એક કેંદ્રમાં સ્થિર કરીને દૂરબીન વડે આકાશમાં રહેલા તારા, ગ્રહો, સૂર્ય, ચંદ્ર વગેરેની ગતિ, સ્થિતિ ઇત્યાદિનું અવલોકન કરે છે ત્યારેજ તેને એ આકાશી પદાર્થો વિષેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે હું જે વિષયની તમારી સમક્ષ ચર્ચા કરૂં છું, તેમાં પણ હું મારા મનને જેમ જેમ વધારે એકાગ્રતાથી પરોવીશ તેમ તેમ તે વિષયનું રહસ્ય મારી આગળ વધારે ખુલ્લું થતું જશે. તમે પણ મારા વ્યાખ્યાનમાં તમારૂં મન જેટલું વધારે પરોવશો, તેટલું મારા કથનનું રહસ્ય તમારા અંતરમાં

વધારે પ્રવેશ કરી શકશે.

માનવજાતિએ અત્યાર સુધીમાં જે કાંઇ જ્ઞાન મેળવ્યું છે, તે મનની એકાગ્રતા સિવાય બીજા કોઈ સાધનથી મળ્યું નથી. પ્રકૃતિમૈયાને બારણે ટકોરો મારશો એટલે તે પોતાનું સર્વ રહસ્ય તમારી આગળ ખુલ્લું કરી દેશે. એ ટકોરો મારવાની શક્તિ અને અધિકાર તમને એકાગ્રતા વડેજ પ્રાપ્ત થશે. મનુષ્યના મનની શક્તિ અમાપ છે. તે જેમ જેમ એકાગ્ર થતી જાય અને એકજ વિષય ઉપર ચોંટતી જાય, તેમ તેમ તેની શક્તિનો ચમત્કાર વધતો જાય છે.

મનને તેના પોતાના ઉપર સ્થિર કરવા કરતાં કોઇ બાહ્યવિષય ઉપર સ્થિર કરવાનું કામ વિશેષ સહેલું છે; કેમકે સ્વભાવથીજ તે બહિર્મુખ છે. પણ અહીં મુશ્કેલી એ ઊભી થાય છે કે ધર્મ, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વિષયમાં ધ્યેય અને ધ્યાતા–જાણવાનો વિષય અને જાણનાર એ બન્ને એકજ વસ્તુ છે. મનનુંજ અન્વેષણ કરવાનું છે અને અન્વેષણ કરનાર પણ મનજ છે. આપણે આ વાત તો સારી રીતે જાણીએ છીએ કે, મનમાં એટલું બધું સામર્થ્ય રહેલું છે કે, તેની પોતાની અંદર શી શી ક્રિયાઓ થાય છે, તે પણ તે સામર્થ્ય વડે જોઇ શકાય છે. હું તમારી સાથે વાત કરી રહ્યો છું; પણ તેમાં એજ વખતે હું જાણે કોઇ બીજીજ વ્યક્તિ હોઉં, તેમ હું મારી જાતને ઊભેલી જોઉં છું; અને જાણે કોઇ બીજોજ માણસ બોલતો હોય તેમ હું મારૂં પોતાનું બોલવું સાંભળી રહ્યો છું. તમે પણ એકજ વખતે કામ પણ કરો છો અને તેના ઉપર વિચાર પણ કરી શકો છો. તમારા મનનો એક ભાગ જાણે તમારાથી અલગ રહીને તમે જે જે વિચાર કરતા હો તેને જોઇ રહે છે. મનની તમામ શક્તિઓને

એક કેંદ્રમાં સ્થિર કરીને મનની ઉપરજ ચોંટાડી દેવી જોઇએ. જેમ સૂર્યના પ્રખર પ્રકાશરાશિ વડે અત્યંત અંધકારમય સ્થાનનું પણ ગુપ્ત રહસ્ય ઉઘાડું પડી જાય છે, તેમ કેંદ્રીભૂત થયેલી મનની શક્તિઓને પ્રતાપે મનનાં પોતાનાં ઊંડામાં ઊંડાં રહસ્યો પણ પ્રકટ થઇ જાય છે. તેમ થતાંજ આપણી શ્રદ્ધાનો મૂળ આધાર-આપણા ધર્મનું ખરૂં સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. આત્મા જેવો કોઇ પદાર્થ છે કે નહિ, મનુષ્યજીવન પચાસ કે સો વર્ષના આયુષ્યથી મર્યાદિત થયેલું છે કે અનંત છે, ઇશ્વર છે કે નહિ, એ સર્વ પ્રશ્નોના ઉત્તર આપણને આપોઆપ સ્વાનુભવથી મળી જશે. મનુષ્યજીવનનો આખો કોયડો આપણાં જ્ઞાનચક્ષુ આગળ ખડો થઇ જશે. આવા પ્રકારનું આનુભવિક જ્ઞાન આપવું એજ રાજયોગનો ઉદ્દેશ છે. એ રાજયોગવિદ્યાના સમગ્ર ઉપદેશનું લક્ષ્ય—(૧) મનની એકાગ્રતાની પ્રાપ્તિ, (૨) મનની અંદર કયી કયી જાતની પ્રક્રિયાઓ ચાલી રહી છે તેનું જ્ઞાન મેળવવું અને (૩) તેમાંથી સામાન્યીકરણની પદ્ધતિથી અમુક સત્ય સિદ્ધાંતો તારવી કાઢવા એજ છે. એટલા માટે રાજયોગ ઉપદેશે છે કે, તમે ગમે તે ધર્મ પાળતા હો-તમે ઇશ્વરવાદી હો કે નિરીશ્વરવાદી હો, યહૂદી, બૌદ્ધ કે ખ્રિસ્તી હો-તેની સાથે યોગવિદ્યાને કશી તકરાર નથી. તમે મનુષ્ય છો, એટલુંજ માત્ર બસ છે. પ્રત્યેક મનુષ્યને ઇશ્વર-તત્ત્વનું શોધન કરવાની શક્તિ અને અધિકાર છે. પ્રત્યેક વ્યક્તિને ગમે તે બાબતનું કારણ માગવાનો હક છે અને જો તે પ્રયત્ન કરે તો તેના પ્રશ્નના ઉત્તર તેની પોતાની અંદરથીજ મેળવવાની તેનામાં શક્તિ પણ છે; માત્ર યોગ્ય વિધિપૂર્વક પ્રયત્ન કરવાનીજ જરૂર છે.

આટલા વિવેચન ઉપરથી તમને સમજાઇ ગયુંજ હશે કે, રાજયોગની સાધનામાં કોઇ પણ પ્રકારની શ્રદ્ધા કે વિશ્વાસની

જરૂર પડતી નથી. જ્યાંસુધી આપણે અપરોક્ષ અનુભવ ન લીધો હોય, ત્યાંસુધી કાંઇજ સાચું માની લેવું નહિ, એવો રાજયોગનો ઉપદેશ છે. સત્યનું સ્થાપન કરવા માટે બીજા કોઇની સહાયતાની જરૂર નથી, એમ રાજયોગ કહે છે. જાગૃતાવસ્થાની સત્યતા સિદ્ધ કરવા માટે શું સ્વપ્નની અથવા ઉત્તેજિત કલ્પનામય અવસ્થાની જરૂર હોઇ શકે? કદી નહિ. રાજયોગના અભ્યાસ માટે લાંબા સમયના સતત પ્રયત્નની જરૂર છે. એનો કેટલોક ભાગ શારીરિક અભ્યાસને લગતો છે, પણ તેનો મોટો ભાગ તો માનસિક સંયમનોજ વિષય છે. મનનો શરીરની સાથે કેવા પ્રકારનો સંબંધ છે, તે વિષે હવે પછી કહેવામાં આવશે. મન એ શરીરની ચોક્કસ પ્રકારની અતિ સૂક્ષ્મ અવસ્થા છે અને મન શરીરની ઉપર પોતાની અસર ઉપજાવી શકે છે, એટલું જો આપણને માન્ય હોય, તો પછી શરીર મન ઉપર પણ અસર ઉપજાવી શકે છે, એ વાત પણ કબૂલજ રાખવી પડશે. શરીર અસ્વસ્થ થતાં મન પણ અસ્વસ્થ થઇ જાય છે અને શરીર સારૂં હોય તો મન પણ સ્વસ્થ અને સતેજ રહે છે. જયારે કોઇ માણસને ક્રોધ ચડે છે, ત્યારે તેનું મન પણ અસ્થિર થઇ જાય છે; અને જયારે મન અસ્થિર થાય છે ત્યારે શરીરની સ્વસ્થતા પણ સંપૂર્ણ અંશે બગડી જાય છે. ઘણાખરા લોકોનું મન તેમના શરીરને વધારે તાબે હોય છે. તેમના મનોબળનો ઘણાજ અલ્પ પ્રમાણમાં વિકાસ થયેલો હોય છે. તેઓ—મને ક્ષમા કરજો પણ—ઉન્નતિના માર્ગમાં પશુ કરતાં બહુજ થોડા આગળ વધેલા હોય છે; એટલુંજ નહિ પણ ઘણાખરા મનુષ્યની સંયમશક્તિ પશુ-પક્ષીના કરતાં પણ ઓછી હોય છે. આ પ્રમાણે મનને કાબૂમાં રાખવાનું આપણું સામર્થ્ય અતિ અલ્પ હોવાથી તે સામર્થ્ય મેળવવા માટે અને શરીર તથા મન ઉપર આપણી સંપૂર્ણ

સત્તા જમાવવા માટે કેટલાંક બાહ્યસાધનો પણ જરૂરનાં છે. શરીર જ્યારે સંપૂર્ણ રીતે શુદ્ધ થાય અને આપણા કાબૂમાં આવી જાય, ત્યારેજ મનની સઘળી ક્રિયાઓ આપણી મરજી મુજબ કરાવી શકાય છે. એ પ્રમાણે જ્યારે મનના સઘળા વ્યાપાર આપણા કાબૂમાં આવી જાય, ત્યારેજ તે આપણને વશ થયું કહેવાય; અને પછી આપણી મરજીમાં આવે તેવી રીતે તેને એકાગ્ર કરી શકીએ.

રાજયોગવિદ્યાના મત પ્રમાણે સમગ્ર બાહ્યજગત સૂક્ષ્મ જગતના માત્ર સ્થૂળ વિકાસરૂપ છે. સૂક્ષ્મ એ કારણ છે અને સ્થૂળ તેનું પરિણામ છે એ હમેશાં ધ્યાનમાં રાખવું. આ નિયમ પ્રમાણે બાહ્યજગત પરિણામ છે, અને આંતરજગત તેનું કારણ છે; અને આ રીતે જોતાં સ્થૂળ જગતમાં કાર્ય કરતી જે જે શક્તિઓ આપણી નજરે પડે છે, તે આભ્યંતરિક સૂક્ષ્મ શક્તિના સ્થૂળ અંશ રૂપજ છે. એ આભ્યંતરિક શક્તિઓનું નિયમન કરવાનું જેનામાં સામર્થ્ય આવી ગયું છે, તે આખી પ્રકૃતિને પોતાને વશ વર્તાવી શકે છે. સમગ્ર જગતથી પર-શ્રેષ્ઠ બનવું અને સમગ્ર પ્રકૃતિ ઉપર સત્તા બેસાડવી એ મારૂં કર્તવ્ય છે, એમ યોગી માને છે. તે પોતાને એવી સ્થિતિએ પહોંચાડે છે કે, જ્યાં કુદરતના કાયદા તેના ઉપર કશોયે અધિકાર ચલાવી શકતા નથી. તે પોતે કુદરતની સત્તાની મર્યાદા બહાર નીકળી જાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત થતાં તે બાહ્ય તેમજ આભ્યંતરિક પ્રકૃતિ ઉપર પોતાનો અધિકાર બેસાડી શકે છે. મનુષ્યજાતિની ઉન્નતિ અને સંસ્કૃતિ પ્રકૃતિને વશ કરવાની તેમની શક્તિ ઉપરજ આધાર રાખે છે.

પ્રકૃતિને વશ કરવા માટે જુદીજુદી પ્રજાઓએ જુદી જુદી પદ્ધતિ સ્વીકારી છે. જેમ એકજ માનવસમાજમાં એક વ્યક્તિ બાહ્યસૃષ્ટિ ઉપર અધિકાર બેસાડવા મથે છે, ત્યારે બીજો માણસ

આંતરજગતને વશ કરવા પ્રયત્ન કરે છે; તેમ કેટલીક પ્રજાઓ બાહ્યજગતને વશ કરવા મથે છે, ત્યારે કેટલીક એકલા આંતરજગત ઉપરજ લક્ષ્ય પરોવે છે. કેટલાકનો એવો અભિપ્રાય છે કે, આંતરજગત વશ થશે કે આખું જગત વશ થઈ જશે; ત્યારે બીજાઓ એમ માને છે કે, બાહ્યજગતને વશ કર્યાથી સમગ્ર જગત ઉપર આપણો અધિકાર સ્થપાઈ જશે. આ બેઉ સિદ્ધાંતને ઊંડા ઊતરીને તપાસી જોતાં સમજાશે કે, એ બેઉ સાચા છે; કારણકે વાસ્તવમાં બાહ્ય અને આંતર એવો ભેદજ નથી. એ તો માત્ર કલ્પિતજ વિભાગ છે. વાસ્તવમાં એવા વિભાગનું અસ્તિત્વ હોઇ શકેજ નહિ. બહિર્વાદી તેમજ આંતરવાદી પોતપોતાના જ્ઞાનની અંતિમ સીમાએ પહોંચતાંજ એકબીજાની સાથે મળી જશે. ભૌતિકશાસ્ત્રનો અભ્યાસી પોતાના વિષયમાં ઊંડો ઊતરતાં ઊતરતાં આખરે તત્ત્વજ્ઞાનીજ બની જાય છે; તેમ તત્ત્વજ્ઞાની પણ મનોવ્યાપારનું પૃથક્કરણ કરતાં કરતાં છેવટે જડ અને ચેતન એવા પ્રભેદ કેવળ કલ્પિતજ છે, એવું જોઇ શકે છે; અને તેનાં જ્ઞાનચક્ષુ આગળથી જડ અને ચેતનના સીમાપ્રદેશ ભૂંસાઇ જઈ આખું જગત તેને એક અખંડ પદાર્થરૂપે ભાસે છે.

જેમાંથી અનેક નાના પ્રકારના પદાર્થો પ્રકટ થયા છે અને જે એક હોઇ અનેકરૂપે દર્શન આપે છે, તે એક પરમતત્ત્વ શું છે, તેનો નિર્ણય કરવો એજ સર્વ પ્રકારના વિજ્ઞાનનો ઉદ્દેશ અને લક્ષ્ય છે. રાજયોગ કહે છે કે, પ્રથમ આંતરજગત વિષે જ્ઞાન મેળવવું અને પછી તેની મદદ લઇને આંતર અને બાહ્ય પ્રકૃતિને કાબૂમાં લાવવી. ઘણા પ્રાચીનકાળથી આ દિશામાં પ્રયત્ન થતો આવ્યો છે. બીજી પ્રજાઓએ પણ આવા પ્રયાસો કર્યા છે; પરંતુ ભરતખંડની પ્રજાનું તો આ એક લક્ષણગત વલણ સિદ્ધ થઇ ચૂકયું છે. પશ્ચિમના દેશોમાં આ વિદ્યા વિષે લોકોમાં એવી મા-

ન્યતા હતી કે, તે અત્યંત ગૂઢ અને ભેદી વિદ્યા છે; અને જેઓ તેનો અભ્યાસ કરતા તેમને લોકો જાદુગર અને મેલી વિદ્યાના પ્રયોગો કરનારા ગણીને જીવતા બાળી મૂકતા; અથવા બીજી કોઇ ક્રૂર રીતે તેમનો પ્રાણ લેવામાં આવતો. અનેકવિધ કારણોને લઇને આ વિદ્યા ભરતખંડમાં પણ એવા લોકસમૂહના હાથમાં રહી ગઇ કે તેમણે તેનો નેવું ટકા જેટલો ભાગ નષ્ટ કરી દીધો અને જે કાંઇ અવશિષ્ટ રહી ગયો તેને ઘણીજ કાળજીથી છુપાવી રાખ્યો; પરંતુ ભરતખંડમાંના આવા ગુરુઓ કરતાં પણ વિશેષ અધમ પ્રકારના મનુષ્યો પશ્ચિમના દેશોમાં આજકાલ ગુરુપદ ધારણ કરી બેઠેલા જોવામાં આવે છે. ભરતખંડના ગુરુઓ તો યોગવિદ્યા સંબંધે કાંઈક પણ જાણતા હોય છે; ત્યારે આ લોકો તો કશુંયે જાણતા નથી.

સમસ્ત યોગપદ્ધતિમાં જે કાંઈ અદ્ભુત અને ભેદભરેલું કહેવાતું હોય તેને પ્રથમથીજ બાજુ પર મૂકી દેવું અને જે કાંઈ બળપ્રદ હોય તેનેજ ગ્રહણ કરીને આગળ વધવું. ધર્મમાં પણ બળ એજ મુખ્ય વસ્તુ હોવાથી બીજા વિષયોની માફક તેમાં પણ જેનાથી બળની હાનિ થવાનો સંભવ હોય તેનો એકદમ ત્યાગ કરવો. છૂપી અને ભેદભરેલી બાબતો જાણવાની ઘેલછા મનોબળનો ક્ષય કરે છે. યોગવિદ્યા, જેનું સ્થાન બધી વિદ્યાઓમાં સર્વથી શ્રેષ્ઠ છે, તેને ગુપ્ત રાખીનેજ નષ્ટપ્રાય કરી મૂકી છે. હજારો વર્ષો પૂર્વે ભરતખંડમાં તેની શોધ થઇ ત્યારથી તેની વ્યાખ્યા અને પ્રચાર પદ્ધતિસર કરવામાં આવ્યાં હતાં; છતાં નવાંઇ જેવી વાત એ છે કે, યોગવિદ્યા ઉપર વાર્તિક લખનારા જેમ આધુનિક તેમ તેમ તેમનાં લખાણોમાં કઠિનતા, ભૂલો અને ગોટાળા વધારે; અને જેમ પ્રાચીન તેમ તેની ચર્ચા શુદ્ધ અને ન્યાયપુરઃસર. આધુનિક લેખકોએ અનેક પ્રકારની ભેદી અને ચમત્કાર ભરેલી વાતો

યોગવિદ્યામાં ઘુસાડી દીધી છે. આ રીતે જેના જેના હાથમાં આ વિદ્યા ગઇ તેમણે તેમણે પોતાનાજ હાથમાં બધી સત્તા અને પ્રતિષ્ઠા રાખવાના હેતુથી તેને અત્યંત ભેદભરેલી અને ગુપ્ત રાખવા જેવી બનાવી મૂકી તેના ઉપર બુદ્ધિનો પૂર્ણ પ્રકાશ પડતો અટકાવ્યો છે.

હું તમને આરંભમાંજ કહી ગયો છું કે, હું જે કાંઇ તમારી આગળ કહું છું, તેમાં ગુપ્ત અને ભેદભરેલું કશું છેજ નહિ. હું જે કાંઇ થોડુંઘણું જાણું છું, તે હું તમને સમજાવીશ. તર્કથી કે દૃષ્ટાંતથી જેટલું મારાથી સમજાવી શકાશે, તેટલું હું સમજાવી દઇશ, પણ જે બાબતો હું પોતે પૂરેપૂરી નહિ સમજ્યો હોઉં તેવી બાબતો કહેતી વખતે હું તમને કહી દઇશ કે, "શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે." અંધશ્રદ્ધા રાખવી એ વાજબી નથી, પોતાની વિચારશક્તિ અને તુલનાશક્તિનો પણ તમારે ઉપયોગ કરવો જોઇએ શાસ્ત્ર જે કાંઈ કહે છે તે સત્ય છે કે નહિ, તેની તમારે પ્રયોગ કરીને અનુભવસિદ્ધ ખાતરી કરી લેવી. પદાર્થ-વિજ્ઞાનનો અભ્યાસ તમે જે રીતે કરો છો તેજ રીતે તમારે ધર્મ-વિજ્ઞાનનો અભ્યાસ કરવો. તમે એ બાબતમાં પ્રથમ અધ્યાપકનું વ્યાખ્યાન સાંભળો છો અને પછી પ્રયોગશાળામાં જઈ નિયત કરેલી પદ્ધતિ પ્રમાણે પ્રયોગ કરી જુઓ છો. યોગવિદ્યામાં ગુપ્ત રાખવા જેવું કે ડરવા જેવું કાંઈ છેજ નહિ. જે કાંઇ સત્ય છે તેનો સર્વજન સમક્ષ, ધોળે દિવસે અને જાહેરમાંજ પ્રચાર થવો જોઇએ. અમુક ક્રિયાઓને ભેદભરેલી રીતે પડદા પાછળ રાખવા જતાંજ વિપત્તિ આવી પડે છે.

યોગવિદ્યા વિષે વધારે વિવેચન કરવા પહેલાં સાંખ્યદર્શન વિષે હું તમને કાંઇક કહેવા માગું છું; કેમકે સાંખ્યદર્શનનાજ આધાર પર આખું યોગશાસ્ત્ર રચાયલું છે. એ સાંખ્યદર્શનમાં

વિષયજ્ઞાનનો ક્રમ આ પ્રમાણે બતાવેલો છે. પ્રથમ બાહ્યવિષયની સાથે ચક્ષુ ઇત્યાદિ ઇંદ્રિયોનાં યંત્રોનો સંયોગ થાય છે. તેમની મારફતે વિષયનું જ્ઞાન ઇંદ્રિયો સુધી પહોંચે છે. ઈંદ્રિયો દ્વારા મનને અને મનદ્વારા નિશ્ચયાત્મિકા બુદ્ધિને વિષયનું જ્ઞાન થાય છે અને ત્યાર પછી છેવટે પુરુષ અથવા જીવાત્મા એ જ્ઞાનને ગ્રહણ કરે છે. પછી એનાં એજ સાધનોદ્વારા વિષયજ્ઞાનની લાગણીને જીવાત્મા ફરી પાછી ઇંદ્રિયો સુધી પહોંચાડે છે. આટલી ક્રિયાઓ થવાથી આપણને કોઈ પણ પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. મન, બુદ્ધિ વગેરે આત્માને મુકાબલે જડ મનાય છે; પણ નેત્ર, ત્વચા વગેરે બાહ્યઇંદ્રિયોને મુકાબલે મન વધારે સૂક્ષ્મ દ્રવ્યનું બનેલું છે. જે પદાર્થોનું મન બનેલું છે તે ક્રમે ક્રમે વધારે સ્થૂળતાને પામતાં તેમાંથી તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. એ તન્માત્રા વિશેષ સ્થૂળ થતાં તેમાંથી બાહ્ય જડ ઈંદ્રિયોની રચના થાય છે. સાંખ્યદર્શન મનોવિજ્ઞાનની આવી રૂપરેખા બતાવે છે. સારાંશમાં, બુદ્ધિ અને સ્થૂળ પદાર્થ એ બેની વચ્ચે માત્ર પરિમાણોનોજ ભેદ છે. બેઉ જડ તો છેજ, પણ બુદ્ધિના કરતાં બાહ્ય પદાર્થ વિશેષ જડ છે. ચેતન તો માત્ર એક આત્માજ છે. મન જાણે આત્માને અધીન એક યંત્ર છે. એની મદદથી આત્મા બાહ્ય વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ મન હમેશાં ચંચળ અને પરિવર્તનશીલ છે. એક પદાર્થમાંથી બીજા પદાર્થમાં દોડે છે; કોઈ વાર એકી વખતે બધી ઇંદ્રિયો સાથે વળગેલું રહે છે; કોઇ વાર માત્ર એકજ ઇંદ્રિયમાં ભરાઇ રહે છે અને કોઈવાર બધી ઈંદ્રિયોથી અલગ થઈ જાય છે. દાખલા તરીકે, જ્યારે ઘણીજ એકાગ્રતાપૂર્વક હું ઘડિયાળના ટકોરા સાંભળતો હોઉં, ત્યારે મારી આંખો ઉઘાડી હોય, છતાં હું કાંઇજ જોઇ શકતો નથી. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે, મન શ્રવણેંદ્રિય સાથેજ જોડા-

યેલું હતું અને દર્શનેંદ્રિયમાં હતું નહિ. એવીજ રીતે મન એકી વખતે બધી ઇંદ્રિયો સાથે જોડાયેલું રહી શકે છે. વળી મનમાં અંતરદૃષ્ટિ કરવાનું પણ સામર્થ્ય રહેલું છે. એ શક્તિને પ્રતાપે મનુષ્ય પોતાની અંદરના ઊંડામાં ઊંડા પ્રદેશનું દર્શન કરી શકે છે. આ અંતરદૃષ્ટિ કરવાની શક્તિનો વિકાસ કરવો એજ યોગશાસ્ત્રનો ઉદ્દેશ છે. મનની તમામ શક્તિઓને એક કેંદ્રમાં સ્થિર કરીને તેમને બહારથી અંતરમાં વાળીને, પોતાની અંદર શું શું થાય છે તે જોવાનો યોગી પ્રયત્ન કરે છે. આમાં માત્ર શ્રદ્ધાથીજ સાચું માની લેવા જેવું કશું નથી. એ તો જ્ઞાની પુરુષોના પ્રત્યક્ષ અનુભવની વાત છે. હાલના શરીરવિજ્ઞાનશાસ્ત્રીઓ પણ માને છે કે, નેત્ર એ વાસ્તવિક રીતે દર્શનેંદ્રિય નથી; પણ મગજની અંદર રહેલા જ્ઞાનતંતુના એક કેંદ્રમાંથી દર્શનેંદ્રિયની પરિચાલનક્રિયા ઉત્પન્ન થાય છે. બીજી ઇંદ્રિયોનો પણ એજ નિયમ છે. તેઓ એમ પણ કહે છે કે, મગજ જે પદાર્થનું બનેલું છે તેજ પદાર્થનાં એ કેંદ્રો પણ બનેલાં છે. સાંખ્યદર્શનનો પણ આવોજ અભિપ્રાય છે. પણ એકજ વાતનો તફાવત છે કે, જડસૃષ્ટિનો અભ્યાસ કરતાં કરતાં પાશ્ચાત્ય વિદ્વાનોએ જે શોધ કરી છે, તેજ વાત યોગીઓ અંતઃસૃષ્ટિનું અવલોકન કરતાં જાણી શકચા છે. આટલો તફાવત બાદ કરતા બેઉનું કથન બરાબર મળતું આવે છે. આપણે તો આ પ્રદેશને ઓળંગીને પણ વધારે આગળ જવાનું છે.

પોતાના શરીરની અંદર શું શું થાય છે તે પોતે નજરે જોઇ શકે એવી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગી ઇચ્છે છે. મનની પ્રત્યેક ક્રિયા તેની માનસિક દૃષ્ટિ આગળ ખડી થવી જોઈએ. બાહ્યવિષયો ઇંદ્રિયોનાં યંત્રો સાથે સમાગમમાં આવતાં જે લાગણી ઉત્પન્ન થાય છે, તે લાગણી જ્ઞાનતંતુઓની મારફતે કેવી રીતે મન સુધી પહોંચે છે અને મનની મારફતે તે લાગણીને બુદ્ધિ કેવી રીતે

ગ્રહણ કરે છે; અને પછી છેવટે તેનું પુરુષ અથવા આત્માને કેવી રીતે ભાન થાય છે એ આપણે પ્રથમ સમજી લેવું પડશે. દરેક વિદ્યાનો અભ્યાસ કરવાની પદ્ધતિ નિયત કરેલી હોય છે. કોઇ પણ વિદ્યાનો અભ્યાસ કરવો હોય, તો પ્રથમ તેને માટે તૈયારી કરવી પડે છે અને પછી બતાવેલે માર્ગે ધીરજથી પ્રયત્ન કરવો પડે છે; એ સિવાય જ્ઞાન મેળવવાનો બીજો કોઇ ઉપાય નથી. રાજયોગના અભ્યાસ માટે પણ એવોજ નિયમ છે.

શરૂઆતમાં સાધકને ખોરાકની બાબતમાં પણ કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે. જેનાથી મનની પવિત્રતા સચવાય એવોજ ખોરાક લેવો જોઇએ. ખોરાક અને મનનો કેવો નિકટ સંબંધ છે, તે પશુશાળામાં જઇને જુદાંજુદાં પશુઓનો આહાર અને તેમના સ્વભાવની સરખામણી કર્યાથી સમજાઈ જશે. હાથી એક પ્રચંડ જાનવર છે, તોપણ તેનો સ્વભાવ ઘણોજ શાંત છે; પણ તમે સિંહ કે વાઘના પાંજરા આગળ જઇને ઊભા રહેશો તો તે કેવા ચંચળ વૃત્તિના છે, તે તરત જણાઇ આવશે. ખોરાકની સ્વભાવ ઉપર કેવી પ્રબળ અસર થાય છે, તેનું મેં તમને આ એક દૃષ્ટાંત આપ્યું. આપણા શરીરમાં જે જે શક્તિઓ કામ કરી રહી છે, તેની ઉત્પત્તિ આહારમાંથી થાય છે એ તો આપણે દરરોજ જોઇ શકીએ છીએ; એટલા માટે સાધક અવસ્થામાં ખોરાકની બાબતમાં બહુજ કાળજી રાખવાની જરૂર છે. યોગાભ્યાસમાં ઘણા આગળ વધી ગયા પછી બહુ સાવધાનતા ન રાખીએ તો કદાચ ચાલી શકે. ઝાડ નાનું હોય ત્યાંસુધી તો તેને આસપાસ વાડ કરીને જાળવી રાખવું પડે છે; નહિ તો ઢોર ઉખેડી નાખીને ખાઇ જાય. મોટું થયા પછી તો એવા અનેક ઉપદ્રવ સહન કરવાની તેનામાં શક્તિ આવે છે.

અત્યંત વિલાસ અને અત્યંત દેહદમન એ બેઉનો યોગા-

ભ્યાસીએ ત્યાગ કરવો જોઇએ. યોગીને ભગવદ્‌ગીતામાં ઉપદેશ આપ્યો છે કે શરીરને વિના કારણ દુઃખ ઉપજે એવું કામ તેણે કદી કરવું નહિ.

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥
युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

ગીતા-અધ્યાય ૬, શ્લો. ૧૬, ૧૭

અર્થાત્-અતિ આહાર કરનાર, અતિ ઉપવાસ કરનાર, અતિ નિદ્રા કરનાર, અતિ ઉજાગરો કરનાર, અત્યંત શ્રમ કરનાર અને અત્યંત નિરુદ્યમી-એમાંનો કોઈ યોગાભ્યાસમાં પ્રગતિ કરી શકશે નહિ.



અધ્યાય ૨ જો–સાધનનું પહેલું પગથિયું

રાજયોગનાં આઠ અંગ મનાય છે. (૧) યમ–એમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો સમાવેશ થાય છે. (૨) નિયમ–એમાં શૌચ, સંતોષ, તપશ્ચર્યા, સ્વાધ્યાય અને ઇશ્વર-પ્રણિધાન અથવા ઇશ્વરને આત્મસમર્પણ. (૩) આસન એટલે ધ્યાન ધરવા માટે યોગ્ય બેઠક (૪) પ્રાણાયામ એટલે પ્રાણો ઉપર કાબૂ બેસાડવો. (૫) પ્રત્યાહાર એટલે મનને અંતર્મુખ કરવાની ક્રિયા. (૬) ધારણા એટલે ચિત્તની એકાગ્રતા. (૭) ધ્યાન. (૮) સમાધિ એટલે જ્ઞાનાતીત અવસ્થા. યોગનાં ઉપર ગણાવેલાં આઠ અંગો પૈકી પહેલાં બે અંગ ઉત્તમ પ્રકારનું ચારિત્ર ઘડવાનાં સાધન છે. ચારિત્રરૂપી પાયો સુદૃઢ કર્યા વગર યોગસાધનાની સિદ્ધિ થઇ શકતી નથી. યમ અને નિયમ એ બે અંગ સિદ્ધ કર્યા વગર યોગાભ્યાસનું લેશમાત્ર પણ ફળ મળી શકતું નથી. મન, વચન અને કર્મથી યોગીએ સંપૂર્ણ અહિંસાનું પાલન કરવું જરૂરનું છે. આ અહિંસાભાવ એકલા મનુષ્યપ્રતિજ નહિ, પણ પ્રાણીમાત્ર તરફ હોવો જોઇએ. યોગીએ સંપૂર્ણ નિર્વૈર અને નિર્દ્વેષ રહેવું જોઇએ. તેની દયા માત્ર મનુષ્યનેજ નહિ, પણ આખા જગતને પોતાની અંદર સમાવી લે એવી વિશ્વ-વ્યાપી થવી જોઇએ.

યમ નિયમ પછી યોગીએ આસનનો વિચાર કરવાનો છે.

કોઇ પ્રશ્ન કરશે કે, આસન સિદ્ધ કરવાનો શો ઉદ્દેશ હશે? જ્યાં-સુધી જોઇએ તેવી ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી નિયમિત રીતે સાધન કર્યાજ કરવું જોઇએ. આ સાધનમાં કેટલીક શારીરિક તેમજ માનસિક બેઉતરેહની ક્રિયાઓ જરૂરની મનાય છે. જ્યાંસુધી એકના એક આસને વગરઅડચણે લાંબા વખત સુધી બેસી શકાય, ત્યાંસુધી આસન સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેને જે આસને બેસવાનું ફાવે તેને માટે તે આસન ઉત્તમ કહેવાય. કેટલાક અમુક આસને બેસીને વિનાકષ્ટે ધ્યાન ધરી શકે છે, તો બીજા કેટલાકને તે આસને બેસતાં શરીરને કષ્ટનો અનુભવ થાય છે. આસન લગાવીને ત્રણ કલાક સુધી સુખરૂપ બેસી શકાય અને જાણે શરીર છેજ નહિ, એવું ભાન થવા લાગે, ત્યારે આસન સિદ્ધ થયું જાણવું. યોગવિદ્યાના સાધનમાર્ગમાં કાંઇક પ્રગતિ થયા પછી શરીરમાં કેવી રીતે ક્રિયાઓ ચાલી રહે છે તેનો સાધકને અનુભવ થવા લાગશે. નાડી અને ચક્રોની અંદર રાતદિવસ જે શક્તિપ્રવાહ સંચાર કરી રહ્યો છે, તેની ગતિ ફેરવીને તેને જુદી દિશામાં વાળવી પડશે. એમ થતાંજ શરીરમાં તદ્દન નવા પ્રકારનાં કંપન અને ક્રિયાનો આરંભ થવા લાગશે; આખા શરીરની પુનર્ઘટના થવા માંડશે. મોટે ભાગે આ ક્રિયા કરોડની અંદર રહેલાં જ્ઞાનરજ્જુમાં ચાલવા લાગે છે; એટલા માટે આસન સંબંધી કેટલીક અગત્યની સમજ આપવાની જરૂર છે. બેસતી વખતે કરોડને તેની કુદરતી સ્થિતિમાં એટલે ટટાર રાખવી. છાતી, ડોક અને માથું ત્રણે અવયવ બરાબર સીધી લીટીમાં રહેવા જોઇએ. શરીરના ઉપલા ભાગનું બધું વજન પાંસળાં ઉપર આવે એ પ્રમાણે બેસવાથી આસન ઘણું સુગમ અને સ્વાભાવિક થઇ જશે અને કરોડ પણ સીધી રહેશે. છાતી અંદર વળી ગઇ હોય એવી સ્થિતિમાં બેસવાથી સારા

વિચાર કરી ન શકાય, એ વાત તો તમે સહેલાઇથી સમજી શકશો. રાજયોગનું આ અંગ કેટલીક રીતે હઠયોગને મળતું છે. હઠયોગનો કાર્યપ્રદેશ મુખ્યત્વે કરીને સ્થૂલદેહને સુદૃઢ અને નીરોગી રાખવાનો છે. અત્યારે આપણે તેના વિષેના વિવેચનમાં ઊતરી શકતા નથી. એક તો તેને લગતી ક્રિયાઓ ઘણી અઘૂરી અને એક દિવસમાં શીખવી શકાય એવી નથી અને તેના દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત થઈ શકતી નથી. એને લગતી ક્રિયાઓનો મોટો ભાગ તેમને ડેલ્સાર્ત અથવા એવા બીજા વ્યાયામશિક્ષકોના ગ્રંથોમાંથી મળી આવશે. એ લોકોએ પણ શરીરને જુદી જુદી સ્થિતિમાં રાખવાની રીતો બતાવી છે, પણ હઠયોગની માફક એમનો ઉદ્દેશ પણ શરીરને બળવાન અને નીરોગી કરવાનો છે, આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો નથી. હઠયોગીના કાબૂમાં શરીરની એકેએક માંસપેશી આવી ગયેલી હોય છે. તે પોતાના હૃદયની ગતિને પણ મરજી પ્રમાણે ધીમી અથવા ત્વરાથી ચલાવી શકે છે. સારાંશમાં શરીરના આખા યંત્ર ઉપર તેનો એવો સંપૂર્ણ અધિકાર હોય છે કે, તે પોતાની મરજી મુજબ શરીરના કોઈ પણ અવયવની પરિચાલના કરી શકે છે.

શું કરીએ તો દીર્ઘાયુષી થવાય, એજ હઠયોગનો મુખ્ય ઉદ્દેશ છે. શરીર કેવી રીતે સંપૂર્ણ આરોગ્ય ભોગવે એ તરફજ હઠયોગીનું લક્ષ્ય હોય છે. પોતાના શરીરને લેશમાત્ર પણ પીડા ન થાય, એવો તેનો દૃઢ સંકલ્પ હોય છે અને તે ઘણુંજ લાંબું આયુષ્ય ભોગવે છે. સો વર્ષ સુધી જીવવું એ તો તેને મન રમત જેવું છે. દોઢસો વર્ષની ઉંમર થઇ હોય, તોપણ હઠયોગી ભરજુવાન અને તેજસ્વી દેખાય છે. તેના માથાનો એક પણ વાળ સફેદ થતો નથી; પણ આટલામાંજ હઠયોગનું બધું ફળ આવી જાય છે. વડનાં ઝાડ પણ ઘણી વાર પાંચપાંચ હજાર વર્ષ

સુધી જીવતાં રહે છે, પણ તે ઝાડનું ઝાડજ રહે છે. આટલાં બધાં વર્ષ જીવીને તેણે કયા અર્થની સિદ્ધિ કરી ? તેવીજ રીતે મનુષ્ય પણ સોબસો વર્ષ જીવે તેથી શું થયું ? માત્ર એક નિરોગી પ્રાણી તરીકેજ તેની ગણના થઇ શકે. હઠયોગની એકબે સામાન્ય ક્રિયાઓ ઘણી ઉપયોગી હોવાથી હું બતાવું છું. કોઇનું માથું દુખ્યા કરતું હોય તો પથારીમાંથી ઊઠીને તરતજ નાક વડે થોડું ઠંડું પાણી પીવાથી આખો દિવસ મગજ ઠંડું રહે છે અને સળેખમ થવાનો ભય રહેતો નથી. નાક વાટે પાણી પીવામાં કશું અઘરૂં નથી—ઘણુંજ સહેલું છે. પાણીમાં નાકનું છિદ્ર રાખીને (અથવા ટોટીવાળા પાત્રની ટોટી નાકમાં ઘાલીને) નસકોરાંદ્વારા પાણીને અંદર ખેંચતા જવું. સ્થિર મન રાખીને ગભરાયા વગર આ ક્રિયા કરવાથી પાણી આપોઆપ ગળામાં ઊતરતું જશે.

આસન સિદ્ધ કર્યા પછી નાડીઓ અને ચક્રોને શુદ્ધ કરવાં જોઇએ, એવો પણ કેટલાક યોગીઓનો અભિપ્રાય છે. કેટલાક એને રાજયોગની બહારનો વિષય ગણીને રાજયોગના અભ્યાસક્રમમાં એને સ્થાન આપતા નથી. પણ શંકરાચાર્ય જેવા ભાષ્યકારે એની અગત્ય સ્વીકારી છે, એટલે તત્સંબંધી ઉલ્લેખ કરવાની મને પણ જરૂર લાગે છે. હું શ્વેતાશ્વતર ઉપનિષદના ભાષ્યમાંથી એ સંબંધી શંકરાચાર્યનો અભિપ્રાય ટાંકું છું: “ પ્રાણાયામની ક્રિયા વડે જે મન મળરહિત થયું હોય, તેજ બ્રહ્મમાં સંલગ્ન થઈ શકે છે. એટલા માટેજ શાસ્ત્રમાં પ્રાણાયામની ક્રિયા બતાવવામાં આવી છે. પ્રથમ નાડી શુદ્ધ કર્યા પછી પ્રાણાયામ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. અંગૂઠાવડે જમણું નસકોરૂં બંધ કરીને ડાબા નસકોરાદ્વારા વાયુનું યથાશકિત શોષણ કરવું. પછી વગર વિલંબે ડાબું નસકોરું બંધ કરીને જમણા નસકોરાદ્વારા વાયુને યથાશક્તિ ધીરજથી બહાર કાઢી નાખવો.

પછી પાછો જમણા નસકોરાદ્વારા વાયુને અંદર ખેંચીને ડાબા નસકોરાદ્વારા તેનું રેચન કરવું. ઉપરોક્ત ક્રિયા સવારે, બપોરે સાંજે અને મધ્યરાત્રિએ કરવાથી પખવાડિયામાં કે મહિનામાં નાડીઓની શુદ્ધિ થાય છે. પછી પ્રાણાયામ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે."

અભ્યાસ તો હમેશાં જરૂરનો છે. તમે રોજ કલાકોના કલાકો સુધી બેસીને મારૂં ભાષણ સાંભળ્યા કરો અને અભ્યાસ ન કરો, તો લેશમાત્ર પણ ઉન્નતિ કરી શકશો નહિ. સિદ્ધિનો આધારજ સાધન ઉપર છે. તમને પોતાને જ્યાંસુધી અપરોક્ષ અનુભવ ન થાય, ત્યાંસુધી તમે આ યોગવિદ્યાનું રહસ્ય સમજી શકોજ નહિ. અહીં તો અનુભવ જાતેજ મેળવી લેવાનો છે. બીજાનું વ્યાખ્યાન સાંભળ્યાથી કે બીજાઓના અભિપ્રાયને સાચા માનીને સ્વીકારી લીધાથી કશું ફળ પ્રાપ્ત થતું નથી.

યોગાભ્યાસનાં સાધનમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવી પડે છે. પહેલું અને સૌથી મોટું વિઘ્ન તો શરીરની અસ્વસ્થતા છે. શરીર સ્વસ્થ ન હોય તો સાધન અટકી પડે છે; એટલા માટે શરીરરૂપી યંત્રને સારી હાલતમાં રાખવાની જરૂર છે. સાધકે ખાનપાનમાં ઘણીજ કાળજી રાખવી જોઇએ, તેમજ બીજી રીતે પણ પોતે કેવા પ્રકારનું જીવન ગાળે છે, તેની ખૂબ કાળજી રાખવી જોઇએ. મારા શરીરમાં વ્યાધિ પ્રવેશ કરી શકેજ નહિ, મારૂં શરીર સુદૃઢ અને બળવાન છે, એવી ભાવના નિત્ય કરવી અને તેમાં થોડી વાર સુધી તલ્લીન બની જવું. અમેરિકાના લોકો જેને "ક્રિશ્ચિયન સાયન્સ×" કહે છે, તેનું આજ તારતમ્ય છે. શરીરને

× "ક્રિશ્ચિયન સાયન્સ" એ એક પાશ્ચાત્ય સંપ્રદાય છે. મિસિસ એડિડ નામની અમેરિકન સ્ત્રી તેની મૂળ પ્રવર્તક છે. એ મત પ્રમાણે જગતમાં જડ જેવો કોઈ પદાર્થજ નથી. જડ પદાર્થ એ તો મનનો

માટે આથી વધારે કરવાની જરૂર નથી. આપણે એક વાત તો કદી પણ ભૂલવી ન જોઈએ કે, સ્વસ્થ શરીર એ મુક્તિ મેળવવાનું એટલે આપણા એક પરમ પુરુષાર્થની સિદ્ધિનું કેવળ સાધનજ છે. શરીરનું આરોગ્ય એ કાંઇ અંતિમ સાધ્ય નથી; તેમ હોય તો પછી આપણામાં અને પશુઓમાં ફેર શો? કેમકે પશુઓ ઘણુંજ સારૂં આરોગ્ય ભોગવે છે અને ભાગ્યેજ માંદાં પડે છે.

બીજું વિઘ્ન સંદેહ છે. આપણે જે કાંઈ નજરે જોઈ શકતા નથી, તેને વિષે સંદિગ્ધ રહીએ એ બનવાજોગ છે. માણસ ગમે તેવો શ્રદ્ધાળુ હોય, તોપણ તે કેવળ શબ્દોના ઉપરજ લાંબા વખત સુધી વિશ્વાસ રાખી શકતો નથી; એટલાજ માટે યોગશાસ્ત્રમાં જણાવેલી બાબતોની સત્યતા વિષે શંકા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. સારા સારા માણસોના મનમાં પણ એ વિષે વારંવાર સંદેહ આવ્યા કરે છે, પણ સાધનનો આરંભ કર્યા પછી થોડાજ વખતમાં કાંઇક કાંઇક અલૌકિક ઘટનાઓ તમે જોઇ શકશો અને તેટલાથી તમને આગળ વધવાનું પ્રોત્સાહન મળશે. દાખલા તરીકે થોડાક મહિના સાધન કરતાં તમને અનુભવ થશે કે, તમે બીજાના મનના વિચારો જાણી શકો છો. તેના વિચારો તમારી આગળ સાકાર મૂર્તિરૂપે પ્રત્યક્ષ થયેલા લાગશે. મનને એકાગ્ર કરીને સાંભળવાનો પ્રયત્ન કરશો, તો કોઇ કોઈવાર ઘણે દૂર થતી વાતો તમે સાંભળી શકશો. શરૂઆતમાં આ અનુભવ તમને અતિ અલ્પ પ્રમાણમાં મળવા લાગશે; પરંતુ તે પછી તમારી

ભ્રમ છે. આપણામાં રોગ નથી એવી ભાવના કરીએ કે તરત આપણે રોગમુક્ત થઇએ, એ મતને માનનારા કહે છે કે, "અમે ઇશુખ્રિસ્તનું અનુકરણ કરીએ છીએ. તેણે જે જે ચમત્કારો કર્યા હતા, તે અમે પણ કરી શકીએ અને સર્વ રીતે નિર્દોષ જીવન ગાળવું, એ અમારો ઉદ્દેશ છે." તે ઉપરથી આ સંપ્રદાયનું નામ ક્રિશ્ચિયન સાયન્સ પાડેલું છે.

શ્રદ્ધા, મનોબળ અને આશામાં ઘણો વધારો થઈ જશે. વળી જો તમે તમારી નાસિકાના અગ્રભાગ ઉપર ચિત્ત સ્થિર કરવાનો અભ્યાસ પાડશો, તો થોડાજ દિવસમાં તમે કોઈ દિવ્ય સુગંધની સોડમ લેતા હો, એવો અનુભવ થવા માંડશે. એટલા ઉપરથી તમને સમજાશે કે, આપણું મન કોઈ કોઈવાર જે પદાર્થની સાથે સમાગમમાં આવ્યું ન હોય, તોપણ તે પદાર્થનો અનુભવ થઈ શકે છે. છતાં એક વાત તો હમેશાં સ્મરણમાં રાખવી જોઇએ કે, આ સર્વ પ્રકારની સિદ્ધિઓની કશી કિંમત નથી. માત્ર આપણા મૂળ ઉદ્દેશની સિદ્ધિમાં તેઓ ફક્ત સાધનભૂત છે. આપણી સર્વ પ્રકારની સાધનાનો એકજ ઉદ્દેશ હોવો જોઇએ અને તે આત્માની મુક્તિજ છે, એ વાત સાધકે કદી પણ ભૂલવી નહિ. પ્રકૃતિને વશ કરવા તરફજ તેણે પોતાનું બધું લક્ષ પરોવવું. સાધારણ સિદ્ધિઓની પ્રાપ્તિ થઇ એટલે સંતોષ માનીને બેસી રહેવાથી આગળ વધી શકાતું નથી. આપણે પ્રકૃતિને તાબે કરવી અને પ્રકૃતિ આપણને તાબે ન કરે; શરીર કે મન એમાંથી કોઇની પણ આપણા ઉપર સત્તા ન ચાલે, એવી સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. "શરીર આપણું છે" અને "આપણે શરીરના નથી" એ વાત પ્રત્યેક સાધકે પોતાની નજર આગળ રાખ્યા કરવી જોઇએ.

એક વાર એક દેવ અને એક અસુર બેઉ જણ આત્મજ્ઞાન લેવા માટે કોઈ મહાત્મા પુરુષ પાસે ગયા. તેઓએ તેની પાસે ઘણા દિવસો સુધી રહીને તેનો ઉપદેશ સાંભળ્યો. ત્યાર પછી તે મહાત્માએ તેમને કહ્યું કે, "તમે જેની શોધમાં છો તે તમે પોતે જ છો." આ ઉપરથી તેઓ એમ સમજ્યા કે, "દેહ એજ અમારૂં ખરૂં સ્વરૂપ છે." પછી બેઉ જણા ખુશી થતા થતા ઘેર ગયા. તેઓ પોતપોતાનાં સગાંસંબંધીઓને કહેવા લાગ્યા કે, "જે કાંઇ જાણવાનું છે તે બધું જાણીને અમે આવ્યા છીએ. આવો, ખાઓ,

પીઓ અને ચેનબાજી ઉડાવો. આપણે પોતેજ આત્મા છીએ." પેલા અસુરની બુદ્ધિ ઉપર તો અજ્ઞાનનું કાળું વાદળ ફરી વળ્યું હતું, તેથી તેણે તો આ બાબતનો ઊંડો વિચાર કર્યોજ નહિ. હું પોતેજ ઇશ્વર છું, એવું માની લઇને તે ખૂબ સંતુષ્ટ રહેવા લાગ્યો. "આત્મા" શબ્દનો અર્થ તે દેહજ સમજતો હતો, પણ દેવતાની બુદ્ધિ અસુરના કરતાં વધારે નિર્મળ હતી. પ્રથમ તો તે પણ ભ્રમમાં પડી ગયો હતો કે, "આ દેહ એજ મારૂં સત્યસ્વરૂપ છે. હું દેહજ છું અને દેહજ બ્રહ્મ છે; માટે તેને બળવાન અને સ્વસ્થ રાખવું, સારાં સારાં વસ્ત્રાભૂષણથી તેને શણગારવું અને સર્વ પ્રકારના દૈનિક વિલાસ ભોગવવા એજ મારૂં કર્તવ્ય છે."

આવી સ્થિતિમાં થોડા દિવસ ગયા હશે, એટલામાં તેને મનમાં એમ સમજાવા લાગ્યું કે, ગુરુજીના ઉપદેશનો અર્થ "દેહ એજ આત્મા" છે, એવો તો ન હોય! દેહના કરતાં કોઇ શ્રેષ્ઠ પદાર્થ હશે. આવું વિચારીને તે ગુરુ પાસે ગયો અને બોલ્યો: "ગુરુદેવ! શરીર એજ આત્મા છે, એવું શું આપના ઉપદેશનું તાત્પર્ય છે? એમ હોઈજ કેમ શકે? શરીર તો બધાંએ નાશ પામે છે અને આત્મા તો અવિનાશી કહેવાય છે." ગુરુએ કહ્યું: "तत्त्वमसि" (તુંજ તે છે) એનું રહસ્ય તારી મેળેજ શોધી કાઢ. વળી તે શિષ્ય ઘેર જઇને વિચાર કરવા લાગ્યો કે, "શરીરની અંદર જે પ્રાણ રહેલો છે તેને ઉદ્દેશીને ગુરુજીએ ઉપરોક્ત બોધ આપ્યો હશે; પણ અવલોકન અને વિચારથી તેને સમજાઈ ગયું કે, આહાર લેવાથી પ્રાણ બળવાન થાય છે અને ઉપવાસ કરવાથી તે દુર્બળ થઈ જાય છે. વળી પાછો તે ગુરુ પાસે ગયો અને પૂછવા લાગ્યો કે, "ગુરુદેવ! આપ શું પ્રાણને આત્મા માનો છો?" ગુરુજીએ જવાબ આપ્યો: "तत्त्वमसि–એનું રહસ્ય તારી મેળેજ શોધી કાઢ." પછી તે વિચારશીલ શિષ્ય ઘેર ગયો

અને વિચાર કરવા લાગ્યો કે "મન એજ આત્મા હશે." પણ થોડાજ દિવસમાં તેને ખબર પડી ગઇ કે, મનોવૃત્તિ તો અનેક પ્રકારની છે. કોઈ વાર મનમાં પવિત્ર વિચારો ઉદ્ભવે છે, તો કોઇ વાર અપવિત્ર વિચારો પણ આવી જાય છે. આટલું બધું અસ્થિર વૃત્તિવાળું મન તે કદી આત્મા હોઇ શકેજ નહિ. તે ત્રીજી વાર ગુરુ પાસે જઇને પૂછવા લાગ્યો કે, " મન એજ આત્મા છે, એ વાત તો મારાથી માની શકાતી નથી. શું આપનો ઉપદેશ એવો છે?" ગુરુએ જવાબ દીધો: " तत्त्वमसि—એનું રહસ્ય તારી મેળેજ શોધી કાઢ." વળી પાછો તે શિષ્ય ઘેર ગયો અને વિચાર કરતાં તેને સત્યજ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઇ કે, " હું તમામ મનોવૃત્તિથી પર આત્મા છું; હું એક અદ્વિતીય છું; મારે જન્મ-મરણ નથી; મને શસ્ત્રો છેદી શકતાં નથી; મને વાયુ શોષી શકતો નથી; મને પાણી ભીંજવી શકતું નથી. હું અનાદિ, જન્મરહિત અચળ, અસ્પૃશ્ય, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પુરુષ—આત્મા છું. આત્મા શરીર નથી, મન નથી, પ્રાણ નથી. આત્મા એ સર્વથી પર છે." આ પ્રમાણે તે દેવને જ્ઞાનની પ્રાપ્તિ થઇ અને જ્ઞાનમાંથી ઉદ્ભવતા આનંદનો ઉપભોગ કરી તે પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. પેલા અસુરને લેશમાત્ર પણ જ્ઞાન થયું નહિ; કારણ-કે તેને પોતાના દેહમાં અત્યંત આસક્તિ બંધાઇ ગઇ હતી. એ અસુરના જેવીજ પ્રકૃતિના ઘણા માણસો જોવામાં આવે છે પણ દેવતાના જેવી પ્રકૃતિવાળાં મનુષ્યો નથી એમ તો નથીજ. જો કોઇ એમ કહેવા તૈયાર થાય કે, " આવો, હું તમને એવો ઇલમ શીખવી દઉં કે ઇન્દ્રિયસુખ ભોગવવાનાં તમારાં સાધન અને શક્તિ અનંતગણાં વધી જાય," તો હજારો લોકો તેની પાસેથી ઇલમ શીખી લેવાને પડાપડી કરશે; પણ આત્મજ્ઞાન જે મનુષ્યજીવનનું પરમ લક્ષ્ય છે, તે વિષેનો ઉપદેશ સાંભળવા

ભાગ્યેજ કોઇ આવશે. ઉચ્ચ તત્ત્વજ્ઞાનને બુદ્ધિથી સમજી લેવા જેટલી શક્તિ ઘણા થોડા માણસોમાં હોય છે અને તેનો સાક્ષાત્કાર કરવાની યોગ્યતા તો તેથીયે થોડા માણસોમાં હોય છે. આમ છતાં દુનિયામાં એવા પણ ઉચ્ચ કોટીના આત્માઓ છે કે જેઓ નિશ્ચયપૂર્વક માને છે કે, મનુષ્યજીવન હજાર વર્ષનું હોય કે લાખ વર્ષ સુધી લંબાય, તોપણ અંતમાં તો તેનું એકજ પરિણામ આવે છે. જે જે શક્તિઓને આધારે દેહ ટકી રહ્યો છે તે ખસી જતાં તેનું પતન થયા વગર રહેવાનુંજ નથી. પોતાના શરીરને પરિવર્તન પામતું એક ક્ષણ પણ અટકાવી શકે એવો કોઇ મનુષ્ય આજ સુધી પેદા થયો નથી. શરીર એટલે ચોક્કસ નિયમ પ્રમાણે ફેરફારને પામતા પરમાણુઓનો સમૂહ. નદીના દૃષ્ટાંતથી આ બાબત ઘણીજ સારી રીતે સમજાઇ જાય છે. તમે તમારી સામે એક નદીનો વિસ્તૃત જળસમૂહ જોઇ રહ્યા છો. એ જળસમૂહ એક પળ વારમાં ચાલ્યો જાય છે અને તેની જગ્યાએ બીજો જળસમૂહ આવીને ઊભો રહે છે. તેજ પ્રમાણે શરીરમાં પણ ક્રમે ક્રમે પરિવર્તન થયાજ કરે છે આ પ્રમાણે શરીર એ જો કે પરિવર્તનશીલ છે, તોપણ તેને સ્વસ્થ અને બળવાન રાખવું એ મનુષ્યનો ધર્મ છે; કારણકે એની મદદથીજ આપણે જ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે. એ સિવાય બીજો કોઇ ઉપાય નથી.

અખિલ વિશ્વમાં અન્ય સર્વ દેહો કરતાં માનવદેહ સર્વોત્કૃષ્ટ છે. સમગ્ર પ્રાણીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. મનુષ્ય આખી સૃષ્ટિના મુગટ તુલ્ય છે. દેવો કરતાં પણ તેની પદવી ઊંચી છે. દેવતાઓને પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિને માટે માનવશરીર ધારણ કરવું પડે છે. મનુષ્ય એકલોજ જ્ઞાનનો અધિકારી છે. દેવતાઓ પણ એ અધિકાર—રહિત ગણાય છે. યહુદી અને મુસલમાન વગેરેનાં શાસ્ત્રમાં તો એવી કથા છે કે, ઇશ્વરે ફિરસ્તાઓની અને આખી

સૃષ્ટિની રચના કર્યા પછી છેવટે મનુષ્યને પેદા કર્યો. પછી ફિરસ્તાઓને આજ્ઞા કરી કે, "તમે બધા એ મનુષ્યને વંદન કરો." બધા ફિરસ્તાઓએ મનુષ્યને વંદન કર્યું; એકલા ઇબ્લિસે ના પાડી, તેથી તેને ઇશ્વરે શાપિત કર્યો અને સ્વર્ગમાંથી બહિષ્કૃત કર્યો. તે ઉપરથી તે શયતાન કહેવાયો. આ દંતકથાની અંદર એક ગૂઢ સત્ય રહેલું છે. તે એ છે કે, આખી સૃષ્ટિમાં મનુષ્યજન્મ સૌથી શ્રેષ્ઠ છે. પશુપક્ષી આદિ પ્રાણીઓની રચના તમોગુણમાંથી થયેલી હોવાથી તેમની બુદ્ધિ અતિ સ્થૂળ છે. તેઓ કદી પણ ઉચ્ચ વિચાર કરી શકતાં નથી. મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિનો સામાન્ય રીતે વિચાર કરતાં અતિશય સમૃદ્ધિ અને અતિશય દારિદ્રય એ બેઉ ઉન્નતિના માર્ગમાં બાધક છે. જગતમાં જે જે મહાત્માપુરુષો થઇ ગયા છે, તેમાંના ઘણાખરા મધ્યમ વર્ગમાં જન્મ્યા હોય છે; કેમકે મધ્યમ વર્ગમાં સર્વશક્તિઓ સમતોલપણે વહેંચાયેલી હોય છે.

હવે પાછા આપણે મૂળ વિષય ઉપર આવી જઇએ. નાડીઓની શુદ્ધિ કર્યા પછી સાધકને પ્રાણાયામ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પ્રાણાયામ સંબંધી હવે આપણે કાંઇક વિચાર કરીએ. ચિત્તવૃત્તિના નિરોધ સાથે પ્રાણાયામનો કેવો સંબંધ છે તે સમજી લેજો. દરેક એન્જિનમાં એક મોટું ચક્ર હોય છે. તે પ્રથમ ગતિમાં આવે છે અને તે પછી તે બીજાં બધાં ચક્રોને ગતિમાં મૂકી તેમનું નિયમન કરે છે. એ ચક્રને ચાલકચક્ર કહે છે. શ્વાસપ્રશ્વાસ એ દેહયંત્રમાંનું ચાલકચક્ર છે. શ્વાસપ્રશ્વાસ વડે શરીરનાં તમામ સ્થાનોમાં જ્યાં જેટલી શક્તિ જોઇએ ત્યાં તેટલી શક્તિ કામે લાગે છે અને તેનું નિયમન થાય છે. એ ઉપરથી હવે તમને સમજાશે કે, એ શ્વાસપ્રશ્વાસને કાબૂમાં લાવવાથી શરીરનાં બીજાં યંત્રો પણ આપોઆપ કાબૂમાં આવી જાય છે.

કોઈ એક રાજાનો પ્રધાન હતો. અમુક કારણસર રાજાની તેના ઉપર ઇતરાજી થઇ. રાજાએ તેને કિલ્લાની ઊંચામાં ઊંચી ઓરડીમાં કેદ રાખવાનો હુકમ કર્યો. તે હુકમનું તત્કાળ પાલન થયું અને પ્રધાન બિચારો બંદીવાન બનીને મૃત્યુની વાટ જોવા લાગ્યો. તેની સ્ત્રી ઘણીજ પતિપરાયણ હતી. તે પોતાના ધણીની વિપત્તિની વાત સાંભળીને રાત્રે પેલા ઓરડાની દીવાલ આગળ આવી ઊભી અને બોલીઃ "હું તમને કેદખાનામાંથી શી રીતે છોડાવું, તે મને બતાવો." પ્રધાને બારી બહાર ડોકું કાઢી કહ્યુંઃ "તું કાલે રાત્રે પાછી અહીં આવજે અને સાથે લાંબું મજબૂત દોરડું, સૂતળીનો દડો, રેશમી દોરો, થોડો સીવવાનો ઝીણો દોરો, એક વાંદો અને થોડુંક મધ લેતી આવજે." આ વાત સાંભળી તે સ્ત્રીને બહુ નવાઈ લાગી. તોપણ પોતાના પતિએ મંગાવેલી બધી વસ્તુઓ સહિત બીજે દિવસે તે ત્યાં હાજર થઈ. પ્રધાને કહ્યુંઃ "રેશમી દોરો વાંદાના શરીર સાથે બાંધ; તેના કપાળ પર મધનું એક ટપકું કર અને તેનું મોં બારી તરફ રાખીને તેને ભીંત પર છૂટો મૂકી દે." તેણે એ પ્રમાણે કર્યું એટલે મધની વાસથી લલચાઇને પેલું જીવડું ઉપર ને ઉપર જવા લાગ્યું. બારી આગળ આવી પહોંચતાંજ પ્રધાને તે વાંદાને પકડી લીધો એટલે તેના હાથમાં રેશમનો દોરો આવી ગયો. પછી તેણે પોતાની સ્ત્રીને કહ્યુંઃ "રેશમના દોરાને નીચલે છેડે હવે સૂતળીનો દોરો બાંધ." તેણે તેમ કર્યું એટલે પ્રધાને તેને ખેંચીને એક છેડો પોતાના હાથમાં પકડી રાખ્યો. તે સૂતળી વડે પછી મજબૂત દોરડાનો છેડો પણ તેના હાથમાં આવ્યો, જે પકડીને તે ઘણી સહેલાઈથી નીચે ઊતરીને નાસી ગયો.

આપણા શરીરની અંદર શ્વાસપ્રશ્વાસની ગતિ એ ઝીણા રેશમના દોરાની જગ્યાએ છે. એ હાથમાં આવતાં તેની મદદથી

નાડીઓની મારફતે વહન કરતો સૂતળીરૂપી એક પ્રકારનો શક્તિ-પ્રવાહ આપણા કાબૂમાં આવી જાય છે અને તેના વડે મનરૂપી મજબૂત દોરડું પકડીને તેની સહાયતા વડે આપણે મુક્તિની પ્રાપ્તિ કરી શકીએ છીએ.

આપણે આપણા શરીરયંત્રની રચના વિષે બહુજ અલ્પ જ્ઞાન ધરાવીએ છીએ અને જ્ઞાન મેળવવાની જે પદ્ધતિ અત્યારે ચાલુ છે, તે જોતાં એ જ્ઞાન મેળવાવાનો સંભવ પણ નથી. બહુ તો આપણે એકાદ શબને ચીરી જોઇને તેની અંદર રહેલા જડ અવયવોનું અવલોકન કરી શકીએ. કેટલાક જીવતાં પ્રાણીને ચીરીને પણ તેના અવયવોની રચનાનું નિરીક્ષણ કરે છે; તેથી કાંઈ આપણા શરીરની અંદરની રચનાનું ખરૂં જ્ઞાન મળતું નથી. આપણા શરીરમાં ચાલતાં યંત્રો વિષે આપણને કાંઈજ જ્ઞાન નથી; તેનું કારણ એ છે કે, શરીરની અંદર ચાલી રહેલી અતિ સૂક્ષ્મ હિલચાલોનો આપણે અનુભવ કરી શકીએ તેટલા પૂરતી મનની એકાગ્રતા આપણે કરી શકતા નથી. આ કાર્યમાં માનસિક નિરીક્ષણશક્તિની બહુ જરૂર છે. મનને એટલી તાલીમ આપ્યા વગર શરીરનાં અત્યંત ગૂઢ અવયવોમાં તે પેસી શકતું નથી; માત્ર જડ પદાર્થોનોજ લાંબા વખત સુધી અભ્યાસ કરવાની આપણને ટેવ પડેલી હોવાથી આપણા મનમાં પણ ઘણી જડતા આવી ગયેલી છે. તેને ફરીથી ચૈતન્યરૂપ બનાવી દેવું, એ આપણું પહેલું કામ છે. સૂક્ષ્મ અનુભવો ઝીલવાની યોગ્યતા મેળવવા માટે પ્રથમ સ્થૂળ લાગણીઓના અનુભવથી શરૂઆત કરવી ઘટે છે. જે બળવાન ચાલનચક્રના જોરથી આપણા શરીરરૂપી આખું એન્જિન ગતિમાં આવી જાય છે, તે પ્રાણને કાબૂમાં લાવવો એ આપણું અંતિમ લક્ષ્ય હોવું જોઇએ. પ્રાણ તો અત્યંત સૂક્ષ્મ પદાર્થ છે. શ્વાસપ્રશ્વાસ તો તેનું પ્રત્યક્ષ અથવા જડ સ્વરૂપજ છે. એ જડ શ્વાસપ્રશ્વાસનું નિયમન

કરવાથી પ્રાણને કાબૂમાં લાવવાનું કામ પણ ઘણું સહેલું થઈ જાય છે. શ્વાસનું યોગ્ય રીતે નિયમન કરવાથી મનને ચેતના મળે છે અને તેથી કરીને તે શરીરના અત્યંત ગૂઢ ભાગમાં પ્રવેશ કરવાને માટે યોગ્ય બનવાને લીધે શરીરની અંદર ચાલી રહેલી સૂક્ષ્મ ક્રિયાઓ તથા જ્ઞાનતંતુઓ મારફતે વહન કરતા શક્તિપ્રવાહ વિષે જ્ઞાન મેળવવાનું તેનામાં સામર્થ્ય આવી જાય છે. આપણે એ શક્તિપ્રવાહને જોઇએ અને અનુભવી શકીએ એટલે તેને કાબૂમાં લાવવાનું કાર્ય પણ સરળ થતું જાય છે. એ શક્તિપ્રવાહ આપણા કાબૂમાં આવી જતાં મન અને શરીર બેઉ આપણને સર્વાંશે આધીન બની જાય છે–આપણી દરેક આજ્ઞા પ્રમાણે અમલ કરે છે. જ્ઞાન એ શક્તિસ્વરૂપ છે. એ શક્તિ પ્રાપ્ત કરવી એ આપણો ઉદ્દેશ છે. અત્યારે તો આપણે મન અને શરીરના તાબેદાર છીએ; પણ શ્વાસદ્વારા નાડીઓ, નાડીઓદ્વારા મન અને મનદ્વારા શરીર આપણા તાબામાં આવી જતાં આપણે નોકર મટીને માલિક બનીએ છીએ અને જે આપણા માલિક હતા તે નોકર બની જાય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આપણે પહેલા પગથિયાથીજ શરૂઆત કરવી જોઇએ. પ્રાણાયામ એ પહેલું પગથિયું છે. એ બહુ લંબાણથી ચર્ચવા જેવો વિષય છે. એ સંપૂર્ણ રીતે સમજાવવા માટે એના ઉપરજ થોડાંક વ્યાખ્યાન આપવાં પડશે સરળતા માટે હું એ વિષયનાં પ્રત્યેક અંગ છૂટાંછૂટાં સમજાવવાનો પ્રયત્ન કરીશ.

પ્રાણાયામમાં જે જે ક્રિયાઓનો સમાવેશ થાય છે, તે પ્રત્યેકનું સ્વરૂપ, હેતુ તથા અંતઃસૃષ્ટિમાં તે શી શી અસર નિપજાવે છે, તે કઇ કઇ શક્તિઓને ગતિ આપે છે, તે બધાનો વિચાર કરવાની જરૂર છે. એ બધું ધીમે ધીમે સમજાઇ જશે, પણ સમજ્યા પછીથી નિરંતર સાધના કરવાની આવશ્યકતા રહે છે. હું જે કાંઈ તમને કહું છું, તેની સત્યાસત્યતાની સાબિ-

તી માત્ર સાધનાદ્વારાજ તમને મળી શકે તેમ છે. તમને પોતાને જ્યાંસુધી તેની પ્રતીતિ ન થાય, ત્યાંસુધી તમારો વિશ્વાસ પણ દૃઢ નજ હોય. તમને અપરોક્ષ અનુભવ ન મળે, ત્યાંસુધી હું તમને ગમે તેટલું યુક્તિપ્રયુક્તિથી સમજાવું, તોપણ તે વ્યર્થજ છે. જ્યારે તમને દેહની અંદરના શક્તિપ્રવાહની ગતિનો સ્પષ્ટ અનુભવ થશે, ત્યારે તમારા સંશયમાત્ર ટળી જશે; પણ એનો અનુભવ કરવાની યોગ્યતા મેળવવા માટે રોજ સખ્ત અભ્યાસ અને સાધનાની જરૂર છે. ઓછામાં ઓછો રોજ બે વાર તો આ ક્રિયાનો અભ્યાસ થવોજ જોઇએ; અને તેને માટે યોગ્ય સમય પ્રાતઃકાળ અને સાયંકાળનો છે. રાત્રિનું અવસાન થઈ દિવસના પ્રકાશની શરૂઆત થતી હોય અને દિવસ પૂરો થતાં જગતના ઉપર રાત્રિનો પડદો પડતો હોય, એ બેઉ પ્રસંગે સમસ્ત પ્રકૃતિ હમેશના કરતાં વિશેષ શાંતભાવ ધારણ કરે છે. સવારમાં અરુણોદય વેળા તથા સૂર્યાસ્ત થવાની તૈયારી હોય–સૂર્યની રાતી પ્રભા પશ્ચિમાકાશમાંથી અદૃશ્ય ન થઈ હોય, તે વખતે આ ક્રિયાનો અભ્યાસ કરવાની જરૂર છે. એ સમયે આખી સૃષ્ટિમાં શાંતિ પથરાઇ ગયેલી હોવાથી તમારા શરીર અને મન ઉપર પણ એ શાંતિની અસર થયેલી હોય છે. જે વખતે શાંતિ વિનાપ્રયાસે મળી શકે છે, કુદરત જે વખતે આ ક્રિયાના સાધન માટે અનુકૂળ હોય છે, તે વખતે તેનો લાભ લઈ લેવો જોઇએ. સાધન કર્યા વગર ભોજન ન લેવું, એવો નિયમ રાખવાથી ક્ષુધા પોતેજ તમારી આળસને હાંકી કાઢશે. અમારા દેશમાં તો એવો રિવાજજ છે કે, સ્નાન, સંધ્યા વગેરે કર્યા વગર ખવાયજ નહિ. બાળકોને પહેલેથીજ તેમનાં માબાપ એ બાબતની શિખામણ અને કેળવણી આપતાં રહે છે; એટલે પછી તેમને એ સ્વાભાવિકજ

થઈ જાય છે; તે એટલે સુધી કે સ્નાન, સંધ્યા વગેરે સાધન કર્યા વગર ઘણાને તો જમવાની વૃત્તિ પણ થતી નથી.

તમારામાંના જેમનાથી બની શકે તેમણે સાધન કરવા માટે એક અલગ ઓરડો પસંદ કરવો અને તે જગ્યા ઘણીજ પવિત્ર રાખવી. તેમાં કદી સૂવું તો નહિજ. તે ઓરડામાં સાધનભજન સિવાય બીજું કાંઇ પણ કામ કરવું નહિ. નવરાશના વખતમાં વાતોના તડાકા મારવા માટે તેનો ઉપયોગ નજ થાય. સ્નાન કરી શરીરને શુદ્ધ કર્યા વગર તથા મનને શાંત અને પવિત્ર કર્યા વગર એ ઓરડામાં પ્રવેશ પણ ન કરવો. બની શકે તો ત્યાં રોજ તાજાં સુવાસિત પુષ્પો મૂકી રાખવાં, યોગાભ્યાસને માટે પુષ્પ બહુજ ઉપકારક વસ્તુ છે. દેવોનાં તથા સાધુપુરુષોનાં ચિત્રો ભીંત પર ટાંગી રાખવાં. સવારસાંજ બેઉ વખત ત્યાં ધૂપ કરવો. ત્યાં કદી ગાળાગાળી કરવી નહિ, એટલુંજ નહિ પણ અપવિત્ર વિચાર સરખો પણ મનમાં આવવા દેવો નહિ. આપણા વિચાર સાથે જેમનું સામ્ય હોય એવાં માણસો સિવાય બીજા કોઇને એ ઓરડામાં દાખલ કરવાં નહિ. ખાસ કરીને જેઓ યોગાભ્યાસની મશ્કરી કરતા હોય તેવાઓનો તો ત્યાં પગ પણ જોઇએ નહિ. આ નિયમોનું પાલન કર્યાથી થોડાજ દિવસમાં તે ઓરડાનું વાતાવરણ એવું તો પવિત્ર થઇ જશે કે, તમને પોતાને તેની ખાતરી થયા વિના નહિ રહે. તમારૂં મન કોઇ વેળા ક્લેશથી વ્યાકુળ બની ગયું હોય, મગજ ઊકળી ગયું હોય, હૃદય વ્યગ્ર થઇ ગયું હોય, મનમાં કોઈ સંશય ગૂંચવાયા કરતો હોય, પણ તે ઓરડાના પવિત્ર, શાંતિદાયક વાતાવરણમાં દાખલ થતાંજ તમને ચિત્તની પ્રસન્નતા અને શાંતિનો અનુભવ થવા માંડશે. દેવળની રચના કરવાનો મૂળ હેતુ આજ છે. કેટલાંક દેવળો

હજી પણ અસલની પવિત્રતા જાળવી રહ્યાં છે. ત્યાં દાખલ થતાંજ તમારા મનની વ્યગ્રતા ટળી જાય છે. પણ ઘણેખરે ઠેકાણે તો આ ઉદ્દેશનું લોકોને વિસ્મરણ થઈ ગયું છે. આવો ઓરડો રાખવાનું જેમનાથી ન બની શકે, તેમણે નાહિંમત થવાનું કાંઇ કારણ નથી. તેમણે પોતાની સગવડ પ્રમાણે મરજીમાં આવે ત્યાં બેસીને સાધન કરવું.

આવા પ્રકારની બને તેટલી તૈયારી કર્યા પછી સાધન કરવાની જગ્યાએ એક આસન પર હમણાં કહેવામાં આવ્યું તે પ્રમાણે કરોડ ટટાર રાખી, માથું, ડોક અને છાતી સીધી લીટીમાં રાખી, સ્વસ્થ ચિત્તે બેસવું. પછી મનને શાંત કરીને આખી સૃષ્ટિમાં સર્વત્ર શાંતિ અને આનંદ પ્રવર્તી રહો, એવા પવિત્ર વિચારનો પ્રવાહ તમારા મગજમાંથી વહેવડાવવો. બધા માણસો સુખી થાઓ, સર્વને શાંતિ મળો, સૌની આપદાઓ ટળી જાઓ એવી મનમાં ભાવના કરો અને તેને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારે દિશાએ પ્રેરો. આ ભાવનામાં તમે જેમ જેમ તરબોળ થતા જશો, તેમ તેમ તમને સુખનો વિશેષ અનુભવ થવા લાગશે. બીજા સુખી થાઓ એવી ભાવના કેવી કલ્યાણકારક છે, તેનો તમને અનુભવ થશે. બધા શરીરે બળવાન થાઓ એવી ભાવના તમારા પોતાના શરીરને સ્વસ્થ રાખશે. બધા સુખી થાઓ એવી દૃઢ ઇચ્છાથી તમે પોતે સુખી થશો.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात्॥

એવી પ્રાર્થના સાધુપુરુષો હમેશાં કરતા રહે છે. તેનું આજ કારણ છે. જેઓ ઇશ્વરના અસ્તિત્વને માનતા હોય, તેમણે જ્ઞાન અને સત્યના પ્રકાશને માટે તેની પ્રાર્થના કરવી. પ્રાર્થનામાં કોઈ

પણ વિનાશી પદાર્થને માટે માગણી કદી પણ ન કરવી; કેમકે તેવી માગણી અજ્ઞાનમૂલક અને સ્વાર્થી છે. આટલું કર્યા પછી તમારા પોતાના દેહનો વિચાર કરો. તે નીરોગી છે, બળવાન છે, વજ્ર જેવો દૃઢ છે, એવી કલ્પના કરો. તમે કલ્પો છો તેવો તે થતો જાય છે એવી દૃઢ ભાવના કરો. તેવા શરીરની મૂર્તિ તમારા મન આગળ ખડી કરો અને તેમાં થોડી વાર સુધી તન્મય થઈ જાઓ. સંસાર-સાગરને તરી જવાને માટે શરીર એ અગત્યનું સાધન છે, એવો વિચાર કરો અને તમારી નિર્બળતાને ફેંકી દો. નિર્બળ મનુષ્ય કદી પણ મુક્તિ નહિ મેળવી શકે. શરીરને કહો કે, "તું બળવાન છે." તમારા મનને કહો કે, "તું દૃઢ છે. મારા શરીર અને મન ઉપર કોઈ પણ વ્યાધિ કે નિર્બળતાનો અધિકાર નથી." એવી ભાવના કરશો એટલે તમારો આત્મવિશ્વાસ સતેજ થશે.



अध्याय ३ जो–प्राण

ઘણા લોકોના મનમાં એવો ભૂલભરેલો ખ્યાલ છે કે, પ્રાણાયામ એટલે શ્વાસોચ્છ્વાસને લગતી અમુક ક્રિયા; પરંતુ શ્વાસોચ્છ્વાસને પ્રાણાયામ સાથે ઘણોજ થોડો સંબંધ છે. ખરેખરો પ્રાણાયામ કરવાની યોગ્યતા મેળવવા માટે જે વિવિધ પ્રકારની ક્રિયાઓનો અભ્યાસ કરવો પડે છે, તેમાંની એક શ્વાસપ્રશ્વાસની ક્રિયા છે. એમ હોવાથી ખરા પ્રાણાયામ સાથે તેનો અધિક સંબંધ નથી. પ્રાણાયામ એટલે પ્રાણનું નિયમન.

આર્યતત્ત્વજ્ઞ પંડિતોનો એવો અભિપ્રાય છે કે, આખા વિશ્વમાં માત્ર બેજ મૂળતત્ત્વો છે અને તે બેનુંજ જગત બનેલું છે. એમાંનું એક મૂળતત્ત્વ આકાશ છે. આકાશ સર્વવ્યાપી અને સર્વ પદાર્થાન્તર્ગત છે. જ્યાં આકાશ ન હોય એવું કોઇ સ્થળ જગતમાં નથી. જે જે સાકાર પદાર્થો જગતમાં છે અને જે અનેક પદાર્થોના મિશ્રણથી અથવા પુનર્મિશ્રણથી જે જે પદાર્થો બનેલા છે, તે સર્વે આકાશતત્ત્વમાંથીજ આવિર્ભાવ પામ્યા છે. હવા, સૂર્ય, ચંદ્ર, તારા અને ધૂમકેતુ એ સર્વ આકાશમાંથીજ પેદા થયા છે. એજ આકાશમાંથી વાયુ બને છે, તેમાંથીજ પ્રવાહી પદાર્થો બને છે અને તેમાંથીજ ઘન પદાર્થો પણ ઉત્પન્ન થાય છે. આકાશેજ પ્રત્યેક પદાર્થનું રૂપ ધારણ કરેલું છે. મનુષ્ય, પશુ, પક્ષી, વનસ્પતિ તથા જે જે સાકાર પદાર્થો આપણે નેત્ર વડે

જોઇ શકીએ છીએ અથવા ઇંદ્રિયોદ્વારા જેમનું આપણને જ્ઞાન થાય છે, સારાંશમાં જેમને અસ્તિત્વ છે એમ આપણે માનીએ છીએ, તે સર્વ આકાશનાંજ રૂપાંતરો છે. આકાશની વ્યાપકતા આટલી મોટી હોવા છતાં ઇંદ્રિયગોચર નથી. તે એવો વિરલ અને સૂક્ષ્મ પદાર્થ છે કે, કોઇ પણ પ્રકારના સાધનથી તે જોઇ શકાતો નથી. જ્યારે તે વ્યક્ત થાય છે એટલે જડરૂપ ધારણ કરે છે, ત્યારેજ તે નજરે પડે છે. 'કલ્પ' ના આરંભમાં એક માત્ર આકાશ હતું; 'કલ્પ'ના અંતમાં જ્યારે સર્વ દૃશ્ય પદાર્થો તેમના મૂળરૂપમાં લય પામી જશે. ત્યારે પાછું એકલું આકાશજ અવશિષ્ટ રહેશે અને વળી પાછો જ્યારે નવો 'કલ્પ' શરૂ થશે, ત્યારે એજ આકાશ અગાઉના ક્રમમાં વ્યક્ત થશે.

આ પ્રમાણે આકાશ અત્યંત વિરલ અને અદૃશ્ય પદાર્થ હોવા છતાં તે પણ જડ છે. હવે ત્યારે કયી શક્તિના પ્રભાવે કરીને એ આકાશ જગતરૂપે પરિણામ પામ્યું હશે ? એ કાર્ય કરનાર એક બીજું મૂળતત્ત્વ છે અને તેને 'પ્રાણ' કહે છે. પ્રાણનો આકાશ સાથે સંયોગ થવાથી આકાશે વ્યક્ત રૂપ ધારણ કર્યું એટલે દૃશ્ય સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. જેવી રીતે આકાશ જગતનો કારણભૂત, અનંત, સર્વવ્યાપી મૂળ પદાર્થ છે; તેવીજ રીતે પ્રાણ પણ જગતની ઉત્પત્તિમાં કારણભૂત, અનંત, સર્વવ્યાપી અને વિકાસ શક્તિ છે 'કલ્પ'ના અંતમાં તેમજ નવા 'કલ્પ'ના આરંભ પહેલાં સર્વ દૃશ્ય પદાર્થો જેમ આકાશતત્ત્વમાં લય પામી જાય છે, તેમ જગતમાં દૃશ્યમાન થતી સર્વ શક્તિઓ તે સમયે તેના મૂળ સ્વરૂપમાં એટલે પ્રાણમાં લીન થઇ જાય છે. નવો 'કલ્પ' શરૂ થતાં. જેને જેને આપણે શક્તિ કહીએ છીએ, તે પાછી એ પ્રાણના અનંત ભંડારમાંથી વ્યક્ત થવા માંડે છે. પદાર્થમાત્રમાં રહેલી ગુરુત્વાકર્ષણશક્તિ, લોહચુંબકમાં રહેલી ચુંબકાકર્ષણશક્તિ એ બધી શક્તિઓ

પ્રાણનાંજ વ્યક્ત સ્વરૂપ છે; તેજ પ્રમાણે શરીરની નાડીઓ તથા ચક્રોમાં વ્યાપી રહેલો શક્તિપ્રવાહ, તેમજ સંકલ્પમાં રહેલું બળ એ પણ પ્રાણનાંજ વ્યક્ત સ્વરૂપ છે. આપણા પગની આંગળીએ કોઇ પણ પ્રાણી કરડે, તેની આપણા મગજને તરતજ ખબર થઈ જાય છે. આખા શરીરમાં જ્ઞાનતંતુઓની જાળ પથરાયેલી છે. મગજને ખબર પહોંચાડવી અને મગજનો હુકમ શરીરના અવયવોને પહોંચાડવો, એ કામ જ્ઞાનતંતુનું છે. જ્ઞાનતંતુ આકાશી તત્ત્વના બનેલા હોવાથી તેમાં વ્યાપી રહેલી શક્તિ પ્રાણમાંથી ઉત્પન્ન થયેલી હોવી જોઇએ. જેવી રીતે આકાશે અનેકવિધ સર્વ દૃશ્ય પદાર્થોનું રૂપ ધારણ કર્યું છે, તેવી રીતે પ્રાણે અનેક પ્રકારની સર્વ શક્તિઓનાં રૂપ ધારણ કર્યાં છે. વિચારશક્તિથી માંડીને જગતમાં જણાતી અતિ સામાન્ય દૈહિકશક્તિ પર્યંતની તમામ શક્તિઓ એ કેવળ પ્રાણનોજ વિકાસ છે. આખા જગતની માનસિક, સૂક્ષ્મ અને સ્થૂળ શક્તિઓનો સમૂહ તેના જે અસલ અવ્યક્ત સ્વરૂપમાંથી ઉદ્ભવે છે અને પ્રલયકાળે જેમાં લય પામી જાય છે, તેનું નામ પ્રાણ કહેવાય છે. "જે વખતે અસ્તિ–ભાતિ એટલે સૃષ્ટિનું દૃશ્ય સ્વરૂપ ન હતું, જે વેળા સર્વત્ર ગાઢ અંધકાર પથરાયેલો હતો, તે વખતે એકલું આકાશજ અસ્તિત્વમાં હતું અને તે આકાશ ગતિરહિત હતું." તે વખતે પ્રાણની બાહ્યગતિનો અવરોધ થયેલો હોવાથી તે અવ્યક્ત હતો, પણ તેનું અસ્તિત્વ તો હતુંજ. આધુનિક વિજ્ઞાન પણ એમજ કહે છે કે, જગતમાં જે જે શક્તિઓ છે તેનો કુલ સરવાળો તો તેનો તેજ રહે છે. માત્ર સૃષ્ટિના અંત વખતે તે નિષ્ક્રિયરૂપે રહે છે, અવ્યક્ત થાય છે અને ફરીથી સૃષ્ટિનો આરંભ થતાં એની એજ શક્તિ પાછી સક્રિય–વ્યક્ત બની જાય છે શક્તિ વ્યક્ત થતાંજ આકાશ ઉપર કામ કરવા લાગે છે. શક્તિ અને આકાશનો સંયોગ થતાં આખી સૃષ્ટિ પાછી પોતાના

અનંત રૂપમાં વિલસવા લાગે છે. ટૂંકમાં કહેવાનું એજ છે કે, પદાર્થમાત્રમાં જે જડ ભાગ છે તે આકાશ છે અને શક્તિનો ભાગ છે તે પ્રાણ છે એ પ્રાણનું ખરૂં તત્ત્વ જાણીને તેની તમામ હિલચાલોને કાબૂમાં લાવવી એનું નામ પ્રાણાયામ છે.

પ્રાણ સર્વ પ્રકારના સામર્થ્યનું અધિષ્ઠાન હોવાથી પ્રાણાયામ સિદ્ધ થતાંની સાથે અનંતશક્તિના ભંડારના દરવાજા ઊઘડી જાય છે. ધારો કે, કોઇ માણસને પ્રાણતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન થઇ જાય અને તે તેના ઉપર પોતાની સત્તા સંપૂર્ણ રીતે સ્થાપિત કરે, તો પછી જગતમાં એવી કોઇ શક્તિ નથી કે જે તેના હાથમાં ન હોય. તેની મરજીમાં આવે તો ચંદ્ર અને સૂર્યને પણ લખોટાની માફક તેમની કક્ષામાંથી ખેંચી પાડે. અણુથી માંડીને મોટામાં મોટા સૂર્ય જેવા પ્રચંડ ગોળા સુધીની જગતની તમામ વસ્તુઓને તે પોતાની મરજી પ્રમાણે હલાવીચલાવી શકે. આમાં કશું આશ્ચર્ય નથી; કારણ-કે તેણે પ્રાણાયામ સિદ્ધ કરીને પ્રાણને તાબે કર્યો છે. યોગાભ્યાસ પૂર્ણ થાય એટલે યોગી આખા જગત ઉપર પોતાનું પ્રભુત્વ ચલાવી શકે છે. તેના સંકલ્પના બળથી મરેલાં જીવતાં થઇ શકે; દેવતાઓ અને પિતૃલોકવાસી જીવાત્માઓ તેનો હુકમ થતાંજ હાથ જોડીને તેની આગળ ખડા થઇ જાય. તમામ રિદ્ધિસિદ્ધિઓ તેની દાસીઓ બની જાય. પ્રકૃતિની સમગ્ર શક્તિઓનો તે સ્વામી થઇ જાય. યોગ-સિદ્ધિનો એકાદ દાખલો જયારે દુનિયામાં જોવામાં આવે છે, ત્યારે અજ્ઞાન માણસો તેને ચમત્કાર કહે છે; પરંતુ એમાં ચમત્કાર જેવું કાંઇ છેજ નહિ. એ ચમત્કાર સામાન્ય કોટીનાં મનુષ્યોની સમજમાં ન આવે, એવી કોઇ કુદરતની શક્તિ ઉપર મેળવેલા કાબૂનુંજ પરિણામ છે.

કોઇ પણ બાબતનું અંતિમ સારરૂપ તત્ત્વ શું છે, તે પ્રથમથીજ જાણી લેવાની ઉત્કટ ઇચ્છા, એ હિંદુ તત્ત્વજ્ઞોનું વિશિષ્ટ લક્ષણ મનાઇ ચૂકયું છે. તે ઝીણી ઝીણી વિગતની ઝાઝી પરવા રાખતા નથી, પણ એકદમ છેલ્લામાં છેલ્લા મૂળતત્ત્વનેજ શોધી કાઢવાનો પ્રયત્ન કરે છે. તે તત્ત્વ જ્યાંસુધી પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી વચગાળાના તબક્કાઓ ઉપર તેઓ થોભતા નથી. એક વાર છેવટનો સિદ્ધાંત જાણી લીધા પછીજ તેની વિગતો તરફ લક્ષ દોડાવે છે. વેદમાં એકનો એક પ્રશ્ન વારંવાર પૂછવામાં આવ્યો છે કે, "એવી કયી વસ્તુ છે કે જેને જાણ્યા પછી કશુંજ જાણવાનું બાકી રહે નહિ?" આ પ્રમાણે આપણા દેશનાં તમામ શાસ્ત્રો, તમામ દર્શનો તે એકજ વસ્તુને શોધવાનો પ્રયત્ન કરી રહ્યાં છે કે જેને જાણ્યા પછી બીજું કાંઇ પણ જાણવાનું બાકી રહે નહિ. જગત અનંત પદાર્થોથી ભરેલું છે. દરેક પદાર્થનો જુદોજુદો અભ્યાસ કરીને આખા જગતનું જ્ઞાન મેળવવાનો કોઇ પ્રયત્ન કરે, તો અનંત જન્મે પણ પાર આવે નહિ. એટલે એ રીતે તો જ્ઞાન મેળવવુંજ અશકય છે. ત્યારે શું સર્વજ્ઞ થવાનો કોઇ ઉપાયજ નહિ હોય? આ પ્રશ્નનો યોગવિદ્યા સંતોષકારક જવાબ આપે છે કે, અનંત–વિશેષરૂપે દૃશ્યમાન થતા જગતની અંદર એક સામાન્ય–નિર્વિશેષ તત્ત્વ રહેલું છે. અનંતરૂપે દેખાતી સમગ્ર શક્તિઓની અંદર, તેમજ અનંત વિચારપરંપરાઓની અંદર સર્વત્ર એકજ સામાન્ય શક્તિ, એકજ સામાન્ય તત્ત્વ રહેલું છે. એ એકને ઓળખવાની તજવીજ કરો. એ એકને જેણે ઓળખ્યો તેણે બધું જાણવાનું જાણી લીધું. દૃશ્યવિશ્વમાં અને કાર્યકારણની પરંપરાની અંદર જે એક કેવળ તત્ત્વ અથવા અસ્તિત્વ રહેલું છે, તે વેદોએ શોધી

કાઢ્યું છે. જેણે એ અસ્તિત્વના સ્વરૂપને જાણી લીધું, તેને આખા જગતનું જ્ઞાન થયું સમજવું. આ રીતે વિચાર કરતાં જગતમાં દેખાતી તમામ શક્તિઓને પ્રાણરૂપી સામાન્ય શક્તિમાં ફેરવી શકાય. એટલે જેણે પ્રાણને પોતાના કાબૂમાં આણ્યો, તેણે જગતની તમામ ભૌતિક અને આધ્યાત્મિક શક્તિઓને પોતાની કરી કહેવાય. તેણે પોતાનું મન અને પોતાનું શરીર તાબે કર્યું છે, એટલુંજ નહિ પણ સર્વનાં મન અને સર્વનાં શરીર આપોઆપ તેને તાબે થયાં છે; કારણકે પ્રાણ એજ સમગ્ર શક્તિઓની સમષ્ટિ છે.

હવે એ પ્રાણનું નિયમન કેવી રીતે કરવું, એ પ્રાણાયામના વિધિમાં બતાવવું રહ્યું. પ્રાણાયામમાં અનેક પ્રકારની ક્રિયાઓ અને સાધનપ્રણાલિઓનો સમાવેશ થાય છે, પણ તે સર્વનો ઉદ્દેશ તો એકજ છે કે, પ્રાણનું નિયમન કરવું. એનો આરંભ ક્યાંથી કરવો જોઈએ? દરેક જણે જે પદાર્થ પોતાની પાસેમાં પાસે હોય તેના ઉપર જય મેળવતાં શીખવું–એ તેના સાધન માર્ગનું પહેલું પગથિયું છે. બાહ્યજગતના બીજા કોઇ પણ પદાર્થો કરતાં આપણું પોતાનું શરીર ઘણુંજ નિકટનું કહેવાય અને આપણું મન તો વળી શરીરના કરતાં પણ વધારે નિકટનું છે. જે પ્રાણ આખા વિશ્વમાં વ્યાપી રહ્યો છે, તેજ પ્રાણ આપણા શરીરમાં પ્રવેશ કરીને શરીર અને મન બેઉની પાસે તેમનાં કાર્યો કરાવે છે. તે પ્રાણ તો મનના કરતાં પણ વિશેષ નિકટનો ગણાય. વિશ્વવ્યાપી પ્રાણનો ભંડાર એક અનંત સમુદ્ર તુલ્ય છે અને તેનો એક નાનો સરખો તરંગજ આપણા શરીરમાં દાખલ થયેલો છે. આ નાનકડા તરંગને જો આપણે તાબે કરી શકીએ, તો તેની મારફતે પ્રાણનો અનંત સમુદ્ર આપણા કાબૂમાં આવી શકે. જે યોગી પોતાના શરીરની અંદર રહેલા પ્રાણને જીતી લે તેની

યોગસિદ્ધિ પૂર્ણ થઈ સમજવી. તે સર્વશક્તિમાન બની ગયો એમાં કાંઇજ શક નથી. તેના ઉપર સત્તા ચલાવી શકે એવી કોઇ શક્તિ જગતમાં શોધી જડે એમ નથી. તે સર્વ શક્તિમાન અને સર્વજ્ઞ છે, એમ કહીએ તો ચાલે. દરેક દેશમાં પ્રાણને વશ કરવાનો જેમણે પ્રયત્ન કર્યો હોય; એવા અનેક સંપ્રદાયો જોવામાં આવે છે. તમારા દેશમાં (અમેરિકામાં) મનોબળથી વ્યાધિ મટાડનારા, શ્રદ્ધાથી આરોગ્યપ્રદાન કરનારા, પ્રેત–તત્ત્વની શોધ કરનારા, ખ્રિસ્તી વૈજ્ઞાનિકો, વશીકરણવિદ્યાને જાણનારાઓ વગેરે અનેક સંપ્રદાયો પોતપોતાની દિશામાં કામ કરી રહ્યા છે. એ દરેક સંપ્રદાયનાં મંતવ્ય અને ક્રિયાઓનું આપણે પૃથક્કરણ કરીએ, તો એ સર્વના મંતવ્યના મૂળમાં, જાણ્યેઅજાણ્યે પણ પ્રાણાયામનુંજ બળ રહેલું છે. તેઓ બધા અમુક શક્તિને આધારેજ પોતાનું ધારેલું કામ કરી શકે છે, પણ તેમને સફળતા અપાવનાર કયી શક્તિ છે, તે તેઓ જાણતા નથી. તેમના બધા સિદ્ધાંતોનો આપણે અર્ક નિચોવી કાઢીશું, તો તેમાં પ્રાણાયામનુંજ અસ્તિત્ત્વ માલૂમ પડશે; પણ કોઇને ઠોકર વાગતાં અકસ્માત એકાદ રત્ન હાથ આવી જાય, તેમ તેઓને અકસ્માત્ રીતે આ શક્તિનો કાંઈક ઉપયોગ આવડી ગયો છે અને તેનું ખરૂં તત્ત્વ જાણ્યા વગરજ તેની પરિચાલના કરીને તેઓ કેટલેક અંશે સફળતા મેળવે છે. યોગવિદ્યામાં જે ક્રિયા પ્રાણાયામની સંજ્ઞાથી ઓળખાય છે, તેના એક અંગનો આ ક્રિયાઓમાં ઉપયોગ થાય છે અને તેમાં ચમત્કારમાત્ર પ્રાણની શક્તિનોજ છે.

પ્રત્યેક પ્રાણીની અંદર રહેલી જીવનશક્તિ એ પ્રાણનું વ્યક્ત સ્વરૂપ છે વિચારશક્તિ એ પ્રાણનું અતિ સૂક્ષ્મ અને સર્વશ્રેષ્ઠ કાર્ય છે. જેને આપણે સાધારણ ભાષામાં “વિચાર” કહીએ છીએ તે “વિચાર”ની અંદર પ્રકૃત વિચારશક્તિનાં સઘળાં અંગોનો

સમાવેશ થતો નથી. જેને આપણે "સહજાતજ્ઞાન" અથવા કુદરતી પ્રેરણા કહીએ છીએ, તે તો વિચારશક્તિનાં અનેક અંગોમાંનું નીચામાં નીચું એક અંગ છે. એને કેટલાક જ્ઞાન રહિત માણસો "ચિત્તવૃત્તિ" એવું નામ પણ આપે છે. એ વૃત્તિ વડેજ દરેક પ્રાણી પોતાનું રક્ષણ કરે છે. એ ક્રિયા કરતી વખતે હું અમુક ક્રિયા કરૂં છું, એવું જ્ઞાન તે પ્રાણીને હોતું નથી; પણ સ્વાભાવિક રીતે તેનાથી તે ક્રિયા થઇ જાય છે. જેમકે આપણને મચ્છર કરડે તો આપણો હાથ પોતાની મેળેજ તેને મારવા ઊંચો થાય છે. આપણને તે વાતની ખબર પણ હોતી નથી; પરંતુ આ પણ વિચારશક્તિનુંજ એક અંગ છે. શરીરની અંદર જ્ઞાનરહિત ચાલતી પ્રતિક્રિયાઓનો પણ એમાંજ સમાવેશ થાય છે.

એના કરતાં વધારે ઉચ્ચ શ્રેણીની એક બીજી ચિત્તવૃત્તિ છે, જેને જ્ઞાનપૂર્વકની વૃત્તિ કહે છે. આપણે વિચાર કરીએ, તુલના કરીએ, કાર્યકારણ શોધી કાઢીએ અને દરેક બાબતનું બધી બાજુએથી અવલોકન કરીને વિચાર કરીએ, તેટલાથીજ કાંઇ સમગ્ર વિચારશક્તિ પર્યાપ્ત થતી નથી. વિચારશક્તિનો પ્રદેશ આથી પણ વધારે વિસ્તીર્ણ છે તર્કશક્તિ અને તુલનાશક્તિની સીમા કેટલી સાંકડી છે, તે તો સૌ જાણે છે. એ શક્તિઓ તો અમુક હદ સુધીજ કામ કરી શકે છે અને ત્યાં જઇને તે અટકી પડે છે. સૃષ્ટિના અનંતત્વનો વિચાર કરવા જતાં આપણી સ્થૂળ બુદ્ધિનું કાર્યક્ષેત્ર કેટલું સાંકડું છે, તે તરતજ સમજાઇ જશે. તે ઘણુંજ સાંકડું હોવા છતાં કોઇ કોઇ વાર એવો પણ અનુભવ થાય છે કે, જે કેટલાક આપણી બુદ્ધિની સીમાની બહારના વિચારો પણ સૂર્યમંડળમાં એકાએક ધસી આવતા ધૂમકેતુની માફક બુદ્ધિના તે સાંકડા પ્રદેશમાં ધસી આવે છે. તે બુદ્ધિની બહારના પ્રદેશમાંથી આવે છે એ વાત નિર્વિવાદ છે અને બુદ્ધિ તેની મુકરર

કરેલી સીમા ઓળંગી શકતી નથી, એ પણ તેટલુંજ નિર્વિવાદ છે. આ પ્રમાણે આ સાંકડા પ્રદેશની અંદર જે વિચારો પ્રવેશ કરે છે, તેનાં કારણો પણ બુદ્ધિ શોધી શકતી નથી; પરંતુ એ પ્રાપ્ત બુદ્ધિ (પ્રાપ્ત લૌકિક નિશ્ચયો)ના કરતાં પણ અંતઃકરણનો પ્રદેશ વિશેષ વિસ્તીર્ણ છે. તેથી કરીને જ્યાં બુદ્ધિ પ્રવેશ કરી શકતી નથી, ત્યાં પણ અંતઃકરણ જઈ શકે છે. એ પ્રદેશ તે જ્ઞાનાતીત અથવા પૂર્ણ ચૈતન્યનો પ્રદેશ કહેવાય છે. અંતઃકરણની પૂર્ણ એકાગ્ર અને જ્ઞાનાતીત અવસ્થા જેને સમાધિ કહે છે, તે સિદ્ધ થાય છે, ત્યારે અંતઃકરણ બુદ્ધિના પ્રદેશથી બહુજ આગળ નીકળી ગયેલું હોય છે અને જે વિષયો "સહજાતજ્ઞાન" થી અને બુદ્ધિથી અગમ્ય છે તેને તે અનુભવી શકે છે. શરીરની અંદર કામ કરતી અત્યંત સૂક્ષ્મ શક્તિઓ, જે વાસ્તવમાં પ્રાણનીજ જુદીજુદી અવસ્થાઓ છે, તેની યોગ્ય રીતે પરિચાલના કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થતાં તેઓ અંતઃકરણના ઉપર વિશેષરૂપે કાર્ય કરે છે અને તેને વધારે ઉચ્ચતર અવસ્થામાં એટલે જ્ઞાનાતીત અથવા પૂર્ણચૈતન્યની ભૂમિકામાં પ્રવેશ કરાવી દે છે; એટલે ત્યાં રહીને તે પોતાનું કાર્ય સિદ્ધ કરે છે.

બાહ્યજગતમાં તેમજ આંતરજગતમાં, સર્વ સ્થળે તથા સર્વ પ્રકારની પરિસ્થિતિઓમાં તે તે સ્થળો તથા સ્થિતિઓરૂપે એકજ અખંડ વસ્તુ રહેલી છે. અર્થાત્ આખી જડસૃષ્ટિ એજ વસ્તુની બનેલી છે; અથવા તો એ એકજ પદાર્થ નાના પ્રકારનાં રૂપ ધારણ કરી રહ્યો છે. વાસ્તવિક રીતે તમે અને સૂર્ય બેઉ એકજ છો. તેની અને તમારી વચ્ચે વાસ્તવમાં કશોજ ભેદ નથી. કોઇ પણ વૈજ્ઞાનિકને પૂછશો તો તે પણ તમને એમજ કહેશે કે, બે વસ્તુઓની વચ્ચે જે ભેદ આપણે કલ્પીએ છીએ, તે માત્ર કહેવાનોજ છે. આ મેજ અને હું એ બેઉની વચ્ચે વસ્તુતઃ કશુંજ

જુદાપણું નથી. અનંત જડપદાર્થરાશિનું જ મેજ પણ એક બિંદુ છે અને હું પણ એક બિંદુ છું. પ્રત્યેક સાકાર વસ્તુ તે અનંત જડપદાર્થોના સમુદ્રનું એક વમળ છે. નદી કે સમુદ્રનાં વહેતાં પાણીમાં વારંવાર જે વમળ અથવા ભમરા થયાજ કરે છે, તેઓ હમેશાં એકના એક હોતા નથી. ધારો કે, એક વિશાળ નદી છે, તેમાં હજારો વમળ થયા કરે છે. દરેક પળે પ્રત્યેક વમળમાં નવુંજ પાણી આવતું હોય છે, પળવાર તે તેમાં ઘૂમે છે અને પાછું આગળ વહી જાય છે અને તેની જગ્યાએ પેલા વમળમાં નવું પાણી દાખલ થાય છે; આમ છતાં વમળ તો તેનું તેજ હોય એમ દેખાય છે. તેવીજ રીતે સમગ્ર વિશ્વ મુકરર કરેલા ક્રમ પ્રમાણે પરિવર્તન પામતા જડપદાર્થના અનંત સમુદ્રતુલ્ય છે. આપણે તેમજ તમામ દશ્યસ્વરૂપો તેના નાના નાના વમળને ઠેકાણે છીએ. જડપદાર્થનો અમુક સમૂહ એક વમળમાં એટલે એક મનુષ્યદેહમાં દાખલ થાય છે; ત્યાં અમુક કાળ રહે છે; ત્યાં થોડાં વર્ષ રહી કોઈ બીજા વમળમાં પ્રવેશ કરે છે; તેમ કરતાં તેની આકૃતિ બદલાય છે અને તે અમુક શરીરનું રૂપ ધારણ કરે છે; વળી કેટલાંક વર્ષ પછી તે કોઇ ત્રીજાજ પદાર્થરૂપી વમળમાં પ્રવેશ કરે છે. આ પ્રમાણે ક્રમવાર પરિવર્તન ચાલ્યુંજ આવે છે. કોઇ વસ્તુ સ્થિર તો છેજ નહિ. આ મારૂં શરીર અને આ તમારૂં શરીર એમ માનવા જેવું વાસ્તવમાં કાંઇ છેજ નહિ. માત્ર સત્ય વસ્તુ તો એક અખંડ પદાર્થનો જે અનંત ભંડાર જુદાંજુદાં નામરૂપોમાં જગતમાં સચરાચર પથરાઇ રહ્યો છે, તેજ છે. તેના એક બિંદુને આપણે ચંદ્ર કહીએ છીએ; બીજા બિંદુને સૂર્ય કહીએ છીએ. કોઇ બિંદુ મનુષ્ય કહેવાય છે, તો કોઇ બિંદુ પૃથ્વી કહેવાય છે. કોઈ બિંદુ વનસ્પતિ તો કોઈ ખનિજ પદાર્થરૂપે દેખાય છે. આમાંની કોઇ પણ વસ્તુ હમેશાં એકરૂપે રહેતી નથી.

બધાંની સ્થિતિમાં, નામમાં અને આકૃતિમાં પરિવર્તન થયાજ કરે છે. કોઇ વાર તે પદાર્થરાશિ સ્થૂળતાને પામે છે તો કોઈ વાર સૂક્ષ્મ અવસ્થામાં પરિણામ પામે છે. સૂક્ષ્મ સૃષ્ટિમાં પણ બાહ્ય-સૃષ્ટિની માફકજ નિરંતર પરિવર્તન થયા કરે છે. જગતની તમામ વસ્તુઓ આકાશ (ઇથર) માંથી પેદા થયેલી છે, એટલે આપણે એ "ઇથર"—આકાશનેજ જડપદાર્થના પ્રતિનિધિરૂપ માની લઇએ. પ્રાણની અત્યંત સૂક્ષ્મ આંદોલનયુક્ત અવસ્થામાં એજ આકાશ અથવા "ઇથર" મનનું સ્વરૂપ ધારણ કરે છે; એટલે મન પણ સ્થૂળજગતની પેઠે એક અખંડ પદાર્થરાશિમાંનોજ એક પદાર્થ છે આકાશનાં જે આંદોલનો મનનું સ્વરૂપ ધારણ કરે છે, તે એટલાં બધાં સૂક્ષ્મ હોય છે કે, જડ નેત્રો તેમને જોવા સમર્થ નથી. પવન એકદમ પડી ગયો હોય એવે વખતે આપણે એકાદ તળાવને કાંઠે ઊભા રહીને જોઇશું, તો આપણને પાણી તદ્દન સ્થિર દેખાશે; કેમકે તેની અંદર ચાલી રહેલા સૂક્ષ્મતર તરંગોને આપણી દૃષ્ટિ જોઈ શકતી નથી. આપણને તળાવનું પાણી તરંગ રહિત દેખાય છે તે ખરૂં; પણ ખરી રીતે તેમાં હજારો સૂક્ષ્મ તરંગો ઊપજ્યાજ કરે છે. આકાશતત્ત્વમાં જે સૂક્ષ્મ આંદોલનો નિરંતર કંપી રહે છે, તેને જોઇ શકાય એવી દિવ્યદૃષ્ટિ કોઈ પ્રાપ્ત કરે, તો તેને પ્રત્યક્ષ જણાઇ રહે કે, જગતના તમામ પદાર્થો કેવળ સૂક્ષ્મ આંદોલનોજ માત્ર છે. તેમાં સ્થૂળતા જેવું કાંઇ છેજ નહિ. જગતમાં આપણે જે જે પદાર્થો જોઇએ છીએ તેમાં તેમની કંપમય સ્થિતિથી ઉત્પન્ન થતી આકૃતિજ માત્ર જોઈએ છીએ. દાખલા તરીકે કોઇ માણસ એકાદ સોટીને એક છેડેથી સળગાવીને તેને જોરથી વીંઝે, તો જોનારને સોટીનું અસલ સ્વરૂપ નહિ દેખાય, પણ પ્રકાશનું એક કુંડાળું દેખાશે. એવુંજ અખિલ વિશ્વના તમામ પદાર્થોનું દેખાવું સમજવું. આપણને

વસ્તુની સ્થૂળતા અને આકૃતિનો આભાસ થાય છે, તે તેની કંપમય સ્થિતિને લઈને જે આકૃતિ બને છે તેજ હોય છે. કેટલીક ઓષધિઓની અસરથી બેશુદ્ધ થયા વગર ઇંદ્રિયાતીત ભૂમિકામાં અમુક કાળપર્યંત ગતિ કરી શકાય છે. એવી અવસ્થામાં સૂક્ષ્મ આંદોલનોનો સ્પષ્ટ અનુભવ મળે છે. તમારામાંના ઘણાને સર હંફ્રી ડેવીએ કરેલા વિખ્યાત પ્રયોગની વાત યાદ હશે. એ રસાયનશાસ્ત્રી કોલસાની ખાણોમાં સળગી ઊઠે એવા વાયુથી થતા અકસ્માતો અટકાવવાને માટે પ્રયોગો કરી રહ્યો હતો. એક વેળા તે સપ્રયોગ વ્યાખ્યાન આપતો હતો, તે દરમ્યાન "લાફિંગ ગૅસ"—હાસ્યજનક વાયુની અસરથી તે એકદમ નિશ્ચેષ્ટ અવસ્થામાં થોડી વાર સુધી પડ્યો રહ્યો. એ સ્થિતિમાંથી જાગૃત થતાંજ તેણે કહ્યું કે, "આખું જગત કલ્પનાની જાળ છે અને એ કલ્પનાનાંજ અનેક વ્યક્તસ્વરૂપો દૃષ્ટિએ પડે છે." આવો અનુભવ થવાનું કારણ એ હતું કે, પેલા વાયુની અસરથી જગતનાં સ્થૂળ આંદોલનો તેનાથી ગ્રહણ થઈ શક્યાં નહિ, તેથી સ્થૂળ પદાર્થો તેની નજર આગળથી અદૃશ્ય થઇ ગયા. પોતાની આસપાસ સૂક્ષ્મ આંદોલનોજ માત્ર જોઈ શકતો હતો, તેથી કરીને તેને સમસ્ત વિશ્વ વિચાર અને કલ્પનાની સમષ્ટિરૂપજ દેખાયું. વિચારના સમુદ્રરૂપ જગતમાં દરેક પદાર્થ જાણે વિચારનો સૂક્ષ્મ વમળજ હોય, એવો તેને અનુભવ થયો.

જેમ જડસૃષ્ટિ એક અખંડ પદાર્થથી પરિવ્યાપ્ત થયેલી છે, તેવીજ રીતે સૂક્ષ્મસૃષ્ટિ પણ એક અખંડ પદાર્થથી વ્યાપ્ત છે, એ તમને હવે સમજાઈ ગયું હશે. એજ પ્રમાણે જ્યારે આપણે સ્થૂળસૃષ્ટિ અને સૂક્ષ્મસૃષ્ટિ બેઉના પ્રદેશની પેલી પાર પહોંચીએ છીએ, ત્યારે પણ એમજ સમજાય છે કે, ત્યાં પણ એક અખંડ આત્મતત્ત્વ સિવાય બીજું કાંઈ છેજ નહિ.

આ સત્યની સામે શંકા લાવી શકાય એમ છેજ નહિ. વર્તમાન સમયના વિજ્ઞાનશાસ્ત્રે પણ એજ સત્યનું પ્રતિપાદન કરેલું છે. પદાર્થવિજ્ઞાને સિદ્ધ કરી બતાવ્યું છે કે, જગતની તમામ શક્તિઓનો કુલ સરવાળો હમેશાં એકનો એકજ રહે છે. વળી એમ પણ સિદ્ધ થઇ ચૂકયું છે કે, શકિતસમૂહ બે પ્રકારનાં રૂપ ધારણ કરે છે. કોઈ વાર તે અવ્યકત અવસ્થામાં રહે છે, તો કોઇ વાર વ્યક્ત થઇ વિવિધ શક્તિરૂપે પ્રકટ થાય છે. એ પ્રમાણે અનંતકાળ પર્યંત કોઈ વાર વ્યક્ત તો કોઇ વાર અવ્યક્ત ભાવ ધારણ કર્યાજ કરે છે. આ શકિતરૂપી પ્રાણનો સંયમ કરવો એનુંજ નામ પ્રાણાયામ.

મનુષ્યના શરીરમાં વ્યાપી રહેલો પ્રાણ ફેફસાંની નિરંતર ચાલુ રહેતી ગતિમાં બહુજ સ્પષ્ટ સ્વરૂપે જણાય છે. ખરેખરો પ્રાણાયામ કરવાની યોગ્યતા મેળવવા માટે શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપર પણ લક્ષ આપવું પડે છે. એ ક્રિયાદ્વારાજ પ્રાણશકિત મનુષ્યદેહને ટકાવી રાખે છે. જો શ્વાસોચ્છ્વાસ અર્થાત્ ફેફસાંની ગતિ બંધ થાય, તો શરીરની બીજી ક્રિયાઓ થોડીજ વારમાં આપોઆપ બંધ પડી જાય છે; પરંતુ એવા પણ કેટલાક માણસો જોવામાં આવે છે કે, જેઓ શ્વાસોચ્છ્વાસની ક્રિયા બંધ કર્યા પછી પણ જીવતા રહી શકે છે. અભ્યાસ વડે એવું સામર્થ્ય પણ મેળવી શકાય છે. એથી આગળ વધીને કહું તો એવા પણ કોઇ કોઈ યોગીઓ છે કે જેઓ શ્વાસપ્રશ્વાસની ક્રિયા અટકાવીને, જમીનમાં દટાઇને પડ્યા રહે; તોપણ પાછા ખોદી કાઢો ત્યારે જીવતાને જીવતાજ! પરંતુ સાધારણ માણસોને માટે તો એમ કહી શકાય કે, શરીરની તમામ હિલચાલોમાં શ્વસનક્રિયાજ મુખ્ય છે, સૂક્ષ્મ શક્તિના મૂળ સુધી પહોંચી જવા માટે આ સ્થળ શક્તિની પણ મદદ લેવી પડે છે; અને એમ કરતાંજ સૂક્ષ્મથી પણ

સૂક્ષ્મ શક્તિઓની ચાવી હાથ લાગે છે; અને અંતમાં આપણું પરમ લક્ષ્ય જે આત્મા છે, ત્યાંસુધી આપણે ગતિ કરી શકીએ છીએ. શરીરની અંદરની અનેક ગતિઓમાં ફેફસાંની હિલચાલ ઘણીજ સહજ અને પ્રત્યક્ષ છે. જેમ ચાલકચક્ર એન્જિનને ગતિમાં મૂકે છે, તેવીજ રીતે ફેફસાંની ગતિ શરીરની સર્વ ક્રિયાઓને ગતિ આપે છે. એ ગતિની સાથે શ્વાસનો સંબંધ ઘણો નિકટનો છે. શ્વાસપ્રશ્વાસથી એ ગતિ ઉત્પન્ન થતી નથી, પણ ફેફસાંની હિલચાલ થવાથી શ્વાસપ્રશ્વાસ ચાલુ થાય છે. ફેફસાં ફૂલે છે એટલે બંબામાં જેમ પાણી ચડે તેમ તેમાં વાયુ ભરાય છે અને તે દબાય એટલે પાછો વાયુ નીકળી જાય છે. ફેફસાંની આ ગતિનો ઉત્પાદક પ્રાણ છે. એ ઉપરથી સમજાશે કે, પ્રાણાયામનો શ્વસનક્રિયા સાથે સંબંધ છે. પ્રાણાયામ એટલે શ્વસનક્રિયાનું નિયમન નહિ, પણ જે શક્તિ વડે ફેફસાંની આકુંચન અને સંકુચન ગતિ ચાલુ થાય છે, તે મૂળ ગતિનું નિયમન, એવો પ્રાણાયામનો ખરો અર્થ છે. જ્ઞાનતંતુઓની મારફતે ફેફસાંની સાથે સંબંધ ધરાવતી માંસપેશીઓને પણ એ ગતિ મળે છે અને તેથી તેમનું હલનચલન થાય છે. એ શક્તિ શરીરમાં રહેલા પ્રાણમાંથી ઉદ્ભવે છે; માટે જો પ્રાણ આપણા કાબૂમાં આવે, તો ધીમે ધીમે શરીરમાં ચાલતી દરેક ક્રિયા અને દરેક સ્નાયુ આપણા કાબૂમાં આવી જાય. પોતાના શરીરની દરેક માંસપેશીને પોતાની મરજી મુજબ હલાવી-ચલાવી શકે એવા માણસો મેં જાતે જોયા છે. એમાં કશુંયે આશ્ચર્ય પામવા જેવું નથી. જ્યારે હું મારા શરીરની અમુક માંસપેશીને મરજી પ્રમાણે હલાવી શકું છું, ત્યારે બધી માંસપેશીને કેમ ન હલાવી શકું? દરેક માંસપેશી અને દરેક નાડી મારો હુકમ કેમ ન માને? એનું કારણ એજ કે, હું મારૂં સ્વામીત્વ ગુમાવી બેઠો છું. એથી કરીને કેટલાક સ્નાયુ અને જ્ઞાનતંતુ પોતાની મરજી

મુજબ કારભાર કરતા થઇ ગયા છે. હું મારી મરજી પ્રમાણે મારો કાન હલાવી શકતો નથી, કારણકે કાનના સ્નાયુઓ ઉપરથી મારો અધિકાર મેં ખોયો છે; પણ પશુઓ તેમના કાનને મરજીમાં આવે તેમ હલાવી શકે છે. આપણે મનુષ્યજાતિએ તે સ્નાયુઓનો અત્યંત લાંબા કાળથી ઉપયોગ છોડી દીધો, તેથી કરીને એટલી શક્તિનો ક્ષય થઇ ગયો.

વળી જે ક્રિયાશકિત આપણે ગુમાવી બેઠા છીએ અથવા અવ્યક્ત સ્થિતિમાં આવી પડી છે, તે શક્તિને પાછા આપણે પ્રકટ કરી શકીએ તેમ છીએ. એને માટે માત્ર કુશળતાપૂર્વક પરિશ્રમ કરવાની જરૂર છે. એમ કર્યાથી આપણા શરીરની અંદરની અનેક ક્રિયાઓ જે અત્યારે આપણા કાબૂમાં નથી, તે ફરીથી આપણી ઇચ્છાને અધીન થઈ રહે એ સંભવિત છે; સંભવિત છે, એટલુંજ નહિ પણ તેમ થવુંજ જોઇએ, એમ નિશ્ચયપૂર્વક કહી શકાય. આ રીતે વિચાર કરતાં સમજાશે કે, શરીરના પ્રત્યેક સ્નાયુને અને પ્રત્યેક નાડીને આપણે તાબે કરી શકીએ છીએ. આ બધું કામ યોગી પ્રાણાયામના અભ્યાસથી કરે છે. તમારામાંના કેટલાકે યોગશાસ્ત્રના અંગ્રેજી અનુવાદ વાંચ્યા હશે, તેમને યાદજ હશે કે, "શ્વાસ લેતી વખતે આખા શરીરને પ્રાણથી ભરી દો" એવો તેમાં ઉપદેશ આપેલો છે. અંગ્રેજી અનુવાદકે એમાં "પ્રાણ" શબ્દનો અર્થ "શ્વાસ" એવો કરેલો છે. આ ઉપરથી તમને સ્વાભાવિક રીતે સંદેહ ઉત્પન્ન થશે કે, આખા શરીરને વળી શ્વાસ વડે કેવી રીતે ભરી શકાય? ખરૂં જોતાં એમાં અનુવાદકનો દોષ છે. શરીરનો દરેક ભાગ પ્રાણ એટલે જીવનશક્તિથી ભરી શકાય છે અને તમે તેમ કરી શકો એટલે તમારા શરીર ઉપર તમારો અધિકાર આવી ગયોજ જાણવો. તમારા પોતાના

શરીર ઉપરજ નહિ, પણ જગતમાં જેટલા પ્રકારનાં શરીર છે તે સર્વના ઉપર તમારી સત્તા જામી જશે. દેહના તમામ વ્યાધિ, તમામ દુઃખો તમારા એક સંકલ્પથી હઠાવી શકશો; એટલુંજ નહિ પણ તમારા મનોબળથી અન્ય મનુષ્યોનાં દુઃખ, વ્યાધિ વગેરેનું નિવારણ કરવાનું સામર્થ્ય તમારામાં પ્રકટી નીકળશે. જગતમાં જે કાંઇ સારૂંનરસું છે તે બધુંએ સાંસર્ગિક છે. જેવી રીતે ઊંચી સપાટી પર આવેલા પાણીના સમૂહનું નીચી સપાટી પર આવેલા જળસમૂહ સાથે જોડાણ થતાં પહેલામાંથી બીજામાં જળનું વહન થવા માંડે છે; જેમ ઓછીવત્તી ઉષ્ણતાવાળા બે પદાર્થો સમાગમમાં આવતાં બેઉ ગરમી સરખી થતાં સુધી વધારે ઉષ્ણ પદાર્થમાંની ગરમી થોડા ઉષ્ણ પદાર્થમાં દાખલ થાય છે; તેજ નિયમ માનવસૃષ્ટિને પણ લાગુ પડે છે. જેટલે અંશે તમારૂં શરીર પ્રાણશક્તિનાં આંદોલનથી કંપી રહ્યું હોય, તેટલે અંશે તમારા શરીરની સાથે સમાગમમાં આવતા બીજાના શરીરને પણ તમે કંપાવી શકશો. જો તમે બળવાન અને સ્વસ્થ હો તો તમારી સાથે સમાગમમાં આવનારાઓને પણ ધીમે ધીમે તમારા ઓજસની અસર થશે અને તે પણ તમારા જેવીજ સ્થિતિમાં આવવા લાગશે. એથી ઊલટું જો તમે નિર્બળ, નિર્માલ્ય જેવા અને માંદા હો તો તમારી સાથે લાંબો વખત રહેનાર વ્યક્તિ જો સાવધ નહિ રહે, તમારા શરીરમાંથી ઝરતાં પ્રાણનાં મંદ આંદોલનોથી પોતાને સુરક્ષિત રાખવાની કળા જો તે નહિ જાણતો હોય, તો તે પણ થોડાજ વખતમાં તમારાજ જેવો માંદો અને દુર્બળ થઇ જવાનો. એક માણસ જ્યારે ઔષધિનો ઉપયોગ કર્યા વગર કેવળ મનોબળથીજ બીજાનો વ્યાધિ મટાડવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે પોતાના શરીરના સ્વાસ્થ્યનો બીજાના શરીરમાં

સંચાર કરવાનો પ્રયત્ન કરે છે. માનવસમાજની છેક શરૂઆતની સ્થિતિમાં રોગ મટાડવાની આજ પદ્ધતિ ચાલતી હતી. ઘણી વાર આપણે અજાણપણેજ એકબીજાના શરીરમાં આરોગ્યનો સંચાર કરી દઇએ છીએ. કોઈ ઘણોજ બળવાન માણસ એકાદ નિર્બળ માણસની સાથેનો સાથે રહે, તો પેલો નિર્બળ માણસ કેટલેક અંશે બળવાન બનતોજ ચાલવાનો.

પોતાના બળનો અને આરોગ્યનો બીજાના શરીરમાં સંચાર કરવાની ક્રિયા બે રીતે થઇ શકે છે. એક તો ઇરાદાપૂર્વક અને બીજી અજાણપણે. જ્યારે આ ક્રિયા ઇરાદાપૂર્વક કરવામાં આવે છે, ત્યારે તેનું પરિણામ વધારે ત્વરાથી અને ઉત્તમ પ્રકારનું આવે છે. આવી જાતની ચિકિત્સાનો એક બીજો પણ પ્રકાર છે. તેમાં ચિકિત્સક પોતે ઝાઝો બળવાન અને તંદુરસ્ત ન હોય, તોપણ તે બીજાના શરીરમાં આરોગ્યનો સંચાર કરી શકે છે. જ્યાં જ્યાં તમે આવા પ્રયોગ જુઓ ત્યાં ત્યાં તમારે સમજી લેવું કે, જે એવી રીતે આરોગ્યનો સંચાર કરે છે, તેણે કેટલાક પ્રમાણમાં પ્રાણ ઉપર કાબૂ મેળવ્યોજ હોવો જોઇએ. તે થોડા વખતને માટે પોતાના પ્રાણમાં એક પ્રકારની વિશેષ ગતિ ઉત્પન્ન કરીને તેનો બીજાના શરીરમાં સંચાર કરી શકે છે.

ઘણી વાર ચિકિત્સક અને રોગી બેઉ એકબીજાથી દૂર રહેતા હોય, તોપણ આ કાર્ય થઈ શકે છે; પણ ખરૂં જોતાં તેમની વચ્ચે કશું અંતર છેજ નહિ. "દૂર" શબ્દનો ખરો અર્થ જો સંબંધ-રહિતપણું એવો કરીએ, તો સર્વત્ર એક અખંડ પદાર્થરાશિથી અવિચ્છિન્ન રીતે ભરેલા આ જગતમાં દૂર જેવું કાંઇ છેજ નહિ. બેઉ વચ્ચે લાખો યોજનનું અંતર હોય, તોપણ જ્યાંસુધી સંબંધ તુટ્યો નથી ત્યાંસુધી તે અંતરનો કશો હિસાબ નથી. વીજળીના તારનો સંદેશો જો એક માઈલ જઇ શકે તો દસહજાર

માઇલ જવાને પણ શી હરકત છે? માત્ર બેઉ જગ્યાને જોડનાર તાર અખંડ હોવો જોઇએ. તમે પણ આ જગતરૂપી વિશાળ સમુદ્રમાંના એક બિંદુરૂપ છો અને સૂર્ય પણ તેવુંજ એક બિંદુ છે. બેઉની વચ્ચે પદાર્થોનો અખંડ સમુદ્ર પડેલો છે, તો પછી અંતર કેવું? નદીના એક ભાગનો બીજા ભાગની સાથેનો સબંધ જેમ અખંડ છે, તેમ જગતના દરેક પદાર્થનું સમજવું. આમ હોવાથી પ્રાણની શક્તિ એક સ્થાનથી બીજે સ્થાન કેમ ન પ્રેરી શકાય? આની સામે કોઈનાથી કશી દલીલ કરી શકાય એમ નથી. દૂરથી વ્યાધિ મટાડવાની ક્રિયા વિષે તમે જે હકીકત સાંભળો છો તે પૂરેપૂરી સાચી છે. પ્રાણની શક્તિને ઘણે દૂર સુધી પ્રેરી શકાય છે; માત્ર પ્રેરનારમાં તેટલું બળ જોઇએ. પણ એક વાત ભૂલશો નહિ. દૂરથી વ્યાધિ મટાડવાની વાતોમાં સેંકડે એક ટકા જેટલીજ વાતો સાચી હોય છે. બાકીની નવ્વાણુમાં દગો અને ઢોંગ હોય છે. દૂરથી વ્યાધિ મટાડવાનું કામ લોકો ધારે છે તેટલું સહેલું નથી. સેંકડે એકાદ દાખલામાંજ પ્રાણની શક્તિને દૂર મોકલવાની ક્રિયા કદાચ થઇ હોય. બાકીના ઘણાખરા દાખલામાં તો એવું બને છે કે ચિકિત્સકો દરદીઓનાં શરીરમાં સ્વાભાવિક રીતે રહેલી સ્વાસ્થ્યસંચારક-શક્તિનોજ લાભ લઇને જશ ખાટી જાય છે. રોગી માત્ર આરામ લે અને કોઈ વૈદ્ય કે ડૉકટર તેને ઓસડિયાં પાઇને હેરાન ન કરે, તો તે ઘણી વાર સ્વાભાવિક રીતેજ સાજો થઇ જાય છે. કુદરતે શરીરમાં એવી શક્તિ મૂકેલી છે. એ શક્તિને મદદ કરવી અને તેના માર્ગમાં જો કોઇ અડચણ આવેલી હોય તો તે અડચણને આરામ વડે કે બીજા કોઈ દવા વગરના અથવા દવાવાળા ઉપાયવડે દૂર કરવી એટલુંજ માત્ર શાણા વૈદ્ય કે ડૉકટરનું કામ છે. ધારો કે, કોઇ ગામમાં વિષૂચિકા (કોગળિયું) નો રોગ ફેલાયો, ડાકટરે દવા આપવા માંડી, પણ તેની દવા ઘણી

વાર એવી વિચિત્ર હોય છે કે રોગીના શરીરની કુદરતી શક્તિ તેનાથી દબાઇ જાય છે. પછી એક હોમિયોપેથિક ચિકિત્સક આવ્યો. તેણે પોતાની એકાદ દવા અત્યંત અલ્પ પ્રમાણમાં આપી અને ડૉકટરના કરતાં વધારે દરદીઓને સારા કર્યા; કારણકે તેણે રોગીની કુદરતી શક્તિનો અવરોધ કર્યો નહિ; ઊલટું તેને તેનું કામ કરવા દીધું. વળી શ્રદ્ધાના બળથી ચિકિત્સા કરનાર એથી વધારે રોગીને સાજા કરી શકે; કારણકે તે પોતાની ઇચ્છાશક્તિના બળથી અથવા તો દરદીને જ્ઞાન અને ઉત્સાહ આપીને તેની પ્રાણશક્તિને ઉત્તેજિત કરે છે અને પછી બાકીનું કામ એ શક્તિ પોતેજ કરી લે છે.

પરંતુ શ્રદ્ધાના બળથી વ્યાધિ મટાડનારાઓ હમેશાં એક જાતની ભૂલ કરતા આવ્યા છે. તેઓ એમ સમજે છે કે, કેવળ શ્રદ્ધાથીજ લોકો સાજા થઈ જાય છે; પણ તેમ નથી. વાસ્તવમાં એકલી શ્રદ્ધાથીજ કાંઇ બધું કાર્ય થઈ શકતું નથી. એવા પણ કેટલાક રોગ છે કે, જેની ખરાબમાં ખરાબ અસર રોગી ઉપર એ થાય છે કે મને રોગ થયો છે, એ વાત તે માનતોજ નથી–સમજતોજ નથી. "હું રોગમુક્ત છું" એવી શ્રદ્ધાપૂર્વકની ભાવનાથીજ બધા રોગ મટતા હોય તો આવા રોગી આપોઆપ સાજા થવા જોઇએ. ખરૂં જોતાં રોગને મટાડનાર તો પ્રાણની શક્તિજ છે. શ્રદ્ધા તો તેને માત્ર મદદ કરે છે. જેણે પ્રાણનો જય કર્યો હોય એવો પવિત્ર પુરુષ પોતાના શરીરના પ્રાણને અમુક વેગથી કંપાયમાન કરે છે અને પોતાની ઇચ્છાશક્તિથી તે આંદોલનો બીજાના શરીરમાં દાખલ કરીને તેના શરીરના પ્રાણને પોતાના જેવીજ સ્થિતિમાં લાવી દે છે. આપણા રોજના બનાવોમાંથી પણ આ બાબતની સાબિતી મળી જાય છે.

હું તમારી આગળ ભાષણ આપું છું ત્યારે શું કરૂં છું ? હું

મારા મનની અંદર અમુક પ્રકારનાં આંદોલનો ઉત્પન્ન કરવા પ્રયત્ન કરૂં છું અને એ આંદોલનો ઉત્પન્ન કરવામાં જેટલે અંશે હું સફળ થયો હોઉં છું, તેટલે અંશે હું મારા વ્યાખ્યાનને અસરકારક કરી શકું છું. તમે સૌ અનુભવથી જાણો છો કે, જે દહાડે હું ઉત્સાહથી ભરપૂર હોઉં છું તે દહાડે મારા ભાષણમાં તમને ખૂબ રસ પડે છે અને જે દહાડે મારો ઉત્સાહ મંદ હોય છે, તે દહાડે તમને તેટલો રસ પડતો નથી. જેઓ અદ્ભુત શકિતનો સંચાર કરીને માનવસમાજને ઘણી ઉન્નત સ્થિતિએ દોરી જાય છે, એવા પ્રતિભાવાન યુગપ્રવર્તકો પોતાના પ્રાણમાં એવાં ઊંચાં અને સૂક્ષ્મ આંદોલનો ઉત્પન્ન કરી શકે છે અને પ્રાણનો વેગ એટલો તો બળથી પ્રેરી શકે છે કે બીજા માણસોનાં મન ઉપર તેની જબ્બર અસર થાય છે. હજારો મનુષ્યોનાં હૃદય તેમના તરફ આકર્ષાય છે અને લાખોકરોડો મનુષ્યો તેમના વિચાર ગ્રહણ કરી લે છે. દુનિયામાં જેટલા જેટલા મહાપુરુષો થઇ ગયા છે તે બધાએ કોઇ પણ રીતે પ્રાણશકિત ઉપર અસાધારણ કાબૂ મેળવેલો હોય છે અને એ શકિતના બળથી તેમણે અલૌકિક માનસિક શકિત પ્રાપ્ત કરી હોય છે. તેઓ પોતાના પ્રાણસમૂહમાંથી અત્યંત ઊંચા પ્રકારનાં કંપન ઉત્પન્ન કરી શકે છે અને તેના પ્રતાપથી આખા જગત ઉપર તેમનો પ્રભાવ પડે છે. ધર્મના પ્રદેશમાં અથવા બીજા કોઇ પણ પ્રકારના કાર્યપ્રદેશમાં જ્યારે જ્યારે એક મહાસમર્થ વ્યકિતને જનસમૂહ ઉપર પ્રભાવ પાડતી જુઓ, ત્યારે તમારે નક્કી સમજવું કે, એ શકિત પ્રાણના સંયમમાંથીજ ઉત્પન્ન થયેલી છે. આ રહસ્ય તેઓના જાણવામાં હોય યા ન હોય, તોપણ તેમના અસાધારણ સામર્થ્યનો આ સિવાય બીજો ખુલાસો બુદ્ધિપૂર્વક આપી શકાય એમ નથી. એ પ્રાણ તમારા શરીરમાં કોઇ ઠેકાણે વધી પડે છે તો કોઇ ઠેકાણે જોઇએ તે

રતાં ઓછો થઈ જાય છે. આવી રીતે પ્રાણની ન્યૂનાધિકતા થવી નું નામ વ્યાધિ. પ્રાણનું પ્રમાણ જે ઠેકાણે વધી પડયું હોય યાંથી કમી કરી નાખવું અને જ્યાં કમી થઇ ગયું હોય ત્યાં ાણનો સંચાર કરવો. આટલું જો કોઇ કરી શકે, તો વ્યાધિનું નિવારણ આપોઆપ થઇ જાય. કયે ઠેકાણે પ્રાણ વધારે છે અને યાં પ્રાણ ઓછો છે તે જાણી લેવું, એ પણ પ્રાણાયામની ક્રિયાનું એક અંગ છે. અભ્યાસથી ગ્રહણશકિત એવી સૂક્ષ્મ થઈ જાય છે પગના અંગૂઠામાં કે આંગળીમાં જોઇએ તે કરતાં પ્રાણ કમી ઈ ગયો હોય તો તે પણ મન જાણી જાય છે અને તે ઠેકાણે ાણનું વહન કરાવવાની તેનામાં શકિત આવી જાય છે. પ્રાણા- ામની અંદર આવી આવી અનેક ક્રિયાઓનો સમાવેશ થાય છે. એ બધી ક્રિયાઓ તમે ધીમે ધીમે ક્રમવાર શીખી શકશો. આગળ ઉપર તમને સમજાઈ જશે કે, જુદી શકિતઓરૂપે વ્યકત તા પ્રાણનો સંયમ કરવો અને તેનો જુદીજુદી ભૂમિકાઓમાં ઉપયોગ કરવો એ રાજયોગનું મુખ્ય લક્ષ્ય છે. દેહની તમામ શ- કિતઓને એકાગ્ર કરવાથી શરીરમાંના પ્રાણ ઉપર જય મેળવાય , જ્યારે કોઇ માણસ ધ્યાનસ્થ થાય છે ત્યારે પણ તે પ્રાણને એકાગ્ર કરે છે.

મહાસાગર તરફ દૃષ્ટિપાત કરશો તો તમે જોઇ શકશો કે, ામાં પર્વત જેવા ઊંચા અને પહોળા તરંગ કોઇ કોઇ વાર ઉત્પન્ન ાય છે; વળી કોઇ ઠેકાણે તેથી નાના તરંગો, કોઇ ઠેકાણે તેના- ીયે નાના તરંગો અને છેક નાના નાના પરપોટા પણ તેમાં ેદા થતા જોવામાં આવે છે; પણ એ સૌની પાછળ તેમના મૂળ આધારરૂપ અનંત મહાસાગર આવેલો છે. એ મહાસાગરની સાથે ાનોસરખો પરપોટો તેમજ પર્વત જેવડો મોટો તરંગ બંને એકસરખી રીતે જોડાયેલા છે. એવીજ રીતે સંસારમાં વિવિધ

પ્રકારના સામર્થ્યવાળાં માણસો જોવામાં આવે છે. કોઇ મહાસાગરના પર્વત જેવા મહામોજાની માફક સામર્થ્યવાન છે, તો કોઈ ક્ષુદ્ર પરપોટા જેવી સામાન્ય વ્યકિતઓ છે; પણ સૌના અસ્તિત્વનો આધાર તેઓ જેની સાથે સંબંધ રાખે છે, તે શકિતના વિશાળ સમુદ્રની સાથે છે. એ મહાશક્તિની સાથે જીવમાત્ર જન્મથીજ જોડાયેલા છે. જ્યાં જ્યાં જીવનશક્તિનો પ્રકાશ છે, ત્યાં ત્યાં તેની પાછળ અનંતશકિતનો ભંડાર રહેલોજ છે અને તેમાંથીજ એ શકિતનો પ્રવાહ ચાલ્યો આવે છે એમ સમજવું. પ્રાણીમાત્ર એ શકિતના વહનને માટે નાનીમોટી નીકોને ઠેકાણે છે. ખેતરોમાં પાણી વાળવા માટે નીકો કરેલી હોય છે તેમાં કોઇ નાની તો કોઇ મોટી હોય છે; પણ તે બધામાં પાણી તો એકજ જળાશયમાંથી ચાલ્યું આવે છે. એવુંજ આ અનંત પ્રાણશકિતનું પણ સમજવું. ચોમાસામાં કોઈ કોઈ ભેજવાળી જગ્યાએ એક ક્ષુદ્ર વનસ્પતિ ઊગે છે. જગતમાં વ્યાપી રહેલા અનંત ચૈતન્યસાગરનો આ એક અત્યંત ક્ષુદ્ર પરપોટો છે. તે એટલો સૂક્ષ્મ છે કે સૂક્ષ્મદર્શકની મદદ વગર જોઈ પણ શકાય નહિ; પણ ક્રમે ક્રમે ઉપરોકત શકિતના ભંડારમાંથી તે ચૈતન્યનું શોષણ કરે છે અને ઘણે કાળે પશુનું રૂપ પણ ધારણ કરે છે. ત્યાર પછી ઉન્નતિક્રમનાં પગથિયાં ચડતાં ચડતાં તે પશુમાંથી મનુષ્ય અને મનુષ્યમાંથી દેવની સ્થિતિ પ્રાપ્ત કરે છે. કુદરતનું કામ એટલી ધીમી ગતિથી ચાલે છે કે, વનસ્પતિમાંથી દેવની કોટિએ પહોંચતાં કરોડો-અબજો વર્ષો વ્યતીત થઇ જાય છે.

પરંતુ આપણે તો મનુષ્યદશાએ પહોંચેલા છીએ. આપણે શા માટે એટલો બધો વખત થોભવું જોઇએ? સાધનનો વેગ વધારીને આપણે લાખ વર્ષનું કામ થોડાંજ વર્ષમાં કેમ સિદ્ધ ન કરી શકીએ? યોગશાસ્ત્ર કહે છે કે, સાધારણ પ્રયત્નથી જે કામમાં

ઘણોજ લાંબો સમય લાગે છે, તેજ કામ કાર્યકારિણી શકિતનો વેગ વધારીને બહુજ થોડા સમયમાં પણ પૂર્ણ કરી શકાય છે. સર્વવ્યાપી અખૂટ શકિતભંડારમાંથી મનુષ્યો બહુજ અલ્પ પ્રમાણમાં શકિતનું શોષણ કરતા કરતા આગળ વધે છે; પરંતુ એવી રીતે પ્રગતિ કરવાથી તો કદાચ એક મનુષ્યને ઉચ્ચ અવસ્થાએ પહોંચતાં પાંચ લાખ વર્ષ પણ લાગે અને પૂર્ણ સિદ્ધ થતાં બીજાં પણ પાંચ લાખ વર્ષ વીતી જાય! ઉન્નતિના વેગમાં વધારો કર્યાથી આ સમયને અવશ્ય ટુંકાવી શકાય છે. રીતસર સાધન કરવાથી છ વર્ષમાં તો શું, પણ છ મહિનામાં પણ સિદ્ધિ કેમ ન મળે? વિચાર કરતાં સમજાશે કે, આ સ્થિતિએ પહોંચવા માટે અમુક સમય તો લાગવોજ જોઇએ, એવો કોઇ નિયમ નથી. જેમકે એક એન્જિનમાં અમુક રતલ કોલસા નાખીએ તો તે કલાકે બે માઇલના વેગથી ચાલી શકે છે. તેને જો આપણે વધારે મોટું, મજબૂત બનાવી તેમાં વધારે કોલસા પૂરીએ તો વધારે ઝડપથી ચાલે. એવી રીતે આપણે પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તીવ્ર ઇચ્છાથી સખ્ત પરિશ્રમ કરીએ, તો આ જન્મમાં મુકત થઇ શકીએ અલબત, આખરે વહેલીમોડી તો મનુષ્યમાત્રને મુકિત મળવાની છેજ; પણ ત્યાંસુધી આપણે થોભવુંજ શા માટે? હાલનાજ મનુષ્યદેહમાં આપણે મુકત કેમ ન થવું? અનંત જ્ઞાન અને અનંત સામર્થ્યના ભોકતા આપણે અત્યારેજ શા માટે ન થઇએ?

આત્માની ઉન્નતિનો વેગ વધારીને કેવી રીતે ઘણા થોડાજ સમયમાં મુકિતના અધિકારી થઇ જવું, એ રાજયોગનાં મુખ્ય લક્ષ્ય અને ઉદ્દેશ છે. શક્તિના અનંત ભંડારમાંથી શક્તિનું આકર્ષણ કરવાની શક્તિ કેમ કેળવવી અને વધારવી, તથા એકેએક માણસ મુકત થઇ જાય ત્યાંસુધી રાહ જોયા વગર ઝપાટાબંધ કેવી રીતે આગળ ચાલ્યા જવું, એ શીખવવા માટે યોગવિદ્યાએ

ઉપાય બતાવ્યા છે મહાપુરુષો, સંતો, સિદ્ધપુરુષો, પયગંબરો એમણે શું કર્યું છે? માત્ર એકજ જન્મમાં તેઓ માનવજાતિનો આખો જીવનક્રમ પસાર કરી ગયા છે. સાધારણ મનુષ્યો કરોડો વર્ષો સુધી અનેક જન્મ ગ્રહણ કરતે કરતે જે જે અવસ્થાઓમાંથી પસાર થઈ થઈને મુક્ત થાય, તે સઘળું તેઓ એકજ જન્મમાં કરીને પાર ઊતરી ગયા છે. બળદના રગશિયા ગાડામાં ન બેસતાં કોઈ માણસ વીજળીની ગાડીમાં બેસીને મહિનાઓની મુસાફરી એક કલાકમાં કરી નાખે; તેની પેઠે તેઓ સમયને પી ગયા અને એકજ જન્મમાં મુક્ત બનીને ઊભા રહ્યા. બસ, મુક્ત થવું છે. એ એકજ ઇચ્છાથી તેમનું હૃદય ધગી ઊઠયું હતું. બીજો વિચાર તેમના મનમાં પેસી શકતોજ નહિ. હૃદયના આવેગના ધક્કાથી તેઓ આગળ વધ્યેજ જતા હતા. વિશ્રામ લેવાની તેમને પરવા ન હતી. જીવનની એક પળ પણ તેમણે ફોકટ બરબાદ કરી નથી. એકાગ્રતાનો આજ અર્થ છે કે શક્તિનો સંચય કરવાની ઝડપમાં અત્યંત વૃદ્ધિ કરીને ઘણા વખતનું કામ થોડા વખતમાં કરી નાખવું. એ એકાગ્રતા શીખવનાર વિજ્ઞાન તેજ આપણો રાજયોગ.

કેટલાક તરફથી એક પ્રશ્ન પુછાય છે કે, પ્રાણાયામ અને પ્રેતતત્ત્વવિદ્યા (સ્પિરિચ્યુઆલિઝમ) વચ્ચે કાંઈ સંબંધ છે ખરો? એ વિદ્યા પણ પ્રાણાયામનું એક ચોક્કસ અંગ છે. પરલોકમાં વસતા આત્માઓ અસ્તિત્વ ભોગવે છે, એ વાત જો સાચી હોય અને માત્ર આપણે તેમને જોઈ શકતા નથી એટલોજ આપણી અને તેમની વચ્ચે અંતરાય હોય; તો અત્યારે, આજ ઓરડામાં, સેંકડો, હજારો આત્માઓ હાજર હોય એ ઘણુંજ બનવાજોગ છે. કદાચ આપણે તેમનાં સૂક્ષ્મ તત્ત્વોનાં બનેલાં શરીરમાં થઈને દિવસમાં સેંકડો વાર પસાર થતા હોઈશું. તેઓ પણ કદાચ આપણને જોઈ શકતા ન હોય, અડકી શકતા ન હોય, એ પણ

માની શકાય એવું છે જેમ એક વર્તુળની અંદર બીજું વર્તુળ સમાઇ શકે, તેમ એક દુનિયાની અંદર બીજી દુનિયા આવી ગયેલી છે. એકજ ભૂમિકામાં વસનારા જીવો એકબીજાને જોઈ શકે છે. આપણે પંચેંદ્રિયયુક્ત પ્રાણીઓ છીએ અને આપણા શરીરમાંનો પ્રાણ અમુક વેગથી કંપી શકે એવા ધોરણ ઉપર આપણાં શરીર રચાયાં છે. જેમનાં શરીરમાંનો પ્રાણ આપણાં શરીરના પ્રાણના જેટલા વેગે કંપાયમાન થતો હોય, તેમનેજ આપણે જોઇ શકીએ, પણ જેમનાં શરીરમાંનો પ્રાણ આપણા પ્રાણ કરતાં વધારે ઊંચા પ્રકારનાં આંદોલનોથી કંપાયમાન થતો હોય, તેમને આપણે નજ જોઇ શકીએ. પ્રકાશ પણ એક વિશેષ પ્રકારના આંદોલનમય આકાશનુંજ સ્વરૂપ છે. એક સેકંડમાં આકાશમાં અમુક સંખ્યાનાં આંદોલન થાય ત્યાંસુધીજ તેનો પ્રકાશ ઝીલવાની આપણાં નેત્રોમાં શક્તિ છે. તે કરતાં આંદોલનની સંખ્યા વધી જાય એટલે પ્રકાશની ઉજ્જ્વલતા અમુક હદ કરતાં વધી જાય છે અને તેથી તે પ્રકાશને આપણે જોઈ શકતા નથી; પણ જો એવાં પણ પ્રાણીઓ હોય કે, જેમનાં ચક્ષુઓમાં એ પ્રકાશને ઝીલવા જેટલું સામર્થ્ય હોય, તો તેઓ તેને જરૂર જોઇ શકે. વળી એથી ઊલટું તેજનાં આંદોલન અમુક સંખ્યા કરતાં ઓછાં હોય, તો તેમાંથી ઉત્પન્ન થતો પ્રકાશ એટલો મંદ થઈ જાય છે કે, તેને પણ આપણે જોઇ નથી શકતા. આમ છતાં ઘુવડ, બિલાડી વગેરે નિશાચર પ્રાણીઓ એ મંદ પ્રકાશને પણ જોઇ શકે છે. માત્ર જેટલા પ્રદેશમાં પ્રાણ અમુક વેગથી કંપાયમાન થતો હોય, તેટલાજ પ્રદેશને આપણી દૃષ્ટિ વીંધી શકે છે. વાયુનો દાખલો લઇએ. પૃથ્વીની સપાટીથી આશરે સો માઇલ સુધી ઓછીવત્તી ઘટનાવાળા વાયુના થર એક ઉપર એક આવી રહેલા છે. વાયુનો જે થર પૃથ્વીની નજીક છે તે તેનાથી ઉપરના

થર કરતાં વધારે ઘટ્ટ છે અને જેમ જેમ આપણે ઉપર ચડતાં જઇએ તેમ તેમ હવા વધારે ને વધારે પાતળી થતી જોવામાં આવે છે. સમુદ્રમાં પણ એજ નિયમ છે. તેમાં આપણે જેમ જેમ ઊંડા જતા જઇએ, તેમ તેમ તેનું પાણી વધારે ને વધારે ઘટ્ટ હોય છે. જે પ્રાણીઓ સમુદ્રને તળિયે રહે છે તેઓ કદી તેની સપાટી ઉપર આવી શકતાં નથી અને જો આવે તો આવતાં વારજ તેઓ મરી જાય. તેમનાં શરીર પાણીના થરનું દબાણ ખમવાનેજ ટેવાઇ ગયેલાં હોય છે. પાણીની સપાટી પર આવે તો એ દબાણ જતું રહે એટલે તેમનાં શરીર આપોઆપજ ફાટીને કકડેકકડા થઇ જાય.

એજ રીતે આખું વિશ્વ જાણે "ઇથર"—આકાશનો એક અનંત સમુદ્ર છે, એવી કલ્પના કરો. સમુદ્રની માફક અહીં પણ ચઢતીઊતરતી ઘટનાવાળા અને પ્રાણશકિતના જુદાજુદા વેગથી કંપાયમાન થવાવાળા આકાશના અનેક થર એક ઉપર એક આવી રહેલા છે. આકાશ—સમુદ્રના કેંદ્ર આગળ આકાશનાં આંદોલનનો વેગ સૌથી વિશેષ પ્રબળ હોય છે. ત્યાંથી જેમ દૂર જતા જઇએ તેમ તેમ એ આંદોલનનો વેગ ધીમો પડતો જાય છે. હવે એમ ધારો કે, એક સરખા વેગવાળાં આંદોલનના પ્રદેશના જુદાજુદા થર બનેલા છે. અમુક વેગવાળાં આંદોલનના પ્રદેશનો વિસ્તાર ધારો કે પચાસ લાખ માઇલ સુધીનો હોય, તેના પછી બીજા પચાસ લાખ માઇલ સુધીના પ્રદેશમાં એથી વધારે વેગવાળાં આંદોલનો થતાં હોય; એ પ્રમાણે લાખો કરોડો—માઇલના વિસ્તારની કલ્પના કરો. સિદ્ધ દશાને વિશ્વસમુદ્રનું મધ્યબિંદુ કલ્પી લો. એ સ્થિતિથી આપણે જેટલા દૂર, તેટલા પ્રમાણમાં આંદોલનનો વેગ ધીમો. જડ પદાર્થોનો થર સૌથી આઘેનો છે; મનનો થર તેના કરતાં વધારે નજીકનો છે અને આત્મા તો બરાબર મધ્યબિંદુને ઠેકાણે છે. હવે તમને સમજાશે કે, જેઓ એક થરમાં રહેલાં છે તેઓ એકબીજાને

ઓળખી શકે છે; પણ તેઓ તેમનાથી ઉપલા કે નીચલા થરમાં રહેનારા જીવોને જોઈ શકે નહિ, પરંતુ જેવી રીતે સૂક્ષ્મદર્શકયંત્રની મદદથી આપણાં નેત્રોની કુદરતી શક્તિમાં વધારો કરીને ઘણાજ સૂક્ષ્મ અથવા દૂરના પદાર્થોને પણ આપણે જોઇ શકીએ છીએ; તેવી રીતે આપણા મનમાં યોગવિદ્યાની મદદથી વધારે વેગવાળાં આંદોલનો ઉત્પન્ન કરીને બીજા થરોમાં અર્થાત્ ભૂમિકાઓમાં વસનારા જીવોને પણ આપણે જોઈ શકીએ. આ રીતે યોગી અહીં રહ્યો રહ્યો પણ સપ્તલોકમાં શું શું ચાલી રહ્યું છે, તે જોઇ શકે છે. જે ઓરડામાં આપણે બેઠા છીએ તેમાં જેમને આપણે ન જોઇ શકીએ, એવા જીવો પણ રહેલા છે; પરંતુ તેમના પ્રાણનાં આંદોલનો આપણા પ્રાણનાં આંદોલનથી જુદા પ્રકારનાં છે. કેટલાકનાં આંદોલનનો વેગ આપણાથી વધારે છે અને કેટલાકનો આપણાથી ધીમો છે. જે મૂળ પદાર્થ–પ્રાણનાં આપણાં શરીર બનેલાં છે, તેજ પ્રાણનાં તેમનાં શરીર પણ બનેલાં છે. એકજ અનંત પ્રાણ–સમુદ્રના આપણે અને તેઓ જુદીજુદી ઘનતાવાળા અંશો છીએ. ફરક માત્ર આંદોલનના વેગનો છે. હવે જો હું મારા મનને વધારે વેગવાળાં આંદોલનથી કંપાયમાન કરી શકું, તો પછી હાલ હું જે થરમાં છું, ત્યાં રહી શકું નહિ. હું તમને જોઇ ન શકું. તમે મારી નજર આગળથી અદૃશ્ય થઈ જાઓ અને જેમનાં આંદોલન મારા જેટલાંજ હોય તેઓજ મારી નજરે દેખાય. આવા બનાવનો તમારામાંના કોઇ કોઇને અનુભવ પણ થયો હશે. આ રીતે પોતાના મનને ઊંચામાં ઊંચા આંદોલનવાળી સ્થિતિમાં લઇ જવાની ક્રિયાને યોગશાસ્ત્ર એકજ શબ્દમાં "સમાધિ" કહે છે. એ સમાધિની અમુક કનિષ્ઠ પ્રકારની સ્થિતિએ પહોંચતાં, સામાન્ય મનુષ્યને અદૃશ્ય હોય એવા જીવોનું તથા તેમની સ્થિતિનું દર્શન થઇ શકે છે. એમાં માત્ર મનને ઊંચાં આંદોલન-

વાળી સ્થિતિએ—કે જે સ્થિતિને આપણે ઇંદ્રિયાતીત જ્ઞાનની અવસ્થા કહીએ છીએ—તે સ્થિતિએ મનને પહોંચાડવાથી અતીંદ્રિય જીવગણોને પણ આપણે જોઈ શકીએ; પરંતુ એ સ્થિતિ કાંઈ સમાધિની સર્વોત્તમ સ્થિતિ નથી. ઊંચામાં ઊંચી સમાધિમાં તો આપણને બ્રહ્મનું દર્શન થવું જોઇએ. જેમ માટીના એક ટુકડાને જાણ્યાથી માટીના બધા સમૂહનું જ્ઞાન થઇ રહે છે; તેમ બ્રહ્મને જાણ્યાથી આખા વિશ્વનું જ્ઞાન આપોઆપ થઇ રહે છે.

આટલા વિવેચન ઉપરથી તમને સમજાયું હશે કે, પ્રેતતત્ત્વવિદ્યામાં જેટલો અંશ સત્ય છે, તેટલા તમામ અંશનો પ્રાણાયામમાં સમાવેશ થઈ જાય છે. આ પ્રમાણે હોવાથી જ્યારે કોઇ પણ મંડળ કે સંપ્રદાયના અનુયાયીઓ અતીંદ્રિય અથવા ગુપ્ત તત્ત્વને જાણવાનો પ્રયાસ કરતા હોય, ત્યારે તમારે નક્કી સમજવું કે, તેઓ અમુક પ્રમાણમાં રાજયોગનુંજ પાલન કરે છે અને એક અથવા બીજા રૂપમાં પ્રાણાયામનોજ અભ્યાસ કરે છે. જ્યાં જ્યાં અસાધારણ શક્તિનો આવિર્ભાવ દેખાય ત્યાં ત્યાં એ સર્વશક્તિ પ્રાણના પરિચાલનમાંથીજ ઉત્પન્ન થઇ છે, એમ સમજી લેવું. હું એથી આગળ વધીને જણાવું છું કે, ભૌતિક પદાર્થવિજ્ઞાન પણ એક પ્રકારનો પ્રાણનોજ સંયમ છે. વરાળયંત્રને કોણ ગતિ આપે છે? વરાળદ્વારા તેમાં પ્રાણજ કામ કરી રહ્યો છે. વીજળીના અદ્ભુત સામર્થ્યમાં પણ હું તો પ્રાણનુંજ બળ જોઇ રહ્યો છું. પદાર્થવિજ્ઞાન એટલે શું? તે પણ બાહ્ય પ્રક્રિયાઓ વડે પ્રાણશક્તિનું નિયમન કરવાની વિદ્યા છે. પ્રાણ માનસિક શક્તિઓરૂપે પ્રકટ થાય છે, તેનું નિયમન પણ માનસિક ક્રિયાઓ વડે થઇ શકે છે. પ્રાણના સ્થૂળ સ્વરૂપનું સ્થૂળ ક્રિયાઓ વડે નિયમન કરવાની વિદ્યા, તે સ્થૂળ પદાર્થવિજ્ઞાન અને તેના સૂક્ષ્મ રૂપનું સૂક્ષ્મ માનસિક ક્રિયા વડે નિયમન કરવાની વિદ્યા તેનું નામ રાજયોગ.

अध्याय ४ थो--प्राणनुं आध्यात्मिक रूप

યોગીઓના અભિપ્રાય પ્રમાણે કરોડની અંદર “ઇડા” અને “પિંગલા” નામની બે નાડીઓ રહેલી છે અને કરોડની અંદર રહેલી જ્ઞાનરજ્જુમાં “સુષુમ્ણા” નામની એક પોકળ નાડી છે. એ પોકળ નાડીના નીચલા ભાગમાં, જેને યોગીઓ “કુંડલિની” કહે છે, તેનું સ્થાન છે. એ કુંડલિની ચક્રની આકૃતિ ત્રિકોણાકાર છે. યોગવિદ્યાની રૂપક ભાષામાં કહીએ તો એ ઠેકાણે કુંડલિની-શક્તિ ગોળ કુંડાળું વળીને પડી રહેલી છે. જ્યારે તે જાગૃત થાય છે ત્યારે ઉપરોક્ત સુષુમ્ણા નામની પોકળ નાડીમાં થઈને જોરભેર ઊંચે ચડવા લાગે છે; અને જેમ જેમ તે એકએક પગથિયું ઊંચે ચડે છે, તેમ તેમ મનનાં આવરણો ભેદાતાં ચાલી મનનો વિકાસ થવા લાગે છે; નાના પ્રકારનાં અલૌકિક દશ્યો દેખાવા લાગે છે; અને યોગીને વિવિધ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જ્યારે એ કુંડલિની ઊંચે ચડતાં ચડતાં ઠેઠ મસ્તક સુધી પહોંચી જાય છે, ત્યારે યોગી મન અને શરીરથી સંપૂર્ણ અંશે છુટો પડી જાય છે અને તેનો આત્મા મુક્ત દશા અનુભવે છે.

જ્ઞાનરજ્જુ એક પ્રકારના મગજને મળતા પદાર્થની બનેલી છે. ગોળ અંકોડા એકબીજા સાથે જોડીને બનાવેલી સાંકળના જેવી એ જ્ઞાનરજ્જુની આકૃતિ હોય છે. તેનો ડાબો ભાગ તે ઇડા, જમણો ભાગ તે પિંગલા અને એ જ્ઞાનરજ્જુના બરાબર મધ્ય-

ભાગમાં થઇને પસાર થતી પોકળ નાડી તે સુષુમ્ણા. જે ઠેકાણે કમરના નીચલા ભાગમાં કરોડની છેક નીચેની ગાંઠો આવેલી છે, ત્યાં આગળ અત્યંત સૂક્ષ્મ દોરી જેવો એક પદાર્થ ઠેઠ નીચે સુધી આવેલો છે. તેની અંદર પણ પેલી પોકળ સુષુમ્ણા નાડી રહેલી છે; પણ ઉપરના કરતાં એ સ્થળે તે વધારે ઝીણી બનેલી છે. નાભિ નીચે આવેલા જ્ઞાનતંતુના કેંદ્ર સુધી એ નાડી પહોંચી ગઈ છે. એ કેંદ્ર આધુનિક શરીરશાસ્ત્રના મત પ્રમાણે ત્રિકોણાકૃતિનું છે. સુષુમ્ણા નાડીનું મોં ત્યાં આગળ બંધ થઈ ગયેલું હોય છે. જ્ઞાનરજ્જુની અંદર એવાં અનેક ચક્રો છે, તેને યોગીઓ જુદાંજુદાં પદ્મોનાં નામથી ઓળખાવે છે.

યોગીઓ જણાવે છે કે, છેક નીચેના મૂળાધાર ચક્રથી આરંભીને માથાની ટોચ આગળ આવેલા સહસ્રદલપદ્મ સુધીમાં કેટલાંએક ચક્રો આવેલાં છે. એ ચક્રોને જ્ઞાનતંતુઓનાં જુદાંજુદાં કેંદ્રો માનીએ તો તેમના વિષે યોગવિદ્યામાં જે કહેલું છે, તે આધુનિક શરીરશાસ્ત્રની મદદથી ઘણું સહેલાઈથી સમજી શકાય છે. આપણે જાણીએ છીએ કે, શરીરમાં બે પ્રકારના જ્ઞાનતંતુના પ્રવાહ વહન કરે છે. એક આંતરમુખી અને બીજો બહિર્મુખી; એક જ્ઞાનાત્મક અને બીજો ગત્યાત્મક: એક કેંદ્રાભિમુખી અને બીજો કેંદ્રાપસારી—-એવાં જુદાંજુદાં નામથી તે ઓળખાય છે. તેમાંના એકનું કામ મગજ સુધી લાગણીની અસર પહોંચાડવાનું છે અને બીજાનું કામ મગજના સંદેશાને બહારના અવયવ સુધી લઇ જવાનું છે. એ બેઉ પ્રવાહ અંદરના છેડા આગળથી ભેગા થાય છે. હવે પછી એ સંબંધી જે હકીકત કહેવામાં આવશે તેને બરાબર સમજી લેવા સારૂ બીજી પણ કેટલીક વાતો લક્ષમાં રાખવાની જરૂર છે. જ્ઞાનરજ્જુનો જે ભાગ મગજ સુધી ગયો છે તે, છેડા આગળ એક ગાંઠનો આકાર ધારણ કરે છે. તે

મગજ સાથે જોડાયેલો નથી, પણ મગજના નરમ પદાર્થમાં જાણે તરતો હોય, એવી રીતે આવી રહેલો છે. આથી કરીને કદાચ મગજ ઉપર પ્રહાર થાય, તોપણ તેના આઘાતની અસર પેલા નરમ પદાર્થને લીધે ઘણી આછી થઇ જાય છે અને જ્ઞાનરજ્જુની ગાંઠ સુધી પહોંચતી નથી. આ વાત કેટલી ઉપયોગી છે તે તમને આગળ ઉપર સમજાશે. વળી બધાં ચક્રોમાં ખાસ કરીને ત્રણ ચક્રો ઘણાંજ અગત્યનાં છે. એક તો સૌથી નીચેનું મૂળાધારચક્ર; બીજું માથાની ટોચ આગળ આવેલું સહસ્રાર અથવા સહસ્ર-દલ-પદ્મ અને ત્રીજું મૂળાધારની જરાક ઉપર એટલે નાભિ આગળનું સ્વાધિષ્ઠાનચક્ર.

વળી પદાર્થવિજ્ઞાનનો પણ એક સિદ્ધાંત અત્રે લક્ષમાં લેવા જેવો છે. આપણે વિદ્યુત તથા તેને લગતી અનેક શક્તિઓ વિષે સાંભળીએ છીએ, પણ એ વિદ્યુતનું સ્વરૂપ શું છે તે કોઈ જાણતું નથી. માત્ર તે એક પ્રકારની ગતિ છે એટલુંજ આપણને કહેવામાં આવે છે. જગતમાં નાના પ્રકારની ગતિઓના વ્યાપાર આપણે જોઇએ છીએ. ત્યારે તેમાં અને વિદ્યુતમાં શો તફાવત છે? ધારો કે, આ મેજ એવી રીતે હાલે કે જે પરમાણુઓનું તે બનેલું છે તે બધાં જુદીજુદી દિશામાં ગતિ કરવા માંડે. વિદ્યુતની અસર આથી ઊલટી છે. તેના વડે તમામ પરમાણુઓ એકજ દિશામાં હલનચલન કરવા લાગે છે. બધાં પરમાણુઓને એકજ દિશાએ ગતિવાળાં કરવાનું કામ વિદ્યુતશક્તિનું છે. આ ઓરડામાં જે હવા છે, તેનાં બધાં પરમાણુ જો એકજ દિશામાં ગતિ કરવા માંડે તો એક મહાપ્રચંડ બૅટરી–વિદ્યુદુત્પાદક યંત્રની રચના થઇ જાય.

શારીરશાસ્ત્રની એક બીજી વાત પણ આપણા યોગના અભ્યાસમાં જરૂરની છે. તે એ છે કે, જ્ઞાનતંતુનું જે કેંદ્ર શ્વાસપ્રશ્વાસની ગતિનું નિયમન કરે છે, તેની સત્તા જ્ઞાનતંતુના સમગ્ર તંત્ર

ઉપર ઘણી પ્રબળ છે. તે ફેફસાંની ગતિને વ્યવસ્થિત રાખે છે અને તદુપરાંત જ્ઞાનતંતુનાં તમામ કેંદ્રો ઉપર કાબૂ ધરાવે છે.

પ્રાણાયામ કરતી વખતે શ્વાસપ્રશ્વાસનો શા માટે અભ્યાસ કરવાનું કહ્યું છે, તેનું કારણ હવે તમે કળી શકશો. પ્રથમ તો નિયમિત રીતે શ્વાસોચ્છ્વાસ લેવાનો અભ્યાસ પાડવો જોઇએ. તેમ થાય એટલે શરીરનાં તમામ પરમાણુઓની ગતિ પણ નિયમિત રીતે એક સરખી ચાલવા લાગે. આપણું મન પણ જ્યારે અનેક વિષયોમાં ન ભટકતાં એકાગ્ર થઇ જાય, ત્યારે તે દૃઢ ઇચ્છાશક્તિનું રૂપ ધારણ કરે છે. તેમ થતાં શરીરના સમગ્ર જ્ઞાનતંતુઓનો પ્રવાહ વિદ્યુતના પ્રવાહની માફક એકસરખી ગતિએ વહન કરવા લાગે છે. પદાર્થવિજ્ઞાનની પ્રયોગશાળામાં સાબિત થઇ ચૂક્યું છે કે, જ્ઞાનતંતુઓમાં વિદ્યુતપ્રવાહની અસરથી વિદ્યુતતત્ત્વ જાગૃત થવા લાગે છે. આ ઉપરથી ફલિત થાય છે કે, જ્યારે જ્ઞાનતંતુનો પ્રવાહ દૃઢ ઇચ્છાશક્તિના રૂપમાં પરિણામ પામે છે, ત્યારે તેનું સ્વરૂપ વીજળીથી ભરેલા કોઇ પદાર્થના જેવું થઈ જાય છે. શરીરની તમામ શક્તિઓ જ્યારે સંપૂર્ણ રીતે એકતાન થઈ જાય, એકજ વિષયાભિમુખ બની જાય, ત્યારે તેમાંથી ઇચ્છાશક્તિની એક પ્રચંડ બૅટરી ઉત્પન્ન થાય છે. આ બળવાન શક્તિભંડારને પેદા કરવા તરફ યોગીનું હમેશાં લક્ષ રહે છે. શ્વાસપ્રશ્વાસની ક્રિયા શા માટે આટલી બધી અગત્યની છે, તેનું પ્રયોજન આ રીતે શારીરશાસ્ત્રની મદદથી સમજાઈ જાય છે. એનું પ્રયોજન સારાંશમાં કહીએ તો શરીરમાં એક પ્રકારની એકાભિમુખી ગતિ ઉત્પન્ન કરવાનું અને શ્વાસપ્રશ્વાસને લગતા અવયવો સાથે સંબંધ ધરાવનાર જ્ઞાનતંતુના કેંદ્રની મારફતે બીજા કેંદ્રોને કાબૂમાં લાવવાનું છે. આટલું થયા પછી મૂળાધારચક્રની અંદર સુષુપ્તાવસ્થામાં પડી રહેલી કુંડલિનીશક્તિને જાગૃત કરવા તરફ

પ્રાણાયામના અભ્યાસીનું લક્ષ રહે છે.

આપણે કોઈ પણ પદાર્થ જોઇએ છીએ અથવા તેની કલ્પના કરીએ છીએ અથવા સ્વપ્નમાં કોઇ પદાર્થને જોતા હોઇએ છીએ ત્યારે આપણે તે સર્વને અમુક *દિશાંમાંજ જોઇએ છીએ. એવી સર્વ દિશાઓને આપણે મહાકાશ એવું નામ આપેલું છે. પણ યોગી જ્યારે બીજાના મનના વિચાર પ્રત્યક્ષ કરે છે અથવા કોઇ અતીંદ્રિય પદાર્થનું દર્શન કરે છે, ત્યારે જે આકાશમાં તે પદાર્થ અથવા વિચારને જુએ છે તેને ચિદાકાશ કહે છે. આપણું મન હમેશાં બાહ્યાભિમુખી હોવાથી આપણી દરેક કલ્પના મહાકાશ-ની અંદરજ રચાય છે; પણ મન જયારે અંતર્મુખ થાય છે અને બહારના કોઈ પણ પદાર્થ તરફ તે ગયેલું હોતું નથી, ત્યારે તેનો વ્યાપાર ચિદાકાશમાં ચાલતો હોય છે. કુંડલિનીશક્તિ જાગૃત થતાં તે સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરે છે, ત્યારે જે જે અનુભવ થાય છે તે બધો ચિદાકાશમાંજ થાય છે. એમ કરતાં કરતાં જ્યારે કુંડલિનીશક્તિ સુષુમ્ણા નાડીના સૌથી ઉપરના છેડા સુધી એટલે છેક મસ્તિષ્ક સુધી પહોંચી જાય છે, ત્યારે તો ચિદાકાશમાં કેવળ વિષયશૂન્ય જ્ઞાનનોજ અનુભવ થાય છે. સ્થૂળ વિદ્યુત સંબંધી આજ સુધીમાં આપણને જેટલું જ્ઞાન પ્રાપ્ત થયું છે, તે જોતાં તેનું બળ યોગબળ આગળ કશાજ હિસાબમાં નથી. આપણે વીજળીના તારની મદદથી વીજળીનો પ્રવાહ એક

* દિશા અને કાલ એ તત્ત્વજ્ઞાનના પારિભાષિક શબ્દો છે. આપણો બધો અનુભવ દિશા અને કાલથી મર્યાદિત છે. કોઇ પણ પદાર્થ જેને આપણે જોયો, તેને અમુક સ્થળનો આધાર હોવો જોઇએ અને તે જગ્યાએ તે અમુક સમયે હોવો જોઇએ મારી સામે ખડિયો છે તે મેજ પર છે. મેજ પર ન હોય તો જમીન પર હોય, પણ અધિ-ષ્ઠાન વગર તે નજ રહી શકે. —ભા. ક.

ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલી શકીએ છીએ;* પરંતુ પ્રકૃતિને તો તારની પણ જરૂર પડતી નથી. તે પોતાનો અત્યંત બળવાન શક્તિ–પ્રવાહ તાર વિના પણ એકથી બીજે ઠેકાણે પ્રેરી શકે છે. આ ઉપરથી તમને સમજાશે કે, સંદેશો મોકલવામાં તારની ખરી રીતે જરૂર તો નથીજ; પણ તેની મદદ વગર આપણે કામ કરી શકતા નથી, માટેજ આપણને તેનો ઉપયોગ કર્યા વગર ચાલતું નથી.

આપણે કોઈ પણ બાહ્યપદાર્થ જોઈએ છીએ અથવા તેને વિષે સાંભળીએ છીએ ત્યારે જે અમુક લાગણી આપણને થાય છે, તે લાગણી પ્રથમ શરીરમાં અને ત્યાર પછી મગજ સુધી પ્રવેશ કરે છે. ત્યાર પછી શરીર જે ક્રિયા કરે છે તેની ઉત્પત્તિ પણ પ્રથમ મગજમાંથી શરૂ થઈ ક્રિયારૂપે શરીરના કોઈ અવયવદ્વારા બહાર આવે છે. આ રીતે લાગણીના સંદેશા લઈ જવા લાવવાનું કામ જ્ઞાનતંતુરૂપી તારનાં દોરડાં બજાવે છે. જ્ઞાનરજ્જુમાં આવેલા ×જ્ઞાનાત્મક અને કર્માત્મક જ્ઞાનતંતુઓની પોલી રેષાઓને યોગીઓની પરિભાષામાં ઇડા અને પિંગલા નાડી કહેવામાં આવી છે. એ બેઉ નાડીઓની મારફતે જ્ઞાનાત્મક અને કર્માત્મક શક્તિના પ્રવાહ વહન કરે છે; પણ સવાલ એ

* આ ગ્રંથ સ્વામીજીએ રચ્યો તે વખતે તાર વગરના સંદેશા મોકલવાનો પ્રયોગ સફળ થયો ન હતો. અત્યારે તો ભૌતિકવિજ્ઞાને તાર વગર સંદેશા મોકલવાના પ્રયોગમાં પણ પ્રગતિ કરી છે અને સ્વામીજીની આગાહી સાચી પાડી છે. —ભા. ક.

× શરીરના અવયવમાંથી મગજને લાગણીનું ભાન કરાવનાર તે જ્ઞાનાત્મક. જેમકે મચ્છર કરડે છે એવું જ્ઞાન મગજને જેનાથી થાય છે તે. પછી મચ્છરને હાંકી મૂકો એવી મગજની આજ્ઞા હાથ સુધી પહોંચાડનાર તે કર્માત્મક. —ભા. ક.

ઊભો થાય છે કે; કોઈ પણ પ્રકારના મધ્યવર્તી પદાર્થની મદદ વગર મન પોતાના ભાવ બહાર ચારે દિશાએ કેમ પ્રેરી ન શકે? અને બહારની ખબરો પણ જ્ઞાનતંતુઓની મદદ વગર તે શા માટે ગ્રહણ ન કરી શકે? કુદરતમાં આવો વ્યાપાર નિરંતર ચાલ્યાજ કરે છે, તે આપણે જોઇએ છીએ. યોગીઓ કહે છે કે, જો તમે આટલી શક્તિ મેળવી લો તો તમે જડવસ્તુના બંધનમાંથી છૂટી ગયા જાણો; પણ હવે એ શક્તિ પ્રાપ્ત કરવી કેવી રીતે? કરોડના મધ્ય ભાગમાં આવેલી સુષુમ્ણા નાડીમાં થઇને જો તમે જ્ઞાનતંતુનો પ્રવાહ પ્રેરી શકો, તો આ કોયડો આપોઆપ ઊકલી જાય. માણસના મનેજ જ્ઞાનતંતુઓની જાળ પોતાની સગવડને ખાતર ઉત્પન્ન કરી છે, માટે મન જો ધારે તો તેને તોડી પણ શકે છે અને તેની મદદ વગર પણ પોતાનું કામ ચલાવી શકે છે. આ પ્રમાણે થાય તોજ આપણને સર્વોત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય અને દેહનાં બંધન છૂટી જાય. સુષુમ્ણા નાડીને તાબે કરવાના કાર્યને યોગીઓ એટલા માટેજ પ્રાધાન્ય આપે છે. જો તમે બીજા જ્ઞાનતંતુઓનો ઉપયોગ કર્યા વગર ઉપરોક્ત પોકળ નાડીમાં થઇને વિચાર અથવા લાગણીના પ્રવાહને પ્રેરી શકો, તો તમારૂં કાર્ય સિદ્ધ થયું જાણવું. યોગવિદ્યા તો કહે છે કે, એમાં અસંભવિત જેવું કાંઇજ નથી.

સાધારણ માણસોની સુષુમ્ણા નાડીનું નીચલું છિદ્ર બંધ હોય છે; જેથી એની મારફતે તેઓ કશું કામ લઈ શકતા નથી. એ છિદ્ર ઉઘાડીને તેની મારફતે લાગણી અને ભાવનો પ્રવાહ ચલાવવાની ક્રિયા યોગશાસ્ત્રમાં બતાવેલી છે. એ ક્રિયાનો અભ્યાસ થયેથી બીજાં જ્ઞાનતંતુઓને બદલે સુષુમ્ણાની મારફતે જ્ઞાનનો પ્રવાહ ચાલવા માંડે છે. શરીરયંત્રની એવા પ્રકારની રચના છે કે, જ્યારે કોઇ પણ જ્ઞાનતંતુના કેંદ્રને બાહ્યપદાર્થનો

આઘાત લાગે છે, ત્યારે તે સામો પ્રત્યાઘાત કરે છે. આ પ્રત્યાઘાતની અસર શરીરનાં જુદાંજુદાં સ્થાનોમાં જુદાજુદા પ્રકારથી થાય છે. આપણા શરીરમાં જે જે શક્તિ–કેંદ્રો છે, તેમના બે વિભાગ કરી શકાય છે. એક તો જ્ઞાનરહિતગતિયુક્ત કેંદ્ર, એટલે આપણને ખબર ન પડે તેમ સ્વાભાવિક રીતે જે પોતાનું કાર્ય કર્યે જાય અને બીજાં ચૈતન્યમય કેંદ્ર, એવા બે પ્રકાર છે. પહેલા વર્ગનાં કેંદ્રોના પ્રત્યાઘાત વડે ગતિ ઉત્પન્ન થાય છે અને બીજા પ્રકારનાં કેંદ્રોના પ્રત્યાઘાત વડે પ્રથમ જ્ઞાન અને પછી ગતિ પેદા થાય છે. આપણને બહારના કોઇ પણ વિષયનું જે કાંઇ જ્ઞાન થાય છે, તે હમેશાં બાહ્યવિષયના આપણા જ્ઞાનકેંદ્ર ઉપર થતા આઘાતના જવાબમાં તે કેંદ્ર જે પ્રત્યાઘાત કરે છે, તેનું પરિણામ છે. ત્યારે કોઇ પૂછશે કે, સ્વપ્નમાં આપણે નાના પ્રકારના વિષયનો અનુભવ કરીએ છીએ, તે વખતે આપણા જ્ઞાનકેંદ્ર ઉપર આઘાત કરનાર કોઇ ખરેખરો પદાર્થ તો હોતો નથી. આ ઉપર વિચાર કરી જોતાં સમજાશે કે, જેવી રીતે ગત્યાત્મકક્રિયા કરવાની શક્તિ શરીરનાં જુદાંજુદાં કેંદ્રોમાં રહેલી છે, તેવીજ રીતે શરીરના અમુક અમુક ભાગમાં જ્ઞાનાત્મક ક્રિયા કરવાની શક્તિ પણ જરૂર અવ્યકતભાવે રહેલી હોવી જોઇએ. દાખલા તરીકે ધારો કે, હું એક શહેર જોઉં છું. નગર નામનો જે બાહ્યપદાર્થ છે, તેનું સ્વરૂપ મારાં નેત્રો ઉપર પડતાં મારા મન ઉપર એક પ્રકારનો આઘાત થાય છે. તેના પ્રત્યાઘાતરૂપે મારા મનમાં એક ક્રિયા ઉત્પન્ન થાય છે. તેના પરિણામે મને શહેરના અસ્તિત્વનું ભાન થાય છે. એનું તાત્પર્ય એ છે કે, બાહ્યવિષયદ્વારા આપણાં જ્ઞાનતંતુઓ ઉપર જે અસર પેદા થાય છે, તેના પરિણામે મગજની અંદર એક ક્રિયા ચાલવા લાગે છે અને તેથી કરીને મગજનાં તમામ પરમાણુઓને ગતિ મળે છે. હવે આ વાતને ઘણા દિવસ

થઈ જાય, તોપણ એ શહેરનું ચિત્ર મારા સ્મરણ–પટ ઉપર આલેખાયેલું રહેશે. સ્મૃતિ અને સ્વપ્ન બેઉ ઉપર વર્ણવી તેવીજ માનસિક ક્રિયા–પ્રતિક્રિયાનું પરિણામ છે, પણ તેમાં જ્ઞાનતંતુની ક્રિયાની ગતિ કાંઈક મંદ છે એટલુંજ. તોપણ મગજની અંદર સાધારણ વેગથી આંદોલન ઉત્પન્ન કરનાર, આઘાત કરનાર કોણ? એ સવાલ તો હજી જેવો ને તેવોજ રહ્યો. બાહ્યપદાર્થનું પ્રથમ જ્ઞાન ઉત્પન્ન કરાવનાર લાગણીનું આ કામ છે, એમ તો કહી શકાયજ નહિ. ત્યારે આ ઉપરથી આપણે એવું અનુમાન બાંધી શકીએ કે, બાહ્યપદાર્થના જ્ઞાનથી ઉત્પન્ન થયેલા સંસ્કાર શરીરનાં કોઈ ને કોઈ સ્થાનમાં સંચિત થતા હોવા જોઈએ. તેમના દ્વારાજ શરીરનાં જુદાંજુદાં કેંદ્રો ઉપર પ્રતિક્રિયા થવાથી સ્મૃતિ અને સ્વપ્નનો અનુભવ, જે મૂળજ્ઞાન કરતાં ઓછો સ્પષ્ટ હોય છે તેની ઉત્પત્તિ થાય છે. જે સ્થાનમાં અનુભવના સંચિત થયેલા સંસ્કાર પડી રહે છે તેને મૂળાધાર કહે છે અને ત્યાં આગળ જે ક્રિયાશક્તિ ગૂંચળું વળીને પડેલી છે તેને કુંડલિની કહેવામાં આવે છે. એવું પણ અનુમાન કરી શકાય કે, શરીરની અંદર સંચિત થયેલી શક્તિઓનો સમૂહ મૂળાધાર ચક્ર આગળજ દબાઈને પડી રહેલો હોવો જોઈએ; કારણકે કોઈ પણ બાહ્ય વિષયનો લાંબા વખત સુધી અભ્યાસ કે મનન કરી રહ્યા પછી આપણને એ ભાગ ગરમ થયેલો લાગે છે.

હવે જો એ કુંડલિનીશક્તિને જાગૃત કરીને, ઇરાદાપૂર્વક સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરાવીને એક પછી એક ચક્રોમાં થઈને પસાર કરાવી દેવાય. તો તેમાંથી એક અતિ બળવાન પ્રતિક્રિયા પેદા થાય છે. કુંડલિનીશક્તિનો અતિ અલ્પ અંશ કોઈ જ્ઞાનતંતુમાં પ્રવેશ કરે છે ત્યારે તે જ્ઞાનતંતુની પ્રતિક્રિયાને પરિણામે સ્વપ્ન અને સતેજ થયેલી કલ્પનાશક્તિનો અનુભવ થાય છે.

પરંતુ લાંબા સમયના ધ્યાનના પ્રભાવથી સંચિત થયેલી કુંડલિનીશક્તિ જ્યારે સુષુમ્ણામાં વહન કરે છે, અને ષટ્ચક્રો ઉપર જોરથી આઘાત કરે છે, ત્યારે જે પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે તેનું બળ સ્વપ્ન, કલ્પના અને ઇંદ્રિયજન્ય પ્રતિક્રિયાના બળ કરતાં અનંતગણું વધારે હોય છે. જેને ઇંદ્રિયાતીત જ્ઞાન કહે છે, તે આજ સ્થિતિમાં પ્રાપ્ત થાય છે. એ અવસ્થામાંજ પૂર્ણ ચૈતન્યનો અનુભવ થાય છે. જ્યારે એ કુંડલિનીશક્તિ આખરે સર્વ પ્રકારના જ્ઞાનના અને સર્વ પ્રકારના અનુભવના કેંદ્રસ્વરૂપ મસ્તિષ્કમાં પ્રવેશ કરે છે, ત્યારે આખું મગજ અને તેના પ્રત્યેક અનુભવસંપન્ન પરમાણુઓમાં પ્રતિક્રિયા શરૂ થાય છે અને તેના પરિણામે જ્ઞાનસૂર્યનો સંપૂર્ણ પ્રકાશ ઝળહળી ઊઠીને આત્માનુભૂતિનું સુખ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે કુંડલિનીશક્તિ એક પછી એક ચક્રોને ભેદતી આગળ વધે છે, તેમ તેમ મનનાં આવરણો ચિરાતાં ચાલીને યોગીની દૃષ્ટિએ આખું વિશ્વ તેના સૂક્ષ્મ અને કારણસ્વરૂપમાં પ્રત્યક્ષ થાય છે; તથા જગતનું મૂળ કારણ અને ઇંદ્રિયજન્ય જ્ઞાન તથા તેની પ્રતિક્રિયાઓ તેમના ખરા સ્વરૂપમાં જોઇ શકાય છે અને તે પૂર્ણ જ્ઞાનનો માલિક બને છે. કારણ જાણ્યા પછી કાર્યનું જ્ઞાન તો આપોઆપજ થઇ જાય છે.

આ ઉપરથી તમને સમજાયું હશે કે, કુંડલિનીને જાગૃત કરવી એજ તત્ત્વજ્ઞાન, ઇંદ્રિયાતીતજ્ઞાન અને આત્માનુભૂતિને પ્રાપ્ત કરવાનો સાચો અને અમોઘ ઉપાય છે. તેને જાગૃત કરવાની અનેક ક્રિયાઓ છે. કેવળ ઇશ્વરભક્તિનાજ બળથી કેટલાકની કુંડલિની જાગૃત થઇ જાય છે, તો કેટલાકની સિદ્ધ મહાત્માઓની કૃપાથી કે માત્ર તત્ત્વવિચારથીજ એ સ્થિતિ આવી જાય છે. આ જગતમાં જ્યાં પણ અલૌકિક જ્ઞાન અને સામર્થ્યનો ચમત્કાર જોવામાં આવે, ત્યાં એ કુંડલિનીશક્તિ થોડા અથવા ઘણા પ્રમા-

ણમાં સુષુમ્ણામાં ગયેલી હોવીજ જોઇએ. એવા અલૌકિક ઘણા-ખરા પુરુષોમાં તેમની જાણ વગર પણ તેમની અમુક જ્ઞાન કિંવા અજ્ઞાત સાધનાના બળથી તેમની કુંડલિનીશકિત થોડે અંશે પણ છૂટી થઇને સુષુમ્ણામાં પ્રવિષ્ટ થયેલી હોય છે. ભક્તિ કરતાં કરતાં પણ જાણ્યેઅજાણ્યે કુંડલિનીની જાગૃતિ થઇ જાય છે. જ્યારે ભક્તો કહે છે કે, અમારી પ્રાર્થનાનો જવાબ મળે છે, ત્યારે તેઓને ખબર નથી હોતી કે,તેમણે પ્રાર્થનારૂપી મનોવૃત્તિના બળથી પોતાનાજ શરીરમાં રહેલી અનંતશક્તિના એક બિંદુને જાગૃત કરી દીધું છે, તેથીજ એ પરિણામ આવ્યું છે. માટે અજ્ઞાન મનુષ્યો જેની ભય અને વ્યગ્રતાપૂર્વક આરાધના કરે છે, તે વર-દાયિની સર્વ મનકામના પૂર્ણ કરનારી મહાશક્તિ તેમના શરીર-માંજ રહેલી છે, એમ યોગવિદ્યા જાહેર કરે છે તેની નજીક કેવી રીતે જવું એટલુંજ શીખી લેવાની જરૂર છે; એટલા માટે રાજ-યોગ ધર્મનું ખરેખરૂં વિજ્ઞાન છે. ભક્તિ, ઉપાસના, પ્રાર્થના અને અન્ય સર્વ પ્રકારના સાધનમાર્ગ અને ચમત્કારનું ખરેખરૂં વૈજ્ઞાનિક તત્ત્વ તે પ્રકટ રીતે સમજાવી દે છે.



अध्याय ५ मो–प्राणनो संयम

હવે આપણે પ્રાણાયામની જુદીજુદી ક્રિયાઓની સમાલોચના કરીએ. આપણે એટલું તો જાણી લીધું છે કે, યોગવિદ્યાના મત પ્રમાણે સાધનનું પહેલું પગથિયું તો ફેફસાંની ગતિને પોતાના કાબૂમાં લાવવાનું છે. શરીરની અંદર જે જે અતિ સૂક્ષ્મ ક્રિયાઓ ચાલી રહી છે, તેનો અનુભવ કરવો એ આપણું અત્યારે લક્ષ્ય છે. આપણું મન તદ્દનજ બહિર્મુખ બની ગયું છે, તેથી અંદરની સૂક્ષ્મ-અતિ સૂક્ષ્મ ક્રિયાઓને તો તે ગ્રહણજ કરી શકતું નથી. આપણે એ ક્રિયાઓનો એક વાર અનુભવ કરી લઈએ, એટલે પછી તેમને કાબૂમાં લાવવાનું કામ સહેલું થઈ જાય છે. આપણા શરીરમાં જ્ઞાનતંતુઓજ શકિતનો પ્રવાહ બધાં અંગોને પહોંચાડે છે અને જો કે તેની આપણને ખબર નથી હોતી, તોપણ શરીરની પ્રત્યેક માંસપેશીને જ્ઞાનતંતુઓદ્વારાજ જીવનશક્તિ પહોંચે છે. યોગવિદ્યા કહે છે કે, જ્ઞાનતંતુઓની આ બધી ક્રિયાઓનો અનુભવ કરી લેવાની તથા તેના પર કાબૂ બેસાડવાની શકિત આપણામાં રહેલી છે. આપણે તેમ કરવાને ઇચ્છીએ એટલે માર્ગ ખુલ્લો થતો જાય છે. પ્રથમ શ્વાસપ્રશ્વાસની ગતિથી આરંભીને અભ્યાસ કરતાં કરતાં પ્રાણની ભિન્નભિન્ન પ્રકારની ગતિઓ આપણા કાબૂમાં આવતી જાય છે અને પૂરતો વખત અભ્યાસ કર્યાથી શરીરની અંદરની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગતિઓ ઉપર પણ આપણે કાબૂ મેળવી શકીએ છીએ.

હવે તમને પ્રાણાયામની ક્રિયાઓનું સ્વરૂપ બતાવું છું. શાંત મન રાખીને સીધા બેસવું. શરીરને બરાબર ટટાર રાખવું. જ્ઞાનરજ્જુ કરોડની સાથે વળગેલ નથી, તોપણ તેની અંદર તો રહેલી છેજ. ખૂંધા વળીને બેસવાથી એ જ્ઞાનરજ્જુને તમે ખલેલ જ પહોંચાડો છો; વાંકા બેસીને તમે જયારે પણ ધ્યાન કરવાનાં ફાંફાં મારો છો, ત્યારે તે કામ ન થતાં ઊલટા તમે પોતાની જાતને નુકસાનજ પહોંચાડો છો. છાતી, ડોક અને માથું એ ત્રણે ભાગ બરાબર સીધી લીટીમાં રહેવા જોઇએ. થોડાક અભ્યાસથી તમને આ ઢબે બેસવાનો મહાવરો પડી જતાં શ્વાસપ્રશ્વાસના જેવું એ સહેલું અને સ્વાભાવિક થઇ પડશે. ત્યાર પછી તમારે જ્ઞાનતંતુઓને તમારા કાબૂમાં લાવવા પ્રયત્ન કરવાનો છે. શરૂઆતમાં કહ્યા મુજબ, જે જ્ઞાનતંતુનું કેંદ્ર ફેફસાંની ગતિનું નિયમન કરે છે, તે શરીરના બીજા જ્ઞાનતંતુઓને પણ કાબૂમાં રાખે છે. એટલાજ માટે શ્વાસ અને ઉચ્છ્વાસની ક્રિયા કાળના મુકરર માપસરજ એટલે તાલબંધ થવી જોઇએ. આપણે શ્વાસપ્રશ્વાસની ક્રિયા તો સદા કર્યાંજ કરીએ છીએ; પરંતુ તે બિલકુલ બેતાલી અને અનિયમિત હોય છે. વળી એ પણ તમારે ધ્યાનમાં રાખવું જોઇએ કે, સ્ત્રી અને પુરુષની શ્વસનક્રિયામાં પણ સ્વાભાવિક રીતે ફેર છે.

પ્રાણાયામનો પહેલો પાઠ એ છે કે, અમુક પ્રમાણમાં અને અમુક વખતમાં શ્વાસ અંદર લેવો અને બહાર કાઢવો. એમ કરવાથી શરીરયંત્રમાં સઘળે એકતાનતા વ્યાપી જશે. આવા પ્રકારનો અભ્યાસ થોડા દિવસ ચાલુ રાખ્યા પછી શ્વાસ લેતાંમૂકતાં ૐકાર અથવા બીજા કોઇ ઇશ્વરવાચક પવિત્ર શબ્દનો ઉચ્ચાર કરતા જવું. એ શબ્દનો ધ્વનિ તમારા શ્વાસની સાથે શરીરની અંદર જાય અને પ્રશ્વાસની સાથે નિયમિત રીતે તાલસહિત બહાર નીકળી જાય એવો પ્રયત્ન કરવો. એથી કરીને તમારા સમગ્ર

શરીરમાં એકતાનતા અને સમતા વ્યાપી ગયાં હોય, એવો તમને અનુભવ થવા માંડશે. ખરેખરો આરામ કોને કહે છે, તેનો તમને ત્યારેજ ખ્યાલ આવશે. આ પ્રાણાયામમાંથી શરીરને જે આરામ અને તાજગી મળે છે, તેની આગળ ઊંઘ કશા હિસાબમાં નથી. આવા પ્રકારની વિશ્રાંતિ લીધાથી તમારા અત્યંત શ્રમિત થયેલા જ્ઞાનતંતુઓને અપૂર્વ રાહત મળશે અને તમને એમજ થશે કે, ખરેખરી વિશ્રાંતિનું સુખ તો આજેજ ભોગવ્યું. પ્રાણાયામ કરતી વખતે શ્વાસને લેવામાં તથા છોડવામાં કેટલો કાળ જવો જોઇએ, તેનું માપ કાઢવા માટે એક, બે, ત્રણ, ચાર એમ ન ગણતાં કેટલાક સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરવાનો રિવાજ હિંદુસ્તાનમાં છે. એટલા માટે પ્રાણાયામની અંદર ૐકાર અથવા એવા કોઇ ઇશ્વરવાચક પવિત્ર શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે.

આવા પ્રકારના અભ્યાસની સૌથી પહેલી અસર તો સાધકની કાંતિમાંજ પ્રત્યક્ષ થાય છે. મુખ ઉપરની શુષ્કતા અને કઠોરતાસૂચક રેખાઓ ચાલી જાય છે. મન શાંતિથી પરિપૂર્ણ થઈ જાય છે અને અંદરની શાંતિ તથા આનંદ બહાર પ્રકટી નીકળી સાધકના મુખની શોભામાં શાંતિ, આનંદ અને ગંભીરતાના ભાવ ઉમેરાય છે. ત્યાર પછી સાધકનો કંઠ પણ ઘણો મધુર થવા લાગે છે. જેનો કંઠ કર્કશ હોય એવો એક પણ યોગી મેં જોયો નથી. થોડાક માસના અભ્યાસ પછી આ બધાં ચિહ્નો પ્રકટતાં ચાલે છે.

પ્રાણાયામને લગતી ઉપર જણાવેલી શરૂઆતની ક્રિયાનો અભ્યાસ થોડા દિવસ કર્યાં પછીજ તે કરતાં વધારે ઊંચા પ્રકારનો પ્રાણાયામ આ પ્રમાણે કરવા માંડવો. ઇડા એટલે ડાબા નસકોરાદ્વારા ફેફસાંને વાયુ વડે ધીરે ધીરે ભરવાં. તેમ કરતી વખતે જ્ઞાનતંતુના પ્રવાહ ઉપર મનને એકાગ્ર કરો. ત્યાર પછી એવી ભાવના કરો કે, તમે જ્ઞાનતંતુના પ્રવાહને ઇડા નાડીની

મારફતે નીચે મોકલો છો અને કુંડલિનીશક્તિના આધારરૂપ મૂળાધાર ચક્રની નજીકમાં આવેલા ત્રિકોણાકૃતિવાળા પદ્મ ઉપર તમે જોરથી આઘાત કરો છો. ત્યાર પછી એ પ્રવાહને થોડી વાર સુધી એજ જગ્યાએ સ્થિર કરો. તેમ કર્યા પછી એ શક્તિપ્રવાહને જાણે તમે શ્વાસની જોડેજ બીજી બાજુએ લઈ જતા હો એવી ભાવના કરો. પછી જમણા નસકોરાદ્વારા વાયુને ધીરે ધીરે બહાર કાઢો. આ ક્રિયા તમને જરા અઘરી લાગશે ખરી. પ્રથમ અંગૂઠા વડે જમણું નસકોરૂં બંધ કરી ડાબા નસકોરાદ્વારા ધીરે ધીરે વાયુનું શોષણ કરવું. ત્યાર પછી અંગૂઠા અને તર્જની વડે બેઉ નસકોરાં બંધ કરી દેવાં અને ભાવના કરવી કે, આપણે જ્ઞાનતંતુના પ્રવાહને નીચે મોકલીએ છીએ અને સુષુમ્ણાના મૂળ આગળ ધક્કો મારીએ છીએ. પછી અંગૂઠો ઉપાડી લઈને તે વાયુનું રેચન કરવું. ત્યાર પછી ફરીથી તર્જની વડે ડાબું નસકોરૂં બંધ કરીને જમણા નસકોરાદ્વારા ધીરે ધીરે શ્વાસ લેવો અને પછી પહેલાં કહ્યું તે પ્રમાણે બેઉ નસકોરાં બંધ કરવાં. હિંદુ લોકોની માફક પ્રાણાયામ કરવાનું આ દેશના (અમેરિકાના) લોકોને ઘણું અઘરૂં લાગે છે; કારણકે હિંદુ લોકોને તો બાળપણથીજ પ્રાણાયામ કરવાનો અભ્યાસ હોય છે અને તેમનાં ફેફસાં ટેવાઇ ગયેલાં હોય છે; માટે આ દેશના લોકોએ ચાર સેકંડથી આરંભ કરવો અને ધીમે ધીમે સમયને વધારતા જવું. ચાર સેકંડ સુધી પૂરક કર્યા પછી સોળ સેકંડ સુધી કુંભક કરવો અને રેચકની ક્રિયામાં આઠ સેકંડ લેવી. આટલું કરીએ એટલે એક પ્રાણાયામ થયો કહેવાય. હમેશાં મૂળાધાર ચક્ર આગળ રહેલા ત્રિકોણાકાર પદ્મ ઉપર મનને એકાગ્ર કરવાનું ભૂલતા નહિ. આવી રીતે ભાવના કરવાથી સાધનમાર્ગમાં અનેક પ્રકારની સરળતા થઇ જાય છે. હવે તમને ત્રીજી જાતના પ્રાણા-

યામનો વિધિ બતાવું છું. ધીમે ધીમે શ્વાસ લેવો; પછી ક્ષણનો પણ વિલંબ ન કરતાં તેને ધીરે ધીરે બહાર કાઢી નાખવો અને ત્યાર પછી થોડી વાર બહારના વાયુને રોકી રાખવો. એટલે શ્વાસ લીધા વગર બેસી રહેવું. આમાં ત્રણે વખતના કાળનું માપ પહેલાંના જેટલુંજ સમજવું. પ્રથમના પ્રાણાયામ અને આ પ્રાણાયામની વચ્ચે તફાવત એટલોજ છે કે, પહેલામાં શ્વાસને ફેફસાંની અંદર ધારણ કરવાનો (રોકવાનો) છે અને બીજામાં તેને બહાર રોકી રાખવાનો છે; પરંતુ એ વધારે સહેલો છે. જે પ્રાણાયામમાં શ્વાસને ફેફસાંમાં રોકી રાખવો પડે છે, તેનો અભ્યાસ હદ કરતાં વધારે કરવાથી નુકસાન થવાનો સંભવ છે. સવારમાં તેમજ સાંજે પ્રથમ એવા ચારચાર પ્રાણાયામનો અભ્યાસ કરવો અને તે પછી ધીમે ધીમે પ્રાણાયામની સંખ્યા અને પૂરક રેચક તથા કુંભકના કાળમાં વધારો કરતા જવું. આ અભ્યાસ ઘણો સરળ છે અને તેમાં ઘણો આનંદ રહેલો છે. જ્યારે તમને એમ લાગે કે, તમે આ ક્રિયા અત્યંત સરળતાપૂર્વક કરી શકો છો, ત્યારે ઘણીજ સાવધાનીથી પોતાની શક્તિનું માપ કાઢીને કાળનું માપ ચારને બદલે છ સેકંડનું કરી દેવું. પ્રાણાયામનો અભ્યાસ અનિયમિતપણે કરવાથી નુકસાન થાય છે.

નાડીઓને શુદ્ધ કરવાને માટે ઉપરની ત્રણ ક્રિયાઓ જેમકે (૧) નાડી શુદ્ધ કરવાની ક્રિયા, (૨) શ્વાસ ધારણ કરવાની ક્રિયા, (૩) શ્વાસને બહાર રોકી રાખવાની ક્રિયા—એ ત્રણમાં પહેલી અને છેલ્લી ઘણી સહેલી છે અને તેના અભ્યાસથી નુકસાન થવાનો સંભવ નથી. પહેલી ક્રિયાનો જેમ જેમ અભ્યાસ કરતા જશો તેમ તેમ તમારા ચિત્તની શાંતિ વધતી જશે. એ ક્રિયાની સાથે ૐકારના જપનો યોગ કરી દેજો. તમે કોઈ બીજા કામમાં રોકાયા હો તો તે કામ કરતાં કરતાં પણ તમે આ ક્રિયા કરી

શકશો. તેમ કરવાથી તમારી ઉત્તરોત્તર ઉન્નતિ થતી જશે. એ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં સાધનનું બળ વધી જતાં એક દિવસ તમારી કુંડલિની પણ જાગૃત થઇ જશે. દિવસમાં એકાદ-બે વખત અભ્યાસ કરનારને પણ શરીર તથા મનની કાંઇક શાંતિ અને કંઠની મધુરતાનો લાભ તો મળશેજ; પણ એટલાથી સંતુષ્ટ ન થતાં જેઓ વધારે આગળ જવા મથશે તેમની કુંડલિની પણ અવશ્ય જાગૃત થઈ શકશે અને તેમ થતાં સમસ્ત પ્રકૃતિ તેમને નવાજ સ્વરૂપમાં દેખાવા લાગશે તથા જ્ઞાનનો દરવાજો તેમને માટે ઊઘડી જશે. પછી જ્ઞાનપ્રાપ્તિને માટે તેમને કોઇ પણ પુસ્તકનો આશ્રય લેવાની ગરજ નહિ રહે. તેમનું પોતાનું અંતઃકરણજ અનંત જ્ઞાનથી ભરેલા પુસ્તકની ગરજ સારશે.

મેં પ્રારંભમાંજ કરોડની ડાબી તથા જમણી બાજુએ આવેલી ઇડા તથા પિંગલા નાડીઓ વિષે તથા કરોડની વચ્ચે રહેલી સુષુમ્ણા નાડી વિષે ઉલ્લેખ કર્યો છે. આ ત્રણે નાડીઓ પ્રાણીમાત્રમાં રહેલી છે; પરંતુ યોગવિદ્યા કહે છે કે, સામાન્ય પ્રાણીઓમાં સુષુમ્ણાનું નીચલું દ્વાર બંધ હોઇને માત્ર ઇડા અને પિંગલા નાડીઓદ્વારા શરીરના જુદાજુદા ભાગમાં શકિતનું વહન કરવાની ક્રિયાજ તેમના શરીરમાં ચાલતી હોય છે. સુષુમ્ણાનું દ્વાર તો માત્ર યોગીઓનાજ શરીરમાં ઊઘડેલું હોય છે. જયારે એ સુષુમ્ણામાં થઇને જ્ઞાનતંતુની શકિતનો પ્રવાહ વહેવા લાગે, એ રસ્તે ઊંચે ચડતો જાય અને ચિત્તની ક્રિયા એની અંદરજ ચાલવા માંડે ત્યારે આપણે અતીંદ્રિય પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. તે વખતે મન અતીંદ્રિય, જ્ઞાનાતીત તથા પૂર્ણ ચૈતન્યમય અવસ્થાનો અનુભવ કરે છે. તે વખતે આપણે બુદ્ધિની પેલી મેરના પ્રદેશમાં-જયાં બુદ્ધિ અને તર્ક પહોંચી શકતાંજ નથી ત્યાં-પહોંચી જઇએ છીએ. એ સુષુમ્ણાના દ્વારને કોઇ પણ રીતે

ઉઘાડવા તરફજ યોગી ખાસ લક્ષ દે છે. જે શકિતકેંદ્રો વિષે હું પહેલાં કહી ગયો છું તે બધાનાં સ્થાન આ સુષુમ્ણાના માર્ગમાં આવેલાં છે. એ કેંદ્રોને યોગીઓ તેમની રૂપક ભાષામાં ચક્ર અથવા પદ્મ કહે છે. એમાંનું સૌથી નીચેનું ચક્ર સુષુમ્ણાના છેક નીચલા ભાગ આગળ છે; તેને મૂલાધારચક્ર કહે છે. ત્યાર પછી સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સૌથી ઉપરનું ખોપરીની ટોચ આગળ આવેલું સહસ્રાર અથવા સહસ્રદલ-પદ્મ કહેવાય છે. એમાંથી અત્યારે આપણને માત્ર બેનુંજ કામ છે. એક સૌથી નીચેનું મૂલાધાર અને બીજું સૌથી ઉપરનું સહસ્રાર. શકિતનો ભંડાર જે સૌથી નીચેના ચક્ર આગળ પડી રહેલો છે તેને ખેંચીને સૌથી ઊંચેના સહસ્રારચક્ર સુધી લઇ જવાનો છે. યોગીઓનો અભિપ્રાય એવો છે કે, મનુષ્યના શરીરમાં જે જે પ્રકારની શકિતઓ રહેલી છે, તેમાં સૌથી શ્રેષ્ઠ શકિત ઓજસ છે. એ ઓજસનું સ્થાન મસ્તિષ્કમાં છે અને હરકોઇ મનુષ્યના માથામાં ઓજસનો સમુદાય જેમ વધારે તેમ તે વિશેષ બુદ્ધિમાન, પ્રતિભાશાળી તથા આત્મબળથી યુકત હોય છે. એક માણસ ઘણીજ સુંદર ભાષામાં ઘણાજ સુંદર વિચારો જણાવે છે, તોપણ લોકોના મન ઉપર અસર થતી નથી અને બીજો માણસ, કે જેની ભાષા અને વિચાર પહેલાના જેટલા મધુર અને સુંદર હોતા નથી, તેનું ભાષણ લોકોના ઉપર ભારે અસર ઉપજાવે છે; એટલુંજ નહિ પણ તેના હાથની, નેત્રની એકેએક હિલચાલ જાદૂઈ અસર કરે છે. તેનું કારણ એ છે કે, તેના માથામાં રહેલી ઓજસશક્તિ બહાર નીકળીને આ આશ્ચર્યજનક પરિણામ લાવે છે. એ માણસ જે જે કામ કરે છે તેમાં આ શક્તિનો વિકાસ દેખાય છે.

મનુષ્યમાત્રમાં થોડાઘણા પ્રમાણમાં તો ઓજસશક્તિ કુદરતી રીતેજ રહેલી છે. શરીરમાં જે જે શક્તિઓ કામ કરે છે, તેના ઊંચામાં ઊંચા વિકાસનું સ્વરૂપ તે ઓજસ. એક વાત

તમારે હમેશાં સ્મરણમાં રાખવી જોઇએ કે, આ જગતમાંની પ્રત્યેક પ્રકારની શક્તિઓ એક મૂળ શક્તિનુંજ રૂપાંતર માત્ર છે; અને તેથી જે શક્તિ બાહ્યજગતમાં વિદ્યુત્ અથવા ચુંબકરૂપે કાર્ય કરે છે, તે શક્તિને આભ્યંતરિક શક્તિના સ્વરૂપમાં પણ પલટાવી શકાય છે. એવીજ રીતે શરીરબળને પણ ઓજસના રૂપમાં ફેરવી શકાય છે. યોગીઓ કહે છે કે, જે શક્તિ મનુષ્યના શરીરમાં કામક્રિયા અથવા કામ સંબંધી વિચારોના રૂપમાં રહેલી છે, તેનો નિગ્રહ અને દમન કરવાથી વીર્યનું ઓજસ બની જાય છે. એ શક્તિનું નિયામક મૂલાધારચક્ર હોવાથી યોગીઓ તેના તરફ વિશેષ લક્ષ આપે છે. શરીરમાં જે કામોત્પાદક શક્તિ રહેલી છે, તેનું ઓજસ કરવાની યોગીઓની ઇચ્છા હોય છે. જે સ્ત્રીપુરુષોએ કામવાસનાને જીતી છે, તેઓજ પોતાના માથામાં ઓજસનો સંચય કરી શકે છે. એટલાજ માટે તમામ દેશોમાં, તમામ ધર્મોમાં બ્રહ્મચર્યને ઊંચા પ્રકારનાં સાધનોમાં અગત્યનું સ્થાન અપાયેલું છે. દરેક મનુષ્ય જોઈ શકે છે કે, કામવિકારને તાબે થવાથી ધર્મભાવ, ચારિત્ર્યબળ અને માનસિક શકિતઓ, એ સર્વ દુર્બળ થાય છે. આથીજ જે જે ધર્મમાં મહાન ધર્મવીરો પ્રકટ થયા છે તે બધાના ઉપદેશોમાં બ્રહ્મચર્ય ઉપર વિશેષ ભાર અપાયો છે; આજ કારણને લીધે આજીવન બ્રહ્મચર્ય પાળનારા સાધુસાધ્વીઓના સંપ્રદાય પેદા થયા છે. માટે મન, વચન અને કર્મથી બ્રહ્મચર્યનું પાલન કરવાની ઘણીજ આવશ્યકતા છે. બ્રહ્મચર્યનો ભંગ કરતા જઇને રાજયોગનો અભ્યાસ કરવાથી ભારે નુકસાન થાય છે. એમાંથી ઘણાને મગજના વ્યાધિ અને ગાંડપણ પ્રાપ્ત થયાં છે. એક બાજુએથી લોકો બ્રહ્મચર્યનો ભંગ કરીને અપવિત્ર જીવન ગાળે અને બીજી બાજુએથી રાજયોગનો અભ્યાસ કરતા જાય, એ રીતે યોગવિદ્યામાં આગળ વધવાની આશાજ કેમ રાખી શકાય?

अध्याय ६ ठो–प्रत्याहार अने धारणा

પ્રાણાયામ સિદ્ધ કર્યા પછી પ્રત્યાહારનું સાધન કરવાનું કહેલું છે. કોઇ પ્રશ્ન કરશે કે, "પ્રત્યાહાર" એટલે કઈ ક્રિયા? પદાર્થનું જ્ઞાન આપણને કેવી રીતે થાય છે, એ તો તમે બધા જાણો છો. આપણને બહારના પદાર્થોનું જ્ઞાન કરાવનાર જે જે સાધનો છે, તેમાં પ્રથમ ઇંદ્રિયોના બારણાની ગરજ સારનારાં આંખ, નાક વગેરે બાહ્યયંત્રો છે; તેમના પછી મગજનાં કેંદ્રોની મારફતે કાર્ય કરનાર બાહ્યઇંદ્રિયોની પાછળ રહેલી સૂક્ષ્મ ઇંદ્રિયો અને ત્યાર પછી મન. જ્યારે એ ત્રણેનો કોઈ બહારના પદાર્થની સાથે યોગ થ ય છે, ત્યારે આપણને તે પદાર્થનું જ્ઞાન થાય છે. પરંતુ મનને એકાગ્ર કરીને એકજ ઇંદ્રિય ઉપર સ્થિર કરવાનું કામ ઘણું અઘરૂં છે; કારણકે મન વિષયને આધીન બની ગયેલું છે.

આપણે વારંવાર જોઇએ છીએ કે, ઉપદેશ આપનારાઓ હમેશાં ઉપદેશજઆપ્યા કરે છે કે,"પવિત્ર થાઓ," "સાધુચરિત થાઓ." કદાચ દુનિયામાં એવું એક પણ બાળક નહિ હોય કે જેને "ચોરી કરવી નહિ," "જૂઠું બોલવું નહિ," એવી એવી શિખામણો દેવામાં આવી ન હોય; પણ અસત્ય, ચોરી વગેરે દુર્ગુણોથી કેમ બચી જવું તેનો ઉપાય તેને કોઇ બતાવતું નથી. એકલો મોઢેથી ઉપદેશ દીધાથી શું વળે? ચૌર્યવૃત્તિને દબાવવાનો ઉપાય જ્યાંસુધી તેને બતાવવામાં ન આવ્યો હોય, ત્યાંસુધી તે

ચોરી કરતો કેવી રીતે અટકે? આપણે તેને એ બૂરી આદતમાંથી બચવાનો ઉપાય બતાવતા નથી અને "ચોરી કરવી નહિ" એવો શુષ્ક ઉપદેશજ આપ્યા કરીએ છીએ; પરંતુ જો કોઇ તેને મનનો સંયમ કરવાનો ઉપાય બતાવે, તોજ તેને વાસ્તવિક રીતે મદદ કરી કહેવાય; અને તેને આપેલા ઉપદેશનો તે કાંઈક પણ લાભ ઉઠાવી શકે.

આપણું મન જ્યારે ઇંદ્રિયોનાં નામથી ઓળખાતાં જુદાંજુદાં શક્તિકેંદ્રોની સાથે યોગ કરે છે, ત્યારેજ બહારનાં તેમજ આંતરિક કર્મ થઇ શકે છે દરેક માણસનું મન ઇચ્છાએ અથવા અનિચ્છાએ જુદાંજુદાં શક્તિકેંદ્રોની સાથે જોડાયા વગર રહેતું નથી. આથીજ મનુષ્યથી નાના પ્રકારનાં દુષ્કર્મ થઈ જાય છે અને અંતે તેને કષ્ટ ભોગવવું પડે છે. જો મન ઉપર માણસનો પૂરેપૂરો કાબૂ હોય તો તેને હાથે કદી પણ પાપકર્મ થઇ શકેજ નહિ. એક વાર આપણું મન આપણા કબજામાં આવી ગયું, એટલે પછી તે પોતાની મેળે જ્ઞાનેંદ્રિયો સાથે જોડાતું નથી અને એમ થયું એટલે તમામ વિકારો અને ઇચ્છાઓ સહેજે કાબૂમાં આવી જાય છે. અહીં સુધી તો બધું સમજાય એવું છે, પણ હવે પ્રશ્ન એ થાય છે કે, આ પ્રમાણે થવું સંભવિત છે ખરૂં? અલબત, તદ્દન સંભવિત છે. વર્તમાન સમયમાં પણ તમે તેનો કાંઇક આભાસ જોઇ શકો છો. શ્રદ્ધા ઉપજાવીને વ્યાધિનું નિવારણ કરનારા માંત્રિકો એવો ઉપદેશ આપે છે કે, "દુઃખ, કષ્ટ, પાપ એમાંનું કાંઇ પણ છેજ નહિ, એવી ભાવના કરો." તેમની વિચારશ્રેણી જોઇએ તેવી સ્ફુટ અને ચોક્કસ નથી, તોપણ એટલું તો ખરૂં છે કે યોગવિદ્યાનો એક અંશ તેમની ઠોકરે ચડવાથી તેમને હાથ લાગી ગયો છે. જ્યારે જ્યારે પણ તેઓ દુઃખ, કલેશ ઈત્યાદિ કાંઇ છેજ નહિ એવી ભાવના કરાવીને દુઃખ ઇત્યાદિ દૂર કરવામાં સફળતા

મેળવે છે, ત્યારે તેઓ ખરી રીતે એક પ્રકારનો પ્રત્યાહારજ શીખવે છે; કારણકે તેઓ પોતાના×વિધેયના મનને એટલે સુધી સબળ બનાવી દે છે કે ઇંદ્રિયો દુઃખ, કલેશ ઇત્યાદિનું સૂચન કરે, તોપણ મન તે સૂચનાઓને ગ્રહણુજ કરતું નથી. વશીકરણ-વિદ્યાનો પ્રયોગ કરનારા (હિપ્નોટિઝમ કરનારા) પણ ઉપર કહ્યું તેજ પ્રમાણે તેમની આજ્ઞાઓના બળ વડે પોતાના વિધેયમાં એક જાતનો અસ્વાભાવિક અને નુકસાનકારક પ્રત્યાહાર ઉત્પન્ન કરે છે. વશીકરણ કરનારાઓની આજ્ઞાનો પ્રભાવ માત્ર રોગી શરીર અને નિર્બળ મનવાળાં મનુષ્યો ઉપરજ પડે છે અને તેમાં પણ* સ્થિર દૃષ્ટિ અથવા એવા કોઇ ઉપાય વડે વિધેયના મનને વશ કરી તેને કેવળ નિષ્ક્રિય ન બનાવી દેવામાં આવે ત્યાંસુધી વિધેયના મન ઉપર વિધાયકની આજ્ઞાની કશી અસર થતી નથી.

જેઓ વશીકરણ કરે છે અથવા શ્રદ્ધાવડે વ્યાધિનું નિવારણ કરે છે, તેઓ થોડા વખતને માટે પોતાના વિધેયનાં શક્તિકેંદ્રોને વશ કરી લે છે. એ કાર્ય અત્યંત તિરસ્કારને પાત્ર છે; કારણકે પરિણામે વિધેયની પાયમાલી થાય છે. પોતાનાજ સંકલ્પ-

---

× જેના ઉપર પ્રાણવિનિમયાદિનો પ્રયોગ કરવામાં આવે તે.

* આ વિદ્યાનું રહસ્ય નીચે પ્રમાણે છેઃ—

વિધાયક-પ્રયોગ કરનાર વિધેયને પોતાની સામે બેસાડી તેની નજર પોતાની આંખો સામે સ્થિર કરવાનું કહે છે. ત્યારપછી તેને શિથિલ થવાની એટલે પોતાના શરીર તથા મનને તદ્દન ઢીલું બનાવવાની આજ્ઞા કરે છે. આવી સ્થિતિમાં વિધેય આવી જાય એટલે વિધાયકની આજ્ઞાઓને તે ગ્રહણ કરે છે. વિધાયક કહેશે કે, "આ તળાવ છે, તરવા માંડ." એટલે વિધેય જમીનને પાણી જુએ છે અને જમીન પર હાથપગ ઘસી તરવાનો દેખાવ કરે છે. વિધેયના મનને નિષ્ક્રિય કરીને તેને પોતાની આજ્ઞાને વશવર્તી કરવું એ આ વિદ્યાનું રહસ્ય છે.

—અનુવાદક

બળથી શક્તિકેંદ્રોને વશ કરાતાં હોય તો ઘણું સારૂં; પરંતુ આમાં તો બીજો માણસ તેના સંકલ્પ–બળથી જાણે વિષેયની મગજ-શક્તિને ફટકો મારી તેને બેશુદ્ધ કરી દેતો હોય તેવા પ્રકારની ક્રિયા થાય છે. પાણીદાર અને તેજી ઘોડાની ગતિને લગામથી અથવા પોતાનાજ બાહુબળથી ન રોકતાં, બીજાને આપણી મદદે બોલાવીએ અને તે આવીને ઘોડાના માથા પર લાકડીઓના ફટકા મારી મારીને તેને બેશુદ્ધ કરી નાખે અને થોડી વાર સુધી શાંત રાખે, તેના જેવી સ્થિતિ વશીકરણ કરનારના વિષેયની થાય છે. જેમ જેમ તેના ઉપર વશીકરણવિદ્યાના પ્રયોગ ઉપરાઉપરી થતા જાય છે, તેમ તેમ તેની માનસિક શક્તિનો ક્ષય થતો જાય છે; અને પોતાના મનને વશ કરવાની વાત તો બાજુએ રહી પણ તે પોતેજ શક્તિહીન, બુદ્ધિહીન અને હાડમાંસના લોચા જેવો બની જઈ અંતે દીવાનાશાળાનો રસ્તો લે છે.

આ ઉપરથી સર્વને સમજાયું હશે કે, બીજાના સંકલ્પના બળથી શક્તિકેંદ્રોનો સંયમ કરાવવા જતાં નુકસાન પણ થાય છે અને જે હેતુથી એ સંયમ કરાવવામાં આવે છે તે હેતુ પણ સિદ્ધ થતો નથી. દરેક જીવનું આખરનું લક્ષ્ય મુક્તિ અથવા સ્વાધીનતા છે. ઇંદ્રિયો અને મનના ઉપર પોતાનો અધિકાર બેસાડવો, મન જયાં લઈ જાય ત્યાં ઘસડાઈ જવાની પરાધીનતામાંથી છુટકારો મેળવવો અને બાહ્ય તેમજ આંતરપ્રકૃતિ ઉપર પોતાની શ્રેષ્ઠતા સ્થાપિત કરવી; એજ મુક્તિનો અર્થ છે. ઉપર કહેલી ક્રિયાઓથી આમાંના એક પણ અર્થની સિદ્ધિ થતી નથી; એટલુંજ નહિ પણ બીજાની ઇચ્છાશક્તિની અસર આપણા ઉપર ગમે તે પ્રકારે થાય; કાં તો તે સીધી રીતે આપણી ઇન્દ્રિયોને તાબે કરી લે અથવા તો આપણા મનની એક પ્રકારની રોગી, નિષ્ક્રિય સ્થિતિ કરી દઈને આપણી ઇન્દ્રિયોને પોતાના કબજામાં લઇ લે–પરંતુ તેનાથી આ-

પણને મુક્તિ ન મળતાં આપણા ઉપર આપણી ચિત્તવૃત્તિનાં જે જે બંધનો છે, જે જે ગત સમયના કુસંસ્કારોથી આપણે જકડાયલા છીએ તેનાં બંધનનો એક આંટો, તેમની સાંકળોનો એક અંકોડો આ ક્રિયાથી ઊલટો વધે છે. તેટલા માટે હું તમને ચેતવું છું કે તમે કદી પણ બીજાની ઇચ્છાશક્તિને તાબે ન થતા; અથવા તો અજાણપણામાં તમારી ઇચ્છાશક્તિનું બળ બીજા ઉપર અજમાવીને તેની પાયમાલી તમારે હાથેજ ન કરતા. અલબત, એ વાત ખરી છે કે ઘણા લોકોનાં મનને સારે રસ્તે વાળીને તેમને થોડા વખતને માટે લાભ આપી શકાય છે; પણ બીજાના ઉપર પોતાની શક્તિનો પ્રયોગ કરવાથી અજાણપણે કેટલાંયે સ્રીપુરુષોનાં મનની સ્થિતિ જડ નિષ્ક્રિય જેવી બની ગઇ છે; જાણે તેમના આત્માનું અસ્તિત્વ લુપ્ત થઇ ગયું હોય તેવાં તે નિર્જીવ બની ગયાં છે. એટલા માટે હું તમને ચેતાવું છું કે, જે કોઇ લોકોને અંધશ્રદ્ધા રાખવાનો ઉપદેશ આપે છે, અથવા પોતાની ઇચ્છાશક્તિના બળથી લોકોને વશ કરીને પોતાની પાછળ ઘસડે છે, તે અજાણપણે માનવજાતિને એક મોટામાં મોટું નુકસાન પહોંચાડે છે. એટલા માટે તમે તમારી પોતાની બુદ્ધિનો અને મનોબળનો ઉપયોગ કરો. તમારા મન તથા શરીરને તમે પોતેજ વશ કરજો. એક વાત હમેશાં યાદ રાખજો કે, તમે જ્યાંસુધી વ્યાધિગ્રસ્ત ન હો ત્યાંસુધી તમારા સિવાય બીજા કોઇ પણ માણસના મનોબળની તમારા ઉપર અસર નહિ થઇ શકે અને તમને અંધશ્રદ્ધા રાખવાનું કહેનાર ગમે તેવો મહાપુરુષ અથવા સાધુચરિત કહેવાતો હોય, તોપણ તેનાથી દૂરજ રહેજો. દુનિયામાં બધા દેશોમાં નાચનારા, કૂદનારા અને બરાડા પાડનારા લોકોના સંપ્રદાય જોવામાં આવે છે. તેઓ નૃત્ય અને ગીત સાથે વ્યાખ્યાન કરીને બીજાઓમાં એક પ્રકારનો ચેપ ફેલાવી

દે છે. આવા લોકો પણ એક રીતે વશીકરણની મેલી વિદ્યાના પ્રયોગ કરનારાના જેવાજ છે. તીવ્ર લાગણીવાળાં માણસો ઉપર થોડા વખતને માટે તેઓ આશ્ચર્યકારક કાબૂ મેળવી લે છે અને ઘણુાજ અફસોસની વાત છે કે પરિણામે તેઓ અનેક માનવ વ્યક્તિઓનું અધઃપતન કરે છે. કોઇ પણ વ્યક્તિ પોતાના મનોબળને શિથિલ બનાવીને બીજાના મનોબળની મદદથી સદાચરણી અને સંયમી થાય તે કરતાં ભલે તે દુરાચારીજ રહે; પણ પોતાનું વ્યક્તિત્વ અને મનોબળ ન ગુમાવે. ઉપર કહ્યા તેવા ધર્મોન્માદવાળા માણસોનો હેતુ શુદ્ધ હોય, તોપણ તેમને હાથે માનવજાતિને જે નુકસાન પહોંચ્યું છે, તેનો ખ્યાલ કરતાં હૃદય ખિન્ન થઇ જાય છે. તેમને ખબર નથી કે, તેમનાં સંગીત, ભજન અને નૃત્યની જાદૂઇ અસરથી લોકોમાં એકદમ આધ્યાત્મિકતાનું પૂર તો આવે છે; પણ તેમ થવાથી લોકો પોતે જડ, નિષ્ક્રિય અને શકિતશૂન્ય બની જાય છે; અને એક વાર તેમને બીજાના મનોબળને વશ થવાની આદત પડી, તેમનું મન એક વાર નરમ અને સંસ્કારગ્રાહી બની ગયું, એટલે પછી તેઓને બીજાની સારીમાઠી ગમે તેવી આજ્ઞાઓને વશ થતાં વાર લાગતી નથી. બીજાની અશુભ આજ્ઞાઓની સૂચનાઓની સામે થવાની તેમનામાં શક્તિજ રહેતી નથી. લોકોના હૃદયનું પરિવર્તન કરાવવાની પોતાની ચમત્કારિક શક્તિ જોઇને આ અજ્ઞાન મનુષ્યોનાં ચિત્ત પ્રફુલ્લ તો થાય છે અને તેઓ એમ પણ માને છે કે, અમુક આકાશવાસી દેવે તેમને કૃપા કરીને આ શક્તિની બક્ષિસ આપેલી છે; પરંતુ તેમને બિચારાઓને ખબર નથી કે તેમણે માની લીધેલી એજ દિવ્ય શકિતનો ઉપયોગ કરીને તેઓ ભવિષ્યમાં થનાર માનસિક અવનતિ, પાપાચરણ, ગાંડપણ અને મૃત્યુનાં બીજ વાવી રહ્યા છે. એટલા માટે તમારી સ્વતંત્રતા, તમારૂં વ્યક્તિત્વ જેમાં ગુ-

આવવાં પડે એવી કોઈની પણ અસરથી બહુજ સાવધાન રહેજો. એમાં ઘણુંજ જોખમ રહેલું છે એમ સારી પેઠે સમજીને બનતે પ્રયત્ને તેનાથી દૂર રહેવા મથજો. જે માણસ પોતાની ઇચ્છાશક્તિથી પોતાના મનને શક્તિકેંદ્રોની સાથે જોડી શકે છે અથવા પોતાની મરજીમાં આવે ત્યારે તેમનાથી મનને અલગ કરી શકે છે, તેણેજ પ્રત્યાહારની ક્રિયા સિદ્ધ કરી કહેવાય. "પ્રત્યાહાર"નો અર્થ "પાછું વાળવું" એવો થાય છે. તાત્પર્ય એ છે કે, મનની બહારની ગતિ રોકીને ઇંદ્રિયોના બંધનમાંથી તેને મુક્ત કરીને તેને અંદર વાળી લેવું. આટલું કોઇ કરી શકે તો તે ખરેખરો ચારિત્ર્યવાન બની શકે અને મુક્તિના માર્ગમાં તેણે ઘણી લાંબી મજલ કાપી કહેવાય. તેમ ન કરીએ ત્યાંસુધી આપણામાં અને યંત્રમાં કશો ભેદ નથી.

મનને વશ કરવાનું કામ ઘણુંજ મુશ્કેલ છે. મનને ગાંડા વાંદરાની સાથે સરખાવવામાં આવ્યું છે. કોઇ એક વાંદરો હશે. વાંદરાના સ્વભાવ પ્રમાણે તેનો સ્વભાવ ઘણોજ ચંચળ હતો. એની ચંચળતામાં જાણે કોઇને ઊણપ લાગી હોય તેમ કોઇએ તેને દારૂ પાયો. એટલે તો તેની ચંચળતામાં કાંઇ મણા ન રહી. એવી સ્થિતિમાં તેને વીંછી કરડ્યો. માણસને વીંછી કરડે છે તો તે આખો દિવસ પછાડા માર્યા કરે છે, ત્યારે આ વાંદરાની હાલતનું તો પૂછવુંજ શું ? અને આટલેથી ન અટકતાં તેના દુઃખમાં કાંઇ બાકી રહ્યું હોય, તો તે પૂરૂં કરવા તેના શરીરમાં ભૂતે પ્રવેશ કર્યો. હવે એ વાંદરાની ભયાનક ચંચળતાનું વર્ણન મારે કયા શબ્દોમાં કરવું ? ઉપર કહ્યા તેવા વાંદરાની ચંચળતાની સાથે મનુષ્યના મનની ચંચળતાની સરખામણી કરવામાં આવે છે. સ્વાભાવિક રીતેજ તે હમેશાં ચંચળ હોય છે. તેમાં તેને રાગતૃષ્ણારૂપી મદિરાનો નશો ચડે છે એટલે તેની અસ્થિરતામાં

ઘણો વધારો થાય છે. રાગનો અધિકાર તેના ઉપર પૂરેપૂરો જામ્યા પછી બીજાઓનું સુખ જોઇને ઉત્પન્ન થતા દ્વેષ–અદેખાઈરૂપી વીંછી તેને કરડે છે અને પછી અહંકારરૂપી ભૂત તેનામાં પ્રવેશ કરે છે; એટલે તે પોતાને ઘણોજ મોટો માણસ ધારે છે. આવું ચંચળ મન–તેને વશ કરવાનું કામ કેટલું કઠણ હશે તેનો તમે વિચાર કરો.

માટે મનનો સંયમ કરતાં શીખવાનો પહેલો પાઠ એ છે કે, થોડી વાર સુધી ચુપકી પકડીને બેસી રહેવું અને મન જ્યાં ભટકે ત્યાં તેને ભટકવા દેવું. એ તો વાંદરાના જેવું છે, એટલે કૂદાકૂદ કર્યોજ કરવાનું; માટે એ જેટલું કૂદે તેટલું તેને કૂદવા દેવું. તમે માત્ર ધીરજથી એની પ્રવૃત્તિનું અવલોકન કર્યા કરો. જ્ઞાન એ શક્તિસ્વરૂપ કહેવાય છે અને તે સાચું છે. મન શું શું કરે છે એ તમે જ્યાંસુધી ન જાણો, ત્યાંસુધી તમે તેને કાબૂમાં નહિ લાવી શકો. માટે પ્રથમ તો એને ફાવે તેમ ભટકવા દો. એથી કરીને કદાચ તમારી આગળ ઘણા ભયાનક અને બિભત્સ વિચારો તથા કલ્પનાઓ આવીને ઊભાં રહેશે. તમારૂં મન આવા દુષ્ટ વિચારો અને કલ્પનાઓમાં પણ ભ્રમણ કરી શકે છે, એ જોઇને તમને ઘણી નવાઇ લાગશે; પરંતુ આગળ જતાં તમે અનુભવથી જોઈ શકશો કે, મનની આ બધી કૂદાકૂદ દરરોજ ધીમે ધીમે ઓછી થતી જાય છે. રોજરોજ તેની સ્થિરતામાં વધારો થતો તમને જણાશે. શરૂઆતના થોડાક મહિના સુધી તમારા મનમાં હજારો વિચારો તરવરી આવશે; પણ જેમ જેમ વખત જતો જશે તેમ તેમ એ વિચારોની સંખ્યા ઘણીજ કમી થયેલી તમને જણાશે. એમ કરતાં કરતાં બીજા કેટલાક મહિના વીત્યા પછી તે છેકજ ઓછા થઇ ગયા હશે અને રખડીરઝળીને થાકેલું બાળક જેમ માના ખોળામાં આવીને બેસી જાય, તેમ તમારૂં

અતિ ચંચળ મન પણ આખરે તમારે તાબે થઇ જશે. પણ આ સ્થિતિ લાવવાને માટે તમારે દરરોજ ધૈર્યસહિત અભ્યાસ કરવો પડશે. વરાળયંત્રને વરાળનો ધક્કો લાગે એટલે તે ચાલ્યા વગર રહેજ નહિ; તેવી રીતે આપણી સામે કોઈ પદાર્થ પડયો હોય તો આપણને તેનું જ્ઞાન થયા વગર રહેજ નહિ. હવે મનુષ્ય સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે અને યંત્ર જેવો નથી, એ સાબિત કરવા માટે આપણે બતાવી આપવું જોઇએ કે, વરાળયંત્ર જેમ વરાળને તાબે છે તેમ મનુષ્ય ઇંદ્રિયોને તાબે નથી. મનને એટલે સુધી તાબે કરવું જોઇએ કે આપણી રજા વગર તે કોઇ પણ પદાર્થની સાથે સંયુક્ત ન થાય એમ થાય તો પછી આપણી સામે કોઇ પદાર્થ પડયો હોય, તોપણ જો આપણે મનને દર્શનેંદ્રિયના કેંદ્ર સાથે જોડાતું અટકાવીએ, તો આંખ ઉઘાડી છતાં પણ આપણી નજરે તે પદાર્થ દેખાય નહિ. શ્રવણેંદ્રિયના કેંદ્રથી મનને અલગ કરી દઇએ તો કોઇ પણ જાતનો અવાજ આપણે કાને ન પડે. આવા પ્રકારનો જે મનનો સંયમ, તેનું નામ પ્રત્યાહાર છે. આ કામ એક દિવસમાં સાધ્ય થઇ જાય એવું નથી; કદાચ વર્ષો સુધી પણ તેની પાછળ ધીરજ અને ખંતથી રોજ અભ્યાસ કરવો પડે.

"પ્રત્યાહાર" સિદ્ધ થયા પછી "ધારણા" કરવાની લાયકાત આવે છે. પ્રત્યાહારની ક્રિયા સંપૂર્ણ રીતે કરવાની શક્તિ આવે ત્યાર પછી ધારણાનો અભ્યાસ શરૂ કરવો. "ધારણા" એટલે મનને શરીરના અંદરના અમુક ભાગમાં અથવા બહારના કોઈ પદાર્થમાં ધારણ કરવું અર્થાત્ સ્થાપિત કરવું. શરીરના અંદરના અમુક ભાગમાં સ્થાપિત કરવું એનો અર્થ એ છે કે, મનને શરીરનાં બીજાં તમામ સ્થાનમાંથી અલગ કરીને બળપૂર્વક શરીરના ચોક્કસ ભાગમાંજ સ્થિર કરી રાખવું. દાખલા તરીકે હું

મારા મનને મારા હાથમાં સ્થિર કરૂં. તો તે વખતે તે શરીરના બીજા કોઈ પણ ભાગમાં જવું ન જોઈએ. તે વખતે મને એકલા હાથનુંજ ભાન રહે. આ પ્રમાણે ચિત્ત એટલે મનોવૃત્તિ કોઈ મુકરર સ્થાનમાંજ સ્થિર થઈ રહે, એવી સ્થિતિને ધારણા કહે છે. ધારણાના અનેક પ્રકાર છે. ધારણાનો અભ્યાસ કરતી વખતે કલ્પનાની પણ મદદ લીધાથી લાભ થાય છે. ધારો કે, હૃદયના મધ્ય ભાગમાં એક બિંદુની ઉપર આપણે મનને ધારણ કરવાનું છે. હવે આ ક્રિયા ઘણી અઘરી કહેવાય. એ સિદ્ધ કરવાનો સહેલો ઉપાય એ છે કે, હૃદયની ઉપર એક તેજોમય કમળ છે એવી કલ્પના કરો અને પછી ત્યાં આગળ મનને સ્થિર કરો. અથવા મસ્તિષ્કમાં જે સહસ્રદલ કમલ છે, તેને અત્યંત તેજસ્વી કલ્પીને ત્યાં ધારણા કરો. અથવા આગળ આપણે કહી ગયા તે સુષુમ્ણાના માર્ગમાંનાં ચક્રોને તેજસ્વી કલ્પીને ત્યાં મનને સ્થિર કરો.

યોગી થવાની ઇચ્છા રાખનારે લાગલાગટ અભ્યાસ તો કરતાંજ રહેવું જોઈએ. બની શકે ત્યાંસુધી તેણે એકાંત સ્થાનમાંજ રહેવું. જુદીજુદી પ્રકૃતિના માણસોના સહવાસથી મનની અસ્થિરતા વધે છે. યોગીએ વાણીનો પણ સંયમ કરવો, અર્થાત્ બોલવાનું જેમ બને તેમ થોડું રાખવું. બહુ બોલબોલ કરવાથી પણ મનની ચંચળતા વધે છે. યોગીએ ઘણો પરિશ્રમ પણ ન કરવો, કારણકે તેથી પણ મનનું ચાંચલ્ય વધે છે. આખો દિવસ સખ્ત પરિશ્રમ કર્યા પછી મનનો સંયમ કરવાનું બની શકેજ નહિ. જેણે ઉપર કહ્યા તે બધા નિયમો પાળવાનો દૃઢ સંકલ્પ કર્યો હોય તેજ યોગી થઈ શકે. યોગમાં એવું અદ્ભુત સામર્થ્ય રહેલું છે કે તેના એક અંશમાત્રનું સેવન કર્યાથી ભારે લાભ થાય છે. એમાં નુકસાન તો કોઈને પણ થવાનું નથી; દરેકને લાભ થનાર છે. પહેલો લાભ તો એ છે કે, જ્ઞાનતંતુનો ક્ષોભ–મનનો ઉકળાટ

શમી જશે; ચિત્તમાં શાંતિ અને પ્રસન્નતા વ્યાપી જશે અને દરેક વસ્તુને સ્પષ્ટ રીતે જોવાની તથા સમજવાની શક્તિ પ્રાપ્ત થશે. સ્વભાવમાં શાંતિ આવી જશે અને તબિયત પણ ઘણી સુધરી જશે. કંઠમાં જે કાંઈ કર્કશતા હશે તે નીકળી જઇ સ્વર ઘણોજ મધુર થઇ જશે. યોગાભ્યાસમાં પ્રગતિ કર્યાની અનેક નિશાનીઓ છે. તેમાં સુંદર તબિયત અને મધુર સ્વર એ બે મુખ્ય છે. જેઓ વધારે પ્રયત્ન સહિત સાધના કરતા જાય છે, તેમનામાં બીજાં પણ લક્ષણો પ્રકટી નીકળે છે. કોઇ વાર દૂરથી તેમને ઘંટના ધ્વનિ જેવો અવાજ સંભળાય છે, કોઇ વાર અનેક ઘંટનાદનો ધ્વનિ એકત્રિત થઇને એક સામટો ધ્વનિ કાન પર અથડાય છે. વળી એ ઉપરાંત અલૌકિક દૃશ્યો પણ નજરે પડે છે. આકાશમાં ઝીણી ઝીણી પ્રકાશની કણીઓ દેખાય છે અને તે ધીમે ધીમે મોટી થતી ચાલે છે. આવા આવા અનુભવો તમને મળતા જાય તો જાણવું કે, તમે યોગાભ્યાસમાં સારી પ્રગતિ કરી છે. જેમને યોગાભ્યાસ કરવોજ છે અને એ દિશામાં સારો પરિશ્રમ લેવાની ઇચ્છા છે, તેમણે આહારની બાબતમાં પણ કાળજી રાખવાની જરૂર છે. ત્વરાથી પ્રગતિ કરવાની જેમની ઇચ્છા હોય, તેમણે માત્ર દૂધ વગેરેના સાદા આહાર ઉપરજ રહેવું જોઇએ. પણ રોજના આહારમાં ફેરફાર ન કરવો પડે અને મનની એકાગ્રતા પણ વધતી ચાલે, એવી ધીમી પ્રગતિ કરવાની જેમની ઇચ્છા હોય, તેમણે પણ અતિ આહાર તો નજ કરવો.

યોગાભ્યાસમાં સારી પ્રગતિ થયા પછી શરીરનું બંધારણ એવું સૂક્ષ્મ બની જાય છે કે, આહારમાં નહિ જેવી અનિયમિતતાથી પણ આખા શરીરની સ્વસ્થતામાં ભંગ થાય છે; માટે જેમને આ દિશામાં જલદી પ્રગતિ કરવી હોય, તેમણે ખોરાકની બાબતમાં બહુજ સાવધાન રહેવું. મન ઉપર સંપૂર્ણ કાબૂ આવી ગયો

ન હોય, ત્યાંસુધી એક કોળિયો પણ વધારે ખવાઈ જવાથી આખા શરીરયંત્રમાં ગડબડાટ મચી રહે છે. તમે અનુભવથી જોઈ શકશો કે, જ્યારે તમે મનને એકાગ્ર કરવાનો આરંભ કરશો, ત્યારે એક ટાંકણી જેવી નજીવી ચીજ પડે તોપણ જાણે મોટો ધડાકો થયો હોય એવું મગજમાં થવા લાગશે. જેમ જેમ ઇંદ્રિયોની સૂક્ષ્મતા વધતી જશે તેમ તેમ સૂક્ષ્મ અને તેનાથીયે સૂક્ષ્મ અનુભવો થવા લાગશે. આ બધી અવસ્થાઓમાંથી યોગવિદ્યાના અભ્યાસીએ પસાર થવાનું છે અને જે કોઈ ખંત રાખીને સતત પ્રયત્ન કર્યા કરશે તેને અવશ્ય તેમાં સફળતા મળશે. વાદવિવાદ અને બીજી જે જે પ્રવૃત્તિથી ચિત્ત વ્યગ્ર થાય, તે સર્વનો તેમણે સર્વથા ત્યાગ કરવો જોઈએ. ખાલી બુદ્ધિનીજ સાઠમારી કર્યા કરવાથી તો ઊલટું નુકસાનજ થાય છે; ચિત્તની શાંતિનો એથી ભંગ થાય છે અને મનની ચંચળતા વધી પડે છે. માટે મિથ્યા બકવાદ છોડીજ દેવો. પુસ્તકો પણ જેમણે આત્મસાક્ષાત્કાર કર્યો હોય એવા પુરુષોનાંજ વાંચવાં.

કાલુ માછલીના જેવા થાઓ. હિંદમાં એક સુંદર લોકકથા કહેવાય છે કે, સ્વાતિ નક્ષત્રમાં જ્યારે વરસાદ પડે છે, ત્યારે વરસાદના પાણીનું એકાદ ટીપું કાલુ માછલીના શરીરમાં પ્રવેશ કરે છે અને તેનું મોતી બંધાય છે. કાલુ માછલીને આ વાતની ખબર હોય તેમ તે પણ સ્વાતિ નક્ષત્ર બેસે એટલે પાણીની સપાટી ઉપર આવે છે અને વરસાદનું ટીપું ઝીલી લેવાની આતુરતાપૂર્વક રાહ જુએ છે. મોઢામાં વૃષ્ટિનું એક ટીપું પડ્યું એટલે તરતજ માછલીઓ પોતપોતાનાં કોટલાં બંધ કરીને ડૂબકી મારી સમુદ્રને તળિયે બેસી જાય છે અને પછી ત્યાં વરસાદના ટીપાનું મોતી બની રહે છે. આપણે પણ તેના જેવાજ થવું જોઈએ. પ્રથમ ગુરુનો ઉપદેશ શ્રવણ કરવો; પછી તેને બરાબર સમજી લેવો

અને ત્યાર પછી તમામ વિક્ષેપોને દૂર ફેંકી દઈને બાહ્યજગત તરફ આંખ મીંચીને, જે પરમ સત્ય આપણામાં રહેલું છે, તેનો વિકાસ કરવા પાછળ મંડી જવું. એકાદ નવો વિચાર જાણમાં આવતાં તેના પર મોહિત થવું અને થોડા દિવસ પછી બીજો વિચાર જાણમાં આવતાં તેના પર આસક્ત થવું; એમ કરવામાં શક્તિની ફોગટ બરબાદી થાય છે અને સાધનના માર્ગમાં વિઘ્ન આવે છે; માટે એક વિચાર ગ્રહણ કરો અને તે પ્રમાણે અનુભવ કરતા થાઓ. એમ કરતાં કરતાં જયારે તેની છેલ્લી સ્થિતિએ પહોંચો ત્યારેજ તેને છોડજો. જે મનુષ્ય એકજ સત્યની પાછળ ગાંડોતુર બની જાય છે, તેજ સત્યનો પ્રકાશ પામે છે. અહીં એક બચકું ભરે અને બીજે ઠેકાણે બીજું બચકું ભરે એવા જાનવરનું પેટ ભરાતું નથી; તેમ ઘડીમાં એક માર્ગ અને ઘડીમાં બીજો માર્ગ પકડે તે કદી સિદ્ધિ પામતો નથી. ઘણું તો જ્ઞાનતંતુઓને એક રીતે ઉત્તેજિત કરીને તે કાંઇક આનંદ ચાખી શકે, પણ એથી વિશેષ કાંઈજ નહિ. તેઓ હમેશને માટે પ્રકૃતિના ગુલામના ગુલામજ રહેવાના. ઇંદ્રિયાતીત પ્રદેશમાં જવાનું સામર્થ્ય તેમનામાં કદી પણ નહિજ પ્રકટે.

જેમને ખરેખરા યોગી થવાની દૃઢ ઇચ્છા હોય, તેમણે આ જાણી લઉં અને પેલું શીખી લઉં એવી લોલુપતા છોડી દેવી જોઇએ. જે ભાવના અને આદર્શને ગ્રહણ કરો તેનીજ પાછળ તમારાં તમામ બળ તથા સમયને યોજી દો.

હમેશાં તેનાજ વિચારોમાં અને પ્રયત્નમાં લાગેલા રહો. સ્વપ્નમાં પણ તમને એનો એજ વિચાર આવે એવા તેની સાથે એકતાન થઇ જાઓ. તમારૂં મગજ, સ્નાયુઓ—અને રગેરગ બસ એ એકજ ભાવનાથી તરબોળ બની જાય. એ સિવાયના બીજા તમામ વિચારોને તમારા મનમાંથી કાઢી નાખો. સિદ્ધિ મેળવવાનો આ એકજ

ઉપાય છે અને જે મહાત્માઓ, સાધુ પુરુષો થઈ ગયા છે, તે એ રીતેજ થયા છે. જગતમાં ગ્રામોફોનની માફક વાંચેલું અને સાંભળેલું મોઢેથી બોલી જનારા ઘણા છે. આપણે જો કૃતાર્થજ થવું હોય અને બીજાઓનો પણ ઉદ્ધાર કરવો હોય, તો એવી ઉપલકિયા બાબતો અને રીતો છોડી દઈને સત્યની શોધમાં એકનિષ્ઠાથી ઊંડા ઊતરી જવું જોઈએ આ રસ્તે આગળ વધવાનું પહેલુંજ પગથિયું એ છે કે, મનને જરા પણ વ્યગ્ર ન થવા દેવું અને જેમની સાથે વાતચીત કરવાથી અને જેમના સમાગમથી મન ચંચળ અને વ્યગ્ર થાય એમ હોય, તેમનો સંગ છોડી દેવો. અમુક માણસો, અમુક જગ્યાઓ અને અમુક ખોરાક તરફ સ્વાભાવિક રીતેજ આવા અભ્યાસીને અણગમો આવે છે અને તેણે તે સર્વનો ત્યાગ કરવો. જેમને ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરવાની ઉમેદ હોય, તેમણે તો માનવસમાજની સંગતનો ત્યાગ કરીને કેવળ એકલાજ રહેવું જોઈએ. ખૂબ કઠોર પરિશ્રમ કરો અને સાધનાના માર્ગમાં આગળ ને આગળ વધ્યા જાઓ. પરિણામની પરવા ન કરતા. જો તમે હિંમતભેર દૃઢતાથી મંડ્યા રહેશો, તો છ મહિનામાં પણ સંપૂર્ણ યોગસિદ્ધિ પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇ જશો. પણ જેમનું સાધન અતિ અલ્પ છે અને ઘડીમાં અહીં અને ઘડીમાં બીજી દિશાએ એમ જેઓ વલખાં માર્યા કરે છે, તેઓ કદી પણ ઉન્નતિ સાધી શકતા નથી. માત્ર ઉપદેશજ સાંભળ્યા કરવાથી શો લાભ? જેઓ તમોગુણથી ભરપૂર છે, અજ્ઞાની છે, આળસુ છે, જેમનું મન એક વિષયમાં સ્થિર થઈ શકતું નથી, જેઓ ગમતની ખાતર નવીનતા શોધતા ફરે છે અને નવા નવા વિષયો પાછળ દોડે છે, તેમને માટે તો ધર્મ અને તત્ત્વજ્ઞાન જેવી અદ્ભુત વસ્તુઓ પણ માત્ર બુદ્ધિનાં રમકડાં જેવી—ગમતનાજ સાધનરૂપ છે. તેમનામાં સાધના કરવાનું બળ હોતું નથી; મંડ્યા રહેવા

જેટલું ચીવટપણું હોતું નથી. તેઓ ધર્મસંબંધી ઉત્તમ વ્યાખ્યાન સાંભળીને કહે છે કે, "વાહ! વાહ! બહુ મજાનું છે." પણ ઘેર જઇને બધુંએ ભૂલી જાય છે. સિદ્ધિ મેળવનારમાં તો પ્રચંડ પ્રયત્ન અને પર્વત જેવી દૃઢ ઇચ્છાશક્તિ હોવાં જોઇએ. તે તો એમજ કહે કે, "મારે તો એને માટેજ જીવવું છે અને એને માટેજ મરવું છે."

અંતરાયો મહાસાગર જેટલા હશે, તોપણ તેને હું છેવટે ઓળંગી જવાનો અને વિઘ્નો પર્વત જેવડાં હશે, તોપણ તેના ચૂરે-ચૂરા થઇ જવાના. તમે પણ એવુંજ મનોબળ કેળવજો. આવી દૃઢ ઇચ્છાશક્તિ પ્રાપ્ત કરજો અને ખૂબ પરિશ્રમ કરજો. તેમ કરશો એટલે તમે જરૂર પરમપદની પ્રાપ્તિ કરશો.



अध्याय ७ मो—ध्यान अने समाधि

અત્યાર સુધીમાં આપણે રાજયોગનાં ખરેખરાં—અંદરનાં અંગ સિવાય બાકીનાં બીજાં અંગોનું વિવેચન કરી ગયા. હવે રાજયોગનાં જે મુખ્ય અંગ બાકી રહ્યાં છે, તેનું લક્ષ્ય પૂર્ણ એકાગ્રતાની પ્રાપ્તિ છે અને આખા રાજયોગનું મુખ્ય લક્ષણ પણ એજ છે, એમ કહેવામાં પણ ખોટું નથી. આપણે જાણીએ છીએ કે, મનુષ્યજાતિને જે કાંઈ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જેને આપણે બુદ્ધિજન્ય જ્ઞાન કહીએ છીએ, તે અહંભાવને અધીન છે. અર્થાત્ જ્ઞાનને ગ્રહણ કરનાર અને મને અમુક વિષયનું જ્ઞાન છે, એમ માનનાર આપણામાં રહેલો અહંભાવજ છે. મારી સામે આ મેજ પડયું છે, તેનું મને ભાન થાય છે; તમે મારી સામે બેઠા છો, તેનું મને ભાન થાય છે; એ પ્રમાણે મને બીજી બધી વસ્તુઓનાં અસ્તિત્વનું ભાન થાય છે. તમે અહીં છો, મેજ અહીં છે અને બીજી અનેક વસ્તુઓ જેમને હું જોઇ શકું છું, સાંભળી શકું છું અથવા જેનો અનુભવ લઇ શકું છું, તે સર્વ વિષેનું જ્ઞાન મારામાં રહેલા અહંભાવને લઇને થાય છે; પરંતુ બીજી બાજુએ એમ પણ જોવામાં આવે છે કે, મારા શરીરની અંદર રહેલી અનેક વસ્તુઓનું મને જરાયે ભાન થતું નથી. શરીરની અંદરના ભાગનાં યંત્રો, મગજના નાના પ્રકારના અંશ, એ સંબંધી કોઇને કશુંયે ભાન હોતું નથી.

હું અન્ન ખાઉં છું તેનું મને ભાન હોય છે; પણ તે અન્નમાંથી પોષકતત્ત્વને હું ખેંચી લઉં છું, તેનું મને ભાન હોતું નથી. એ ખોરાકમાંથી રુધિર બને છે, તે પણ મારી જાણમાં આવતું નથી. વળી એ રુધિરદ્વારા શરીરના જુદાજુદા અવયવોને બળ મળે છે તેની પણ મને ખબર હોતી નથી. પણ તે છતાં આ બધી ક્રિયાઓ હું કરૂં છું એ વાતની તો ના પાડી શકાય એમ નથીજ; કારણકે જેટલી ક્રિયાઓ ચાલે છે તે દરેક ક્રિયાદીઠ એકએક કર્તા જુદોજુદો ગણીએ તો તો મારા શરીરમાં વીસપચીસ જીવો હોવા જોઇએ; પરંતુ તેમ તો છેજ નહિ.

પરંતુ એ બધી ક્રિયાઓ હુંજ કરૂં છું અને બીજું કોઇજ નહિ, તેની સાબિતી શું? કોઈ એમ કહેશે કે, મારૂં કામ તો માત્ર ખોરાક લેવાનુંજ છે અને તેને પચાવનાર તથા તેના રસ વડે શરીરનું પોષણ કરનાર તો બીજો કોઇ હોવો જોઇએ. પણ એવી દલીલ હવે નભે એમ નથી; કારણકે જે જે કાર્યો આપણાથી અજાણપણે થાય છે તે બધાંયે આપણે ઇચ્છાપૂર્વક અને આપણને ખબર પડે તેવી રીતે પણ આપણે કરી શકીએ તેમ છીએ, એમ સાબિત થઈ ચૂકયું છે. દાખલા તરીકે, આપણા હૃદયનું યંત્ર આપોઆપજ ચાલ્યા કરે છે અને એમાં આપણે કોઈ જાતની મદદ આપતા નથી; પણ અભ્યાસ કરતાં કરતાં મનુષ્યને એવી શક્તિ પણ પ્રાપ્ત થાય છે કે તે પોતાના હૃદયની ગતિ ઉતાવળી તથા ધીમી કરી દે છે અથવા મરજીમાં આવે તો તે તેને એકદમ બંધ પણ કરી શકે છે. આ પ્રમાણે શરીરના એકેએક ભાગને અભ્યાસદ્વારા કાબૂમાં લાવી શકાય છે. આ ઉપરથી સમજાય છે કે, જે જે કાર્યો આપણાથી અજાણપણે થાય છે તેના પણ કર્તા તો આપણેજ છીએ; માત્ર તેની આપણને ખબર પડતી નથી. આ ઉપરથી સમજાશે કે, મનુષ્યનું મન બે અવસ્થાઓમાં કામ કરે છે. પહેલી

અવસ્થા જ્ઞાનની કહેવાય છે. એનું તાત્પર્ય એ છે કે, જે જે કાર્યો કરતી વખતે આપણને કર્તાપણાનું ભાન રહે છે, તે બધાં જ્ઞાનની અવસ્થામાં થાય છે અને જે જે કાર્યો કરતાં આપણને કર્તાપણાનું ભાન નથી હોતું તે બધાં અજ્ઞાનની ભૂમિકામાં થાય છે.

પણ આ બે અવસ્થાઓમાં કાંઇ બધી ભૂમિકાઓનો સમાવેશ થતો નથી. એ બેના કરતાં વધારે ઉચ્ચ–જ્ઞાનથી પર ભૂમિકામાં પણ મન પ્રવેશ કરી શકે છે. અજ્ઞાનની ભૂમિકા જ્ઞાનની ભૂમિકાથી જેટલી નીચી છે, તેટલીજ જ્ઞાનની ભૂમિકા જ્ઞાનાતીત ભૂમિકા કરતાં નીચી છે. એ અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે ખરી; પરંતુ તેમાં અહંભાવ હોતો નથી. અહંભાવ તો માત્ર વચલી ભૂમિકામાંજ રહેલો છે. એ અહંભાવની સીમાથી ઉપલી તેમજ નીચલી અવસ્થાઓમાં અહંભાવ હોતો નથી. જ્યારે મન જ્ઞાનની–અહંભાવની ભૂમિકાથી ઉપરના પ્રદેશમાં પ્રવેશ કરે છે, ત્યારે એ અવસ્થાને "સમાધિ" અથવા પૂર્ણ ચૈતન્ય કે જ્ઞાનાતીત સ્થિતિ કહે છે. સવાલ એ થાય છે કે, સમાધિની સ્થિતિમાં અહંભાવ હોતો નથી ત્યારે સમાધિસ્થ મનુષ્ય જ્ઞાનથી ઊંચી ભૂમિકામાં જવાને બદલે નીચી ભૂમિકામાં જતો નથી, એની ખાતરી શી ? કારણકે બેઉ ભૂમિકામાં અહંભાવ રહી શકતો નથી. એનો જવાબ એટલોજ છે કે, અમુક મનુષ્ય જ્ઞાનથી ઊંચી ભૂમિકામાં ગયો છે કે નીચી ભૂમિકામાં ગયો છે, તેનો નિર્ણય તેના કામનું પરિણામ જોઇને કહી શકાય છે. જ્યારે કોઈ મનુષ્ય ગાઢ નિદ્રામાં પડે છે, ત્યારે તે જ્ઞાનભૂમિથી નીચેના પ્રદેશમાં દાખલ થાય છે. તેને ખબર પડ્યા વિના પણ તેનું શરીર તો કામ કર્યુંજ હોય છે. જેમકે શ્વાસોચ્છ્વાસની ક્રિયા અને જરૂર પડયે શરીરના અવયવોને હલાવવાની ક્રિયા પણ ચાલુજ રહે છે. એ બધાંયે કાર્યોમાં લેશમાત્ર પણ અહંભાવ એટલે કર્તાપણાનો ભાવ હોતો

નથી, પણ જ્યારે તે ઊંઘમાંથી જાગે છે ત્યારે ઊંઘવા પહેલાં તેનામાં જેટલું જ્ઞાન હતું તેટલું ને તેટલુંજ જાગ્યા પછી પણ જોવામાં આવે છે. એના જ્ઞાનમાં કશોજ વધારો થયેલો જણાતો નથી. પ્રકાશ જોવામાં નથી આવતો; ત્યારે સમાધિસ્થ-મનુષ્ય સમાધિપ્રવેશની પૂર્વે અજ્ઞાની હોય છે, તે સમાધિમાંથી ઉત્થાન થયા પછી મહાજ્ઞાની બની રહે છે.

હવે એ બેઉ અવસ્થાઓ વચ્ચે આટલો બધો તફાવત હોવાનું કારણ શું? એક સ્થિતિમાંથી મનુષ્ય જેવો હતો તેવો ને તેવોજ પાછો આવે છે અને બીજી સ્થિતિમાંથી તે જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ પામીને મહાસાધુ, પયગંબર અથવા સિદ્ધ પુરુષ બનીને બહાર નીકળે છે. તેના સ્વભાવમાં ભારે પરિવર્તન થયેલું દેખાય છે તેના જીવન ઉપર નવીન પ્રકાશ પડ્યો હોય છે અને તે નવીન સ્વરૂપજ ધારણ કરે છે. બેઉ સ્થિતિના પરિણામમાં આટલું મોટું અંતર છે. પરિણામ જુદાં હોય તો તેનાં કારણ પણ જુદાંજ હોવાં જોઇએ. જે જ્ઞાનના પ્રકાશનો અનુભવ પેલા મનુષ્યને સમાધિમાં થયો, તે જ્ઞાન જ્ઞાનભૂમિકામાં મન-બુદ્ધિ વડે પ્રાપ્ત થતા જ્ઞાન કરતાં ઘણા ઊંચા પ્રકારનું છે. એ જ્ઞાન જે જ્ઞાનાતીત ભૂમિકામાંથી પ્રાપ્ત થાય છે તેનું બીજું નામ સમાધિ છે.

આ પ્રમાણે મેં તમને સમાધિનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવ્યું. હવે આપણા જીવનમાં એ સમાધિની ઉપયોગિતા શી છે? તેનો વિચાર કરીએ. આપણું મન જે જે કામ જ્ઞાનપૂર્વક કરે છે તેનું અર્થાત્ આપણી બુદ્ધિનું કાર્યક્ષેત્ર બહુજ સાંકડું છે. મનુષ્યની બુદ્ધિ એક ક્ષુદ્ર કુંડાળામાંજ ગતિ કરી શકે છે. એ સીમાની પેલી મેર તે જઇ શકતી નથી. તે છતાં જે પરમ તત્ત્વને મનુષ્ય ઘણુંજ મૂલ્યવાન માને છે, તેનું સ્થાન બુદ્ધિના એ સાંકડા કુંડાળાની પેલી બાજુએ છે. આત્મા અવિનાશી છે કે નહિ,

ઈશ્વરનું અસ્તિત્વ સાચું છે કે મિથ્યા, આ અખિલ વિશ્વનો નિયંતા, પરમજ્ઞાનસ્વરૂપ કોઇ છે કે નહિ, એવા એવા અનેક મહાપ્રશ્નો બુદ્ધિથી આઘેરા પ્રદેશના છે. મનુષ્યની બુદ્ધિ એવા મહાપ્રશ્નોના કાંઇ જવાબ આપી શકતી નથી. બુદ્ધિ કહે છે કે, "હું તો અજ્ઞેયવાદી છું. છે એમ પણ કહી શકવાની નથી અને નથી એમ પણ કહી શકીશ નહિ." છતાં પણ એ પ્રશ્નોના ઉત્તર મનુષ્યને ઘણા જરૂરના તો છેજ. એમના સંતોષ-કારક ઉત્તર મળ્યા વગર મનુષ્ય-જીવનજ અસાર જેવું થઇ જાય છે. તમામ નૈતિક સિદ્ધાંતો, મનુષ્યના મનમાં ઉદ્ભવતી નૈતિક વૃત્તિઓ અને મનુષ્યસ્વભાવમાં જે કાંઈ સુંદર અને ગંભીર છે તે સર્વનો આધાર બુદ્ધિની પેલી મેરના પ્રદેશમાંથી જે ઉત્તર મળ્યા છે, તેનાજ ઉપર રહેલો છે. માટે આ બધા પ્રશ્નોની યથાયોગ્ય મીમાંસા થયા વગર મનુષ્યજીવન શુષ્ક અને પશુતુલ્યજ બની જાય. જો જીવનની અવધ, આપણે જોઇએ છીએ તેટલી અલ્પકાળનીજ હોય અને જગત અમુક પરમાણુઓના આકસ્મિક સંયોગથીજ બનેલું હોય, તો પછી બીજા ઉપર ઉપકાર કરવાનું મારે શું પ્રયોજન? દયા, ન્યાયપરાયણતા અને બંધુભાવનું જગતમાં કામજ શું છે? એમજ હોય તો મારી મરજીમાં આવે તેમ વર્તવું અને આનંદ કરવો, એજ મારૂં કર્તવ્ય રહ્યું. જો ભવિષ્યનું જીવન મિથ્યાવાદજ હોય, મરણ પછી પણ જીવતા રહેવાની આશાજ ન હોય, તો પછી મારા ભાઈ ઉપર પ્રેમ રાખવાને બદલે તેના ગળા ઉપર છરી ફેરવું તોપણ શું? આ દશ્ય જગતની પેલી પાર કાંઈ હોયજ નહિ. જો મુક્તિ એ સ્વપ્નવતજ હોય, જો જગતમાં કેટલાક જડ અને કઠોર નિયમોનુંજ સામ્રાજ્ય હોય, તો પછી આપણું કર્તવ્ય છે કે, જેમ બને તેમ આ જીવનમાં સુખભોગ કરવો, વર્તમાન સમયમાં "ઉપયોગવાદ" નામનો એક નૈતિક

દર્શનનો સંપ્રદાય જોવામાં આવે છે. તેનો મત એ છે કે, વધારેમાં વધારે માણસોને ઘણામાં ઘણું સુખ થાય એજ નીતિનો પાયો હોવો જોઇએ. પણ જો હકીકત ઉપર પ્રમાણેજ હોય તો તેમને આપણે પૂછીશું કે, શા માટે અમે તમારો એ સિદ્ધાંત સ્વીકારીએ ? જો મને પોતાને સુખ થવાને ખાતર વધારેમાં વધારે માણસોને ઘણાંમાં ઘણું દુઃખ દેવું પડે તોપણ શા માટે ન દઉં ? ઉપયોગવાદીઓ આનો શો ઉત્તર આપી શકશે ? અમુક કૃત્ય સારૂં છે કે નઠારૂં, તે મારે કેવી રીતે જાણવું ? મારામાં રહેલી સુખ મેળવવાની વાસનાથી હું કામ કરવાને પ્રેરાઉં છું. એ વાસનાથી પ્રેરાઇને તેને તૃપ્ત કરવાના ઉપાય શોધું છું. એ મારો સ્વભાવ છે. આથી વધારે હું કાંઈ જાણતો નથી. મને અમુક અભિલાષાઓ છે. મારે તેને તૃપ્ત કરવી છે. તેમાં બીજાને શું ? બીજો તેમાં શા માટે હરકત કરે ? મનુષ્યજીવનને લગતાં મહાન સત્યો, જેમકે નીતિ, આત્માનું અમરત્વ, ઇશ્વરપ્રેમ, બંધુભાવ, સાધુતા અને એ સર્વ ઉપરાંત નિઃસ્વાર્થપરાયણતા, એ બધાં મહાસત્યો આપણને ક્યાંથી પ્રાપ્ત થયાં ?

સમગ્ર નીતિશાસ્ત્ર, મનુષ્યનાં તમામ કાર્યો અને વિચારસૃષ્ટિ એકજ ભાવનાના પાયા ઉપર અવલંબી રહેલાં છે અને તે ભાવના નિઃસ્વાર્થપરાયણતા છે. મનુષ્યજીવનની સાથે સંબંધ ધરાવતી તમામ ભાવનાઓને નિઃસ્વાર્થપરાયણતા એટલા એક શબ્દમાંજ દર્શાવી શકાય છે. કોઈ પૂછશે કે, “ મારે નિઃસ્વાર્થી થવું જોઇએ તેનું કારણ શું ? નિઃસ્વાર્થતાનું પ્રયોજન શું છે ? અથવા મારે નિઃસ્વાર્થી થવું હોય તો તેટલું મનોબળ, આધ્યાત્મિક બળ મારે કોની પાસેથી પ્રાપ્ત કરવું ? ” તમે કહો છો કે, “ અમે ઉપયોગવાદી છીએ; અમે બુદ્ધિવાદી છીએ; ” પણ તમારો ઉપયોગવાદ મને સંતોષકારક કારણ નહિ બતાવી શકે,

તો હું કહીશ કે; તમે બુદ્ધિવાદી નથી, પણ તેથી વિપરીત છો. મારે સ્વાર્થી શા માટે ન થવું તેનું મને કારણ બતાવો. અલબત, નિઃસ્વાર્થતાની ભાવના કવિતાની દૃષ્ટિએ બહુ સુંદર છે, પણ કવિતા એ કાંઈ દલીલ નથી. મારે તો નવું કારણજ જોઇએ. શા માટે મારે નિઃસ્વાર્થી થવું? શા માટે મારે સાધુચરિત થવું? અમુક માણસો કહે છે માટે એમ કરવું જોઇએ, એવી દલીલ મારી આગળ નહિ ચાલે. હું નિઃસ્વાર્થી થાઉં એમાં મને લાભ શો? ઉપયોગવાદ એટલે ઘણામાં ઘણું હિત, તો હું કહીશ કે, મારૂં ઘણામાં ઘણું હિત અથવા સુખ તો મારો સ્વાર્થ સાધવામાં છે. બીજાને ઠગીને તેનું સર્વસ્વ ધન હરણ કરી લેવાથી મને વધારે સુખ મળતું હોય, તો મારે તેમ શા માટે ન કરવું? ઉપયોગવાદીઓ આ સવાલનો શો જવાબ આપી શકશે? વાસ્તવિક રીતે તેઓ એનો સંતોષકારક ઉત્તર આપી શકતા નથી.

હવે એ પ્રશ્નોનો સત્ય જવાબ એ છે કે, આ દૃશ્યજગત એક અનંત વિશ્વસમુદ્રનું એક બિંદુ છે. એક અનંત સાંકળનો નાનકડો અંકોડો છે. જેમણે જગતમાં નિઃસ્વાર્થતાનો પ્રચાર કર્યો છે, મનુષ્યજાતિને એનો ઉપદેશ આપ્યો છે, તેમને ઉપર કહેલા તત્ત્વની પ્રાપ્તિ ક્યાંથી થઇ હશે? આપણે એટલું તો જોઇ શકીએ છીએ કે, એ સહજાતજ્ઞાન અર્થાત્ કુદરતી રીતે જન્મની સાથેજ મળેલું જ્ઞાન નથી. પશુપક્ષીઓમાં સહજાતજ્ઞાન સારી પેઠે છે. તેમને આ તત્ત્વની ખબર નથી. વારૂ, એકલી બુદ્ધિ વડે વિચાર કરતાં કરતાં પણ આ તત્ત્વની પ્રાપ્તિ થઇ શકતી નથી–આમાંનું એક લેશ માત્ર પણ જાણી શકાતું નથી. ત્યારે આ જ્ઞાન આવ્યું ક્યાંથી?

ઇતિહાસ કહે છે કે, જગતના તમામ ધર્મપ્રચારકો અને ધર્મશિક્ષકો એક વાત તો વગર અપવાદે જાહેર કરતા આવ્યા છે કે, અમે આ મહાન સત્યો જગતની પેલી મેરના પ્રદેશમાંથી

પ્રાપ્ત કર્યાં છે. કેટલાકને એ સત્યની પ્રાપ્તિ થયેલી હોવા છતાં એ સત્ય ક્યાંથી મળ્યું તેની પૂરી ખબર ન હતી એ વાત સાચી છે. દાખલા તરીકે એક મહાત્મા કહે છે કે, સ્વર્ગમાંથી એક દેવ-ગણ.પાંખોવાળી મનુષ્યાકૃતિ ધારણ કરીને મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, “ હે માનવિ ! સાંભળ, આ ખુદાનો પેગામ.” અન્ય મહાપુરુષ કહે છે કે, તેજસ્વી આકૃતિવાળો એક દેવ આવીને મને આ સત્ય સમજાવી ગયો. ત્રીજો કહે છે કે, મને સ્વપ્નાવસ્થામાં મારા કોઈ સ્વર્ગવાસી પિતૃએ આવીને અમુક જ્ઞાન આપ્યું. આ ઉપરાંત તેઓ વિશેષ કાંઇ પણ કહી શકતા નથી. પણ તેમના કથનમાંથી એક સામાન્ય સિદ્ધાંત આપણે તારવી શકીએ છીએ કે, તેમને આ જ્ઞાન એકલી બુદ્ધિ વડે વિચાર કરતાં કરતાંજ મળ્યું છે, એમ નથી; પણ જગતની પેલી પારના અતીંદ્રિય પ્રદેશમાંથી પ્રાપ્ત થયું છે.

હવે એ વિષે યોગશાસ્ત્ર શું કહે છે તે જોઇએ. યોગશાસ્ત્ર કહે છે કે, આ જ્ઞાન બુદ્ધિથી પેલી પારના પ્રદેશમાંથી મળ્યું, એમ જે પેલા મહાત્માઓ કહી ગયા છે એ વાત સત્ય છે; પણ સાથે એટલું પણ ઉમેરે છે કે, એ જ્ઞાન બીજે કોઇ ઠેકાણેથી નહિ પણ તેમની અંદરથીજ પ્રાપ્ત થયેલું છે.

યોગવિદ્યા કહે છે કે, અંતઃકરણની પોતાનીજ એક ચોક્કસ ઉચ્ચ અવસ્થા છે કે જે અવસ્થામાં તે બુદ્ધિ અને અહંભાવની પેલી પાર ઇંદ્રિયાતીત પ્રદેશમાં ચાલ્યું ગયેલું હોય છે. એ ઉચ્ચ ભૂમિકામાં જ્યારે તે પહોંચી જાય છે ત્યારે જે જ્ઞાનને એકલી બુદ્ધિ ગ્રહણ કરી શકતી નથી તે જ્ઞાન તે મનુષ્યને પ્રાપ્ત કરી આપે છે. એવી સ્થિતિમાં ખરેખરૂં પારમાર્થિક જ્ઞાન–ઇન્દ્રિય-જન્ય જ્ઞાન કરતાં વિશેષ ઊંચા પ્રકારનું જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે, કે જે જ્ઞાન મન–બુદ્ધિથી પણ ગમ્ય નથી, જ્યાં તર્ક અને વિચા-

રથી ગતિ પહોંચી શકતી નથી. તે જ્ઞાન તો અમુક કોટિનાં મનુષ્યોને કોઈ કોઇ વાર હારો ઠોકરે ચડે તેમ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. એ અતીંદ્રિય જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તેની વૈજ્ઞાનિક પદ્ધતિ વિષે એ મનુષ્યો કશું જાણતાં હોતાં નથી; પણ તેથી કરીને તેમને જ્ઞાનની પ્રાપ્તિમાં કોઈ જાતની ઊણપ આવતી નથી. આથી કરીને એ લોકો સામાન્ય રીતે એમજ માની લે છે કે, એ જ્ઞાન કોઇ બહારના પ્રદેશમાંથી આવતું હશે. આ પારમાર્થિક જ્ઞાન, જેને ઈશ્વરપ્રેરિત જ્ઞાન કહેવામાં આવે છે તે બધા દેશોમાં એકનું એકજ હોવા છતાં તેની પ્રાપ્તિ સંબંધી જુદીજુદી વાતો શા કારણથી પ્રચલિત થઇ હશે, તે આ ઉપરથી સમજાઈ જશે. કોઇ મહાત્માને અમુક દેવગણે આવીને જ્ઞાન આપ્યું, કોઇને સ્વયં ભગવાનેજ દર્શન આપીને ઉપદેશ કર્યો, એવી એવી અનેક કથાઓ કહેવામાં આવે છે; તેનું એકજ કારણ છે કે, એ જ્ઞાન આત્માની અંદરજ રહેલું હતું અને ઉચ્ચ ભૂમિકામાં પહોંચી ગયેલા મનદ્વારાજ તે પ્રાપ્ત થયું હતું; પણ એ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું, તેની હકીકત દરેક મહાત્માએ, પોતાને જે પ્રકારની કેળવણી મળી હોય, તેને અનુસરીને તેઓથી જેવી આપી શકાય તેવી તેમણે આપી. ખરી વાત એ છે કે, ઘણાખરા મહાત્માઓ યોગશાસ્ત્રથી અજાણ હતા. તેમને એ જ્ઞાન આકસ્મિક રીતે પ્રાપ્ત થયું હતું.

યોગશાસ્ત્ર કહે છે કે, આ પ્રમાણે જ્ઞાનાતીત અવસ્થામાં આકસ્મિક રીતે જઇ પહોંચવામાં કેટલાંક જોખમ રહેલાં છે. કેટલાક તો એમ કરતાં સાવ ગાંડા થઇ ગયા હોય એવા દાખલા પણ જોવામાં આવ્યા છે. એ ઉપરાંત તમે એક બીજી બાબત પણ જોઇ શકશો કે, આ પ્રમાણે આકસ્મિક રીતે ઇંદ્રિયાતીત પ્રદેશમાં જઇને આવ્યા છતાં ત્યાં કેવી રીતે જવાય અને એ સ્થિતિ શી

છે; તેનું જે જે મહાપુરુષોને વાસ્તવિક જ્ઞાન ન હતું, તેઓ તે જ્ઞાનની સાથે કાંઈ ને કાંઈ વહેમ પણ ભેળવી લાવ્યા હતા. તેમણે અનેક પ્રકારના મિથ્યાજ્ઞાનને પોતાના મનમાં સ્થાન આપ્યું હતું.

મહાન ધર્માચાર્યોનાં જીવનચરિત્રો ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે, યોગવિદ્યાના પૂરા જ્ઞાન વગર અતીંદ્રિય પ્રદેશમાં જઈ પહોંચવામાં ભારે જોખમો રહેલાં છે; છતાં એટલું તો ખરૂંજ કે, તેઓ સમાધિની દશાએ પહોંચી ગયા હતા એમાં તો સંદેહજ નથી. તેઓ બધા ઇશ્વરભાવમાં તન્મય બની ગયા હતા, એ પણ આપણે જોઈ શકીએ છીએ. તોપણ જ્યારે જ્યારે કોઈ પણ મહાપુરુષ કેવળ ભક્તિ અને ભાવનાને ખૂબ ઉત્તેજિત કરીને જ્ઞાનાતીત અવસ્થામાં જાય છે, ત્યારે ત્યારે તે કેટલાંક સુંદર સત્યો અને સાથે સાથે કેટલાક ધર્મોન્માદથી ભરેલા વહેમો પણ લેતો આવે છે. તેના ઉપદેશથી જેટલો જગતને લાભ થયો છે, તેટલુંજ આ વહેમ અને ભ્રમણાઓએ નુકસાન પણ કર્યું છે. મનુષ્યજીવન એ નાના પ્રકારની વિપરીત ભાવનાઓથી ગૂંથાયેલી સમસ્યા જેવું છે. તેમાંથી સત્યનું, સમતાનું તારણ કાઢવું હોય તો બુદ્ધિ અને તર્કના પ્રદેશની પાર ગયા વગર છૂટકો નથી. પણ એ કામ ધીરે-ધીરે, પદ્ધતિસર સાધના કરીને, વૈજ્ઞાનિક ઉપાયોદ્વારા થવું ઘટે છે અને સર્વ પ્રકારના વહેમ અને ભ્રમણાઓથી મનને સંપૂર્ણ રીતે મુક્ત રાખવાની જરૂર છે. જેમ વિજ્ઞાનને લગતા કોઈ પણ એક વિષયનો અભ્યાસ કરતી વખતે તે વિષયને માટે વિદ્વાનોએ મુકરર કરેલી પદ્ધતિનુંજ અનુસરણ કરવું પડે છે, તેમ યોગવિદ્યાના અભ્યાસને માટે મુકરર કરેલી પદ્ધતિજ ગ્રહણ કરવી જોઈએ. શરૂઆતમાં બુદ્ધિનો આધાર લઈનેજ યોગમાર્ગમાં પ્રગતિ કરવી. બુદ્ધિ આપણને જ્યાંસુધી લઈ જાય ત્યાંસુધી જવું. એમ કરતાં કરતાં એક વાર આપણે એવી અવસ્થા પ્રાપ્ત કરીશું કે, જ્યાં બુદ્ધિ

આપણી સાથે નહિ આવી શકે. ત્યાં આગળ બુદ્ધિથી પર, ઈંદ્રિયાતીત સર્વોચ્ચ પ્રદેશમાં જવાનો માર્ગ આપણી બુદ્ધિજ આપણને દૂર રહી રહી બતાવી દેશે. કોઇ પણ માણસ આપણી આગળ આવીને કહે કે, "હું ઇશ્વરી ભાવથી આવિષ્ટ થયેલો છું" અને વાત કરતાં કરતાં બુદ્ધિને રુચે નહિ એવી વાતો કહેવા માંડે, તો તેનું કહ્યું માનતા નહિ. એમ કરવાનું કારણ એ છે કે, જે ત્રણ અવસ્થાઓની હું તમને હમણાં વાત કરી ગયો—જેમકે પ્રાણીઓમાં જોવામાં આવતું સહજાતજ્ઞાન, વિચારપૂર્વક જ્ઞાન અને જ્ઞાનાતીત અવસ્થા—એ ત્રણેમાં એકનું એકજ મન રહેલું હોય છે. મનુષ્યને ત્રણ મન નથી, પણ એકજ મનની જુદીજુદી અવસ્થાઓ છે. એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં મનની ઉત્ક્રાંતિ થતી જાય છે, તેમ તેમ તે ઊંચેની ભૂમિકામાં પ્રવેશ કરવા લાગે છે. સહજાતજ્ઞાનમાંથી વિચારપૂર્વક જ્ઞાનનો ઉદ્ભવ થાય છે અને વિચારપૂર્વક જ્ઞાનમાંથી જ્ઞાનાતીત અવસ્થા તેને પ્રાપ્ત થાય છે. આ ત્રણે અવસ્થાઓ એકબીજાની વિરોધી નથી. એક અવસ્થામાં જે જ્ઞાન મળ્યું હોય તેનું બીજી અવસ્થામાં ખંડન નથી થતું, પણ તેમાં જે ઊણપ હોય તેની પૂર્તિ થાય છે. ખરેખરી જ્ઞાનાતીત અવસ્થામાંથી જે જ્ઞાન પ્રાપ્ત થાય તે પણ બુદ્ધિનું વિરોધી તો નજ હોઇ શકે. માટે કોઇ પણ પોતાને ઇશ્વરપ્રેરિત અથવા ભાવાવિષ્ટ કહેવડાવનારો માણસ સહજાતજ્ઞાન કે બુદ્ધિસાધ્ય જ્ઞાનની વિરુદ્ધ બોલવા માંડે, તો તેનો નિડરપણે વિરોધ કરજો. ખરેખરા ઇશ્વરપ્રેરિત મહાત્માઓ તો અપૂર્ણ હોય તેને પૂર્ણ કરે છે. એક મહાપુરુષ (ઇસુ ખ્રિસ્ત) કહી ગયો છે કે, "હુ ખંડન કરવા નથી આવ્યો, પણ તમારામાં જે છે તેને વિશેષ રીતે પૂર્ણ કરવા આવ્યો છું."

યોગનાં જે જે અંગ શાસ્ત્રમાં બતાવ્યાં છે તેનો વૈજ્ઞાનિક

રીતે અભ્યાસ કરતાં કરતાં સમાધિની અવસ્થા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત બીજી એક વિશેષ વાત તમારે જાણી લેવી ઘટે છે કે, જે જે પરમાર્થ-જ્ઞાન અને ઈશ્વરી ભાવો પ્રાચીન મહાત્માઓને પ્રાપ્ત હતા, તે પ્રત્યેક મનુષ્યની અંદરજ રહેલા છે. વળી તેઓ પણ આપણા જેવાજ સ્થૂળ તથા સૂક્ષ્મ અવયવો ધરાવનારા મનુષ્યો હતા. તે સાધનોનો જે સમજપૂર્વક જેવો ઉપયોગ કરીને ઊંચા પ્રકારની યોગ્યતા તેમણે મેળવી હતી તથા ઇંદ્રિયાતીત અવસ્થા પ્રાપ્ત કરી હતી, તેવી સમજણ અને પ્રયત્નદ્વારા આપણે દરેક પણ એ સ્થિતિએ જઈ શકીએ. એક મનુષ્યે અમુક સ્થિતિ પ્રાપ્ત કરી, એજ બતાવી આપે છે કે, દરેક મનુષ્ય તે સ્થિતિએ જઇ શકે. "જઈ શકે" એટલુંજ નહિ પણ અમુક કાળે તો દરેક એ સ્થિતિએ પહોંચશેજ અને એ સ્થિતિને પ્રાપ્ત કરવી એનુંજ નામ ધર્મ. પ્રત્યક્ષ અનુભવદ્વારાજ ખરેખરૂં સંગીન જ્ઞાન આપણને પ્રાપ્ત થઇ શકે તેમ છે. આપણે આખી જિંદગીભર વાદવિવાદ કર્યા કરીએ, બુદ્ધિ દોડાવ્યાજ કરીએ, તર્ક કર્યાજ કરીએ-પણ જાતે અનુભવ લીધા વગર સત્યનો એક કણમાત્ર આપણને મળનાર નથી. વૈદકની ચોપડીઓ વાંચીને વૈદ્ય ન થવાય. તમારા દેશનો નકશોજ માત્ર જોયા કરવાથી શું દેશનું અવલોકન કરવાની મારી અભિલાષા તૃપ્ત થવાની હતી? મારે તો જાતેજ ફરી ફરીને જોવું જોઇએ. હા, નકશો જોવાથી શું શું જોવાલાયક છે, તે જાણવામાં આવે અને જોવામાં સુગમતા થાય ખરી; પરંતુ એ ઉપરાંત નકશાની બીજી ઉપયોગિતા નથી. ઈશ્વરી જ્ઞાન માત્ર અમુકજ પુસ્તકમાં કે અમુકજ શાસ્ત્રમાં છે, એવા કથન કરતાં, ઈશ્વરની વધારે ભયાનક નિંદા બીજી હોઇ શકે નહિ. મનુષ્યો ઈશ્વરને અનંત કહે છે અને છતાં તેને એક નાનકડી ચોપડીમાં પૂરી મૂકવાની ધૃષ્ટતા કરે છે! અમુક પુસ્તકમાંજ ઈશ્વર સંબંધી

જ્ઞાન ભરેલું છે, એવું માનવાની ના પાડનારાં લાખો માણસોની કતલ થયેલી છે. અમુક શાસ્ત્રમાં લખેલી બાબતો અમે માનતા નથી એમ કહેવાના ગુના માટે લાખો મનુષ્યોએ પ્રાણ ખોયા છે. એ હત્યાકાંડનો જમાનો તો જો કે હવે પૂરો થયો છે, પણ જગતની દૃષ્ટિ હજી પણ વિચાર–અભ્યાસ તરફ ન વળતાં અંધ-શ્રદ્ધામાં અને પુસ્તકોમાંજ ભયંકર રીતે બંધાઇ રહેલી છે.

વૈજ્ઞાનિક રીતે સાધના કરીને જ્ઞાનાતીત અવસ્થા પ્રાપ્ત કરવી હોય તો મેં રાજયોગનાં જે પગથિયાં બતાવ્યાં છે તેનો ક્રમવાર અભ્યાસ કરવો જોઇએ. ગયા વ્યાખ્યાનમાં મેં તમને પ્રત્યાહાર અને ધારણા વિષે કહ્યું હતું. આ પ્રસંગે ધ્યાન વિષે વિવેચન કરીશું. દેહની અંદરના અથવા બહારના કોઇ પણ સ્થાનમાં મનને અમુક વખત સુધી સ્થિર કરવાની શક્તિ પ્રાપ્ત થાય એટલે તે ધીરે ધીરે એકજ દિશામાં અખંડ પ્રવાહરૂપે વહેવા લાગે છે. આ સ્થિતિએ ધ્યાનનું સાધન એટલું ઊંચા પ્રકારનું થઇ જાય કે, અનુભવના બહારના અંશને છોડી દઇને, કેવળ અંદરના અંશમાં એટલે પરમપ્રાપ્તવ્યમાં સંપૂર્ણપણે લીન થઈ જાય, તે સ્થિતિનું નામ સમાધિ. ધ્યાન, ધારણા અને સમાધિ એ ત્રણ ક્રિયાઓને એકત્ર કરીએ તેનું નામ સંયમ. મન કોઇ પણ વસ્તુ ઉપર અમુક સમય સુધી એકાગ્ર થઈ જાય અને પછી એ પ્રમાણે અખંડ એકાગ્રતા વડે મન તે પદાર્થના આંતરસ્વરૂપમાં લીન થઈ શકે તો એવા શક્તિસંપન્ન મનુષ્યને પછી કશુંજ મેળવવાનું રહેતું નથી. તેને માટે પછી કશુંજ અશક્ય નથી.

ધ્યાનમગ્ન અવસ્થા એ શ્રેષ્ઠ અવસ્થા છે; પરંતુ જ્યાંસુધી મનુષ્યમાં વિષયવાસના રહેલી છે, ત્યાંસુધી તે તે અવસ્થાના સુખ-નો ઉપભોગ કરી શકતો નથી. પશુપક્ષીઓ ઇંદ્રિયસુખમાં મગ્ન છે; સામાન્ય મનુષ્યોનું સુખ બુદ્ધિના વિલાસમાં છે અને ઇશ્વરી

આનંદ તો આધ્યાત્મિક ધ્યાનમાંજ રહેલો છે. જે ભાગ્યશાળી મનુષ્ય એ ધ્યાનાવસ્થાને પ્રાપ્ત કરે છે, તેની નજરે આખું જગત પરમ સુંદર અને વ્યવસ્થિત સ્વરૂપમાં દેખાય છે. જેને વાસના નથી, જે સંપૂર્ણ રીતે નિર્લિપ્ત છે, તેની દૃષ્ટિએ પ્રકૃતિના વિવિધ ખેલ અત્યંત ભવ્ય અને સુંદર દૃશ્યોના વિશાળ પટરૂપે દેખાય છે.

ધ્યાન કરતાં પહેલાં આ બધી બાબતો બરાબર સમજી લેવાની જરૂર છે. ધારો કે, અમુક અવાજ મારે કાને પડે છે. પ્રથમ એક ઠેકાણે બાહ્ય પ્રદેશમાં કંપન શરૂ થાય છે. ત્યાર પછી જ્ઞાનતંતુની મારફતે એ કંપનની અસર મન સુધી પહોંચી જાય છે. મનદ્વારા તેની સામે એક પ્રકારની પ્રતિક્રિયા થાય છે. તેમ થતાની સાથેજ આકાશ (ઇથર)નાં પરમાણુઓમાં ઉત્પન્ન થયેલા કંપનથી માંડીને આપણા મનની પ્રતિક્રિયા સુધીનાં તમામ પરિણામોનું મૂળ કારણ જે બાહ્યપદાર્થ હતો, તેનું આપણને એકદમ ભાન થઇ જાય છે. યોગવિદ્યામાં આ ત્રણ ક્રિયાઓને શબ્દ, અર્થ અને જ્ઞાન એ સંજ્ઞાઓથી ઓળખાવવામાં આવે છે. શારીરશાસ્ત્રની પરિભાષામાં પહેલી ક્રિયાને આકાશના પરમાણુઓનું કંપન, બીજીને જ્ઞાનતંતુ અને મગજની અંદર પેદા થયેલી ગતિ અને ત્રીજી ક્રિયાને માનસિક પ્રતિક્રિયા કહેવામાં આવે છે. આ ત્રણે ક્રિયાઓ એકબીજાથી સંપૂર્ણ સ્વતંત્ર હોવા છતાં એવી ભેળસેળ થઇ ગયેલી છે કે, આપણને એમની વચ્ચે ભેદજ જણાતો નથી. વાસ્તવિક રીતે આપણે એ ત્રણમાંની કોઇ પણ ક્રિયાનો અનુભવ કરી શકતા નથી; પરંતુ એ ત્રણનું સામટું પરિણામ—બાહ્યપદાર્થનું જ્ઞાન—તેનુંજ આપણને જ્ઞાન થાય છે. જયારે જયારે આપણને કોઇ પણ બાહ્યપદાર્થનું જ્ઞાન થાય છે. ત્યારે આ ત્રણે ક્રિયાઓ થયા વગર રહેતી નથી. તો પછી આપણે તેમને પૃથક્રૂપે શા માટે અનુભવી શકીએ.

અમુક સમય પર્યંત સાધના કરતાં કરતાં મન સારી રીતે દૃઢ થાય અને કાબૂમાં આવી રહે તથા સૂક્ષ્મ અનુભવો ગ્રહણ કરવાની શક્તિનો વિકાસ થાય, ત્યારે મનને ધ્યાનમાં જોડવાનો સમય આવે છે. પ્રથમ તો કોઇ સ્થૂળ પદાર્થના ધ્યાનથી આરંભ કરવો અને એમ કરતાં કરતાં સૂક્ષ્મનું ધ્યાન કરવાની યોગ્યતા આવે છે; તથા છેવટે વિષયશૂન્ય એટલે નિર્વિકલ્પ ધ્યાન કરવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં તો મનને ઇંદ્રિયજ્ઞાનનાં બાહ્યકાર્યોમાં યુક્ત કરવું. ત્યાર પછી જ્ઞાનતંતુઓની ગતિમાં અને ત્યાર પછી માનસિક પ્રતિક્રિયામાં પરોવી તેનો અનુભવ કરવા માંડવો. જ્યારે બાહ્યપદાર્થને એકાગ્રચિત્તથી જોવાની નિપુણતા આવે, એટલે પછી સર્વ સૂક્ષ્મ પદાર્થો અને સ્વરૂપોને જોવાની શકિત પણ આવી જાય છે. એવી રીતે મનમાં શરીરની અંદર ચાલી રહેલી સૂક્ષ્મગતિ જાણવાની શકિત કેળવાય, એટલે પછી તે પોતાના તેમજ બીજાના મનના વિકારો પણ સમજી શકે છે; તે એટલે સુધી કે તે વિકારોની બાહ્ય પ્રતિક્રિયા થવા પામે તે પહેલાં તો યોગી તેને જોઇ શકે છે. આ પ્રમાણે માનસિક પ્રતિક્રિયાઓ જાણવાની શકિત આવી ચૂકી એટલે પછી યોગીને આપોઆપજ અનેક વાતોનું જ્ઞાન થઈ શકે છે; કારણકે પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક વિચાર એ આપણી માનસિક પ્રતિક્રિયાનુંજ પરિણામ છે. આવી સ્થિતિ પ્રાપ્ત થયા પછી યોગીને પોતાના મનનું પણ મૂળ અવગત થાય છે અને મનના સર્વ ભેદો તેના સમજવામાં આવી જાય છે. આ યોગીને અનેક પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થાય છે; પરંતુ જો તેમાંની એકાદ પણ શક્તિ–સિદ્ધિમાં ફસાયો તો તેની આંતરિક પ્રગતિમાં અટકાવ પડે છે. ભોગની પાછળ બાહ્યવસ્તુસ્થિતિઓમાં લોભાવામાં આટલો બધો અનર્થ રહેલો છે! મનને દૃઢ રાખીને સિદ્ધિઓને પણ જે તુચ્છકારી શકે અને મન-

રૂપી સમુદ્રના તમામ તરંગોનું શમન કરી શકે, તેજ યોગના પરમ લક્ષ્યને પામે છે. આ પ્રમાણે મન તથા શરીરનાં અનેક પ્રકારનાં બંધનો તથા વિકારોથી છૂટનારો યોગસિદ્ધ પુરુષજ પોતાના સ્વયંપ્રકાશ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરીને કૃત-કૃત્ય થાય છે. પોતે જ્ઞાનસ્વરૂપ, અવિકારી, નિત્ય અને સર્વ-વ્યાપી છે અને અનાદિ કાળથીજ પોતે તેવો હતો, એવો યોગીને અપરોક્ષ અનુભવ થાય છે.

આ સમાધિની સ્થિતિ દરેક મનુષ્ય માટે શક્ય છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુથી માંડીને ઊંચામાં ઊંચી કોટિના દેવ પર્યંતના તમામ જીવોને વહેલી યા મોડી પણ એ સ્થિતિ પ્રાપ્ત કર્યેજ છૂટકો છે અને એ સ્થિતિની પ્રાપ્તિ થાય તોજ તેનું ધાર્મિક જીવન તેના ખરા અર્થમાં સિદ્ધ થયું કહેવાય. અત્યારે આપણે એ બાબત તરફ પ્રવૃત્તિ કરીએ છીએ તે તો માત્ર એ સ્થિતિ તરફ ધીમે ધીમે ડગલાં ભરવા પૂરતીજ છે. અત્યારે તો જેઓ ધર્મને નથી માનતા તેઓમાં અને આપણામાં વધારે ભેદ નથી; કારણકે આપણને વાણીના અને પુસ્તકિયા જ્ઞાન કરતાં વિશેષ કોઇ પણ પ્રકારનો જાતિઅનુભવ નથી. એ જાતિઅનુભવ મેળ-વવાને માટેજ એકાગ્રતાનું સાધન કરવાનું છે. સમાધિ પ્રાપ્ત કર-વાનાં તમામ અંગ વિષે મહાત્મા પુરુષોએ પૂર્ણપણે વિચાર કર્યો છે અને તે અંગોને તેમણે ક્રમવાર ગોઠવીને વૈજ્ઞાનિક પદ્ધતિથી આખા અભ્યાસક્રમની રચના કરી છે. જો તે પ્રમાણે બરાબર અભ્યાસ કરવામાં આવે, તો આ માર્ગ આપણને જરૂર પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરાવે અને તેમ થતાં દુઃખ માત્રનો સદાને માટે નાશ થઇ જાય, સર્વ કર્મો બળીને ભસ્મ થઈ જાય અને સદાને માટે જે પરમ આનંદમય મુક્તદશા છે તે આપણી પોતાની બની રહે—આપણે મોક્ષરૂપજ બની રહીએ. ૐ શાંતિઃ ।

अध्याय ८ मो–राजयोगनो संक्षिप्त सार

(આ લેખમાં સ્વામી વિવેકાનંદજીએ કૂર્મપુરાણના અમુક ભાગનો ભાવાનુવાદ આપ્યો છે.)

યોગાગ્નિ મનુષ્યના બંધનરૂપ પાપપિંજરને બાળી ભસ્મ કરી નાખે છે; અને તેમ થતાંજ શુદ્ધ જ્ઞાન પ્રકટી નીકળીને તત્કાળ નિર્વાણની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે યોગની સાધનાદ્વારા જ્ઞાન મળે છે અને તે જ્ઞાનયોગના લક્ષરૂપ મોક્ષની પ્રાપ્તિમાં સહાયભૂત થાય છે. આ પ્રમાણે જેનામાં યોગ અને જ્ઞાન બેઉનો શુભયોગ થયો હોય તેના ઉપર ઇશ્વર પ્રસન્ન રહે છે. જેઓ દિવસમાં એક વાર, બે વાર અથવા ત્રણ વાર, અથવા બની શકે તો બધોયે સમય મહાયોગનો અભ્યાસ કરે, તેને દેવતુલ્ય જાણવો. યોગ બે પ્રકારના છે. તેનાં નામ " અભાવયોગ " અને " મહાયોગ " છે. આત્માને નિર્ગુણ–શૂન્યરૂપ માનીને તેનું ધ્યાન કરવામાં આવે છે તેને અભાવયોગ કહે છે; અને આત્માને આનંદપૂર્ણ, પવિત્ર અને બ્રહ્મથી અભિન્ન માનીને તેનું ધ્યાન કરવામાં આવે છે તેને મહાયોગ કહે છે. આ બેમાંથી ગમે તે યોગદ્વારા આત્મસાક્ષાત્કાર થઇ શકે છે. શાસ્ત્રોમાં આપણે અનેક પ્રકારનાં યોગનાં વર્ણન વાંચીએ છીએ; પરંતુ આ મહાયોગ, જેમાં યોગી પોતાનું અને અખિલ વિશ્વનું ભગવાનરૂપે ધ્યાન કરે છે, તેની તુલનામાં મૂકી શકાય એવો બીજો એક પણ યોગ નથી. સર્વ પ્રકારના યોગમાં આ મહાયોગ શ્રેષ્ઠ છે.

રાજયોગનાં કેટલાંક જુદાં જુદાં અંગ (પગથિયાં) છે. જેમકે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

આમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપ્રતિગ્રહ, એટલાં લક્ષણોનો યમની અંદર સમાવેશ થાય છે. એ યમદ્વારા મન એટલે કે ચિત્તની શુદ્ધિ થાય છે. મન, વાણી અને કર્મથી કદી પણ કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી અને દુઃખ પણ ન દેવું એને "અહિંસા" કહે છે. અહિંસાના જેવો શ્રેષ્ઠ ધર્મ બીજો એકે નથી. જીવમાત્ર પ્રત્યે અહિંસાવૃત્તિ રાખવી એના કરતાં વધારે ઊંચા પ્રકારનો આનંદ મનુષ્યને માટે છેજ નહિ. યમનું બીજું લક્ષણ "સત્ય" છે. સત્યની સહાયથીજ આપણે આપણો વ્યવહાર ચલાવી શકીએ છીએ; સત્યદ્વારાજ પ્રત્યેક વસ્તુ પ્રાપ્ત થાય છે અને સર્વનો આધાર સત્ય ઉપરજ રહેલો છે. જે કાંઇ જેવું હોય તેવું કહેવું એનુંજ નામ સત્ય. ચોરી કરીને અથવા જોરજુલમથી પારકી ચીજ ન લેવી એને "અસ્તેય" કહે છે. મન, વાણી અને કર્મથી વીર્યનું રક્ષણ અને કામેચ્છાનો નિગ્રહ કરવો, એનું નામ "બ્રહ્મચર્ય" છે. મુશ્કેલીમાં પણ કોઈનું દાન (બક્ષિસ) ન લેવું એનું નામ "અપરિગ્રહ" છે.એક વ્યક્તિ કોઇની પાસેથી કોઇ વસ્તુનું દાન કિંવા સહાય ગ્રહણ કરે છે, ત્યારે તેનું હૃદય મલિન થાય છે, તેજ ક્ષીણ થાય છે, સ્વતંત્રતા અને પ્રભાવ ઘટી જાય છે અને તે ઋણી તથા પરતંત્ર બને છે.

નિયમનાં પણ પાંચ લક્ષણ છે અને તે યોગાભ્યાસમાં અત્યંત ઉપકારક છે. નિયમ એટલે નિયમિત અભ્યાસ અથવા સાધના કરવી તે. આ પાંચ સાધનાનાં નામ તપ, સ્વાધ્યાય (અધ્યાત્મ-શાસ્ત્રોનું વાચન), સંતોષ (બધી અવસ્થાઓમાં પ્રસન્નતા), શૌચ (પવિત્રતા) અને ઇશ્વરપ્રણિધાન (ઇશ્વરોપાસના) એ પ્રમાણે છે.

એમાં વ્રતોવડે દેહમાંના વ્યાધિ, મળ અને જડતા ઉપર

કાબૂ મેળવવો એનું નામ "તપ" (શારીરિક તપ) કહેવાય છે. વેદાદિ અતિ ઉપકારક ગ્રંથોનું અધ્યયન કરવું અથવા જેનાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય એવા મંત્રનો જપ કરવો એને "સ્વાધ્યાય" કહે છે. જપ કરવાની ત્રણ રીત કહેવાય છેઃ–વાચિક, ઉપાંશુ અને માનસિક. વાચિક એટલે જેનો ઉચ્ચાર બીજાને સંભળાઇ શકે એવી રીતનો જપ. એ પ્રકારનો જપ કનિષ્ઠ કહેવાય છે. હોઠ હાલે પરંતુ પાસે બેઠેલો માણસ અવાજ સાંભળી ન શકે એવા જપને ઉપાંશુ જપ કહે છે. એ મધ્યમ ગણાય છે. જે જપ લેશ માત્ર પણ ઉચ્ચાર વિના, માત્ર મનમાં ને મનમાંજ થયા કરે અને તેની સાથે મંત્રના અર્થનું સ્મરણ ચાલુ રહે, તે માનસિક જપ કહેવાય છે અને તે સૌથી શ્રેષ્ઠ મનાય છે.

ઋષિઓએ શૌચના બાહ્ય અને આંતર એવા બે પ્રકાર કહ્યા છે. મૃત્તિકા, પાણી વગેરેથી શરીરને ધોઇને સાફ રાખવું એને બાહ્ય શૌચ કહે છે. એમાં સ્નાન ઇત્યાદિનો સમાવેશ થઇ જાય છે. બાહ્ય અને આંતર બેઉ પ્રકારનું શૌચ આવશ્યક છે. અંતરની પવિત્રતા સાચવીએ પણ બહારથી મલિન રહીએ તો શૌચ સંપૂર્ણ ન કહેવાય. જ્યારે બેઉ પ્રકારનાં શૌચ જાળવવાનું ન બને તેમ હોય, ત્યારે એકલું અંતરનું શૌચ સાધવું એ એકલી બાહ્યશુદ્ધિ સાધવા કરતાં વધારે હિતકારી છે, પરંતુ બેઉ પ્રકારના શૌચનું પાલન કર્યા વગર યોગની સાધનામાં જોઇએ તેવી અનુકૂળતા મળતી નથી. "ઈશ્વરપ્રણિધાન" નો અર્થ ભગવદ્‌ભક્તિ છે. પરમાત્માની સ્તુતિ, પૂજન, નામસ્મરણ અને તેના ગુણમહિમાનું કીર્તન એ તેની ભક્તિ છે.

યોગનું ત્રીજું અંગ "આસન" છે. છાતી, ખભા અને માથું એ ત્રણ સીધી લીટીમાં રહે અને શરીરને સુખપૂર્વક કુદરતી સ્થિતિમાં રખાય એટલુંજ આસનના સંબંધમાં પૂરતું છે. ચોથું

અંગ "પ્રાણાયામ" છે. "પ્રાણ" એટલે શરીરમાં રહેલી જીવનશક્તિ અને "આયામ" એટલે સંયમ. પ્રાણાયામના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકાર છે અને તે પ્રત્યેક પ્રકારનાં ત્રણ ત્રણ અંગ છે. એ અંગોનાં નામ પૂરક, કુંભક અને રેચક છે. જે પ્રાણાયામમાં ૧૨ સેકન્ડ સુધી વાયુનો પૂરક કરવામાં આવે તે અધમ પ્રાણાયામ કહેવાય છે. ૨૪ સેકન્ડ સુધીનો મધ્યમ અને ૩૬ સેકન્ડ સુધીનો પૂરક પ્રાણાયામ ઉત્તમ ગણાય છે. જે પ્રાણાયામમાં મુખ્ય ચિહ્નોરૂપે પ્રથમ પ્રસ્વેદ વળી પછી કંપન થાય અને છેવટે આસન અંતરીક્ષમાં અધ્ધર થાય તેને સર્વોત્તમ પ્રાણાયામ ગણ્યો છે. વેદનો એક પવિત્ર મંત્ર ગાયત્રી છે. એ મંત્રનો અર્થ એવો છે કે, "જેણે અખિલ બ્રહ્માંડની રચના કરી છે, તે પરમાત્માના રમણીય તેજનું અમે ધ્યાન કરીએ છીએ. તે અમારી બુદ્ધિને જ્ઞાનનો પ્રકાશ અર્પો!" એ મંત્રના આરંભમાં અને અંતમાં પ્રણવનો ઉચ્ચાર કરવામાં આવે છે. એક પ્રાણાયામમાં ત્રણ ગાયત્રી મંત્રનો માનસિક જપ કરવાનું કહ્યું છે. યોગ સંબંધી દરેક ગ્રંથમાં પ્રાણાયામનાં ત્રણ અંગ બતાવ્યાં છે. જેમકે રેચક એટલે શ્વાસને બહાર કાઢવો; પૂરક એટલે ફેફસાંમાં વાયુનું શોષણ કરવું અને કુંભક એટલે વાયુને રોકી રાખવો. વિષયનો અનુભવ કરાવવાવાળી બહિર્મુખ ઇંદ્રિયોને કાબૂમાં લાવવી અને અંતર્મુખતા સાધવામાં યોજવી, એ "પ્રત્યાહાર" નો અર્થ છે.

હૃદયકમળ અથવા મસ્તિષ્કના મધ્યબિંદુમાં-તાળવામાં મનને સ્થિર કરવું એને "ધારણા" કહે છે. મનને એકજ સ્થાનમાં સ્થિર કરીને તે સ્થાનને આધારરૂપ ગણ્યાથી એક પ્રકારનો ચિત્તવૃત્તિનો જે પ્રવાહ ઉત્પન્ન થાય છે, તે પ્રવાહને બીજા વૃત્તિપ્રવાહ ઉત્પન્ન થઇને દબાવી ન દે, તેવો પ્રયત્ન કરતાં કરતાં તે પ્રવાહ એવો બળવાન બની જાય છે કે, બાકીના બધા પ્રવાહ નિર્બળ થતા

ચાલી આખરે અદૃશ્ય થઈ જાય છે. આવી રીતે ધીમે ધીમે બહિર્વૃત્તિનો નાશ થઇ જઇ માત્ર એકજ વૃત્તિ કાયમ રહે, એ સ્થિતિને "ધ્યાન" કિંવા "એકાગ્રતા" કહે છે.

જ્યારે કોઇ પણ પ્રકારના અવલંબનની જરૂર ન રહે અને બધું મન એક અખંડ તરંગરૂપ બની જાય, ત્યારે મનની એવી એકરૂપતાને "સમાધિ" કહે છે. તે વખતે શરીરના કોઇ પણ સ્થાનનો અથવા ચક્રનો આધારં લઇને ધ્યાનનો પ્રવાહ ન ચાલે, પણ કેવળ ધ્યેય વસ્તુનો ભાવજ અવશિષ્ટ રહેવા પામે છે. મનને અમુક સ્થાનમાં બાર સેકન્ડ સુધી ધારણ કરવામાં આવે તેને "ધારણા" કહે છે. એવી બાર ધારણા મળીને એક ધ્યાન થાય છે અને બાર ધ્યાનની એક સમાધિ ગણાય છે.

જે સ્થાનમાં અગ્નિ હોય, પાણીનો ભેજ હોય, સૂકાં પાનના ઢગલા થયા હોય, જંગલી જાનવરો વસતાં હોય, ચાર રસ્તા ભેગા થતા હોય, ઊધઇના રાફડા જામ્યા હોય, ભય હોય, કોલાહલ હોય, દુષ્ટ માણુસો વસતા હોય, એવું સ્થાન યોગસાધનને માટે અયોગ્ય છે. જ્યારે શરીરમાં અત્યંત આળસ હોય, શરીર સ્વસ્થ ન હોય, મન ચિંતાતુર કે વ્યગ્ર હોય, તે વખતે યોગનું સાધન કરવું નહિ. જ્યાં તમારા અભ્યાસમાં વિઘ્ન આવે એમ ન હોય, એવું એકાંત સ્થાન શોધીને ત્યાં યોગાભ્યાસ કરવો. અપવિત્ર સ્થાનમાં સાધન કરવું નહિ. સ્વચ્છ અને થોડી ઘણી પણ સુંદરતાવાળું સ્થાન શોધી કાઢજો, અથવા તમારા પોતાનાજ ઘરનો એકાદ સુંદર ઓરડો પસંદ કરજો. સાધન કરવા બેસતા પહેલાં પ્રાચીન યોગીઓને, તમારા ગુરુદેવને તથા પરમેશ્વરને વંદન કરજો.

ત્યાર પછી ધ્યાન કરવાની કેટલીક પદ્ધતિઓનું વર્ણન આપવામાં આવ્યું છે. બરાબર સીધા બેસીને નાકના અગ્રભાગ પર દૃષ્ટિ સ્થિર કરવી. આવી રીતે નેત્રોની સાથે સંબંધ રાખતા જ્ઞાન-

તંતુઓનો સંયમ કરવાથી ચિત્તની એકાગ્રતા કરવામાં સહાયતા મળે છે, ઇચ્છાશક્તિ સબળ થાય છે અને માનસિક પ્રતિક્રિયાનો નિગ્રહ કરવાનું કામ પણ સહેલું થઇ જાય છે. એ બધાં પરિણામ શાથી આવે છે તે આગળ જતાં સમજાઇ જશે. ધ્યાન કરવા-યોગ્ય સ્વરૂપોના નમૂના આપતાં કહ્યું છે કે, તમારા મસ્તકના ઉપલા ભાગમાં થોડા આંગળ ઊંચે એક કમળની કલ્પના કરો. ધર્મ—શુદ્ધ આચરણ એ તેનો મધ્ય ભાગ છે અને જ્ઞાન એ તેની દાંડી છે એમ ધારો. યોગની અષ્ટ સિદ્ધિઓને તેની આઠ પાંખ-ડીઓની જગ્યાએ કલ્પો; અને એ પાંખડીઓના મધ્ય ભાગમાં કેસર અને બીજકોષને ઠેકાણે વૈરાગ્યની ભાવના કરો. એમ કર-વાનું તાત્પર્ય એ છે કે, યોગી આ સિદ્ધિઓ તરફ નહિ ખેંચાતાં વૈરાગ્યપૂર્વક તેનો ત્યાગ કરીને, જ્ઞાનરૂપી દાંડીના છેડા તરફ આગળ વધે તોજ તે પરમાત્મસાક્ષાત્કાર અથવા મોક્ષનો અધિકારી થાય છે. એટલાજ માટે સિદ્ધિઓને પાંદડીઓની જગ્યાએ કલ્પેલી છે અને અંદરના બીજકોષ તથા કેસરમાં પરમ વૈરાગ્યની કલ્પના કરેલી છે. હવે એ કમળની અંદર જ્ઞાનરૂપી દાંડીના છેડા ઉપર સુવર્ણના જેવી કાંતિવાળા, સર્વશક્તિમાન, અતકર્ય, જેનું નામ ૐકાર છે, જેની આસપાસ અવર્ણનીય તેજના અંબાર વરસી રહ્યા છે, એવા પરમેશ્વરની કલ્પના કરજો અને તેવા સ્વરૂપનું ધ્યાન કરજો. એક બીજો પણ ધ્યાનનો પ્રકાર બતાવું છું. તમારા હૃદયની અંદર જાણે પોલાણ છે, તેની અંદર દીવાની જયોત પ્રકાશી રહી હોય એવી કલ્પના કરો. એ જયોતિમાં તમારા આત્માની ભાવના ધરજો; એ જયોતિની અંદરના વચલા ભાગમાં વિશેષ તેજસ્વી પ્રકાશની કલ્પના કરજો અને તે તમારા આત્માનો આત્મા—પર-માત્મા છે એમ સમજજો. આ સ્વરૂપનું તમારા હૃદયમાં ધ્યાન કરજો. બ્રહ્મચર્ય, અહિંસા—અને તે એટલે સુધી કે તમારા કટ્ટામાં

કટ્ટા શત્રુ તરફ પણ ક્ષમાભાવ, સત્ય, ઇશ્વરમાં શ્રદ્ધા એ બધા ગુણ જુદી જુદી વૃત્તિઓને ઠેકાણે છે. એ બધા ગુણ તમે પૂરેપૂરા પ્રાપ્ત નજ કરી શકો તો તેથી નાહિંમત થતા નહિ. તમારી પાસે અત્યારે જે કાંઇ છે તેનાથી પ્રયત્ન ચાલુ રાખો; બાકીનું સર્વ એની મેળે આવી મળશે. જેણે તમામ જાતની આસક્તિ, ભય અને દ્વેષનો પરિત્યાગ કર્યો છે, જેણે ભગવાનનું શરણ લીધું છે, જેનું હૃદય નિર્મળ બની ગયું છે, તેની તમામ મનોકામનાઓ ઇશ્વર પૂર્ણ કર્યા વગર રહેતોજ નથી. માટે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યસહિત ઇશ્વરની ઉપાસના કરવી. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કેઃ-

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥ १३॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥१४॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥ १६॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥१८॥
तुल्यनिंदास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥१९॥

ભાવાર્થ કે, "જે કોઇના પ્રતિ દ્વેષ કરતો નથી, જે સર્વની સાથે મૈત્રી રાખે છે, જે સૌના પ્રત્યે દયાવાન છે, જેનો અહંકાર ઓગળી ગયો છે અને જે મમતા વિનાનો છે; જે સુખમાં તેમજ

દુઃખમાં સમાન વૃત્તિવાળો છે, જે ક્ષમાવાન છે, જે હમેશાં સંતુષ્ટ રહે છે, જે હમેશાં યોગારૂઢ રહે છે, જેણે ઇંદ્રિયોને વશ કરી છે, જે દૃઢ નિશ્ચયવાળો છે, જેણે પોતાનાં મન અને બુદ્ધિ મને (ઇશ્વરને) અર્પણ કર્યાં છે, તે મારો પ્રિય ભક્ત છે. જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી અને જે લોકોથી ઉદ્વેગ પામતો નથી; જેણે હર્ષ, દુઃખ, ભય અને ઉદ્વેગનો ત્યાગ કર્યો છે તે મારો પ્રિય ભક્ત છે. જે કશાની સ્પૃહા રાખતો નથી, જે પવિત્ર છે, કુશળ છે, જે વૈરાગ્યવાન છે, જેના કલેશનો નાશ થઇ ગયો છે, જેણે કર્મના પ્રારંભનો પરિત્યાગ કર્યો છે, તે મારો પ્રિય ભક્ત છે. મિત્ર તેમજ શત્રુ પ્રત્યે સમાનવૃત્તિવાળો, માન અને અપમાન બેઉ જેને સરખાં છે, જેને મન શીત, ઉષ્ણ, સુખ, દુઃખ સૌ સમાન છે, જે પૂરેપૂરો નિઃસંગ બની ગયો છે, જેને નિંદા અને સ્તુતિ તુલ્ય છે, જે શાંત છે અને જે કાંઇ મળી આવે તેથી સંતુષ્ટ છે, જે ઘર વિનાનો છે, જેની બુદ્ધિ સ્થિર છે અને જે મારા તરફ અનન્ય ભક્તિવાળો છે, તે મને ઘણો પ્રિય છે અને તે યોગી થઇ શકે છે." (શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨, શ્લોક ૧૩-૧૯)

નારદ કરીને એક ઉચ્ચ કોટિના દેવર્ષિ થઇ ગયા છે. જેમ મનુષ્યસમાજમાં ઋષિઓ અને મોટા મોટા યોગી પુરુષો હોય છે, તેમ દેવસમાજમાં પણ યોગીઓ હોય છે. એક દિવસ તે એક અરણ્યમાં થઇને જતા હતા, ત્યાં ઇશ્વરના ધ્યાનમાં લીન થઇ ગયેલો એક તપસ્વી તેમની નજરે પડયો. તેના શરીર ઉપર ચારે બાજુએ ઊધઈના રાફડા જામી ગયા હતા; કારણકે એકના એક આસને તે લાંબા કાળથી બેસી રહ્યો હતો. તેણે નારદને પૂછ્યું: "મહારાજ! આપ કયાં જાઓ છો?" નારદે કહ્યું: "હું વૈકુંઠમાં જાઉં છું." પેલા પુરુષે કહ્યું: "ત્યારે તો કૃપા કરીને ભગવાનને પૂછી જોજો કે મારા ઉપર તે કયારે કૃપા કરશે? મને

ક્યારે મુક્તિ મળશે ?" નારદ ત્યાંથી આગળ ચાલ્યા એટલે એક બીજો તપસ્વી તેમની નજરે પડ્યો. તે તો ગાતો હતો, નાચતો હતો અને કૂદતો હતો. તેણે પૂછ્યુંઃ "ઓ નારદ! તમે ક્યાં જાઓ છો ?" તેની બોલવાચાલવાની રીત અને મુખાકૃતિ ભક્તિના ઉન્મત્ત ભાવોથી પ્રફુલ્લ હતી. નારદે વૈકુંઠ તરફ જવાનો ઉત્તર આપ્યો એટલે તેણે કહ્યુંઃ "મને મુક્તિ ક્યારે મળશે એટલું જરા પૂછતા આવજો." નારદ ત્યાંથી ચાલતા થયા, ત્યાર પછી એક વાર ફરીથી નારદ તેજ રસ્તે થઈને જતા હતા ત્યારે ઊધઈના રાફડાથી ઢંકાયેલો પેલો માણસ પૂછવા લાગ્યો કે, "ઓ નારદ ! તમે મારે વિષે ભગવાનને પૂછી જોયું હતું ?" નારદે કહ્યુંઃ "હા." "ત્યારે તેમણે શું કહ્યું છે ?" "ઈશ્વરે કહ્યું છે કે, તને બીજા ચારઃજન્મ પછી મુક્તિ મળશે." તે તો રડવા લાગ્યો અને કલ્પાંત કરવા લાગ્યો. "અરરર! ઊધઈના રાફડા બાઝી ગયા ત્યાંસુધી મેં ધ્યાન કર્યું તોપણ હજી મારે ચાર જન્મ બાકી!" ત્યાંથી નારદ બીજા તપસ્વી પાસે ગયા. તેણે પણ નારદને એજ સવાલ પૂછ્યો. નારદે કહ્યું કે "સામે આંબલીનું ઝાડ તેં જોયું ? તેના ઉપર જેટલાં પાંદડાં છે એટલા જન્મ તારે ધારણ કરવા પડશે. પછી તારી મુક્તિ થશે." આ સાંભળતાંજ પેલો માણસ તો અતિશય આનંદ પામી નાચવા લાગ્યો અને બોલ્યોઃ "હાશ! આટલા ટૂંક વખતમાં મને મુક્તિ મળી જવાની!" તરતજ આકાશવાણી થઈ. "વત્સ! તું આ પળથીજ મુક્ત બની ગયો છે." ધીરજનાં આવાં ફળ મળે છે. જરાપણ નાહિંમત થયા વગર લાખો કરોડો જન્મમરણના ફેરામાંથી પસાર થવા તે તૈયાર હતો, પણ પહેલા માણસને ચાર જન્મ પણ વધારે પડી ગયા. કલ્પના કલ્પ સુધી ખંત રાખીને સાધન કરવાનું જેનામાં ધૈર્ય છે તેજ પરમપદને પામે છે.

पातंजल योगसूत्र

उपक्रमणिका

યોગસૂત્રનો વિષય હાથમાં લેતા પહેલાં યોગવિદ્યામાં સમાયેલો ધર્મ કયા સિદ્ધાંત ઉપર રચાયલો છે, તેનું આપણે અવલોકન કરી લઇએ. જગતના ઉચ્ચ કોટિના મહાપુરુષો એકમતે જાહેર કરે છે અને ભૌતિકશાસ્ત્ર પણ એ સિદ્ધાંતને પ્રયોગ સહિત સિદ્ધ કરી બતાવ્યો છે કે, એક નિર્વિશેષ, સર્વાતીત સત્તા, જે આ દ્વૈત જગતની પાછળ રહેલી છે, તેમાંથીજ આપણે પ્રત્યેક તથા આ સમગ્ર જગત ઉત્પન્ન થયું છે અને એ સત્તામાં પાછું સમાઈ જવા માટે એ દિશા તરફ વહ્યું જાય છે. જો આ સિદ્ધાંતને આપણે માન્ય રાખીએ તો પછી સ્વાભાવિક રીતેજ એક પ્રશ્ન ઊભો થાય છે કે, એક મૂળ અવ્યક્ત અને નિર્વિશેષ અવસ્થા તથા બીજી વ્યક્ત અને દ્વૈત અવસ્થા એ બેમાંથી કયી શ્રેષ્ઠ છે? વ્યક્ત અવસ્થા એજ મનુષ્યની સર્વોત્તમ સ્થિતિ છે, એવું માનનારા ઘણા માણસો છે. કેટલાએક મોટા વિચારકોનો એવો અભિપ્રાય છે કે, આપણે–મનુષ્યો જે એક અખંડ અવ્યક્ત સત્તાના વિકાસરૂપ છીએ, તે આપણી વ્યક્ત અવસ્થા અવ્યક્તની અવસ્થા કરતાં શ્રેષ્ઠ છે; કારણકે નિરપેક્ષ શાશ્વત બ્રહ્મમાં ગુણ તો છેજ નહિ. તેઓ એમ માને છે કે, પૂર્ણબ્રહ્મ કેવળ શૂન્ય, અચેતન અને જડ હોવો જોઇએ અને આ વ્યક્ત અવસ્થામાંજ સુખનો ઉપભોગ

થઇ શકે છે, માટે આપણે આ સ્થિતિમાંજ સદા રહેવું જોઈએ.

હવે એ જીવન–સમસ્યાનો બીજી કોઈ રીતે ઉકેલ થઇ શકે છે કે કેમ તે આપણે તપાસીએ. એક પ્રાચીન સિદ્ધાંત એવો છે કે મૃત્યુ પછી મનુષ્ય જેવો ને તેવોજ રહે છે. માત્ર તેનાં અશુભ કર્મો ત્યાં ધોવાઈ જાય છે અને જે કાંઈ શુભ કર્મો તેણે સંચિત કર્યાં હોય છે, તે તેની સાથે અનંતકાળ પર્યંત રહે છે. તર્કશાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે આ દલીલને રજૂ કરીએ તો એમ કહી શકાય કે, આ જગત કરતાં જરાક વધારે સારૂં જગત અથવા સ્વર્ગ, એજ મનુષ્યનું અંતિમ લક્ષ્ય છે. આ સિદ્ધાંતને જોતાંજ કહી શકાય કે, તે અસંભવિત અને ક્ષુલ્લક છે; કારણકે એ સિદ્ધાંત જગતને–સ્વર્ગને જેવું માની લે છે તેવું તે છેજ નહિ. અશુભ અને શુભ એ બેઉ એવાં વણાઈ ગયેલાં છે કે, શુભ વિના અશુભ રહી શકતું નથી અને અશુભ વિના શુભ રહી શકતું નથી. એવી દુનિયા કે જેમાં બધું શુભજ હોય અને લેશ માત્ર પણ અશુભ ન હોય, એ હિંદના નૈયાયિકોની ભાષામાં કહીએ તો આકાશ–કુસુમ જેવી વાત છે એ સિવાય એક બીજો સિદ્ધાંત વર્તમાન સમયમાં કેટલાક સંપ્રદાયોદ્વારા રજૂ કરવામાં આવ્યો છે. એનો સારાંશ એ છે કે, મનુષ્ય ક્રમે ક્રમે ઉન્નતિને માર્ગે ચાલ્યો જાય છે, પણ તે કોઈ કાળે અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરી શકતો નથી. આ સિદ્ધાંત દેખીતી રીતે ઘણો સુંદર અને સંગીન લાગે છે; તોપણ તેને તપાસી જોતાં તેની અસંભવિતતા ઉઘાડી પડી જાય છે; કારણકે કોઇ પણ ગતિ સીધી લીટીમાં થઇજ શકે નહિ એવો અચળ વિશ્વનિયમ છે. ગતિ હમેશાં વર્તુલાકારજ હોય છે. જો તમે એક પથ્થરને ગતિ આપીને સીધો આકાશમાં ફેંકી દેશો અને તેને માર્ગમાં કશી નડતર ન આવે, તેમજ તે પાછો આવે ત્યાંસુધી તમે જીવતા રહો, તો તે પથ્થર આખું વિશ્વ ઘૂમી

વળીને પાછો તમારીજ આગળ આવીને ઊભો રહેશે. કોઇ પણ સીધી લીટીને તમે અનંત માર્ગે લંબાવ્યાજ કરો, તો તે વર્તુળાકાર બની જશે. આ નિયમ પ્રમાણે વિચારી જોતાં મનુષ્યની ગતિ અનંત ઉન્નતિની દિશા તરફ હોય અને તેનો અંતજ ન હોય એ માન્યતા ટકી શકતી નથી. વિષયાંતર તો થાય છે, પણ કહેવાની જરૂર છે કે, આપણે કદી કોઇના તરફ તિરસ્કાર કરવો નહિ પણ સૌના તરફ પ્રેમ કરવો, એ નીતિશાસ્ત્રનો સિદ્ધાંત ભૌતિક વિજ્ઞાનના નિયમ પ્રમાણે પણ ખરો ઠરે છે; કારણકે વિદ્યુતના સંબંધમાં આધુનિક વૈજ્ઞાનિકોનો અભિપ્રાય એવો છે કે, વીજળીની શકિત, શકિત પેદા કરનાર યંત્રમાંથી બહાર નીકળીને ગોળ ચક્કર ફરીને તેના તે યંત્રમાં પાછી દાખલ થાય છે, તેજ પ્રમાણે જગતની તમામ શકિતઓનું સમજવું. શકિત જ્યાંથી નીકળે છે ત્યાં ને ત્યાંજ ફરી ફરીને પાછી આવે છે. તેથી કરીને કોઇનો ધિક્કાર કરવો નહિ; કારણકે ધિક્કારની લાગણીનાં મોજાં તમારા હૃદયમાંથી નીકળીને, ગમે ત્યારે પણ એક વાર તમારાજ હૃદયની સાથે આવીને અથડાશે. જો તમે પ્રેમની લાગણી દર્શાવશો તો તેનાં મોજાં પણ તમારા તરફ ફરીને પાછાં આવશે. આ એક અત્યંત ખાતરીભરેલી બીના છે કે મનુષ્યના હૃદયમાંથી નીકળેલી ધિક્કારની નાની નાની વૃત્તિઓ પણ તેમના પૂરજોસથી ધિક્કારને ઉત્પન્ન કરનારના હૃદયની સામે પાછી અથડાયા વગર રહેતીજ નથી. દુનિયામાં કોઈ શક્તિ તેને તેમ કરતાં અટકાવી શકે તેમ નથી. હવે આપણે પાછા મૂળ વિષય તરફ ફરીએ. અનંત ઉન્નતિનો જે સિદ્ધાંત આપણે જોયો, તે બીજાં કેટલાંક પ્રત્યક્ષ અનુભવ ઉપર સ્થપાયેલાં પ્રમાણોની કસોટીએ ચડાવતાં ખોટો ઠરે છે; કારણકે પ્રત્યેક પાર્થિવ વસ્તુ અંતે નાશ પામવાનાજ સ્વભાવવાળી હોય છે અને તેમ હોવાથી આપણે જે અનેક

પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહ્યા છીએ તેનું પરિણામ શું? આપણા હૃદયમાં વાસ કરનારી આશા, ભય, સુખ વગેરેની લાગણીઓ આખરે આપણને કયાં લઇ જશે? શરીરનો અને તેની સાથે સંબંધ ધરાવતા સર્વ પદાર્થોનો વિયોગ, એ પણ આપણે માટે નક્કી થયેલી બાબત છે. ત્યારે પછી પેલી અનંત ઉન્નતિ કેવી રીતે થવાની? પરંતુ વસ્તુસ્થિતિ એથી જુદીજ છે. જેનો અંત–છેડોજ ન હોય એવી કોઇ ગતિજ નથી. ગમે તેવી લાંબી ગતિ પણ જયાંથી તે ઉત્પન્ન થાય છે, ત્યાંથી અમુક છેટે જઇને ગોળ બનતી ચાલે છે અને છેવટે પાછી તે પોતાના ઉત્પત્તિસ્થાન તરફ પાછી વળે છે. જે નિહારમય× નક્ષત્રસમૂહમાંથી સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ ગ્રહો ઉત્પન્ન થયા છે, તેઓ કાળક્રમે રૂપાંતર પામીને ફરીથી પાછા અસલના નક્ષત્રસમૂહમાં આવી જવાના. જે ચીજ જ્યાંથી એક વાર નીકળે છે ત્યાંજ પાછી ફરે છે. આ નિયમ વિશ્વવ્યાપી છે. વૃક્ષને પૃથ્વીમાંથી પોષક તત્ત્વો મળે છે, પણ આખરે ઝાડ સડી જઇને એ તત્ત્વો પાછાં પૃથ્વીમાંજ સમાઈ જાય છે. જગતમાં જે જે આકૃતિવાળા પદાર્થો છે, તે સર્વનાં શરીર આસપાસનાં પરમાણુઓમાંથી ઘડાયાં છે અને આખરે એ પરમાણુઓમાંજ તેઓ ભળી જાય છે.

એકનો એક નિયમ જુદે જુદે ઠેકાણે જુદાં જુદાં પરિણામ નિપજાવે એ માની શકાય નહિ. નિયમ તો બધે ઠેકાણે એક-

---

× ખગોળવિદ્યાનો એવો અભિપ્રાય છે કે આકાશમાં અંધારી રાત્રે આકાશગંગા અથવા દેવનદી નામે ઓળખાતો જે પહોળો ભાગ દેખાય છે તેવા, કરોડો યોજન લાંબાપહોળા ધુમ્મસ જેવા નક્ષત્ર-સમૂહ, જેને નેબ્યુલા કહે છે, તેમાંથીજ સૂર્ય અને તેની આસપાસ ઘૂમતી ગ્રહમાલાની ઉત્પત્તિ થઈ છે. એવા અનેક નક્ષત્રસમૂહ આકાશમાં દેખાય છે. —અનુવાદક

સરખી રીતેજ લાગુ પડતો હોવો જોઇએ. આના કરતાં વધારે ચોક્કસ વાત બીજી કોઇ હોઇ શકેજ નહિ. જો ઉપર કહ્યો તેવોજ વિશ્વનિયમ હોય તો તે જેમ બાહ્યજગતમાં લાગુ પડે છે, તેવીજ રીતે આંતરજગતમાં પણ લાગુ પડવો જોઇએ. આ પ્રમાણે હકીકત છે, એટલે મન પણ આખર તેના ઉત્પત્તિસ્થાનમાંજ લય પામવું જોઇએ. આપણી ઇચ્છા હોય કે ન હોય તોપણ આપણને આપણા મૂળ તરફ ગયા વિના છૂટકોજ નથી, અને તે મૂળ એટલે ઇશ્વર અથવા નિર્વિશેષ, અનંત પરબ્રહ્મ. આપણે એ ઈશ્વરમાંથી પ્રકટ થયા છીએ અને અંતે એ ઇશ્વરમાંજ જઇ મળવાના છીએ. એ ઈશ્વરને તમે મરજીમાં આવે તે નામથી ઓળખાવો—તેને ઈશ્વર કહો, બ્રહ્મ કહો, કે સૃષ્ટિશકિત કહો, પણ વસ્તુ એકની એકજ. 'यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यं प्रयन्त्यभिसंविशन्ति, અર્થાત્ જેમાંથી આ ભૂતમાત્રની—અખિલ વિશ્વની ઉત્પત્તિ થઇ છે અને જેમાંથી સમગ્ર ભૂત પ્રાણી જીવન મેળવે છે, તેઓ અંતે તેમાંજ મળી જવાનાં છે.

કુદરત પોતાની નિયમાવલિ બદલતી નથી. તેની યોજના ફેરવાતી નથી. એક સ્થળે જે પરિણામ થયું તેજ પરિણામ બીજી કરોડો દુનિયામાં પણ થવાનું. જે નિયમ આપણે વૃક્ષોની બાબતમાં જોયો તેજ નિયમ મનુષ્ય, ગ્રહો, તારાઓ, સૌને લાગુ પડે છે. સમુદ્રના મોટા મોટા તરંગ અનેક ક્ષુદ્ર તરંગોના સમૂહરૂપ છે; તેમ આ સમગ્ર જગત પણ કરોડો જીવોના સમૂહરૂપ છે. એ કરોડો જીવોના મૃત્યુનો સરવાળો એટલેજ જગતનું મૃત્યુ.

હવે અત્રે સવાલ એ ઉપસ્થિત થાય છે કે, ભગવાનની સાથે પુનર્મિલન કરવું એ સ્થિતિ આપણી વર્તમાન માનવદશા કરતાં ઉચ્ચ છે કે નીચા પ્રકારની છે? યોગી પુરુષો આ પ્રશ્નનો જવાબ અત્યંત દૃઢતાસહિત આપે છે કે, અલબત્ત, એજ સ્થિતિ ઊંચી

છે, એમાં કાંઇ સંદેહ નથી. તેઓ તો એમજ કહે છે કે, મનુષ્યની વર્તમાન સ્થિતિ એ તો તેની કનિષ્ઠજ અવસ્થાજ છે. “ મનુષ્યની જે સ્થિતિ હતી તે કરતાં અત્યારે તેની સ્થિતિ વધારે ઉન્નત છે, ” એવી માન્યતાવાળો જગતમાં એક પણ ધર્મ નથી. સર્વ ધર્મનું આ તો એક સામાન્ય તત્ત્વ છે કે, મનુષ્ય પ્રથમ પૂર્ણ નિર્દોષ હતો અને ત્યાર પછીજ ધીમે ધીમે તેની અધોગતિ થવા લાગી છે; એમ કરતાં કરતાં જ્યારે તેનો એટલો અધઃપાત થશે કે પછી વધારે અધઃપાતનો અવકાશજ નહિ રહે, ત્યારે ત્યાંથી મનુષ્ય ઊંચે ચડવા લાગશે અને આખા વર્તુળનો ફેરાવો પૂરો કરીને પાછો તેની અસલ સ્થિતિએ આવી પહોંચશે. ગતિમાત્ર ગોળાકારમાંજ હોય છે અને મનુષ્યને પણ ગોળ રેષામાંજ ભ્રમણ કરવું પડે છે. મનુષ્યનો ગમે તેટલો અધઃપાત થાય, તોપણ આખરે તો તેને ઉર્ધ્વગતિ તરફ પાછા ફરવુંજ પડશે; અને છેવટે પોતાના આદિ કારણ ભગવાનમાંજ મળી જવું પડશે. મનુષ્ય પ્રથમ ઈશ્વરમાંથી પ્રકટ થાય છે; વચલી સ્થિતિમાં તે મનુષ્ય રહે છે અને છેવટે પાછો તે ઈશ્વરનેજ જઇ મળે છે. દ્વૈતવાદની પદ્ધતિ પ્રમાણે આ સિદ્ધાંતને ઉપર પ્રમાણે ઘટાવી શકાય છે; અદ્વૈતવાદ પ્રમાણે આપણે એમ કહી શકીએ કે, મનુષ્ય ઈશ્વરજ છે અને પાછો ઈશ્વરમાં લય પામે છે.

કેટલાકો કહે છે તેમ જો આપણી વર્તમાન સ્થિતિજ ઊંચામાં ઊંચી હોય, તો જગતમાં જે આટઆટલાં દુઃખ, કલેશ અને ભયંકર બનાવો બનતા જોઇએ છીએ તેનું કારણ શું ? અને એ સ્થિતિનો જે અંત આવે છે તે અંત પણ શા માટે આવવો જોઇએ? જો આ સ્થિતિ ઊંચામાં ઊંચીજ હોય તો તે કાયમજ શા માટે નહિ રહેવી જોઇએ ? તેનો અંત શા માટે આવે છે ? ખરૂં જોતાં જે સ્થિતિ વિકૃતજ છે, અધોગતિરૂપજ છે, તે સર્વશ્રેષ્ઠ અવસ્થા

હોઇજ શકે નહિ. વર્તમાન સ્થિતિમાં પ્રત્યેક જણને પોતાના સુખમાં કાંઇક અધૂરૂં હોય તેમ જે અતૃપ્તિ લાગે છે, તેનું કારણ શું ? જગતમાં જ્યાં ત્યાં રાક્ષસીવૃત્તિઓનો આવિર્ભાવ જોઇએ છીએ તેનું શું ? આ સ્થિતિનો બચાવ એટલાજ પૂરતો થઈ શકે કે આપણે ઉચ્ચ સ્થિતિએ પહોંચવા માટે આ અવસ્થામાંથી માત્ર પસારજ થઇએ છીએ; આપણે નવજીવન પ્રાપ્ત કરવાને માટેજ આ માર્ગે પ્રયાણ કરીએ છીએ. તમે જમીનમાં બીજ વાવશો તો તે સડી જશે અને તેનાં તમામ પરમાણું છૂટાં પડી તેનો નાશ થઈ જશે. પણ એ બીજના નાશમાંથીજ વૃક્ષની ઉત્પત્તિ થાય છે. વૃક્ષને પેદા કરવા માટે બીજનો ધર્મ તો સડીને નાશ પામવાનોજ છે. આ દૃષ્ટાંત ઉપરથી સમજાશે કે, ઈશ્વરત્વ પામવા માટે પ્રાણીનો લય તો થવોજ જોઇએ. આ પ્રકારે મનુષ્યાવસ્થામાંથી આપણે જેટલી ત્વરાથી પસાર થઇને ઊંચે ચડતા જઇશું તેટલું આપણું વિશેષ કલ્યાણ છે. પણ ત્યારે શું આપણે આત્મહત્યા કરીને આ સ્થિતિ ઓળંગી જવી ? એમ તો બની શકેજ નહિ. એમ કરવાથી તો ઊલટું અનિષ્ટજ થાય. શરીરને નાહકક્લેશ આપ્યાથી અથવા સંસારને વૃથા ગાળો દીધાથી કાંઇ સંસાર તરી જવાતો નથી. આપણે આ નિરાશા નામના કાદવથી ભરેલા ખાડામાંથી પસાર થવાનું છે. જેમ જલદી પસાર થઈ જઇશું તેમ ફાયદો છે. તેની સાથે આપણે હમેશાં સ્મરણમાં રાખવું જોઇએ કે, આપણી વર્તમાન સ્થિતિ એ સર્વોત્તમ સ્થિતિ પણ નથીજ.

જેને અતિ ઉચ્ચ સ્થિતિ અથવા સર્વાતીત, દ્વંદ્વાતીત, નિર્વિશેષ પરબ્રહ્મ કહેવામાં આવે છે, તેજ વસ્તુ સમજવી વધારે કઠિન છે ઘણાકોને એ સ્થિતિ કેવળ જડ પાષાણ જેવી ભાસે છે. એવો વિચાર ધરાવનારા લોકો એમજ સમજતા હોય છે કે, જગતમાં

માત્ર બેજ પ્રકારની સ્થિતિઓ અસ્તિત્વ ધરાવે છે. એક પથ્થર જેવા જડ પદાર્થો અને બીજા વિચારશકિત ધરાવનારા જીવો. પણ તેમને આપણે પૂછીશું કે, તમે અસ્તિત્વ ધરાવનાર પદાર્થોના બેજ ભાગ પાડીને કેમ બેસી રહો છો ? એમ કરવા માટે તમારી પાસે કાંઇ પ્રમાણ છે ખરૂં ? વિચારશકિત કરતાં વધારે ઉચ્ચ અવસ્થા શું હોઇ શકેજ નહિ ? પ્રકાશનાં આંદોલન જ્યારે ઘણાંજ મંદ હોય છે, ત્યારે તે આપણી નજરે પડતાં નથી અને અંધકારજ લાગે છે. જ્યારે એ મૃદુ આંદોલને તેજસ્વી થાય છે ત્યારેજ તે આપણી આંખે જોઇ શકાય છે; પરંતુ એજ કિરણ જ્યારે અતિશય ઉગ્રતા ધારણ કરે છે,ત્યારે પાછાં આપણે તેમને જોઇ શકતા નથી અને આપણને બધુંએ અંધકારવત્ થઈ જાય છે. હવે એ પહેલા પ્રકારનો અંધકાર અને બીજા પ્રકારનો અંધકાર એ બેઉ શું સર્વ રીતે એકજ છે ? એમની વચ્ચે કાંઈજ ફેર નથી ? તેમની વચ્ચે તો આસમાન જમીન જેટલો તફાવત છે. એજ પ્રમાણે પથ્થરની વિચારશૂન્યતા અને ઈશ્વરની વિચારશૂન્યતા —એ બે સ્થિતિ શું સરખી છે ? નહિજ. ઇશ્વર વિચાર પણ કરતો નથી અને તર્ક પણ કરતો નથી. તેને તેમ કરવાની જરૂરજ શી ? તેને કોઈ પણ વાત અજાણી છે કે જેથી વિચાર કે તર્ક કરવો પડે ? પથ્થર વિચાર કરી શકતોજ નથી અને ઇશ્વરને વિચાર કરવોજ પડતો નથી, એજ બેઉ વચ્ચેનો ભેદ છે. ઉપર કહ્યા તેવા વિચારકો એમ સમજે છે કે, વિચારના પ્રદેશની પેલીપાર જવામાં મોટો ભય રહેલો છે; અને તેથીજ તેઓ વિચારને છોડીને આગળ જવાની પેરવી પણ નથી કરતા.

બુદ્ધિની સીમાની પેલી બાજુ વિચારભૂમિકાના કરતાં પણ વધારે ઉચ્ચ ભૂમિકાઓ આવે છે. ધાર્મિક પ્રવૃત્તિની શરૂઆત પણ ખરૂં જોતાં બુદ્ધિથી ઊંચેની ભૂમિકામાં થાય છે. બુદ્ધિ, વિ-

ચાર, તર્ક-એ પ્રદેશોને છોડીને તમે આગળ વધો ત્યારેજ ઈશ્વર તરફની પહેલી મજલે પહોંચ્યા એમ કહેવાય અને ખરેખરા જીવનનો એજ આરંભ છે. આપણે અત્યારે જેને જીવન, જીવન કહ્યા કરીએ છીએ, તે તો ખરેખરા જીવનની ગર્ભાવસ્થાજ છે.

અહીં એક પ્રશ્ન પૂછવામાં આવે છે કે, બુદ્ધિ અને તર્કની પેલી પારની ભૂમિકા સર્વોત્તમ છે એની સાબિતી શું ? પ્રથમ તો જગતના સર્વથી શ્રેષ્ઠ પુરુષો-કેવળ મોઢેથી સારી સારી વાતો કરનારા નહિ, પણ જેમણે પોતાની શક્તિના પ્રભાવથી જગતને હલાવી નાખ્યું છે, જેમનાં હૃદયોમાં સ્વાર્થનો છાંટો પણ ન હતો-તેઓ કહે છે કે, આપણી વર્તમાન સ્થિતિ એ તો માત્ર અનંત માર્ગનું પગથિયુંજ છે; અને એ અનંત તો અહીંથી બહુજ દૂર છે. બીજી વાત એ છે કે,તેઓ આ પ્રમાણે કહે છે એટલુંજ નહિ, પણ જે માર્ગનું અનુસરણ કરીને, જે પ્રકારનું સાધન કરીને તે પોતે અનંત તરફ પહોંચી શકયા છે, તે માર્ગ અને તે સાધન-પ્રણાલી પણ તેઓ સર્વને શીખવે છે અને તેમાં જે ગૂંચો આવે તેનો ઉકેલ બતાવી આપે છે કે, જેથી જેની પણ ઇચ્છા હોય તે એ માર્ગનું અનુસરણ કરીને પરમપદની પ્રાપ્તિ કરે. ત્રીજી વાત એ છે કે જીવન-સમસ્યાની હમણાં જે મીમાંસા કહી, તે સિવાય બીજી મીમાંસા થઇ શકે એમજ નથી. જો આપણે એમજ માનીએ કે બુદ્ધિના પ્રદેશ કરતાં વધારે ઊંચી ભૂમિકા છેજ નહિ. તો પ્રશ્ન એ ઊભો થાય છે કે, આપણે શા માટે આખો વખત આ ગોળ ચક્કરમાંજ ફર્યા કરવું ? વળી જગતમાં જે જે પદાર્થો આપણે જોઇએ છીએ તેનું અથઇતિ વિવરણ બુદ્ધિવડે થઇ શકશે ખરૂં ? જો બુદ્ધિના પ્રદેશની પેલી પાર જવા આપણે અસમર્થજ હોઇએ, બુદ્ધિ જેટલું જ્ઞાન પૂરૂં પાડે તે કરતાં વધારે જ્ઞાન મેળવવાનો આપણને અધિકારજ ન હોય, તો પછી પંચેંદ્રિયોવડે જેટલું

જ્ઞાન મેળવી શકાય તેટલાથીજ આપણે અટકવાનું ઠર્યું. પંચેંદ્રિયના કાર્યપ્રદેશમાંજ આપણા જ્ઞાનની સીમા આવી ગઈ. આવા પ્રકારના અભિપ્રાયને "અજ્ઞેયવાદ" અથવા "શૂન્યવાદ" કહે છે. પણ ઇંદ્રિયો જે હકીકત રજૂ કરે તેના ઉપર વિશ્વાસ રાખીને તેનેજ સાચી માનવાનું કાંઈ પ્રમાણ છે? ઇંદ્રિયો સાચુંજ જણાવે છે એની શી ખાતરી? હું તો તેનેજ ખરેખરો અજ્ઞેયવાદી કહું કે, જે રસ્તા વચ્ચે ઊભો રહે અને ડગલું પણ હટ્યા વગર ત્યાંનો ત્યાંજ મરી જાય. જો બુદ્ધિનેજ પ્રમાણ માનીએ તો તો શૂન્યવાદમાંથી બચવાનો કશો ઉપાય નથી. "પૈસા અને કીર્તિ એ સિવાયની બીજી બાબતોમાં હું માનતો નથી, હું તો અજ્ઞેયવાદી છું," એમ જો કોઈ કહે તો તે ઢોંગી છે. જર્મન તત્ત્વવેત્તા કાન્ટ એમ સિદ્ધ કરવા મથ્યો છે કે, આપણે બુદ્ધિરૂપી દુર્ભેદ્ય દીવાલને ભેદીને આગળ જઇ શકતાજ નથી; પણ અહીં આગળથીજ ભારતવર્ષનું તત્ત્વદર્શન નવો માર્ગ ઉઘાડી આપે છે. ભારતવર્ષમાં જે જે દર્શનો રચાયાં છે, તેમનું સર્વનું લક્ષ્ય બુદ્ધિથી ઊંચેના પ્રદેશ તરફજ છે. યોગી પુરુષો સાહસ કરીને એ પ્રદેશમાં પ્રવેશ કરી આવ્યા છે અને ત્યાં તેમને એક એવું અમૂલ્ય તત્ત્વ હાથ લાગ્યું છે, કે જેના વડે આ જગતની વર્તમાન સ્થિતિનો અને તેના કારણનો યુક્તિપૂર્વક ખુલાસો આપી શકાય છે. सा विद्या या विमुक्तये–અર્થાત્ જે વિદ્યા આપણને આ ત્રિગુણાત્મક જગતથી મુક્ત કરે છે–તેની પેલીપાર લઇ જાય છે, તેજ ખરેખરી અને મહત્ત્વની વિદ્યા છે. "त्वं हि नः पिता योऽस्माकमविद्यायाः परं पारं तारयसि ।—(प्रश्नोपनिषद)" અર્થાત્ હે વિદ્યા! તુંજ અમારો પિતા છે; કેમકે અમને અવિદ્યાની પેલી પાર લઇ જશે. ધર્મનું વૈજ્ઞાનિક સ્વરૂપ તે એનું નામ. એ વિનાના બીજા વિચારસમૂહ ધર્મવિજ્ઞાનના નામને યોગ્ય નથી.

अध्याय १ लो—समाधिपाद

अथ योगानुशासनम् ॥१॥

સૂત્રાર્થ:-હવે યોગવિદ્યાવિષે વ્યાખ્યાનનો આરંભ થાય છે.

योगश्चित्तवृत्तिनिरोधः ॥२॥

સૂત્રાર્થ:—ચિત્તને નાના પ્રકારની વૃત્તિ અર્થાત્ સ્વરૂપો ધારણ કરતું અટકાવવું એને યોગ કહે છે.

વિવેચન:—આ ઠેકાણે વિસ્તારથી વિવરણ કરવાની જરૂર છે. કેટલીક નવી બાબતો પણ સમજાવવાની છે. પ્રથમ તો 'ચિત્ત' એટલે શું અને 'વૃત્તિ' એટલે શું તે સમજી લેવું જોઇએ. આપણને નેત્રો છે; પણ ખરી રીતે જોવાનું કામ નેત્રો કરતાં નથી. મગજમાં રહેલા દૃષ્ટિગોલક અથવા દર્શનેંદ્રિયનો જો નાશ કરવામાં આવે તો આપણી આંખો સાજીસમી હોય, આંખની કીકી જેવી ને તેવી હોય અને તેના ઉપર પદાર્થની આકૃતિ બરાબર પડતી હોય, તોપણ આપણને કાંઇ સૂઝશે નહિ. તાત્પર્ય એ છે કે, નેત્રો તો માત્ર દર્શનવ્યાપારનું ગૌણ યંત્ર છે. એ કાંઇ દર્શનેંદ્રિય નથી. ખરેખરી દર્શનેંદ્રિય તો મગજની અંદરનું જ્ઞાનતંતુઓનું એક કેંદ્રજ છે. આ ઉપરથી સમજાશે કે, નેત્રો કાંઇ જોવાનું કામ કરતાં નથી. કેટલાક લોકો ઉઘાડી આંખે પણ ઊંઘતા જોવામાં આવે છે. તેઓ કાંઇ જોઇ શકતા નથી. પ્રકાશ

છે; સામેના પદાર્થની આકૃતિ પણ આંખની કીકીમાં પડે છે; પણ પદાર્થનું ભાન થવા માટે એક ત્રીજી વસ્તુની પણ જરૂર પડે છે, તે એ કે દર્શનેંદ્રિયની સાથે મનનો પણ સંયોગ થવો જોઇએ. નેત્ર ફક્ત બહારનું યંત્ર છે. એ ઉપરાંત મગજમાં રહેલું જ્ઞાનતંતુઓનું કેંદ્ર અને મનની પણ આવશ્યકતા પડે છે. કેટલીક વાર એમ બને છે કે, પાસેના રસ્તા પર થઇને ગાડી ચાલી જાય પણ તેનો અવાજ તમે ન સાંભળી શકો. એનું કારણ શું? કારણ એજ કે શ્રવણેન્દ્રિય એટલે શબ્દનું ભાન કરાવનારા મગજના જ્ઞાનતંતુઓના કેંદ્રમાં તમારૂં મન હતું નહિ; માટે બહારનું યંત્ર, ઇંદ્રિય અને એ બેઉમાં જોડાયેલું મન, એ ત્રણે વસ્તુઓ જરૂરની છે. બહારના અનુભવજનિત સંસ્કારને મન વધારે અંદર લઈ જવાને નિશ્ચયાત્મિકા બુદ્ધિને અર્પણ કરે છે. બુદ્ધિમાં તેનો આઘાત પહોંચે એટલે તેમાંથી પ્રતિક્રિયા શરૂ થાય છે. એ પ્રતિક્રિયા થતાંની સાથે અહંભાવ જાગ્રત થાય છે; અને એ ક્રિયા તથા પ્રતિક્રિયાનો સરવાળો, પુરુષ—જેને જીવાત્મા કહીએ છીએ તેની આગળ રજૂ થાય છે અને એ દ્વારા તેને વસ્તુનું ભાન થાય છે. ઇંદ્રિયોસહિત મન, નિશ્ચયાત્મિકા બુદ્ધિ અને અહંકાર એ સર્વના સરવાળાને અંતઃકરણ કહે છે. મનની અંદર ચાલતી અનેક પ્રકારની ક્રિયાઓને ચિત્ત કહેવામાં આવે છે અને ચિત્તની અંદર ઉત્પન્ન થતાં વિચારનાં મોજાંને વૃત્તિ કહે છે. ત્યારે કોઇ પૂછશે કે વિચાર એટલે શું? વિચાર એ પણ આકર્ષક (ખેંચનારી) અને વિકર્ષક (પાછું ધકેલનારી) શકિતના જેવી એક પ્રકારની શકિત છે. કુદરતી શકિતઓના અક્ષય ભંડારમાંથી ચિત્ત નામનું યંત્ર કેટલીક શકિતઓને ગ્રહણ કરે છે, તેનું શોષણ કરે છે અને પછી વિચારરૂપે તેને પ્રકટ કરે છે. આપણે જે અન્ન ખાઇએ છીએ તેમાંથી આ શકિતને પોષણ મળે છે અને શરીરને નાના પ્રકારની

ગતિ ઇત્યાદિ કરવાનું બળ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી સમજાશે કે મન જડ છે. આમ છતાં તે આપણને ચેતન જેવું લાગે છે તેનું કારણ એ છે કે, ચૈતન્યમય આત્માનો તેને આધાર છે. એ આત્માજ માત્ર ચૈતન્યમય છે. બાકી મન તો તમને બહારની દુનિયાનો અનુભવ પહોંચાડનારૂં યંત્રજ છે. આ પુસ્તકનું ઉદાહરણ લો. તેનું ખરેખરૂં સ્વરૂપ કેવું છે તે આપણે જાણતા નથી અને જાણી શકીએ પણ નહિ. બહારની આવી અજ્ઞાત વસ્તુઓ માત્ર આપણા મનને એક પ્રકારનું સૂચનજ કરી શકે છે; મનને ઉત્તેજિત કરવાનું તે સાધન માત્ર છે; અને એ સૂચનાની સામે મન પ્રતિક્રિયા કરે છે. જેમ પાણીમાં પથ્થર નાખીએ છીએ ત્યારે પાણી મોજાંનું સ્વરૂપ લઇને પથ્થરની સામે પ્રતિક્રિયા કરે છે; તેવી રીતે મનના ઉપર કોઇ પદાર્થનો આઘાત થવાથી મન પ્રતિક્રિયા કરે છે અને મનની આ પ્રતિક્રિયા જે રૂપ ધારણ કરે છે, તે રૂપમાં આપણે તે પદાર્થ જોઇ શકીએ છીએ. આ જગતમાં પુસ્તક, હાથી, મનુષ્ય વગેરે જે કાંઇ પદાર્થો આપણને દેખાય છે, તે ખરા પદાર્થો નહિ પણ પદાર્થોના આઘાતની પ્રતિક્રિયાઓ અથવા પ્રતિમાઓજ છે. જોન સ્ટુઅર્ટ મિલ નામનો અંગ્રેજ નૈયાયિક કહે છે કે, "પદાર્થ એટલે લાગણી અને આભાસને ઉત્પન્ન કરનાર કાયમની સંભવિતતા." પદાર્થનું ખરૂં સ્વરૂપ આપણે જોઇ શકતા નથી, પણ આપણા મનમાં પ્રતિક્રિયા ઉત્પન્ન કરાવનાર ઉત્તેજક કારણ બહાર છે, એટલુંજ આપણે જાણી શકીએ છીએ. કાલુ માછલીનું ઉદાહરણ લઇએ. મોતી કેમ બંધાય છે તે તમે જાણો છો? એક ક્ષુદ્ર જંતુ તેની છીપમાં પ્રવેશ કરીને તેના શરીરમાં ખંજવાળ ઉત્પન્ન કરે છે. એથી કરીને માછલીના શરીરમાંથી એક પ્રકારનો ચળકતો ચીકણો રસ ઝરીને તે જંતુની આસપાસ લપેટાય છે અને તેથીજ મોતીનો આકાર બંધાય છે. એજ પ્રમાણે

આપણા જોવામાં આવતું આ સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણીજ વૃત્તિઓની સમષ્ટિ છે—આપણી પોતાનીજ કૃતિ છે. એમાં વાસ્તવિક જગત તો માત્ર પેલા જંતુ પૂરતુંજ છે, સામાન્ય માણુસોના ધ્યાનમાં આ વાત ઊતરવી મુશ્કેલ છે; કારણકે જ્યારે જ્યારે તેઓ સમજવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ત્યારે તેઓ પોતાની આસપાસ વૃત્તિરૂપી રસ પાછો પાથરે છે એટલે તેઓ મૂળ વસ્તુ તો જોઈ શકતાજ નથી. હવે "વૃત્તિ" શબ્દનો અર્થ તમારા સમજવામાં આવી ગયો હશે. જે ખરેખરો મનુષ્ય અથવા પુરુષ તે તો મનની પાછળ ઊભો રહીને કાર્ય કરે છે. પુરુષનું ચૈતન્ય મનદ્વારા બહાર નીકળી આવે છે, મનની પાછળ ઊભો રહીને પુરુષ કાર્ય કરે છે, ત્યારેજ મનમાં ચૈતન્ય આવે છે અને પુરુષ જ્યારે તેનો બિલકુલ ત્યાગ કરે છે ત્યારે તેનો નાશ થઇ જાય છે; તેનું અસ્તિત્વ પણ રહેતું નથી. આ ઉપરથી તમે ચિત્તનું સ્વરૂપ સમજી ગયા હશો. અંતઃકરણરૂપ જે મૂળ પદાર્થનું મન બનેલું છે, તેજ પદાર્થના એક સ્વરૂપને ચિત્ત કહે છે અને વૃત્તિઓ તેના તરંગને સ્થાને છે. જ્યારે એ શાંત ચિત્ત ઉપર કોઇ બાહ્ય કારણ અસર કરે છે, ત્યારે વૃત્તિઓનું રૂપ ધારણ કરે છે અને જેને આપણે જગત કહીએ છીએ તે આ વૃત્તિઓનોજ સમૂહ છે.

તળાવનું તળિયું આપણે જોઇ શકતા નથી; કારણકે એની ઉપરની સપાટી ઉપર નાનાં નાનાં મોજાં ઉત્પન્ન થયાજ કરે છે. જ્યારે એ તમામ મોજાં શાંત બની જઇને પાણી સ્થિર થવા પામે ત્યારેજ તળાવના તળિયાની કાંઇક ઝાંખી આપણને થઇ શકે છે. જો પાણી ડહોળું હોય છે અથવા તે હાલ્યા કરતું અને ઊછળ્યા કરતું હોય છે, તો તેનું તળિયું જોવાની આશા વ્યર્થ છે. પાણી નિર્મળ હોય અને તેમાં નાનુંસરખું મોજું પણ પેદા ન થતું હોય તોજ

આપણે તેના તળિયા સુધી નજર નાખી શકીએ. હવે આ તળાવના તળિયાને ઠેકાણે આપણું પોતાનું મૂળ ખરૂં સ્વરૂપ સમજી લો. તળાવ તે આપણું ચિત્ત છે અને ચિત્તમાં ઉત્પન્ન થતી વૃત્તિઓને મોજાંને ઠેકાણે સમજો. વળી એક બીજી ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે, મનની ત્રણ પ્રકારની સ્થિતિ હોય છે. પહેલી અંધકારમય સ્થિતિ, જેને આપણે 'તમસ' કહીએ છીએ. પશુ તથા પશુના જેવાં મૂર્ખ મનુષ્યોના મનની સ્થિતિ એવીજ હોય છે. તેમનું કાર્ય બીજાનું અનિષ્ટ કરવા જેવુંજ હોય છે. એવી સ્થિતિમાં જેમનું મન હોય છે, તેઓ કોઇ પણ સારો વિચાર કરી શકતા નથી. મનની બીજી અવસ્થાને 'રાજસ' અથવા ક્રિયાશીલ અવસ્થા કહે છે. એ સ્થિતિમાં માત્ર સત્તા અને ઉપભોગ એનાજ વિચાર મનમાં આવી શકે છે. હું બળવાન થાઉં, ધનવાન થાઉં અને બીજાના ઉપર મારી સત્તા ચલાવું, આવાજ પ્રકારના વિચાર એ સ્થિતિમાં આવે છે. ત્યાર પછી જયારે ચિત્તરૂપી સરોવરમાં મોજાં ઊછળતાં બંધ થઇ જાય છે અને સમસ્ત જલરાશિ શાંત બની રહે છે, ત્યારે જળ પણ નિર્મળ બની જાય છે. એવી સ્થિતિને 'સાત્વિક' અથવા શાંત અવસ્થા કહે છે. આ અવસ્થામાં તરંગ ઉત્પન્ન થતા નથી, તે ઉપરથી કોઇએ એવી ભ્રાંતિમાં ન પડવું કે એ જડ અવસ્થા છે. તે જડ નથી; એટલુંજ નહિ પણ અત્યંત ક્રિયાશીલ અવસ્થા છે; કેમકે એ અવસ્થામાંજ શક્તિનો ઊંચામાં ઊંચો વિકાસ રહેલો છે. વૃત્તિઓને છૂટી રાખી ગમે તેમ ભમવા દેવી, એવા પ્રકારના ક્રિયાશીલ થવું એ તો બહુ સહેલું છે. લગામ છોડી દીધી એટલે ઘોડો આપોઆપજ તમને ઘસડીને ફાવે ત્યાં દોડી જવાનો. એ કામ તો ગમે તે માણસ કરી શકે, પણ દોડતા ઘોડાને થોભાવી અનુકૂળ રસ્તે ચલવે તેજ ખરેખરો શક્તિસંપન્ન અને ક્રિયાવાન પુરુષ ગણાય છે. ઘોડાને છૂટી લગામે જવા દેવા

અને તેમને રોકી રાખવા, એ બેમાંથી કયા કામમાં વિશેષ શક્તિનો ખપ પડે છે? શાંત માણુસ અને આળસુ માણુસ એ બે એકસરખા નથીજ. સત્ત્વગુણ એ કાંઇ આળસ કે જડતાનું કારણ નથી. જે માણુસ ચિત્તના તમામ તરંગોને સ્વાધીન કરી દે છે તેજ શાંત થયો કહેવાય. અશાંતિમય ક્રિયાશીલતામાં ઊતરતા પ્રકારનીજ શક્તિ જોવામાં આવે છે; પરંતુ શાંતભાવમાં તો ઘણાજ ઊંચા પ્રકારની શક્તિનું દર્શન થાય છે.

ચિત્ત હમેશાં પોતાની સ્વાભાવિક નિર્મળતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; પણ ઇંદ્રિયો તેને વારંવાર બહારનીજ બાજુ તરફ ખેંચ્યા કરે છે. આ પ્રવૃત્તિને રોકવી, ચિત્તના બહાર જવાના વલણને ખાળી દેવું અને તેને પાછું વાળીને ચૈતન્યઘન પુરુષ તરફ જવાને પ્રવૃત્ત કરવું; એજ યોગનું પહેલું પગથિયું છે; કારણકે એ રીતેજ ચિત્તને તેને ખરે રસ્તે વાળી શકાય છે.

નાનાથી માંડીને મોટા સુધીના પ્રત્યેક પ્રાણીમાં ચિત્ત રહેલું હોય છે; પરંતુ તે વિચારશક્તિસહિત તો એકલા મનુષ્યશરીરમાંજ જોવામાં આવે છે. હવે એ મન જ્યાંસુધી એ વિચારશક્તિનો યથાર્થ ઉપયોગ ન કરે, ત્યાંસુધી તેને તેની હાલની દશામાંથી પાછું વાળીને મુક્ત બનાવવાનું કામ જીવાત્માથી બની શકેજ નહિ. ગાય, શ્વાન વગેરે પ્રાણીઓને મન છે, તોપણ તેમને હાલ તુરત મુક્તિ મળી શકે એમ નથી; તેનું એજ કારણ છે કે, તેઓ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તેમનું મન વિચારનું સ્વરૂપ ધારણ કરી શકતું નથી.

આ ચિત્તની પાંચ અવસ્થાઓ છે. ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ. ક્ષિપ્ત અવસ્થામાં મન રજોગુણની અધિકતાથી ચંચળ બનીને ચોતરફ દોડાદોડ કરે છે. આ સ્થિતિમાં સુખ તેમજ દુઃખના મિશ્રરૂપમાં મનની ચેષ્ટા બહાર આવે છે. મૂઢ

અવસ્થા એ તમોગુણપ્રધાન છે. એ અવસ્થામાં ક્રોધ, આળસ અને બીજાનું ભૂંડું કરવાનીજ વૃત્તિ ઉદ્ભવે છે. ચિત્ત જ્યારે બાહ્ય-સુખનાં સાધનરૂપ રસાદિમાં જોડાયલું હોય, ત્યારે તેને વિક્ષિપ્ત કહે છે. ક્ષિપ્ત અવસ્થા મોટે ભાગે મનુષ્યોની, વિક્ષિપ્ત અવસ્થા દેવતાઓની અને મૂઢ અવસ્થા રાક્ષસોની હોય છે. માત્ર ચિત્તની એકાગ્ર અને નિરુદ્ધ અવસ્થાઓજ સમાધિની પ્રાપ્તિ કરાવે છે.

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥ ३ ॥

સૂત્રાર્થઃ–તે વખતે એટલે નિરોધ સ્થિતિમાં દ્રષ્ટા એટલે પુરુષ પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિત થાય છે.

વિવેચનઃ–જ્યારે સરોવરમાં ઉદ્ભવતા તરંગો શમી જાય છે અને તે શાંત, તરંગરહિત બની જાય છે, ત્યારે આપણે તેના તળિયા સુધી નજર પહોંચાડી શકીએ છીએ, તેવી રીતે મનનું પણ સમજવું. જ્યારે તે શાંત થાય છે, ત્યારે આપણે આપણા સત્સ્વરૂપને જોઈ શકીએ છીએ. એ અવસ્થામાં આપણે ચિત્તની સાથે જોડાવાનું–મળી જવાનું હોતું નથી, એટલે આપણે પોતાના સ્વરૂપમાંજ સ્થિત થઈ રહીએ છીએ.

वृत्तिसारूप्यमितरत्र ॥ ४ ॥

સૂત્રાર્થઃ–અન્યાન્ય સમયે એટલે ચિત્તનો નિરોધ ન થયો હોય ત્યારે દ્રષ્ટા વૃત્તિની સાથે તદાકાર થઇ જાય છે.

વિવેચનઃ–દાખલા તરીકે, જાણે કે કોઈ આપણી નિંદા કરે છે તેથી આપણને દુઃખ થાય છે. એ એક પ્રકારનું પરિણામ–એક પ્રકારની વૃત્તિ થઇ અને તેની સાથે આપણે આપણી જાતને પણ ભેળી દીધી; તેથી આપણને દુઃખનો અનુભવ થયો.

वृत्तयः पंचतय्यः क्लिष्टा अक्लिष्टाः ॥ ५ ॥

સૂત્રાર્થ:-ક્લેશયુક્ત અને ક્લેશરહિત વૃત્તિઓના પાંચ પ્રકાર છે.

प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ॥ ६ ॥

સૂત્રાર્થ:-પ્રમાણુ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ; અર્થાત્ સત્ય જ્ઞાન, વિપરીત જ્ઞાન, સંશય, નિદ્રા અને સ્મૃતિ એ પાંચ પ્રકારની વૃત્તિઓ છે.

प्रत्यक्षाऽनुमानागमाः प्रमाणानि ॥ ७ ॥

સૂત્રાર્થ:-પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એટલે જેના ઉપર વિશ્વાસ મૂકી શકાય એવા પુરુષના શબ્દ, એ ત્રણ પ્રમાણો એટલે યથાર્થ જ્ઞાનનાં સાધનો છે.

વિવેચન:-એક પદાર્થને વિષે આપણને એક અનુભવ મળ્યો હોય, તેજ પદાર્થ વિષેનો બીજો અનુભવ પહેલાંના કરતાં જુદો ન હોય, તો આપણે તેને સત્ય માનીએ છીએ અને પૂર્વે જે અનુભવ મળ્યો હોય તેનાથી જુદા પ્રકારની વાત સાંભળીએ તો આપણે વાંધો ઉઠાવીને તે વાત માનવાની ના પાડીએ છીએ. પ્રમાણુ ત્રણ પ્રકારનાં હોય છે. સાક્ષાત્ અનુભવ અથવા પ્રત્યક્ષ પ્રમાણુ એ એક પ્રકાર થયો. આપણાં નેત્ર અને કર્ણેંદ્રિય ભૂલથાપ ન ખાતાં હોય એવી સ્થિતિમાં આપણે જે કાંઇ દેખીએ અથવા સાંભળીએ, તેને પ્રત્યક્ષ પ્રમાણુ કહેવામાં આવે છે. બીજા પ્રકારનું પ્રમાણુ અનુમાન છે. તમે અમુક ચિહ્ન જુઓ છો. એ ચિહ્ન જે પદાર્થનું સૂચન કરે તે ઉપરથી તે પદાર્થ વિષે તમને જ્ઞાન થાય છે. આપ્તવાક્ય એ ત્રીજા પ્રકારનું પ્રમાણુ છે.

યોગીઓ અથવા જેમણે સત્યનો અનુભવ કર્યો છે, તેમના અનુભવને માન્ય કરવો એનું નામ આપ્તવાક્ય. આપણે બધાએ જ્ઞાન તરફ જવા મથીએ છીએ; પરંતુ એ માર્ગે જતાં ખૂબ પરિ-

શ્રમ કરવાની અપેક્ષા રહે છે; લાંબા કાળ સુધી ઘણુંજ ઊંડું ચિંતવન કર્યા પછી જ્ઞાનનું કિરણ આપણને હાથ લાગે છે. પણ યોગી પુરુષોનું મન પવિત્ર હોવાથી તેઓ તો વિચારના પ્રદેશના કરતાં આગળ ગયેલા છે. તેઓનાં મન આગળ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન, ત્રણે કાળનું જ્ઞાન પાઠ્ય પુસ્તકના આકારમાં પ્રત્યક્ષ થઈ ગયું હોય છે. જ્ઞાન મેળવવાને માટે આપણે જે લાંબો અને કંટાળાભરેલો માર્ગ ગ્રહણ કરવો પડે છે, તેની યોગીઓને જરૂર રહેતી નથી. એવા પુરુષોનું વાકય પ્રમાણ મનાય છે; કારણકે તેઓ પોતાની અંદર રહેલા ચૈતન્યનું દર્શન કરી શકે છે. એવા સર્વજ્ઞ મહાત્માઓનાં રચેલાં શાસ્ત્રો પણ પ્રમાણ મનાય છે. પતંજલિ પછીના કેટલાક દર્શનકારોએ આપ્તવાકયના સંબંધમાં ભારે ચર્ચા ઉઠાવી છે. તેઓ કહે છે કે માત્ર આપ્તવાકયનેજ સત્ય માનવાનું કારણ શું? જો નવું જ્ઞાન પૂર્વજ્ઞાનનું વિરોધી ન હોય, તો આપણે સામાન્ય મનુષ્યોનું જ્ઞાન પણ સત્ય અને પ્રમાણભૂત માનવું જોઇએ. અતીંદ્રિય જ્ઞાનનું અસ્તિત્વ તો છેજ અને મનુષ્ય તેને પ્રાપ્ત કરી શકે છે એ વાત પણ સત્ય છે. તો પછી વર્તમાન સમયના યોગી લોકોનું કથન, બુદ્ધિ અને પૂર્વ અનુભવનું વિરોધી ન હોય તો તેને પણ સત્ય અને પ્રમાણ માનવામાં કશી અડચણ હોવી ન જોઇએ. એક ગાંડો માણસ આપણી આગળ આવીને કહે કે, "હું ચારે દિશાએ દેવોને જોઉં છું," તો એના કથનને આપણે પ્રમાણ માની શકીએ નહિ. કારણકે કોઇ પણ વાતને પ્રમાણ માનતા પહેલાં જોવું જોઇએ કે, તે સત્ય છે કે નહિ; બીજું, તે પૂર્વ અનુભવનું વિરોધી ન હોવું જોઇએ અને ત્રીજું તે વ્યક્તિના ચારિત્ર્ય ઉપરથી પણ તેના કથનના સત્યાસત્યની તુલના કરવી જોઈએ. મેં ઘણી વાર લોકોને કહેતાં સાંભળ્યા છે કે, આપણે માણસનું ચારિત્ર્ય જોવાની જરૂર નથી,

પણ તે કહે તે સાંભળવાનું છે. બીજી બાબતોમાં કદાચ આમ ચલાવી લેવાય. દાખલા તરીકે એક માણસ દુષ્ટ પ્રકૃતિનો હોય તોપણ તે જ્યોતિષના સંબંધમાં નવી શોધ કરી શકે, પણ ધર્મની વાત તદ્દન જુદી છે. કોઇ અપવિત્ર વ્યક્તિ ધર્મનાં સત્યોને પ્રાપ્ત કરી શકતી નથી. આટલા માટે આપણે પહેલેથીજ ખાતરી કરી લેવી જોઇએ કે, જે વ્યક્તિ પોતાને આપ્તપુરુષ કહેવડાવે છે, તે સંપૂર્ણ નિષ્કામ અને પવિત્ર છે કે નહિ? બીજું એ જોવું જોઇએ કે, એ માણસ જે કાંઇ કહે છે તે મનુષ્યજાતિના પૂર્વજ્ઞાન અને અનુભવથી વિરુદ્ધ તો નથી? કોઈ પણ નવું સત્ય પૂર્વનાં સત્યો-નું ખંડન નથી કરતું, પણ તેની સાથે મેળ કરી દે છે? ત્રીજી વાત એ જોવી જોઇએ કે, એ વ્યક્તિએ વાસ્તવિક રીતે અતીંદ્રિય અવસ્થા પ્રાપ્ત કરી છે કે નહિ. ચોથી વાત એ નક્કી કરી લેવાની કે, એ સત્યનો અનુભવ કરવાનું સૌને માટે ખુલ્લું હોવું જોઇએ. કોઇ આવીને કહે કે, મને અલૌકિક દર્શન થયું છે પણ બીજાને તેનો અધિકાર નથી, તો એવા માણસનું કથન વિશ્વાસને પાત્ર નથી. કોઇ પણ સત્યનો જાતે અનુભવ કરી લેવાની સત્તા દરેક જણને છે, છે ને છેજ. વળી જે માણસ ધન લઇને જ્ઞાન આપવાનો દાવો કરે છે, તેની પણ આપ્તમાં ગણના થઈ શકે નહિ. આપ્તપુરુષ તો પવિત્ર અને નિઃસ્વાર્થી હોવો જોઇએ. તેને લાભ કે માનની અપેક્ષા ન હોવી જોઇએ. તેણે જ્ઞાનાતીત અવસ્થા પ્રાપ્ત કરી છે તેની પણ સાબિતી મળવી જોઇએ. એ ઉપરાંત તે આપણને એવું કાંઇક જ્ઞાન આપતો હોવો જોઇએ કે જે કદી ઇંદ્રિયોદ્વારા ન મળી શકે અને તે જ્ઞાન જગતને ઉપકારક હોવું જોઇએ. એ જ્ઞાન બીજાં સત્યોનું વિરોધી નજ હોઇ શકે. જો એ જ્ઞાન કોઈ પણ વૈજ્ઞાનિક સત્યનું વિરોધી હોય, તો તેનો એકદમ અસ્વીકાર કરજો. છેલ્લી વાત એ જોઇ લેવાની કે, એ જ્ઞાન ઉપર મારો એકલાનોજ

હક્ક છે અને બીજા કોઇનો નહિ, એવો ખોટો દાવો તેનો હોવો ન જોઇએ. તે સત્ય બીજાઓ પણ અનુભવી શકે એવું હોવું જોઇએ.

આ રીતે ત્રણ પ્રકારનાં પ્રમાણોમાં પહેલાનું નામ 'પ્રત્યક્ષ,' બીજાનું નામ 'અનુમાન' અને ત્રીજાનું નામ 'આપ્તવાક્ય' અથવા 'શબ્દપ્રમાણ' છે. એ 'આપ્ત' શબ્દનો હું અંગ્રેજીમાં અનુવાદ આપી શકતો નથી. એને જો હું 'પ્રેરણા' કહું તો તે પણ યોગ્ય નથી; કારણકે પ્રેરણા બહારથી આવે છે અને આ જ્ઞાન તો અંદરથી ઉદ્ભવે છે.

विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ॥८॥

સૂત્રાર્થ:—વિપર્યય એટલે મિથ્યા અથવા વિપરીત જ્ઞાન. જે વસ્તુ જેવી હોય તેવી ન જોવી તે.

વિવેચનઃ—એ પણ એક પ્રકારની વૃત્તિ છે કે, જેથી કરીને એક પદાર્થમાં અન્ય પદાર્થની ભ્રાંતિ થાય છે. જેમ મોતીની ચકચકતી છીપને જોઇને રૂપાનો ભ્રમ થવો; એને વિપર્યય કહે છે.

शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ॥९॥

સૂત્રાર્થઃ—કેવલ શબ્દથીજ એક પ્રકારનું જે જ્ઞાન ઉત્પન્ન થાય અને તે શબ્દ જેનું પ્રતિપાદન કરે છે, તે વસ્તુનું અસ્તિત્વ પણ ન હોય, એવી વૃત્તિને વિકલ્પ અથવા શબ્દથી ઉત્પન્ન થયેલો ભ્રમ કહે છે.

વિવેચનઃ—વૃત્તિના એક બીજા પ્રકારને વિકલ્પ કહે છે. દાખલા તરીકે અમુક શબ્દ સાંભળ્યા પછી તેના અર્થનો શાંતિ-પૂર્વક વિચાર ન કરતાં આપણે એકદમ એક સિદ્ધાંત બાંધી દઇએ, તો તે ચિત્તની દુર્બળતાનું લક્ષણ કહેવાય. આ ઉપરથી તમને સંયમનો આ સિદ્ધાંત સમજાઇ જશે કે, મનુષ્ય જેમ નિર્બળ, તેમ તેનું સંયમ કરવાનું બળ અલ્પ હોય છે. આ વાત

સ્મરણમાં રાખીને આ કસોટી વડે તમારી પોતાની વારંવાર પરીક્ષા લેતા રહેજો. જ્યારે આપણે ક્રોધને વશ થઇએ અથવા દુઃખી થઇએ, ત્યારે કઇ વાત સાંભળવાથી અથવા યાદ આવવાથી આપણા મનમાં એવી વૃત્તિઓનો ઉદ્ભવ થવા પામ્યો એ વિષે વિચાર કરવો.

अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा ॥१०॥

સૂત્રાર્થઃ—જે વૃત્તિ જાગ્રત અને સ્વપ્નની વૃત્તિઓના અભાવના હેતુરૂપ તમસનું અવલંબન કરે છે, તેને નિદ્રા કહે છે.

વિવેચનઃ—નિદ્રા એ પણ એક પ્રકારની વૃત્તિ છે. આપણે ઊંઘમાંથી જાગીએ છીએ ત્યારે આપણને સ્મરણ થાય છે કે, આપણે ઊંઘી ગયા હતા. જેનો આપણને અનુભવ થયો હોય તેનીજ સ્મૃતિ હોઇ શકે. જેનો અનુભવ ન હોય તેની સ્મૃતિ હોતી નથી. મનની પ્રત્યેક પ્રતિક્રિયા એ ચિત્તરૂપી સરોવરમાં ઉત્પન્ન થયેલો તરંગ છે. હવે જો ઊંઘમાં ચિત્તની અંદર વૃત્તિ ઉત્પન્ન થતી ન હોય, તો પછી આપણને ભાવાત્મક કે અભાવાત્મક, બેમાંથી એકે પ્રકારનો અનુભવ સંભવે નહિ અને તેથી કરીને આપણને નિદ્રાની કોઇ પણ પ્રકારની સ્મૃતિ રહેવી જોઇએ નહિ. હકીકતમાં આપણને ઊંઘનું સ્મરણ રહે છે એજ સાબિત કરે છે કે, નિદ્રાવસ્થામાં પણ મનની અંદર ચોક્કસ પ્રકારના તરંગ ઊઠેલા હોવાજ જોઇએ. સ્મૃતિ પણ એક પ્રકારની વૃત્તિજ છે.

अनुभूतविषयासम्प्रमोषः स्मृतिः ॥११॥

સૂત્રાર્થઃ—અનુભવેલા વિષયનું સંસ્કારના ઉદ્ભવદ્વારા માનસિક જ્ઞાન થવું, તેનું નામ સ્મૃતિ.

વિવેચનઃ—પ્રથમ ચાર પ્રકારની વૃત્તિઓના વિષય કહેવામાં આવ્યા. તેમાંના દરેકમાંથી સ્મૃતિ આવી શકે છે. દાખલા

તરીકે તમે એક શબ્દ સાંભળો છો. એ શબ્દ ચિત્તરૂપી સરોવરમાં પથ્થરની માફક તરંગ ઉત્પન્ન કરે છે અને એ તરંગ બીજાં અનેક નાનાં નાનાં મોજાંઓની તરંગમાળા ઉત્પન્ન કરે છે; એ તરંગમાળા તેજ સ્મૃતિ. નિદ્રામાં પણ એમજ બનતું આવે છે. નિદ્રારૂપી અમુક પ્રકારનો તરંગ ચિત્તમાં સ્મૃતિરૂપી બીજો તરંગ ઉત્પન્ન કરે છે, તેને સ્વપ્ન કહે છે. જાગ્રત અવસ્થામાં જેને સ્મૃતિ કહે છે, તેજ તરંગ નિદ્રાવસ્થામાં સ્વપ્ન કહેવાય છે.

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥१२॥

સૂત્રાર્થ:—અભ્યાસ અને વૈરાગ્ય વડે એ વૃત્તિઓનો નિરોધ થઇ શકે છે.

વિવેચન:—આ વૈરાગ્યની પ્રાપ્તિને માટે મનને નિર્મળ, શુભ અને વિચારપૂર્ણ બનાવવાની જરૂર છે. અભ્યાસનું શું પ્રયોજન છે? દરેક કાર્ય એ ચિત્તરૂપી સરોવરની સપાટી ઉપર કંપનયુક્ત પ્રવાહતુલ્ય છે. એ કંપન તો શમી જાય છે, પણ તેના સંસ્કાર રહી જાય છે. જ્યારે મન ઉપર એકજ પ્રકારના અનેક સંસ્કાર પડ્યાજ કરે છે, ત્યારે તે બધા એકત્રિત થાય છે અને તેમાંથી ટેવ—ચારિત્ર્ય બંધાય છે. કહેવત છે કે, "ટેવ એ બીજો સ્વભાવ છે." વાસ્તવમાં એને બીજો નહિ પણ "પહેલો" સ્વભાવ કહીએ તોપણ ખોટું નથી. મનુષ્યના સમગ્ર ચારિત્ર્યનો આધાર એ ટેવના ઉપરજ રહેલો છે. આપણી અત્યારની જે પ્રકૃતિ ઘડાયેલી છે, તે પહેલાંની ટેવોનુંજ પરિણામ છે અને તેને આપણીજ ટેવોનું પરિણામ જાણ્યાથી મનને એક પ્રકારનું સાંત્વન મળે છે. કારણકે જ્યારે આપણે સમજી શકીએ છીએ કે, એ પ્રકૃતિ બહારથી આપણા ઉપર આવી પડી નથી પણ તેના રચનાર આપણે પોતેજ છીએ, ત્યારે તો જેવી રીતે આપણે તેને ઘડી છે, તેવીજ રીતે આપણે તેનો નાશ પણ કરવાને શક્તિમાન છીએ.

આપણા મનની અંદર વિચારોનો જે પ્રવાહ ચાલુ રહે છે, તેમાંનો વિચાર પોતાની પાછળ સંસ્કાર મૂકતો જાય છે અને એવા સંસ્કારોનેજ પરિણામે ટેવો બંધાય છે. આ પ્રમાણે આપણા તમામ પ્રકારના સંસ્કારનો સરવાળો તેજ આપણું ચારિત્ર્ય અને જે વખતે જે વૃત્તિનો પ્રવાહ પ્રબળ હોય તે વખતે મનુષ્ય તેને અનુરૂપ વલણ લે છે. જયારે સદ્ગુણનો પ્રવાહ બળવાન હોય, ત્યારે મનુષ્ય શુભાચરણ કરે છે; દુષ્ટ વૃત્તિનો પ્રવાહ બળવાન હોય, ત્યારે તે પાપાચરણ કરે છે અને આનંદનો પ્રવાહ ચાલુ થાય, ત્યારે તેના મનને સુખની પ્રાપ્તિ થાય છે. દુષ્ટ વૃત્તિઓને નિર્મૂળ કરવાનો એકજ ઉપાય એ છે કે, તેનાથી ઊલટી ટેવો પાડવા માંડવી. જો એ દુષ્ટ ટેવોએ આપણા મનમાં ઊંડાં મૂળ ઘાલેલાં હોય, તો નવેસરથી સારી ટેવો પાડવાથી તેનો નાશ થઇ શકે એમ છે. તમે હમેશાં સારાં કામ કર્યે જાઓ, શુભ વિચારો કર્યે જાઓ—માઠી ટેવોને કાઢી નાખવાનો એ એકજ ઉપાય છે. અમુક માણસ કદી પણ સુધરવાનો નથી, એવો ઉદ્ગાર તમે કાઢતાજ નહિ; કારણકે અત્યારે તેનો દુષ્ટ સ્વભાવ છે તે પાછલી ટેવોનું પરિણામ છે અને તેને નવી સારી ટેવો કેળવ્યાથી સુધારી શકાય એમ છે. ચારિત્ર્ય એ લાંબા વખતની ટેવોનું પરિણામ છે અને એજ પ્રમાણે નવી સારી ટેવોને અમુક વખત સુધી ધારણ કરવાથી ચારિત્ર્ય બદલાઈને સુધરી જાય છે.

तत्रा स्थितौ यत्नोऽभ्यासः ॥ १३ ॥

સૂત્રાર્થ:—વૃત્તિરહિત-નિરૂદ્ધ-ચિત્ત સ્વસ્વરૂપમાં પરિણામ પામે, તનું નામ સ્થિતિ છે. એ સ્થિતિને માટે પ્રયત્ન કરવો, તેને અભ્યાસ કહે છે.

स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः ॥ १४ ॥

સૂત્રાર્થ:—એ અભ્યાસનું દીર્ઘકાલ સુધી અંતર પડવા દીધા વિના અને ઉત્સાહપૂર્વક સેવન કરવાથી તે દૃઢ થાય છે.

વિવેચન:—અભ્યાસ કાંઇ એકજ દિવસમાં સિદ્ધ થઇ જતો નથી; પણ લાંબા વખત સુધી અભ્યાસ કરતાં કરતાં થાય છે. વળી આ અભ્યાસ આંતરો પડવા દીધા વિના દરરોજ કરવો જોઇએ તથા ઉત્સાહપૂર્વક કરવો જોઈએ.

दृष्टानुश्रविकविषयवितृणस्य वशीकारसंज्ञा वैराग्यम् ॥१५॥

સૂત્રાર્થ:—જોયેલા અથવા સાંભળેલા સર્વ પ્રકારના વિષયોમાં ચિત્તની તૃષ્ણારહિત ઉપેક્ષાવૃત્તિ, તેને વશીકાર નામનો વૈરાગ્ય કહે છે.

વિવેચન:—આપણાં તમામ કાર્યોની મૂળ પ્રેરણા કરનાર બે કારણ હોય છે. (૧) આપણે જે કાંઇ જોયું હોય અથવા ભોગવ્યું હોય તે, અને (૨) બીજાઓથી સાંભળ્યું હોય તે. આ બે કારણો આપણા ચિત્તરૂપી સરોવરમાં નાના પ્રકારના તરંગો ઉત્પન્ન કરે છે. એ બેઉ કારણોની સામે યુદ્ધ કરવાનું અને મનને વશ કરવાનું હથિયાર વૈરાગ્ય છે. એ બેઉ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવા આપણે તૈયાર થવું, એ આપણે માટે અત્યંત જરૂરનું છે. ધારો કે, હું રસ્તા ઉપર થઇને ચાલ્યો જાઉં છું અને એક જણ આવીને મારૂં ઘડિયાળ ઝૂંટવી લઇ ગયો અને તેમ થતાં તરતજ મારા ચિત્તમાં ક્રોધનો એક તરંગ ઉત્પન્ન થયો. એ ક્રોધનો તરંગ ઉત્પન્ન ન થાય એવી સ્થિતિ તમારે પ્રાપ્ત કરવાની છે. જો એ તરંગને તમે ન રોકી શકો તો તમે કાંઈજ કર્યું નથી અને તમારી પાસે જરા પણ આંતરબળ નથી એમજ કહેવાય. જો તમે એ તરંગને શમાવી શકો તોજ તમે વૈરાગ્યની પ્રાપ્તિ કરી છે એમ મનાય. સંસારમગ્ન લોકો જે નાના પ્રકારના વિષયોપભોગ કરે છે, તેઓના

વ્યવહાર અને સહવાસ આપણને એવુંજ શીખવે છે કે, વિષય-ભોગ એજ ખરો લાભ છે અને જીવનનું લક્ષ્ય છે. માટે એવાં પ્રલોભનો તરફ સંપૂર્ણ ઉદાસીનતા રાખવી અને તેમના તરફ ચિત્તવૃત્તિ ઢળે નહિ તેની સંભાળ રાખવી, એને વૈરાગ્ય કહે છે. સ્વાનુભૂતિ અને પરાનુભૂતિ એ બેઉ દ્વારા આપણામાં જે અનિષ્ટ કાર્યપ્રવૃત્તિ જન્મ પામે છે, તેનો નિગ્રહ કરવો અને ચિત્તને વિષયાધીન થતું અટકાવવું એ વૈરાગ્યનો ખરો અર્થ થાય છે. એ પ્રેરકશક્તિઓ ઉપર આપણો કાબૂ રહે અને આપણે તેમના કાબૂમાં ન રહીએ, એવા પ્રકારના મનોબળને વૈરાગ્ય કહે છે અને મુક્તિનું એ એક આવશ્યક સાધન છે.

तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—પુરુષ–આત્માનું જ્ઞાન થવાથી સત્ત્વાદિ ગુણોમાંથી પણ તૃષ્ણા જતી રહે, તેનું નામ "પરવૈરાગ્ય" કહે છે.

વિવેચનઃ—જે વૈરાગ્યના પ્રભાવથી ગુણો ઉપરથી પણ આપણા રાગદ્વેષ છૂટી જાય, તે વૈરાગ્ય સૌથી શ્રેષ્ઠ પ્રકારનો મનાય છે. પ્રથમ તો પુરુષ અથવા આત્મા એ શી વસ્તુ છે તથા ગુણ એટલે શું, તે બરાબર સમજી લેવાની જરૂર છે. યોગશાસ્ત્રના મત પ્રમાણે સર્વત્ર પ્રકૃતિમાં ત્રણ ગુણ રહેલા છે. એક તમસ, બીજો રજસ અને ત્રીજો સત્ત્વ. બાહ્ય જગતમાં આ ત્રણે ગુણ અંધકાર અને આલસ્ય, આકર્ષણ અને વિકર્ષણ અને જ્ઞાન તથા આનંદ, એમ ત્રણ રીતે કાર્ય કરતા જોવામાં આવે છે. જગતમાં જે જે પદાર્થો છે, જે જે દૃશ્ય રૂપો આપણી નજરે પડે છે, તે બધાંએ આ ત્રણ ગુણનાં મિશ્રણ અને પુનર્મિશ્રણમાંથીજ નીપજેલાં છે. સાંખ્યદર્શનમાં પ્રકૃતિને ચોવીસ તત્ત્વોમાં વિભક્ત દર્શાવી છે અને મનુષ્યના આત્માને એ તત્ત્વોથી–પ્રકૃતિથી પર, સ્વયંપ્રકાશ, શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપ કહેલો છે. પ્રકૃતિમાં જ્યાં જ્યા ચૈતન્યનો પ્રકાશ આપણા

જોવામાં આવે છે, ત્યાં ત્યાં પ્રકૃતિ ઉપર આત્માનું પ્રતિબિંબ પડેલું છે એમજ સમજી લેવું. આ ઠેકાણે તમારે એ પણ સ્મરણમાં રાખવું જોઇએ કે, પ્રકૃતિમાં તમારા પોતાના મનનો પણ સમાવેશ થઇ જાય છે; કારણકે મન એ પણ પ્રકૃતિની અંદરનોજ એક પદાર્થ છે. આપણે જે વિચાર કરીએ છીએ તે વિચાર પણ એ પ્રકૃતિમાંનોજ એક ભાગ અને પદાર્થ છે. વિચાર જેવા સૂક્ષ્મ (આત્માની અપેક્ષાએ સ્થૂળ—જળ) પદાર્થથી માંડીને સ્થૂળમાં સ્થૂળ ગણાતા પદાર્થ સુધીના તમામ પદાર્થોનો પ્રકૃતિમાંજ સમાવેશ થાય છે અને તે પ્રકૃતિનાંજ જુદાં જુદાં સ્વરૂપો છે. એ પ્રકૃતિ મનુષ્યના આત્માની આસપાસ વીંટાઈ વળેલી છે. પ્રકૃતિનું આ આવરણ જયારે દૂર થાય, ત્યારેજ આત્મા તેના પૂર્ણ પ્રકાશમાં દીપી નીકળે. આગળ વર્ણવેલા વૈરાગ્ય વડેજ પ્રકૃતિ વશ થતી હોવાથી આત્માના પ્રકાશને માટે વૈરાગ્ય એ ઘણુંજ ઉપકારક સાધન છે. આ પછીના સૂત્રમાં યોગીના અંતિમ લક્ષ્યરૂપ જે સમાધિ, તેના વિષે વિવેચન કરવામાં આવ્યું છે.

वितर्कविचारानंदास्मितानुगमात् संप्रज्ञातः ॥ १७ ॥

સૂત્રાર્થ:—સંપ્રજ્ઞાત સમાધિના સવિતર્ક, સવિચાર, સાનંદ અને સાહંકાર એવા ચાર પ્રકાર અથવા પગથિયાં છે.

વિવેચન:—સમાધિ બે પ્રકારની છે. એકને સંપ્રજ્ઞાત અને બીજીને અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત સમાધિ વડે પ્રકૃતિને વશ કરવાની શક્તિઓનો ઉદય થાય છે. આ સંપ્રજ્ઞાત સમાધિના ચાર પ્રકાર છે. પહેલા પ્રકારને સવિતર્ક સમાધિ કહે છે; મનને અન્ય સર્વ પદાર્થોથી રોકીને તથા પાછું વાળતા રહીને માત્ર ધ્યેયમાંજ તેને જોડ્યા કરવું, તેને ધ્યાન કહે છે.

સાંખ્યદર્શન જે પચીશ તત્ત્વો ગણાવે છે, તેમાંનાં ચોવીસ

તત્ત્વો જડ અને પચીશમો ચેતન પુરુષ, એ બંને ધ્યાન અને ચેતનના વિષયો છે. યોગદર્શનનો આ ભાગ સંપૂર્ણ રીતે સાંખ્યદર્શનને આધારે રચાયેલો છે. એ સાંખ્ય વિષે હું તમને પ્રથમ કહી ગયો છું, તે તમને કદાચ યાદ હશે કે બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ત્રણે એકજ અંતઃકરણનાં સ્વરૂપો છે અને એ ત્રણેની ઉત્પત્તિ મનમાંથીજ થયેલી છે. અંતઃકરણ પ્રકૃતિમાંથી નાના પ્રકારની શક્તિઓ ગ્રહણ કરીને પ્રથમ સંકલ્પ–વિકલ્પરૂપે–વિચારરૂપે એ મનને પ્રકટ કરે છે. વળી શક્તિ અને દ્રવ્ય જ્યાં એકત્ર થાય એવી પણ કોઇક વસ્તુ તો હોવીજ જોઇએ. એ વસ્તુને “અવ્યક્ત” કહે છે. એ અવ્યક્ત એટલે સૃષ્ટિ ઉત્પન્ન થઇ તે પહેલાંની તેની અપ્રકટ અવસ્થા. એક કલ્પ પૂરો થયા પછી સમગ્ર સૃષ્ટિ એ અવ્યક્તમાંજ લય પામવાની અને નવા કલ્પના પ્રારંભમાં પાછો એમાંથીજ સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થવાનો. ચૈતન્યઘન પુરુષ તો એ અવ્યક્ત તેમજ વ્યક્ત બંનેથી અતીત છે. જ્ઞાન એ શક્તિસ્વરૂપ છે. કોઇ પણ વસ્તુ વિષે જ્ઞાન થયા પછીજ આપણે તેના ઉપર કાબૂ મેળવી શકીએ છીએ. એજ પ્રમાણે ઉપર જણાવેલાં તત્ત્વોનું પણ મન ધ્યાન કરવા લાગે છે, તેમ તેમ તેનો તેમના ઉપર અધિકાર જામતો જાય છે. આ પ્રમાણે બહારનાં જડ તત્ત્વોમાં જે સમાધિ (એકાગ્રતાપૂર્વક વિચારણા અથવા મનન) કરવામાં આવે છે તેને “સવિતર્ક સમાધિ” કહે છે. વિતર્ક એટલે પ્રશ્ન અને સવિતર્ક એટલે પ્રશ્નયુક્ત. એમાં પ્રશ્નમય ધ્યાન–એકાગ્રતાપૂર્વક મનન–એ ચોવીસ તત્ત્વો વિષેજ હોવાથી તેના ઉત્તરમાં એ તત્ત્વો પોતા સંબંધી સત્યજ્ઞાન–પોતાનું સત્ય સ્વરૂપ–ધ્યાન કરનારને દર્શાવે છે; તેમજ પોતાનું ગુપ્ત સામર્થ્ય પણ તેને અર્પણ કરે છે. પરંતુ એ સામર્થ્ય–એ સિદ્ધિ ઐહિક વિષયભોગનેજ આપનારી તથા અનિત્ય અને રોકી રા-

ખનારી હોવાથી એને પ્રાપ્ત કરવામાં તથા વાપરવામાં લાભ તો કંઈજ નથી. વળી એવી બાહ્યશક્તિની પ્રાપ્તિ કરવાથી મુકિત પણ મળી જતી નથી. એવી શકિતની ઇચ્છા માત્ર ભોગનેજ અર્થે હોય છે; અને આ બાહ્યજીવનમાં ખરેખર ભોગનો તો અવકાશજ નથી; કારણકે એ વાસના ગમે તેટલી શકિત અને પદાર્થો મળ્યાં છતાં કદીજ તૃપ્ત થઈ શકતી નથી. માટે એવા ભોગોની પાછળ ફાંફાં મારવાં મિથ્યા છે. આ અતિ પ્રાચીન ઉપદેશ મનુષ્યના અંતરમાં ઊતરવો ઘણો મુશ્કેલ છે. પણ આ વાત જ્યારે પણ તેના અંતરમાં પૂરેપૂરી રીતે ઊતરી જાય છે, ત્યારેજ તે આ સ્થૂળ જગતની પાર જઇને મુકત દશા પ્રાપ્ત કરી શકે છે.

સાધારણ ભાષાએ જેને સિદ્ધિઓ અથવા ગુપ્ત શકિતઓ કહે છે, તે વડે માત્ર ભોગોનીજ વૃદ્ધિ થાય છે. જગતનાં બંધનો એથી તો ઊલટાં વધારે દઢ થાય છે અને તેને પરિણામે દુઃખની પણ વૃદ્ધિજ થાય છે. પતંજલિ " એ ગુપ્ત શકિતઓની પ્રાપ્તિ શકય છે " એવું લખે છે, તેનું કારણ એ છે કે, વૈજ્ઞાનિક તરીકે તેમ કરવાની તેની ફરજ છે; પણ સાથે સાથે એ શકિતનાં પ્રલોભનોમાં આપણે ન ફસાઇએ તેને માટે તે આપણને સાવધાન રહેવાનું વારંવાર સૂચન કરતો રહે છે.

હવે જ્યારે ધ્યાનાવસ્થામાં એ તત્ત્વોને દિશા અને કાળથી અલગ કરીને તેમના સ્વરૂપનું ચિંતન કરવામાં આવે છે, ત્યારે તેવી સમાધિને નિર્વિકલ્પ સમાધિ કહે છે. એ પછી એક પગથિયું આગળ વધીને જ્યારે તન્માત્રાઓ દિશા અને કાલની અંદર સમજાઇને તેમનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે તે સવિચાર (વિચારયુક્ત) સમાધિ કહેવાય છે અને જ્યારે સૂક્ષ્મ તત્ત્વોને દિશા અને કાલથી અતીત સમજીને તેમનું ધ્યાન કરવામાં આવે છે; ત્યારે તે નિર્વિચાર સમાધિ કહેવાય છે. એ પછી સૂક્ષ્મ અને

સ્થૂલ બેઉ પ્રકારનાં તત્ત્વનો છોડી દઈને એકલા અંતઃકરણનેજ ધ્યાનનો વિષય બનાવવામાં આવે છે, અને અંતઃકરણને રજસ તમસથી અલગ કરીને તેનું ધ્યાન કરવામાં આવે છે ત્યારે સાનંદ સમાધિ સધાય છે. એજ સમાધિમાં જ્યારે અંતઃકરણને છેકજ ઉપાધિરહિત ગણીને તેનું ધ્યાન કરવામાં આવે; અને જ્યારે એ સમાધિ વિશેષરૂપે પરિપકવ થઇ જાય, ત્યારે સ્થૂળ, સૂક્ષ્મ તમામ તત્ત્વોનો તમામ વિચાર છૂટી જાય અને એકલો સાત્ત્વિક અહંકારજ અવશિષ્ટ રહે, ત્યારે તે અસ્મિતા સમાધિ કહેવાય છે. જે વ્યક્તિ આ અવસ્થા પ્રાપ્ત કરે છે તેણે વેદાંતમાં વર્ણવેલી "વિદેહ" અવસ્થા પ્રાપ્ત કરી કહેવાય. પરંતુ તેને સ્થૂળ દેહનું ભાન નહિ રહેવા છતાં સૂક્ષ્મ શરીરનું ભાન તો રહે છેજ; હવે જો તે આગળ વધી પરમપદની પ્રાપ્તિ કર્યા વગર એજ અવસ્થામાં અટકી જાય છે–પ્રકૃતિમાં લીન થઈ રહે છે–તો તેને "પ્રકૃતિલય" કહેવાય છે. જેઓ કોઈ પણ પ્રકારના ભોગમાં નહિ લલચાતાં આગળ વધે છે, તેઓજ અંતિમ લક્ષ્યરૂપ મુક્તિના અધિકારી થાય છે.

विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ॥ १८ ॥

સૂત્રાર્થઃ—જેમાં માત્ર સાત્ત્વિક વૃત્તિના અદૃષ્ટ સંસ્કારોજ બાકી રહેવા પામે છે, એવી જે અન્ય અસંપ્રજ્ઞાત સમાધિ છે, તે મનોવૃત્તિઓનું શમન કરવાવાળા પર વૈરાગ્યનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—આ સમાધિ સંપૂર્ણ અને જ્ઞાનાતીત હોવાથી તે અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે અને તે મુક્તિની પ્રાપ્તિ કરાવે છે. ગયા સૂત્રમાં સમાધિના બીજા જે જે પ્રકાર વર્ણવ્યા છે, તેનાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી. માણુસ ગમે તેટલી શક્તિઓ મેળવે તોપણુ આખરે તેનું પતન થયા વિના રહેતું નથી. જ્યાં-

સુધી આત્મા પ્રકૃતિથી અતીત ન થાય અને સંપ્રજ્ઞાત સમાધિથી આગળ ન જાય, ત્યાંસુધી તેને ખરી સ્થિરતા મળી શકતી નથી. આ સમાધિની રીત દેખીતી ઘણી સહેલી લાગે છે, પણ તેને સિદ્ધ કરવી બહુ કઠણ છે. એને સિદ્ધ કરવાની રીત આ પ્રમાણે છે કે, મનનેજ પોતાના ધ્યાનનો વિષય બનાવી દેવો. અને તેમાં કોઈ પણ જાતનો વિચાર આવે તેને દબાવી દેવો. મનની અંદર કોઇ પણ જાતનો વિચાર પ્રવેશવા ન દઇને સંપૂર્ણ શૂન્ય કરી નાખવું. આ કાર્ય પૂરેપૂરૂં સિદ્ધ થાય એટલે તેજ પળે આપણે મુક્ત થયા એમ જાણવું.

પરંતુ જેઓ શરૂઆતનાં સાધનો સાધ્યા વગરજ એકદમ મનને શૂન્ય કરવા મંડી જાય છે, તેમનું ચિત્ત ઊલટું અજ્ઞાનના સ્થાનરૂપ તમોગુણથી ભરાઇ જાય છે અને તેમનું મન આળસુ અને મૂઢ થઈ જાય છે. આમ છતાં તેઓ પોતાના મનથી તો એમજ સમજતા હોય છે કે, અમે અમારા મનને તદ્દન શૂન્ય કરી દીધું. મનને શૂન્ય કરી દેવામાં પુષ્કળ સામર્થ્યની જરૂર પડે છે; કેમકે મનની ગતિને તદ્દન રોકી દેવામાં સંયમની પરાકાષ્ઠા આવી જાય છે. આવો અભ્યાસ કરતાં કરતાં જે અસંપ્રજ્ઞાત અથવા જ્ઞાનાતીત અવસ્થા પ્રાપ્ત થાય છે, તેને નિર્બીજ સમાધિ પણ કહેવામાં આવે છે. તેનું તાત્પર્ય એ છે કે,સંપ્રજ્ઞાત સમાધિમાં ચિત્તવૃત્તિનો માત્ર નિગ્રહ થાય છે પણ તે સંસ્કાર અથવા બીજાના સ્વરૂપમાં રહી જાય છે અને તેથી કરીને સમય આવતાં પાછી તે અંકુરિત થઇને તરંગાકૃતિ ધારણ કરવાનો સંભવ રહે છે; પણ જ્યારે સંસ્કાર પણ તદ્દન નિર્મૂળ થઈ જાય, ત્યારે મન પણ નિર્મૂળ થઇ ગયુંજ જાણવું. એ અવસ્થા આવે એટલે જેને નિર્બીજ સમાધિ કહે છે તેની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી મનની અંદર એવાં કોઇ પણ પ્રકારનાં બીજ રહેવા પામતાં નથી,

કે જેથી જીવન–લતા ફરી ફરીને અંકુરિત થાય અને જન્મ-મરણનું ચક્ર પાછું ફરતું થઇ જાય.

કદાચ તમે એવો પ્રશ્ન કરશો કે, જ્ઞાન ન રહે અને મનનું પણ અસ્તિત્વ ન રહે એ અવસ્થા તે વળી કેવી હશે? જેને આપણે જ્ઞાનપૂર્ણ અવસ્થા કહીએ છીએ તે, જ્ઞાનાતીત અવસ્થા કરતાં નીચા પ્રકારની છે. તમારે હમેશાં સ્મરણમાં રાખવું જરૂરનું છે કે, કોઇ પણ વિષયની ઊંચામાં ઊંચી અને નીચામાં નીચી એ બેઉ અવસ્થાઓ જાણે એકસરખીજ હોય એવો ભાસ થાય છે. પ્રકાશનાં આંદોલન જ્યારે ઘણાંજ મંદ હોય છે, ત્યારે આપણને તે અંધકાર જેવાં દેખાય છે; તેવીજ રીતે એ આંદોલન જ્યારે અત્યંત વેગથી કંપાયમાન થતાં હોય છે, ત્યારે પ્રકાશ એવું પ્રખર સ્વરૂપ ધારણ કરે છે કે તેથી પણ આપણી આંખે તો તે અંધકાર જેવુંજ દેખાય છે; પણ આ બે અંધકારમય સ્થિતિને શું એક કહી શકાય? પહેલી અવસ્થા ખરેખરી અંધકારની છે અને બીજી અવસ્થા તેના સામા છેડાની અત્યંત પ્રકાશપૂર્ણ છે; પણ આપણી આંખ તેનો પ્રકાશ ઝીલી શકતી નથી. એવીજ રીતે અજ્ઞાન એ સૌથી નીચા પ્રકારની અવસ્થા છે; જ્ઞાન એ મધ્યમ અવસ્થા છે અને જ્ઞાનથી પણ અતીત થઇ જવાય તે સર્વોત્તમ અવસ્થા કહેવાય છે. આ પ્રમાણે પહેલી અને છેલ્લી સ્થિતિ જોવામાં સરખીજ હોય છે. એ જ્ઞાનાતીત દશા કોઇ પણ પ્રકારની બનાવટ કે મિશ્રણથી ઉત્પન્ન થાય છે, એ વાતમાં કશુંજ સત્ય નથી.

ઊંચા પ્રકારની એકાગ્રતાનો લાગલાગટ અભ્યાસ કર્યા કરવાથી પૂર્વકાળની ચિત્તની ચંચળતા, આલસ્ય અને શુભાશુભ સંસ્કારો એ સર્વનો એક સામટો નાશ થઇ જાય છે. સોનાને ભઠ્ઠીમાં મૂકી શુદ્ધ કરતી વખતે તેમાંની મલિનતા બળી જવાની સાથે શુદ્ધિ માટે તેમાં જે રાસાયનિક પદાર્થો ભેળવ્યા હોય છે,

તે પણ નષ્ટ થઇ જાય છે; તેવીજ રીતે ચિત્તમાંના અશુભ સંસ્કારોનો પણ નાશ થઇ જાય છે. લાંબાકાળ સુધી લાગલાગટ સંયમ કરવાથી પૂર્વની અશુભ પ્રવૃત્તિઓ ઉપરાંત શુભ પ્રવૃત્તિઓનું પણ નામનિશાન રહેતું નથી. આ પ્રમાણે આત્મા શુભ અને અશુભ સંસ્કારો તથા વૃત્તિઓથી મુક્ત થઇ સર્વશક્તિમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞરૂપે તેના પોતાનાજ તેજથી પ્રકાશતો અવશિષ્ટ રહે છે. આ પ્રમાણે તમામ શક્તિનો ત્યાગ કરીને આત્મા સર્વશક્તિમાન બને છે; પોને જીવ છે એવા અભિમાનનો ત્યાગ કરીને તે મૃત્યુનો જય કરે છે; કારણકે તે મહાપ્રાણરૂપમાં પરિણત થઇ ગયેલો હોય છે. તે વખતે આત્માને જ્ઞાન થાય છે કે, તેને કદી જન્મમરણ હતાંજ નહિ. સ્વર્ગ કે પૃથ્વી કશાનું તેને પ્રયોજન રહેતું નથી. તે વખતે આત્માને અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે કે, તે પોતે કદી આવ્યો પણ ન હતો અને ગયો પણ ન હતો. એ બધી હિલચાલ તો માત્ર પ્રકૃતિનીજ હતી અને તે પ્રકૃતિની ગતિનું પ્રતિબિંબજ આત્મા ઉપર પડતું હતું. જેવી રીતે કાચમાં પરાવર્તન પામનો પ્રકાશ ભીંત ઉપર પડીને હાલતો હોય તેથી ભીંત એમ માની લે કે હું હાલું છું; તેમ વાસ્તવમાં જન્મમરણના વિકારરહિત અવ્યય આત્માને એવો ભ્રમ થયેલો છે કે, 'હું જન્મું છું અને હું મરૂં છું.' આપણે બધાયે ભ્રમમાં ગોથાં ખાઇએ છીએ. આપણું મનજ જન્મમરણરૂપી ભવાટવીમાં ભટકતું ફરે છે અને આપણી આગળ નાના પ્રકારના રૂપમા દેખાય છે; છતા આપણે એ બધાં રૂપ અને ભટકણને આપણાંજ માની લઇએ છીએ. આ બધું અજ્ઞાનસમાધિની સ્થિતિ પ્રાપ્ત થતાં ટળી જાય છે. 'આવો સિદ્ધ અથવા મુક્તાત્મા જ્યારે જ્યારે જે કાંઇ આજ્ઞા કરે છે—અને તે આજ્ઞાજ કરે છે, પ્રાર્થના નથી કરતો, કાલાવાલા નથી કરતો ત્યારે તરતજ તેની આજ્ઞાનો

અમલ થઇ જાય છે. તેના મનમાં કોઇ પણ પ્રકારની ઇચ્છા ઉદ્ભવી એટલે તે પૂર્ણ થયા વિના રહેતી નથી. તેને જેની જેની જરૂર લાગે છે, તે તેની આગળ હાજર થઇ જાય છે. સાંખ્યદર્શન પ્રમાણે ઇશ્વરનું અસ્તિત્વ સંભવતું નથી; કારણકે જો એવું કાંઇ હોય તો તે આત્માજ હોવો જોઇએ; અને તે આત્મા કાં તો બદ્ધ હોવો જોઇએ અથવા મુક્ત હોવો જોઇએ. હવે જો એ આત્મા બદ્ધ હોય, પ્રકૃતિને વશ હોય, પ્રકૃતિ વડે બંધાઇ ગયેલો હોય, તો તે સૃષ્ટિને કેવી રીતે ઉત્પન્ન કરી શકે? કેમકે તે પોતેજ પ્રકૃતિનો દાસ છે. વળી જો એ આત્માને મુક્ત માનીએ તો પછી જે મુક્ત છે, જેને પ્રકૃતિનું બંધન નથી, તે સૃષ્ટિને ઉત્પન્ન કરવાની અને તેનો નિભાવ કરવાની ભાંજગડમાં પડે શા માટે? મુક્ત આત્માને કોઇ પણ પ્રકારની વાસના તો હોય જ નહિ, એટલે પછી સૃષ્ટિને ઉત્પન્ન કરવાનું અને તેના ઉપર રાજ્ય ચલાવવાનું તેને પ્રયોજનજ શું હોય? એ ઉપરાંત સાંખ્યદર્શન એવો સિદ્ધાંત પણ સ્થાપિત કરે છે કે, ઇશ્વરનું અસ્તિત્વ માની લેવાની જરૂરજ નથી. એકલી પ્રકૃતિનું અસ્તિત્વ સ્વીકારીએ એટલે તેના વડેજ જગતની પ્રત્યેક ઘટનાનું કાર્યકારણ સમજાવી શકાય છે અને તેમ છે, તો પછી ઇશ્વરની જરૂરજ શી? પણ એ સાંખ્યદર્શનના પ્રણેતા કપિલમુનિ એટલું ઉમેરે છે કે, જેમણે પૂર્ણ મુક્ત દશા પ્રાપ્ત કરી ન હોય, એવા અનેક આત્માઓ છે. તેઓ પોતાની અલૌકિક શક્તિઓની વાસનાનો સમૂળગો ત્યાગ કરી શકતા નથી, તેથી કરીને તેઓ મુક્તિની છેક નજીક પહોંચી ગયેલા હોવા છતાં પણ પૂરેપૂરા મુક્ત થઇ શકતા નથી. તેમનું મન પોતાના ગુરુરૂપ બનવાને શક્તિમાન થતા સુધી તેઓ લાંબા સમય પર્યંત પ્રકૃતિમાંજ નિમગ્ન રહે છે. જો એવા આત્માને ઇશ્વર માની લેવો હોય, તો એવા ઇશ્વર તો અનેક છે. આપણે બધાએ એક વાર એવું

ઈશ્વરત્વ વહેલેમોડે પ્રાપ્ત કરવાનાજ છીએ. સાંખ્યદર્શનના મત પ્રમાણે વેદોમાં વર્ણવેલા દેવતાઓ આવા મુક્ત આત્માઓજ છે. એમને બાદ કરીએ તો સાંખ્ય મત પ્રમાણે નિત્યમુક્ત, આનંદમય અને જગતનો સ્રષ્ટા એવો ઈશ્વર તો છેજ નહિ. પરંતુ યોગવિદ્યાનો અભિપ્રાય આથી જુદા પ્રકારનો છે. તે એમ જણાવે છે કે, "ઇશ્વર તો છેજ, બીજા * આત્માઓથી તે ભિન્ન અને શ્રેષ્ઠ હોઈને નિત્ય-મુક્ત, અખિલ વિશ્વનો સ્વામી અને ગુરુઓનો ગુરુ છે." આ તરફ યોગીઓ પણ સાંખ્યદર્શનમાં જેમને "પ્રકૃતિમગ્ન" આત્માઓ માન્યા છે, તેમનું અસ્તિત્વ સ્વીકારે છે. તેઓ પૂર્ણતાને પ્રાપ્ત કરતાં વચ્ચે અટકી ગયેલા યોગીઓ છે અને જો કે પરમ પદની પ્રાપ્તિ કરવામાં તેમને કેટલોક વિલંબ થાય છે ખરો, પરંતુ તેઓ જગતના અમુક વિભાગ ઉપર અધિકાર ચલાવતા હોય છે.

भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ॥१९॥

સૂત્રાર્થઃ-"વિદેહ" અને "પ્રકૃતિલય" દશાવાળા યોગીઓની તે અસંપ્રજ્ઞાત સમાધિ સંસારનો (જન્મમરણનો) હેતુ થઇ પડે છે.

વિવેચનઃ-ભરતખંડમાં પ્રચલિત શાસ્ત્રોના અભિપ્રાય પ્રમાણે "દેવતા" શબ્દ ઉપર કહ્યા તેવા ઉચ્ચ કોટીના આત્માઓનેજ લાગુ પડે છે. જુદા જુદા સમયમાં જુદા જુદા જીવો એ પદનો ઉપભોગ કરે છે; પણ એમાંનો કોઇ પણ દેવતા પૂર્ણ છે એમ ન સમજવું.

---

* પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં સાંખ્યના કરતાં યોગવિદ્યા એક પગલું આગળ વધી; અને એ પરમાત્મા આત્માથી અભિન્ન છે એ અદ્વૈતવાદ ત્યાર પછી વેદાંતદર્શને સમજાવ્યો. આ રીતે ષડ્દર્શન એ વાસ્તવમાં એકજ નિસરણીનાં પગથિયાં છે. **અનુવાદક**

श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ॥ २० ॥

સૂત્રાર્થ:—બીજા કેટલાકને શ્રદ્ધા, વીર્ય એટલે ઉત્સાહ—મનોબળ, સ્મૃતિ, સમાધિ—એટલે એકાગ્રતા અને સત્યાસત્ય વસ્તુનો વિવેક—આ સાધનોદ્વારા પણ સંપ્રજ્ઞાત સમાધિ અને તે પછી પરવૈરાગ્યદ્વારા અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—જેમને દેવ થવાની અથવા કોઈ પણ કલ્પના શાસનકર્તા થવાની પણ ઇચ્છા નથી, તેઓને વિષે આ કથન છે. તેઓ મુક્ત થઈ જાય છે.

तीव्रसंवेगानामासन्नः॥२१॥

સૂત્રાર્થ:—સાધનાના અનુષ્ઠાનમાં જેઓ તીવ્ર વેગવાળા હોય છે, તેઓને સફળતા વહેલી મળે છે.

मृदुमध्याधिमात्रत्वात् ततोऽपि विशेषः ॥२२॥

સૂત્રાર્થ:—સાધનામાં મૃદુ તીવ્ર વેગવાળાને એ લાભ વહેલો મળે છે, મધ્ય તીવ્ર વેગવાળાને એથી પણ વહેલો અને અધિક તીવ્રવાળાને તેથી પણ વહેલો મળે છે.

ईश्वरप्रणिधानाद्वा ॥२३॥

સૂત્રાર્થ:—અથવા ઇશ્વરભક્તિથી પણ સમાધિ પ્રાપ્ત થાય છે.

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥२४॥

સૂત્રાર્થ:—જેને દુઃખ, કર્મ, કર્મનાં પરિણામ તથા વાસના સ્પર્શ કરી શકતાં નથી, એવા પુરુષવિશેષને ઇશ્વર કહે છે.

વિવેચનઃ—અહીં હું તમને બીજીવાર યાદ દેવડાવું છું કે, પાતંજલ યોગશાસ્ત્ર મોટે ભાગે સાંખ્યદર્શન ઉપર રચાયેલું છે. ફેર એજ છે કે, સાંખ્યદર્શન ઇશ્વરનું અસ્તીત્વ સ્વીકારતું નથી અને યોગશાસ્ત્રે ઈશ્વરને સ્થાન આપેલું છે. યોગીઓ ઇશ્વરનો

સ્વીકાર તો કરે છે, પણ સૃષ્ટિકર્તૃત્વ અને એવી એવી કેટલીક ઇશ્વરને લગતી ભાવનાઓ વિષે તેઓ કશો અભિપ્રાય આપતા નથી. યોગીઓ જેને ઇશ્વર કહે છે તેનો અર્થ સૃષ્ટિના કર્તા થઇ શકતો નથી; પરંતુ વેદના મત પ્રમાણે ઇશ્વર જગતનો કર્તા પણ મનાય છે. વેદનો અભિપ્રાય એવો છે કે, જગતમાં સર્વત્ર એકતાનતા જોવામાં આવે છે, તેથી કરીને એકની ઇચ્છાશક્તિથીજ તેનો વિકાસ થયો હોવો જોઇએ.

યોગીઓ ઇશ્વિરનું અસ્તિત્વ સિદ્ધ કરવા નવા પ્રકારની દલીલનો ઉપયોગ કરે છે. તેઓ કહે છે કેઃ—

तत्र निरतिशयं सर्वज्ञबीजम् ॥२५॥

સૂત્રાર્થઃ—સર્વજ્ઞપણું જે બીજાઓમાં બીજરૂપે રહેલું છે તે, તેનામાં (ઇશ્વિરમાં) વિકાસ પામીને નિરતિશયતા એટલે અનંતતાને પામેલું છે.

વિવેચનઃ—મનને અત્યંત બૃહત્ અને અત્યંત ક્ષુદ્ર એવા બે છેડાની વચમાં ભ્રમણ કરવું પડે છે. તમે અમુક મર્યાદિત વિષયનો વિચાર કરી શકો છો, પણ તેમ કરતાંની સાથેજ તમારા મનમાં અનંત દેશના વિચાર આવ્યા વગર રહેતોજ નથી. આંખ બંધ કરીને એકાદ નાનકડી જગ્યાનો વિચાર કરી જોવાથી પ્રત્યક્ષ જોઇ શકશો કે, જે ઘડીએ નાની જગ્યારૂપી એક ક્ષુદ્ર વર્તુળની તમે કલ્પના કરો છો, તેજ વખતે તેની આસપાસ અનંત વિસ્તારવાળું વર્તુળ પડેલું છે, એ ખ્યાલ પણ તમને આવવાનોજ. જેવું દેશના સંબંધમા તેવુંજ કાળના સંબંધમાં પણ છે. દાખલા તરીકે તમે એક સેકન્ડનો વિચાર કરશો, એટલે તેની સાથે સાથેજ તમારી આગળ અનંતકાળનો વિચાર આવી ઊભો રહેશે. એજ પ્રમાણે જ્ઞાનનું પણ સમજવું. મનુષ્યમાં જ્ઞાન બીજરૂપે રહેલું છે, પણ એ ક્ષુદ્ર જ્ઞાનના વિચારની સાથેજ અનંતજ્ઞાનનો

વિચાર પણ આવી જાય છે. સારાંશમાં, આપણા મનનું બંધારણજ સિદ્ધ કરી બતાવે છે કે, અનંતજ્ઞાન છે અને યોગીઓ કહે છે કે એ અનંતજ્ઞાન જેનામાં પૂર્ણ વિકાસને પામેલું છે તેજ ઇશ્વર.

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥२६॥

સૂત્રાર્થ:—તે ઇશ્વર પૂર્વપુરુષોનો પણ ગુરુ છે; કારણકે તેની અવસ્થા કાળથી મર્યાદિત નથી.

વિવેચનઃ—આપણી અંદર સર્વપ્રકારનું જ્ઞાન રહેલું છે એ વાત સત્ય છે, તોપણ તેને ઉત્તેજિત—વિકસિત કરવા માટે બીજાના જ્ઞાનની અપેક્ષા રહે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ પણ આપણામાં રહેલીજ છે, પણ આપણે તેને ઉત્તેજિત કરવી પડે છે. યોગીઓ કહે છે કે, આ જ્ઞાનની જાગ્રતિ, બીજા કોઇ પુરુષના જ્ઞાનની મદદ હોય તોજ થઇ શકે છે. જડ અને અચેતન પદાર્થોદ્વારા કદી પણ જ્ઞાનનો વિકાસ થઇ શકતો નથી. દીવા વડે દીવો સળગે છે, તેમ જ્ઞાનની શક્તિ વડેજ જ્ઞાનનો વિકાસ થઇ શકે છે. આપણામાં જે જ્ઞાન રહેલું છે, તેને જાગ્રત કરવાને માટે જ્ઞાની પુરુષોનો સમાગમ હમેશાં આપણે સેવવોજ જોઇએ. એટલા માટે ગુરુની સહાયતા તો પહેલીજ અગત્યની મનાઇ છે. એવા ગુરુઓનો જગતમાં કોઇ કાળે અભાવ હતો પણ નહિ અને થશે પણ નહિ. તેમની સહાયતા વિના જ્ઞાન સંભવતુંજ નથી. સર્વ ગુરુઓનો ગુરુ એક ઇશ્વરજ છે; કારણકે ઉપર કહેલા ગુરુઓ—મહાત્માઓ ગમે તેટલા ઉન્નત થયા હોય અને જીવન્મુક્ત બની રહ્યા હોય, પરંતુ જ્યાંસુધી તેમના પ્રારબ્ધનો ક્ષય ન થઈ રહે ત્યાંસુધી ઉપાધિદૃષ્ટિથી તેઓ તેના બંધનમાજ છે અને દેશ, કાળ, ઇત્યાદિની મર્યાદા તેમને લાગુ પડે છે. માત્ર ઇશ્વરને એકલાનેજ એ બંધન હોતું નથી.

યોગીઓના બે મુખ્ય સિદ્ધાંત છે. પ્રથમ તો એ કે, સાન્ત

પદાર્થનો વિચાર કરવા જતાં મનને અનંતનો વિચાર કરવાની ફરજ પડે છે અને એક બાજુનો માનસિક અનુભવ સાચો હોય તો બીજી બાજુઓનો માનસિક અનુભવ પણ સાચો હોવોજ જોઇએ; કારણકે બેઉ એકજ મનના અનુભવો હોવાથી તેમની કિંમત એકસરખીજ ગણાય. મનુષ્ય અલ્પજ્ઞ છે એજ બતાવી આપે છે કે, ઈશ્વર અનંતજ્ઞાનસંપન્ન છે. આ બે અનુભવોમાંથી જો હું એકને માન્ય રાખું તો મારે બીજાને પણ માન્ય રાખવોજ જોઇએ. બુદ્ધિપૂર્વક વિચાર કરતાં તો મારે બેઉને માન્ય રાખવા અથવા બેઉને છોડી દેવા, એ સિવાય ત્રીજો રસ્તો જણાતો નથી. મનુષ્ય અલ્પજ્ઞ છે એમ જો આપણે માનતાજ હોઈએ, તો પછી તેની પાછળ એક અસીમ જ્ઞાનસંપન્ન પુરુષ રહેલો છે, એ વાત પણ કબૂલ રાખ્યેજ છૂટકો. યોગીઓનો બીજો સિદ્ધાંત એ છે કે, ગુરુની સહાયતા વિના જ્ઞાન મળી શકતુંજ નથી. હાલના દાર્શનિકો પણ એમજ કહે છે કે, જ્ઞાન મનુષ્યની અંદરથીજ ઉત્પન્ન થાય છે એ ખરૂં; પણ એ જ્ઞાનની જાગૃતિ થવા માટે કેટલાક અનુકૂળ અને સહાયક સંયોગોની આવશ્યકતા રહે છે, એટલા માટે ગુરુની જરૂર છે. એના સિવાય જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. હવે અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જો મનુષ્ય, દેવ અથવા પયગંબર પણ આપણા ગુરુ હોય, તોપણ તેઓ બધા મર્યાદિતજ છે; એટલે તેમનો પણ કોઇ ગુરુ હોવોજ જોઇએ. એ પ્રમાણે વિચાર કરતાં આખરે એક પુરુષ, જેને કાળનું બંધન લાગુ પડતું નથી, તેજ સર્વ ગુરુઓનો ગુરુ છે એવો અંતિમ સિદ્ધાંત માન્ય રાખ્યા વગર ચાલતુંજ નથી. એ ગુરુ અનંતજ્ઞાનસંપન્ન છે તથા સર્વ પ્રકારે અનંત અને અનાદિ છે અને તેનેજ આપણે ઈશ્વર કહીએ છીએ.

तस्य वाचकः प्रणवः ॥ २७ ॥

સૂત્રાર્થ:—પ્રણુવ એટલે ૐકાર તેનો વાચક છે.

વિવેચન:—આપણા મનમાં જે કાંઇ વિચાર આવે છે, તે દરેકનો અંગીભૂત એકેક શબ્દ પણ હોય છે. એ શબ્દ અને વિચારને પૃથક્ કરી શકાતા નથી. એકજ વસ્તુનો બાહ્યભાગ તે શબ્દ અને તેનો અંદરનો ભાગ તે વિચાર અથવા ભાવના કહેવાય છે. કોઇ પણ મનુષ્ય પૃથક્કરણ કરીને ભાવનાને શબ્દથી છૂટી પાડી શકતો નથી. ઘણાનો એવો અભિપ્રાય છે કે, કેટલાક માણસોએ એકત્ર થઇને અમુક વસ્તુને કયા નામથી ઓળખવી તેનો વિચાર કરીને ઠરાવ કર્યો હશે અને એમ કરતાં કરતાં ભાષાની ઉત્પત્તિ થઇ હશે; પણ એ અભિપ્રાય ખોટો છે એવું સાબિત થઇ ચૂક્યું છે. સૃષ્ટિની રચના થઈ ત્યારથીજ ભાષા અને શબ્દ અસ્તિત્વ ધરાવતાં આવ્યાં છે. ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે, શબ્દ અને ભાવના એ બેનો પરસ્પર સંબંધ છે ખરો ? આપણે એટલું તો જોઇ શકીએ છીએ કે, શબ્દ અને ભાવનાનો સંબંધ અવિચ્છિન્ન છે; તોપણ એક ભાવ એકજ શબ્દથી દર્શાવાય અને તેને માટે એક કરતાં વધારે શબ્દ નજ હોય એવું નથી. વીસપચીસ દેશના લોકોના મનમાં એકજ પ્રકારની ભાવના હોય, પણ તે ભાવના દર્શાવવાને માટે તેઓ એકજ શબ્દનો પ્રયોગ કરતાં નથી, પણ જુદા જુદા શબ્દ વાપરે છે. પ્રત્યેક ભાવના દર્શાવવા માટે આપણને શબ્દની જરૂર પડે છે, પણ એ શબ્દનો એકજ રીતે ઉચ્ચાર કરવો જોઇએ એવો કશો નિયમ નથી. જુદી જુદી પ્રજાઓ જુદા જુદા ઉચ્ચારવાળા શબ્દનો ઉપયોગ કરે છે. તેથી કરીને પતંજલિના યોગસૂત્રનો ભાષ્યકાર લખે છે કે, "ભાવના અને શબ્દનો સ્વાભાવિક સંબંધ તો છેજ; પણ એક શબ્દ અને એક ભાવના, એ બેની વચ્ચે અનિવાર્ય સંબંધ હોવોજ જોઇએ એવું ફલિત થતું નથી." એકજ ભાવનાને દર્શાવનારા શબ્દો અને ઉચ્ચારો ભિન્ન

હોય છે, તોપણ તેમની વચ્ચે સ્વાભાવિક સંબંધ રહેલો છે. જો વાચ્ય અને વાચકની વચ્ચે સ્વાભાવિક સંબંધ હોય, તોજ શબ્દ અને ભાવનાનો સંબંધ સંભવી શકે. એમ ન હોય તો વાચક શબ્દ કોઇ દિવસ સામાન્ય વપરાશમાં આવી શકેજ નહિ. વાચક શબ્દ વાચ્ય પદાર્થનો પ્રદર્શક છે. વળી એ વાચ્ય પદાર્થનું પ્રથમથીજ અસ્તિત્વ હોય અને અનેક વારના અનુભવથી આપણી ખાતરી થાય કે, અમુક વાચક શબ્દનો જ્યારે જ્યારે ઉપયોગ થાય છે, ત્યારે ત્યારે અમુક વસ્તુનુંજ સૂચન થાય છે, ત્યારેજ આપણે નિશ્ચયપૂર્વક માની શકીએ કે વાચ્ય અને વાચકની વચ્ચે એક પ્રકારનો વાસ્તવિક સંબંધ છે. પછી એ વાચ્ય પદાર્થ સન્મુખ ન હોય તોપણ એકલા વાચક શબ્દની સહાયતાથીજ જેમને તે પદાર્થનું જ્ઞાન થઈ શકે એવા હજારો માણસો નીકળી આવશે. વાચ્ય અને વાચક વચ્ચે સ્વાભાવિક સંબંધ હોવાની ખાસ જરૂર છે. એમ હોય તોજ વાચક શબ્દનું ઉચ્ચારણ થતાંની સાથે વાચ્ય પદાર્થની ભાવના સાંભળનારના મનમાં તાજી થઇ જાય છે. પાતંજલદર્શનનો ભાષ્યકાર કહે છે કે, ૐકાર એ ઈશ્વરનો વાચક છે. ભાષ્યકાર આ બાબત ઉપર આટલો બધો ભાર મૂકે છે તેનું કારણ શું હશે ? "ઈશ્વર" એ વિચાર જણાવવાને માટે સેંકડો શબ્દો યોજાયા છે. જેમ એક વિચારની સાથે હજારો શબ્દોનો સંબંધ જોડાયેલો હોય છે, તેવી રીતે "ઈશ્વર" એ ભાવનાની સાથે સેંકડો શબ્દોનો સંબંધ છે અને એ દરેક શબ્દ ઈશ્વરનો વાચક થઇ શકે છે. એ તો જાણે ઠીક, પણ એ બધા શબ્દો પૈકી આપણે એક એવો સાધારણ શબ્દ શોધી કાઢવો જોઇએ કે જે સમસ્ત વાચક શબ્દોના સામાન્ય આધારરૂપ હોય. તમામ શબ્દોનો વાચક હોવો જોઈએ, સર્વ વાચક શબ્દોમાં શ્રેષ્ઠ હોવો જોઇએ અને વાસ્તવિક રીતે બધા શબ્દોની જગ્યાએ વાપરી શકાય,

એવી શબ્દશક્તિવાળો હોવો જોઇએ. જેમ ગળામાંથીજ પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર પ્રકટે છે; તેમ એવો કોઇ ભૌતિક શબ્દ છે કે જેના વડે બીજા બધા શબ્દોનું આપોઆપજ પ્રકટીકરણ થઇ જાય? ૐ એ એકજ એવો શબ્દ છે. એ તમામ શબ્દોના આધારરૂપ છે. એમાં પહેલો અક્ષર જે अ છે, તેમાં તમામ શબ્દોનું મૂળ રહેલું છે. એ તમામ શબ્દોની કુંચી જેવો છે. એનું ઉચ્ચારણ કરતી વખતે જીભ તથા તાળવાના કોઇ પણ ભાગને સ્પર્શ કરવો પડતો નથી. ત્રીજો અક્ષર म—તે તમામ વર્ગનાં વ્યંજનોનો છેલ્લો અક્ષર છે, એટલે તેને બધા અક્ષરોનો પ્રતિનિધિ ગણી શકાય અને એનો ઉચ્ચાર કરતી વેળા બેઉ હોઠ બંધ કરવા પડે છે. વચલો અક્ષર उ તે જીભના મૂળથી માંડીને મુખમાં રહેલા શબ્દજનક યંત્રના બીજા છેડા સુધી પ્રસરી જાય છે. એ રીતે એકલા ૐ શબ્દદ્વારા શબ્દોચ્ચારના તમામ પ્રકારનું પ્રકટીકરણ થઈ શકે છે. એટલા માટેજ એને સ્વાભાવિક ઈશ્વરવાચક શબ્દ માન્યો છે અને તમામ પ્રકારના શબ્દોના જનકતુલ્ય ગણ્યો છે. જેટલા પ્રકારના શબ્દ ઘડી શકાય તે સર્વનું ૐકારવડે સૂચન થઇ શકે છે. આ બધાં અનુમાન એક બાજુ ઉપર મૂકીએ તોપણ ૐકાર ઈશ્વરનો વાચક છે એમ માનવાને બીજાં પણ કારણો છે. ભરતખંડમાં જે જે ધર્મની ભાવનાઓ પ્રચલિત થયેલી છે, તે બધી ૐકારની આસપાસજ ગૂંથાયેલી હોઇ ૐકારમાંજ આવીને એકત્ર થાય છે. વેદમાં વર્ણવેલી વિવિધ પ્રકારની ધાર્મિક વિચારણાઓ ૐકારની આસપાસ એકત્ર થયેલી છે. અત્રે કોઇ એવો પ્રશ્ન કરશે કે, એની સાથે અમેરિકા, ઇંગ્લેંડ તથા બીજા દેશોનો સંબંધ છે ખરો? એનો ઉત્તર એ છે કે, તમામ દેશોમાં ૐકારનોજ ઉપયોગ થઇ રહ્યો છે. ભારતવર્ષમાં જે જે ભિન્નભિન્ન ધર્મભાવનાઓનો વિકાસ થયો છે તે બધામાં ૐકાર સચવાઇ રહ્યો છે અને ઈશ્વરવિષયક જુદી જુદી

ભાવનાઓ દર્શાવવાને માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અદ્વૈતવાદી, દ્વૈતવાદી, દ્વૈતાદ્વૈતવાદી, ભેદવાદી અને નાસ્તિકવાદીઓએ પણ ૐકારનો સ્વીકાર કર્યો છે. માનવપ્રજામાં જે જે ધર્મભાવનાઓ પ્રચલિત થયેલી જોવામાં આવે છે, તે સર્વનું સૂચન ૐકારદ્વારા થઇ શકે છે. અંગ્રેજી શબ્દ "ગૉડ" લો. એના વડે કેટલીક મર્યાદિત ભાવનાઓનુંજ સૂચન થઇ શકે છે. એ ઉપરાંત બીજી કોઇ ભાવનાને "ગૉડ" શબ્દદ્વારા સમજાવવી હોય, તો તેમાં થોડાંક વિશેષણો ઉમેરવાં પડે છે. જેમકે પર્સનલ (સગુણ), ઇમ્પર્સનલ (નિર્ગુણ), ઍબ્સોલ્યુટ (પૂર્ણ) વગેરે. બીજી ભાષાઓમાં પણ જે જે ઈશ્વરવાચક શબ્દો છે, તે બધાંનું પણ એમજ સમજી લેવું. તેમનાદ્વારા ઈશ્વર સંબંધી ઘણોજ મર્યાદિત ભાવ દર્શાવી શકાય છે, પણ ૐકારમાં સર્વ પ્રકારના અર્થ સમાઇ જાય છે; માટે એનો ઉપયોગ સર્વને આવશ્યક છે.

तज्जपस्तदर्थभावनम् ॥ २८ ॥

સૂત્રાર્થ:—એ ૐકારનો જપ તથા તેના અર્થરૂપ પરમાત્માનું ધ્યાન-ચિંતન કરવું, એનું નામ ઇશ્વરપ્રણિધાન છે.

વિવેચન:—કોઇ એમ પૂછશે કે, ઉપર પ્રમાણે કરવાની જરૂર શા માટે માનવામાં આવી હશે? આગળ કહેવાઇ ચૂકેલો સંસ્કારનો સિદ્ધાંત તો આપણને બધાને હજી યાદજ હશે. તમામ પ્રકારના સંસ્કારનો સમૂહ આપણા મનમાં રહે છે. એ સિદ્ધાંત સંસ્કારના સંબંધમાં મનાય છે. તેઓ ક્રમે ક્રમે સૂક્ષ્મ અને તેથીયે વધારે સૂક્ષ્મ બનતા જાય છે ખરા, પણ નિર્મૂળ તો નથીજ થતા. કોઇ ઉત્તેજક કારણ મળી આવતાં પાછા તે જાગ્રત થઇ જાય છે અને તેમનો વિકાસ થવા લાગે છે. એમ થતાં થતાં પરિણામે તેઓ સ્વભાવ-ટેવનું પ્રકટ સ્વરૂપ પણ ધારણ કરે છે. અણુઓનું કંપન કદી વિરામ પામતું નથી. સમગ્ર જગતનો નાશ

થશે, ત્યારે મોટાં મોટાં આંદોલનો શમી જશે; સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી એ સર્વ લય પામી જશે; પણ પરમાણુઓમાં જે કંપન ચાલી રહ્યું છે, તે તો કાયમજ રહેવાનું. મોટાં મોટાં બ્રહ્માંડોમાં જે કાર્ય ચાલી રહ્યું છે તેજ કાર્ય નાનામાં નાના પરમાણુમાં પણ ચાલ્યા કરે છે. આ નિયમ બાહ્ય વસ્તુઓને તેમજ ચિત્તને સરખી રીતે લાગુ પડે છે. ચિત્તની અંદર ચાલી રહેલાં આંદોલનો અદૃશ્ય ભલે થઇ જાય, પણ પરમાણુઓનાં આંદોલનોની માફક તેમની સૂક્ષ્મ ગતિ તો ચાલુજ રહેવાની અને જ્યારે કોઈ ઉત્તેજક કારણ મળી આવશે ત્યારે તે પાછાં ફરીથી પ્રકટ સ્વરૂપ પણ ધારણ કરવાનાં. હવે અભ્યાસ અથવા અમુક મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચાર કરવાનું રહસ્ય તમને સમજાયું હશે. આપણા મનની અંદર ધર્મના જે સંસ્કાર પડી રહેલા છે, તેને વિશેષરૂપે ઉત્તેજિત કરવામાં આ મંત્રોચ્ચાર બહુજ સહાયતા આપે છે.

क्षणमपि सज्जनसंगतिरेका । भवतिभवार्णवतरणेनौका ॥

અર્થાત્ એક ક્ષણનો પણ સાધુસમાગમ સેવ્યો હોય, તો તે ભવસાગર તરી જવાની નૌકાસમાન થઇ પડે છે. સત્સંગનું આવું અદ્ભુત સામર્થ્ય છે. બાહ્ય સત્સંગની જેવી અસર છે, તેવીજ આંતરિક સત્સંગની પણ છે. ૐકારનો વારંવાર જપ અને તેના અર્થનું ધ્યાન કરવું એ આંતરિક સાધુસંગ કરવા જેવું છે. ૐકારનો વારંવાર જપ કરો અને તેની સાથે સાથે તેના અર્થનું મનન કરો, એટલે તમારા હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રકટી નીકળવાનો અને આત્મભાનુ ઝળકી ઊઠવાનો.

પરંતુ ૐકારનું ધ્યાન કરતી વખતે તેના અર્થનું પણ ચિંતવન કરવાની જરૂર છે. અસત્ પુરુષોના સમાગમમાં પળ વાર પણ આવતા નહિ; કારણકે તમારા જૂના ઘાની જે નિશાનીઓ હજી તમારા શરીરમાં રહેલી છે; તે બહારથી રૂઝાયેલ દેખાય છે તો-

પણ અસત્સંગરૂપી ઉત્તેજન મળતાં તે ઘા પાછા અસલના સ્વરૂપમાં તાજા થઈ જવાના. આ ઉદાહરણ ઉપરથી તમને સમજાયું હશે કે, આપણા મનની અંદર જે ઉત્તમ સંસ્કારો અવ્યક્ત અવસ્થામાં પડી રહેલા છે, તેમને સત્સંગદ્વારા જાગ્રત કરાય તો તે વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે. જગતમાં સત્સંગના કરતાં વધારે પવિત્ર કશું છેજ નહિ; કારણકે એકલા સત્સંગથીજ શુભ સંસ્કારને જાગ્રત કરવાનો ઉત્તમોત્તમ સુયોગ પ્રાપ્ત થાય છે.

ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥२९॥

સૂત્રાર્થ:–એના થકી આન્તર્દષ્ટિ પ્રાપ્ત થાય છે અને યોગમાર્ગના અંતરાયો–વિઘ્નોનો નાશ થાય છે.

વિવેચન:–ૐકારના જપ અને ધ્યાનનું પહેલું ફળ તો એ જોવામાં આવે છે કે, ધીમે ધીમે આંતર્દષ્ટિનો વિકાસ થવા લાગે છે અને યોગમાર્ગમાં જે જે માનસિક અને શારીરિક વિઘ્નો હોય છે તે સર્વ દૂર થઇ જાય છે. એ વિઘ્નો કયાં? તે હવે પછીના સૂત્રમાં આવે છે.

व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्त्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥३०॥

સૂત્રાર્થ:–વ્યાધિ, માનસિક જડતા, સંશય, પ્રમાદ (અભ્યાસ તરફ બેકાળજી), આળસ, વૈરાગ્યની ન્યૂનતા, મિથ્યા અનુભવ એકાગ્રતા ન થવી, એકાગ્રતા પ્રાપ્ત થવા છતાં તેનો ટકાવ ન થવો આ નવ ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન કરનારા અંતરાયો છે.

વિવેચન:—તે સંસારરૂપી સમુદ્રને તરી જવામાં શરીર પણ ખાસ અગત્યનું સાધન હોવાથી તેને પણ બહુ કાળજીથી જાળવવું ઘટે છે. અસ્વસ્થ અને રોગી શરીરવાળાથી યોગાભ્યાસ થઇ શકતો નથી. માનસિક જડતા પણ યોગ માટેના આપણા પ્રબલ અનુરાગ

તથા ઉત્સાહને શિથિલ કરી નાખે છે. સાધન કરવા માટે જે દૃઢ એકાગ્રતા, દૃઢ સંકલ્પ અને શક્તિની અત્યંત જરૂર હોય છે, તેમાંનું કશું એથી કરીને રહેતું નથી. વળી યોગવિદ્યાના સંબંધમાં આપણો વિચારજનિત વિશ્વાસ ગમે તેટલો હોય, તોપણ જ્યાંસુધી દૂરદર્શન, દૂરશ્રવણ તથા એવી જાતના અલૌકિક અનુભવો આપણને ન મળે, ત્યાંસુધી આ વિદ્યાની સત્યતા વિષે આપણા મનમાં અનેક તરેહની શંકાઓ આવ્યાજ કરવાની. જ્યારે એવા એવા અનુભવો મળવા લાગે છે, ત્યારેજ આપણું મન દૃઢ થાય છે અને સાધનમાર્ગમાં વિશેષ ખંતથી પ્રયત્ન કરવાનું પ્રોત્સાહન મળતું જાય છે. સાધનમાં પ્રવૃત્ત થયા પછી કેટલાકોને થોડા દિવસ સુધી પોતનું મન ખૂબ સ્થિર અને એકાગ્ર બની ગયું હોય એવું લાગે છે; અને એમજ થાય છે કે જાણે સાધનમાર્ગમાં ઘણીજ ત્વરાથી પ્રગતિ થતી ચાલે છે. પણ તે પછી ઉન્નતિનો પ્રવાહ એકાએક બંધ થઈ જાય છે; સપાટાબંધ જતું વહાણ જેમ એકાએક ભાઠા ઉપર ચડી જઈને જમીનમાં ખૂંચી બેસે અને કેમે કર્યું ત્યાંથી હટે નહિ, તેમ તમારી ઉન્નતિ એકદમ અટકી પડે છે. પરંતુ આવી સ્થિતિ થાય તોપણ પ્રયત્ન કર્યોજ કરજો. એમ ઘણીવાર ચડઊતર કરતાં કરતાંજ ઉન્નતિને માર્ગે આગળ વધી શકાય છે.

दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासाविक्षेपसहभुवः ॥३१॥

સૂત્રાર્થ:—દુઃખ, માનસિક ક્ષોભ, શરીરનું ધ્રૂજવું અને અનિયમિત શ્વાસોચ્છ્વાસ એટલાં વિઘ્નો વિક્ષેપ (ધ્યાનભંગ)ની સાથે સાથે ઉત્પન્ન થાય છે.

વિવેચન:—અભ્યાસની સાથે સાથેજ મન પણ શાંત થતું ચાલે છે. જ્યારે અભ્યાસમાં અવળે રસ્તે ચાલતા હોઈએ અથવા મનનો સંયમ જેવો જોઈએ તેવો થયો ન હોય, ત્યારેજ ઉપર જણાવેલાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. ૐકારનો જપ અને ઈશ્વરની

આગળ મનસા—વાચા—કર્મણા આત્મસમર્પણ કર્યાથી મન દૃઢ થાય છે અને નવું બળ પ્રાપ્ત થાય છે. સાધક અવસ્થામાં સર્વને જ્ઞાનતંતુની ચંચળતાનો અનુભવ થાય છે; પરંતુ એ તરફ ધ્યાન ન આપતાં સાધન કર્યેજ જાઓ. સાધનના બળથી એ બધાં વિઘ્નો ટળી જશે અને તમારૂં આસન સ્થિર થઈ જશે.

तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ॥३२॥

સૂત્રાર્થઃ—એ (વિઘ્નો)નું નિવારણ કરવા માટે એક તત્ત્વના અભ્યાસની આવશ્યકતા છે.

વિવેચનઃ—થોડાં સમય સુધી કોઇ પણ એક ઇષ્ટ વસ્તુનો અભ્યાસ કરવાથી—અર્થાત્ તે વસ્તુમાં વારંવાર મનને જોડવાથી, ઉપર જણાવેલાં વિઘ્નો ટળી જાય છે. આ ઘણો સામાન્ય ઉપદેશ છે. આના પછીનાં સૂત્રોમાં એ વિષે વધારે વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. એકજ પ્રકારનો અભ્યાસ બધાને માટે અનુકૂળ હોતો નથી, એટલા માટે નાના પ્રકારના ઉપાય બતાવવામાં આવ્યા છે. તેમાંથી પોતપોતાના અનુભવ અને પ્રકૃતિ પ્રમાણે જે જેને અનુકૂળ લાગે તે ઉપાય તેણે ગ્રહણ કરી લેવો.

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—સુખીથી મૈત્રી, દુઃખી પર કરુણા, પુણ્યવાનથી હર્ષ અને પાપાત્માની ઉપેક્ષા, એવી વૃત્તિઓ ધારણ કરવાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—ઉપર કહી તે ચારે પ્રકારની ભાવનાઓને કેળવવાની ઘણી જરૂર છે. આપણે સર્વના પ્રતિ બંધુભાવ રાખવો, દીન—દુઃખી પ્રત્યે દયા રાખવી, લોકોને સત્કર્મ કરતા જોઇને રાજી થવું અને અસત્ પ્રવૃત્તિ કરનાર તરફ ઉપેક્ષા કરવી. આ

પ્રમાણે જે જે પ્રાણી, પદાર્થ કે વિષય આપણી આગળ આવી ચડે તેના પ્રત્યે ઉપર કહી તેમાંની એકાદ શુભ ભાવના પ્રમાણે વર્તવું. શુભ વિષયથી પ્રસન્ન થવું અને અશુભ વિષય તરફ ઉદાસીનવૃત્તિ રાખવી એમાંજ કલ્યાણ છે. અનેક પ્રકારના જુદાજુદા પ્રાણીપદાર્થો તરફ આવી ભાવના રાખવાથી મન શાંત થઈ જાય છે. આપણે દરરોજ નાના પ્રકારના કોલાહલ અને અશાંતિનો અનુભવ કરીએ છીએ તેનું કારણ એ છે કે, આપણું મન ઉપર કહ્યા તેવા ભાવ ધારણ કરી શકતું નથી. દાખલા તરીકે અમુક માણસ આપણા તરફ અન્યાય ભરેલું વર્તન ચલાવે છે, તો આપણે પણ તેનો બદલો વાળવા તૈયાર થઇએ છીએ અને તે પ્રમાણે કર્યાં વગર આપણને નિરાંત વળતી નથી. એનું કારણ એ છે કે. આપણું ચિત્ત નિર્મળ નથી અને આપણે વશ નથી. આપણે તેને રોકી શકતા નથી. આથી કરીને ચિત્ત તે પ્રાણીપદાર્થ તરફ દ્વેષના રૂપમાં વહેવા લાગે છે અને તે દ્વારા આપણી બધી શક્તિ ક્ષીણ થઈ જાય છે. આપણા મનની અંદર ઘૃણા અથવા બીજાનું ભૂંડું કરવાની વૃત્તિરૂપી પ્રતિક્રિયા ઉત્પન્ન થતાંની સાથેજ આપણી શક્તિનો ક્ષય થવા લાગે છે અને જો આપણે એવા અશુભ વિચારને અથવા ધિક્કારભરેલા કાર્યને અથવા કોઇ પણ પ્રકારની પ્રતિક્રિયાના વિચારને રોકી શકીએ તો તેમાંથી શુભ પરિણામ લાવે એવી શક્તિ પેદા થાય છે અને આપણા કલ્યાણને માટે તેનો સંચય થવા માંડે છે. આવી રીતે સંયમ કરવાથી આપણને નુકસાન કાંઇ પણ નહિ થતાં ઊલટો આપણી કલ્પનામાં ન આવે એટલો બધો લાભ આપણે મેળવીએ છીએ. આપણે જ્યારે પણ ધિક્કાર અથવા ક્રોધની વૃત્તિને દબાવી દઇએ છીએ ત્યારે ત્યારે આપણા લાભાર્થે આપણે શુભ શક્તિનો સંચય કરીએ છીએ. એ શક્તિ આગળ જતાં આપણામાં ઊંચા પ્રકારની શક્તિના રૂપમાં

પરિણુત થાય છે.

प्रच्छर्दनविधारणाभ्यां प्राणस्य ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—નાસિકાદ્વારા પ્રાણુવાયુને બહાર કાઢવાથી અને તેનો નિરોધ કરવાથી (રોકવાથી) પણુ ચિત્ત સ્થિર થાય છે.

વિવેચનઃ—આ ઠેકાણે "પ્રાણુ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પણુ "પ્રાણુ"નો ખરો અર્થ શ્વાસ થતો નથી. જે શક્તિ આખા જગતમાં વ્યાપી રહી છે, તેને "પ્રાણુ" કહે છે. જગતમાં જે જે વસ્તુ અસ્તિત્વ અને જીવન ધરાવે છે, તે બધામાં પ્રાણુનોજ વિકાસ થયેલો છે. પ્રાણુ એટલે જગતની તમામ શક્તિઓનો સરવાળો. યુગના આરંભ પહેલાં આ પ્રાણુ લગભગ ગતિ વગરની સ્થિતિમાં પડી રહેલો હોય છે. જ્યારે યુગનો આરંભ થાય છે, ત્યારે તે વ્યક્ત સ્વરૂપ ધારણુ કરે છે. એ પ્રાણુજ ગતિરૂપે આપણી આગળ પ્રત્યક્ષ થાય છે; વળી મનુષ્યજાતિના અન્ય પ્રાણીઓમાં રહેલી શક્તિરૂપે પણુ એ પ્રાણુજ પ્રકટ થાય છે. આખું જગત પ્રાણુ અને આકાશના સરવાળાનું બનેલું છે. મનુષ્યના શરીરમાં પણુ એજ પ્રમાણે બન્યું છે. આપણે જે કાંઈ જોઈએ છીએ અથવા ઈંદ્રિયોદ્વારા અનુભવીએ છીએ, તે સઘળા પદાર્થો આકાશમાથી ઉત્પન્ન થયા છે અને તેમાં રહેલી જુદીજુદી શક્તિઓ પ્રાણુમાંથી પ્રકટ થઈ છે. એ પ્રાણુને બહાર કાઢી નાખવો અથવા તેનો નિગ્રહ કરવો તેનું નામ પ્રાણુાયામ. યોગશાસ્ત્રના જનકરૂપ પતંજલિ આ પ્રાણુાયામના સંબંધમાં વિશેષ વિધાન બતાવતા નથી; પરંતુ તેમના પછી થઈ ગયેલા યોગીઓએ પ્રાણુાયામ વિષે અનેક તત્ત્વોની શોધ કરીને તેમાંથી એક મહાન વિદ્યાની રચના કરી છે. પતંજલિના મત પ્રમાણે ચિત્તવૃત્તિનો નિરોધ કરવાના અનેક ઉપાયો છે, તે માંહેનો પ્રાણુાયામ એક ઉપાય છે; પણુ એ વિષય ઉપર એ કરતાં વધારે ભાર તેણે મૂક્યો

નથી. પતંજલિના ઉપલા કથનનો સારાંશ તો એજ છે કે, શ્વાસ-ને થોડી વાર બહાર કાઢી નાખ્યા પછી તેને અંદર ખેંચવો અને થોડી વાર સુધી ધારણ કરી રાખવો. એટલું કર્યાથી મન પહેલાનાં કરતાં કાંઇક વધારે સ્થિર અને શાંત થઇ શકે છે; પણ તેના પછી થઇ ગયેલા યોગીઓએ પ્રાણાયામ વિષેની એક ખાસ વિદ્યા ઉત્પન્ન કરી છે. એમનો આ વિષયના સંબંધમાં શો અભિપ્રાય છે તે જાણી લેવો જરૂરનો છે. આ બાબત ઉપર અગાઉ પણ કેટલુંક વિવેચન થઈ ગયું છે, પણ તેનું પુનરાવર્તન કરવાથી તમારા મનમાં તે સારી રીતે ઠસી જશે. પ્રથમ તો તમારે એટલું સમજી લેવું જોઇએ કે, પ્રાણનો શ્વાસોચ્છ્વાસ નહિ પણ જે શક્તિવડે શ્વાસો-છ્વાસની ગતિ નિરંતર ચાલ્યા કરે છે, જે શક્તિ શ્વાસોચ્છ્વાસની ગતિને જીવન અર્પે છે તેનેજ પ્રાણ કહેવામાં આવે છે. વળી એ "પ્રાણ" શબ્દનો ઉપયોગ તમામ ઇંદ્રિયોના અર્થમાં પણ કર-વામાં આવ્યો છે. તેઓ પણ "પ્રાણ" સંજ્ઞાથી ઓળખાય છે. વળી મનને પણ પ્રાણ કહેવામાં આવે છે. આ ઉપરથી તમને સમજાયું હશે કે પ્રાણ એ સર્વ પ્રકારની શક્તિનું નામ છે. આમ છતાં તેને શક્તિનું નામ આપવામાં આવતું નથી, તેનું કારણ એ છે કે, શક્તિ પણ પ્રાણનોજ વિકાસ માત્ર છે. જે મૂળ વસ્તુ શક્તિ અથવા ગતિરૂપે પ્રકટ થાય છે, તે મૂળ વસ્તુનેજ પ્રાણ કહેવામાં આવે છે. આપણું ચિત્ત યંત્રરૂપ બનીને ચારે તરફથી એ પ્રાણ-તત્ત્વનું આકર્ષણ કરે છે અને પછી એ પ્રાણમાંથીજ શરીરનું રક્ષણ કરનારી અનેક શક્તિઓ જેવી કે, વિચારશક્તિ, સંકલ્પ-શક્તિ તથા એવી એવી અનેક શક્તિઓ ઉત્પન્ન થાય છે. પ્રાણા-યામનો અભ્યાસ કરવાથી આપણા શરીરની અંદર ચાલી રહેલી તમામ ગતિઓને તથા શરીરની અંદરની નાડીઓની અંદર ચાલી રહેલા શક્તિપ્રવાહને આપણે કાબૂમાં લાવી શકીએ છીએ.

પ્રથમ તો આપણે તેમના વિષે અપરોક્ષ જ્ઞાન મેળવવું જોઈએ. તે પછીજ તેમને વશ કરવાની યોગ્યતા ધીમે ધીમે પ્રાપ્ત થાય છે. પતંજલિના પછી થઇ ગયેલા યોગીઓએ શરીરની અંદર પ્રાણના ત્રણ પ્રવાહનો નિર્દેશ કર્યો છે. એકને ઇડા, બીજાને પિંગલા અને ત્રીજાને સુષુમ્ણા કહેવામાં આવે છે. તેમના મત પ્રમાણે પિંગલા નાડી મેરૂદંડ (કરોડ)ની જમણી દિશાએ અને ઇડા ડાબી બાજુએ આવેલી છે. મેરૂદંડના મધ્યભાગમાં એક પોકળ નાડી આવેલી છે તેને સુષુમ્ણા એવું નામ આપેલું છે. ઇડા અને પિંગલા નામની બેઉ નાડીઓ મનુષ્ય માત્રના શરીરમાં રહેલી છે અને તેનાદ્વારા ચાલી રહેલા શક્તિના પ્રવાહ વડે આપણાં જીવન ટકી રહે છે. સુષુમ્ણા નાડી પણ સર્વના શરીરમાં છે તો ખરી, પણ તે અવ્યક્ત છે. માત્ર યોગીઓના શરીરમાંજ તે વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે. તમારે સ્મરણમાં રાખવું જોઈએ કે, યોગીઓ યોગસાધનના બળ વડે પોતાના શરીરમાં ફેરફાર કરી શકે છે. તમે પણ સાધનમાર્ગમાં જેમ જેમ આગળ વધતા જશો તેમ તેમ તમારા શરીરમાં પણ પરિવર્તન થવા માંડશે. સાધનનો આરંભ કરતા પહેલાં તમારૂં શરીર જેવું હતું તેવું ને તેવુંજ સાધન કરવા માંડ્યા પછી રહેશે નહિ. આ સિદ્ધાંત બુદ્ધિ વડે વિચાર કરતાં સમજાઈ શકે એવો છે અને એ પરિવર્તન શાથી થાય છે તેનો યુક્તિપૂર્વક ખુલાસો પણ આપી શકાય તેવો છે. આપણે જ્યારે જ્યારે નવો વિચાર કરીએ છીએ ત્યારે હમેશાં આપણા મગજમાં એક નવી નીક ખોદાય છે. મનુષ્યમાત્રને સ્વાભાવિક રીતે નવો વિચાર ગ્રહણ કરતાં શા માટે કઠિન લાગે છે અને જૂના વિચારને તે શા માટે આગ્રહથી વળગી રહે છે, તેનું કારણ તમને આ ઉપરથી સમજાઇ જશે. સ્વાભાવિક રીતેજ તેને જૂને માર્ગે ભ્રમણ કરવાનું ગમે છે; કારણકે એ વધારે સહેલું

છે. ઉદાહરણાર્થે, આપણું મન સોયના જેવું છે અને મગજ એક નરમ પદાર્થનો ગોળો છે. હવે તમે જોઇ શકશો કે, જ્યારે જ્યારે આપણે નવો વિચાર કરીએ છીએ, ત્યારે ત્યારે મનરૂપી સોય વડે આપણા મગજની અંદર એક નવી સડક ખોદાય છે. આ મગજ સફેદ અને ભૂરો એવા બે નરમ પદાર્થનું બનેલું છે. જ્યારે નવો માર્ગ તૈયાર થાય છે, ત્યારે પેલો ભૂરો પદાર્થ ત્યાં આવીને તેની સીમા બાંધી લે છે; નહિ તો સફેદ પદાર્થ વડે તે પુરાઈ જાય. એ ભૂરો પદાર્થ મગજમાં ન હોત, તો મનુષ્યમાં સ્મરણશક્તિ જેવું કાંઇ હોતજ નહિ કારણકે સ્મરણશક્તિ એટલે જૂના માર્ગે પુનઃ ભ્રમણ કરવું; જેનો વિચાર કરી ગયા હોઈએ તેનો ફરીથી વિચાર કરવો; તેના તરફ ફરીથી દૃષ્ટિ કરવી. બધાને સારી રીતે જાણીતા હોય એવાજ પ્રકારના વિચારો લઇને તેમના વિષે જો હું વિવિધ પ્રકારથી વિવેચન કરૂં, તો તે તમને બધાને તરતજ સમજાઈ જશે. એનું કારણ એજ છે કે, તે પ્રકારના વિચારનો માર્ગ તમારા મગજમાં પ્રથમથીજ ખોદાઈ ચૂકેલો છે અને તેના તેજ માર્ગે તમારે ફરી ફરીને જવાનું છે. પણ જ્યારે આપણી આગળ કોઇ તદ્દન નવીન વિચાર મૂકવામાં આવે છે, ત્યારે તેને માટે આપણે નવોજ રસ્તો ઘડવાની જરૂર ઊભી થાય છે. આથી કરીને તે સહેલાઈથી સમજી શકાતો નથી. મનુષ્યો નહિ પણ તેમનાં મગજોજ અજાણપણે નવા વિચાર ગ્રહણ કરવાની ના પાડે છે અને તે અંદર દાખલ થવા જાય છે ત્યારે તેનો બળપૂર્વક અટકાવ કરે છે. મનુષ્યમાં રહેલો પ્રાણ એ સમયે જે નવો માર્ગ ખોદવાનો પ્રયત્ન કરે છે, તેમાં મગજ અટકાવ કરવા જાય છે. માણસો જૂના વિચારને શા માટે વળગી રહે છે અને નવા વિચારને જલદી કેમ ગ્રહણ નથી કરતા, તેનું આ કારણ છે. મગજમાં માર્ગની સંખ્યા જેમ ઓછી હશે અને

પ્રાણરૂપી સોય વડે મગજની અંદર જેમ ઓછી સડકો ખોદાઇ હશે, તેટલા પ્રમાણમાં તે માણસ જૂના વિચારને વળગી રહેશે અને નવા વિચાર અને ભાવનાઓને ગ્રહણ કરતાં રકઝક કરશે. મનુષ્ય જેટલો વધારે વિચારશીલ તેટલા પ્રમાણમાં તેના મગજની આડીઅવળી સડકોની સંખ્યા પણ વધારે અને તેટલા પ્રમાણમાં નવીન વિચારોને ઝીલવાની તેની તત્પરતા પણ વધારે હોવીજ જોઇએ. દરેક નવા વિચારને માટે આજ નિયમ છે. મગજમાં જયારે પણ નવો વિચાર દાખલ થાય છે, ત્યારે તેને માટે એક નવો રસ્તો તૈયાર થાય છે. એટલાજ માટે યોગાભ્યાસ કરતી વખતે શરૂઆતમાં અનેક શારીરિક વિઘ્નો આવી પડે છે; કારણકે એ તદ્દન નવોજ વિષય છે, એની અંદર તદ્દન નવીન ભાવનાઓનો સમાવેશ થયેલો છે. આજ કારણને લીધે ધર્મની બાબતમાં પણ એમજ છે. કુદરતમાં અથવા દુનિયાદારીમાં લાગુ પડે એવું કોઇ ધર્મનું અંગ લઇને સમજાવવા બેસીએ, તો તેમાં બધાને સમજ પડે છે; પરંતુ દર્શનશાસ્ત્ર, મનોવિજ્ઞાન કે મનુષ્યના આંતરિક જીવન વિષે કોઇ વ્યાખ્યાન આપવા માંડે, તો સામાન્ય માણસોને તેમાં સમજ પડશે નહિ. આપણે જેને જગત કહીએ છીએ તે શું છે, તે બરાબર સમજી લેવું જોઇએ. એક અનંત સત્તાજ આ જગતનું રૂપ ધારણ કરે છે. એ અનંત સત્તાનો માત્ર અલ્પ અંશજ જગતરૂપે પ્રકટ થાય છે અને તેને આપણે જગત કહીએ છીએ. આ ઉપરથી તમે જોઈ શકશો કે, જગતની બહાર પણ તે અનંત સત્તા રહેલી છે. આ નાનું સરખું બ્રહ્માંડ કે જેને આપણે જગત કહ્યું છે તે અને જગતથી પર—તેની બહારની અનંત સત્તા, એ બેઉની સાથે ધર્મનો સંબંધ છે.

જે ધર્મ આ બેમાંથી માત્ર એકનોજ વિચાર કરે છે, તે ધર્મ ખરેખર અધૂરોજ છે. ધર્મની અંદર બંનેનો સમાવેશ થવો

જોઇએ. જે ધર્મ અનંત સત્તાના જગતરૂપી વ્યક્ત અંશ સાથેજ માત્ર સંબંધ ધરાવતો હોય છે, તે ધર્મને છેવટે દિશા, કાળ અને કારણરૂપી ચક્રમાં અટવાઈ જવું પડે છે. જે ધર્મશાસ્ત્રોમાં માત્ર આ જગતરૂપી વ્યક્ત અંશનીજ ચર્ચા હોય છે, તેમાં આપણને બધાને સમજ પડે છે; કારણકે આપણે પોતે પણ તેની અંદરજ આવી જઇએ છીએ અને જગત વિષેની ભાવનાઓનો આપણને અનંત કાળથી પરિચય થયેલો છે. પણ ધર્મનો જે અંશ અનંતની ચર્ચામાં ઊતરે છે, તે તો આપણે માટે તદ્દન નવીનજ છે. એથી કરીને એને સારૂ મગજમાં નવો માર્ગ તૈયાર કરવો પડે છે અને એનાથી આખા શરીરમાં મોટો ફેરફાર થઈ જાય છે. સાધારણ માણસો યોગાભ્યાસ કરવા જતાં પોતાના હમેશના માર્ગમાંથી દૂર નીકળી જાય છે, તેનું આજ કારણ છે. આ વિઘ્નોની નડતર બને તેટલી ઓછી કરવા સારૂજ ભગવાન પતંજલિએ આ બધા ઉપાયો યોજ્યા છે. એમાંથી આપણને જે ઉપાય સૌથી વધારે અનુકૂળ અને ઉપયોગી લાગે, તે પસંદ કરવો અને તે રીતે સાધન કરવા માંડવું એજ કર્તવ્ય છે.

विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबंधिनी ॥ ३५ ॥

સૂત્રાર્થ:–જે જે સમાધિદ્વારા કેટલાક અલૌકિક ઇંદ્રિયવિષયોનો અનુભવ થાય છે, તેના વડે પણ મનની સ્થિરતા થાય છે.

વિવેચન:–આ બધા અનુભવો ધારણા વડે એટલે એકાગ્રતા વડે આપોઆપ થઇ જાય છે. યોગીઓ કહે છે કે, જો નાકના અગ્રભાગ ઉપર મનને એકાગ્ર કરવામાં આવે, તો થોડાજ દિવસમાં અલૌકિક સુગંધનો અનુભવ થાય છે. જીભના મૂળમાં મનને એકાગ્ર કરવાથી ઘણાજ મધુર શબ્દો સંભળાય છે અને જીભના ટેરવા ઉપર મનને સ્થિર કરવાથી અત્યંત સ્વાદિષ્ટ રસનો અનુભવ મળે છે. જીભના મધ્યભાગ ઉપર મનને સ્થિર કરવાથી

કોઈક વસ્તુને સ્પર્શ કરતા હોઈએ એવો અનુભવ થાય છે. તાળવામાં મનને એકાગ્ર કર્યાથી સઘળાં દિવ્ય સ્વરૂપોનું દર્શન થાય છે. યોગના અમુક માર્ગનું અવલંબન કરવા છતાં આ વિદ્યાની સત્યતા વિષે જેમનું મન શંકાશીલ હોય, તેઓ ઉપર કહેલી બાબતોનો થોડા દિવસ અભ્યાસ કરી જોશે, તો તેમને એ બધા અનુભવો થવા લાગશે અને તેમની શંકાઓ પણ આપોઆપ ટળી જશે.

विशोका वा ज्योतिष्मती ॥ ३६ ॥

સૂત્રાર્થ:—અથવા શોકરહિત જ્યોતિર્મય પદાર્થનું ધ્યાન કરવાથી પણ સમાધિની પ્રાપ્તિ થાય છે.

વિવેચન:—આ પણ એક પ્રકારની સમાધિ છે. જાણે હૃદયની અંદર એક કમળ છે, એવી કલ્પના કરીને ધ્યાન કરવું. તેની પાંખડીઓ નીચી નમેલી છે; તેમની વચમાં થઈને સુષુમ્ણા ચાલી જાય છે; આવું ચિત્ર કલ્પીને તેનું ધ્યાન કરો. ત્યાર પછી એક પૂરક કરવો. પછી રેચક કરતી વેળા એવી કલ્પના કરો કે, કમળની પાંખડીઓ જે નીચી નમેલી હતી, તે ઊંચી થતી જાય છે અને એ કમળની અંદર ઝગઝગતા તેજની કલ્પના કરીને એ તેજનું ધ્યાન કરો.

वीतरागविषयं वा चित्तम् ॥ ३७ ॥

સૂત્રાર્થ:—અથવા જેણે તમામ પ્રકારના ઇંદ્રિયવિષયની આસક્તિનો ત્યાગ કર્યો છે, એવા વીતરાગ પુરુષના હૃદયનું ધ્યાન કરવાથી પણ ચિત્ત સ્થિર થાય છે.

વિવેચન:—કોઈ સાધુ પુરુષને યાદ કરો. કોઈ મહાત્મા, જેના ઉપર તમને ઘણીજ શ્રદ્ધા હોય અથવા કોઈ સંતજન, જે સંપૂર્ણ રીતે અનાસક્ત છે એમ તમે જાણતા હો, તેના હૃદયનું

ધ્યાન કરો. જેનું અંતઃકરણ દરેક પ્રકારના વિષય તરફ અનાસક્ત થઈ ગયું છે, એવા સાધુપુરુષના અંતઃકરણનું ધ્યાન કરવાથી પણ તમારૂં અંતઃકરણ શાંત થઇ રહેશે. તમને આ પદ્ધતિ અનુકૂળ ન હોય તો બીજો પણ એક માર્ગ બતાવવામાં આવે છે.

स्वप्ननिद्राज्ञानावलंबनं वा ॥ ३८ ॥

સૂત્રાર્થ:—અથવા નિદ્રાને વિષે પણ કોઈ કોઇ વાર અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેનું ધ્યાન કરવાથી પણ ચિત્તની સ્થિરતા થઇ જાય છે.

વિવેચન:—કોઇ કોઈ વાર કેટલાક માણસોને સ્વપ્નમાં એવો અનુભવ થાય છે કે, જાણે કોઇ દેવ આવીને તેની સાથે વાતચીત કરી રહ્યો છે. એવે વખતે તે એક જાતના આનંદમાં ચકચૂર બની જાય છે. હવામાં જાણે અપૂર્વ સંગીત ચાલ્યું આવતું હોય અને તેનો ધ્વનિ તે સાંભળતો હોય, એવું તેને લાગે છે. આવા પ્રકારનાં સ્વપ્નમાં તેને અત્યંત આનંદ પ્રાપ્ત થાય છે. જાગ્યા પછી પણ તેના મગજ ઉપર એ સ્વપ્નની ઊંડી અસર રહી જાય છે. એ સ્વપ્ન જાણે સત્યજ હોય, એમ સમજીને તેનું ધ્યાન કરો. તમારાથી આટલું પણ જો બની શકતું ન હોય, તો નીચેના સૂત્રમાં કહ્યું છે તેમ તમને જે પણ રુચે તેનું ધ્યાન કરજો.

यथाभिमतध्यानाद्वा ॥ ३९ ॥

સૂત્રાર્થ:—અથવા કોઇ પણ પદાર્થ જે તમને પ્રિય લાગતો હોય, તેનું ધ્યાન પણ કરી શકાય.

વિવેચન:—અલબત, આ ઉપરથી એમ તો નજ માનવું જોઈએ કે, કોઈ અનિષ્ટ વસ્તુનું પણ ધ્યાન કરવાની રજા આપવામાં આવે છે; પણ જે કોઇ શુભ વસ્તુ તમને પ્રિય હોય-જેમકે કોઇ પવિત્ર સ્થાન ઘણું પસંદ હોય અથવા કોઇ દશ્ય તમને

ઘણુંજ મનોહર લાગતું હોય અથવા કોઇ ભાવના તમને ઘણીજ પ્રિય હોય—સારાંશમાં જેનું ધ્યાન કરવામાં તમારૂં ચિત્ત સ્વાભાવિક રીતેજ એકાગ્ર બનતું હોય, તેનું ધ્યાન તમારે માટે ઇષ્ટ છે.

परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥४०॥

સૂત્રાર્થ:—એવે પ્રકારે ધ્યાન કરતાં કરતાં યોગીનું મન પરમાણુથી માંડીને પરમ બૃહત્ પદાર્થ સુધી વગર પ્રતિબંધે ગમન કરી શકે છે.

વિવેચનઃ—અભ્યાસ વડે મન નાનામાં નાની તેમજ મોટામાં મોટી વસ્તુનું ધ્યાન સહેલાઇથી કરી શકે છે. તેમ થતાં મનોવૃત્તિનો પ્રવાહ પણ ક્ષીણ થતો જાય છે.

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहितृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनतासमापत्तिः ॥४१॥

સૂત્રાર્થઃ—શુદ્ધ સ્ફટિકની સામે જેવા રંગની વસ્તુ મૂકવામાં આવે, તેવોજ રંગ તે ધારણ કરતો દેખાય છે; તેમ જેની ચિત્તવૃત્તિઓ સાધનદ્વારા ક્ષીણ થઇ ગઇ છે, એવા યોગી (આત્મા)માં, ગ્રહણ કરનાર, ગ્રહણક્રિયામાં અને ગ્રાહ્યપદાર્થમાં એકાગ્રતા અને એકરૂપતા પ્રાપ્ત કરી શકે છે.

વિવેચનઃ—ઉપર બતાવેલા વિધિ પ્રમાણે ક્રમવાર ધ્યાન કરતાં શું પરિણામ આવે છે? તમને સર્વને યાદ તો હશેજ કે, આગલા એક સૂત્રમાં પતંજલિએ જુદાજુદા પ્રકારની સમાધિઓનું વર્ણન કર્યું છે. પ્રારંભમાં સમાધિનો વિષય કોઇ સ્થૂળ પદાર્થ હોય છે; પછી સૂક્ષ્મ વિષયને ગ્રહણ કરી શકાય છે અને એ રીતે ધીમે ધીમે સૂક્ષ્મમાંથી વધારે વધારે સૂક્ષ્મ વસ્તુ યોગીની સમાધિનો વિષય થઇ શકે છે. ઉપર જે સમાધિનો વિધિ બતાવ્યો છે, તે પ્રમાણે સાધન કરવાથી સ્થૂળની પેઠે સૂક્ષ્મ વસ્તુનું ધ્યાન

પણ આપણે સહેલાઇથી કરી શકીએ છીએ. આ અવસ્થામાં યોગી ત્રણ વસ્તુઓને સ્પષ્ટ જોઈ—સમજી શકે છે; ગ્રહણ કરનાર, ગ્રાહ્ય વસ્તુ અને ગ્રહણક્રિયા. ધ્યાન કરવાને માટે આપણને ત્રણ જાતના વિષય બતાવવામાં આવ્યા છે. પ્રથમ સ્થૂળ વિષય—જેમકે શરીર અથવા એવો બીજો કોઈ ભૌતિક પદાર્થ; બીજો સૂક્ષ્મ વિષય—જેમકે મન અથવા ચિત્ત; ત્રીજો ગુણવિશિષ્ટ પુરુષ—શુદ્ધપુરુષ નહિ, પણ અસ્મિતા અથવા અહંકાર. અભ્યાસ વડે યોગી આ ત્રણે વિષયના ધ્યાનમાં સ્થિર થઇ શકે છે. એમ કરતાં કરતાં તેને એવી એકાગ્રતાશક્તિ પ્રાપ્ત થાય છે કે, જ્યારે તે ધ્યાન કરવા બેસે છે ત્યારે ધ્યેય વસ્તુ સિવાય બીજી તમામ વસ્તુઓને લગતા વિચારો તેના મનમાંથી નીકળી જાય છે અને પોતે જે વિષયનું ધ્યાન કરતો હોય તેમાં તન્મય બની જાય છે. જેમ સ્ફટિકની પાસે લાલ રંગનું પુષ્પ મૂકયું હોય તો સ્ફટિક લાલ રંગનો દેખાય છે ભૂરા રંગનું હોય તો સ્ફટિક પણ ભૂરોજ દેખાય છે, તેમ યોગીના ચિત્તમાંથી રજસતમસની વૃત્તિઓ ક્ષીણ થઇ જયારે તે સ્વચ્છ બની રહે છે, ત્યારે તે પોતાના ધ્યેય—પદાર્થમાં તદાકાર બની રહે છે.

तत्र शब्दार्थज्ञानविकल्पैः सङ्कीर्णा सवितर्का समापत्तिः ॥४२॥

સૂત્રાર્થ:—શબ્દ, અર્થ અને તેમાંથી ઉત્પન્ન થતું જ્ઞાન એ ત્રણે જ્યારે મિશ્ર થઇ જાય છે, ત્યારે સવિતર્ક સમાધિ કહેવાય છે.

વિવેચન:—અહીં "શબ્દ"નો અર્થ આંદોલન અથવા કંપન સમજવાનો છે. "અર્થ" એટલે જ્ઞાનતંતુ માંહેનો શક્તિ-પ્રવાહ એ આંદોલનને અંદર લઇ જાય છે તે ક્રિયા; અને "જ્ઞાન" એટલે તેની સામે થતી પ્રતિક્રિયા. અત્યાર સુધી આપણે ધ્યાનના જે જે પ્રકાર જેયા, તે સર્વને પતંજલિ "સવિતર્ક" એવું નામ આપે છે. ત્યાર પછી તે આપણને ક્રમે ક્રમે એના કરતાં પણ

ઉચ્ચ ધ્યાનનું લક્ષણ સમજાવે છે. આ સવિતર્ક સમાધિમાં આપણે વિષય અને વિષયી બેઉને સંપૂર્ણરૂપે અલગ રાખીએ છીએ; કારણકે સવિતર્ક સમાધિમાં શબ્દ, તેનો અર્થ અને તજ્જનિતજ્ઞાન એ ત્રણેનું મિશ્રણ થયેલું હોય છે. પ્રથમ તો બાહ્યકંપન, જેને આપણે "શબ્દ" કહીએ છીએ તે ઉત્પન્ન થાય છે; પછી એ કંપન ઇંદ્રિયપ્રવાહદ્વારા શરીરની અંદર દાખલ થાય છે અને જેને આપણે "અર્થ" કહીએ છીએ તે ક્રિયા થાય છે અને ત્યાર પછી આપણું ચિત્ત તેની સામે પ્રતિક્રિયા કરે છે. ખરૂં જોતાં એ પ્રતિક્રિયાનેજ "જ્ઞાન" એવું નામ આપવું જોઇએ. પરંતુ એ ત્રણે ક્રિયાઓ એટલી ઝડપથી થાય છે કે આપણે તેને છૂટી પાડી શકતા નથી; તેથી એ ત્રણે ક્રિયાના સરવાળાનેજ આપણે "જ્ઞાન" કહીએ છીએ. આપણે અત્યાર સુધી સમાધિના જે જે પ્રકાર જોયા, તેમાં આ ત્રણેનું મિશ્રણજ આપણા ધ્યાનનો વિષય હોય છે; પણ હવે પછી જે સમાધિનું વર્ણન કરવામાં આવનાર છે, તે એના કરતાં શ્રેષ્ઠ છે.

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का ॥४३॥

સૂત્રાર્થ:—જ્યારે સ્મૃતિમાંથી શબ્દ અને અર્થનું સ્મરણ દૂર થઇ તે શુદ્ધ બની રહે; અર્થાત્ ચિત્ત કેવળ ધ્યેયસ્વરૂપમાંજ તદાકાર બની રહે, ત્યારે તે નિર્વિતર્ક સમાધિ કહેવાય છે.

વિવેચન:—આગલા સૂત્રમાં શબ્દ, અર્થ અને જ્ઞાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ ત્રણેનો સાથે સાથે અભ્યાસ કરતાં કરતાં એક સમય એવો આવે છે, કે એ ત્રણેનું મિશ્રણ થવા પામતું નથી. તે વખતે આપણે એ ત્રણેને સહેલાઇથી અલગ અલગ કરી શકીએ છીએ. હવે એ ત્રણેનું સ્વરૂપ શું છે તે સમજવાનો પ્રયત્ન કરીએ. પ્રથમ આપણે ચિત્તનો વિચાર કરીએ. ચિત્તના સંબંધમાં આગળ આપણે સરોવરનું દૃષ્ટાંત લીધું હતું,

તે પાછું યાદ કરો. ચિત્ત અથવા મનના તત્ત્વને આપણે સરોવરની ઉપમા આપી હતી અને શબ્દ એટલે કોઇ બાહ્યવસ્તુનું કંપન, તેને સરોવરમાં ઉત્પન્ન થતાં મોજાંની સાથે સરખાવ્યું હતું. હવે ધારો કે, તમારી અંદર એક તદ્દન સ્થિર સરોવર છે. હવે જાણે કે, મેં "ગાય" એવો ઉચ્ચાર કર્યો. એ શબ્દનાં આંદોલન તમારા કાનમાં દાખલ થતાંની સાથેજ તમારા ચિત્તરૂપી સરોવરમાં એક મોજું પેદા થાય છે. "ગાય" એ શબ્દદ્વારા જે ભાવનું સૂચન થાય છે, તે તમારા ચિત્તમાં ઉત્પન્ન થયેલું મોજુંજ છે.એ ભાવનેજ આપણે "આકાર અથવા અર્થ" એવું નામ આપીએ છીએ. આપણે જે "ગાયનું" સ્વરૂપ જોઇએ છીએ તે બીજું કાંઇજ નહિ, પણ બાહ્ય તેમજ આંતરિક આંદોલનોની પ્રતિક્રિયારૂપે ચિત્તમાં જે તરંગ ઉત્પન્ન થાય છે તે તરંગજ માત્ર છે. એવી રીતે આપણે જે જે પદાર્થને જોઇએ છીએ અથવા અનુભવીએ છીએ, તે બધાયે આપણા મનની પ્રતિક્રિયાનાંજ પરિણામ માત્ર છે. આંદોલન બંધ થાય છે, એટલે તરંગ પણ શમી જાય છે. આંદોલન વિના તરંગ હોઇ શકેજ નહિ. કોઇ એવો પ્રશ્ન કરશે કે, જ્યારે આપણે "ગાય" એવો વિચાર કરીએ છીએ ત્યારે તો બહારથી કોઇ પણ જાતનો શબ્દ આવતો નથી અને છતાં શબ્દ વગર ચિત્તમાં તરંગ કેવી રીતે ઉત્પન્ન થયો? એનો ઉત્તર એ છે કે, એ શબ્દ તમારા મનની અંદર તમે પોતેજ ઉચ્ચારો છો. તમે પોતેજ મનમાં ને મનમાં "ગાય" એવો ઉચ્ચાર કરો છોજ અને એમ થાય એટલે તમારા ચિત્તમાં તરંગ ઉત્પન્ન થવા માંડે છે. શબ્દની ઉત્તેજના વિના તરંગ કદી પણ ઉત્પન્ન થાયજ નહિ. એ ઉત્તેજના જો બહારથી નથી આવતી તો અંદરથી આવે છે. શબ્દ શમી જાય છે તેની સાથે તરંગ પણ શમી જાય છે. ત્યારે બાકી શું રહે છે? બાકીમાં પ્રતિક્રિયાનું

પરિણામ, જેને આપણે "જ્ઞાન" કહીએ છીએ, તેજ રહેવા પામે છે. એ ત્રણ આપણા મનની અંદર એવા દૃઢપણે સંકળાયેલા છે કે, આપણે તેમને એકબીજાથી અલગ કરી શકતાજ નથી. શબ્દ ઉત્પન્ન થાય છે કે તરતજ ઇંદ્રિયોનું આંદોલન થવા લાગે છે અને તેની પ્રતિક્રિયારૂપે ચિત્તમાં તરંગો પેદા થાય છે. આ બધી ક્રિયાઓ એક પછી એક એટલી ઝડપથી થાય છે કે, એમાંથી કોઈ પણ એક ક્રિયાને આપણે છૂટી પાડીને તપાસી શકતા નથી. જે સમાધિની વાત હમણાં ચાલે છે, તેનો લાંબો વખત અભ્યાસ કર્યાથી, તમામ સંસ્કારના આધારરૂપ જે સ્મૃતિ તે શુદ્ધ થવા પામે છે અને તેમ થયા પછી એ ત્રણ પૈકી ગમે તે એક ક્રિયાને આપણે જુદી પાડી શકીએ છીએ. એ સમાધિને નિર્વિતર્ક (તર્ક-વિતર્કરહિત) સમાધિ એવું નામ આપવામાં આવ્યું છે.

एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥४४

સૂત્રાર્થ:—ઉપરનાં બે સૂત્રોમાં સવિચાર અને નિર્વિચાર સમાધિની જે વ્યાખ્યા કરવામાં આવી છે, તે દ્વારા જે સવિચાર અને નિર્વિચાર સમાધિનું ધ્યેય વધારે સૂક્ષ્મ પદાર્થનું છે, તેની પણ વ્યાખ્યા થઈ જાય છે.

વિવેચન:—આને વિષે પણ ગયા સૂત્રમાં કહ્યું તે પ્રમાણેજ સમજી લેવાનું છે. માત્ર ફરક એટલોજ છે કે, પહેલાં જે બે પ્રકારની સમાધિ કહી, તેમાં ધ્યાનનો વિષય સ્થૂળ પદાર્થ છે અને આ ઠેકાણે ધ્યાનનો વિષય સૂક્ષ્મ પદાર્થ છે.

सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ॥ ४५ ॥

સૂત્રાર્થ:—સૂક્ષ્મ વિષયોનો અલિંગ—અવ્યક્ત પ્રકૃતિ આગળ અંત આવે છે.

વિવેચન:—મૂળતત્ત્વો અને તેમના સંયોગથી ઉત્પન્ન થયે-

લા તમામ પદાર્થોને સ્થૂળ કહેવામાં આવે છે. સૂક્ષ્મ વસ્તુઓનો આરંભ તન્માત્રા એટલે સૂક્ષ્મ પરમાણુથી થાય છે. ઇંદ્રિયો, મન, અહંકાર, ચિત્ત, વ્યક્ત જગતનું કારણ સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણે ગુણોની સામ્ય અવસ્થારૂપ પ્રધાન પ્રકૃતિ અથવા અવ્યક્ત સૃષ્ટિ; એ સર્વનો સૂક્ષ્મ વસ્તુઓમાં સમાવેશ થઈ જાય છે. એકલા પુરુષનીજ એમાં ગણના થતી નથી.

ता एव सबीजः समाधिः ॥ ४६ ॥

સૂત્રાર્થ:—આ પ્રકારની સમાધિઓને સબીજ સમાધિ કહે છે.

વિવેચનઃ—આવી સમાધિઓથી પૂર્વકર્મના બીજનો નાશ થતો નથી અને તેથી તેના વડે મુક્તિની પ્રાપ્તિ થતી નથી. ત્યારે એમનું ફળ શું હશે? આ પ્રશ્નનો ઉત્તર હવે પછીનાં સૂત્રોમાં આપવામાં આવ્યો છે.

निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः ॥ ४७ ॥

સૂત્રાર્થ:—નિર્વિચાર સમાધિની નિર્મળતા થવાથી (ચિત્ત રજસ તમસથી રહિત થઈ પ્રકૃતિ પર્યંત તેનો શુદ્ધ એકાગ્ર પ્રવાહ થવાથી) ચિત્તમાં અધ્યાત્મપ્રસાદ (આંતરિક પ્રસન્નતા) થાય છે.

तत्र ऋतंभरा प्रज्ञा ॥ ४८ ॥

સૂત્રાર્થ:—એ અધ્યાત્મિક શાંતિદ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેને "ઋતંભરા પ્રજ્ઞા" અર્થાત્ સત્યથી ભરપૂર જ્ઞાન કહે છે.

વિવેચનઃ—નીચેના સૂત્ર વડે એ સમજાઈ જશે.

श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषाऽर्थत्वात् ॥ ४९ ॥

સૂત્રાર્થ:—શ્રવણદ્વારા તથા અનુમાનદ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે જ્ઞાન સાધારણ વિષયોને લગતું હોય છે, પણ ઉપર

કહેલી સમાધિમાં તો જે વિષય શ્રવણ અને અનુમાનથી પર છે, તેનો બોધ થઇ જાય છે.

વિવેચનઃ—આનું તાત્પર્ય એ છે કે, આપણે સાધારણ વસ્તુઓ વિષેનું જ્ઞાન પ્રત્યક્ષ અનુભવદ્વારા અથવા તો અનુભવને આધારે બાંધેલા અનુમાનદ્વારા તથા આપ્ત વિશ્વાસુ માણસોના વચનદ્વારા મેળવીએ છીએ. "આપ્ત" શબ્દ યોગી લોકો ઋષિઓને ઉદ્દેશીનેજ વાપરે છે. "ઋષિ" એટલે વેદોમાં જે વિચારો વર્ણવ્યા છે તેનો અપરોક્ષ સાક્ષાત્કાર કરનારા પુરુષો. યોગીઓના મત પ્રમાણે શાસ્ત્રનાં વચન માન્ય રાખવાનું કારણ એ છે કે, એ શાસ્ત્રો ઉપર કહ્યા તેવા વિશ્વાસપાત્ર પુરુષોએજ રચેલાં છે. આ પ્રમાણે શાસ્ત્રો વિશ્વાસપાત્ર પુરુષોનાં વચન તો છે, પણ એકલાં શાસ્ત્રોનું વાચન આપણને કદી પણ સત્યનો અનુભવ કરાવી શકતું નથી. આપણે ચારે વેદ ભણી જઇએ, પણ તેથી કરીને આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર થનાર નથી, શાસ્ત્રમાં બતાવેલી પદ્ધતિ મુજબ આપણે સાધન કરવા માંડીશું તોજ તે સત્યનો સાક્ષાત્કાર થઇ શકશે, કે જેને ઇંદ્રિયજન્ય જ્ઞાન, અનુમાન અથવા આપ્તવાક્ય એમાંનું કોઈ પણ પહોંચી શકતું નથી. આ સૂત્રનું તાત્પર્યજ એ છે કે, તે પરમસત્યનો અપરોક્ષ અનુભવ કરવો, એનુંજ નામ ખરેખરો ધર્મ છે. ધર્મનો સાર આમાંજ રહેલો છે. એ સિવાય બીજું જે કાંઇ ધર્મની અંદર ગણાય છે, જેમકે ધાર્મિક વ્યાખ્યાનનું શ્રવણ અથવા શાસ્ત્રનું અધ્યયન કે તદ્વિષયક ચર્ચા એ બધું ધર્મને માર્ગે જવાની તૈયારી કરવામાં મદદ કરે છે અને તેટલા પૂરતીજ તેની જરૂરિયાત છે. ખરેખરો ધર્મ શ્રવણ, વાચન કે ચર્ચામાં રહેલો નથી. ધર્મના સિદ્ધાંત આપણે બુદ્ધિ વડે સમજીએ અને તે સત્ય છે એમ સ્વીકારીએ યા ન સ્વીકારીએ, તેટલાથીજ ધર્મનો સાક્ષાત્કાર થઇ ચૂકયો એમ ઠરતું નથી. યોગીઓનો વાસ્તવિક અભિ-

પ્રાય એવો છે કે, જેવી રીતે ઇંદ્રિયો વડે સ્થૂળ પદાર્થોનો આપણે સાક્ષાત્ અનુભવ કરીએ છીએ, તેવીજ રીતે ધર્મનાં સત્યોનો પણ સાક્ષાત્ અનુભવ થઇ શકે છે; એટલુંજ નહિ પણ જેટલી સ્પષ્ટતાથી આપણે બાહ્ય પદાર્થો જોઇએ છીએ તે કરતાં પણ વધારે સ્પષ્ટપણે ધર્મનાં સત્યો અનુભવી શકાય છે. ઇશ્વર, આત્મા વગેરે જે સત્યોનું ધર્મ પ્રતિપાદન કરે છે, તેમનો બાહ્ય ઇંદ્રિયોથી અનુભવ થઇ શકતો નથી. આપણે ઇશ્વરને આંખ વડે જોઇ શકતા નથી, તેમજ હાથ વડે તેને અડકી શકતા નથી; વળી બુદ્ધિ પણ ઇંદ્રિયોના પ્રદેશની પેલી પાર ગતિ કરી શકતી નથી. આખી જિંદગી સુધી બુદ્ધિ વડે વિચાર કર્યાજ કરીએ-હજારો વર્ષ થયાં દુનિયા તેમ કરતી આવી છે; પરંતુ ધર્મનો સાક્ષાત્કાર કરવાની કે તેને અસત્ય કહેવાની શક્તિ બુદ્ધિમાં આવી શકે તેમજ નથી. જેનો આપણને સાક્ષાત્ અનુભવ થઇ શકતો હોય તેને આધારે આપણી બુદ્ધિ અનુમાન બાંધી શકે છે. આ ઉપરથી સ્પષ્ટ રીતે સમજાશે કે, બુદ્ધિને ઇંદ્રિયજનિત અનુભવોની મર્યાદામાં રહીનેજ કામ કરવું પડે છે. એની પેલી પાર તે જઇ શકતીજ નથી અને જે આધ્યાત્મિક સત્યનો આપણે અનુભવ કરવા ઇચ્છીએ તે સત્ય તો એ ઇંદ્રિયોની પેલી બાજુના પ્રદેશમાં રહેલું છે. યોગીઓ કહે છે કે, મનુષ્ય ઇંદ્રિયજનિત અનુભવ અને વિચારશકિત બેઉને ઓળંગી શકે છે. બુદ્ધિની સીમા ઓળંગી જવાની શક્તિ મનુષ્યમાત્રમાં-જીવજંતુમાં પણ રહેલી છે. યોગાભ્યાસ વડે આ શક્તિ જાગૃત થાય છે અને તેમ થતાંજ બુદ્ધિની સીમા ઓળંગીને-જ્યાં બુદ્ધિ પ્રવેશ કરી શકતી નથી એવા પ્રદેશમાં પ્રવેશ કરીને, બુદ્ધિથી અગમ્ય સત્યોનો મનુષ્ય સાક્ષાત્કાર કરી શકે છે.

तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥५०॥

સૂત્રાર્થઃ—આ સમાધિ વડે ઉત્પન્ન થયેલા સંસ્કાર બીજા

સ્કારોનો પ્રતિબંધ કરે છે, અર્થાત્ તેમને આવવા દેતા નથી.

વિવેચનઃ—આપણે આગલા સૂત્રમાં જોઇ ગયા કે, જ્ઞાનાતીત ભૂમિકામાં પ્રવેશ કરવાનો એકજ ઉપાય છે અને તે માત્ર એકાગ્રતાજ છે. વળી આપણે એ પણ જોઇ શકયા છીએ કે, આપણા પૂર્વના સંસ્કારજ આપણને આવા પ્રકારની એકાગ્રતાની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. તમને બધાને અનુભવ થયો હશે કે, જ્યારે તમે ચિત્તને એકાગ્ર કરવા બેસો છો ત્યારે નાના પ્રકારના વિચારો તમારા મનમાં તરવરી આવે છે. જયારે તમે ઈશ્વરનું ચિંત્વન કરવાનો પ્રયત્ન કરો છો, ત્યારે કોણ જાણે કેમ તમારા તમામ સંસ્કારો એકદમ જાગૃત થઇ જાય છે! બીજે પ્રસંગે તેમનું આટલું બધું પ્રાબલ્ય જોવામાં નથી આવતું. પણ તમે તેમને મનમાંથી કાઢી નાખવા ઇચ્છો એટલે તે ઊલટા વધારે જોરથી આવવાના અને તમારા મનને ચારે દિશાએથી ઘેરી વળવાના. આમ થવાનું કારણ શું? એકાગ્રતા કરવા બેસીએ ત્યારેજ તેમનામાં આટલું બધું બળ આવવાનું કારણ શું? કારણ એજ કે, તમે તેમને દબાવી દેવાનો પ્રયત્ન કરો છો, ત્યારે તેઓ તેમના સઘળા બળથી તમારી સામે પ્રતિક્રિયા કરે છે. બીજે પ્રસંગે તેઓ આટલું બધું બળ દાખવતા નથી. એ પૂર્વના સંસ્કાર એટલા બધા છે કે ગણ્યા ગણાય નહિ. ચિત્તના કયા ખૂણામાં કોણ જાણે કયાં ભરાઈ રહે છે અને વાઘની પેઠે તરાપ મારવા હમેશાં લાગ જોતાજ હોય છે. જે વિચારને આપણે હૃદયમાં ધારણ કરવો હોય તે એકલોજ આવે અને બીજા બધા ચાલ્યા જાય, એટલા માટે આ જૂના ઘર કરી બેઠેલા સંસ્કારોને દબાવી દેવાની જરૂર છે. જયાંસુધી તેમનું પૂરેપૂરૂં દમન નહિ થયું હોય ત્યાંસુધી એકાગ્રતા કરવાને વખતેજ તે આવીને ઊભા રહેશે. આ રીતે એકાગ્રતાનો ભંગ કરવાનું સામર્થ્ય સંસ્કારોમાં રહેલું છે; એટલા માટે જે સમાધિની

આપણે હમણાં ચર્ચા કરી ગયા તેનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. એના વડેજ જૂના સંસ્કારોનું દમન થઇ શકશે. આ સમાધિના અભ્યાસથી જે નવા સંસ્કારો પેદા થશે, તે એટલા તો બળવાન હશે કે બીજા તમામ સંસ્કારોનું કાર્ય બંધ કરી દઇ તેમને પૂરેપૂરા દબાવી દેશે.

तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ॥५१॥

સૂત્રાર્થ:—ઉપર કહેલા બીજા બધા સંસ્કારોને દબાવી દેનારા સંસ્કારનો પણ નિરોધ કરવાથી સંસ્કાર માત્રનો નિરોધ થઇ જશે અને તેમ થતાંજ નિર્બીજ સમાધિ પ્રાપ્ત થશે.

વિવેચન:—આત્માનો સાક્ષાત્કાર કરવો એજ આપણા જીવનનું અંતિમ લક્ષ્ય છે, એ વાતનું તો તમારે કદી પણ વિસ્મરણ થવા ન દેવું. આપણે આત્માનો અનુભવ નથી કરી શકતા તેનું કારણ એ છે કે, તે પ્રકૃતિ, શરીર અને મનની સાથે સેળભેળ થઇ ગયેલો છે. જેઓ અત્યંત અજ્ઞાની છે, તેઓ તો પોતાના દેહનેજ આત્મા માની લે છે. તેમના કરતાં જેઓ કાંઇક આગળ વધેલા છે, તેઓ મનને આત્મા સમજે છે; પણ બેઉ ભ્રમમાં ગોથાં ખાય છે. આ બધી ઉપાધિની સાથે આત્મા સેળભેળ થઇ ગયો તેનું કારણ શું? ચિત્તની અંદર જે નાના પ્રકારના તરંગ ઉત્પન્ન થાય છે, તેના વડે આત્માની આસપાસ આવરણ બંધાય છે. આપણે કોઇ કોઇ વાર એ તરંગની અંદર નજર નાખીને એ આત્માના કિંચિત્ પ્રતિબિંબનુંજ દર્શન કરી શકીએ છીએ. જ્યારે ક્રોધરૂપી વૃત્તિનું મોજું ચિત્તમાં ઉત્પન્ન થાય છે, ત્યારે આપણને આત્મા ક્રોધરૂપજ દેખાય છે અને આપણે કહીએ છીએ કે, "હું ગુસ્સે થયો છું." જ્યારે પ્રેમનું મોજું ઉત્પન્ન થાય છે ત્યારે એ પ્રેમના તરંગમાં આપણે આપણું પ્રતિબિંબ જોઇએ છીએ અને માનીએ છીએ કે, આપણે પ્રેમ કરીએ છીએ. જ્યારે

નિર્બળતારૂપી વૃત્તિનું મોજું પેદા થાય છે, ત્યારે તેમાં આપણે આત્માનું પ્રતિબિંબ જોઇએ છીએ અને તે વખતે આપણને એમ લાગે છે કે, આપણે નિર્બળ છીએ. આ બધા જુદાજુદા ભાવ જુદાજુદા પૂર્વના સંસ્કારોમાંથી પ્રકટ થાય છે અને આત્માના ખરા સ્વરૂપને ઢાંકી દે છે. જ્યાંસુધી ચિત્તમાં એક પણ તરંગ રહી ગયો હોય ત્યાંસુધી આત્માના ખરા સ્વરૂપનું દર્શન થઇ શકેજ નહિ. તમામ મોજાં પૂરેપૂરાં, એક પણ અપવાદ વગર શાંત ન થઈ જાય, ત્યાંસુધી આત્માનું સત્ય સ્વરૂપ શી રીતે પ્રકટ થાય ? એટલા માટે પતંજલિએ આ મોજાંનું સ્વરૂપ કેવું છે અને તે શાથી ઉત્પન્ન થાય છે તે સૌથી પ્રથમ સમજાવી, તેમને શા ઉપાય વડે દબાવી દેવાં તે ઉપાય બતાવ્યા છે અને પછી જેમ અગ્નિનો પ્રચંડ સમૂહ નાના તણખાઓને પોતાનામાં સમાવી દે છે, તેમ એક એવો બળવાન તરંગ ઉત્પન્ન કરવો કે તમામ નાનાં નાનાં મોજાંઓ તેમાં સમાઇ જાય અને માત્ર એકજ તરંગ અવશિષ્ટ રહે, એનો વિધિ સમજાવ્યો. જયારે આ પ્રમાણે છેવટે એકજ તરંગ રહેવા પામે, ત્યાર પછી તેને પણ સમાવી દેવો એ બહુ અઘરી વાત નથી અને જયારે તે છેલ્લું મોજું પણ સમી જાય ત્યારે નિર્બીજ સમાધિની સ્થિતિ થઈ એમ જાણવું. પછી કાંઈ રહેવા પામતું નથી. આ પ્રમાણે જયારે એક આત્માજ પોતાના પ્રકાશથી પ્રકાશિત થતો અવશિષ્ટ રહેશે, ત્યારે આપણને અનુભવ થશે કે, આત્મા જરા પણ મિશ્ર પદાર્થ નથી. આખા જગતમાં તે એકલોજ અમિશ્ર અને નિત્ય-શાશ્વત પદાર્થ છે. તેને જન્મ પણ નથી અને મરણ પણ નથી. તે અમર, અવિનાશી અને નિત્ય ચૈતન્યસ્વરૂપ છે.

अध्याय २ जो-साधनपाद

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ॥१॥

સૂત્રાર્થ:—તપશ્ચર્યા, અધ્યાત્મશાસ્ત્રનું અધ્યયન અને ઈશ્વરને સર્વ કર્મનું ફળ અર્પણ કરવું, એ ત્રણને "ક્રિયાયોગ" કહે છે.

વિવેચન:—ગયા અધ્યાયમાં સમાધિના જે જે પ્રકાર ગણાવ્યા છે તે ઉત્તમ અધિકારીને માટે હોઇને મધ્યમ તથા મંદ અધિકારી માટે તેની સિદ્ધિ અત્યંત કઠિન છે. એટલા માટે તેના સાધકે ક્રમે ક્રમે અભ્યાસ કરવો ઘટે છે. સાધનના પહેલા પગથિયાને ક્રિયાયોગ એવું નામ આપેલું છે. કર્મદ્વારા યોગમાર્ગમાં પ્રગતિ કરવી, એવો ક્રિયાયોગનો શબ્દાર્થ થાય છે. શરીર એ રથ છે; ઇંદ્રિયો અશ્વને ઠેકાણે છે; મન તે અશ્વને કાબૂમાં રાખવાની લગામ છે; બુદ્ધિ સારથિ છે અને આત્મા રથમાં બેસનાર રથનો સ્વામી છે. જો ઘોડા અત્યંત બળવાન હોય, લગામને પત કરતા ન હોય અને એ તોફાની ઘોડાને કેવી રીતે કાબૂમાંરાખવા, તેનું જ્ઞાન બુદ્ધિરૂપી સારથિને ન હોય, તો એ રથ મહા વિપત્તિના ખાડામાં જઇ પડવાનો એમાં સંશય નથી. એથી ઊલટું જો ઇંદ્રિયરૂપી ઘોડા સારથિના પૂરેપૂરા કાબૂમાં આવી ગયા હોય અને મનરૂપ લગામને બુદ્ધિરૂપી સારથિએ દૃઢતાથી પકડી હોય, તો એ રથને જે સ્થાને હાંકી જવો હોય ત્યાં હાંકી જવાય. આ ઠેકાણે "તપશ્ચર્યા" શબ્દનો અર્થ પણ બરાબર સમજી લેવો

જોઇએ. તપશ્ચર્યા એટલે શરીર અને ઇંદ્રિયોના વ્યાપાર કરતી વખતે મનરૂપી લગામને એવી મજબૂત હાથે પકડી રાખવી કે, તે પોતાની મરજી પ્રમાણે કાર્ય ન કરતાં આપણી આજ્ઞા પ્રમાણે કાર્ય કરતાં રહે. ત્યાર પછી બીજી બાબત સ્વાધ્યાયને લગતી છે. આ ઠેકાણે સ્વાધ્યાયનો શો અર્થ લેવાનો છે? અધ્યયન એટલે વાર્તાઓ કે નવલકથાઓનું વાચન નહિ, પણ આત્માની મુક્તિ કયા ઉપાયે કરી શકાય, એનેજ લગતો ઉપદેશ જે ગ્રંથોમાં આપ્યો હોય તેનોજ માત્ર અભ્યાસ. વળી એ સ્વાધ્યાયમાં તર્ક અને બુદ્ધિવિષયક ચર્ચાઓથી ભરેલાં પુસ્તકોનો પણ સમાવેશ થતો નથી. એટલું તો પહેલેથીજ માની લેવું જોઇએ કે, યોગ-માર્ગમાં પ્રવેશ કરવા ઇચ્છનાર વાદવિવાદ અને તર્કવિતર્કની અવસ્થાને ઓળંગી ચૂકેલો તથા તેનાથી ધરાઈ ઉપરામ બનેલો હોવો જોઇએ. તેને માટે કશુંજ વિચાર કરવા જેવું રહેલું હોતું નથી. તેણે પોતાનો માર્ગ નક્કી કરી દીધો હોય છે અને હવે તો પોતાની ધારણા-માન્યતા વિશેષ દૃઢ બને એટલાજ માટે તેને વાચનની જરૂર હોય છે. શાસ્ત્રજ્ઞાનનાં બે પગથિયાં છે. એક વાદા-ત્મક; જેમાં તર્ક, દલીલ, વિચાર વગેરે બુદ્ધિના વ્યાપાર ચાલે છે અને બીજું સિદ્ધાંત; જેની અંદર અમુક નિશ્ચય ઘડાઇ ચૂકેલો હોય છે. અજ્ઞાનરૂપી અંધકારની અવસ્થામાં લોકોની પ્રવૃત્તિ પહેલા પ્રકારના શાસ્ત્રીય અભ્યાસ તરફ હોય છે. એ એક જાતની બુદ્ધિની સાઠમારી છે. એમાં પૂર્વપક્ષી અને ઉત્તરપક્ષીની તકરારો વિષે વિચાર કરાય છે. એ વિચારનું કાર્ય પૂરૂં થાય એટલે પછી અમુક નિશ્ચય-સિદ્ધાંત ઘડાય છે; પણ માત્ર મનથી સિદ્ધાંત સમજી લીધો એટલે કાર્ય પૂરૂં થયું કહેવાય નહિ. ખરૂં કાર્ય તો ત્યાંથીજ શરૂ થાય છે. એ સિદ્ધાંત મનમાં ખૂબ દૃઢપણે ઠસી જવો જોઇએ. શાસ્ત્રો તો અનંત છે અને જીવન ટૂંકું છે; તેથી કરીને

જ્ઞાન પ્રાપ્ત કરવાની ચાવી તો સર્વ શાસ્ત્રનો ખરેખરો સાર ગ્રહણ કરીને તે પ્રમાણે જીવન ગાળવામાંજ રહેલી હોય છે. પ્રાચીનકાળથી ભારતવર્ષમાં એક દંતકથા કહેવાતી આવી છે કે, રાજહંસ આગળ દૂધ અને પાણી ભેળાં કરીને મૂકીશું તો તે માત્ર દૂધજ પી જશે અને પાણીને પડતું મૂકશે; એટલા માટે જ્ઞાનનો જરૂરી સારાંશજ ગ્રહણ કરવો અને બાકીની ખટપટની બિનજરૂરી તકરારોને છોડી દેવી. અલબત, શરૂઆતની અવસ્થામાં તો બુદ્ધિને કસવાની જરૂર છેજ. કોઇ પણ તત્ત્વનો આંખો મીંચીને સ્વીકાર નજ કરાય; પરંતુ યોગને ઇચ્છનાર તો તે અવસ્થા પસાર કરી ચૂક્યો હોય છે અને હવે એકજ સિદ્ધાંત ઉપર આવી ચૂકેલો હોય છે. તેનું લક્ષ્ય તો હવે એકજ ઉદ્દેશ તરફ સ્થિર થઈ ગયેલું હોય છે કે, કોઇ પણ પ્રકારે તે સિદ્ધાંત હવે જીવનમાં ઊતરી જાય. તે એમજ કહે છે કે, "વાદવિવાદ છોડી દો. વાદવિવાદથી ચિત્ત અસ્થિર થઇ જાય છે." તમારી સાથે કોઈ વાદવિવાદ કરવા આવે તો ચૂપકી પકડીને બેસી રહેજો. શા માટે ખાલી મગજને ડોળી નાખવું જોઇએ? કોઇ ગમે તે કહે તેને જવાબજ ન આપવો. વાદવિવાદ કરવાનું એકજ પ્રયોજન છે અને તે માત્ર બુદ્ધિને કસરત આપવા પૂરતુંજ. બુદ્ધિને જોઇએ તેટલી તાલીમ એક વાર આપી દીધા પછી શા માટે ખાલી માથું પકવવું જોઇએ? બુદ્ધિ એક નિર્બળ યંત્ર જેવી છે. તે આપણને માત્ર ઈંદ્રિયોથી મર્યાદિત થયેલા પ્રદેશનુંજ જ્ઞાન આપી શકે છે. યોગીનો ઉદ્દેશ તો ઇંદ્રિયોના પ્રદેશની પેલી પાર જવાનો છે; એટલે હવે તેને બુદ્ધિના વ્યાપારનો બહુ ખપ નથી. તેને પૂરેપૂરી ખાતરી થઇ ચૂકેલી છે, એટલે હવે તેને વાદવિવાદની જરાયે પરવા નથી. તે પોતાના નિશ્ચયમાં દૃઢ રહે છે અને કોઈ વાદવિવાદ કરવા આવે છે, ત્યારે ચૂપકી પકડી બેસી રહે છે; કારણકે તે જાણે છે કે, જો હું વિવાદ

કરવા જઇશ તો મારા ચિત્તની સમતાનો ભંગ થશે, ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થશે અને ચિત્તનો વિક્ષેપ એ પ્રગતિના માર્ગમાં મોટી નડતર છે: તર્ક, વાદવિવાદ, વિચારપૂર્વક તત્ત્વાન્વેષણ એ બધું શરૂઆતની અવસ્થામાં–જ્યાંસુધી કોઇ લક્ષ્ય નક્કી ન થયું હોય, ત્યાંસુધીજ હિતકર છે. આ તર્કના કરતાં વધારે ઊંચી વસ્તુ બુદ્ધિની પેલી પારના પ્રદેશમાં છે. નિશાળે ભણતા વિદ્યાર્થીની માફક વાદવિવાદ અને બુદ્ધિની સાઠમારીઓ કર્યા કરવી એ જીવનનો હેતુ નથી. કર્મનાં ફળ ઇશ્વરને અર્પણ કરવાં એનો અર્થ એજ કે, પ્રશંસા અગર નિંદા બેઉ પોતાને માથે વહોરી ન લેતાં બેઉ ઇશ્વરને સમર્પણ કરવાં અને શાંતિમાં જીવન પસાર કરવું.

स समाधिभावनाऽर्थः क्लेशतनूकरणाऽर्थश्च ॥ २ ॥

સૂત્રાર્થઃ—સમાધિના અભ્યાસમાં સુગમતા મળે અને કલેશજનક વિઘ્નસમૂહ કમી થઈ જાય એ ક્રિયાયોગનું પ્રયોજન છે.

વિવેચનઃ–આપણામાંના ઘણાખરાએ પોતાના મનને અતિશય લાડથી બગાડી મૂકેલાં છોકરાંનાં જેવાં બનાવી દીધાં હોય છે. આપણું મન જે કાંઈ માગે છે, તે આપણે તેને પૂરું પાડીએ છીએ. મનનો સંયમ થાય અને તે આપણા તાબામાં રહે એટલા માટે ક્રિયાયોગ બહુ જરૂરનો છે. આવા પ્રકારના સંયમનો અભાવ હોવાથી યોગાભ્યાસમાં વિઘ્નો આવી પડે છે અને કલેશની ઉત્પત્તિ થાય છે. એ વિઘ્નોને દૂર કરવાનો ઉપાય એ છે કે, ક્રિયાયોગવડે મનને વશ કરવું અને મનને તેની મરજી મુજબ કાર્ય કરતું અટકાવવું.

अविद्याऽस्मितारागद्वेषाऽभिनिवेशाः क्लेशाः ॥ ३ ॥

સૂત્રાર્થઃ—અવિદ્યા, × અસ્મિતા, રાગ, દ્વેષ અને + અભિનિ-

× અહંકાર + ઐહિક જીવનને વળગી રહેવાની વૃત્તિ.

વેશ, એ પાંચ ક્લેશો છે.

વિવેચનઃ—ઉપર ગણાવેલા પાંચ પ્રકારના ક્લેશ એ આપણને સંસારની સાથે જકડી રાખનાર બંધનરૂપ છે. એમાં અવિદ્યા એ બાકીના ચાર ક્લેશની જનેતા છે. અવિદ્યા એજ આપણાં સર્વ પ્રકારનાં દુઃખોનું એક માત્ર કારણ છે. અવિદ્યા ન હોય તો કોની તાકાત છે કે, આપણને લેશમાત્ર દુઃખ દઇ શકે? આત્મા તો નિત્યઆનંદસ્વરૂપ છે. અજ્ઞાન, ભ્રમ અને માયા સિવાય તેને દુઃખી કરનાર કોઇ નથી. આત્માનું દુઃખ એ કેવળ ભ્રમજ છે.

अविद्याक्षेत्रमुत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम् ॥ ४ ॥

સૂત્રાર્થઃ—એમાં અવિદ્યા, એજ બાકીના ચાર ક્લેશોને પેદા કરનારૂં ક્ષેત્ર છે. એ ક્લેશની ચાર અવસ્થાઓ છે. પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર.

વિવેચનઃ—અવિદ્યામાંથીજ અહંકાર, રાગ, દ્વેષ અને અભિનિવેશ જન્મ પામે છે. આ ક્લેશો જુદાજુદા માણસોમાં થોડા અથવા વધારે પ્રમાણમાં અને જુદાજુદા સ્વરૂપમાં રહેલા હોય છે. કોઇમાં તેઓ સુષુપ્ત અવસ્થામાં હોય છે આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે, અમુક માણસ તો નાના બાળક જેવો નિર્દોષ છે, પણ એ બાળક જેવાની અંદર પણ દેવતાનો અથવા દૈત્યનો ભાવ રહેલો છે અને તે સુયોગ મળતાં બહાર પ્રકટી નીકળે છે. યોગીના હૃદયમાં પૂર્વનાં કર્મો વડે બંધાયેલા સંસ્કારો ઘણી ક્ષીણ અવસ્થામાં પડી રહેલા હોય છે. તેમને યોગી પુરુષાર્થ વડે દબાવી રાખે છે અને પ્રકટ થવા દેતો નથી. વિચ્છિન્ન અવસ્થાનો અર્થ એ છે કે, અમુક સંસ્કાર અમુક સમય સુધી, બીજા તેમના કરતાં વધારે બળવાન સંસ્કાર વડે દબાઇ રહેલા હોય છે; પણ તેમને દબાવી રાખનાર સંસ્કારોનું બળ ઘટતાંજ

તેઓ પાછા સતેજ થઇ જાય છે. સંસ્કારની આ છેલ્લી અવસ્થાને "ઉદાર" એવું નામ આપેલું છે. એ અવસ્થામાં અનુકૂળ સંયોગો મળી આવતાં જૂના સંસ્કાર પોતાના શુભ અથવા અશુભ રૂપમાં ખૂબ જોરશોર જાગી ઊઠે છે અને પોતાનું કાર્ય કરવા માંડે છે.*

अनित्याऽशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ॥

સૂત્રાર્થ:—અનિત્ય, અપવિત્ર, દુઃખ અને અનાત્મામાં નિત્ય, પવિત્ર, સુખ અને આત્મબુદ્ધિ, તેનું નામ "અવિદ્યા" છે.

વિવેચન:—અનેક પ્રકારના સંસ્કારોનું એકજ કારણ છે અને તે અવિદ્યા છે; માટે એ અવિદ્યાનું સ્વરૂપ બરાબર જાણી લેવું જોઇએ. બધા લોકો એમ સમજી બેઠેલા છે કે, "અમે શરીર છીએ" અને પોતે શુદ્ધ, જ્યોતિર્મય નિત્ય આનંદસ્વરૂપ આત્મા છે, તેનું તેમને ભાન નથી. આનુંજ નામ અવિદ્યા અથવા અજ્ઞાન છે. આપણે મનુષ્યનો જ્યારે ખ્યાલ કરીએ છીએ, ત્યારે આપણા મનમાં તેના શરીરનોજ વિચાર આવે છે, એજ મોટો ભ્રમ છે.

दृग्दर्शनशक्त्योरेकात्मतैवास्मिता ॥ ६ ॥

સૂત્રાર્થ:— જોનારો પુરુષ અને જોવાનું સાધન બુદ્ધિ, એ બેને અવિદ્યાથી એક માની લેવાં, તેનું નામ "અસ્મિતા."

વિવેચન:—ખરેખરો દ્રષ્ટા તો પુરુષ છે. એ પુરુષ સ્વરૂપથી

---

* प्रसुप्तास्तत्त्वलीनानां तन्त्ववस्थाश्च योगिनाम् ।
विच्छिन्नोदाररूपाश्च क्लेशा विषयसंगिनाम् ॥

અર્થાત્–વિદેહ અને પ્રકૃતિલય પુરુષોના ક્લેશ પ્રસુપ્ત (ઊંઘેલા), યોગીઓના તનુ (ક્ષીણ, દુર્બળ) અને વિષયરત પુરુષોના વિચ્છિન્ન (એક વસ્તુ પરના રાગને લીધે બીજી વસ્તુ પરનો રાગ દબાઇ રહેલો હોય છે અને દબાણ દૂર થતાં ખડો થઇ જાય છે, તેવા પ્રકારના) તથા ઉદાર (વિષય સન્મુખ આવતાં ઝટ તેને તાબે થઇ જવું તે) હોય છે.

શુદ્ધ, નિત્ય, પવિત્ર, અનંત અને અમર છે. મન, નિશ્ચયાત્મિકા બુદ્ધિ, ચિત્ત અને ઇંદ્રિયો એ ચાર સાધનોનો ઉપયોગ બાહ્ય જગતને જોવા તથા અનુભવવા માટે આત્મા કરે છે અને એ સાધનો અને આત્મા બંને જુદાં હોવા છતાં તેને એક તરીકે માની લેવાય, એ સ્થિતિને અસ્મિતા અથવા અહંકાર કહે છે. આપણે કહીએ છીએ કે, "હું ગુસ્સે થયો છું," "હું સુખી છું," "હું વિચારૂં છું," "હું ચિંતન કરૂં છું;" પણ આપણે ગુસ્સે થઇએજ કેવી રીતે? આપણે વળી ધિક્કાર કેવો? એ બધું કામ તો ચિત્તવૃત્તિનું છે. આપણે તેની સાથે કાંઈ લેવાદેવા નથી. આપણે તો આપણી આત્મરૂપતાને અનુભવવી જોઇએ. આત્મા તો અવ્યય છે; તેમાં ફેરફાર થઈ શકતોજ નથી. તે ઘડીમાં સુખી અને ઘડીમાં દુઃખી કેવી રીતે થાય? તે તો નિરાકાર, અનંત અને સર્વવ્યાપી છે. એનામાં ફેરફાર કરીજ કોણ શકે? આત્મા સર્વ પ્રકારના નિયમોથી પણ પર છે. તે કેમ કરીને વિકૃત થઈ શકે? જગતમાં એવો એક પણ પદાર્થ નથી કે, જે આત્માની ઉપર અસર કરી શકે; છતાં પણ આપણે અજ્ઞાનને વશ થઇને–આત્મા અને ચિત્તવૃત્તિને ભેળસેળ કરી દઇને જાણે આપણેજ સુખદુઃખનો અનુભવ કરીએ છીએ એમ માની લઇએ છીએ.

सुखानुशयी रागः ॥ ७॥

સૂત્રાર્થઃ—સુખ ભોગવ્યા પછી તે સુખમાં અને તેનાં સાધનોમાં જે આસક્તિ બંધાય છે, તેને રાગ કહે છે,

વિવેચનઃ—આપણને અમુક પદાર્થોમાં સુખ જણાય છે, એટલે પછી સ્વભાવથીજ આપણા મનનો પ્રવાહ તે પદાર્થો તરફ વહેવા લાગે છે. આ રીતે સુખરૂપી કેંદ્ર તરફના મનના પ્રવાહને આસકિત કહેવામાં આવે છે. જે પદાર્થોથી આપણને સુખ થાય તેવું ન હોય, તેમના તરફ આપણું મન જરા પણ આકર્ષાતું નથી.

ઘણી વાર આપણુને વિલક્ષણ વસ્તુઓમાં પણ સુખનો ભાસ થાય છે; પરંતુ તેમાં પણ મૂળ નિયમ તો એજ છે કે, સુખબુદ્ધિને લીધેજ તે પદાર્થો તરફ આપણું મન આકર્ષાય છે.

दुःखानुशयी द्वेषः ॥८॥

સૂત્રાર્થ:—દુઃખના અનુભવ પછી તેની સ્મૃતિદ્વારા દુઃખ તથા દુઃખનાં સાધનો પ્રત્યે અંતઃકરણમાં ઉદ્ભવતી ક્રોધરૂપ વૃત્તિને "દ્વેષ" કહે છે.

વિવેચન:—આપણુને જેનાથી દુઃખ થાય તેમ હોય, તેનો આપણે તરતજ ત્યાગ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः ॥९॥

સૂત્રાર્થ:—મૂર્ખ તેમજ વિદ્વાનના ચિત્તમાં પણ પૂર્વસંસ્કારને લીધે મરણનો ભય તથા જીવવાનો આગ્રહ રહે છે, તેનું નામ "અભિનિવેશ" છે.

વિવેચન:—જીવનનો આગ્રહ જીવમાત્રમાં જોવામાં આવે છે. એના આધારે મરણ પછીના જીવનને લગતા સિદ્ધાંતો સ્થાપવાના ઘણા પ્રયત્નો થયા છે. મનુષ્યમાત્રને જીવન એટલું બધું પ્રિય છે કે, તેમને મરણ પછી પણ બીજું જીવન ધારણ કરવાની આકાંક્ષા રહે છે. મનુષ્ય પરલોકમાં જીવન ધારણ કરે છે, એની સાબિતીને માટે પાશ્ચાત્ય દેશોમાં જીવનની મમતાનો આધાર બતાવાય છે ખરો, પણ તે એકલા મનુષ્યનેજ લાગુ પાડવામાં આવે છે; પશુપક્ષીને તેમાંથી બાદ કરવામાં આવે છે. ગયા જન્મોનાં જીવન અને સંસ્કાર સાબિત કરવાને માટે ભરતખંડમાં પણ આ જીવનની મમતાની દલીલનોજ ઉપયોગ થતો આવ્યો છે. દાખલા તરીકે, આપણે જે કાંઇ જ્ઞાન ધરાવીએ છીએ તે પ્રત્યક્ષ અનુભવથીજ પ્રાપ્ત થાય છે; તે ઉપરથી નિશ્ચય થાય છે કે, જેનો

આપણને કદી પણ અનુભવ ન થયો હોય, તેની આપણે કલ્પના પણ ન કરી શકીએ અને આપણી સમજમાં પણ તે વાત ન ઊતરે. મરઘીનાં બચ્ચાં ઇંડાંમાંથી નીકળતાંજ ખોરાક વીણી ખાવા માંડે છે. એવું પણ જોવામાં આવ્યું છે કે, બતકનાં ઇંડાં મરઘીએ સેવ્યાં હોય છે, તોપણ ઇંડાંમાંથી બહાર નીકળતાંજ બચ્ચાં પાણી તરફ દોડવા લાગે છે અને તેમને સેવનારી મરઘીને એમ થાય છે કે, હમણાં તેઓ પાણીમાં ડૂબી જવાનાં. જો જ્ઞાનનું મૂળસાધન પ્રત્યક્ષ અનુભવજ હોય, તો મરઘીનાં બચ્ચાંને ખાવાનું વીણતાં કોણે શીખવ્યું? અને આપણું કુદરતી રહેઠાણ પાણીમાંજ છે એવું બતકનાં બચ્ચાંને કોણે સમજાવ્યું? કોઇ કહેશે કે, એ તો બધું સહજાતજ્ઞાનથી થાય છે; પણ એ દલીલ અર્થ વગરની છે. એ પ્રમાણે એકાદ શબ્દ વાપર્યાથીજ ખરી વસ્તુનો ખુલાસો થઇ શકતો નથી. સહજાતજ્ઞાન એટલે શું? આપણા પોતામાં પણ અનેકપ્રકારનાં સહજાતજ્ઞાન (સ્વાભાવિક-સાહજિકજ્ઞાન) રહેલાં છે. અહીં બેઠેલી સન્નારીઓમાંથી ઘણીખરી પિયાનો બજાવી શકે છે. તેમને એટલું તો જરૂર યાદ હશે કે, જયારે તેઓ પિયાનો બજાવતાં શીખતી હતી, ત્યારે કાળી અને સફેદ ચાવીઓ જોઇ જોઇને તેમના ઉપર ઘણીજ સંભાળથી આંગળીઓ મૂકવી પડતી હતી હવે લાંબા વખતનો મહાવરો થઈ જવાથી મિત્રોની સાથે વાત કરતાં કરતાં પણ તેઓ પિયાનો બજાવ્યે જાય છે અને આંગળીઓ જયાં પડવી જોઇએ ત્યાં પોતાની મેળેજ પડ્યા કરે છે. સારાંશ એ છે કે, વાજિંત્ર બજાવવાની કળા તમારે માટે એક પ્રકારના સહજાતજ્ઞાન જેવી થઇ ગઇ છે. આપણે બીજાં કાર્યો કરીએ છીએ તેમના સંબંધમાં પણ એમજ છે. અભ્યાસ વડે તેઓ સાહજિકજ્ઞાન જેવાં સ્વાભાવિક બની જાય છે. આપણે જાણીએ છીએ ત્યાંસુધી જે જ્ઞાન પ્રથમની અવસ્થામાં વિચારપૂર્વ-

કનું જ્ઞાન હતું, તે હવે એક દરજ્જો આગળ વધીને સાહજિકજ્ઞાન તરીકે ગણાય છે. આથી કરીને જેને આપણે સાહજિકજ્ઞાન કહીએ છીએ, તે પણ વિચારજનિત જ્ઞાનનીજ એક અવસ્થા છે, એમાં કશો સંદેહ નથી.

હવે આ વિચારજનિત જ્ઞાન પણ પ્રત્યક્ષ અનુભવ વિના ઉત્પન્ન થતું નથી; માટે સાહજિકજ્ઞાન પણ પ્રત્યક્ષ અનુભવનુંજ પરિણામ છે. મરઘીનાં બચ્ચાંને બાજ પક્ષીનો સ્વાભાવિક રીતે ભય લાગે છે અને બતકનાં બચ્ચાં સ્વભાવથીજ પાણી તરફ આકર્ષાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, એ અનુભવ મેળવનારૂં કોણ છે? જીવાત્મા કે શરીર? બતકનાં બચ્ચાંને જે અનુભવ પ્રાપ્ત થાય છે તે તેમનો પોતાનો મેળવેલો છે કે, તેમના પૂર્વજોને મળેલો અનુભવ તેમના સ્વભાવમાં ઊતરી આવેલો છે? આધુનિક વૈજ્ઞાનિકોનો એવો અભિપ્રાય છે કે, આ અનુભવ કેવળ શરીરનોજ છે; પણ યોગીઓ એમ કહે છે કે, એ અનુભવ મનનો મેળવેલો છે; માત્ર તેને લગતી ક્રિયાજ શરીરદ્વારા થાય છે. આ પુનર્જન્મનો સિદ્ધાંત છે. આપણે હમણાંજ જોઈ ગયા કે, આપણું તમામ પ્રકારનું જ્ઞાન પ્રત્યક્ષ અનુભવથી ઉત્પન્ન થયેલું, વિચારશક્તિ વડે મેળવેલું અથવા સાહજિકજ્ઞાન—એ બધાંયે જ્ઞાન અનુભવજ્ઞાનદ્વારાજ આપણને પ્રાપ્ત થયાં છે. એથી કરીને જેને આપણે સહજાત અથવા સાહજિક જ્ઞાન કહીએ છીએ, તે પણ પૂર્વના પ્રત્યક્ષ અનુભવનુંજ પરિણામ છે. એ સહજાતજ્ઞાન પાછું વિચારજનિતજ્ઞાનના રૂપમાં પણ ફેરવાઈ શકે છે. આખા જગતમાં એજ નિયમ ચાલી રહ્યો છે. આના આધારેજ ભરતખંડમાં પ્રચલિત થયેલો પુનર્જન્મનો સિદ્ધાંત રચાયો છે. પૂર્વજન્મમાં અનુભવાયેલા અનેક ભયના સંસ્કારોજ આ જન્મમાં જીવનની મમતારૂપે પરિણત થયેલા છે. આજ કારણને લીધે બાળપણમાં દરેક બાળક પોતાની મેળેજ,

કોઈના શીખવ્યા વગર ભય પામતું જણાય છે; કારણકે પૂર્વ-જન્મના દુઃખના સંસ્કાર તેનામાં રહેલા છે. પ્રૌઢમાં પ્રૌઢ પંડિતો, જેઓ સારી રીતે જાણે છે કે આ શરીર નાશવંત છે અને જેઓ વારંવાર કહે છે કે, આત્માનું મરણ થતુંજ નથી; એક શરીર પછી બીજાં અનેક શરીર તૈયારજ છે, માટે કશો ભય નથી; તેવાઓ પણ, તેમની વિચારજનિત માન્યતા એવી હોવા છતાં જીવવાનો આગ્રહ રાખતા જોવામાં આવે છે. એ મમતા થવાનું કારણ શું? આપણે જોઇ ગયા કે, એ વૃત્તિ આપણામાં સ્વાભાવિક અથવા સહજાત બની ગઇ છે. યોગીઓની દાર્શનિક ભાષામાં કહીએ તો એ વૃત્તિજ સ્વભાવરૂપે પરિણત થયેલી છે. એ સંસ્કાર સૂક્ષ્મ અથવા ગુપ્ત સ્વરૂપમાં ચિત્તની અંદર પડી રહેલા હોય છે. પૂર્વજન્મના મૃત્યુના અનુભવો, જેમને આપણે સહજાતજ્ઞાન કહીએ છીએ તેઓ, આપણા વર્તમાન ઉચ્ચ કોટિના જ્ઞાન કરતાં નીચલી કોટિના હોવા છતાં પણ, તે ચિત્તમાં ઊંડા ઊતરી જઇને સ્વભાવરૂપે દૃઢ બની ગયેલા હોવાથી પ્રસંગ આવતાં તરતજ પોતાની નીચલી ભૂમિકામાંથી પ્રકટી નીકળે છે. તેઓનું રહેઠાણ ચિત્તની અંદરજ હોય છે અને તેઓ છેક સુષુપ્ત અવસ્થામાં પડી રહેતા હોય એવું પણ નથી. તેઓ અંદર રહ્યા રહ્યા પણ તેમનું કાર્ય કર્યાજ કરે છે. ચિત્તની જે જે વૃત્તિઓ સ્થૂળરૂપમાં પ્રકટ થાય છે, તેમને તો આપણે સારી રીતે સમજી અને અનુભવી શકીએ છીએ અને તેમને તો સહેલાઈથી દબાવી દેવાય છે; પણ સૂક્ષ્મ સંસ્કારરૂપી જે વૃત્તિઓ ચિત્તની અંદર ભરાઇ બેઠી છે, તેનો નિગ્રહ કરવાનું કામ ઘણું અઘરૂં છે. આપણે એનો ઉપાય શોધી કાઢવો જોઇએ. જ્યારે આપણે ગુસ્સે થઇએ છીએ, ત્યારે આપણું બધું મન જાણે ક્રોધનું ભારે મોજું હોય એવું થઇ જાય છે. આપણે તેને જોઇએ છીએ, અનુભવીએ છીએ,

તેની પરિચાલના કરીએ છીએ, તેનો મરજી મુજબ ઉપયોગ કરીએ છીએ, તેની સાથે યુદ્ધ પણ કરીએ છીએ; પણ જ્યાંસુધી મનના ઊંડામાં ઊંડા ભાગમાં આપણો પ્રવેશ થયો ન હોય ત્યાંસુધી એ સંસ્કારજનિત વૃત્તિઓ ઉપર પૂરેપૂરો વિજય મેળવવાની આશા વૃથા છે. અમુક માણસ આવીને આપણને કડવા બોલ સંભળાવે છે, તે વખતે આપણામાં કેટલોક વિક્ષેપ થતો હોય એવું આપણને લાગે છે. પછી જો તે માણસ ગુસ્સો ઉત્પન્ન કરે એવા શબ્દો બોલવાનું વધુ વખત ચાલુ રાખે છે, તો આપણે ક્રોધના પૂર્ણ આવેશમાં આવી જઇએ છીએ અને આપણને આત્મવિસ્મૃતિ થઈ જાય છે. ક્રોધવૃત્તિ સાથે એ સમયે આપણે તદાકાર—ક્રોધરૂપજ બની જઇએ છીએ. જ્યારે તે માણસે કડવા બોલ બોલવાની શરૂઆત કરી હતી, ત્યારે આપણામાં ગુસ્સો આવવા લાગ્યો એમ આપણને લાગતું હતું અર્થાત્ તે વખતે આપણે અને ક્રોધ એ બેઉ જુદાં છે એવો આપણને અનુભવ થયો હતો; પણ જ્યારે આપણે વધારે ગુસ્સે થયા ત્યારે આપણે એક રીતે ક્રોધરૂપજ બની ગયા. આ પ્રકારની વૃત્તિને અર્થાત્ તન્મયતાને તેના મૂળમાંથીજ—તેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવસ્થામાંથી—ઉખેડી નાખવાની જરૂર છે. એ વૃત્તિ આપણા ઉપર તેની અસર અજમાવવા માંડે તે પહેલાંજ આપણે તેને દબાવી દેવી જોઇએ. જગતના ઘણાખરા માણસોને તો આ વૃત્તિની સૂક્ષ્માવસ્થા અથવા સુષુપ્તાવસ્થાની ખબર સુધ્ધાં હોતી નથી. એ સૂક્ષ્માવસ્થા એટલે શું? આપણા હાલના ઉચ્ચકોટિના જ્ઞાનને લીધે નીચલી ભૂમિકામાં દબાઈ રહેલી આ વૃત્તિઓને ઉત્તેજના મળતાં તેઓ ધીમેધીમે ડોકિયું કાઢી બહાર આવતી જાય છે, તેનું નામ સૂક્ષ્માવસ્થા છે. સરોવરને તળિયેથી ઉત્પન્ન થઇને પરપોટો ઉપર આવતો જાય છે, તે વખતે આપણે તેને જોઇ શકતા નથી; એટલુંજ નહિ પણ તે સૌથી

ઉપરની સપાટીથી ખૂબ નજીક આવ્યો હોય, ત્યારે પણ તે નજરે પડતો નથી. જ્યારે તે ઉપર આવીને દેખા દે છે તથા ફૂટી જઇને તળાવમાં એક નાનું સરખું મોજું ઉત્પન્ન કરે છે, ત્યારેજ તે આપણી દૃષ્ટિએ પડે છે. જો આપણે એ મોજાંને તેની સૂક્ષ્માવસ્થામાંજ દબાવી દઈએ, તોજ તેનું નિવારણ થઇ શકે. એ મોજું આપણી આગળ સ્થૂળસ્વરૂપમાં પ્રકટ થાય એ પહેલાંજ તેની સૂક્ષ્મ અવસ્થામાંજ એ ઇંદ્રિયવૃત્તિનું જ્યાંસુધી દમન કરવામાં આવશે નહિ, ત્યાંસુધી તેનો સંપૂર્ણ નિગ્રહ નહિજ થાય. ઇંદ્રિયવૃત્તિનો સંયમ કરવા માટે તેને નિર્મૂળ કરવાનોજ પ્રયાસ કરવો જરૂરનો છે. જ્યારે તેનાં સૂક્ષ્મ બીજ પણ દગ્ધ થઈ જશે, ત્યારે જેમ શેકેલા દાણા જમીનમાં વાવ્યા છતાં કદી અંકુરિત થતા નથી, તેવી રીતે આ વૃત્તિઓ ફરીથી અંકુરિત થશે નહિ.

ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ॥१०॥

સૂત્રાર્થ:—ક્લેશના સૂક્ષ્મ સંસ્કારોનો પ્રતિપ્રસવ કરીને એટલે તેનાથી ઊલટા પ્રકારની ભાવનાઓ વડે ચિત્તનો લય કરીને નાશ કરવાનો છે.

વિવેચન:—ધ્યાનદ્વારા ચિત્તવૃત્તિઓ શમી ગયા પછી તેમાંનું જે કાંઇ અવશિષ્ટ રહે છે, તેને સૂક્ષ્મ સંસ્કાર અથવા વાસના કહે છે. એનો નાશ કરવાનો ઉપાય શો ? પ્રથમ વૃત્તિઓનાં મોટાં મોજાંથી આરંભ કરવો અને પછી ક્રમે ક્રમે નાનાં નાનાં મોજાંને હાથ પર લેતા જવું. દાખલા તરીકે, આપણા મનમાં ક્રોધનું એક બળવાન મોજું ઉત્પન્ન થયું, હવે તેનું નિવારણ શી રીતે થાય તેનો વિચાર કરીએ. એ મોજાનું શમન કરવું હોય તો તેનાથી ઊલટા પ્રકારનું પણ તેના જેટલુંજ બળવાન બીજું મોજું ઉત્પન્ન કરવું જોઇએ. પ્રેમનું ઉદાહરણ લઇએ. ધારો કે, અમુક સ્ત્રી તેના ધણી સાથે ઘણી ગુસ્સે થયેલી છે અને એવામાં તેનું નાનકડું

બાળક તેની પાસે દોડયું આવે છે. તે બચ્ચાંને લઇને ચુંબન દે છે. પ્રેમના આવેશમાં ક્રોધ શમી જાય છે અને ક્રોધનાં મોજાંને ઠેકાણે વાત્સલ્યપ્રેમનું બળવાન મોજું ખડું થઇ જાય છે. પ્રેમ એ ક્રોધથી વિરુદ્ધ છે. આ ઉદાહરણ ઉપરથી સમજાશે કે, જે તરંગને આપણે દાબી દેવો હોય, તેનાથી વિરુદ્ધ પ્રકારનો તરંગ ઉત્પન્ન કરવો. એજ પ્રમાણે જો આપણા સૂક્ષ્મ સ્વભાવની અંદર વિરુદ્ધ પ્રકારના સૂક્ષ્મ તરંગો પેદા કર્યા કરીએ, તો જ્ઞાનની ભૂમિકાની નીચેની ભૂમિકામાં પેદા થતા ક્રોધ વગેરેના સૂક્ષ્મ તરંગોની ઉત્પત્તિજ અટકી જાય. આપણે અગાઉ જોઇ ગયા છીએ કે, સહજાતજ્ઞાનની શરૂઆત પ્રથમ તો વિચારજનિત કર્મોમાંથીજ થઇ હતી અને પછી ક્રમે ક્રમે તેઓ સૂક્ષ્મ અવસ્થામાં પરિણામ પામતાં ગયાં. તેથી કરીને જો ચિત્તની અંદર શુભ વૃત્તિઓનાં મોજાં વારંવાર ઉત્પન્ન કરવામાં આવે, તો તેઓ આપણા સૂક્ષ્મ સ્વભાવમાં ઊંડાં ઊંડાં ઊતરી જશે અને અશુભ વિચારોના સંસ્કારોને દબાવી દેશે.

ध्यानहेयास्तद्वृत्तयः ॥ ११ ॥

સૂત્રાર્થઃ—તે કલેશોની વૃત્તિઓનો-સ્થૂલ અવસ્થાઓનો નાશ ધ્યાન વડે થઈ શકે છે.

વિવેચનઃ—તમામ મોટા મોટા ચિત્તવૃત્તિના તરંગોને અટકાવવાનો એકજ ઉપાય છે અને તે ધ્યાન છે. ધ્યાનદ્વારા મનની વૃત્તિઓના તમામ તરંગ લય પામી જાય છે. જયારે દિવસ, માસ અને એમ કરતાં કરતાં વર્ષોનાં વર્ષો સુધી તમે ધ્યાનનો અભ્યાસ ચાલુ રાખશો અને ધ્યાનાવસ્થા એ તમારી સ્વાભાવિક સ્થિતિ બની જશે; તે એટલે સુધી કે તમારી ધ્યાન કરવાની ઇચ્છા ન હોય, તોપણ આપોઆપજ તમારી એ સ્થિતિ થવા લાગશે ત્યારે રાગદ્વેષાદિ તમામ વૃત્તિઓનું શમન થઇ જશે.

क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ॥ १२ ॥

સૂત્રાર્થ:—આ જન્મમાં તેમજ જન્માંતરમાં ફળ આપવા-વાળા જે કર્માશય, (શુભાશુભ ધર્મજન્ય ધર્માધર્મ) તેનું મૂળ કારણ ઉપર જણાવેલા અવિદ્યાદિ ક્લેશોજ છે.

વિવેચન:—કર્મનો ભંડાર એટલે સંસ્કારનો સમૂહ. આપણે કોઈ પણ કાર્ય કરીએ કે તરતજ મનરૂપી સરોવરમાં એક પ્રકારનો તરંગ ઉત્પન્ન થાય છે. તે કાર્ય પૂરું થઇ ગયા પછી આપણે એમ માની લઇએ છીએ કે, એ તરંગ શમી ગયો; ખરું જોતાં તે શમી જતો નથી. માત્ર તેનું સૂક્ષ્મ સ્વરૂપ બની રહે છે, પણ તેનું અસ્તિત્વ મટી જતું નથી; કેમકે જ્યારે આપણે તે કામને પુનઃ યાદ કરીએ છીએ, ત્યારે કર્માશયમાં રહેલો તે કર્મનો સંસ્કાર તાજો થઇ જાય છે અને તરંગની આકૃતિ ધારણ કરે છે. આ ઉપરથી સમજાય છે કે, એ તરંગ મનની અંદર સૂક્ષ્મ સ્થિતિમાં રહે છે. તેમ ન બનતું હોય તો સ્મરણશક્તિ જેવું કશું હોઇ શકેજ નહિ. એટલું નક્કી યાદ રાખવું કે, ગમે તે કામ, ગમે તે વિચાર, પછી તે શુભ હોય કે અશુભ હોય; તોપણ તે મનના ઊંડામાં ઊંડા પ્રદેશમાં સૂક્ષ્મરૂપે ઊતરી જાય છે અને ત્યાં પડી રહે છે. શુભ તેમજ અશુભ બંને પ્રકારના વિચારો વિઘ્નરૂપ મનાય છે; કારણકે યોગીઓના અભિપ્રાય પ્રમાણે બેઉ પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે; કેમકે જેટલા પ્રમાણમાં ઇંદ્રિયોદ્વારા સુખ ઉત્પન્ન થાય છે, તેટલાજ પ્રમાણમાં પાછું દુઃખ પેદા થાય છે અને આપણે સુખનો ઉપભોગ જેમ જેમ વધારે કરતા જઇશું, તેમ તેમ તૃષ્ણા વધતી ચાલીને તેના પરિણામમાં દુઃખનીજ વૃદ્ધિ થવાની. મનુષ્યની વાસનાનો અંત નથી. તે પોતાની વાસના વધાર્યેજ જાય છે. આ પ્રમાણે વાસના વધતી વધતી એટલી બધી વધી જાય છે કે, તે પરિપૂર્ણ થઈ શકેજ નહિ. આ વાસના

જેમ જેમ વધતી ચાલે છે, તેમ તેમ દુઃખમાં પણ વધારો થતો ચાલે છે. એટલા માટેજ યોગીઓ કહે છે કે, શુભ અને અશુભ બેઉ પ્રકારના સંસ્કાર પરિણામે તો ક્લેશજનક છે અને આત્માની મુક્તિના માર્ગમાં વિઘ્નરૂપ છે.

તમામ કાર્યોનાં મૂળસ્વરૂપ સંસ્કારોના સંબંધમાં આજ નિયમ પ્રવર્તે છે. તેઓ કારણરૂપ બનીને આ જીવનમાં અથવા હવે પછીના જીવનમાં તેમનાં ફળ ઉત્પન્ન કરે છે. કેટલાક ખાસ સંજોગોમાં સંસ્કાર એટલા બધા પ્રબળ હોય છે કે, તરતજ ફળ આપી દે છે. પુણ્યના તેમજ પાપના અત્યંત ઉત્કટ સંસ્કારોનું ફળ આ ને આજ જન્મમાં પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત વિશેષમાં યોગીઓ એવો પણ અભિપ્રાય આપે છે કે, જેઓ આ જન્મમાંજ અતિ બળવાન શુભ સંસ્કારોનો પુષ્કળ સંચય કરી શકે છે; તેઓ જો ધારે તો બીજાઓની પેઠે મરવાને બદલે આ ને આ જન્મમાંજ માનવશરીરમાંથી દેવશરીરમાં બદલાઇ જાય છે. યોગવિદ્યાના ગ્રંથોમાં એવા અનેક દાખલાઓ નોંધાયેલા છે. આવા યોગીઓ જો ધારે તો પોતાના શરીરમાંનાં તત્ત્વોમાં ફેરફાર કરી નાખીને પરમાણુઓને પણ એવા સ્વરૂપમાં ગોઠવી શકે છે કે, માંદગી તો શું પણ મૃત્યુ સુધ્ધાં તેમની પાસે આવી શકતું નથી. આમ થઈ શકવું જરા પણ અસંભવિત નથી. શારીરવિજ્ઞાનશાસ્ત્ર પ્રમાણે આહારનો અર્થ સૂર્યમાંથી શક્તિનું શોષણ કરવું એવો થાય છે. સૂર્યની શક્તિ પ્રથમ વનસ્પતિમા પ્રવેશ કરે છે અને એ વનસ્પતિનું અથવા તે વનસ્પતિનો આહાર કરનારાં પશુઓનું મનુષ્ય ભક્ષણ કરે છે. આ વ્યાપારને વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો આપણે સૂર્યમાંથી શક્તિનું શોષણ કરીને તેને આપણા શરીરની અંગીભૂત બનાવી દઈએ છીએ. જો આ સિદ્ધાંત સત્ય હોય તો પછી શક્તિનું શોષણ કરવાનું સાધન માત્ર એકલો આહારજ

છે, એમ માનવાની કશી જરૂર નથી. આપણે જે રીતે એ શક્તિનું શોષણ કરીએ છીએ, તેજ રીતે વનસ્પતિ શોષણ કરતી નથી. એની જુદીજ પદ્ધતિ છે. એજ પ્રમાણે પૃથ્વી પણ સૂર્યમાંથી જુદીજ રીતે શક્તિ મેળવે છે. વળી યોગીઓ તો એવા સાધારણ ઉપાયોને કામમાં લીધા વિના જેટલું જોઇએ તેટલું બળ માત્ર સંકલ્પના બળથીજ મેળવી લે છે.* જેમ કરોળિયો પોતાના શરીરમાંથી તાંતણો બહાર કાઢી તેનું જાળું ગૂંથીને તેની અંદર એવો તો ગૂંચવાઇ જાય છે કે, પછી જાળાંની બહાર નીકળી શકતો નથી; તેવી રીતે આપણે પણ જ્ઞાનતંતુઓરૂપી એવી જાળ પેદા કરી છે કે એ જ્ઞાનતંતુઓની મદદ લીધા વિના કાંઇ પણ કાર્ય કરી શકતા નથી. યોગીઓ કહે છે કે, આવી રીતે બંધાઇ રહેવાનું કશુંજ પ્રયોજન નથી.

એક ઉદાહરણ લીધાથી આ સિદ્ધાંત સારી રીતે સમજાઇ જશે. આપણે જગતમાં ચારે દિશાએ વીજળીનો પ્રવાહ મોકલી શકીએ છીએ; પણ તેમ કરવાને સારૂ આપણને તારની × મદદ લેવી પડે છે; પરંતુ કુદરતમાં તો વગર તારે વીજળીના મોટા મોટા પ્રવાહ રોજ વહ્યાજ કરે છે. આપણે પણ તેમ શા માટે ન કરી શકીએ ? આપણે પણ ચારે દિશાએ માનસિક વિદ્યુતનો પ્રવાહ મોકલી શકીએ તેમ છીએ. જેને આપણે મન કહીએ તે

---

* યોગીઓ એકલા સૂર્યમાંથીજ નહિ, પણ વનસ્પતિ, અગ્નિ, વાયુ અને મનુષ્યના શરીરમાથી પણ શક્તિ ખેંચી શકે છે.

× આ વ્યાખ્યાન અપાયું ત્યારે મરકોનીની વગર તારે સંદેશા મોકલવાની શોધ થઇ ન હતી. ડૉ. જગદીશચંદ્ર બોઝે એ શોધ પ્રથમ સને ૧૮૯૯ માં કરી, પણ તે હિંદી હોવાથી તેમની શોધના પત્રો યુરોપના વૈજ્ઞાનિકોએ પ્રકટ ન કર્યા અને એ શોધનો જશ યુરોપવાસીને અપાવ્યો. —અનુવાદક

પણ એક પ્રકારની વીજળીજ છે; કારણકે વીજળીની માફક તેને પણ બે કેંદ્ર હોય છે અને વીજળીનાં તમામ લક્ષણો એની અંદર પણ જોવામાં આવે છે. જ્ઞાનતંતુની ક્રિયાની અંદર વીજળીની ગતિ આપણે અનુભવી શકીએ છીએ. આપણે એ જ્ઞાનતંતુની મારફતે વીજળીનો પ્રવાહ પ્રેરી શકીએ છીએ. પણ જ્ઞાનતંતુનો ઉપયોગ કર્યા વિના પણ શા માટે આપણે તેમ ન કરી શકીએ? યોગીઓને પૂછશો તો તેઓ કહેશે કે, આ કાર્ય પૂરેપૂરું સંભવિત છે અને તે કરવાની આપણામાં શક્તિ પણ રહેલી છે. તેઓ એથી પણ આગળ વધીને કહે છે કે, જો તમે એટલું કરી શકો, તો તમે આખા જગતમાં ગમે ત્યાં તમારી શક્તિ પ્રેરીને તેની મારફતે કામ લઇ શકશો. એવી શક્તિ પ્રાપ્ત કર્યા પછી તમે જ્ઞાનતંતુની મદદ લીધા વગરજ મરજીમાં આવે ત્યાં અથવા ગમે તેના શરીર ઉપર તમારી માનસિક વીજળીનું બળ વાપરી શકશો. માણસ જ્યાંસુધી પોતાના જ્ઞાનતંતુદ્વારા કાર્ય કરી શકે ત્યાંસુધીજ આપણે તેને જીવતો કહીએ છીએ અને જ્યારે એ યંત્રનો નાશ થઇ જાય છે ત્યારે તેને મરણ પામેલો માનીએ છીએ; પરંતુ જે માણસ શરીરની મદદ લઇને અને શરીરની મદદ લીધા વગર બેઉ રીતે કાર્ય કરી શકે છે, તેના સંબંધમાં તો જન્મ અને મરણ એ શબ્દોનો કશોજ અર્થ નથી. જગતમાં જે ભિન્નભિન્ન પ્રકારનાં શરીરો છે તે બધાં એ તન્માત્રાનાં બનેલાં છે અને ફેર માત્ર તેમની ગોઠવણમાંજ છે. હવે જો તમેજ તમારા શરીરના ઉત્પન્ન કરનાર છો, તો પછી એ તન્માત્રાને તમારી મરજીમાં આવે તે રીતે ગોઠવી શકો છો; કારણકે તમારા શરીરને તમે પોતે નહિ તો બીજા કોણે બનાવ્યું? કોણ ખોરાક ખાય છે? જો બીજો માણસ તમારા વતી ખાઇ લે તો તમે ઝાઝો વખત જીવતા ન રહો. વારુ, એ ખોરાકમાંથી રુધિર કોણ પેદા કરે છે?

એ રક્તને તમેજ પેદા કરો છો અને તમેજ તેને નાડીએ નાડીએ, શિરાએ શિરાએ વહેવડાવી રહ્યા છો. તમારા જ્ઞાનતંતુઓને અને માંસપેશીઓને પણ તમેજ તૈયાર કર્યાં છે. તમારા શરીરની રચના તમે પોતે કરી છે અને તેમાં તમેજ વાસ કરી રહ્યા છો; પરંતુ આ બધું શી રીતે થાય છે, તેનું જ્ઞાન આપણે ગુમાવી બેઠા છીએ. આપણે યંત્રવત્ બની ગયા છીએ, અવનતિએ પહોંચી ગયા છીએ. શરીરનાં પરમાણુઓની ગોઠવણ કેવી રીતે કરાય તે જ્ઞાન આપણે ગુમાવી દીધું છે. હવે આપણે કશું નવીન કાર્ય કરવાનું નથી; પણ જે કાર્ય આપણે યંત્રવત્ કરતા આવ્યા છીએ, તે કાર્ય જ્ઞાનપૂર્વક કરતાં શીખવાનું છે. આ સર્વ વસ્તુઓને ઉત્પન્ન કરનાર પણ આપણેજ છીએ અને તેમને આપણી મરજી પ્રમાણે વ્યવસ્થિત કરવાનો અધિકાર પણ આપણોજ છે. આટલું કરતાં આવડ્યું એટલે આપણે આપણા શરીરની જેટલી વાર પુનર્ઘટના કરવા ઇચ્છીએ તેટલી વાર કરી શકીશું. પછી આપણને વ્યાધિ, જન્મ, મરણ એમાંનું કશુંયે રહેશે નહિ.

सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥१३॥

સૂત્રાર્થ:—એ કલેશરૂપી મૂળ કાયમ હોવાને લીધેજ તેના પરિણામરૂપ જન્મ, આયુષ્ય અને સુખદુઃખરૂપી ભોગો થાય છે.

વિવેચન:—જ્યાંસુધી મૂળ એટલે કલેશ તથા સંસ્કારરૂપી કારણ અંદર રહેલું હોય છે, ત્યાંસુધીજ તે વ્યક્ત સ્વરૂપ ધારણ કરીને ફળરૂપે પરિણામ પામે છે. આ પ્રમાણે કારણમાંથી કાર્યનો ઉદય થાય છે અને કાર્ય પણ સમય આવતાં પાછું સૂક્ષ્મભાવ ધારણ કરીને ત્યાર પછીના કાર્યનું કારણ બને છે. વૃક્ષ બીજ ઉત્પન્ન કરે છે અને એ બીજ પાછું બીજા વૃક્ષની ઉત્પત્તિનું કારણ બને છે. આ રીતે કાર્યકારણનો પ્રવાહ ચાલ્યોજ જાય છે. આપણે અત્યારે જે જે કર્મ કરીએ છીએ, તે ઘણાંખરાં પૂર્વના સંસ્કારનાં

પરિણામ છે અને અત્યારનાં કર્મ પાછાં સંસ્કારરૂપે બનીને ભવિષ્ય-ના કર્મોના કારણરૂપ નીવડશે. આ રીતે કર્મમાંથી સંસ્કાર અને સંસ્કારમાંથી કર્મ ઘડાતાંજ ચાલે છે. એટલા માટેજ આ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે, જ્યાંસુધી કારણનું અસ્તિત્વ હશે, ત્યાં-સુધી તેનું ફળ અથવા કાર્ય થયાજ કરવાનું. એ ફળ પ્રથમ તો જાતિ અથવા જન્મરૂપે પ્રગટ થાય છે. કોઈ મનુષ્ય થાય છે, કોઇ દેવ થાય છે, કોઇ પશુ થાય છે, તો કોઈ વળી અસુર થાય છે. બીજું, આયુષ્ય પણ કર્મ વડે નિર્માણ થાય છે. એક માણસ પચાસ વર્ષ જીવી મરણ પામે છે; બીજો સો વર્ષનું આયુષ્ય ભોગવે છે; ત્રીજો વળી બેજ વર્ષ જીવીને મૃત્યુના મુખમાં હોમાઇ જાય છે અને મોટો થવા પામતોજ નથી. આ બધી વિભિન્નતા પૂર્વનાં કર્માનુસાર ઘડાય છે. કેટલાકનાં જીવન જોઇએ છીએ તો જણાય છે કે, જાણે તેઓ સુખ ભોગવવાને માટેજ જન્મ્યા છે. તેઓ સંસાર છોડીને વનમાં જાય તો ત્યાં પણ સુખ તેમની પાછળ ચાલ્યું આવે છે. બીજા માણસોને જોઇએ છીએ તો દુઃખ તેનો બિચારાનો કેડોજ મૂકતું નથી. બધુંયે તેને દુઃખકર્તાજ થઇ પડે છે. આ બધું તેમનાં કાર્યનું પરિણામમાત્ર છે. યોગીઓ કહે છે કે, પુણ્યકર્મથી સુખ અને પાપકર્મથી દુઃખ પેદા થાય છે. જે માણસ પાપાચરણ કરે છે, તેને તેનાં કર્મના પરિણામે ક્લેશ ભોગવવાજ પડે છે.

ते ह्लादपरितापफलाः पुण्याऽपुण्यहेतुत्वात् ॥ १४ ॥

સૂત્રાર્થઃ—પુણ્ય અને અપુણ્ય એ તેમનાં કારણ હોવાથી તેઓ સુખ અને દુઃખરૂપી ફળ ઉત્પન્ન કરે છે.

परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्तिविरोधाच्च सर्वमेव दुःखं विवेकिनः ॥ १५ ॥

સૂત્રાર્થઃ—વિવેકીને મન તો સુખ અને દુઃખ બેઉ દુઃખરૂપજ છે; કારણકે સુખ પણ પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના ભોગને સમયે ભોજ્ય વસ્તુના નાશની આશંકા દુઃખ ઉત્પન્ન કરે છે. સુખના સંસ્કારથી પેદા થતો રાગ પણ દુઃખનો અનુભવ કરાવે છે. વળી ગુણવૃત્તિ એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણની પરસ્પર વિરુદ્ધતાને લીધે પણ દુઃખ પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—યોગીઓ કહે છે કે, જેમનામાં વિવેકશક્તિ છે, જેઓ આંતરદૃષ્ટિ વડે સત્ય વસ્તુ જોઈ શકે છે, તેઓ સુખ અને દુઃખ એવા નામથી ઓળખાતી વસ્તુઓની આરપાર દૃષ્ટિ નાખી શકતા હોવાથી બંનેને સરખાં, એકબીજા સાથે જડાઇ ગયેલાં અને એકબીજામાં ભળી ગયેલાંજ સમજે છે. વિવેકી પુરુષો સમજી જાય છે કે, મૃગજળની પાછળ મૃગ દોડ્યા કરે તેમ મનુષ્યનું સમગ્ર જીવન કદી પણ પ્રાપ્ત ન થાય એવા સુખની પાછળજ દોડવામાં વહ્યું જાય છે અને તેની વાસના કદી પણ પૂર્ણ થઇ શકતી નથી. મહારાજા યુધિષ્ઠિરે એક પ્રસંગે કહ્યું હતું કે, "સૌથી વધારે આશ્ચર્યકારક વાત એ છે કે, માણસો પોતાની આજુબાજુનાં માણસોને પળે પળે મરતાં જુએ છે; તોપણ દરેક જણ એમજ સમજીને વર્તે છે કે, હું કદી મરી જવાનો નથી. તેને એમજ લાગે છે કે, મારી આસપાસ બધાયે મૂર્ખ છે; માત્ર હું એકલોજ અપવાદરૂપ છું; હું એકલોજ જ્ઞાની છું. ચારે બાજુએ બધી વસ્તુઓની અસ્થિરતા અને નાશવંતપણું જોયા છતાં આપણે એવું માન્યા કરીએ છીએ. આપણે આપણા પ્રેમને શુદ્ધ માનીએ છીએ, પણ તે કેવી રીતે સંભવે? પ્રેમ હમેશાં સ્વાર્થની સાથે મિશ્રિત થયેલો હોય છે. યોગીઓ તો કહે છે કે, પતિપત્નીનો પ્રેમ, માબાપ અને સંતાનનો પ્રેમ અને મિત્રોમિત્રોનો પ્રેમ પણ પોતપોતાના સુખને અર્થે તથા છેવટે નાશ પામવાવાળો છે. આ

સંસારમાં દરેક વસ્તુ વહેલીમોડી નાશ પામ્યા વગર રહેતી નથી. આ પ્રમાણે જ્યારે દરેક વસ્તુને અને પ્રેમને પણ નાશ પામતો મનુષ્ય જાતે અનુભવે છે, ત્યારે વીજળીના ઝબકારાની પેઠે તેને એકાએક સમજાઈ જાય છે કે, જગત કેવળ ભ્રમજ છે; માત્ર સ્વપ્ન જેવુંજ છે. આવી સ્થિતિમાં તેને વૈરાગ્યનું એક બિંદુ પ્રાપ્ત થાય છે અને જગતની પેલી મેર રહેલી સત્તાનો તેને કાંઇક ખ્યાલ આવે છે. આ જગતના વિચારો એકબાજુ થાય ત્યારેજ પર-લોકના તત્ત્વની હૃદયમાં સ્ફુરણા થાય છે. જ્યાંસુધી આ જગતનાજ વિચારો અને જગતનાંજ સુખોમાં આસક્તિ રહેલી છે, ત્યાંસુધી સત્ય જ્ઞાન હૃદયમાં પેસી શકતુંજ નથી. એવો કોઈ પણ મહા-પુરુષ આજ સુધીમાં પેદા થયો નથી કે જેણે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઇંદ્રિયસુખનો ત્યાગ ન કર્યો હોય. મનુષ્યને એક શક્તિ એક બાજુએ ઘસડે છે, ત્યારે બીજી ઊલટીજ બાજુ તરફ ઘસડે છે. આથી કરીને સ્થાયી સુખનો તેને સંભવજ નથી.

हेयं दुःखमनागतम् ॥ १६ ॥

સૂત્રાર્થ:—જે દુઃખ હજી આવ્યું નથી, પણ હવે પછી આ-વનારૂં છે, તેનો પ્રથમથીજ પ્રતિકાર કરવો યોગ્ય છે.

વિવેચન:—આપણાં કર્મોનો અમુક ભાગ તો આપણે ભોગવી ચૂકયા છીએ. અમુક ભાગ આપણે અત્યારે ભોગવીએ છીએ અને બાકીનો ભાગ ભવિષ્યમાં તેનું ફળ આપવા માટે તૈયાર થઇ રહ્યો છે. આપણે જે ભોગવી ગયા તેનો હિસાબ તો ચોખ્ખો થઈ ગયો છે. આપણે અત્યારે જે ભોગવી રહ્યા છીએ, તે પણ ભોગવી લેવાંજ પડશે. એ તો ભોગવી નાખ્યેજ છૂટકો. માત્ર જે કર્મો ભવિષ્યમાં ફળ આપનારાં છે, તેમનોજ આપણે વિજય કરી શકીએ; તેમનોજ નાશ થઈ શકે. આથી કરીને એ કર્મો ફળ ઉત્પન્ન કરે, તે પહેલાં તેમની ફળ ઉત્પન્ન કરવાની શક્તિનો

નાશ થઇ જાય, તેમ કરવા પાછળ આપણે આપણી તમામ શક્તિ-નો ઉપયોગ કરવાની જરૂર છે. પતંજલિએ પૂર્વના એક સૂત્રમાં કહ્યું છે કે, "વિરુદ્ધ પ્રકારના તરંગોની ઉત્પત્તિ કરવાથી સંસ્કાર-ના બીજનો નાશ થઇ શકે છે." એમ કહેવાનું આજ તાત્પર્ય છે.

द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ॥ १७ ॥

સૂત્રાર્થ:—જે હોય છે અર્થાત જે દુઃખનો ત્યાગ કરવો છે, તેનું કારણ દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ છે.

વિવેચન:—દ્રષ્ટા એટલે મનુષ્યનો આત્મા અથવા પુરુષ અને દૃશ્ય એટલે મનથી માંડીને સ્થૂળ પદાર્થો સુધીની સમગ્ર પ્રકૃતિ. એ પુરુષ અને મનના સંયોગથી જે કાંઇ સુખ તથા દુઃખને આપનાર છે તેની ઉત્પત્તિ થાય છે. આ ઠેકાણે તમારે એટલું બરાબર સ્મરણમાં રાખવું જોઇએ કે, યોગશાસ્ત્રના મત પ્રમાણે પુરુષ શુદ્ધસ્વરૂપ છે. જ્યારે તે પ્રકૃતિની સાથે મળી જાય છે અથવા પ્રકૃતિમાં તેનું પ્રતિબિંબ પડે છે, ત્યારેજ તે સુખ અથવા દુઃખને અનુભવતો દેખાય છે.

प्रकाशक्रियास्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम् ॥

સૂત્રાર્થ:—દૃશ્ય એટલે સૃષ્ટ વસ્તુઓ અને ઇંદ્રિયો. પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ ત્રણ લક્ષણ તેનામાં જોવામાં આવે છે અને તે દ્રષ્ટા એટલે પુરુષના ભોગ તથા મોક્ષને માટેજ છે.

વિવેચન:—દૃશ્ય એટલે પ્રકૃતિ, સૃષ્ટ પદાર્થો અને ઇંદ્રિયો-નો સમૂહ. સૃષ્ટ પદાર્થોમાં સ્થૂળ તેમજ સૂક્ષ્મ બધાયે પદાર્થોનો સમાવેશ થઇ જાય છે અને ઇંદ્રિયો એટલે એકલી ચક્ષુ વગેરે ઇંદ્રિયોજ નહિ, પણ મન વગેરેની પણ એમાંજ ગણતરી થઇ જાય છે. એમનો ધર્મ ત્રણ પ્રકારનો છે; જેમકે—પ્રકાશ, કાર્ય અને સ્થિતિ અર્થાત્ જડતા. એમને સંસ્કૃત પરિભાષામાં સત્ત્વ

રજસ અને તમસ કહેવાય છે. સમગ્ર પ્રકૃતિનો ઉદ્દેશ એજ છે કે, પુરુષ એ સર્વનો ઉપભોગ કરીને વિશેષ અનુભવ મેળવે. પુરુષને પોતાના મહાન દૈવીસ્વરૂપનું વિસ્મરણ થઈ ગયું છે. આના સંબંધમાં એક ઘણીજ સુંદર આખ્યાયિકા કહેવામાં આવે છે. એક વાર દેવોનો રાજા ઇંદ્ર, ભૂંડનું સ્વરૂપ ધારણ કરીને કાદવકીચડમાં મસ્ત થઈ પડેલો હતો. તેની પાસે ભૂંડણ અને નાનાં નાનાં અનેક બચ્ચાંઓ પણ હતાં. આવી અવસ્થામાં પણ ઇંદ્ર પોતાને ઘણોજ સુખી સમજતો હતો. તેની આવી અધમ અવસ્થા જોઇને દેવતાઓ તેની પાસે આવીને કહેવા લાગ્યા કે, "તમે દેવોના નૃપતિ છો. તમામ દેવો આપની આજ્ઞાનું પાલન કરવા તૈયાર છે અને તેમ છતાં તમારી આવી હાલત કેમ?" પોતાની સ્થિતિનું જેને વિસ્મરણ થઇ ગયું છે એવા ઇંદ્રે દેવતાઓને સંબોધીને કહ્યું કે, "હું અહીં જ્યાં છું ત્યાંજ ઘણો સુખી છું. મારે તમારા સ્વર્ગની પરવા નથી. મારી પાસે મારી ભૂંડણ અને મારાં બચ્ચાં છે ત્યાંસુધી મને તમારા સ્વર્ગની જરાયે દરકાર નથી." બિચારા દેવતાઓ તો આ જવાબ સાંભળીને ચકિતજ થઇ ગયા. શું કરવું તેની તેમને સમજ ન પડી. થોડા દિવસ પછી તેમણે પોતાના મનમાં એક પ્રકારનો સંકલ્પ કર્યો. તેમણે છાનામાના આવીને તેના એક બચ્ચાને મારી નાખ્યું. એમ એક પછી એક કરીને તેમણે તેનાં બધાંજ બચ્ચાંઓને મારી નાખ્યાં. ત્યાર પછી તેમણે પેલી ભૂંડણને પણ મારી નાખી. આ પ્રમાણે પોતાના સમગ્ર કુટુંબનો નાશ થયેલો જોઇ બિચારો ઇંદ્ર આર્તપણે વિલાપ કરવા લાગ્યો. પછી દેવતાઓએ ઇંદ્રના પોતાના ભૂંડના દેહને ચીરી નાખ્યો. જ્યારે તે ભૂંડના શરીરમાંથી બહાર નીકળ્યો અને પોતાને કેવું ભયંકર સ્વપ્ન આવ્યું હતું, તેની જ્યારે તેને ખબર પડી, ત્યારે તે પોતે પણ હસી પડ્યો. તેને થયું કે, હું ઇંદ્ર, દેવોનો શિરોમણિ

છતાં મને એવોજ ભ્રમ થઈ ગયો કે, હું ભૂંડ છું અને ભૂંડની જિંદગી એજ ખરેખરી જિંદગી છે. અરે! એટલુંજ નહિ પણ હું એમ ચાહતો કે, આખું વિશ્વ ભૂંડનું સ્વરૂપ ધારણ કરે તો કેવું સારૂં! વાહ! અહીં કેવી મજા છે! આવીજ રીતે પુરુષ પણ પ્રકૃતિ સાથે એકમેક થઇ જતાં પોતાના શુદ્ધ અને અનંત સ્વરૂપને ભૂલી જાય છે. આ પુરુષ અસ્તિત્વમાં છે એમ કહી શકાય નહિ; કારણકે તે પોતેજ અસ્તિત્વરૂપ છે. તેને જ્ઞાનસંપન્ન કહેવાય નહિ; કારણકે તે જ્ઞાનરૂપજ છે. તેને પ્રેમસંપન્ન પણ કહેવાય નહિ; કારણકે તે પોતેજ પ્રેમસ્વરૂપ છે. આત્માને અસ્તિત્વવાળો અને જ્ઞાનવાળો અને પ્રેમસંપન્ન કહેવો એ સંપૂર્ણ ભૂલ છે. પ્રેમ, જ્ઞાન અને અસ્તિત્વ એ પુરુષના ગુણ નથી, પણ એ તેનાં સ્વરૂપજ છે. જ્યારે એ તત્ત્વોનો પ્રકાશ કોઇ વસ્તુ ઉપર પડે છે, ત્યારે એ તત્ત્વો એ વસ્તુના ગુણ તરીકે કહેવાય છે; પણ પુરુષના ગુણ તો તે નથીજ. તેઓ તો આ મહાન પુરુષ જેને જન્મ નથી, મૃત્યુ નથી, જે પોતાનાજ મહિમા વડે પ્રકાશી રહ્યો છે, તેનું સ્વરૂપજ છે. તેને પોતાના સ્વરૂપનું એટલું બધું ગાઢ વિસ્મરણ થઇ ગયું છે કે, તેની પાસે જઇને કહેશો કે, "તું ભૂંડ નથી પણ આત્મા છે," ત્યારે તે આરડવા લાગશે અને તમને કરડવા દોડશે.

માયાના આવરણને લીધે આ જગતરૂપી સ્વપ્નની અંદર આપણી પેલા ઇંદ્રના જેવીજ દશા થઇ ગઈ છે. જ્યાંત્યાં રુદન, દુઃખ અને હાહાકાર ચાલી રહેલાં દેખાય છે. જેમ થોડાક પૈસા ભિખારીઓની વચ્ચે ફેંકવાથી તેઓ પડાપડી અને મારામારી મચાવી દે છે, તેમ આમ પણ કરોડો માનવોની વચમાં થોડાક સુવર્ણના લખોટાઓ ગબડાવવામાં આવે છે અને આખું જગત તેમને પકડી લેવા દોડાદોડી અને પકડાપકડી કરી રહ્યું છે. તમારૂં પોતાનું સ્વરૂપ વિચારો. તમે કોઇ પણ નિયમથી બંધાયેલા

નથીજ. પ્રકૃતિનાં બંધન તમને કોઇ કાળે લાગુ પડી શકે એમ નથી. યોગવિદ્યા તમને જે કાંઇ શીખવે તે તમે ધીરજ રાખીને શીખી લો. પુરુષ પ્રકૃતિની સાથે-મન અને જગતની સાથે-મળી જઇને પોતાને કેવી રીતે દુઃખી માની બેઠો છે; એ બધું રહસ્ય યોગવિદ્યા તમારી આગળ ખુલ્લું કરી દે છે. તે ઉપરાંત યોગીઓ તમને એમ પણ કહે છે કે, આ દુઃખમય સંસારને તરી જવાને માટે તેનો અનુભવ કરી લેવો. એ અનુભવ લીધા વિના છૂટકો તો નથીજ; પણ જેટલો તે જલદી લેવાશે તેટલા જલદી છૂટા થઇ જવાશે. આપણે હાથેજ જાળ ગૂંથીને તેમાં આપણે બંધાઈ ગયા છીએ. જાળને બનાવનાર આપણે છીએ, એ જાળમાં આપણે હાથેજ બંધાઇ ગયા છીએ અને તેમાંથી આપણા પુરુષાર્થ વડેજ છૂટા થઇ શકાશે. માટે પતિનો, પત્નીનો, મિત્રનો તથા બીજા નાના પ્રકારના સંબંધોનો અને વસ્તુસ્થિતિઓનો અનુભવ લઈ લો. જો તમે તમારૂં પોતાનું મૂળ સ્વરૂપ હમેશાં સ્મરણમાં રાખ્યા કરશો, તો તમે આ બધા અનુભવોમાંથી સત્વર અને નિર્વિઘ્ને પસાર થઈ શકશો. એકબીજા વચ્ચેના આ પ્રેમ અને તેના સંબંધો અલ્પકાલીન છે, એ સત્યનું કદી પણ વિસ્મરણ થવા ન દેતા. એ બધાની બહાર નીકળી જવું એજ આપણું લક્ષ્ય છે. ભોગ-સુખ-દુઃખનો અનુભવ એજ મહાન ગુરુ છે. ભોગને હમેશાં ભોગ-રૂપેજ માની લેજો. ક્રમે ક્રમે એ ભોગો-એ અનુભવોજ આપણને એવી સ્થિતિમાં લાવી મૂકશે કે, એ બધાએ આપણને તુચ્છ જેવા લાગશે અને પુરુષ વિશ્વવ્યાપી વિરાટસ્વરૂપે દેખાવા લાગશે. આખું જગત તેની આગળ પાણીનાં ટીપાં જેવું ક્ષુદ્ર બની જશે અને પછી તે તમારી આગળથી આપોઆપજ ઊડી જશે; કારણકે તેનું વાસ્તવિક રીતે અસ્તિત્વજ નથી. સારાંશ એ કે, સુખદુઃખના અનુભવો લીધા વિના આપણને ખરાખોટાનું ભાન થાય તેમ નહિ

હોવાથી તે અનુભવો લીધેજ છૂટકો છે; પણ તે ભોગવતી વખતે આપણું મૂળસ્વરૂપ આપણે વિસારવું જોઇએ નહિ.

विशेषाविशेषलिङ्गमात्राऽलिङ्गानि गुणपर्वाणि ॥ १९ ॥

સૂત્રાર્થ:—ગુણની નીચે જણાવેલી કેટલીક અવસ્થાઓ છે. જેવી કે વિશેષ, અવિશેષ, કેવળ ચિહ્નરૂપ અને ચિહ્ન વિનાની.

વિવેચન:—હું અગાઉનાં વ્યાખ્યાનોમાં કહી ગયો છું કે, યોગશાસ્ત્ર સાંખ્યદર્શનને આધારે રચાયેલું છે. આજે પણ સાંખ્ય-દર્શનમાં જગતની સૃષ્ટિનો વિષય કેવી રીતે સમજાવ્યો છે, તેનું હું તમને ફરીથી સ્મરણ કરાવી દઇશ. સાંખ્યદર્શન પ્રમાણે પ્રકૃતિ એ જગતનું નિમિત્તકારણ તેમજ ઉપાદાનકારણ પણ છે. એ પ્રકૃતિ ત્રિગુણાત્મક છે. એ ત્રણ ગુણ સત્ત્વ, રજસ અને તમસ એ નામથી ઓળખાય છે. તમસ કેવળ અંધકાર, અજ્ઞાન અને જડસ્વરૂપ છે. રજસ એ ક્રિયા અથવા ગતિસ્વરૂપ છે. સત્ત્વગુણ સ્થિર અને પ્રકાશસ્વરૂપ છે. સૃષ્ટિની પૂર્વે પ્રકૃતિ જે સ્થિતિમાં હતી તેને સાંખ્યમતવાદીઓ અવ્યક્ત, અવિશેષ અથવા અવિભક્ત કહે છે. એનો અર્થ એટલોજ છે કે, એ અવસ્થામાં નામરૂપનો ભેદ હોતો નથી અને આ ત્રણે ગુણ સામ્યભાવે પડી રહેલા હોય છે. ત્યાર પછી એ સામ્ય અવસ્થાનો ભંગ થતાં એ ત્રણે ગુણ વિશેષરૂપે જુદા જુદા પ્રમાણમાં મિશ્ર થવા લાગે છે અને તેને પરિણામે જગતની રચના થાય છે. દરેક વ્યક્તિમાં આ ત્રણે ગુણ રહેલા છે. જેની અંદર સત્ત્વગુણનું પ્રાબલ્ય હોય છે, તેનામાં જ્ઞાનનો ઉદય થવા લાગે છે. રજોગુણનું પ્રાબલ્ય થવાથી ક્રિયા-શક્તિની વૃદ્ધિ થાય છે અને તમોગુણ વધી પડવાથી આળસ, અજ્ઞાન અને અંધકારનું આવરણ ઘેરાય છે. સાંખ્યદર્શન પ્રમાણે ત્રિગુણાત્મક પ્રકૃતિના સર્વથી ઉચ્ચતમ વિકાસ—પ્રકટીકરણને મહત્ અથવા બુદ્ધિતત્ત્વ કહે છે. તે તત્ત્વ સર્વવ્યાપી છે. પ્રત્યેક મનુ-

ષ્ટની બુદ્ધિ એ સર્વવ્યાપી બુદ્ધિનો એક અંશ છે. સાંખ્યમનોવિજ્ઞાનમાં મન અને બુદ્ધિની વચ્ચે મોટો પ્રભેદ માનેલો છે. મનનું કાર્ય એટલુંજ છે કે, તમામ સંસ્કારોના સમૂહને બુદ્ધિ એટલે વ્યક્તિગત મહત્‌ની આગળ રજૂ કરી દેવા. પછી એ સર્વ ઉપરથી નિશ્ચય કરવાનું કાર્ય બુદ્ધિનું છે. મહત્‌માંથી અહંતત્ત્વ અને અહંતત્ત્વમાંથી સૂક્ષ્મ પદાર્થોની ઉત્પત્તિ થાય છે. એ સૂક્ષ્મ પદાર્થોનું પરસ્પર સંમિશ્રણ થવાથી બાહ્ય સ્થૂળ પદાર્થોની રચના થાય છે, અને એમ કરતાં કરતાં સ્થૂળ જગત ઊભું થાય છે. સાંખ્યદર્શન એવા મતનું પ્રતિપાદન કરે છે કે, બુદ્ધિથી માંડીને પથ્થર સુધીના તમામ પદાર્થો એકજ મૂળ વસ્તુમાંથી ઉત્પન્ન થયા છે. ફેર માત્ર તેમની વત્તીઓછી સૂક્ષ્મતામાં તથા સ્થૂળતામાંજ છે. એ બધા પદાર્થોમાં સૌથી વધારે સૂક્ષ્મ વસ્તુ બુદ્ધિ છે. તેના પછી અહંકાર અને તેના પછી સૂક્ષ્મ પદાર્થો જેમને સાંખ્યદર્શનમાં તન્માત્રા એવું નામ આપેલું છે તે, ઉત્તરોત્તર એકબીજાથી સ્થૂળ છે. એ સૂક્ષ્મ પદાર્થો નજરે જોઈ શકાતા નથી. માત્ર અનુમાનદ્વારાજ તેમનું અસ્તિત્વ જાણી શકાય છે. એ તન્માત્રાઓનું પરસ્પર સંમિશ્રણ થવાથી સ્થૂળ આકૃતિ બંધાય છે અને તેમાંથીજ આખું જગત ઊભું થયું છે. જે બીજાને મુકાબલે સૂક્ષ્મ છે તે કારણ છે અને જે બીજાની અપેક્ષાએ સ્થૂળ છે તે કાર્ય છે. આ પ્રમાણે પદાર્થમાત્રનો આરંભ બુદ્ધિમાંથીજ થયો છે. સૌથી વધારે સૂક્ષ્મ પદાર્થ બુદ્ધિ છે અને એ બુદ્ધિ ધીમે ધીમે વધારે વધારે સ્થૂળ સ્વરૂપ પકડતી ચાલીને આખરે સ્થૂળ પદાર્થો—જગતરૂપે પરિણામ પામે છે. સાંખ્યમત પ્રમાણે પુરુષ પ્રકૃતિથી પર છે. તે લેશમાત્ર પણ જડ કે ભૌતિક પદાર્થ નથી. બુદ્ધિ, મન, તન્માત્રા અને સ્થૂળ પદાર્થો એમાંના કોઈનું પણ તેની સાથે સામ્ય નથી. એ તો સર્વ પ્રકારે સર્વથી ભિન્ન છે, એનાં લક્ષણ પણ સૌથી જુદાજ

પ્રકારનાં છે. આ ઉપરથી-સાંખ્યમતવાળા એવો સિદ્ધાંત સ્થાપિત કરે છે કે, પુરુષ મૃત્યુરહિત—અજરઅમર—છે; કારણકે તે કોઈ પણ પદાર્થના મિશ્રણથી બન્યો નથી. જે મિશ્રણથી ઉત્પન્ન થતો નથી, તેનો કોઇ દિવસ નાશ પણ થઈ શકતો નથી. એ પુરુષ અથવા આત્માની સંખ્યા અગણિત છે.

હવે જે સૂત્રનું વિવેચન ચાલે છે તેનું તાત્પર્ય આપણે સમજી શકીશું. "વિશેષ" શબ્દ આ ઠેકાણે સ્થૂળ પદાર્થોના સંબંધમાં વપરાયો છે; ખાસ કરીને જેમનો આપણે ઇંદ્રિયો વડે અનુભવ કરીએ છીએ, તેમને ઠેકાણે વપરાયો છે. "અવિશેષ" એટલે સૂક્ષ્મ પદાર્થો અથવા તન્માત્રા. આ તન્માત્રાનો અનુભવ સામાન્ય માણસો કરી શકતાં નથી. પતંજલિ કહે છે કે, તમે યોગાભ્યાસ કર્યે જશો, તો તમારી અનુભવશક્તિ એવી સૂક્ષ્મ બની જશે કે, તમે આ તન્માત્રાનો પણ અનુભવ કરી શકશો. તમે સાંભળ્યું હશે કે, દરેક માણસની ચોતરફ એક પ્રકારનું તેજ હોય છે. પ્રત્યેક પ્રાણીના શરીરમાંથી ચોક્કસ પ્રકારનું તેજ હમેશાં નીકળ્યાજ કરે છે. પતંજલિ કહે છે કે, એ તેજને માત્ર યોગીઓજ જોઈ શકે છે. આપણે બધા એ તેજને જોઈ શકતા તો નથી; તોપણ જેમ પુષ્પમાંથી સુગંધરૂપે—અત્યંત સૂક્ષ્મ પરમાણુરૂપે—તન્માત્રા બહાર નીકળ્યા કરે છે, તેવી રીતે આપણા શરીરમાંથી પણ હમેશાં એક પ્રકારના તેજરૂપે તન્માત્રા બહાર નીકળ્યાજ કરે છે. કોઇના શરીરમાંથી પવિત્ર તો કોઇના શરીરમાંથી અપવિત્ર—પણ દરરોજ આપણા દરેકના શરીરમાંથી ઢગલાબંધ સૂક્ષ્મ તન્માત્રાનો પ્રવાહ નીકળ્યેજ જાય છે અને આપણે જ્યાં જ્યાં જઇએ છીએ, ત્યાં ત્યાં ચારે બાજુએ એ તન્માત્રા વડે બધું સ્થાન ભરી દઇએ છીએ. મનુષ્યના મનમાં મંદિર અને દેવાલયોની રચના કરવાની વૃત્તિ સ્ફુરી છે, તેનું આજ

રહસ્ય છે. ઇશ્વરની ઉપાસના કરવા માટે મંદિર બાંધવાની શી જરૂર છે? જ્યાં પણ કરવું હોય, ત્યાં ઈશ્વરનું ધ્યાનભજન થઇ શકે છે; પરંતુ તેમને સ્વાભાવિક રીતે એમ લાગ્યું કે, જે ઠેકાણે બેસીને લોકો હમેશાં ઇશ્વરની ભક્તિ કરતા હોય તે જગ્યા ઘણા મોટા પ્રમાણમાં પવિત્ર તન્માત્રાથી પરિપૂર્ણ થઈ જાય છે. લોકો ત્યાં દરરોજ ઇશ્વરોપાસના કરવા જાય છે અને જેમ જેમ વધારે લોકો એ હેતુથી ત્યાં જતા જાય છે, તેમ તેમ એ જગ્યા વધારે પવિત્ર બનતી જાય છે. જે વ્યક્તિના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થયો ન હોય, એવો કોઇ માણસ ત્યાં જાય, તોપણ તે સ્થાનની અસર તેના ઉપર થાય છે અને તેના હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થઈ આવે છે. મંદિરો અને દેવાલયોને શા માટે પવિત્ર માનવામાં આવે છે, તેનું કારણ આ ઉપરથી સમજાઇ જાય છે; પરંતુ આમાં પણ એટલું તો હમેશાં સ્મરણમાં રાખવું ઘટે છે કે, સાધુ પુરુષોના સમાગમના ઉપરજ એ સ્થાનોની પવિત્રતાનો આધાર રહેલો છે; પણ એ સંબંધી લોકો ભ્રમમાં પડેલા છે. તેઓ મૂળ ઉદ્દેશ ભૂલી ગયા છે અને ગાડી આગળ ઘોડો ન જોડતાં, ઘોડાની આગળ કોઈ અજ્ઞાની માણસ ગાડીને ગોઠવે તેમ આ મંદિરોની બાબતમાં લોકો મોટી ભૂલ કરી રહ્યા છે. પ્રથમ તો કોઇ પણ સ્થાનને સાધુ પુરુષોજ પવિત્ર બનાવે છે અને પછી તે પવિત્રતા બીજા લોકોને પવિત્ર કરે છે જો એ સ્થાનોમાં હમેશાં સામાન્ય માણસોજ રહેતાં હોય અથવા અપવિત્ર માણસોજ જતાંઆવતાં હોય, તો એ જગ્યાઓ પણ બીજી અપવિત્ર જગ્યાઓના જેવીજ બની જાય છે મંદિર તેના પોતાના માહાત્મ્યથી નહિ, પણ પવિત્ર લોકોના સંસર્ગથી પવિત્રતા ધારણ કરે છે, આ તત્ત્વ આપણે હમેશાં ભૂલતા આવ્યા છીએ. આજ કારણને લીધે પ્રબળ સત્ત્વગુણસંપન્ન સંતમહાત્માઓ પોતાની આસપાસ ચારે બાજુએ

સત્ત્વગુણનો પ્રભાવ ફેલાવી દે છે અને તેની અસર તેમના સંસર્ગમાં આવનાર માણસો ઉપર પડ્યા વગર રહેતી નથી. મનુષ્ય એટલી હદ સુધી પવિત્ર થઇ જાય છે કે, તેની પવિત્રતા તેના શરીરમાંથી વહ્યા કરે છે. સાધુઓનું શરીર પવિત્ર બની જાય છે અને તેઓ જ્યાં જ્યાં વિચરણ કરે છે, તે બધી જગ્યાઓને પવિત્ર બનાવી દે છે. આ હું કવિતાની ભાષામાં કહેતો નથી. આ રૂપક નથી, પણ સાધુઓના શરીરમાંથી ઝરતી પવિત્રતા એક ઇંદ્રિય-ગોચર બાહ્યવસ્તુના જેટલીજ અનુભવગમ્ય છે. બીજી વસ્તુઓની માફક તે પણ વાસ્તવિક અસ્તિત્વ ધરાવે છે અને તેના સંસર્ગમાં આવનાર દરેક જણને પવિત્રતા અર્પણ કરે છે.

હવે "કેવળ ચિહ્નરૂપ" એ શબ્દનો અર્થ વિચારીએ. એ શબ્દ "બુદ્ધિ" અથવા મહત્તત્ત્વના અર્થમાં વપરાયો છે. બુદ્ધિ એ મહત્તત્ત્વ અથવા પ્રકૃતિનું પહેલુંજ પ્રકટીકરણ છે. એમાંથીજ પછી બીજાં બધાં પ્રકટીકરણો-વસ્તુઓ ઉત્પન્ન થઇ પ્રકાશમાં આવવા લાગે છે. ગુણની એ અવસ્થાને "અલિંગ" અથવા "ચિહ્નશૂન્ય" એવું નામ આપવામાં આવ્યું છે. આ બાબતમાં આધુનિક વિજ્ઞાન અને ધર્મશાસ્ત્રની વચ્ચે ભારે મતભેદ ઊભો થયો છે. દરેક ધર્મમાં એક સ્વીકૃત સિદ્ધાંત જોવામાં આવે છે કે, આ જગત ચૈતન્યશક્તિદ્વારા પેદા થયેલું છે. દરેક ધર્મ આ તત્ત્વનો સ્વીકાર તો કરે છે; છતાં પણ કેટલાક ધર્મમાં તાત્ત્વિક દૃષ્ટિએ એ સંબંધી વિશેષ સંગીન વિચાર કરેલો લાગે છે. આથી કરીને આ વિષયની ચર્ચા કરતાં તેઓ વૈજ્ઞાનિક પરિભાષાનો ઉપયોગ કરે છે. ઇશ્વર એ આપણા જેવી વ્યક્તિ છે કે નહિ, એ પ્રશ્નને બાજુએ મૂકીને માત્ર મનોવિજ્ઞાનની રીતે વિચાર કરતાં પણ ઈશ્વર-વાદનું તાત્પર્ય એજ જણાય છે કે, બુદ્ધિ અથવા મહત્તત્ત્વ એજ આ સૃષ્ટિનો સર્વથી પહેલો પ્રકટ થયેલો પદાર્થ છે અને તેમાં-

થીજ બીજા બધા સ્થૂળ પદાર્થો ઉત્પન્ન થયેલા છે; પરંતુ આધુનિ
દાર્શનિકો એવો અભિપ્રાય જાહેર કરે છે કે, ચૈતન્યનું પ્રાગટ
છેક છેલ્લુંજ થાય છે. સારાંશમાં તેમનો અભિપ્રાય એવો છે કે
અચેતન જડ વસ્તુઓ ધીમે ધીમે ચેતન અથવા જીવરૂપે પરિણા
પામતી જાય છે અને એ જીવો ઉન્નતિક્રમ પ્રમાણે વિકાસ પામત
પામતાં અંતે મનુષ્યાકૃતિ ધારણ કરે છે. તેઓ એવું સિદ્ધ કરવ
માગે છે કે, જગતની બધી વસ્તુઓ ચૈતન્યમાંથી પ્રકટ થાય
એમ નહિ, પણ ચૈતન્ય પોતેજ સૌથી છેલ્લું પ્રકટ થાય છે. અ
રીતે ધર્મ અને વિજ્ઞાનના સિદ્ધાંત એકબીજાથી પૂરેપૂરા વિરુ
છે, તોપણ તે બેઉ સત્ય છે એમ કહી શકાય. એક અનંત વસ્
ઓની શ્રેણી અથવા સાંકળ લો; જેમકે क–ख–क–ख–क–
ઇત્યાદિ. હવે પ્રશ્ન એ છે કે, એમાં क પહેલો કે ख પહેલો?
તમે આ શ્રેણિને क–ख એ રીતે વાંચો તો તમને જરૂર क પહેલે
અક્ષર છે એમ લાગ્યા વગર નહિ રહે; પણ કોઇ માણસ ख–
એવા ક્રમમાં વાંચે તો તેને પહેલો અક્ષર ख છે એવુંજ જ્ઞા
થશે. આપણે જે રીતે આ અક્ષરમાળાને ઉકેલીએ તે પ્રમાં
આપણને તેના ક્રમનું જ્ઞાન થાય છે. ચૈતન્યનું અનુલોમ રીતિ
ઘનીકરણ થતાં તે સ્થૂલ પદાર્થોનાં સ્વરૂપ ધારણ કરે છે અને તે
પાછું વિલોમ રીતે ચૈતન્યરૂપ બની જાય છે. આ પ્રમાણે સૃષ્ટિ
ચક્ર ચાલ્યું જાય છે. સાંખ્યવાદીઓ તથા બીજા કેટલાક ધર્મ
દાર્શનિકો ચૈતન્યને અગ્રસ્થાન આપે છે, એથી કરીને એમ
દૃષ્ટિએ પ્રથમ ચૈતન્ય અને ત્યાર પછી સ્થૂળ પદાર્થો, એવો
સાંકળનો ક્રમ દેખાય છે. વૈજ્ઞાનિકો પ્રથમ સ્થૂળ પદાર્થથી આ
રંભ કરે છે, એટલે તેમની નજરમાં પ્રથમ સ્થળ અને ત્યાર પ
ચૈતન્ય એવો ક્રમ દેખાય એમાં પણ કાંઇ નવાઈ નથી; પણ
અને ચૈતન્ય બેઉ અનંત વસ્તુરૂપી એકજ સાંકળના અંકોડા

ભારતીય દર્શનશાસ્ત્ર એ જડ અને ચૈતન્ય બેઉની પાર જઇને પુરુષ અથવા આત્મા સુધી પહોંચી જાય છે. એ આત્મા જ્ઞાનાતીત છે અને જ્ઞાન પોતે પણ તે આત્માદ્વારાજ પ્રાપ્ત થતા તેજસ્વરૂપે છે.

द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः ॥ २० ॥

સૂત્રાર્થ:—દ્રષ્ટા કેવળ જ્ઞાનરૂપ અને પવિત્ર છે; તોપણ બુદ્ધિદ્વારા (બુદ્ધિમાં પ્રવેશ કરીને) જુએ છે.

વિવેચન:—અહીં પણ સાંખ્યદર્શનનોજ સિદ્ધાંત આવે છે. આપણે હમણાં જોઇ ગયા છીએ કે, સાંખ્યદર્શનના સિદ્ધાંત પ્રમાણે ક્ષુદ્રમાં ક્ષુદ્ર પદાર્થથી માંડીને ઠેઠ બુદ્ધિ સુધીના તમામ પદાર્થોનો પ્રકૃતિમાં સમાવેશ થાય છે; પરંતુ પુરુષસમૂહ અર્થાત્ આત્માઓ પ્રકૃતિથી જુદા છે અને આત્મામાં કોઇ પ્રકારનો ગુણ હોતો નથી. આમ છતાં આત્મા સુખીદુઃખી થતો જોવામાં આવે છે. તેનું કારણ એ છે કે, જળના હાલવાથી જળમાંનું પ્રતિબિંબ હાલતું દેખાય છે; અથવા જેમ સ્ફટિકના કટકાની સામે પડેલા લાલ રંગના પુષ્પને લીધે તે સ્ફટિક લાલ રંગનો દેખાય છે; તેજ પ્રમાણે આપણે પણ જે સુખદુઃખ વગેરેનો અનુભવ કરીએ છીએ તે કેવળ પ્રતિબિંબમાત્રજ છે. આત્માને એમાંનું કશુંયે હોતું નથી. આત્મા તો પ્રકૃતિથી તદ્દન જુદીજ વસ્તુ છે. સાંખ્યમતવાદીઓ કહે છે કે, જ્ઞાન એક મિશ્ર પદાર્થ છે. તેની સ્થિતિમાં વૃદ્ધિ, ક્ષય વગેરે ફેરફારો થયા કરે છે. શરીરની માફક તેનામાં પણ ફેરફારો થયાજ કરે છે. શરીરના બધા ધર્મ જ્ઞાનમાં જોવામાં આવે છે. શરીરને નખ સાથે જે પ્રકારનો સંબંધ છે, તેજ પ્રકારનો સંબંધ જ્ઞાનને શરીર સાથે છે; અલબત, નખ એ શરીરનો એક ભાગ છે; પરંતુ સેંકડો વાર એ નખને કાપી નાખ્યા છતાં પણ શરીર તો તેવું ને તેવુંજ રહે છે; તેમ એક પછી એક અનેક શરીર ખરતાં જાય, પણ જ્ઞાન તો કલ્પના કલ્પ સુધી કાયમ-

જ રહે છે. પરંતુ એ જ્ઞાન પણ સૃષ્ટ પદાર્થ છે અને તેમ હોવાથી તે પણ અવિનાશી હોઇ શકે નહિ; કારણકે તેનામાં વૃદ્ધિ, ક્ષય એવા વિકારો—ફેરફારો જોવામાં આવે છે અને જે વસ્તુ પરિવર્તનશીલ હોય તે કદાપિ અવિનાશી હોયજ નહિ. બીજું, જ્ઞાન એ મિશ્ર પદાર્થ છે. તે ઉપરથી પણ સમજી શકાય છે કે, એના ઉપર—એના કરતાં કોઇ શ્રેષ્ઠ વસ્તુ હોવી જોઇએ. સૃષ્ટ પદાર્થ—મિશ્રણથી ઉત્પન્ન થયેલો પદાર્થ કદી પણ મુક્ત સ્વરૂપ હોઈ શકે નહિ. જેને પ્રકૃતિની સાથે સંબંધ છે, જે પ્રકૃતિની અંદરની વસ્તુ છે, તે સદાને માટે બદ્ધ—પરતંત્રજ હોય છે. હવે ત્યારે સર્વથી મુક્ત કોણ? જે વસ્તુ કાર્યકારણના સંબંધથી પર હોય તેજ વાસ્તવમાં મુક્ત હોઇ શકે. તમે કહેશો, તમારી મુક્તિની માન્યતાજ ભ્રમાત્મક છે; તો હું કહીશ કે, તમારી બંધનની માન્યતા પણ પૂરેપૂરી ભ્રમાત્મક છે. આપણા જ્ઞાનમાં હમેશાં બે પ્રકારની ભાવનાઓ જોવામાં આવે છે અને તે બંને એકબીજાને આધારેજ ટકી રહે છે. જો એમાંની એક ન હોય તો બીજી ટકી શકે નહિ. એ બેમાંની એક ભાવના એ છે કે, આપણે બંધાયેલા છીએ અને બીજી એ છે કે, આપણે મુક્ત છીએ. ધારો કે, આપણને દીવાલની આરપાર થઇને જવાનું મન થઇ આવ્યું, પણ આપણું માથું દીવાલ સાથે ભટકાયું એટલે આપણે દીવાલથી બંધાયેલા છીએ એવું આપણને જ્ઞાન ઉત્પન્ન થયું; પણ તેની સાથે આ વાતનું પણ ભાન આપણને હોય છેજ કે, અત્યારે આપણી ગતિ દીવાલથી રોકાયેલી છે ખરી; પરંતુ આપણી ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ કાંઇ જતી રહી નથી અને આપણે ધારીએ તો તેનો ઉપયોગ કરીને એ અંતરાયને ટાળી શકીએ છીએ. દરેક બાબતના સંબંધમાં આવી પરસ્પર વિરુદ્ધ ભાવનાઓ આપણી આગળ આવીને ઊભી રહે છે. આપણે મુક્ત છીએ, એ વાત સ્વીકાર્યા છતાં

દરેક પળે આપણે અનુભવીએ છીએ કે, આપણે મુક્ત નથી. જો આ બેમાંથી કોઇ પણ એક ભાવના અસત્ય હોય, તો પછી બીજી પણ અસત્ય હોવી જોઇએ; કારણકે બેઉનો આધાર એક બીજાની હયાતી ઉપરજ છે. યોગીઓ કહે છે કે, આ બેઉ ભાવનાઓ સાચી છે. બુદ્ધિના પ્રદેશ સુધી આપણે બંધાયેલા છીએ; પણ આત્મારૂપે આપણે સ્વભાવથીજ મુક્ત છીએ. મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ જે પુરુષ અથવા આત્મા, તે કાર્યકારણની સીમાથી બહારની વસ્તુ છે. એ આત્માનો મુક્તસ્વભાવજ સ્થૂળ પદાર્થના અનેક પ્રકારના થરમાં થઇને પ્રકાશિત થાય છે અને એ રીતે બુદ્ધિ, મન વગેરે નાના પ્રકારનાં અનેક ભિન્નભિન્ન સ્વરૂપો ધારણ કરે છે, પણ એ સર્વમાં થઇને પ્રકાશિત થતું તેજ તો આત્માનુંજ છે. બુદ્ધિમાં પોતાનું કશુંજ ચૈતન્ય નથી. દરેક ઇંદ્રિયનું મગજની અંદર એકએક કેંદ્ર હોય છે. બધી ઇંદ્રિયોનું એક સામાન્ય કેંદ્ર હોતું નથી, પણ દરેક ઇંદ્રિયને પોતપોતાનું સ્વતંત્ર કેંદ્ર હોય છે. ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે, બધી ઇંદ્રિયોના અનુભવોનો સમન્વય કરનાર કોણ? એ એકીકરણ જો મગજદ્વારા થતું હોય તો તો નેત્ર, કાન, નાક સર્વને માટે એકજ કેંદ્ર હોવું જોઇએ. પરંતુ આપણે નિશ્ચયપૂર્વક જાણીએ છીએ કે, દરેક ઇંદ્રિયને પોતપોતાનું સ્વતંત્ર કેંદ્ર છે અને તેમ છતાં પણ લોકો એક સાથે જોઇ શકે છે અને સાંભળી શકે છે. આ ઉપરથી સમજાશે કે, બુદ્ધિની પાછળ અમુક એક તત્ત્વ હોવુંજ જોઇએ. બુદ્ધિનો મગજની સાથે કાયમનો સંબંધ છે; પણ એ બુદ્ધિની પાછળ જે પુરુષ રહેલો છે તે એક તત્ત્વસ્વરૂપ છે. જયારે જુદાજુદા અનુભવો આત્માની પાસે પહોંચી જાય છે, ત્યારે ત્યાં તેમનું સર્વનું એકીકરણ થાય છે. જુદીજુદી ઇંદ્રિયોના અનુભવો જયાં એકઠા થતા હોય એવું એક કેંદ્ર તે આત્મા છે અને એ આત્મા સ્વાભાવિક રીતેજ

મુક્ત છે. એ આત્માનો મુક્તસ્વભાવજ તમને પળે પળે કહ્યા કરે છે કે, તમે મુક્ત છો; પણ તમે ભ્રમમાં પડી જઇને એ મુક્ત સ્વભાવને દરેક પળે બુદ્ધિ અને મનની સાથે સેળભેળ કરી દો છો. તમે આત્માનું બુદ્ધિમાં આરોપણ કરી દો છો, તેથીજ તમને એમ સમજાય છે કે, તમે મુક્ત નથી. તમે એ મુક્તસ્વભાવનું શરીરમાં આરોપણ કરો છો, ત્યારે પણ તરતજ કુદરત તમને તમારી ભૂલ બતાવી દે છે અને કહે છે કે, મુક્તિ એ દેહનો ધર્મ નથી. આ પ્રમાણે ભ્રમને લીધેજ આપણને મુક્તિ અને બંધનના જુદાજુદા ભાવો અનુભવાય છે. યોગી મુકિત અને બંધન બેઉનો વિચાર કરે છે. કોણ મુકત છે અને કોણ બંધાયેલું છે તેનો તે વિવેક કરી લે છે; એટલે તેજ ક્ષણે તેનો અજ્ઞાનનો અંધકાર ટળી જાય છે. યોગી જોઈ શકે છે કે, બુદ્ધિ, દેહ વગેરે નહિ પણ એકલો પુરુષજ મુકત છે. તે જ્ઞાનસ્વરૂપ છે. તે બુદ્ધિની મારફતે સાન્ત (અંતવાળા) જ્ઞાનરૂપે પ્રકાશિત થાય છે અને તેજ કારણથી તે બદ્ધ થયેલો પ્રતીત થાય છે.

तदर्थ एव दृश्यस्यात्मा ॥ २१ ॥

સૂત્રાર્થઃ—ચિન્મય પુરુષના પ્રયોજન (ભોગ અને મુકિતને માટેજ) દશ્ય-પ્રકૃતિનું સ્વરૂપ છે.

વિવેચનઃ—પ્રકૃતિમાં પોતામાં કશું ચૈતન્ય નથી. જયાંસુધી પુરુષ તેની સાથે ઊભેલો હોય છે, ત્યાંસુધીજ તે ચૈતન્યયુકત દેખાય છે. જેમ ચંદ્રનો પ્રકાશ તેનો પોતાનો નથી, પણ સૂર્યનોજ પ્રકાશ તેની મારફતે પ્રતિબિંબિત થાય છે; તેવી રીતે પ્રકૃતિનું ચૈતન્ય પણ આત્મામાંથીજ આવેલું છે. યોગીઓના અભિપ્રાય પ્રમાણે આખું જગત પ્રકૃતિનીજ રચના છે; પરંતુ પુરુષને મુકત કરવા સિવાય પ્રકૃતિનો બીજો કશો હેતુ રહેલો નથી.

कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात् ॥ २२ ॥

સૂત્રાર્થઃ—કૃતાર્થ (મુકત) પુરુષને માટે તે નષ્ટ થયા છતાં અન્ય સર્વ પુરુષોને માટે તેનો નાશ થતો નથી; કારણકે તેમને માટે તો તે સાધારણ છે.

વિવેચનઃ—પુરુષને એવું દર્શાવી આપવું કે, તે પ્રકૃતિથી અલગ અને સ્વતંત્ર છે; એ એકજ પ્રકૃતિનું લક્ષ્ય છે અને જ્યારે પુરુષ એ ભેદ સંપૂર્ણ રીતે સમજી જાય છે, ત્યારે પછી તેના ઉપર પ્રકૃતિનું આકર્ષણ રહેતું નથી, પ્રકૃતિ તેને લલચાવી શકતી નથી; પરંતુ એવા મુકત પુરુષને માટેજ એ પ્રમાણે પ્રકૃતિ ઊડી જાય છે અને બીજા જે કરોડો પુરુષ આ જ્ઞાન વગરના હોય, તેમને માટે તો પ્રકૃતિ પોતાનું કાર્ય કર્યાજ કરવાની.

स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः ॥ २३ ॥

સૂત્રાર્થઃ—દૃશ્ય (પ્રકૃતિ) અને તેનો સ્વામી (પુરુષ) એ બેઉની શક્તિઓની ઉપલબ્ધિનો હેતુ સંયોગ છે.

વિવેચનઃ—આ સૂત્રમાં કહ્યા પ્રમાણે જ્યારે આત્મા પ્રકૃતિની સાથે સંયુક્ત થાય છે, ત્યારે એ સંયોગના પરિણામે દ્રષ્ટૃત્વ અને દૃશ્યત્વ એ બેઉ શક્તિઓ પ્રકટ થાય છે. એમ થાય છે ત્યારેજ જગતનો પ્રપંચ નાના પ્રકારનાં રૂપોમાં વ્યક્ત થાય છે. આ સંયોગનો હેતુ અજ્ઞાનજ છે. આપણે દરરોજ જોઇએ છીએ કે, આપણો અને શરીરનો સંયોગ એજ આપણા સુખદુઃખનું મૂળ કારણ છે. આપણે આ શરીર નથી, પણ શરીરથી તદ્દન જુદાજ છીએ, એવું જો આપણને નિશ્ચયપૂર્વક જ્ઞાન થઇ જાય તો પછી ઠંડી, ગરમી તથા એવો બીજો શરીરને લગતો કોઇ પણ ખ્યાલ આપણા મનમાં આવી શકેજ નહિ. આ શરીર માત્ર પરમાણુઓનો સમૂહજ છે. મારો દેહ જુદો, તમારો દેહ જુદો અને સૂર્યનો દેહ જુદો એ સર્વ કહેવામાત્રજ છે. આ આખું જગત પદાર્થના એક મહાન સમુદ્રતુલ્ય છે. હું, તમે અને સૂર્ય સર્વ

તેમાંનાં બિંદુઓ છીએ. આપણે વિશેષમાં એમ પણ જાણીએ છીએ કે, આ પદાર્થોનાં હમેશાં નાના પ્રકારનાં રૂપાંતર થયાજ કરે છે. આજ જે પદાર્થથી સૂર્યનું અંગ બનેલું છે, તેજ કાલે આપણા શરીરમાં દાખલ થઇને આપણા શરીરનું ઉપાદાન બની જશે.

तस्य हेतुरविद्या ॥ २४ ॥

સૂત્રાર્થઃ—આ સંયોગનું કારણ અવિદ્યા અથવા અજ્ઞાન છે.

વિવેચનઃ—અજ્ઞાનને વશ થઇનેજ આપણે પોતાના આત્માને શરીરની સાથે જોડાઈ ગયેલો માની લીધો છે અને એવી રીતે આપણેજ આપણે માટે દુઃખનાં દ્વાર ખુલ્લાં કરી દીધાં છે. હું આ શરીર છું, એવી માન્યતા એ તો ચોખ્ખી ભ્રાંતિજ છે. એ ભ્રાંતિને લીધેજ આપણે સુખી છીએ અથવા દુઃખી છીએ એવી માન્યતામાં—ભ્રમમાં પડતા આવ્યા છીએ. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આવા કુસંસ્કારને લીધેજ આપણે શીત, ઉષ્ણ, સુખ, દુઃખ, એવી અનેક પ્રકારની લાગણીઓનો ઉપભોગ કરીએ છીએ. આ સંસ્કારને દબાવી દેવાની યોગ્યતા મેળવવી એ આપણું કર્તવ્ય છે. આ કાર્ય કેવી રીતે સિદ્ધ કરવું તેનો ઉપાય યોગવિદ્યા બતાવે છે. અમુક પ્રકારની માનસિક સ્થિતિમાં માણસનું શરીર દાઝી ઊઠે પણ તેને કશી વેદના થતી નથી, એવું ચોક્કસ પૂરવાર થઇ ચૂક્યું છે; પરંતુ મનની એવી ઊંચા પ્રકારની સ્થિતિ કોઈ કોઈવાર વાવાઝોડાની માફક ચાલી આવે છે અને બીજીજ પળે ચાલી જાય છે; માટે જો યોગવિદ્યાની મદદથી, શાસ્ત્રીય પદ્ધતિએ એ અવસ્થા આપણે સદાને માટે પ્રાપ્ત કરીએ, તો પછી શરીર અને આત્માને આપણે સદાને માટે અલગ કરી શકીએ.

तदभावात् संयोगाभावो हानं तद्दृशेः कैवल्यम् ॥ २५ ॥

સૂત્રાર્થઃ—તે અવિદ્યાનો—અજ્ઞાનનો અભાવ થવાથી પુરુષ

અને પ્રકૃતિનો સંયોગ નષ્ટ થઇ જાય છે. એને "હાન" અર્થાત્ અજ્ઞાનનો પરિત્યાગ કહે છે, અને એજ દ્રષ્ટાનું એટલે પુરુષનું કૈવલ્ય જાણવું.

વિવેચનઃ—યોગશાસ્ત્રના અભિપ્રાય પ્રમાણે અવિદ્યાને લીધે-જ પુરુષ પ્રકૃતિની સાથે તાદાત્મ્ય પામ્યો છે. આમ હોવાથી એ પ્રકૃતિની આપણા ઉપર જે સત્તા જામેલી છે, તેમાંથી મુક્ત થવું એજ આપણું મુખ્ય લક્ષ્ય હોવું જોઇએ. તમામ ધર્મોનું એજ એક સામાન્ય લક્ષ્ય છે. દરેક આત્મા પોતે અવ્યક્ત બ્રહ્મ છે. બાહ્ય અને આંતરપ્રકૃતિને વશ કરીને પોતાના એ બ્રહ્મભાવને પ્રગટાવવો–અનુભવવો એજ મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય છે. કર્મ, ઉપાસના, મનોનિગ્રહ અથવા જ્ઞાન એમાંથી કોઈ પણ એક, એક કરતાં વધારે અથવા બધાયે ઉપાયો વડે પોતાના બ્રહ્મ-ભાવને પ્રગટાવવો અને મુક્ત થવું, એજ ધર્મનો મુખ્ય અને આંતરિક ઉદ્દેશ છે. સંપ્રદાયો, કર્મકાંડો, શાસ્ત્રો, મંદિરો, મૂર્તિ-ઓ અને એવાં સઘળાં બાહ્યસાધનો તથા આચારો, એ બધાં ધર્મનાં ગૌણ અંગોજ છે. યોગી તો આત્મસંયમદ્વારાજ આ પરમ લક્ષ્યની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન આદરે છે. જ્યાંસુધી આ-પણે આપણી જાતને પ્રકૃતિની સત્તામાંથી મુક્ત ન કરીએ, ત્યાં-સુધી આપણે અવિદ્યાના ગુલામજ છીએ અને પ્રકૃતિ જેમ ચલાવે તેમ આપણે ચાલવુંજ પડે છે. યોગીઓ કહે છે કે, જે પોતાના મનને વશ કરી લે છે, તે બાહ્યપદાર્થો ઉપર પણ પોતાની સત્તા બેસાડી દે છે. બાહ્યપ્રકૃતિ કરતાં અંતઃપ્રકૃતિ ઊંચા પ્રકારની હોવા-થી અંતઃપ્રકૃતિ ઉપર જય મેળવવો એ બાહ્યપ્રકૃતિને જીતવા કરતાં વધારે કઠિન છે. આથી કરીને જે વ્યક્તિ અંતઃપ્રકૃતિને વશ કરી શકે છે, તેને આખું જગત આપોઆપ વશ થઈ જાય છે. જગત તેનું દાસ બની ઊભું રહે. પ્રકૃતિને આ રીતે વશ કરવાનો ઉપાય રાજયોગ

બતાવી રહ્યો છે. આપણે બાહ્યજગતમાં કાર્ય કરતી જે જે સત્તાઓ અને શક્તિઓને જોઇએ છીએ, તેના કરતાં પણ વધારે બળવાન શક્તિઓને તાબે કરવાનું યોગવિદ્યા બતાવે છે. શરીર તો મનનું બાહ્ય આવરણજ છે. વાસ્તવમાં શરીર અને મન જુદીજુદી વસ્તુઓ નથી. શરીર અને મનનો સંબંધ કાલુ માછલી અને તની છીપના સંબંધ જેવો છે. એ બંને એકજ વસ્તુની ભિન્નભિન્ન અવસ્થાઓ છે. કાલુ માછલીની અંદર રહેલું તત્ત્વ બહારથી નાના પ્રકારની સામગ્રી ગ્રહણ કરીને, તેના વડે પોતાની ઉપરની છીપની રચના કરે છે, તેજ પ્રકારે મન નામની એક આંતરિક સૂક્ષ્મશક્તિ બહારથી સ્થૂળ પદાર્થોનું શોષણ કરીને તેના વડે શરીરરૂપી બાહ્ય આવરણ તૈયાર કરે છે. આમ હોવાથી જો આપણે અંતઃસૃષ્ટિને આપણા કાબૂમાં લાવી દઇએ, તો પછી બાહ્યસૃષ્ટિને કાબૂમાં લાવવી એ રમત વાત છે. વળી એ બે શક્તિઓ એકબીજાથી જુદી હોય એવું પણ નથી. અમુક શક્તિઓ ભૌતિક છે અને અમુક શક્તિઓ માનસિક છે એમ પણ નથી. આ દશ્યમાન બાહ્યજગત એ સૂક્ષ્મજગતના સ્થૂળ વિકાસરૂપજ છે; તેમ ભૌતિક શક્તિઓ પણ સૂક્ષ્મ શક્તિઓનું ઘનીકરણ—સ્થૂલરૂપજ છે. વાસ્તવિક રીતે એ બેની વચ્ચે કશો પ્રભેદ નથી.

विवेकख्यातिरविप्लवा हानोपायः ॥ २६ ॥

સૂત્રાર્થ:—મિથ્યાજ્ઞાન તથા વિપરીતજ્ઞાનરહિત જે વિવેકજ્ઞાન, તેનો અભ્યાસ કરવો એજ અજ્ઞાન ટાળવાનો ઉપાય છે.

વિવેચન:—સત્ શું અને અસત્ શું, તેનો વિવેક પ્રાપ્ત કરવો એ તમામ પ્રકારનાં સાધનોનું વાસ્તવિક લક્ષ્ય છે. પુરુષ પ્રકૃતિથી સ્વતંત્ર છે એ જાણવું જોઇએ. વળી એ પણ ખાસ જાણી લેવું જોઇએ કે, પુરુષ જડ પદાર્થ નથી, તે મન પણ નથી, તેમ તે પ્રકૃતિ પણ નથી. તે લેશમાત્ર પણ પરિવર્તનશીલ નથી. પરિ-

વર્તન તો હમેશાં એકલી પ્રકૃતિમાંજ થયા કરે છે. સંયોગીકરણ અને પૃથક્કરણની ક્રિયા નિરંતર પ્રકૃતિમાંજ ચાલ્યા કરે છે. નિરંતર અભ્યાસ અને મનન કરવાથી જયારે આપણામાં વિવેક જાગૃત થાય છે, એટલે અજ્ઞાન તરતજ દૂર થઇ જાય છે અને તેમ થયું, એટલે પુરુષ પોતાના ખરા સ્વરૂપમાં એટલે સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી સ્વરૂપમાં પ્રકાશવા માંડે છે.

तस्य सप्तधा प्रान्तभूमिः प्रज्ञा ॥ २७ ॥

સૂત્રાર્થઃ—તેની એટલે જ્ઞાનીની બુદ્ધિની સાત ઉચ્ચતમ શ્રેણિ (ભૂમિકા અથવા અવસ્થા) હોય છે.

વિવેચનઃ—એ જ્ઞાનની સાત અવસ્થાઓ છે અને તે અભ્યાસીને એક પછી એક પ્રાપ્ત થતી ચાલે છે. જ્યારથી જ્ઞાન મેળવવાની મનમાં તૃષા જાગે છે, ત્યારથી આપણે જ્ઞાનની શોધ કરતા ફરીએ છીએ. મનમાં એમ થયું કે, અમુક ઠેકાણે જવાથી જ્ઞાન મળશે તો તરતજ આપણે ત્યાં દોડી જઇએ છીએ અને એમ કરતાં જો જ્ઞાનની પ્રાપ્તિ ન થઈ તો મનમાં ભારે અસંતોષ જાગે છે અને બીજે ઠેકાણે જ્ઞાનની શોધમાં દોડ્યા જઇએ છીએ. સમગ્ર જ્ઞાન આપણા પોતામાંજ રહેલું છે એવો અનુભવ જ્યાંસુધી ન થાય, એ જ્ઞાન પ્રાપ્ત કરવામાં આપણી જાત અને આપણો પ્રયત્નજ મુખ્ય સાધન છે, એવી જ્યાંસુધી આપણને દૃઢ પ્રતીતિ ન થાય ત્યાંસુધી એ જ્ઞાનની શોધ કરવાના બધા પ્રયત્ન મિથ્યા છે. વિવેકજ્ઞાનનો અભ્યાસ કરવાથીજ આપણે તેને પ્રાપ્ત કરી શકીએ છીએ. એ જ્ઞાન પ્રાપ્ત થયાનું પહેલું ચિહ્ન એ છે કે, આપણો અસંતોષ જતો રહે છે અને એવી ધારણા થવા લાગે છે કે, આપણે જે સત્ય જ્ઞાન મેળવવા માગીએ છીએ, તેજ જ્ઞાન સત્ય છે અને એ સિવાય બીજું કાંઈ સત્ય હોઈ શકેજ નહિ. એ પછીની સ્થિતિમાં આપણને સત્યનો સૂર્ય ઊગવા લાગ્યો હોય અને અજ્ઞાનરૂપી રાત્રિ

પૂરી થઈ હોય એવો અનુભવ થવા માંડે છે, અને શારીરિક, માનસિક કે આધ્યાત્મિક એમાંનો કોઈ પણ વિષય આપણને ક્લેશ આપી શકતો નથી. એ પછીની અવસ્થામાં મનમાં એવી ભાવના થવા લાગે છે કે, આપણને વિવેકની પ્રાપ્તિ થઈ ચૂકી છે; હવે આપણે માટે કશું કર્તવ્ય બાકી રહ્યું નથી. ત્યારપછી ચિત્ત મુક્તાવસ્થા અનુભવવા લાગે છે. આપણને મનમાં એવો નિશ્ચય થતો જાય છે કે, આપણા માર્ગમાંનાં તમામ વિઘ્નોનો નાશ થઈ ગયો છે. જેમ કોઇ પર્વતના શિખર ઉપરથી એકાદ પથ્થર નીચેની ખીણમાં ગબડી જાય અને ત્યાંથી તેને પર્વત ઉપર જવાનો સંભવજ ન રહે; એવી રીતે મનની ચંચળતા અને મનનો સંયમ કરવાનું અસામર્થ્ય જતું રહે છે અને ફરીથી કદી પણ નજરે આવતું નથી. ત્યારપછી આગળ વધતાં એવી અવસ્થા થાય છે કે, વિચાર આવવાની સાથેજ ચિત્ત પોતાના મૂળ કારણમાં લય પામી જાય છે અને આપણે આપણા મૂળસ્વરૂપમાં સ્થિર થઈએ છીએ. હવે આપણને સમજાય છે કે, અત્યાર સુધી પણ આપણા સિવાય જગતમાં બીજું કાંઇ હતુંજ નહિ. મન અને શરીરની સાથે આપણો કોઇ પણ પ્રકારનો સંબંધ પ્રથમથીજ હતો નહિ. એઓ આપણી સાથે કદી જોડાયેલાં પણ હતાંજ નહિ. એઓ પોતપોતાનું કામ કર્યે જતાં હતાં અને આપણે અજ્ઞાનને વશ થઇને તેમની સાથે જોડાઇ જતા હતા, તેમાં અહંમમભાવ રાખતા હતા. આપણે તો પહેલેથીજ સચ્ચિદાનંદસ્વરૂપ હતા. આપણો પોતાનો આત્મા એટલો બધો પવિત્ર અને પૂર્ણ હતો કે આપણને બીજા કશાની આવશ્યકતા હતીજ નહિ. આપણને સુખી કરવાને કશા સાધનની કે કોઇની મદદની જરૂર ન હતી; કારણકે આપણે પોતેજ સુખસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છીએ અને જગતના સર્વ પદાર્થ આપણા જ્ઞાનના પ્રકાશ વડેજ પ્રકાશિત

થાય છે. આ સ્થિતિએ પહોંચ્યા પછી યોગી એવો સ્થિર અને શાંત બની જાય છે કે, તેને કોઈ પણ દુઃખનો સ્પર્શ થઇ શકતો નથી. તે કદી પણ અજ્ઞાનના મોહમાં ફસાતો નથી. દુઃખ તેને વિચલિત કરી શકતું નથી. તે સારી રીતે જાણી લે છે કે, હું નિત્યાનંદ સ્વરૂપ છું, નિત્યપૂર્ણ સ્વરૂપ છું અને સર્વશકિતમાન છું.

योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ॥

સૂત્રાર્થ:—યોગનાં અંગોનું અનુષ્ઠાન કરતાં કરતાં જ્યારે અપવિત્રતાનો નાશ થઇ જાય છે, ત્યારેજ વિવેકખ્યાતિ સુધીના જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

વિવેચનઃ—હવે ખરેખરા સાધનનો વિષય આપણે હાથમાં લઇએ છીએ. અત્યારે જે તમને કહેવામાં આવે છે, તે વિષય બીજા બધાને મુકાબલે ઘણોજ ઊંચા પ્રકારનો છે. એ અત્યંત ગહન વિષય છે; પણ એજ આપણો આદર્શ છે. આપણું સર્વનું એક માત્ર લક્ષ્ય તેજ હોવું જોઇએ. એ પ્રાપ્તવ્યને સિદ્ધ કરવા માટે શરીર અને મન બેઉ પૂરેપૂરાં કાબૂમાં આવી જવાં જોઇએ, ત્યારેજ એ લક્ષ્યનો નિરંતર અપરોક્ષ અનુભવ થઈ શકે. આપણો આદર્શ અને આપણું લક્ષ્ય શું છે, તે આપણે સારી રીતે સમજી ગયા છીએ. હવે તો તેને પ્રાપ્ત કરવાના સાધનનીજ આવશ્યકતા છે.

यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ॥ २९ ॥

સૂત્રાર્થ:—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગ છે.

अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥ ३० ॥

સૂત્રાર્થ:—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિ-

ગ્રહ એ પાંચ યમ છે.

વિવેચનઃ—જેને પૂર્ણ યોગાભ્યાસ કરવો હોય તેણે પોતે પુરુષ અથવા સ્ત્રી છે, એવું સ્થૂલાભિમાન મનમાંથી કાઢી નાખવું જોઇએ. આત્માને કોઈ પણ પ્રકારનું ચિહ્ન છેજ નહિ; તો પછી એનું ખોટું અભિમાન ધારણ કરીને શા માટે તેણે પોતાની જાતને અપવિત્ર કરવી જોઈએ? આવી ભાવનાઓનો શા માટે એકસામટો પરિત્યાગ કરવો જોઇએ તેનું કારણ તમને આગળ સમજાઇ જશે. ચોરી કરવી એ જેવું પાપ છે, તેવુંજ બીજાઓ પાસેથી દાન ગ્રહણ કરવું એ પણ પાપ છે. જેઓ બીજા પાસેથી દાન ગ્રહણ કરે છે તેમના મન ઉપર દાન આપનારના મનની અસર થાય છે ને તેથી કરીને દાન લેનારનું અધઃપતન થાય છે. વળી બીજાની પાસેથી દાન લેવાથી સ્વતંત્રતા પણ ગુમાવવી પડે છે. દાન લેનાર એક અર્થમાં દાતાના ગુલામ જેવો થઇ જાય છે, માટે દાન લેવું યોગ્ય નથી.

एते जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमामहाव्रतम् ॥३१

સૂત્રાર્થ:—આ યમોનો જાતિ, દેશ, કાલ અને સમયના કારણથી ભંગ ન થવા દેતાં સર્વ અવસ્થામાં પાલન કરવા યોગ્ય હોવાથી તે મહાવ્રત કહેવાય છે.

વિવેચનઃ—આ બધાં સાધન જેવાં કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ દરેક સ્ત્રી, પુરુષ અને બાળકને માટે જાતિ, દેશ અને અવસ્થાનો વિચાર કર્યા વગર સર્વદા પાલન કરવા યોગ્ય છે અને તેથીજ તે "મહાવ્રત" એવા નામથી ઓળખાય છે.

शौचसंतोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥ ३२ ॥

સૂત્રાર્થ:—બાહ્ય અને અંતઃશૌચ (શારીરિક અને માનસિક

પવિત્રતા), સંતોષ, તપશ્ચર્યા, સ્વાધ્યાય (મંત્રજપ અથવા અધ્યાત્મશાસ્ત્રનું મનન) અને ઈશ્વરોપાસના, એ પાંચ નિયમ છે.

વિવેચનઃ—બાહ્યશૌચ એટલે શરીરની શુદ્ધિ. જેનું શરીર અપવિત્ર છે તે માણુસ કદી યોગી થઇ શકે નહિ, પણ બાહ્યશુદ્ધિની સાથે આંતરશુદ્ધિની પણ તેટલીજ જરૂર છે. પૂર્વે જે જે લક્ષણોનું વિવેચન કરવામાં આવ્યું છે તેમના પાલનથીજ આંતરશુદ્ધિ થઇ શકે છે. એ તો ખરૂંજ કે, બાહ્યશુદ્ધિ કરતાં અંતરની શુદ્ધિ વધારે ઉપકારક છે, પણ બેઉ જરૂરનાં છે અને અંતરની શુદ્ધિ વિના એકલી બાહ્યશુદ્ધિનું કશું ફળ મળતું નથી.

वितर्कबाधने प्रतिपक्षभावनम् ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—યોગમાં વિઘ્ન કરે એવા વિતર્ક મનમાં આવે તો તેનાથી વિરુદ્ધ પ્રકારની ભાવના વડે તેનો નાશ કરવો.

વિવેચનઃ—ઉપર જે યમનિયમ બતાવવામાં આવ્યા છે તેનું સાધન કરવાનો ઉપાય એ છે કે, જ્યારે જ્યારે એમાં વિઘ્ન કરનારા વિચારો આવે, ત્યારે ત્યારે તેથી ઊલટા પ્રકારના વિચાર કરવા. દાખલા તરીકે મનમાં ચોરી કરવાનો વિચાર આવે તો અસ્તેય-અચૌર્યના વિચારથી તેનો નાશ કરવો. દાન લેવાની ઇચ્છા થાય તો અપરિગ્રહના નિશ્ચયથી તેનો બાધ કરવો.

वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लोभक्रोधमोहपूर्विका मृदुमध्याधिमात्रा दुःखाज्ञानानंतफला इति प्रतिपक्षभावनम् ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—ગયા સૂત્રમાં જે વિરુદ્ધ પ્રકારની ભાવના કરવાનો ઉપદેશ અપાયો છે તેનું વિધાન નીચે પ્રમાણે છેઃ—

વિતર્ક એટલે યોગમાં વિઘ્ન નાખનારી હિંસા વગેરેની ભાવનાઓ કે જે લોભ, ક્રોધ અથવા મોહને લીધે કરી હોય, બીજા પાસે

કરાવી હોય અથવા બીજા કરતા હોય તેમાં અનુમોદન આપ્યું હોય તે. અલ્પ, મધ્યમ અથવા અધિક પ્રમાણમાં હોય, તોપણ તે યોગમાર્ગમાં અંતરાય કરનાર હોઈને, તે અંત વગરના અજ્ઞાન તથા ક્લેશરૂપી ફળોનેજ ઉત્પન્ન કરે છે; એમ વિચારવું—એવી ભાવના કરવી એજ વિરુદ્ધ ભાવનાને ઉત્પન્ન કરવાનો સરળ ઉપાય છે.

વિવેચનઃ—આપણે પોતે જૂઠું બોલીએ તે પણ પાપ છે; બીજા પાસે જૂઠું બોલાવીએ તે પણ પાપ છે અને જૂઠું બોલનારને અનુમોદન આપીએ તે પણ પાપ છે. જૂઠાણું વધારે હોય, મધ્યમ હોય કે અલ્પ હોય; તોપણ તે ખરાબ તો છેજ. પર્વતની એકાંત ગુફામાં બેસીને તમે કોઇ પાપી વિચારને તમારા અંતઃકરણમાં સ્થાન આપો અથવા કોઇના વિષે મનથી માત્ર તિરસ્કારભર્યો વિચાર કરો; તોપણ તે સંચિત થવાના અને વખત આવતાં તેની પ્રતિક્રિયા તમારાજ અંતઃકરણ ઉપર થવાની. હમણાં નહિ તો ગમે ત્યારે પણ તે કોઈ પણ પ્રકારના દુઃખના સ્વરૂપમાં તમારા ઉપર પૂરેપૂરા બળથી આઘાત કરવાનાજ. તમે તમારા હૃદયમાં ઈર્ષ્યા અને તિરસ્કારનાજ વિચારોને પોષણ આપ્યા કરશો અને તમારી આસપાસ એવી મલિન ભાવનાઓનેજ પ્રેર્યા કરશો, તો એક દિવસ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તે તમારી ઉપર પ્રત્યાઘાત કર્યા વિના રહેશે નહિ. જગતની કોઇ પણ શક્તિથી એનું નિવારણ થઈ શકશે નહિ. એક વાર તમે તમારી વિચારશક્તિને બહાર પ્રેરી દીધી એટલે તેનો પ્રત્યાઘાત સહન કર્યેજ તમારો છૂટકો છે. જો આ વાત તમે હમેશાં સ્મરણમાં રાખશો, તો તમે અશુભ પ્રવૃત્તિ કરતાં અટકશો.

अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ॥ ३५ ॥

સૂત્રાર્થઃ—અંતઃકરણમાં અહિંસાવૃત્તિ દૃઢ થતાં તેના

આગળ વૈરવૃત્તિનો ત્યાગ થાય છે.

વિવેચનઃ—અહિંસાવૃત્તિને પૂરેપૂરી દૃઢ કરવાથી હિંસક સ્વભાવવાળાં પ્રાણીઓ પણ તેની આગળ શાંતભાવ ધારણ કરે છે. આજ કારણથી યોગીની આગળ વાઘ અને ઘેટાનું બચ્ચું ભેગાં ગેલ કરવા લાગે છે અને એકબીજાની હિંસા કરતાં નથી. તમે પોતે આવી શક્તિ પ્રાપ્ત કરો ત્યારે તમારામાં અહિંસાવૃત્તિ પરિપક્વ થઇ છે એમ સમજવું.

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥ ३६ ॥

સૂત્રાર્થઃ—સત્યની દૃઢતા થવાથી યોગીને પોતાને માટે અથવા બીજાને માટે ક્રિયા વિનાજ ફળ પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—જયારે સત્યની શક્તિ તમારા અંતઃકરણમાં સારી રીતે દૃઢ થઇ જાય, જયારે સ્વપ્ને પણ તમારા મુખમાંથી અસત્ય વચન ન નીકળે, જયારે મન, વાણી અને કર્મથી તમે લેશમાત્ર પણ મિથ્યા ભાષણ ન કરો, ત્યારે તમારા મુખમાંથી જે કાંઇ વચન નીકળશે તે સિદ્ધ થયા વિના નહિ રહે. તમે કોઇને કહેશો કે, "તમારૂં કલ્યાણ થાઓ," તો તેજ પળે તેનું કલ્યાણ થઇ જશે. કોઇ માંદા માણસને તમે કહેશો કે, "તું સાજો થઇ જા," તો તેજ પળે તે રોગમુક્ત થઇ જશે.

अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थानम् ॥ ३७ ॥

સૂત્રાર્થઃ—અસ્તેયવૃત્તિ દૃઢ થવાથી યોગીની આગળ સર્વ પ્રકારનાં રત્નો આવી પડે છે.

વિવેચનઃ—તમે પ્રકૃતિને જેમ જેમ છોડતા જશો, તેમ તેમ તે તમારી પાછળ દોડતી આવશે અને તમે તેના તરફ લેશમાત્ર પણ લક્ષ્ય નહિ આપો તો તે તમારી દાસી બનીને ઊભી રહેશે.

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥ ३८ ॥

સૂત્રાર્થ:—બ્રહ્મચર્યની દૃઢતા થવાથી વીર્યની પ્રાપ્તિ થાય છે.

વિવેચનઃ—બ્રહ્મચર્યવાન વ્યક્તિના મગજમાં ઘણીજ બળવાન શક્તિનો સંચય થાય છે અને તેની ઇચ્છાશક્તિ પણ અસાધારણ રીતે બળવાન બની જાય છે. બ્રહ્મચર્ય વગર માનસિક અને આધ્યાત્મિક બળ સંભવતુંજ નથી. જે જે પુરુષો અસાધારણ બુદ્ધિશક્તિસંપન્ન થઇ ગયા છે તે બધાએ બ્રહ્મચર્યનું પાલન કર્યુંજ હોવું જોઇએ. બ્રહ્મચર્યનું પાલન કરનાર બીજા માણસો ઉપર આશ્ચર્યકારક પ્રભાવ પાડી શકે છે. માનવસમાજના નેતાઓ બધાએ બ્રહ્મચારીઓજ હતા. તેમની શક્તિનું મૂળ એમાંજ રહેલું હતું, માટે યોગીએ તો બ્રહ્મચર્યનું પાલન કરવુંજ જોઇએ.

अपरिग्रहप्रतिष्ठायां जन्मकथन्तासंबोधः ॥३९॥

સૂત્રાર્થ:—અપરિગ્રહની દૃઢતા થવાથી યોગીને પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

વિવેચનઃ—જ્યારે યોગી બીજાની પાસેથી કાંઈ પણ લેવુંજ નહિ એવા સંકલ્પનું પાલન કરે છે, ત્યારે તેનું મન બીજાઓની અસરમાંથી મુકત થઇ સ્વતંત્ર તથા શુદ્ધ બને છે, કારણકે દાન ગ્રહણ કરવાની સાથે દાન આપનારનાં પાપ તેમજ અવગુણની અસરોનો પણ આપેઆપજ સ્વીકાર થઈ જાય છે અને મન ઉપર તેનાં એક પછી એક એવાં અનેક આવરણ જામતાં ચાલી મન તેની અંદર રૂંધાઇ જાય છે. પરિગ્રહનો ત્યાગ કરવાથી એ પ્રમાણે થતું અટકે છે અને મન નિર્મળ થઇ જાય છે. આથી જે જે લાભ થાય છે તેમાં પૂર્વજન્મનું સ્મરણ એ મુખ્ય છે. તેમ થવાથી યોગી પોતાના લક્ષ્યમાં દૃઢ થાય છે; કારણકે પોતે આ દુનિયામાં અનેક વાર આવ્યો અને અનેક વાર ગયો તે

વાત તે સારી રીતે સમજી શકે છે અને તેથી તે દૃઢ સંકલ્પ કરે છે કે, હવે એ ભવચક્રના ભ્રમણમાં ફરી મારે આવવું નથી અને પ્રકૃતિના દાસ બનવું નથી.

शौचप्रतिष्ठायां स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः ॥ ४० ॥

સૂત્રાર્થ:—જ્યારે બાહ્ય અને અભ્યંતર બેઉ પ્રકારના શૌચ દૃઢ થઈ જાય છે, ત્યારે યોગીને પોતાના શરીર ઉપર એક પ્રકારની ઘૃણા ઉત્પન્ન થાય છે અને બીજાઓના સંસર્ગની ઇચ્છાય થતી નથી.

વિવેચન:—જ્યારે બહારની તેમજ અંતરની પવિત્રતા બરાબર રીતે સિદ્ધ થઇ જાય છે ત્યારે શરીર ઉપર અભાવ પેદા થવા લાગે છે. શરીરને કેવી રીતે સુંદર બનાવવું, સારૂં રાખવું, એ બધા વિચારો ચાલ્યા જાય છે. જેનો ચહેરો લોકો ઘણો સુંદર કહેતા હોય તેનામાં જો કાંઇ જ્ઞાન ન હોય તો તેનો સુંદર ચહેરો યોગીને મન પશુતુલ્ય ભાસે છે અને લોકો જેને સુંદર ન ગણતા હોય, તેની અંદર જો સત્યજ્ઞાનનો પ્રકાશ જોવામાં આવતો હોય તો યોગી તે માણસના ચહેરામાં સ્વર્ગીય સુંદરતા જુએ છે. શરીર ઉપરનો મોહ એ મનુષ્યજીવનના ઉપર મોટામાં મોટી આફત છે. પવિત્રતા બરાબર રીતે દૃઢ થઇ જાય છે ત્યારે તેની પહેલી નિશાની એ જોવામાં આવે છે કે, આપણે શરીર છીએ એ ભાવના ટળી જાય છે.

सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्शनयोग्यत्वानि च ॥४१

સૂત્રાર્થ:—વળી આ પવિત્રતા વડે સત્ત્વશુદ્ધિ સૌમનસ્ય એટલે મનની પ્રસન્નતા, એકાગ્રતા, ઇંદ્રિયજય અને આત્મદર્શનની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

વિવેચન:—આ પવિત્રતાનું પાલન કરતાં કરતાં સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, અને તેમ થતાં ચિત્ત પણ એકાગ્ર અને આનંદી

બની રહે છે. તમે ધર્મ તરફ પ્રગતિ કરો છો તેનું પહેલું લક્ષણ એ છે કે, તમારામાં આનંદની વૃત્તિ સારી પેઠે દૃઢ થવી જોઈએ. કોઈ માણસ ગમગીન અને મૂજી જેવો રહેતો હોય, તો તે અધર્મનું ચિહ્ન સમજવું, પણ ધર્મનું તો નહિજ. શાંતિ અને આનંદ એજ સત્ત્વગુણનાં સ્વભાવસિદ્ધ લક્ષણો છે. સાત્ત્વિક મનુષ્યને બધુંયે સુખરૂપજ લાગે છે. આથી કરીને તમારા અંતઃકરણમાંથી આનંદનાં ઝરણ ફૂટતાં હોય એવું તમને લાગે, ત્યારે તમારે સમજવું કે, તમે યોગાભ્યાસમાં ઠીક પ્રગતિ કરી શક્યા છો. જે જે કાંઇ ક્લેશ જેવું છે તે બધું એ તમોગુણમાંથીજ ઉત્પન્ન થાય છે, માટે એ ક્લેશનો જેથી નાશ થાય એવો ઉપાય લેવો જોઈએ. અત્યંત દિલગીરીમાં મોં ચડાવીને બેસવું એ તમોગુણનું લક્ષણ છે. સરળ સ્વભાવનો, દૃઢ અને નીરોગી શરીરવાળો સાહસિક યુવાનજ યોગી થવાને લાયક છે. યોગીને તો દરેક ચીજ સુખજનક દેખાય છે. કોઈ પણ માણસને જોતાં યોગીને તો આનંદજ થાય છે. ધાર્મિક માણસનું આજ લક્ષણ છે. પાપ એજ ક્લેશનું કારણ છે; પાપ ન હોય તો ક્લેશ ઉત્પન્ન થઇ શકતોજ નથી. તોબરા જેવું મોઢું તમારે શા માટે કરવું જોઇએ? એ કેટલું ભયંકર છે? જો તમારૂં મોં કોઈ દિવસ એવું થાય તો એવે મોંએ બહાર નીકળતાજ નહિ. તમારા મનનો વ્યાધિ બીજાઓમાં ફેલાવવાનો તમને અધિકારજ શો છે? તમારૂં મન એકવાર કાબૂમાં આવી જશે, એટલે શરીર તો આપોઆપ વશ થઈ જશે અને તમે એ શરીરયંત્રના દાસત્વમાંથી મુક્ત બની જશો. એ દેહજ તમારો દાસ બની જશે. એ તમને પોતાની મરજીમાં આવે ત્યાં ઘસડી જઇ શકશે નહિ, પરંતુ ઊલટો એ તમને મુક્તિમાર્ગ તરફ જવામાં મદદ આપશે.

संतोषादनुत्तमः सुखलाभः ॥४२॥

સૂત્રાર્થઃ—સંતોષ વડે અત્યુત્તમ સુખનો લાભ થાય છે.

कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः ॥ ४३ ॥

સૂત્રાર્થઃ—તપ વડે અશુદ્ધિનો ક્ષય થવાથી શરીર તથા ઇંદ્રિયોની શક્તિ જાગૃત થાય છે.

વિવેચનઃ—તપશ્ચર્યાને પરિણામે દૂરદર્શન, દૂરશ્રવણ ઇત્યાદિ શક્તિઓનો વિકાસ થાય છે.

स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः ॥ ४४ ॥

સૂત્રાર્થઃ—સ્વાધ્યાય વડે ઇષ્ટ દેવતાનો સાક્ષાત્કાર થાય છે.

વિવેચનઃ—જેનું દર્શન કરવાની ઇચ્છા હોય તે દેવતા જેટલો ઊંચી કોટિનો હોય તે પ્રમાણમાં સ્વાધ્યાયની સાધના પણ વધારે કરવી જોઇએ.

समाधिसिद्धिरीश्वरप्राणिधानात् ॥ ४५ ॥

સૂત્રાર્થઃ—ઈશ્વરપ્રણિધાનથી (ઇશ્વરને સર્વસ્વ અર્પણ કરવાથી) સમાધિની સિદ્ધિ થાય છે.

વિવેચનઃ—સર્વ કર્મ અને તેનાં ફળ ઇશ્વરને અર્પણ કરવાથી-એકલા ઇશ્વર ઉપરજ બધું છોડી દેવાથી સંપૂર્ણ સમાધિ પ્રાપ્ત થાય છે.

સ્થિરસુખમાસનમ્ ॥ ४६ ॥

સૂત્રાર્થઃ—સ્થિર અને સુખકારક હોય-જે આસનથી લાંબા વખત સુધી સુખપૂર્વક બેસી શકાય-તેનું નામ આસન.

વિવેચનઃ—આ પ્રસંગે હવે આપણે આસન વિષે વિચાર કરીએ. જ્યાંસુધી તમે નિશ્ચયપણે લાંબા વખત સુધી બેસી શકો નહિ, ત્યાંસુધી પ્રાણાયામ તથા બીજી ક્રિયાઓ તમારાથી કદી પણ સિદ્ધ થાય નહિ. આસન સિદ્ધ થયું ત્યારેજ કહેવાય કે, તમારે

શરીર છે એની પણ તમને ખબર ન રહે. એવું સુખપૂર્વક બેસાય કે, શરીરનો વિચાર કરવાનું કારણજ ન રહે. સાધારણ રીતે, એક આસને થોડી વાર પણ બેસવાથી શરીરમાં અનેક પ્રકારના વિક્ષેપો થવા લાગે છે; પણ આસનની સિદ્ધિ થતાં તમે એવી સ્થિતિએ પહોંચશો કે, તમને દેહના અસ્તિત્વની પણ ખબર નહિ રહે તથા સુખ કે દુઃખની પણ લાગણી તમને થઇ શકશે નહિ. પાછળથી જ્યારે તમને તમારા શરીરનું ભાન આવશે, ત્યારે જાણે તમે ખૂબ આરામ લીધો હોય એમ તમને તમારૂં શરીર હલકું હલકું લાગશે. શરીરને ખરેખરો આરામ આપવો હોય તો આ રીતેજ આપી શકાય છે. આ રીતે શરીરને વશ કરીને તેને તમે આસનમાં સ્થિર રાખી શકશો, એટલે તમારો અભ્યાસ પણ દૃઢ થતો ચાલશે અને જ્યાંસુધી તમે ચલિત થયા કરશો, ત્યાંસુધી તમારા જ્ઞાનતંતુઓમાં પણ ચંચળતા રહ્યા કરીને ચિત્તને પણ એકાગ્ર કરવામાં તમને સફળતા નહિ મળે.

प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् ॥४७॥

સૂત્રાર્થ:—શરીરમાં એક પ્રકારનો અભિમાનાત્મક ભાવ હોય છે, તેને શિથિલ કરી દેવાથી તથા અનંતનું ધ્યાન કરવાથી આસન સ્થિર અને સુખકર બની રહે છે.

વિવેચન:—અનંતનું ધ્યાન કરવાથી આસન સ્થિર થઇ શકે છે. અલબત, દ્વંદ્વાતીત અનંત પરબ્રહ્મનું, ધ્યાન કરવું એ ઘણું કઠિન છે, પણ આરંભમાં અનંત આકાશનું ધ્યાન કરાય તોપણ ચાલે.

ततो द्वन्द्वाऽनभिघातः ॥ ४८ ॥

સૂત્રાર્થ:—આ પ્રમાણે આસનની સિદ્ધિ થયા પછી દ્વંદ્વો બાધ કરી શકતાં નથી.

વિવેચન:—દ્વંદ્વ એટલે શુભ અને અશુભ, શીત અને

ઉષ્ણ, પ્રકાશ અને અંધકાર, સુખ અને દુઃખ ઇત્યાદિ એકબીજાથી વિપરીત સ્વભાવવાળા પદાર્થોનાં જોડકાં. આસન સિદ્ધ થયા પછી એ દ્વંદ્વ યોગીને ચલિત કરી શકશે નહિ.

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥४९॥

સૂત્રાર્થઃ—આસનનો જય કર્યા પછી શ્વાસપ્રશ્વાસની ગતિનો વિચ્છેદભંગ કરવો તેનું નામ પ્રાણાયામ.

વિવેચનઃ—આસનનો જય થયા પછી શ્વાસપ્રશ્વાસની ગતિનો ભંગ કરીને તેનો નિગ્રહ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવે છે, એટલે હવે આપણે પ્રાણાયામનો વિષય વિચારવો ઘટે છે. પ્રાણાયામ એટલે શરીરમાં રહેલી જીવનશક્તિનો સંયમ. જો કે, "પ્રાણ" શબ્દનો અર્થ " શ્વાસ " કરવામાં આવે છે તે સાચો નથી; પણ "પ્રાણ" એટલે જગતમાં વ્યાપી રહેલી તમામ શક્તિઓનો સરવાળો. એ શક્તિ પ્રાણીમાત્રમાં રહેલી છે અને એનું સૌથી સ્થૂળ સ્વરૂપજ ફેફસાંની ગતિરૂપે જોવામાં આવે છે. પ્રાણનીજ શક્તિથી એ ગતિની ઉત્પત્તિ થાય છે અને તેનોજ આપણે વિજય કરવાનો છે. જો એ પ્રાણને કાબૂમાં લાવવો હોય, તો પ્રથમ આપણે શ્વાસપ્રશ્વાસનો સંયમ કરતાં શીખવું જોઇએ. પ્રાણનો જય કરવાની એજ સહેલામાં સહેલી રીત છે.

बाह्याभ्यंतरस्तंभवृत्तिर्देशकालसंख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः ॥

સૂત્રાર્થઃ—બાહ્યવૃત્તિ, અભ્યંતરવૃત્તિ અને સ્તંભવૃત્તિ એ ત્રણ વૃત્તિભેદે પ્રાણાયામ ત્રણ પ્રકારના થાય છે. વળી દેશ, કાળ અને સંખ્યા થકી દીર્ઘ અને સૂક્ષ્મ એવા પણ પ્રાણાયામમાં નાના પ્રકારના ભેદ જોવામાં આવે છે.

વિવેચનઃ—પ્રાણાયામ ત્રણ જાતના થાય છેઃ–(૧) જેમાં શ્વાસને અંદર ખેંચવામાં આવે છે; (૨) જેમાં શ્વાસને બહાર

કાઢી નાખવામાં આવે છે અને (૩) જેમાં શ્વાસને ફેફસાંની અંદર કે બહાર રોકી રાખવામાં આવે છે. વળી એમાં દેશ અને કાળ પ્રમાણે પણ નાનાં પ્રકારનાં સ્વરૂપ જોવામાં આવે છે. "દેશ" એટલે પ્રાણને શરીરના જે એક ખાસ સ્થાનમાં રોકી રાખવામાં આવે છે તે. "કાળ" એટલે જે અમુક સમય સુધી પ્રાણને રોકી રાખવામાં આવે છે તે. એટલા માટે રેચક, કુંભક વગેરે ક્રિયાઓમાં કેટલો વખત ગાળવો જોઇએ, તેનો નિર્ણય કરવામાં આવ્યો છે. "ઉદ્‌ઘાત" અથવા કુંડલિનીને જાગૃત કરવી, એ પ્રાણાયામનું ફળ છે.

बाह्याभ्यंतरविषयाक्षेपी चतुर्थः ॥ ५१ ॥

સૂત્રાર્થ:—શરૂઆતમાં બહારના તેમજ અંદરના વિષયોનો ક્ષેપ—નિરીક્ષણ—જેમાં કરવામાં આવે છે, તેનું નામ ચોથો—કુંભક પ્રાણાયામ છે.

વિવેચનઃ—આ ચોથી જાતનો પ્રાણાયામ છે. એનું કાર્ય પ્રાણને બહાર અથવા અંદર ધારણ કરવાનું છે.

ततः क्षीयते प्रकाशावरणम् ॥ ५२ ॥

સૂત્રાર્થ:—એ કુંભક સિદ્ધ થવાથી બુદ્ધિના પ્રકાશ પર જે આવરણ બંધાયેલું હોય છે તે ક્ષીણ થાય છે.

વિવેચનઃ—બુદ્ધિમાં સ્વભાવથીજ જ્ઞાન રહેલું હોય છે; કેમકે તેની ઉત્પત્તિજ સત્ત્વગુણમાંથી થયેલી છે. તેના ઉપર રજસ અને તમસનું એક પ્રકારનું જે આવરણ આવી ગયેલું હોય છે, તેનો પ્રાણાયામદ્વારા ક્ષય થઇ જાય છે.

धारणासु योग्यता मनसः ॥ ५३ ॥

સૂત્રાર્થ:—આવરણ ખસી જવાથી ચિત્તમાં એકાગ્રતા કર-

વાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

स्वविषयासंप्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥ ५४ ॥

સૂત્રાર્થ:—ઇંદ્રિયસમૂહ પોતપોતાના વિષયનો પરિત્યાગ કરીને ચિત્તના સ્વરૂપનું અનુસરણ કરે, તે સ્થિતિને ઇંદ્રિયોનો પ્રત્યાહાર કહે છે.

વિવેચન:—ઇંદ્રિયો એ મનની જુદીજુદી અવસ્થાઓજ છે. દાખલા તરીકે હું એક પુસ્તક જોઉં છું. હવે ખરૂં જોતાં પુસ્તકની આકૃતિવાળો કોઈ બાહ્ય પદાર્થ છેજ નહિ. એ આકૃતિ તો કેવળ મનમાંજ રહેલી છે. બહારનો કોઈક પદાર્થ મનમાં રહેલી તે આકૃતિને માત્ર જાગૃત કરી દે છે; એટલે કે વાસ્તવિક રીતે એ આકૃતિ પુસ્તકની નથી, પણ ચિત્તની અવસ્થાજ માત્ર છે. ઇંદ્રિયોના સંસર્ગમાં જે જે પદાર્થ આવે છે તેની સાથે ઇંદ્રિયો મિશ્રિત–તન્મય થઈ જાય છે અને તે તે પદાર્થનો આકાર ધારણ કરી લે છે. જો તમે તમારા મનને આ વિવિધ સ્વરૂપો ધારણ કરતું અટકાવી શકો, તો તમે તેને શાંત સ્થિતિમાં લાવી શકશો. આ સ્થિતિને પ્રત્યાહાર કહે છે.

ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥ ५५ ॥

સૂત્રાર્થ:—પ્રત્યાહાર સિદ્ધ કરવાથી ઇંદ્રિયો સંપૂર્ણ વશ થાય છે.

વિવેચન:—જ્યારે યોગી ઇંદ્રિયોને બાહ્ય સ્વરૂપો ધારણ કરતી અટકાવીને ચિત્તને અનુસરતા એકજ સ્વરૂપમાં તેને જોડી રાખવામાં સંપૂર્ણ વિજય મેળવે છે, ત્યારે ઇંદ્રિયો સંપૂર્ણ કાબૂમાં આવી ગણાય છે. આ પ્રમાણે ઇંદ્રિયો વશ થઈ એટલે પછી શરીરના તમામ સ્નાયુઓ અને નાડીઓ યોગીને વશ થઇ રહે

છે. એ ઇંદ્રિયોના બે પ્રકાર છે. (૧) જ્ઞાનેન્દ્રિય અને (૨) કર્મેન્દ્રિય. કર્મેન્દ્રિયો પોતાને વશ થઇ ગઇ એટલે તમામ કાર્યો અને વિકારો યોગીને વશ થઈ જાય છે; આખું શરીર તેની ઇચ્છાને આધીન થઇ રહે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થયેથીજ યોગી ખરેખરૂં સુખ અનુભવી શકે છે અને યથાર્થમાં કહી શકે છે કે, "મારો જન્મ સફળ-સાર્થક થયો." જ્યારે આટલે દરજ્જે ઇંદ્રિયો પર કાબૂ આવી જાય છે, ત્યારેજ શરીરયંત્રની આશ્ચર્યકારક રચનાનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે છે.





अध्याय ३ जो-विभूतिपाद

હવે યોગસિદ્ધિઓનું જેમાં વર્ણન કરવામાં આવ્યું છે, તે "વિભૂતિપાદ" નામના અધ્યાયનો આરંભ થાય છે.

देशबन्धश्चित्तस्य धारणा ॥ १ ॥

સૂત્રાર્થ:—ચિત્તની પોતાના ધ્યેયસ્થાનમાં સ્થિતિ, તેને ધારણા કહે છે.

વિવેચન:—અંદરના અથવા બહારના કોઇ પણ ધ્યેય પદાર્થમાં ચિત્તની સ્થિતિ થવી, તેનું નામ ધારણા કહેવાય છે.

तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥ २ ॥

સૂત્રાર્થ:—જયારે તે ધારણાના પ્રદેશમાં વૃત્તિ એકાગ્ર-એકતાન થાય, અર્થાત્ તેજ વિષયમાં વૃત્તિનો પ્રવાહ વહેવા માંડે ત્યારે તે અવસ્થાને ધ્યાન કહે છે.

વિવેચન:—મન પોતાના અમુક ઇષ્ટ વિચારને પ્રાપ્ત થાય અથવા તો પોતે ધારેલા અમુક તાલુસ્થાનમાં અથવા હૃદયસ્થાનમાં સ્થિતિ કરે અને તે સ્થાનદ્વારાજ જ્ઞાન મેળવવાને શક્તિમાન થાય અને શરીરના બીજા બધા અવયવો વિષયોનું જ્ઞાન ગ્રહણ કરતા અટકી જાય, ત્યારે તે અવસ્થાને ધારણા કહે છે અને મન એવી ને એવી સ્થિતિમાં અમુક સમય સુધી ટકી રહે, તે સ્થિતિને ધ્યાન કહેવામાં આવે છે.

तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः ॥ ३ ॥

સૂત્રાર્થ:—તે ધ્યાન જ્યારે ઉપર જણાવેલા પોતાના સ્વરૂપથી પણ રહિત જેવું થઇને પોતાના અર્થ–ધ્યેયસ્વરૂપેજ પ્રકાશવા માંડે છે, ત્યારે તે સ્થિતિને સમાધ કહે છે.

વિવેચન:—કહેવાનું તાત્પર્ય એ છે કે, સર્વ પ્રકારનાં બાહ્ય-સ્વરૂપરહિત ધ્યાન થવું જોઇએ. દાખલા તરીકે આપણે એક પુસ્તક ઉપર વિચાર કરતા બેઠા છીએ. હવે જ્યારે એ વિચારમાં આપણું મન એટલું બધું એકાગ્ર અને લીન થઈ જાય કે જેથી આપણને તેનું રહસ્ય–અર્થ–ધ્યેય તેનીજ માત્ર પ્રતીતિ થાય; આવી સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે.

त्रयमेकत्र संयमः ॥ ४ ॥

સૂત્રાર્થ:—આ ધારણા, ધ્યાન અને સમાધિ ત્રણે એકજ વસ્તુના સંબંધમાં કરવામાં આવ્યાં હોય, ત્યારે તે "સંયમ" કહેવાય છે.

વિવેચન:—જ્યારે મનુષ્ય પોતાના મનને પોતે ધારેલા પદાર્થ અથવા વિષયમાં જોડી શકે અને તેમાં ને તેમાંજ એટલી હદ સુધી ટકાવી રાખે કે જેથી તે પદાર્થનું સ્થૂળ–સૂક્ષ્મ અંગનું ભાન જતું રહે અને માત્ર તે પદાર્થના રહસ્ય–તત્ત્વાર્થનીજ પ્રતીતિ રહે, ત્યારે મનનો સંયમ થયો કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણેનો એકજ પદાર્થ ઉપર ક્રમવાર પ્રયોગ થવો, તેનું નામ સંયમ.

तज्जयात् प्रज्ञालोकः ॥ ५ ॥

સૂત્રાર્થ:—તે સંયમના (ધારણા, ધ્યાન અને સમાધિ ત્રણેના જયથી પ્રજ્ઞાનો પ્રકાશ થાય છે.

વિવેચન:—જ્યારે કોઇ વ્યક્તિ સંયમને રૂડે પ્રકારે સાધ્ય

કરી શકે છે, ત્યારે તમામ પ્રકારની શક્તિઓ તેના કાબૂમાં આવી રહે છે. સંયમ એ યોગીનું એક બળવાન હથિયાર છે. જ્ઞાનના વિષય અનંત છે. સ્થૂલ, સ્થૂલતર, સ્થૂલતમ અને સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ. એ રીતે તેના અનેક વર્ગ પડી શકે છે. શરૂઆતમાં સ્થૂલ વસ્તુ ઉપર સંયમ કરવાનો આરંભ કરવો. જ્યારે સ્થૂલ વસ્તુનું જ્ઞાન થવા માંડે ત્યારે ક્રમે ક્રમે સૂક્ષ્મ વસ્તુઓ ઉપર પ્રયોગ કરવા માંડવો.

तस्य भूमिषु विनियोगः ॥ ६ ॥

સૂત્રાર્થઃ—આ સંયમ એક પછી એક ભૂમિકાના ક્રમથીજ કરવો જોઇએ.

વિવેચનઃ—સંયમના અભ્યાસમાં ઝાઝી ઉતાવળ કરવી નહિ એવી આમાં ચેતવણી આપી છે.

त्रयमन्तरङ्गं पूर्वेभ्यः ॥ ७ ॥

સૂત્રાર્થઃ—યોગનાં પૂર્વે જે સાધનો કહ્યાં છે તેના કરતાં આ ત્રણ વિશેષ અંતરંગ છે.

વિવેચનઃ—પ્રથમ યમ, નિયમ, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર વિષે કહેવામાં આવ્યું હતું; તે સાધનો ધારણા, ધ્યાન અને સમાધિની અપેક્ષાએ બાહ્ય કહેવાય. ધારણા વગેરે ક્રિયાઓ સિદ્ધ કર્યાથી મનુષ્ય સર્વજ્ઞ અને સર્વશક્તિમાન થઇ શકે છે; પરંતુ એ કાંઈ મુક્તિ ન કહેવાય. એ ત્રણે ક્રિયાઓ સિદ્ધ કરવાથી મન નિર્વિકલ્પ અથવા પરિણામશૂન્ય થઈ શકતું નથી. એ ત્રણે સાધનમાં પારદર્શિતા મેળવ્યા પછી પણ દેહ ધારણ કરવાનું કારણ બીજ તો રહીજ જાય છે. જ્યારે એ બીજ યોગીઓના શબ્દોમાં કહીએ તો સંપૂર્ણ રીતે "શેકાઇ" જાય છે, ત્યારેજ તેમાંથી પુનઃ અંકુરિત થવાની શક્તિનો નાશ થાય છે. સર્વજ્ઞતા

અને સર્વશક્તિમત્તારૂપી યોગસિદ્ધિઓમાં એ બીજનો નાશ કરવાની શક્તિ નથી.

तदपि बहिरङ्गं निर्बीजस्य ॥ ८ ॥

સૂત્રાર્થ:—નિર્બીજ સમાધિની અપેક્ષાએ આ સંયમ પણ બહિરંગ (બાહ્યઅંગ–બાહ્યસાધન) ગણાય છે.

વિવેચન:—ઉપર જણાવેલા કારણથી નિર્બીજ સમાધિની સરખામણીમાં ધારણા, ધ્યાન અને સમાધિ પણ બહિરંગજ કહેવાય. એ સંયમ એ કાંઇ વાસ્તવિક ઊંચામાં ઊંચા પ્રકારની સમાધિ નથી. એ પણ એક પ્રકારની નીચલીજ ભૂમિકા છે. એ ભૂમિકામાં પણ દૃશ્ય જગત જેવું ને તેવુંજ રહે છે અને સર્વ પ્રકારની સિદ્ધિઓ એ જગતમાંજ આવી રહેલી છે.

व्युत्थाननिरोधसंस्कारयोरभिभवप्रादुर्भावौ निरोधक्षण-
चित्तान्वयो निरोधपरिणामः ॥९॥

સૂત્રાર્થ:—જ્યારે વ્યુત્થાનસંસ્કાર અને નિરોધસંસ્કારનો તિરોભાવ અને પ્રાદુર્ભાવ (અસ્તે તથા ઉદય) થાય છે, ત્યારે નિરોધની ક્ષણ (અવસ્થા)વાળા ચિત્તનું નિર્બીજ નિરોધરૂપ પરિણામ થાય છે.

વિવેચન:—એનો અર્થ એવો છે કે, સમાધિની શરૂઆતની અવસ્થામાં પણ મનની વૃત્તિઓથી નિરોધ તો થાય છેજ; પરંતુ તે સંપૂર્ણરૂપે નથી થતો. વિકારો અથવા સંસ્કારોનો સંપૂર્ણ નિરોધ થઇ શકે, તો પછી વિકારનું અસ્તિત્વજ ન રહે. ધારો કે, યોગીના મનમાં એક પ્રકારની વૃત્તિનો ઉદય થયો અને તેથી કરીને મન ઇંદ્રિય તરફ ખેંચાવા લાગ્યું અને યોગીએ તે વૃત્તિનો સંયમ કરવાનો યત્ન કર્યો. આવી સ્થિતિમાં વૃત્તિનો સંયમ કરવાનો પ્રયત્ન તે પણ એક પ્રકારની વૃત્તિજ છે. આ પ્રમાણે એક વૃત્તિ વડે

બીજી વૃત્તિ દબાઈ જવી, એવી સબીજ સવિકલ્પ સમાધિને સર્વ વૃત્તિઓની નિવૃત્તિરૂપ, નિર્બીજ, નિર્વિકલ્પ સમાધિ કહેવાય નહિ. જે અવસ્થામાં મનની અંદર એક પછી એક તરંગો આવ્યાજ કરતા હોય, તેના કરતાં તો એ સમાધિ ઊંચાજ પ્રકારની હોઇને સર્વોત્તમ (અસંપ્રજ્ઞાત) સમાધિની નજીકનીજ તે સમાધિ ગણાય.

तस्य प्रशान्तवाहिता संस्कारात् ॥ १० ॥

સૂત્રાર્થઃ—નિરુદ્ધ સંસ્કારની વૃદ્ધિ થવાથી તેનો (ચિત્તનો) પ્રવાહ ચપળ મટીને પ્રશાંત (સાત્ત્વિક) થાય છે.

વિવેચનઃ—દરરોજ નિયમિત અભ્યાસ કર્યા કરવાથી ઉપર કહ્યા મુજબ મન સંયમનાજ સ્વભાવવાળું બની રહી હમેશાં એકાગ્રભાવ ધારણ કરે છે.

सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः ॥११॥

સૂત્રાર્થઃ—સર્વાર્થતા (અનેક પદાર્થાકારે થયા કરવું)નો ક્ષય અને એકાગ્રતાનો ઉદય, એજ ચિત્તનું સમાધિપરિણામ (સમાધિની દશા) છે.

વિવેચનઃ—મન હમેશાં નાના પ્રકારના વિષયો ગ્રહણ કર્યાજ કરે છે, હમેશાં અનેક વસ્તુઓમાં ભટકયાજ કરે છે; પણ જયારે તેને ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે તે બીજી બધી વસ્તુઓ છોડી દઇને માત્ર એક ધ્યેય–વસ્તુનેજ ગ્રહણ કરે છે. આ પ્રમાણે મન માત્ર એકજ વસ્તુને ગ્રહણ કરે, એ અવસ્થાનું નામ સમાધિ છે.

ततः पुनः शान्तोदितौ तुल्यप्रत्ययौ चित्तस्यैकाग्रतापरिणामः ॥

સૂત્રાર્થઃ—વિક્ષિપ્તપણાનો તિરોભાવ થયા પછી અર્થાત્ ભૂત અને વર્તમાન બંને શાંત થયેલી અને ઉદય થયેલી વૃત્તિઓ, સમાનપ્રત્યયવાળી (સરખા અનુભવવાળી અથવા એકજ ધ્યેય-

વાળી) થાય, ત્યારે તેને ચિત્તનું એકાગ્રતારૂપ પરિણામ કહે છે; અર્થાત્ મનની એવી સ્થિતિ થાય તેને એકાગ્રતા કહે છે.

વિવેચનઃ—મન એકાગ્ર થયું છે કે નહિ તે શી રીતે જાણવું? જ્યારે મન એકાગ્ર થાય છે ત્યારે સમયનું જ્ઞાન રહેતું નથી. જેટલે અંશે આપણા મનમાંથી સમયનું ભાન ટળી જાય અને એકાગ્રતા વિશેષ સમય ટકતી ચાલે, તેટલે અંશે મનની એકાગ્રતા વિશેષ થઈ છે, એમ સમજવું. સાધારણ રીતે એટલું તો આપણે અનુભવીએ છીએ કે, જ્યારે આપણે અમુક પુસ્તકના વાચનમાં અથવા અમુક બાબતની ચર્ચા કે ગમતમાં ખૂબ તન્મય બની ગયા હોઇએ છીએ, ત્યારે વાંચવામાં કેટલો વખત ગયો, તેનું ભાન રહેતું નથી. વાચનમાંથી નિવૃત્ત થયા પછી જ્યારે આપણને ખબર પડે છે કે, ઘણો વખત વહી ગયો ત્યારે આપણને નવાઇ પણ લાગે છે. સર્વકાળ વર્તમાન સમયરૂપજ બની રહે છે; માટેજ સૂત્રમાં કહ્યું છે કે, જ્યારે ભૂત અને વર્તમાન બેઉ એક થઇ રહે, ત્યારે જાણવું કે, મનની એકાગ્રતા સિદ્ધ થઈ.

एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्थापरिणामा व्याख्याताः ॥

સૂત્રાર્થઃ—એ (પૂર્વોક્ત) પ્રતિપાદન વડે ભૂતો અને ઇંદ્રિયોમાં ધર્મ, લક્ષણ અને અવસ્થારૂપ પરિણામો વ્યાખ્યાત થાય છે.

વિવેચનઃ—એ (પૂર્વોક્ત) સૂત્રો વડે મનનાં ધર્મ, લક્ષણ અને અવસ્થા એ ત્રણ પ્રકારનાં પરિણામ (અવસ્થાઓ) સૂચવાયાં છે. હવે તેમના વિષે અધિક વિવેચન થાય છે. મનનું ક્રમશઃ જે વૃત્તિરૂપ પરિણામ થાય છે, તે મનનું ધર્મરૂપ પરિણામ છે. એ પરિણામને કેવળ વર્તમાનકાળમાંજ સ્થિર કરી રાખવાની યોગ્યતા તે લક્ષણ અર્થાત્ કાળરૂપ પરિણામ છે. મન વર્તમાનને વિસારીને ભૂત અવસ્થામાં પ્રવેશ કરી શકે, તેને અવસ્થાપરિણામ

એવું નામ આપેલું છે. આગલાં સૂત્રોમાં સમાધિના જે જે પ્રકાર બતાવેલા છે, તેમનો ઉદ્દેશ એજ છે કે, યોગી ચિત્તનાં પરિણામો ઉપર મરજી મુજબ સંયમ કરી શકે—અધિકાર ચલાવી શકે. એ સ્થિતિ પ્રાપ્ત થાય, તોજ યોગી પૂર્વકથિત સંયમને સિદ્ધ કરી શકે છે.

शान्तोदिताव्यपदेश्यधर्मानुपाती धर्मी ॥ १४ ॥

સૂત્રાર્થ:—શાંત એટલે ભૂત, ઉદિત એટલે વર્તમાન અને અવ્યપદેશ્ય એટલે ભવિષ્ય, એ ત્રણેના ધર્મ—પરિણામ જેનામાં અવસ્થિતિ કરી રહેલાં હોય તેનું નામ ધર્મી.

વિવેચન:—કાળ અને સંસ્કાર જેના ઉપર અસર કરતાં હોય, જે પદાર્થ સદાય પરિણામ પ્રાપ્ત એટલે રૂપાંતર પામ્યા કરનાર હોય અને વ્યક્તભાવ ધારણ કરતો હોય તેને ધર્મી કહેવામાં આવે છે.

क्रमान्यत्वं परिणामान्यत्वे हेतुः ॥ १५ ॥

સૂત્રાર્થ:—ક્રમોનો ભેદજ પરિણામોના ભેદ (અનેકતા)-નો હેતુ છે.

परिणामत्रयसंयमादतीतानागतज्ञानम् ॥ १६ ॥

સૂત્રાર્થ:—આગળ કહેલાં ત્રણે પ્રકારનાં પરિણામ ઉપર ચિત્તનો સંયમ કરવાથી અતીત અને અનાગતનું (ભૂત અને ભવિષ્યનું) જ્ઞાન પ્રાપ્ત થાય છે.

વિવેચન:—આગલા એક સૂત્રમાં સંયમનું જે લક્ષણ આપવામાં આવ્યું છે, તેનું વિસ્મરણ થવું જોઇએ નહિ. જ્યારે મન વસ્તુના બાહ્ય ભાગનો પરિત્યાગ કરીને કેવળ તેના આભ્યંતરિક ભાગમાં તન્મય થવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે અને દીર્ઘ અભ્યાસ વડે જ્યારે ક્ષણમાત્રમાંજ એકાગ્ર બનીને તે સ્થિતિમાં

स्थित थई शके छे, त्यारेज संयम संपूर्ण सिद्ध थयेलो गणा
छे. आ अवस्था प्राप्त करी लीधा पछी जो कोईने भूत, भवि
जाणवानी इच्छा थाय, तो तेने मात्र संस्कारना परिणाम उप
संयम करवानीज जरूर रहे छे. केटलाक संस्कार वर्तमान सम
यमां कार्य करी रह्या होय छे, केटलाकनुं कार्य पूरुं थई चूके
होय छे अने केटलाक भविष्यमां फळ आपनारा होय छे. आथ
करीने आ संस्कारो उपर संयम करवाथी भूत अने भविष्य
ज्ञान प्राप्त थई शके छे.

**शब्दार्थप्रत्ययानामितरेतराध्यासात् संकरस्तत्प्रविभागसंय
मात् सर्वभूतरुतज्ञानम् ॥ १७ ॥**

सूत्रार्थः—शब्द, अर्थ अने ज्ञान, ए त्रणे परस्परना अ
ध्यासने लीधे एकबीजानी साथे मिश्र थयेलां छे. तेमना उप
पृथक् पृथक् संयम करवाथी सर्व प्राणीओना शब्दोनुं ज्ञा
थाय छे.

विवेचनः—आ ठेकाणे "शब्द" नो अर्थ बाह्यविषय
जेना द्वारा मननी अंदर वृत्ति उत्पन्न थाय छे ते जाणवो. "अर्थ"
एटले शरीरनी अंदरना भागमां पेदा थतुं एक प्रकारनुं सूक्ष
आंदोलन, जे इंद्रियो मारफत बाह्यविषयना संस्कार मनने पहों
चाडे छे ते; अने "ज्ञान" एटले मननी प्रतिक्रिया, जेना थई
विषयनो अनुभव थाय छे ते. आ त्रणेनुं मिश्रण थवाथी आप
णने इंद्रियगम्य विषयनुं ज्ञान थाय छे. दाखला तरीके में ए
शब्द सांभळ्यो. एमां प्रथम तो बाह्यप्रदेशमां एक प्रकारन
आंदोलन उत्पन्न थाय छे; पछी श्रवणेंद्रियद्वारा मननी अंद
लागणीनो प्रवाह पहोंचाडवामां आवे छे अने पछी तेनी सा
प्रतिक्रिया करे छे; एटले मने शब्दनो अनुभव थाय छे तुरत

અને શબ્દનું ભાન થાય છે તે ત્રણ ક્રિયાઓના મિશ્રણરૂપે છે. પ્રથમ આંદોલન, પછી લાગણીનો પ્રવાહ અને ત્યાર પછી પ્રતિક્રિયા. સાધારણ રીતે એ ત્રણે વ્યાપારને આપણે પૃથક્ કરી શકતા નથી; પણ અભ્યાસ વડે યોગી એ ત્રણેને છૂટા છૂટા પણ અનુભવી શકે છે. જ્યારે કોઇ પણ વ્યક્તિ એ ત્રણેને પૃથક્ પૃથક્ અનુભવવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે, ત્યારે કોઇ પણ શબ્દ ઉપર તે સંયમ કરે એટલે જે અર્થ સૂચવવાને તે શબ્દ ઉચ્ચારવામાં આવ્યો હોય છે, તે અર્થનું તેને જ્ઞાન થઇ શકે છે. તે શબ્દ મનુષ્યનો હોય અગર પશુપક્ષીનો હોય; તોપણ તે શબ્દને ઉત્પન્ન કરનારના મનનો ભાવાર્થ યોગીને સમજાઇ રહે છે.

संस्कारसाक्षात्करणात् पूर्वजातिज्ञानम् ॥१८॥

સૂત્રાર્થ:—સંયમદ્વારા સંસ્કારોનો સાક્ષાત્કાર કરવાથી–તેમને જાણી લેવાથી–પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

વિવેચનઃ—આપણે જે કાંઇ અનુભવીએ છીએ, તે સર્વ અનુભવો આપણા ચિત્તની અંદર તરંગના રૂપમાં ઉદ્ભવીને પછી શમી જાય છે, તોપણ તેમનો સમૂળગો નાશ તો થતોજ નથી. અત્યંત સૂક્ષ્મ સ્વરૂપમાં તેઓ ચિત્તની અંદરનિવાસ કરી રહે છે. આપણે એ તરંગને ફરીથી તાજા કરી શકીએ છીએ. એ ક્રિયાને સ્મૃતિ એવું નામ આપવામાં આવ્યું છે. આથી કરીને મનંના સઘળા પૂર્વ-સંસ્કારો ઉપર જો યોગી સંયમ કરે, તો તે પૂર્વના સઘળા જન્મોને જાણી શકે છે.

प्रत्ययस्य परचित्तज्ञानम् ॥ १९ ॥

સૂત્રાર્થ:—માણસના શરીર ઉપર જે પ્રસન્નતા વગેરે નિશાનીઓ જણાય છે, તે નિશાનીઓદ્વારા તેના ચિત્ત ઉપર સંયમ કરવાથી તેના મનના ભાવનું જ્ઞાન થઇ શકે છે.

न च तत्सालंबनं तस्याविषयीभूतत्वात् ॥ २० ॥

સૂત્રાર્થ:—પણ એ પરચિત્તનું જે અવલંબન છે, તેનું જ્ઞાન થઇ શકતું નથી, કારણકે તે સંયમનો વિષય થઇ શકતું નથી.

વિવેચન:—ગયા સૂત્રમાં બતાવ્યા પ્રમાણે શરીરના ઉપર સંયમ કરવાથી મનની અંદર શા શા વિચાર ચાલી રહ્યા છે, તેનું જ્ઞાન થઇ શકે નહિ. વિચાર જાણવાને માટે તો શરીર ઉપરાંત મનની ઉપર પણ સંયમ કરવો પડે છે.

कायरूपसंयमात्तद्ग्राह्यशक्तिस्तंभे चक्षुःप्रकाशासम्प्रयोगेऽन्तर्धानम् ॥ २१ ॥

સૂત્રાર્થ:—શરીરના ઉપર સંયમ કરવાથી આકૃતિનો અનુભવ કરનારી શક્તિ સ્તંભિત બની જાય છે અને નેત્રની પ્રકાશ ગ્રહણ કરવાની શક્તિ સાથેનો એનો સંયોગ તૂટી જવાથી યોગીપુરુષ લોકોની વચમાં ઊભો હોય, છતાં પણ અદૃશ્ય થઈ શકે છે.

વિવેચન:—યોગી આ ઓરડામાં ઊભો રહેલો હોય, છતાં પણ તે બીજાઓથી અંતર્ધાન થઈ શકે છે. તે ત્યાંનો ત્યાંજ ઊભેલો હોય છે, પણ આપણે તેને જોઈ શકતા નથી. આમ બનવાનું કારણ એ છે કે, શરીરની આકૃતિને અને શરીરને તે એકબીજાથી પૃથક્ કરી શકે છે. અહીં તમારે એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે, જ્યારે યોગી એટલે દરજ્જે પોતાની એકાગ્રતાની શક્તિ કેળવે કે જેથી આકૃતિને ધારણ કરવાવાળી વસ્તુથી આકૃતિને જુદી પાડી શકે; ત્યારેજ આવો ચમત્કાર તેનાથી થઈ શકે છે. એવી આકૃતિવાળો પદાર્થ અને આકૃતિ એ બેના જુદાપણા ઉપર સંયમ કરવાથી, આકૃતિને ધારણ કરનાર વસ્તુની આકૃતિનો અનુભવ કરવાની શકિતમાં અંતરાય ઊભો થાય છે અને તેથી તે શક્તિ પોતાનું કાર્ય બજાવી શકતી નથી; કારણકે આકૃતિ અને

આકૃતિવાળા પદાર્થ એ બેના સંયોગથીજ આપણે આકૃતિનો અનુભવ કરી શકીએ છીએ.

एतेन शब्दाद्यन्तर्धानमुक्तम् ॥२२॥

સૂત્રાર્થ:—એ ઉપરથી (ઉપરોક્ત સૂત્રમાં બતાવેલા રૂપને ગુપ્ત કરવાના ઉપાય ઉપરથી) શબ્દાદિ વિષયોને પણ બીજાઓથી ગુપ્ત કરવાના ઉપાય પણ સમજી શકાય છે.

सोपक्रमं निरुपक्रमश्च कर्म तत्संयमादपरान्तज्ञानमरिष्टेभ्यो वा॥

સૂત્રાર્થ:—કર્મ બે પ્રકારનાં છે. એક તત્કાળમાંજ ફળ આપનારાં અને બીજાં અમુક સમય પછી ફળ આપનારાં; એના ઉપર સંયમ કરવાથી અથવા તો અરિષ્ટો (મૃત્યુનાં લક્ષણો) ઉપરથી મૃત્યુનું જ્ઞાન થાય છે.

વિવેચન:—પોતાનાં કર્મ ઉપર-એટલે કે વર્તમાન સમયમાં કાર્ય કરાવી રહેલા, તેમજ ભવિષ્યમાં કાર્ય કરાવવાને ખોટી થઇ રહેલા સંસ્કારો ઉપર સંયમ કરવાથી, યોગી પોતાના શરીરનું અવસાન ક્યારે થવાનું છે, તે વાત જાણી શકે છે. કયે દિવસે, કેટલા વાગે અને કયી મિનિટે તેને પોતાનું શરીર છોડવું પડશે, તે પણ યોગી જાણી શકે છે. મૃત્યુની ઘડીપળ પ્રથમથી જાણી લેવાની બાબતને હિંદુઓ બહુજ અગત્યની માને છે; કારણકે ગીતામાં એવો ઉપદેશ કરેલો છે કે, મનુષ્ય મરતી વખતે જેવા વિચાર કરે છે, તેવીજ બીજા જન્મમાં તેની ગતિ થાય છે.

मैत्र्यादिषु बलानि ॥२४॥

સૂત્રાર્થ:—મૈત્રી આદિ ગુણો (પ્રથમપાદના ૩૩ મા સૂત્રમાં કહેલા છે તે) ઉપર સંયમ કરવાથી મૈત્રી આદિ નાના પ્રકારનાં બળો પ્રાપ્ત થાય છે.

बलेषु हस्तिबलादीनि ॥२५॥

સૂત્રાર્થ:—હાથી વગેરે પ્રાણીઓના બળ ઉપર સંયમ કરવાથી યોગીને તેના બળની પ્રાપ્તિ થાય છે.

વિવેચન:—એક વાર સંયમ કરવાની શક્તિ સિદ્ધ થઈ જાય એટલે પછી શરીરબળની ઇચ્છા થાય, તો યોગી હાથીના બળ ઉપર સંયમ કરીને તેના જેટલું બળ પણ મેળવી શકે છે. વ્યક્તિ-માત્રની અંદર અનેક પ્રકારનું અનંત સામર્થ્ય રહેલું છે, તેને કેવી રીતે પ્રકટ કરવું એજ જાણી લેવાની જરૂર છે. એ વાત જે જાણે છે તેને બળનો અભાવ નથી; કેમકે પોતાની અંદર રહેલા પ્રત્યેક પ્રકારના બળને વ્યક્ત કરવાની ચાવી યોગીએ મેળવી લીધી છે.

प्रवृत्त्यालोकन्यासात्सूक्ष्मव्यवहितविप्रकृष्टज्ञानम् ॥ २६ ॥

વિવેચન:—પૂર્વે (પાદ ૧, સૂત્ર ૩૬ માં) બતાવેલા મહા-જ્યોતિ ઉપર સંયમ કરવાથી યોગીને અદૃશ્ય સૂક્ષ્મપદાર્થનું તેમજ અતિ દૂર રહેલી વસ્તુનું તથા પર્વત, ભૂમિ ઇત્યાદિને ઓથે રહેલી વસ્તુઓનું અને બનતા બનાવોનું દર્શન થઈ શકે છે.

भुवनज्ञानं सूर्ये संयमात् ॥ २७ ॥

સૂત્રાર્થ:—સૂર્યના ઉપર સંયમ કરવાથી સમગ્ર ભુવનોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

चन्द्रे ताराव्यूहज्ञानम् ॥ २८ ॥

સૂત્રાર્થ:—ચંદ્રના ઉપર સંયમ કરવાથી તારાગણનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ध्रुवे तद्गतिज्ञानम् ॥ २९ ॥

સૂત્રાર્થ:—ધ્રુવના તારા ઉપર સંયમ કરવાથી તારાઓની ગતિનું જ્ઞાન થાય છે.

नाभिचक्रे कायव्यूहज्ञानम् ॥ ३० ॥

સૂત્રાર્થઃ—નાભિચક્રના ઉપર સંયમ કરવાથી શરીરની રચનાનું જ્ઞાન થાય છે.

कण्ठ क्षुत्पिपासानिवृत्तिः ॥ ३१ ॥

સૂત્રાર્થઃ—કંઠમાં સંયમ કરવાથી ક્ષુધા અને તૃષાની નિવૃત્તિ થાય છે.

વિવેચનઃ—અતિશય ક્ષુધાથી પીડાતો માણસ જો કંઠ ઉપર સંયમ કરી શકે, તો તેની ક્ષુધાની નિવૃત્તિ થઇ જાય છે.

कूर्मनाड्यां स्थैर्यम् ॥ ३२ ॥

સૂત્રાર્થઃ—કૂર્મનાડી (આ નાડી કંઠકૂપથી નીચેના ભાગમાં છે) ઉપર સંયમ કરવાથી શરીર અને ચિત્તમાં સ્થિરતા આવે છે.

मूर्धज्योतिषि सिद्धदर्शनम् ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—મૂર્ધામાં રહેલી જ્યોતિમાં સંયમ કરવાથી સિદ્ધોનાં દર્શન થાય છે.

વિવેચનઃ—આ ઠેકાણે "સિદ્ધ" શબ્દ મુક્તપુરુષના અર્થમાં નહિ, પણ ભૂતયોનિથી કાંઇક ઊંચા દરજ્જાનાં પ્રાણીઓ માટે વપરાયો છે. યોગી જ્યારે માથાની ટોચ ઉપર આવેલા બ્રહ્મરંધ્રમાં રહેલી જ્યોતિમાં સંયમ કરે છે, ત્યારે આ સિદ્ધોને જોઇ શકે છે.

प्रातिभाद्वा सर्वम् ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—અથવા પ્રતિભામાં સંયમ કરવાથી સર્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—જેમને પ્રતિભાશક્તિ છે, એટલે પવિત્રતાના બળથી જેમને સ્વાભાવિક રીતેજ સર્વ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેમને સંયમ કરવાની પણ જરૂર રહેતી નથી. તેમને તો બધું જ્ઞાન આપોઆપજ પ્રાપ્ત થઇ જાય છે. મનુષ્યને ઉચ્ચ પ્રતિભા-

શક્તિ પ્રાપ્ત થવાથી જે મહાતેજની પ્રાપ્તિ થાય છે, તે તેજ વ તેની નજર આગળ સર્વ કાંઇ પ્રકટ થઇ જાય છે. કોઇ પ્ર જાતનો સંયમ કર્યા વગર તેને સર્વ પ્રકારનું જ્ઞાન આપોઆપ પ્રાપ્ત થાય છે.

हृदये चित्तसंवित् ॥ ३५॥

સૂત્રાર્થ:—હૃદયમાં સંયમ કરવાથી વૃત્તિ સહિત ચિત્તનું જ્ઞાન થાય છે.

सत्त्वपुरुषयोरत्यन्तासंकीर्णयोः प्रत्ययाविशेषाद्भोगः परार्थत्वात्स्वार्थसंयमात् पुरुषज्ञानम् ॥ ३६ ॥

સૂત્રાર્થ:—પુરુષ અને સત્ત્વ (બુદ્ધિ) જેઓ એકબીજાથી અત્યંત પૃથક્ છે, તેમના એકત્વભાનરૂપ જે અવિવેક તેજ ભોગ છે. બુદ્ધિ કે જેનાં કાર્યો પરને માટે છે તે પુરુષથી ભિન્ન પદાર્થ છે. એના ઉપર સંયમ કરવાથી શુદ્ધ પુરુષનું જ્ઞાન થાય છે.

ततः प्रातिभश्रावणवेदनादर्शास्वादवार्ता जायन्ते ॥३७॥

સૂત્રાર્થ:—તેથી (સ્વાર્થસંયમથી) પણ યોગીને પ્રાતિભ (પ્રતિભા સંબંધી), શ્રાવણ (શ્રવણ સંબંધી), વેદન, આદર્શ, આસ્વાદ અને વાર્તાઓનું ઐશ્વર્ય ઉદ્ભવે છે.

ते समाधावुपसर्गा व्युत्थाने सिद्धयः ॥ ३८ ॥

સૂત્રાર્થ:—તેઓ (પૂર્વોક્ત પ્રતિભાદિ ઐશ્વર્યો) વિઘ્નરૂપ છે અને વ્યુત્થાનમાં (સંસારવ્યવહારમાં) સિદ્ધિરૂપ છે.

વિવેચન:—યોગીઓના અભિપ્રાય મુજબ ઉપલાં તેમજ અન્ય તમામ પ્રકારનાં ઐશ્વર્ય અને ભોગ એ સર્વ પુરુષ અને બુદ્ધિના સંયોગથીજ ઉત્પન્ન થાય છે. જો યોગી એ વાત સમજી જઇને "આત્મા અને પ્રકૃતિ એ બેઉ જુદીજુદી વસ્તુઓ છે"

એ સત્વના ઉપર સંયમ કરે છે, તો તેને પુરુષનું જ્ઞાન પ્રાપ્ત થાય છે; એથી વિવેકજ્ઞાનનો ઉદય થાય છે અને તેમ થતાં પ્રતિભા આપોઆપજ ખીલી ઉઠે છે. આપણું ઊંચામાં ઊંચું લક્ષ્ય જે વિશુદ્ધ આત્માનું જ્ઞાન અને મુક્તિ છે, તેમાં તમામ ઐશ્વર્યો અને શક્તિઓ વિઘ્નસ્વરૂપ છે. મુક્તિ અને જ્ઞાનના રસ્તામાં એ શક્તિઓ આવી મળે છે અને યોગી તેમનો પરિત્યાગ કરે, તોજ મહાસિદ્ધિરૂપ આત્મજ્ઞાન અને મોક્ષને પ્રાપ્ત થઇ શકે છે. જો એ સિદ્ધિઓ મેળવવામાંજ તે લલચાઈ ગયો, તો તો પછી તેનો વિકાસ અટકી જાય છે.

बंधकारणशैथिल्यात् प्रचारसंवेदनाच्च चित्तस्य परशरीरावेशः ॥

સૂત્રાર્થઃ—બંધનું કારણ શિથિલ થવાથી અને ચિત્તનાં બધાંય પ્રચારસ્થાનોનું એટલે શરીરની નાડીઓનું યથાર્થ જ્ઞાન થવાથી યોગી પરશરીરપ્રવેશ પણ કરી શકે છે.

વિવેચનઃ—યોગી એક શરીરમાં રહેતો હોવા છતાં બીજા કોઈના મૃતદેહમાં પ્રવેશ કરીને તેને પણ ગતિ આપી શકે છે; અથવા કોઈ જીવતા મનુષ્યના દેહમાં પણ પ્રવેશ કરીને તથા તેનાં મન–ઈંદ્રિયોનો અવરોધ કરી તેટલા વખતને માટે તે શરીર મારફતે પોતે પણ કામ કરી શકે છે. પ્રકૃતિ અને પુરુષનો વિવેક બરાબર પ્રાપ્ત થયા પછીજ યોગી એ પ્રમાણે કરવા સમર્થ બને છે. જેના શરીરમાં પ્રવેશ કરવાની તેને ઇચ્છા હોય, તેના શરીર ઉપર તે સંયમ કરે છે એટલે તરતજ તેમાં તે પ્રવેશ કરી શકે છે; કારણકે તેનો આત્મા જેમ સર્વવ્યાપક છે, તેમ તેનું મન પણ સર્વવ્યાપી મનનોજ એક અંશ છે. સાધારણ રીતે મન જો કે શરીરની નાડીઓદ્વારાજ કાર્ય કરી શકે છે, પણ જ્યારે યોગી નાડીઓનાં બંધનથી પોતાને મુક્ત કરી દે છે, ત્યારે બીજાનાં શરીર મારફતે કામ કરવાની શક્તિ પણ તેને પ્રાપ્ત થઈ શકે છે.

उदानजयाज्जलपङ्ककण्टकादिष्वसंग उत्क्रान्तिश्च ॥ ४० ॥

સૂત્રાર્થઃ—ઉદાન વાયુનો સંયમ વડે જય કર્યાથી યોગી પાણીમા તેમજ કાદવમાં ડૂબતો નથી અને કાંટા ઉપર પણ ચાલી શકે છે તથા ઊર્ધ્વગમન પણ કરી શકે છે.

વિવેચનઃ—નાસિકાના અગ્ર ભાગથી માંડીને મસ્તક પર્યંત સંચારવાળા વાયુને "ઉદાન" કહે છે અને યોગી જ્યારે તેનો જય કરે છે, ત્યારે તેના શરીરનું વજન ઘણું હલકું બની જાય છે. તે પાણીમાં ડૂબી જતો નથી, તેમ કાદવમાં ગરી જતો નથી. કાંટા ઉપર તેમજ તલવારની ધાર ઉપર પણ તે ચાલી શકે છે. વળી અગ્નિની વચમાં તે વગર હરકતે ઊભો રહી શકે છે અને પોતાની મરજીમાં આવે ત્યારે શરીરનો ત્યાગ કરી દે છે.

समानजयात् प्रज्वलनम् ॥ ४१ ॥

સૂત્રાર્થઃ—હૃદયથી નાભિ સુધીના ભાગમાં રહેનારા વાયુને "સમાન" કહે છે અને તેનું કાર્ય અન્નજળના પરિણામરૂપ જે રસ, તેને તેનાં સ્થાનોમાં પહોંચાડવાનું છે. આ સમાનવાયુનો જય સંયમદ્વારા કરવાથી યોગી પ્રદીપ્ત અગ્નિ જેવો દેખાય છે.

श्रोत्राकाशयोः संबंधसंयमाद्दिव्यं श्रोत्रम् ॥ ४२ ॥

સૂત્રાર્થઃ—કર્ણ અને આકાશ વચ્ચે જે સંબંધ છે, તેના ઉપર સંયમ કરવાથી દિવ્ય શ્રવણશક્તિ પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—દિવ્ય શ્રવણશક્તિ પ્રાપ્ત થવાથી યોગી ગમે તેવા ધીમા અવાજથી બોલવામાં આવે તે, તેમજ ઘણા માઇલ દૂરની વાતચીત પણ સાંભળી શકે છે.

कायाकाशयोः संबंधसंयमाल्लघुतूलसमापत्तेश्चाकाशगमनम् ॥४३

સૂત્રાર્થઃ—શરીર અને આકાશના સંબંધ ઉપર ચિત્તનો

સંયમ કરવાથી યોગીનું શરીર હલકું ફૂલ જેવું બની જાય છે અને તેથી તે આકાશમાં ગમન કરી શકે છે.

વિવેચનઃ— આપણાં સર્વનાં શરીરની બનાવટમાં મુખ્ય સાધન આકાશજ છે. આકાશેજ અમુક પ્રકારની વિકૃતિ પામીને શરીરનું રૂપ ધારણ કરેલું છે. તેથી યોગી જ્યારે શરીરના ઉપાદાનરૂપ આકાશતત્ત્વ ઉપર સંયમ કરે છે, ત્યારે તેનું શરીર પણ આકાશની પેઠે હલકું બની જાય છે અને તેથી તે આકાશ માર્ગે યથેચ્છ ગમન કરી શકે છે.

बहिरकल्पिता वृत्तिर्महाविदेहा ततः प्रकाशावरणक्षयः ॥ ४४ ॥

સૂત્રાર્થઃ—"મહાવિદેહા" નામક બહિરકલ્પિતાવૃત્તિ ઉપર સંયમ કરવાથી પ્રકાશના આવરણનો ક્ષય થાય છે.

વિવેચનઃ—અજ્ઞાનને વશ થઇને મન એમજ સમજે છે કે, હું અમુક શરીરમાંજ મારૂં કાર્ય કરૂં છું; પરંતુ વાસ્તવમાં જો એ મન સર્વવ્યાપકજ હોય; તો પછી અમુક શરીર કે નાડીઓની સાથે તેણે શા માટે બંધાઇ રહેવું? અને અહંકારથી પણ શા માટે એકજ શરીરમાં બંધાઇ રહેવું? યોગી આ હકીકત સમજી ચૂકેલો હોવાથી તેની મરજીમાં આવે ત્યારે, જે કોઈ શરીરમાં ઇચ્છે તે શરીરમાં પોતાપણાનું આસ્વાદન કરી શકે છે. શરીરમાં અહંતામમતા આરોપવાવાળું અજ્ઞાન ટળી જવાથી, યોગીના મનમાં જે સર્વથી પરપણાની મહાન પરમભાવના—વૃત્તિ—આંદોલન—ઉત્પન્ન થાય છે, તેને "મહાવિદેહભાવ" કહે છે. આ મહાવિદેહભાવ ઉપર સંયમ કરી તેને પરિપકવ બનાવવાથી યોગીનાં સમગ્ર અજ્ઞાન—અંધકારનો નાશ થઇ ઉત્થાનકાળમાં પણ પ્રત્યેક વસ્તુ અને આખું વિશ્વ તેને ચૈતન્યમય દેખાય છે.

स्थूलस्वरूपसूक्ष्मान्वयार्थवत्त्वसंयमाद्भूतजयः ॥ ४५ ॥

સૂત્રાર્થ:—ભૂતો (પંચ મહાભૂત)નાં સ્થૂલ સ્વરૂપ, સૂક્ષ્મ સ્વરૂપ, અન્વય અને અર્થવત્વમાં સંયમ કરવાથી ભૂતજય કરી શકાય છે.

વિવેચન:—યોગી સમગ્ર ભૂતસમૂહ ઉપર સંયમ કરી શકે છે. સ્થૂલ ભૂતોથી આરંભ કરીને ત્યાર પછી તેમની અનેક સૂક્ષ્મ અવસ્થાઓ ઉપર પણ તે સંયમ કરી શકે છે. બૌદ્ધોનો એક સંપ્રદાય આ પ્રકારના સંયમ ઉપર વિશેષ લક્ષ આપે છે. તેઓ પોતાના હાથમાં કાદવનો લોચો લઈને તેના ઉપર સંયમ કરવા માંડે છે. એમ કરતાં કરતાં જે સૂક્ષ્મ તત્ત્વોનો કાદવ બનેલો છે, તે તેમને દેખાવા લાગે છે અને જ્યારે તે એમાંનાં સર્વ સૂક્ષ્મ તત્ત્વોનું જ્ઞાન મેળવી રહે છે ત્યારે એ તત્ત્વો ઉપર તેમનો અધિકાર બેસી જાય છે. બધાંજ તત્ત્વોનું એ પ્રમાણે સમજવું. સારાંશ કે, યોગી ઇચ્છે તો સર્વ ભૂતોને સંયમદ્વારા પોતાના અધિકાર નીચે લાવી શકે છે.

ततोऽणिमादिप्रादुर्भावः कायसंपत्तद्धर्मानभिघातश्च ॥ ४६ ॥

સૂત્રાર્થ:—તેમ થવાથી અણિમા આદિ સિદ્ધિઓનો આવિર્ભાવ થવા લાગે છે; શરીરસંપત્તિની પ્રાપ્તિ થાય છે અને શારીરિક ધર્મો અબાધિત થાય છે.

વિવેચન:—એનો અર્થ એ છે કે, યોગીને અષ્ટસિદ્ધિઓનો લાભ થાય છે. તે મરજીમાં આવે તો અણુ જેવડો સૂક્ષ્મ બની શકે છે અને પોતાના શરીરને અત્યંત વિશાળ પણ બનાવી શકે છે. પોતે પૃથ્વીના જેવો ભારે અને વાયુના જેવો હલકો થઈ શકે છે. મરજીમાં આવે તેના ઉપર સ્વામિત્વ ચલાવી તેને તાબે કરી શકે છે. સિંહ પણ બકરીની પેઠે તેના પગ આગળ બેસી રહે છે અને ભાવનામાત્રથીજ તેની સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે.

रूपलावण्यबलवज्रसंहननत्वानि कायसंपत् ॥ ४७ ॥

સૂત્રાર્થઃ—રૂપ (સૌંદર્ય), લાવણ્ય (કાંતિ), બળ અને વજ્રના જેવી દૃઢતા, એ શરીરસંપત્તિઓ છે.

વિવેચનઃ—શરીર અભેદ્ય બની જવાથી અગ્નિ પણ તેને ઇજા કરી શકતો નથી. તેને ઇજા કરી શકે એવો જગતમાં એકે પદાર્થ નથી. તે પોતે જયાંસુધી ઇચ્છે નહિ, ત્યાંસુધી તેનો કોઇ પણ વિનાશ કરી શકતું નથી. કાળને પણ પ્રતિબદ્ધ કરીને યોગી પોતાના શરીરરૂપી વિશ્વમાં નિવાસ કરી રહે છે. વેદમાં લખ્યું છે કે, યોગીને રોગ, મૃત્યુ કે કલેશ સંભવેજ નહિ.

ग्रहणस्वरूपाऽस्मितान्वयार्थवत्त्वसंयमादिन्द्रियजयः ॥४८॥

સૂત્રાર્થઃ—ઇંદ્રિયોની બાહ્યાભિમુખી ગતિ, તેમાંથી પ્રાપ્ત થતું જ્ઞાન, એ જ્ઞાનથી વિકસિત થતો અહંભાવ, તેનું ત્રિગુણમયત્વ અને ભોગદાતૃત્વ, એના સંયમથી ઇંદ્રિયોનો જય થાય છે.

વિવેચનઃ—બાહ્યપદાર્થનું અવલોકન અથવા અનુભવ કરવા સમયે પ્રથમ ઇંદ્રિયો પોતાના મનની અંદરના સ્થાનને છોડીને, તે પદાર્થમાં લીન થાય છે અને પછી બુદ્ધિ અને અસ્મિતા પણ તેને અનુસરે છે. એ સર્વનો જયારે યોગી સંયમ કરે છે, ત્યારે તે ઇંદ્રિયોને પોતાના કાબૂમાં લાવી શકે છે. એકાદ પુસ્તકનું ઉદાહરણ લો. પ્રથમ તમે તેના ઉપર મનની એકાગ્રતા કરો. પછી એ પુસ્તકની આકૃતિમાં જે "પુસ્તકત્વ એટલે પુસ્તક" એવું કાંઇક જ્ઞાન રહેલું છે, તેને આકૃતિથી છૂટું પાડીને તેના ઉપર સંયમ કરો અને છેવટે જે અહંભાવ વડે એ પુસ્તકનું દર્શન થાય છે તેના ઉપર સંયમ કરો. આવા અનુક્રમપૂર્વકનો અભ્યાસ કરવાથી ઇંદ્રિયો તમારે તાબે થઇ જશે.

ततो मनोजवित्त्वं विकरणभावः प्रधानजयश्च ॥ ४९ ॥

સૂત્રાર્થ:—તેથી (ઇંદ્રિયજયથી) મનોજવિત્વ એટલે દેહને પણ મનના જેવો વેગ, વિકરણભાવ એટલે ઇંદ્રિયોને દેહ વિના પણ ઇચ્છિત દેશકાળમાં સ્વતંત્રપણે કામ કરવાની શકિત અને પ્રધાન એટલે તમામ પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત થશે.

વિવેચન:—જેમ ભૂત એટલે તત્ત્વોનો જય કરવાથી "કાયસંપત્" નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેમ ઇંદ્રિયોનો જય કરવાથી ઉપર કહેલી શકિતઓ પ્રાપ્ત થાય છે.

सत्त्वपुरुषान्यताख्यातिमात्रस्य सर्वभावाधिष्ठातृत्वं सर्वज्ञातृत्वं च ॥ ५० ॥

સૂત્રાર્થ:—પુરુષ અને બુદ્ધિના એકબીજાથી જુદાપણા ઉપર સંયમ કરવાથી સર્વ વસ્તુઓનું અધિષ્ઠાતાપણું તથા સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે.

વિવેચન:—જ્યારે પ્રકૃતિ પર જય મેળવાય અને પુરુષ અને પ્રકૃતિનો ભેદ બરાબર સમજાઈ જઈ પુરુષ અવિનાશી, પવિત્ર અને પુણ્યસ્વરૂપ છે એવો દૃઢ અનુભવ થાય, ત્યારે યોગીને સર્વનું અધિષ્ઠાતાપણું અને સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે અર્થાત્ તે યોગી સર્વવ્યાપી અને સર્વનો જ્ઞાતા બની રહે છે.

तद्वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम् ॥ ५१ ॥

સૂત્રાર્થ:—ઉપર કહેલા સર્વના અધિષ્ઠાતાપણામાં તથા સર્વજ્ઞપણામાં પણ વૈરાગ્ય થવાથી દોષમાત્રનાં બીજનો ક્ષય થઇ જઇ કૈવલ્યપદની પ્રાપ્તિ થાય છે.

વિવેચન:—યોગી જ્યારે તે સર્વવ્યાપીત્વ અને સર્વજ્ઞત્વની સિદ્ધિઓનો પરિત્યાગ કરે છે, ત્યારેજ તેના સર્વ ભ્રાંતિસંસ્કારોનો, તમામ આકર્ષણો તથા પ્રલોભનોનો અને દેવતાઓનાં પ્રલોભનોનો સમૂળો ક્ષય થાય છે. સર્વ પ્રકારની અદ્ભુત શકિતઓ

મેળવ્યા પછી યોગી જ્યારે તેમને પણ અંતરાયરૂપ સમજીને તેમનો સર્વનો ત્યાગ કરે છે, ત્યારેજ તે અંતિમ લક્ષ્યબિંદુ સુધી પહોંચી શકે છે. વાસ્તવિક રીતે જોતાં એ સિદ્ધિઓ પણ એક પ્રકારનો પ્રકૃતિનો વિકાર અથવા સંસ્કારજ છે; માટે સ્વપ્ન કરતાં તેઓ કોઇ રીતે શ્રેષ્ઠ નથી. સર્વશકિતમાનપણું એ પણ એક પ્રકારની સ્વપ્નાવસ્થાજ છે; કેમકે એનો આધાર પણ કેવળ મનના ઉપરજ રહેલો છે. જયાંસુધી મનનું અસ્તિત્વ રહે છે, ત્યાંસુધીજ સર્વશકિતમાનપણાની લાગણી અને સંભવ હોઇ શકે છે; પરંતુ આપણું લક્ષ્યસ્થાન મનથી પણ પર છે.

स्थान्युपनिमंत्रणे संगस्मयाकरणं पुनरनिष्टप्रसंगात् ॥५२॥

સૂત્રાર્થ:—સ્થાનપતિઓ વગેરેનાં તેમની સેવા સ્વીકારવાનાં નિમંત્રણાદિમાં આસકત થઈ, ભોગોની ઇચ્છા તથા યોગપ્રભાવના અભિમાનમાં ફસાઇ જવું નહિ; કારણકે તેથી પુનઃ અનિષ્ટ પ્રસંગની પ્રાપ્તિ થાય છે.

વિવેચન:—યોગીના માર્ગમાં બીજાં પણ કેટલાંક વિઘ્નો રહેલાં છે. ભોગૈશ્વર્યધારી ગૃહસ્થો, રાજાઓ, દેવતાઓ વગેરે યોગીનો આશીર્વાદ, સેવાલાભ વગેરે મેળવવા સારૂ તેને નિમંત્રણ આપી પોતાનાં ખાનપાન-સત્કારાદિ સ્વીકારાવવા માટે આકર્ષિત કરે છે. વળી કેટલાક કહે છે કે, તેમ થાય એ દેવતાઓને પસંદ નહિ હોવાથી અને તેઓ કોઈ કોઈ બાબતમાં માણસો કરતાં પણ અદેખાઇમાં વધી જાય એવા હોવાથી, તથા રખેને આપણું દેવપદ બીજો ખૂંચવી લે એવી તેમને હમેશ દહેશત રહેતી હોવાથી, તેઓ પણ યોગીને ભ્રષ્ટ કરવા માટે બનતો પ્રયત્ન કરે છે. જે યોગી માણસો તથા દેવો તરફની લાલચોમાં ફસાય છે તે પૂર્ણ સિદ્ધ બનતો નથી. તે મરણ પછી દેવ બને છે. વાસ્તવિક રીતે આવો સિદ્ધિઓનો ઉપયોગ કરનારો યોગી રાજમાર્ગને

છોડીને એક બાજુની ગલીમાં—વિષયોપભોગમાં જાય છે અને તેથી તેને પુનર્જન્મ લેવો પડે છે. જે યોગી એ સર્વ પ્રલોભનોને જીતવા જેટલું સામર્થ્ય મેળવે છે અને જે સીધો પોતાના લક્ષ્ય-બિંદુ તરફજ ચાલ્યો જાય છે, તેજ સદાને માટે મુક્ત થઈ શકે છે.

क्षणतत्क्रमयोः संयमाद्विवेकजं ज्ञानम् ॥ ५२ ॥

સૂત્રાર્થ:—ક્ષણ અને તેના પૂર્વાપર ક્રમ ઉપર સંયમ કરવાથી યોગીને વિવેકજન્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

વિવેચન:—ગૃહસ્થો, દેવતા, સ્વર્ગ અને સિદ્ધિઓનાં આકર્ષણોમાંથી બચી જવાનો ઇલાજ શું? વિવેક, અર્થાત્ સત્ શું અને અસત્ શું એનો વિચાર રહ્યા કરે તોજ એ સર્વ વિઘ્નોથી બચી શકાય. એ વિવેકશક્તિ દૃઢ થવા પામે તેટલાંજ માટે ઉપરોક્ત સંયમ બતાવેલો છે કે, કાળના એક અંશ ઉપર સંયમ કરવો.

जातिलक्षणदेशैरन्यतानवच्छेदात्तुल्ययोस्ततः प्रतिपत्तिः ॥५४॥

સૂત્રાર્થ:—જાતિ, લક્ષણ અને દેશ વડે જે વસ્તુઓનો ભેદ કળી શકાતો નથી, તે પણ ઉપર કહેલા સંયમ વડે સમજાય છે.

વિવેચન:—આપણે જે જે દુઃખો ભોગવી રહ્યા છીએ, તે તે સર્વની ઉત્પત્તિ અજ્ઞાનમાંથી એટલે કે સત્ય અને અસત્યના વિવેકના અભાવમાંથી થાય છે. આપણે અશુભ વસ્તુને શુભ અને સ્વપ્નતુલ્ય મિથ્યા વસ્તુને સત્ય માની બેઠા છીએ. આત્મા એ એકલોજ સત્ય પદાર્થ છે; તેનું આપણને વિસ્મરણ થઈ ગયું છે. શરીર સ્વપ્નતુલ્ય મિથ્યા છે, તોપણ જાણે આપણું સત્યસ્વરૂપ શરીરજ હોય એમ સમજી બેઠા છીએ. આ અવિવેકજ આપણાં તમામ દુઃખોનું મૂળ કારણ છે. એ અવિવેકની ઉત્પત્તિ અવિદ્યામાંથી થાય છે. વિવેકનો જેમ જેમ ઉદય થવા લાગે છે, તેમ તેમ આપણામાં એક પ્રકારનું અદ્‌ભુત બળ આવતું જાય છે. એ બળ

આમણામાં સારી પેઠે આવી શક્યું હોય, તોજ આપણે આ શરીર, સ્વર્ગ અને દેવો વગેરેની ભ્રમમૂલક કલ્પનાઓને ભેદીને પ્રાપ્તવ્યના સીધેસીધા પંથમાં આગળ વધી શકીએ છીએ. આપણે જુદાજુદા પદાર્થોને એકબીજા થકી જાતિ, ચિહ્‍ન અને સ્થાનભેદથી જુદા પાડીએ છીએ, તેથી કરીનેજ આ અજ્ઞાન ઉત્પન્ન થયેલું છે. એક ગાયનું ઉદાહરણ લઇએ. ગાયનો કૂતરાથી જે ભેદ આપણે માનીએ છીએ તે જાતિગત ભેદ છે. જો બંને ગાયોજ હોય, તો તેમને આપણે તેમનાં શરીરનાં ચિહ્‍ન ઉપરથી જુદી પાડી શકીએ છીએ. વળી જયારે બે વસ્તુઓ બધી રીતે એક બીજાને બરાબર મળતી આવતી હોય, તો સ્થાનના ભેદ ઉપરથી આપણે તેમને પૃથક્ સમજી શકીએ છીએ. પરંતુ જ્યારે પદાર્થો એકબીજા સાથે એવા ભેળસેળ થઇ ગયા હોય કે, ઉપર બતાવેલા ત્રણમાંથી એકે ઉપાય વડે તેમનું જુદાપણું નજ થઇ શકે. ત્યારે ઉપર જણાવેલી સાધનાથી પ્રાપ્ત થતા વિવેક વડે આપણે તેમનું પાર્થક્ય સમજી શકીએ. પુરુષ પવિત્ર અને પરિપૂર્ણ છે અને જગતમાં કોઇ પણ અમિશ્ર-શુદ્ધ પદાર્થ હોય તો તે એકલોજ છે. એજ સત્યના ઉપર યોગવિદ્યાનું સર્વ તત્ત્વજ્ઞાન રચાયેલું છે. શરીર અને મન એકબીજા સાથે મિશ્ર થયેલાં છે; પણ આપણે તો આપણા સત્યસ્વરૂપને પણ તેમનામાં ભેળવી દઇએ છીએ. આવી રીતની જે વિવેકની વિસ્મૃતિ એજ આપણું મોટામાં મોટું અજ્ઞાન છે અને ભૂલ છે. જ્યારે એ અજ્ઞાન-અવિવેક દૂર થઇને વિવેકશક્તિ પૂરેપૂરી પ્રાપ્ત થાય છે, ત્યારેજ મનુષ્ય સમજી શકે છે કે, જગતના સર્વ ભૌતિક તેમજ માનસિક (દૃશ્ય તથા અદૃશ્ય) પદાર્થ મિશ્રપદાર્થ છે અને તેથી તેઓ આત્મા હોઈ શકે નહિ;

तारकं सर्वविषयं सर्वथाविषयमक्रमं चेति विवेकजं ज्ञानम् ॥

સૂત્રાર્થ:—સંસારસાગરથી તારનારૂં અને સર્વ વસ્તુઓને

સર્વ પ્રકારથી તથા કાંઇ પણ ક્રમ વિના એકી વખતે વિષય કરનારૂં જ્ઞાન વિવેકજન્ય જ્ઞાન કહેવાય છે.

વિવેચનઃ—તારક એટલે સંસારમાંથી તારણ કરનારૂં–જન્મમરણમાંથી ઉગારી લેનારૂં–જ્ઞાન. સમસ્ત પ્રકૃતિ તથા તેની સર્વ સ્થૂળ અને સૂક્ષ્મ અવસ્થાઓ આ તારકજ્ઞાનની અંદર સમાઈ જાય છે. એ જ્ઞાનનો પૂર્વાપર એવો ક્રમ નથી. એ તો તમામ વસ્તુઓને તથા તેમની જુદી જુદી અવસ્થાઓને એકજ દૃષ્ટિપાતથી ગ્રહણ કરી લે છે.

सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यमिति ॥ ५६ ॥

સૂત્રાર્થઃ--સત્ત્વ અને પુરુષ, બેઉની સમાન શુદ્ધિ થયાથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

વિવેચનઃ—કૈવલ્ય એજ આપણું લક્ષ્ય છે. યોગી એ લક્ષ્યને પહોંચી જતાં અનુભવે છે કે, પ્રથમથીજ પોતે પરિપૂર્ણ અલિપ્ત–મુક્ત–કૈવલ્યરૂપ છે; અને તેને પૂર્ણ કરવા માટે પ્રકૃતિનું કે બીજી કોઇ વસ્તુનું પ્રયોજન નથી. જ્યારે શુદ્ધિ અને અશુદ્ધિ બેઉનાથી મિશ્રિત થયેલું સત્ત્વ મન આત્માના જેવું શુદ્ધ અને વૃત્તિરહિત બની જાય છે, ત્યારેજ તે નિર્ગુણ અવસ્થાને પામે છે–આત્માના પ્રતિબિંબને ઝીલી શકે છે.

अध्याय ४ थो-कैवल्यपाद

जन्मौषधिमंत्रतपःसमाधिजाः सिद्धयः ॥ १ ॥

સૂત્રાર્થ:—સિદ્ધિઓ જન્મથી, મંત્રથી, તપથી અને સમાધિથી ઉત્પન્ન થાય છે.

વિવેચન:—કોઈ કોઇ વાર પૂર્વજન્મોમાં સિદ્ધ કરેલું સામર્થ્ય લઈને અવતરેલાં મનુષ્ય પણ જોવામાં આવે છે. માત્ર ગત જન્મોના પુરુષાર્થનું ફળ ભોગવવાને અથવા તો અપૂર્ણ રહેલું કર્તવ્ય પૂર્ણ કરવા માટેજ તેમણે જન્મ લીધો હોય છે. સાંખ્યદર્શનના પિતાસ્વરૂપ કપિલમુનિ વિષે કહેવાય છે કે, તેઓ જન્મથીજ સિદ્ધ પુરુષ હતા. યોગીઓ કહે છે કે, રસાયનવિદ્યાથી એટલે કે અમુક ઓષધિઓના અમુક પ્રકારના સેવનથી પણ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રનો જન્મ રસાયનવિદ્યા તેમજ કીમિયામાંથી થયો છે, એ વાત તો તમે સૌ જાણો છોજ. સ્પર્શમણિ અને સંજીવની અમૃત અથવા આબેહયાતની શોધ મનુષ્યો કરતાજ આવ્યા છે. ભારતવર્ષમાં પણ રસાયનવિદ્યાની શોધ કરનારા પંડિતોનો એક સંપ્રદાય હતો અને તેના અનુયાયીઓ 'રાસાયન' નામથી ઓળખાતા હતા. તેમનો અભિપ્રાય એવો હતો કે, સૂક્ષ્મ તત્ત્વ જાણવાની જિજ્ઞાસા, જ્ઞાન, આધ્યાત્મિકતા, ધર્મ એ સર્વ વસ્તુઓ સાચી અને ઉત્તમ તો છે; પણ તેમને પ્રાપ્ત કરવાને માત્ર શરીરજ સાધન છે. જો અધવચ

શરીરનું પતન થઈ જાય તો અંતિમ લક્ષ્યબિંદુને પહોંચવા મ
લાંબા સમય સુધી ખોટી થવું પડે. દાખલા તરીકે અમુક મ
ષ્યને યોગાભ્યાસ કરવાની એટલે કે આધ્યાત્મિક પૂર્ણતા પ્રા
કરવાની ઇચ્છા હોય, પણ તેમાં પૂર્ણતા મેળવવા પહેલાંજ તે
મરણ થાય તો તેને બીજો દેહ ધારણ કરીને સાધના કરવી પડે; અ
આ પ્રમાણે વારંવાર જન્મ ગ્રહણ કરવામાં અને દેહત્યાગ કરવા
તેનો ઘણો સમય બરબાદ થાય; માટે જો કોઇ પણ ઉપાયે શરી
રને સુદૃઢ અવસ્થામાં લાંબો વખત ટકાવી શકાય તો એવાં જન્મ
મરણમાં પડ્યા વિનાજ આધ્યાત્મિક ઉન્નતિને માટે ઘણો સમ
મેળવી શકાય. આટલા માટે ઉપર કહેલા રાસાયનિકો કહે છે
સૌથી પહેલાં શરીરને બળવાન બનાવો. તેઓ તો એટલે સુ
કહેવાની હિંમત કરે છે કે, મનુષ્ય અમર પણ થઇ શકે છે. તેમ
અભિપ્રાય એવો છે કે જો મનજ શરીરને ઘડનારૂં છે અને દરે
જણનું મન અનંત શક્તિસમૂહની એક નાની પ્રણાલીજ છે,
વાત સાચી હોય તો દરેક મન બહારના અનંત શક્તિભંડા
માંથી ઇચ્છે તેટલી શક્તિ ખેંચી શકે, અને જો તેમજ હોય
આપણે આપણા દેહને અનંતકાળ પર્યંત શા માટે ટકાવી
શકીએ? હવે પછીના જન્મોમાં આપણે જે જે દેહ ધારણ કરી
તે તે સર્વની રચના પણ આપણેજ કરી લેવાની છે અને તેમજ
તો પછી આ શરીરમાંથી બહાર નીકળ્યા વગર આ ને આજ દેહ
નવા દેહની રચના આપણે શા માટે કરી ન લેવી? તેમના
સિદ્ધાંતમાં કશુંજ અસત્ય જેવું નથી. મરણ પછી આપ
અસ્તિત્વ રહે છે અને આપણાં નવાં શરીર આપણે જાતેજ બના
લઇએ છીએ, એ વાત જો સત્ય હોય, તો પછી એક શરીર
સંપૂર્ણ નાશ ન થવા દેતાં તેમાં ને તેમાંજ પરિવર્તન કર્યા કરી
આ ને આ દેહને પણ અનંતકાળ પર્યંત શા માટે ટકાવી ન શકાય

રાસાયનિકોનો તો એટલે સુધી વિશ્વાસ છે કે, પારો અને ગંધક એ બેઉની અંદર અદ્ભુત શક્તિ રહેલી છે. એ દ્રવ્યોની અમુક પદ્ધતિએ ઓષધિ તૈયાર કરવામાં આવે તો તેના સેવનથી મનુષ્ય પોતાના શરીરને મરજીમાં આવે તેટલો વખત ટકાવી શકે. કેટલાક તો એટલે સુધી માને છે કે અમુક ઓષધિઓમાં આકાશગમન કરાવવાની શક્તિ પણ રહેલી છે. વર્તમાન સમયની કેટલીક આશ્ચર્યકારક ઓષધિઓ–ખાસ કરીને ધાતુઓના મારણમાંથી બનાવેલી દવાઓ–આપણને એ રાસાયનિકોદ્વારાજ પ્રાપ્ત થયેલી છે. કેટલાક યોગીઓની માન્યતા એવી છે કે, અમારા મુખ્ય *મુખ્ય ગુરુઓ હજી પણ તેમના પ્રાચીન શરીરમાંજ વિદ્યમાન છે. યોગશાસ્ત્રના સંબંધમાં જેમનું પ્રમાણ સર્વમાન્ય છે, તે ભગવાન પતંજલિ પણ આ વાતનો અસ્વીકાર કરતા નથી.

મંત્રશક્તિ:—'મંત્ર' એવા નામથી ઓળખાતા કેટલાક એવા પવિત્ર શબ્દો છે કે, બતાવેલા વિધિ પ્રમાણે તેમનું ઉચ્ચારણ કરવામાં આવે તો તેમનાદ્વારા આશ્ચર્યકારક શક્તિની પ્રાપ્તિ થાય છે. આપણે હમેશાં એવી અનેક અદ્ભુત ઘટનાઓની પરંપરા વચ્ચે જીવન ગાળીએ છીએ કે, તેમના વિષે કશો વિચાર કરતા નથી અને તેમને રોજના સામાન્ય બનાવોમાં ગણી કાઢીએ છીએ. મનુષ્યની, શબ્દની અને મનની શક્તિઓની સીમાજ નથી.

તપશ્ચર્યા:—તમે જાણો છો કે, દરેક ધર્મની અંદર તપશ્ચર્યા અને સંન્યાસનો ઉપદેશ આપેલો છે. ધર્મના તમામ અંગોની સાધનામાં હિંદુ લોકો સૌના કરતાં ઘણા આગળ વધી ગયેલા છે. એક હાથ આખી જિંદગી સુધી ઊંચો ને ઊંચો રાખી તેને સૂકો લાકડા જેવો બનાવી મૂકનારા અનેક સાધુઓ તેમનામાં જોવામાં આવે છે. અનેક સાધુઓ તો દિવસરાત્રિ ઊભા ને ઊભાજ રહે છે;

* મત્સ્યેંદ્ર, ગોરખ, કંથડનાથ વગેરે.

આખરે તેમના પગ સૂજી જાય છે અને તેઓ કદાચ જીવતા રહે તોપણ તેમના પગ એવા તો અકડાઈ જાય છે કે, પછી તેમનાથી તે પગને જરા પણ વાળી શકાતા નથી અને જીવતાં સુધી તેમને ઊભાને ઊભાજ રહેવું પડે છે. ઊંચો હાથ રાખનાર એક સાધુને હું મળ્યો હતો. મેં તેને પૂછ્યું હતું કે, "તમે હાથને પહેલવહેલો ઊંચો રાખવા માંડ્યો ત્યારે તમને શું થતું હતું?" તેણે કહ્યું કે "શરૂઆતમાં તો મને એટલું બધું દુઃખ થતું કે, નદીમાં ડૂબકી મારીને બેસી રહેવું પડતું ત્યારેજ થોડી વાર દુઃખ ઓછું થતું; પરંતુ એક મહિનો વીત્યા પછી ઝાઝું દર્દ થયું નથી." આવાં કઠિન સાધનો વડે પણ અમુક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

સૂત્રાર્થ:—સમાધિ એજ ખરેખરો યોગ છે. યોગશાસ્ત્રનો એજ મુખ્ય વિષય છે અને એજ ખરેખરૂં સાધન છે. હમણાં જે જે સાધનો ગણાવી ગયા તે બધાં એની આગળ ગૌણ છે; કેમકે તેઓ પરમપદની પ્રાપ્તિ કરાવી શકતાં નથી. માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિષયમાં જે કાંઇ પ્રાપ્તવ્ય છે, તે સમાધિ વડેજ મેળવી શકાય છે.

जात्यंतरपरिणामः प्रकृत्यापूरात् ॥ २ ॥

સૂત્રાર્થ:—પ્રકૃતિના આપૂરણદ્વારા એક જાતિમાંથી બીજી જાતિમાં પરિણતિ થઇ શકે છે.

વિવેચનઃ—પતંજલિ કહે છે કે, આ શક્તિઓ કોઇને જન્મથી પ્રાપ્ત થયેલી હોય છે; કોઇને રસાયનના સેવનથી મળેલી હોય છે; કોઇને તપશ્ચર્યાથી મળેલી હોય છે. શરીરને મરજીમાં આવે તેટલો વખત ટકાવી શકાય એ વાત પણ પતંજલિ સ્વીકારે છે. આ ઠેકાણે એક જાતિમાંથી બીજી જાતિમાં પરિણતિ કેવી રીતે થાય છે તે વિષે તેઓ કહે છે કે, આ કાર્ય પ્રકૃતિના આપૂરણ-

દ્વારા સિદ્ધ થાય છે. હવે પછીના સૂત્રમાં એ વિષે વિસ્તારથી ચર્ચા આવશે.

निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत् ॥ ३ ॥

સૂત્રાર્થઃ—સત્કર્મો વગેરે સાધનો પ્રકૃતિના પરિવર્તનનાં કારણ નથી પણ પ્રકૃતિના કાર્યમાં જે કાંઇ અંતરાય હોય છે, તેમનો નાશ કરવાનાંજ નિમિત્તમાત્ર છે. જેમકે કૃષિકાર પોતાના ખેતરમાં પાણીને આવતું અટકાવનારાં વિઘ્નો દૂર કરી નાખે છે, એટલે પાણી તો પોતાના સ્વભાવ વડેજ ખેતરમાં ચાલ્યું આવે છે.

વિવેચનઃ—કોઇ ખેડૂતને પોતાના ખેતરને પાણી પાવાની ઇચ્છા છે. હવે પાણી તો ખેતરની પાસેનીજ નહેરમાં વહી રહેલું હોય છે; પરંતુ ફાટકો બંધ હોવાથી તે ખેતરમાં પ્રવેશી શકતું નથી. ખેડૂત તે ફાટકો ખોલી નાખે છે એટલે પાણી તો ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે આપોઆપજ ખેતરમાં ચાલ્યું આવે છે. આજ પ્રમાણે સમગ્ર ઉન્નતિ અને શકિત સદાકાળ દરેકની પાસેને પાસેજ છે; અને 'પૂર્ણતા' એ તો પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ છે. માત્ર તેનો દરવાજો બંધ થઇ ગયો છે અને તેથી કરીને એ શકિતને પ્રકટવાનો માર્ગ મળતો નથી. જો કોઇ પણ ઉપાયે એ પ્રતિબંધક કારણોને દૂર કરવામાં આવે, તો આત્માની સ્વભાવગત પૂર્ણતા પોતાના મહિમા વડેજ ઝળકી ઊઠે અને મનુષ્યમાં પહેલેથીજ જે શકિતઓ રહેલી છે તેનો તેને અનુભવ થવા લાગે. જો એ પ્રતિબંધક કારણો દૂર થાય અને પ્રકૃતિ પોતાનું કાર્ય કરવા લાગે તો જેને આપણે મહાપાપી કહીએ છીએ તે પણ સાધુતુલ્ય બની રહે. આપણો સ્વભાવ આપણને અજ્ઞાનપણે પણ પૂર્ણતા તરફ ખેંચી રહેલો છે અને વહેલેમોડે દરેકે તે દિશા તરફ વળવુંજ પડશે. ધર્મનાં અંગ તરીકે જે કાંઇ સાધનભજન વગેરે કરવાનું કહ્યું છે, તેમનું સર્વનું કાર્ય કેવળ એ પ્રતિબંધક કાર-

ધોને દૂર કરવા પૂરતુંજ છે; કે જેથી આપણી સ્વભાવસિદ્ધ અને અનાદિ પરિપૂર્ણતાનું દ્વાર ઊઘડી જાય. પ્રાચીન યોગીઓનો આ ઉત્ક્રાન્તિવાદ સમજવામાં આધુનિક વિજ્ઞાનના પ્રકાશની બહુજ મદદ મળે છે; પરંતુ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે પ્રાચીન યોગીઓનો સિદ્ધાંત હાલના વિજ્ઞાનશાસ્ત્ર કરતાં વધારે ઉત્તમ, સયુક્તિક અને પ્રમાણુસિદ્ધ છે. ઉત્ક્રાન્તિવાદીઓ ઉત્ક્રાન્તિનાં બે કારણ બતાવે છેઃ—(૧) સ્ત્રીપુરુષના સંયોગની પસંદગી અને (૨) સૌથી વિશેષ યોગ્ય હોય તેમનુંજ જીવન. પણ આ બે કારણો સંપૂર્ણ અને અયોગ્યજ છે. જેમકે, મનુષ્યનું જ્ઞાન એટલી હદ સુધી વધી જાય કે શરીરના નિભાવનો અથવા યોગ્ય પતિ-પત્નીનો પ્રશ્નજ ન રહેવા પામે; તો પછી ઉત્ક્રાન્તિવાદના મત પ્રમાણે મનુષ્યનો વિકાસક્રમ બંધ થવો જોઇએ અને મનુષ્યજાતિનો નાશ થવો જોઇએ. વળી તેમાંથી બીજું પરિણામ એ આવશે કે અત્યાચાર કરનાર દરેક વ્યક્તિને પોતાના અંતરાત્માના ચટકામાંથી ઊગરી જવાની સારી સારી દલીલો મળી આવશે. વળી એવા પણ ઘણા માણસો છે કે જેઓ તત્ત્વજ્ઞાની હોવાનો ઢોંગ કરીને મનુષ્યજાતિના સંરક્ષણને માટે તમામ દુષ્ટ અને અયોગ્ય માણસોને મારી નાખવા ચાહે છે. વળી યોગ્યાયોગ્યતાનો ખરો નિર્ણય કરનારા પણ તેઓ એકલા પોતાનેજ માને છે! પરંતુ પ્રાચીન ઉત્ક્રાન્તિવાદી મહામુનિ પતંજલિ કહે છે કે ઉત્ક્રાન્તિવાદનું ખરૂં રહસ્ય તો દરેક મનુષ્યમાં બીજરૂપે જે પૂર્ણતા રહેલી છે, તેનોજ આવિર્ભાવ કરવામાં રહેલું છે. તેઓ કહે છે કે, એ પૂર્ણતાનો પ્રકાશ પ્રતિબંધક કારણોને લીધેજ બહાર ઝળકી નીકળતો નથી. આપણી સર્વની અંદર રહેલો એ પૂર્ણતાનો મહાસાગર પ્રતિબંધક દીવાલોને ભેદવાને માટે તેની સામે નિરંતર અથડાયાજ કરે છે. આપણે નાના પ્રકારના ક્લેશ, ઝઘડા અને

હરીફાઈઓ કરીએ છીએ તે કેવળ આપણા અજ્ઞાનનુંજ પરિણામ છે. એ દરવાજાનાં દ્વાર કેવી રીતે ઉઘાડી નાખવાં અને પાણીને આપણી અંદર કેવી રીતે વાળી દેવું તે આપણે જાણતા નથી, તેથીજ આપણી આ અવસ્થા થવા પામી છે. આપણી પાછળ શક્તિ અને પૂર્ણતાનો જે અનંત મહાસાગર ઉછળી રહ્યો છે, તે એક દિવસ તો બધાએ અંતરાયોને તોડયા વગર નહિજ રહે. માત્ર જીવન ટકાવી રાખવા અથવા ઇંદ્રિયોને તૃપ્ત કરવા સારૂંજ કાંઇ આ જગત પેદા થયેલું નથી. એ તો અનાવશ્યક, ક્ષણિક, બાહ્ય અને અજ્ઞાનજન્ય વ્યાપારમાત્ર છે. તમામ પ્રકારની હરીફાઈ બંધ થઇ જાય તોપણ જ્યાંસુધી દરેક વ્યક્તિએ પૂર્ણતા પ્રાપ્ત નથી કરી, ત્યાંસુધી તેનામાં રહેલી સ્વભાવગત પૂર્ણતા આપણને આગળ ધકેલ્યાજ કરવાની. એ પૂર્ણતા મેળવવાને માટે દુન્યવી હરીફાઈ જરૂરનીજ છે એમ માનવાને કશો આધાર નથી. જેમ પશુની અંદર પણ મનુષ્યત્વ ગૂઢભાવે રહેલું છે અને અંતરાયરૂપ ફાટક ઊઘડી જાય એટલે તે મનુષ્યત્વ બહાર નીકળી આવે છે; તેજ પ્રમાણે મનુષ્યમાં પણ ઈશ્વરત્વ ગૂઢભાવે રહેલું છે. માત્ર અજ્ઞાનની ભોગળ આડી આવેલી હોવાથીજ ફાટકો ઊઘડી શકતા નથી અને ઇશ્વરત્વ પ્રકાશિત થતું નથી. જ્ઞાન વડે એ ભોગળ ખસી જાય કે તરતજ ઈશ્વરત્વ ઝળકી ઊઠે છે.

निर्माणचित्तान्यस्मितामात्रात् ॥ ४ ॥

સૂત્રાર્થ:—યોગી કેવળ અસ્મિતા (અહંભાવ) માંથી અનેક ચિત્ત રચી શકે છે.

વિવેચન:—કર્મવાદનું તાત્પર્ય એ છે કે આપણને આપણાં સારાંનરસાં કર્મનું ફળ ભોગવવુંજ પડે છે; અને એટલા માટેજ ઘણાંખરાં દર્શનોનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યને તેનું નિત્યસિદ્ધ નિર્વાણ પ્રાપ્ત કરાવવાનો છે. તમામ શાસ્ત્રો પ્રથમ સાન્ત આત્માની

એ નિત્યસિદ્ધ મહત્તાની ઘોષણા કરે છે અને પછીજ કર્મનું શિક્ષણ આપે છે. એ શિક્ષણનું તાત્પર્ય એજ હોય છે કે શુભ કર્મનું ફળ શુભ આવે છે અને અશુભ કર્મનું ફળ અશુભ આવે છે; પણ જો શુભ તેમજ અશુભ કર્મોનો પ્રભાવ આત્મા ઉપર પણ પડતો હોય તો પછી આત્મા જેવી સ્વતંત્ર વસ્તુનો કશો અર્થજ નથી. અશુભ કર્મો માત્ર પુરુષ અથવા આત્માના પોતાના સ્વરૂપના પ્રકાશને અટકાવે છે. શુભ કર્મો વડે એ અટકાયત દૂર થઈ જાય છે. આ પ્રમાણે અંતરાય દૂર થતાંજ પુરુષનો સ્વભાવ-સિદ્ધ મહિમા ઝળકી નીકળે છે; પણ એથી અથવા બીજા કોઈ પણ સંયોગોથી પુરુષના મૂળસ્વરૂપમાં કશોજ ફેરફાર થઇ શકતો નથી. ગમે તે પ્રકારનાં કર્મ કરવામાં આવે પણ તેથી તમારો પોતાનો (તમારા વાસ્તવ પોતાપણાનો) મહિમા લેશમાત્ર પણ નષ્ટ થવાનો નથી કે વધવાનો નથી; કારણકે આત્મા એવો અ-વ્યય પદાર્થ છે કે કોઇ વસ્તુની તેના ઉપર અસર થતી નથી. માત્ર કર્મો વડે આત્માની આડું એક પ્રકારનું આવરણ બંધાઇ જાય છે અને તેથી કરીને તેની પરિપૂર્ણતા ઢંકાઇ જાય છે.

યોગીઓ જલદી જલદી પોતાનાં કર્મોનો ક્ષય કરી નાખવા સારૂ "કાયવ્યૂહ"ની (અનેક દેહોની) ઉત્પત્તિ કરે છે અને એ દેહોને માટે તેઓ પોતાના અહંકારમાંથી મન ઉત્પન્ન કરે છે. એવી રીતે બનેલા ચિત્તસમૂહને "નિર્માણચિત્ત" કહે છે.

प्रवृत्तिभेदे प्रयोजकं चित्तमेकमनेकेषाम् ॥ ५ ॥

સૂત્રાર્થ:—આવી રીતે નિર્માણ થયેલાં ચિત્તોની પ્રવૃતિઓ જુદાજુદા પ્રકારની હોય છે; તોપણ મૂળ એકજ મન વડે તેમનું સર્વનું નિયમન થાય છે.

વિવેચન:—જે જુદાંજુદાં મન, જુદાંજુદાં શરીરોની માર-

ફતે કાર્ય કરી રહ્યાં હોય છે, તેમને નિર્મિત મન કહે છે; અને તેવાં શરીરોને નિર્મિત શરીર કહે છે. ભૂતો (તત્ત્વો) અને મન બેઉ અખૂટ ભંડારતુલ્ય છે. યોગી થવાથીજ એમનો જય કરવાનું (તેમના ઉપર કાબૂ મેળવવાનું) સાધન પ્રાપ્ત થાય છે. તે પ્રાપ્ત થયા પછી તમારી ઇચ્છા પ્રમાણે તેમનો જેવો ઉપયોગ કરવો હોય તેવો તમે કરી શકો છો. એ પરાપૂર્વથીજ તમારાં દાસ હતાં પણ તેમના પરનું તમારૂં સ્વામિત્વ તમે ભૂલી ગયા હતા. યોગી થતાની સાથે તમને તેમનું સ્મરણ થઈ આવ્યું અને તમારો હક તમે સંભાળી લીધો. જે ઉપાદાન (મૂળપદાર્થ)માંથી આ વિશાળ બ્રહ્માંડ બનેલું છે તેજ ઉપાદાનમાંથી "નિર્મિત્તચિત્ત" પણ બને છે. મન અને ભૂત એ બંને પદાર્થ મૂળમાં જુદા નથી. એકજ પદાર્થની બંને જુદીજુદી અવસ્થાઓજ છે. અસ્મિતા (અસ્તિત્વની—અહંકારની સૂક્ષ્મ અવસ્થા) એજ તે ઉપાદાન છે કે જેમાંથી યોગીનાં નિર્મિત્ત ચિત્ત અને નિર્મિત શરીર તૈયાર થાય છે. જ્યારે યોગી પ્રકૃતિના આ રહસ્યથી વાકેફ થાય છે ત્યારે તે એ ઉપાદાનમાંથી પોતે ઇચ્છે તેટલાં મન અને શરીરની રચના કરી શકે છે.

तत्र ध्यानजमनाशयम् ॥ ६ ॥

સૂત્રાર્થઃ—જુદાજુદા પ્રકારના ચિત્તોમાં જે ચિત્તની રચના ધ્યાન—સમાધિ વડે કરવામાં આવી હોય છે તે ચિત્ત અનાશય—વાસનાશૂન્ય હોય છે.

વિવેચનઃ—જુદાજુદા પ્રકારના માણસોમાં આપણે જે જુદાં-જુદાં પ્રકારનાં મન જોઇએ છીએ, તે બધાંમાં જેના મને સમાધિ-ની અવસ્થા પ્રાપ્ત કરી હોય તે સૌથી શ્રેષ્ઠ છે. જે વ્યક્તિ ઔષધિ, મંત્ર અથવા તપના બળથી સિદ્ધિઓ મેળવે છે તેનામાં વાસના રહેલીજ હોય છે. જેણે યોગાભ્યાસ વડે સમાધિ પ્રાપ્ત કરી હોય

તેઓજ માત્ર સર્વ રીતે વાસનાથી મુક્ત થઇ શકે છે.

कर्माशुक्लकृष्णं योगिनस्त्रिविधमितरेषाम् ॥ ७ ॥

સૂત્રાર્થ:—યોગીનાં કર્મ કૃષ્ણ પણ નથી અને શુકલ પણ નથી: બીજા બધાઓનાં કર્મ ત્રણ પ્રકારનાં (જેમ કે શુકલ, કૃષ્ણ અને મિશ્ર) હોય છે.

વિવેચન:—જ્યારે યોગી ઉપર કહી તેવી પૂર્ણતા પ્રાપ્ત કરે છે ત્યારે તેનાં કાર્ય અને તે કાર્યોદ્વારા જે જે ફળ ઉત્પન્ન થાય છે, તે તેને માટે બંધનકારક થતાં નથી; કારણકે એ કર્મ કર્યા કરે છતાં એને ફળેચ્છા સ્પર્શ કરી શકતી નથી. તે બીજાના કલ્યાણને માટે કર્મ કરે છે. બીજાના ઉપર ઉપકાર કરે છે, પણ તેના ફળની ઇચ્છા રાખતો નથી. એથી કરીને તેનાં શુભાશુભ કર્મોનાં પુણ્યપાપરૂપી ફળ તેની પાસે આવી શકતાં નથી. અન્ય સાધારણ મનુષ્યો, જેમણે એ સર્વશ્રેષ્ઠ અવસ્થા પ્રાપ્ત નથી કરી તેમનાંજ ત્રણે પ્રકારનાં કર્મ તેમને તેનું ફળ આપી શકે છે.

ततस्तद्विपाकानुगुणानामेवाऽभिव्यक्तिर्वासनानाम् ॥ ८ ॥

સૂત્રાર્થ:—આ ત્રિવિધ કર્મમાંથી તે તે કર્મના વિપાકને અનુકૂળ હોય એવીજ વાસનાઓ ઉત્પન્ન થાય છે.

વિવેચન:—દાખલા તરીકે મેં શુભ, અશુભ અને મિશ્ર, ત્રણે પ્રકારનાં કર્મો કર્યાં છે; અને તે પછી ધારો કે મારૂં મૃત્યુ થયું અને હું સ્વર્ગમાં જઇને દેવપદને પામ્યો; હવે મનુષ્યદેહની વાસના અને દેવદેહની વાસનાઓ એક પ્રકારની હોતી નથી; કેમકે દેવશરીર ભોજનપાન એમાંનું કાંઇ કરી શકતું નથી. ત્યારે હવે આત્માએ પ્રથમ જે ખાનપાનાદિનાં ઇંદ્રિયજન્ય સુખ ભોગવવાની વાસના પેદા કરી હોય તેનું શું થવાનું? હું દેવતા બની ગયો તેથી શું પેલાં કર્મ જતાં રહેવાનાં? એનો જવાબ એ છે કે, અનુ-

કૂળ અને યોગ્ય સંયોગ મળે ત્યારેજ દબાઈ રહેલી વાસનાઓ પ્રકટ થાય છે અને બાકીની દબાઇને પડી રહે છે. આ જીવનમાં મારામાં અનેક વાસનાઓ લંબાઇ હશે. તેમાંની કેટલીક દેવને યોગ્ય-કેટલીક મનુષ્યને યોગ્ય-અધમ પ્રકારની પણ હશે. હું જ્યારે દેવશરીર ધારણ કરૂં, ત્યારે જે જે વાસના દેવશરીરને યોગ્ય હોય તેટલીજ પ્રકટ થાય છે; કારણકે તેમને પ્રકટ થવાને માટે એજ અવસર યોગ્ય હોય છે. જ્યારે હું પશુદેહ ધારણ કરૂં, ત્યારે મારામાં રહેલી એકલી પાશવવાસનાઓજ જાગૃત થશે અને શુભ વાસનાઓ તેટલો વખત યોગ્ય અવસરની રાહ જોતી બેસી રહેશે. આ ઉપરથી એમ સાબિત થાય છે કે જો આપણે બીજું ઉપર્યુક્ત વાતાવરણ ઉત્પન્ન કરીએ તો એ વાસનાઓનું દમન પણ કરી શકાય; કેમકે જે કર્મને માટે સંયોગો અનુકૂળ હોય છે તેજ કર્મ પ્રકટ થઇ શકે છે. એજ આ સૂત્રનો ભાવાર્થ છે; અને તે ઉપરથી સિદ્ધ થાય છે કે, સંયોગોની પ્રબળતા; એ એક એવું મહાન સાધન છે કે જે કર્મનો પણ નિગ્રહ કરી શકે છે.

जातिदेशकालव्यवहितानामप्यानन्तर्यं स्मृतिसंस्कारयोरेकरूपत्वात् ॥ ९ ॥

સૂત્રાર્થઃ—વાસનાઓ જાતિ, દેશ અને કાલથી ભેદવાળી છતાં પણ તેમાં જુદાપણું નથી; કારણકે તેના મૂળભૂત જે સ્મૃતિ અને સંસ્કાર તેમની એકરૂપતા છે.

વિવેચનઃ—મનુષ્યના અનુભવો સૂક્ષ્મ અવસ્થાને પામતાં સંસ્કારનું રૂપ ધારણ કરે છે, અને એ સંસ્કારો પુનઃ જાગ્રત થાય છે ત્યારે તેને આપણે સ્મૃતિ કહીએ છીએ. આ ઠેકાણે 'સ્મૃતિ' શબ્દ, અત્યારનાં જ્ઞાનપૂર્વક કર્મ અને સંસ્કારરૂપે પરિણામ પામેલા પૂર્વના અનુભવોની અજ્ઞાનપણે થઈગયેલી એકતા, એવા અર્થમાં લેવાનો છે. વર્તમાનમાં દેખાતું પ્રત્યેક શરીર એક વાર તે તે

પ્રકારના સંસ્કારોરૂપેજ હતું; અર્થાત્ એક સમયના અમુક પ્રકારના સંસ્કારોજ અત્યારે અમુક પ્રકારના દેહરૂપે પરિણામ પામ્યા છે; અને એમાંના સૂક્ષ્મશરીરરૂપે પરિણામ પામેલા સંસ્કારો સ્થૂળશરીરરૂપે બનેલા સંસ્કારો પાસે કર્મરૂપ પ્રવૃત્તિ કરાવે છે. એ ઉપરાંત જે બીજા પ્રકારના દેહને યોગ્ય અનુભવો-સંસ્કારો હોય છે, તે તો તેવા પ્રકારનો દેહ પ્રાપ્ત થતા સુધી આતસૂક્ષ્મ ગુપ્તભાવે દબાઇને બેસી રહે છે. આ રીતે વિચારતાં દરેક શરીર જાણે તેજ જાતનાં કેટલાંક પૂર્વનાં શરીરોનું વંશજ હોય એવી રીતે કાર્ય કરે છે; અને તેથી વાસનાનો પૂર્વાપર સંબંધ તૂટી શકતો નથી.

तासामनादित्वं चाशिषो नित्यत्वात् ॥ १० ॥

સૂત્રાર્થ:—સુખની તૃષ્ણા અનાદિ હોવાથી વાસનાઓ પણ અનાદિ હોય છે.

વિવેચન:—આપણે જે જે અનુભવો ગ્રહણ કરીએ છીએ, અથવા ઉપયોગ કરીએ છીએ તે સર્વનું મૂળ સુખી થવાની ઇચ્છામાં રહેલું છે. એ અનુભવો અને ઉપભોગોનો પ્રારંભકાળ નથી. દરેક પ્રકારનો નવીન ઉપભોગ, પૂર્વના ઉપભોગથી બંધાયેલી ચિત્તવૃત્તિદ્વારા આપણા મનને જે એક પ્રકારની ગતિ મળે છે તેના ઉપર આધાર રાખે છે; એટલા માટેજ વાસનાને અનાદિ (આદિ-રહિત) કહી છે.

हेतुफलाश्रयालंबनैः संगृहीतत्वादेषामभावे तदभावः ॥ ११ ॥

સૂત્રાર્થ:—એ વાસનાઓ હેતુ (સંસારચક્રદ્વારા અવિદ્યા), ફલ (ધર્માધર્મ, દેહ ઇત્યાદિ), આશ્રય (ચિત્ત), આલંબન (વિષય), એ ચારને લીધેજ સંગૃહિત હોવાથી જ્યાં તેઓનો અભાવ હોય, ત્યાં વાસનાનો પણ અભાવ હોય છે.

વિવેચન:—એ વાસનાઓ હેતુ અને ફળ વડે કરીને એક-

બીજા સાથે ગૂંથાયેલી હોય છે. મનમાં અમુક વાસના ઉત્પન્ન થઇ એટલે તે તેનું ફળ લાવ્યા વગર નાશ પામશે નહિ. વળી પૂર્વની વાસનાઓના સમૂહનો આધાર અને તેમનો મહાન ભંડાર તે આપણું ચિત્ત છે. ચિત્તમાં એ વાસનાઓ સૂક્ષ્મરૂપે (સંસ્કારના રૂપમાં) પડી રહેલી હોય છે. જ્યાંસુધી તેમનું કાર્ય ખતમ ન થાય, ત્યાંસુધી તેમનો નાશ કદાપિ પણ થાય નહિ. વળી જ્યાંસુધી ઇંદ્રિયો બાહ્ય વસ્તુઓને ગ્રહણ કરશે ત્યાંસુધી નવી નવી વાસનાઓ ઉત્પન્ન થયાજ કરવાની; માટે હેતુ, ફલ, આધાર અને આલંબનથી મુક્ત થવાય તોજ વાસનાઓનો વિલય થઇ શકે.

अतीतानागतं स्वरूपतोऽस्त्यध्वभेदाद्धर्माणाम् ॥ १२ ॥

સુત્રાર્થ:—ધર્મોના કાળભેદથી વિરોધ ન આવતાં ભુતભવિષ્યત વસ્તુઓ પોતાના અમુક રૂપમાં વિદ્યમાનજ રહે છે.

ते व्यक्तसूक्ष्मा गुणात्मानः ॥ १३ ॥

સૂત્રાર્થ:—તેઓ (વસ્તુઓ) ત્રિગુણાત્મક હોવાથી વ્યક્ત પણ હોય છે અને સૂક્ષ્મ પણ હોય છે.

વિવેચન:—ગુણ એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ પદાર્થ સમજવા. આ દશ્ય જગત એ તેમની સ્થૂલ અવસ્થા છે. એ ગુણોના કેટલાક જુદાજુદા પ્રકારના પ્રકટીભવનમાંથીજ ભૂત અને ભવિષ્યકાળની પણ રચના થાય છે.

परिणामैकत्वाद्वस्तुतत्त्वम् ॥ १४ ॥

સુત્રાર્થ:—(ગુણ ત્રણ છતાં પણ) પરિણામના એકપણાને લીધે વસ્તુતત્ત્વ એકજ છે.

वस्तुसाम्ये चित्तभेदात्तयोर्विविक्तः पन्थाः ॥ १५ ॥

સૂત્રાર્થ:—(એ પ્રમાણે) વસ્તુનું સામ્ય છતાં પણ ચિત્તોના

ભેદ (જુદાપણા)ને લીધે તેમના માર્ગ ભિન્ન છે.

तदुपरागापेक्षित्वाच्चित्तस्य वस्तुज्ञानाज्ञानम् ॥ १६ ॥

સૂત્રાર્થ:—(જ્ઞાન થવા માટે) ચિત્તમાં વસ્તુનું પ્રતિબિંબ પડવાની અપેક્ષા હોવાથી કોઈ વાર તેને વસ્તુનું જ્ઞાન થાય છે તો કોઈ વાર નથી પણ થતું.

सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वात् ॥ १७ ॥

સૂત્રાર્થ:—ચિત્તવૃત્તિઓ (પુરુષને) સદા જ્ઞાતજ હોય છે; કારણકે એનો સ્વામી પુરુષ અપરિણામી છે. (અને વૃત્તિઓ પરિણામ પામવાવાળી છે.)

વિવેચન:—અત્યાર સુધી દર્શનશાસ્ત્રના જે મતનું આપણે વિવેચન કરતા આવ્યા છીએ, તેનો સારાંશ એ છે કે, જગત મનોમય અને ભૌતિક, બેઉ પ્રકારનું છે. વળી એ મનોમય અને ભૌતિક જગત હમેશાં વહ્યા કરનારા પ્રવાહની સ્થિતિમાંજ રહ્યા કરે છે. મારી સામે આ એક પુસ્તક પડ્યું છે. તે શું છે? તે સદાય પરિવર્તન પામ્યા કરતાં પરમાણુઓનો સમૂહ છે. પરમાણુઓનો એક સમૂહ એમાં પ્રવેશે છે અને બીજો સમૂહ તેમાંથી નીકળી જાય છે, છતાં પાણીના એક વમળની પેઠે તેની બાહ્ય આકૃતિ તો તેની તેજ રહે છે. આકૃતિના આ એકત્વનું ભાન આપણને થાય છે તેનું કારણ શું? એનું કારણ એ છે કે, પુસ્તકના કલેવરમાં જે જે પરિવર્તન થાય છે તે બધાંય તાલબંધ થાય છે. તેઓ આપણાં મન ઉપર જે અસર પહોંચાડે છે તે પણ બરાબર તાલબંધજ પહોંચાડે છે. જો કે તેના ભિન્નભિન્ન અંશ પ્રતિક્ષણે બદલાયા કરે છે, તોપણ તે એકત્ર બનીને એક અવિચ્છિન્ન ચિત્રનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. એજ પ્રમાણે મન પણ પરિવર્તન પામ્યાજ કરે છે. મન અને શરીર જાણે જુદાજુદા વેગથી ભ્રમણ કરતા એકજ પદાર્થના બે

થર હોય તેવાં છે. સરખામણીમાં એકની ગતિ ધીમી અને બીજાની ત્વરિત છે; તેથી કરીને બેઉની ગતિનું પાર્થક્ય આપણે અનાયાસે સમજી શકીએ છીએ. જાણે એક આગગાડી જતી હોય અને તેની બાજુએ થઇને બીજી એક ગાડી જતી હોય તો બેઉની ગતિ આપણે અમુક અંશે કળી શકીએ છીએ; પરંતુ એ કાર્યમાં એક ત્રીજા પદાર્થની પણ જરૂર પડે છે.

એક નિશ્ચલ વસ્તુ હોય તોજ તેની સાથે સરખામણી કરીને આપણે બીજી વસ્તુઓની ગતિનો અનુભવ કરી શકીએ છીએ. જો બેઉ વસ્તુઓ ગતિવાળી હોય, તો પ્રથમ ત્વરિત ગતિવાળીનો અને પછીજ ધીમી ગતિવાળી વસ્તુનો અનુભવ કરી શકીએ છીએ. ત્યારે હવે મન કેવી રીતે અનુભવ ગ્રહણ કરતું હશે ? એ પોતેજ નિરંતર ગતિમાન હોવાથી તેની (મનની) ગતિ સમજવા માટે તેના કરતાં ધીમી ગતિવાળા પદાર્થની જરૂર પડે છે. ત્યાર પછી તે પદાર્થની ગતિ સમજવા માટે વળી તેના કરતાં પણ ધીમી ગતિવાળો અને તે પછી તેના કરતાં પણ ધીમી ગતિવાળો પદાર્થ જોઈએ. એમ કરતાં તો કદી અંતજ ન આવે. એટલા માટે આપણી બુદ્ધિ કહે છે કે, કોઇ એક અપરિવર્તનીય વસ્તુને શોધી કાઢીને આ પરિવર્તનીય વસ્તુઓની અનંત શ્રેણીને સમાપ્ત કરવીજ પડશે. ગતિમાન અનંત વસ્તુઓની સાંકળ પાછળ એક અવ્યય, અપરિણામી, અવર્ણ, વિશુદ્ધ પુરુષ રહેલો છે. જેમ સિનેમેટોગ્રાફ્-ના યંત્રમાંથી કિરણોનો સમૂહ સામેના શ્વેત ચિત્રપટ ઉપર પડીને વિવિધ પ્રકારનાં અનેક ચિત્રોની આકૃતિ ઉત્પન્ન કરે છે; તોપણ ખરી રીતે તો એ ચિત્રપટ નિર્લેપજ રહે છે, અને તેના ઉપર ચિત્રોનો લેશમાત્ર પણ ડાઘ પડતો નથી; તેવી રીતે વિષયોના અનુભવોના સંસ્કાર માત્ર એના ઉપર પ્રતિબિંબિત થાય છે અને એ પોતે તો સદા એકરસ અને નિર્લેપજ રહે છે.

न तत्स्वाभासं दृश्यत्वात् ॥ १८ ॥

સૂત્રાર્થ:—મન દૃશ્ય પદાર્થ હોવાથી તે સ્વયંપ્રકાશ નથી.

વિવેચન:—પ્રકૃતિમાંથી સર્વદા પ્રચંડ શક્તિઓ પ્રકટતી જોવામાં આવે છે, પણ તે સ્વપ્રકાશિત નથી તેમ સ્વયં ચૈતન્યસ્વરૂપ પણ નથી. માત્ર એકલો પુરુષજ સ્વયંપ્રકાશરૂપ છે અને તેજ પ્રત્યેક વસ્તુને પોતાનો પ્રકાશ આપે છે. તમામ પ્રકૃતિમાં તેમજ શક્તિસમૂહોમાં પ્રતીત થતો પ્રકાશ એજ પુરુષનો—આત્માનો છે.

एकसमये चोभयानवधारणम् ॥ १९ ॥

સૂત્રાર્થ:—મન એકી સમયે બે વસ્તુઓ ગ્રહણ કરી શકતું નથી, માટે તે સ્વપ્રકાશિત નથી.

વિવેચન:—જો મન સ્વપ્રકાશિત હોત તો એકજ સમયે તે અનેકનો અનુભવ કરી શકત; પણ તે તેમ કરી શકતું નથી. જો એકજ વસ્તુમાં મનને પૂર્ણ એકાગ્ર કરી દેશો, તો પછી બીજી સર્વ વસ્તુઓને તમે ભૂલીજ જવાના. જો તે સ્વપ્રકાશિત હોત તો એમ ન થતાં એકી વખતે અનંત અનુભવો ગ્રહણ કરી શકત. પુરુષ એક ક્ષણમાત્રમાં સમસ્ત પદાર્થોનું જ્ઞાન કરી શકે છે, માટે તે સ્વપ્રકાશિત છે.

चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसङ्करश्च ॥ २० ॥

સૂત્રાર્થ:—જો કોઇ એવી કલ્પના કરે કે, એક ચિત્ત બીજા ચિત્તને પ્રકાશિત કરે છે; તો એવી કલ્પનાની પરંપરાનો અંત નહિ આવે અને સ્મૃતિનો સંકર થશે.

વિવેચન:—એમ ધારીએ કે મનનો અનુભવ કરનાર બીજું એક મન છે; તો વળી તેનો અનુભવ કરનાર કોઇ ત્રીજું મન પણ હોવુંજ જોઇએ; અને એ પ્રમાણે અનંત શ્રેણી ચાલ્યાજ

કરવાની. વળી એથી સ્મૃતિમાં પણ ભારે ગડબડ થવાની; કારણકે ઉપલી ધારણા જો ખરી હોય તો સ્મૃતિના ભંડાર જેવું કાંઈ રહેવાનું નહિ.

चितेरप्रतिसंक्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनम् ॥ २१ ॥

સૂત્રાર્થ:—ચેતન (પુરુષ) પણ પરિણામરહિત હોવાથી ચિત્ત જ્યારે તેનો આકાર ધારણ કરે છે, ત્યારેજ તે જ્ઞાની બને છે.

વિવેચન:—આ વિષય વધારે સ્પષ્ટતાથી સમજાવવાને ભગવાન પતંજલિ કહે છે કે, "જ્ઞાન કાંઇ પુરુષનો ધર્મ નથી. જ્યારે ચિત્ત પુરુષની પાસે આવે છે, ત્યારે પુરુષનું પ્રતિબિંબ તેના ઉપર પડે છે; તેથીજ અમુક સમયને માટે તે જ્ઞાનવાન બની રહે છે અથવા તો પુરુષ જેવું દેખાય છે.

द्रष्टृदृश्योपरक्तं चित्तं सर्वार्थम् ॥ २२ ॥

સૂત્રાર્થ:—ચિત્ત જ્યારે દ્રષ્ટા અને દૃશ્ય વડે રંગાય છે ત્યારેજ તે સર્વ અર્થોનો પ્રકાશ કરી શકે છે.

વિવેચન:—એક બાજુએ દૃશ્ય–એટલે બાહ્ય જગત ચિત્તમાં પ્રતિબિંબિત થાય છે; અને બીજી તરફ તેના ઉપર પુરુષનું પ્રતિબિંબ પડે છે. આમ થવાથીજ ચિત્તમાં સર્વ પ્રકારનું જ્ઞાન થાય છે.

तदसंख्येयवासनाभिश्चित्रमपि परार्थं संहत्यकारित्वात् ॥ २३ ॥

સૂત્રાર્થ:—એ ચિત્ત અસંખ્ય વાસનાઓને લીધે વિચિત્ર છતાં તે મિશ્ર પદાર્થ હોવાથી પરને માટે (પુરુષને માટે) કાર્યો કરે છે.

વિવેચન:—મન નાના પ્રકારના પદાર્થનું મિશ્રણ હોવાથી તે પોતાને માટે કંઇ પણ કાર્ય કરી શકતું નથી. આ જગતમાં જે જે મિશ્ર પદાર્થો છે, તેમનું સર્વનું પ્રયોજન બીજી કોઇ વસ્તુ કે જેને માટે આ બધાં મિશ્રણો કરવામાં આવ્યાં હોય તેનું

કાર્ય કરવા માટેજ છે. મન પણ નાના પ્રકારની વસ્તુઓના મિશ્રણ વડે ઉત્પન્ન થયેલું હોવાથી તેનું પ્રયોજન કેવળ પુરુષનેજ માટે છે.

विशेषदर्शिन आत्मभावभावनाविनिवृत्तिः ॥ २४ ॥

સૂત્રાર્થ:—ચિત્તથી આત્માને ભિન્ન જાણી ચૂકેલા વિશેષદર્શી—વિવેકી—પુરુષોની મન પ્રત્યેની મિથ્યા આત્મભાવના નિવૃત્ત થાય છે.

तदा विवेकनिम्नं कैवल्यप्राग्भावं चित्तम् ॥ २५ ॥

સૂત્રાર્થ:—પછી તે વિવેક તરફ નમેલું ચિત્ત કૈવલ્યને અભિમુખ થાય છે.

વિવેચન:—આ પ્રમાણે યોગાભ્યાસ વડે વિવેકશક્તિરૂપી શુદ્ધ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. આપણા ચિત્તરૂપી ચક્ષુઓ ઉપર ફરી વળેલું ભ્રમરૂપી પડળ ખસી જવાથી આપણે વસ્તુઓને તેના સત્યસ્વરૂપમાં જોઇ શકીએ છીએ. પ્રકૃતિ એક મિશ્ર પદાર્થ છે અને તેજ સાક્ષીસ્વરૂપ પુરુષને આ બધું વિચિત્ર દૃશ્ય બતાવી રહી છે, એ વાત આપણને બરાબર સમજાઇ જાય છે. પ્રકૃતિ ઇશ્વર નથી, એ સત્ય પણ આપણી નજર આગળ ખુલ્લું થઇ જાય છે. પ્રકૃતિની આ સર્વ લીલા, તેનાં અનેકવિધ મિશ્રણો તે માત્ર આપણાં હૃદયરૂપી સિંહાસન ઉપર વિરાજમાન પુરુષને બતાવવાને માટેજ છે. લાંબા સમયના અભ્યાસને યોગે જ્યારે આ વિવેકશક્તિનો ઉદય થાય છે, ત્યારે ભયમાત્ર ટળી જાય છે અને કૈવલ્યપદની પ્રાપ્તિ થાય છે.

तच्छिद्रेषु प्रत्ययांतराणि संस्कारेभ्यः ॥ २६ ॥

સૂત્રાર્થ:—પૂર્વના (અવિવેકના) સંસ્કારોને લીધે તે વિવેકનિષ્ઠ ચિત્તના વિવેકાભાવરૂપ અવકાશોમાં અન્ય વૃત્તિઓ પણ ઊપજતી રહે છે.

વિવેચનઃ—આપણને સુખી કરવાને માટે બાહ્યવસ્તુઓની આવશ્યકતા દર્શાવવાવાળી જે જે વૃત્તિઓ આપણા ચિત્તમાં ઉદ્ભવે તે સર્વ કૈવલ્યપ્રાપ્તિના માર્ગમાં વિઘ્નકર્તા છે. "પુરુષ પોતે સ્વભાવથીજ સુખ અને આનંદસ્વરૂપ છે," એ સત્યજ્ઞાનને પૂર્વના વિપરીત સંસ્કારો વારંવાર ઉદ્ભવીને ઢાંકી દે છે; માટે એ સંસ્કારોને ક્ષીણ કરવાની જરૂર છે.

हानमेषां क्लेशवदुक्तम् ॥ २७ ॥

સૂત્રાર્થઃ—ક્લેશનો નાશ કરવા માટે આગળ જે ઉપાયો કહ્યા છે, તેજ ઉપાયો વડે એ સંસ્કારોનો પણ નાશ થઇ શકે છે.

प्रसंख्यानेऽप्यकुसीदस्य सर्वथा विवेकख्यातेर्धर्ममेघः समाधिः ॥

સૂત્રાર્થઃ—વિવેકજ્ઞાનવાળાઓમાં પણ જે યોગી અલૌકિક સિદ્ધિઓરૂપી ફળની ઇચ્છા વિનાનો હોય તેને સર્વથા વિવેકજ્ઞાન જાગ્રત રહેવાથી તે જ્ઞાનની પરિપકવતા–પરાકાષ્ઠા–રૂપ "ધર્મમેઘ સમાધિ" પ્રાપ્ત થાય છે.

વિવેચનઃ—વિવેકજ્ઞાનને પ્રાપ્ત થયેલા યોગીને આગલા અધ્યાયમાં વર્ણવેલી અલૌકિક શક્તિઓ પ્રાપ્ત થાય છે; પરંતુ જે સાચો યોગી છે તે તો વિવેકજ્ઞાનનેજ દૃઢ કરતો ચાલી એ સર્વનો અસ્વીકારજ કરે છે. આવા યોગીને "ધર્મમેઘ" નામનું એક વિશેષ પ્રકારનું જ્ઞાન–એક વિશેષ પ્રકારનું તેજ પ્રાપ્ત થાય છે. ઇતિહાસમાં વિશ્વના સર્વ ધર્મસ્થાપકોની કથાઓ આપણે જોઇએ છીએ તે સર્વને આ "ધર્મમેઘ" સમાધિની પ્રાપ્તિ થઈ હતી. તેમણે તેમની પોતાની અંદરજ જ્ઞાન અને સુખનો અખૂટ અનુપમ મૂળ ઝરો શોધી કાઢ્યો હતો. તેમની દૃષ્ટિ આગળ સત્ય પ્રત્યક્ષ ખડું થઇ ગયું હતું. આગલા અધ્યાયમાં કહી ગયા તે બધી સિદ્ધિઓનો મોહ તજવાથીજ શાંતિ, વિનય અને પવિત્રતા, એ તેમના સ્વભાવરૂપ બની રહ્યાં હતાં.

ततः क्लेशकर्मनिवृत्तिः ॥ २९ ॥

સૂત્રાર્થ:—તેથી (ધર્મમેઘસમાધિની પ્રાપ્તિથી) કલેશ અને કર્મની નિવૃત્તિ થાય છે.

વિવેચન:—એક વાર યોગીને ધર્મમેઘસમાધિ પ્રાપ્ત થાય એટલે પછી તેને અવનતિ થવાની જરા પણ શંકા રહેતી નથી. તેને અધોગતિ તરફ પ્રવૃત્ત કરે એવું કશું પ્રલોભન પણ સંભવતું નથી, તેમ કલેશ અને કર્મ પણ તેને બંધન કે પીડામાં નાખી શકતાં નથી.

तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्यानंत्याज्ज्ञेयमल्पम् ॥३०॥

સૂત્રાર્થ:—તે સમયે જ્ઞાન અવિવેકરૂપી સર્વ આવરણથી તથા કલેશકર્મરૂપી મળોથી રહિત બનતાં તે અનંત બની જાય છે અને જ્ઞેય તેના આગળ અલ્પ થઇ જાય છે.

વિવેચન:—જ્ઞાન તો ખરૂં જોતાં પુરુષનો સ્વભાવજ છે. યોગના સાધન વડે તો તેના ઉપરનું આવરણ ખસી જાય છે એટલુંજ. કેટલાક બૌદ્ધગ્રંથોમાં કહ્યું છે કે, "બુદ્ધ" એટલે અનંત આકાશના જેવું અનંત જ્ઞાન અને એ અનંત જ્ઞાનમય સ્થિતિને પ્રાપ્ત કરવી તેનુંજ નામ "બુદ્ધત્વ"ની પ્રાપ્તિ. ઇસુ એ સ્થિતિએ પહોંચીનેજ મહાન ખ્રિસ્ત કહેવાયો. તમે પણ જયારે એ અવસ્થા પ્રાપ્ત કરશો ત્યારે તમારૂં જ્ઞાન અનંત બની જશે અને તેથી કરીને જ્ઞેયવસ્તુ અલ્પ બની જશે. તે વખતે સમગ્ર જગત, તેની અંદર રહેલી તમામ જ્ઞેયવસ્તુઓ સહિત પુરુષની દૃષ્ટિમાં અસ્તિત્વરહિત દેખાશે. સાધારણ કોટિના માણસો પોતાને અતિ અલ્પ દેખે છે; કેમકે તેમની નજરે જ્ઞેય (જગત) અનંત દેખાય છે.

ततः कृतार्थानां परिणामक्रमसमाप्तिर्गुणानाम् ॥ ३१ ॥

સૂત્રાર્થ:—આ પ્રમાણે ધર્મમેઘસમાધિનો ઉદય થઇ ગુણો

કૃતાર્થ થાય છે; (તેમનું કાર્ય પૂર્ણ થાય છે) એટલે તેમના પરિણામક્રમની પણ સમાપ્તિ થાય છે.

વિવેચનઃ—એ પછી ગુણોનાં અનેક પ્રકારનાં પરિણામ, જેમના વડે એક જાતિમાંથી બીજી જાતિમાં પરિણતિ થયા કરે છે; તે સદાને માટે સમાપ્ત થાય છે.

क्षणप्रतियोगी परिणामापरान्तनिर्ग्राह्यः क्रमः ॥ ३२ ॥

સૂત્રાર્થઃ—ક્ષણોના સંબંધવાળી તથા પરિણામના અંત વડે જણાનારી એવી જે ગુણોની અવસ્થાવિશેષ તેને ક્રમ કહે છે.

વિવેચનઃ—ભગવાન પતંજલિ આ ઠેકાણે "ક્રમ" શબ્દની વ્યાખ્યા આપે છે. ગુણોનું પરિણામ ક્ષણો સાથેના સંબંધને લીધે અસ્તિત્વ ધરાવે છે, તેને "ક્રમ" એવા નામથી તેઓ ઓળખાવે છે. હું વિચાર કરૂં એટલામાં તો કેટલીયે ક્ષણ વીતી ગઈ; પ્રત્યેક ક્ષણે મારા ભાવમાં પરિવર્તન (ફેરફાર) થયા કરે છે; પણ એ પરિવર્તનો અથવા એ પરિણામોની શ્રેણીના અંતમાંજ હું એ પરિણામોને જોઇ શકું છું, આજ કારણને લીધે સમયનું જ્ઞાન મારી સ્મૃતિમાં રહી જાય છે. આ પ્રમાણે ભાવોનું જે એક પછી એક પરિવર્તન થવું એનેજ યોગશાસ્ત્રની પરિભાષામાં "ક્રમ" કહેવામાં આવે છે; પરંતુ જેમના ચિત્તે સર્વવ્યાપકતાનો સાક્ષાત્કાર કરી લીધો હોય છે, તેમને માટે એ બધુંજ મટી જાય છે. તેમને માટે તો સદાય વર્તમાનકાળજ છે. તેમને માટે ભૂત અને ભવિષ્ય જેવું કશું રહેતું નથી. આ પ્રમાણે ક્રમનો સંયમ થઈ ગયો એટલે પછી સર્વ કાળ વર્તમાનકાળરૂપે તેમની નજર આગળ ઊભો રહે છે અને તમામ પ્રકારનું જ્ઞાન વીજળીના ઝબકારાની માફક ક્ષણમાત્રમાં તેમને જ્ઞાત થઇ રહે છે.

पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिरिति ॥ ३३ ॥

સૂત્રાર્થ:—પુરુષાર્થશૂન્ય (કર્મરહિત) ગુણોનો પ્રતિપ્રસવ (પ્રતિલોમક્રમે પ્રધાનમાં લય થવો) એજ કૈવલ્ય છે. એનેજ ચિતિશક્તિની સ્વરૂપમાં પ્રતિષ્ઠા અથવા સ્થિતિ કહેવામાં આવે છે.

વિવેચન:—પ્રકૃતિનું કાર્ય હવે પૂરૂં થાય છે. આપણી પરમ કલ્યાણમયી પ્રકૃતિમાતાએ સ્વેચ્છાથી જે કાર્ય પોતાને માથે લીધું હતું, તે હવે તેને માથેથી ઊતરી જાય છે. તેણે આત્મવિસ્મરણ પામેલા જીવાત્માને લઇને જગતમાં જેટલા જેટલા ભોગ હતા તે બધાયે તેને ધીરે ધીરે બતાવી દીધા. પ્રકૃતિના જે જે વિકાર અને અભિવ્યક્તિઓ હતી, તે બધાંનું તેને દર્શન કરાવી દીધું. તેને નાના પ્રકારનાં શરીરો ધારણ કરાવીને ક્રમવાર ઊંચી ઊંચી શ્રેણીઓ ઉપર તે ચડાવતી ગઈ. છેવટે આત્મવિસ્મૃતિ પામેલા જીવને પોતાના ભુલાયેલા મહિમાનું પાછું સ્મરણ થઇ આવ્યું. તેનું પોતાનું સત્સ્વરૂપ તેની સ્મૃતિ આગળ તરી આવ્યું, એટલે પ્રકૃતિનું કાર્ય સંપૂર્ણ થયું. તેથી કરીને તે કરુણામયી માતા જે માર્ગે થઇને આવી હતી, તે માર્ગે પાછી ફરી અને બીજા જીવો જે સંસારરૂપી અગમ્ય અરણ્યમાં ભટકતા હોય તેમને ખરો માર્ગ બતાવવાના કામમાં લાગી ગઇ. આ કાર્ય તે અનાદિ અનંતકાળથી કરતીજ આવી છે. આ પ્રમાણે સુખદુઃખ ઇષ્ટ-અનિષ્ટ, એવાં દ્વંદ્વોના પ્રદેશમાં થઇને કોટ્યવધિ જીવાત્માઓ અનંત સરિતારૂપે પરિપૂર્ણતા અથવા કૈવલ્યરૂપી સમુદ્ર તરફ પ્રગતિ કર્યાજ કરે છે.

જેમણે આત્મસાક્ષાત્કાર (પોતાના સ્વરૂપનો અનુભવ) કર્યો છે તેમનો જય થાઓ અને આપણને સર્વને તેમના આશીર્વાદ મળ્યા કરો! ॐ શાંતિઃ।

પાતંજલ યોગસૂત્ર સમાપ્ત.

परिशिष्ट

યોગવિદ્યા વિષે અન્ય શાસ્ત્રોમાંથી ઉપયોગી ઉતારા

(શ્વેતાશ્વતર ઉપનિષદના અધ્યાય બીજામાંથી)

समे शुचौ शर्करावह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः ।
मनोऽनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत् ॥

ભાવાર્થ:—જે સ્થાન સપાટ, પવિત્ર અને પથ્થર, અગ્નિ તથા રેતી વિનાનું હોય, જ્યાં મનુષ્યના અથવા જળધોધના અવાજથી મન ચંચળ થવાનો સંભવ ન હોય, જે સ્થાન મનને અનુકૂળ અને નેત્રને પ્રસન્નતા ઉપજાવે એવું હોય, એવું કોઈ રમણીય અને એકાંત સ્થાન પર્વતોની ગુહામાં શોધી કાઢીને ત્યાં યોગાભ્યાસ કરવો.*

नीहारधूमार्कानिलानलानां खद्योतविद्युत्स्फटिकशशिनाम् ।
एतानि रूपाणि पुरःसराणि ब्रह्मण्यभिव्यक्तिकराणि योगे ॥११

ભાવાર્થ:—ધુમ્મસ, ધુમાડો, સૂર્ય, વાયુ, અગ્નિ, તારા, વીજળી, સ્ફટિક અને ચંદ્ર એટલી આકૃતિઓ યોગમાં બ્રહ્મને અભિવ્યક્ત કરનારી છે.

---

* વેદાંતદર્શનના એક સૂત્રમાં ભગવાન વ્યાસ મુનિએ આ વિષે વિશાળ અર્થમાં કહ્યું છે કે, "જ્યાં એકાગ્રતા સધાઈ શકે ત્યાં બેસીને ધ્યાન કરવું."

लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णप्रसादः स्वरसौष्ठवञ्च ।
गंधः शुभो मूत्रपुरीषमल्पं योगप्रवृत्तिं प्रथमां वदन्ति ॥१२॥

ભાવાર્થ:—શરીરની લઘુતા, આરોગ્ય, નિર્લોભીપણું, સુંદર વર્ણ, સ્વરની મીઠાશ, અ. .પ મળમૂત્ર અને સુગંધ એટલાં ચિહ્નો યોગની પ્રવૃત્તિ કરનારમાં એક પછી એક જોવામાં આવે છે.

यथैव बिंबं मृदयोपलिप्तं तेजामयं भ्राजत तत् सुधांतम् ।
तद्वात्मतत्त्वं प्रसमीक्ष्य देही एकः कृतार्थो भवते वीतशोकः ॥

ભાવાર્થ:—જેમ સોનુંરૂપું પ્રથમ માટી વગેરેથી ઢંકાયેલાં હોય, પણ સારી રીતે શુદ્ધ થયા પછી તેજોમય બની રહે છે, તેમ દેહી આત્મતત્ત્વનું રૂડે પ્રકારે દર્શન કરીને એકસ્વરૂપ, કૃતાર્થ અને દુઃખમુક્ત બની રહે છે.

(સાંખ્યદર્શનના અધ્યાય ત્રીજામાંથી)

रागोपहतिर्ध्यानम् ॥ ३० ॥

ભાવાર્થ:—વિષયો પ્રત્યેના રાગ (આસક્તિ)ના નાશને ધ્યાન કહે છે.

वृत्तिनिरोधात्तत्सिद्धिः ॥ ३१ ॥

ભાવાર્થ:—ધ્યેય પદાર્થ સિવાયના અન્ય પદાર્થોમાંથી વૃત્તિઓનો નિરોધ કરવાથી તેની (ધ્યાનની) સિદ્ધિ (પકવતા) થાય છે.

धारणासनस्वकर्मणा तत्सिद्धिः ॥ ३२ ॥

ભાવાર્થ:—પ્રાણની ધારણાથી (રેચક, પૂરક અને કુંભકથી), આસનથી અને સ્વકર્મથી વૃત્તિનિરોધની સિદ્ધિ થાય છે.

स्वकर्म स्वाश्रमविहितकर्मानुष्ठानम् ॥ ३५ ॥

ભાવાર્થ:—સ્વકર્મ એટલે પોતાના આશ્રમનાં કર્મોનું અનુષ્ઠાન કરવું તે.

वैराग्यादभ्यासाच्च ॥ ३६ ॥

ભાવાર્થઃ—વૈરાગ્ય અને અભ્યાસના સેવનથી પણ વૃત્તિનિરોધ સિદ્ધ થાય છે.

दैवादिप्रभेदा ॥ ४६ ॥*

ભાવાર્થઃ—સૃષ્ટિ અથવા દેહજન્મના, દેવ, અસુર, મનુષ્ય, નારકી, તિર્યક્ ને સ્થાવર, એમ છ પ્રકારના ભેદ છે. એમાં પશુ, પક્ષી જળચર, સર્પ વગેરેને તિર્યક્ કહે છે અને વૃક્ષ, પથ્થર, માટી વગેરેને સ્થાવર કહે છે.

आब्रह्मस्तंबपर्यंतं तत्कृते सृष्टिराविवेकात् ॥ ४७ ॥

ભાવાર્થઃ—પુરુષને જ્યાંસુધી વિવેકજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાંસુધી તેને માટે તણખલાથી માંડીને બ્રહ્મા સુધીની સૃષ્ટિ ગુણકર્માનુસારે પ્રાપ્ત થયાજ કરવાની; અર્થાત્ વિવેકજ્ઞાન થાય તોજ તે પુરુષનો જન્મમરણાદિરૂપ સંસાર નિવૃત્ત થઇ પ્રકૃતિ તેને પોતાનું પરિણામ દર્શાવતી અટકે છે.

आवृत्तिस्तत्राप्युत्तरोत्तरयोनियोगाद्धेयः ॥ ५२ ॥

ભાવાર્થઃ—ઊર્ધ્વલોક (અથવા શ્રેષ્ઠયોનિ) માંથી પણ પુણ્યકર્મનો ક્ષય થયે પાછું ઊતરતી યોનિઓમાં આવવું પડે છે; માટે ઊર્ધ્વલોક પણ ત્યાજ્ય છે.

समानं जरामरणादिजं दुःखम् ॥ ५३ ॥

ભાવાર્થઃ—જન્મ, જરા, મરણ વગેરેનાં દુઃખ બધા લોકમાં સરખાં હોવાથી પણ ઊર્ધ્વલોક ત્યાજ્ય છે.

---

* આ અને આ પછીના અધ્યાયના સૂત્રોનો ભાવાર્થ સાંખ્યદર્શન ઉપરની મહારાજશ્રી નથુરામશર્માપ્રણીત "રહસ્ય પ્રદીપિકા" નામની ટીકા ઉપરથી કેટલાક સંક્ષેપપૂર્વક આપેલો છે. —સંપાદક

न कारणलयात्कृतकृत्यता स्नानवदुत्थानात् ॥ ५४ ॥

ભાવાર્થ:—પ્રકૃતિમાં આત્મબુદ્ધિ રાખી તેનીજ ઉપાસના કર્યા કરનાર ઉપાસક, પ્રકૃતિમાંજ લીન થતો હોવાથી તે કૃતકૃત્ય બની શકતો નથી. જેમ સ્નાન માટે જળમાં ડૂબકી મારનાર મનુષ્ય પાછો તેમાંથી બહાર નીકળી આવે છે; તેમ પ્રકૃતિલીન પુરુષ પણ વિવેકજ્ઞાનને અભાવે કાળાંતરે પાછો સંસારી થાય છે.

विविक्तबोधात्सृष्टिनिवृत्तिः प्रधानस्य सूदवत्पाके ॥६३॥

ભાવાર્થ:—બોધ (જ્ઞાન) વડે પુરુષનું પ્રકૃતિથી જુદાપણું સમજાયેથી તે પુરુષના સંબંધમાં જન્માદિ સૃષ્ટિ નહિ કરતાં પ્રકૃતિ, નિવૃત્ત થાય છે—રસોઇ કરી રહ્યા પછી રસોઈયો નિવૃત્ત થાય છે તેમ.

इतर इतरवत्तद्दोषात् ॥ ६४ ॥

ભાવાર્થ:—વિવેકજ્ઞાનરહિત પુરુષ પ્રકૃતિના દોષને લઇને ઈતર બદ્ધ પુરુષોની પેઠે સંસારીજ રહે છે.

द्वयोरेकतरस्य वौदासीन्यमपवर्गः ॥ ६५ ॥

ભાવાર્થ:—પ્રકૃતિ અને પુરુષ બંનેનું અથવા એકલા પુરુષનું ઉદાસીનપણું (વિયોગ) થવાને મોક્ષ કહે છે.

अन्यसृष्ट्युपरागेऽपि न विरज्यते प्रबुद्धरज्जुतत्त्वस्येवोरगः ॥

ભાવાર્થ:—પ્રકૃતિ અજ્ઞાની પુરુષો પ્રત્યે પ્રવૃત્તિવાળી રહે છે, પરંતુ તત્ત્વજ્ઞાની આગળ તે પોતાનો સૃષ્ટિક્રમ દેખાડતી નથી; કેમકે જેમ દોરડીને દોરડી તરીકે જાણી લેનારા પુરુષની સર્પપણાની ભ્રાંતિ દૂર થાય છે; તેમ પ્રકૃતિને જાણનાર પુરુષનો પ્રકૃતિ પ્રત્યેનો અનુરાગ દૂર થઈ જાય છે.

कर्मनिमित्तयोगाच्च ॥ ६७ ॥

ભાવાર્થ:—વિવેકી પુરુષનું કર્મરૂપ નિમિત્તકારણ (ધર્મા-ધર્મ) મટી જવાને લીધે તેનો મોક્ષ થાય છે. બીજાઓ માટે તે નિમિત્તકારણ રહેવાથી તેમનો મોક્ષ થતો નથી.

नैरपेक्ष्येऽपि प्रकृत्युपकारेऽविवेको निमित्तम् ॥ ६८ ॥

ભાવાર્થ:—પ્રકૃતિના કાર્યમાં કર્મની નહિ પણ અવિવેકની અપેક્ષા છે; અર્થાત્ અવિવેકજ મુખ્ય કારણ હોઇ કર્મ અથવા અદૃષ્ટ એ તો તેનું સહકારી કારણજ છે.

दोषबोधेऽपि नोपसर्पणं प्रधानस्य कुलवधूवत् ॥ ७० ॥

ભાવાર્થ:—જેમ પોતાનો દોષ પતિના જોવામાં આવી જતાં કુલિન સ્ત્રી લજ્જા પામીને પુનઃ પતિની સમીપ જતી નથી; તેમ પ્રકૃતિ પણ પોતાનાં ક્ષણિક પરિણામીપણું, દુઃખરૂપતા, ઇત્યાદિ દોષો પુરુષના જાણવામાં આવ્યા પછી લજ્જા પામીને વિવેકી પુરુષ પ્રતિ પ્રવૃત્ત થતી નથી.

नैकांततो बंधमोक्षौ पुरुषस्याविवेकादृते ॥ ७१ ॥

ભાવાર્થ:—પ્રકૃતિ અને પુરુષના અવિવેકને લીધેજ પુરુષને બંધન છે; વાસ્તવિક બંધન કે મોક્ષ જેવું તેને છેજ નહિ.

प्रकृतेरांजस्यात् ससंगत्वात्पशुवत् ॥ ७२ ॥

ભાવાર્થ:—ગુણોના યોગથી પ્રકૃતિનેજ બંધ અને મોક્ષ છે. જેમ દોરડાના સંબંધથી પશુને બંધન છે અને દોરડાના વિ-યોગથી પશુને છૂટાપણું છે; તેમ અવિવેકી પ્રતિ પ્રવૃત્તિ કરવી પડે, એ પ્રકૃતિને બંધન છે અને વિવેકી પ્રતિ પ્રવૃત્તિ ન કરવી પડે, એ તેને મોક્ષ છે.

तत्त्वाभ्यासान्नेति नेतीति त्यागाद्विवेकसिद्धिः ॥ ७५ ॥

ભાવાર્થ:—તત્ત્વનો અભ્યાસ કરવાથી અને દેહ, ઇંદ્રિય,

મન, ઇત્યાદિ પ્રકૃતિના દરેક કાર્યનો આ તે (આત્મા) નહિ, આ તે (આત્મા) નહિ, (અથવા હું તે નથી, હું તે નથી) એમ સમજીને તેમાંથી અહંમમભાવનો ત્યાગ કરવાથી વિવેકની સિદ્ધિ થાય છે.

अधिकारिप्रभेदान्न नियमः ॥ ७६ ॥

ભાવાર્થ:—વિવેકજ્ઞાન મેળવવાને ઇચ્છતા અધિકારીઓના ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ; એવા મુખ્ય ત્રણ પ્રકાર હોવાથી બધા અધિકારીઓને સરખા સમયમાં કિંવા આ જન્મમાંજ વિવેકની દઢતા થાય એવો નિયમ નથી. અધિકાર પ્રમાણે કોઇને શીઘ્ર તો કોઇને વિલંબે વિવેકજ્ઞાન ઊપજે છે.

बाधितानुवृत्तेर्मध्यविवेकतोऽप्युपभोगः ॥ ७७ ॥

ભાવાર્થ:—તીવ્ર વિવેકવાળાને તો ઉપભોગ નથીજ; પરંતુ મધ્યમ વિવેકવાળાને પણ રાગના અભાવને લીધે ઉપભોગ સંભવતો નથી; પણ જ્ઞાનવડે બાધ પામેલી વાસનાની અનુવૃત્તિજ તેને—મધ્યમ વિવેકીને—કેટલોક સમય એવું દેખાડે છે કે, "હું ઉપારૂઢ કર્મનો ફળોપભોગથી ક્ષય કરૂં છું," અર્થાત્ મધ્યમ વિવેકીને જે ઉપભોગ થાય છે, તે બાધિતાનુવૃત્તિથી છે.

जीवन्मुक्तश्च ॥ ७८ ॥

ભાવાર્થ:—મધ્યમવિવેકીનું શરીર જ્યાંસુધી ન પડે ત્યાંસુધી તે જીવન્મુક્ત અવસ્થામાં રહે છે. પ્રારબ્ધના ક્ષયની સાથે વાસનાની બાધિતાનુવૃત્તિ પણ અદૃશ્ય થવા લાગે છે ને તેથી તે મધ્યમવિવેકી પણ નિત્યવિવેકને પામી મુક્ત થાય છે.

चक्रभ्रमणवद्धृतशरीरः ॥ ८२ ॥

ભાવાર્થ:—જેમ કુંભારે ચાકડો ફેરવવાની ક્રિયા બંધ

કર્યા પછી પણ પૂર્વક્રિયાના વેગથી કુંભારના તે ચાકડાનું ભ્રમણ થાય છે; તેમ વિવેકજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ પ્રારબ્ધ-કર્મના વેગથી જીવન્મુક્તનું શરીર સ્થિત રહે છે.

संस्कारलेशतस्तत्सिद्धिः ॥ ८३ ॥

ભાવાર્થ:—દેહને ધારણ કરનારા કર્મવાસનાની અનુવૃત્તિનાં સંસ્કારો અતિ સૂક્ષ્મરૂપે રહી જતા હોવાથી તેમનો ક્ષય થતાં સુધી જીવન્મુક્તને ભોગાભાસનો અનુભવ થયા કરીને તેના શરીરની સ્થિતિ રહે છે. અજ્ઞાની અવિદ્યાથી આસક્ત થઈને વિષયોને ભોગવે છે; પણ જ્ઞાનીની અવિદ્યા નષ્ટ થયેલી હોવાથી તે તો આસક્તિ વગરજ વિષયોને ભોગવે છે અને તેથીજ જ્ઞાનીના ભોગોને ભોગાભાસ કહે છે.

विवेकान्निःशेषदुःखनिवृत्तौ कृतकृत्यता नेतरान्नेतरात् ॥८४॥

ભાવાર્થ:—(ઉપરના કથનાનુસાર) વિવેકમાંજ દુઃખની નિઃશેષ નિવૃત્તિ, અને તે નિવૃત્તિમાંજ કૃતકૃત્યતા છે. બીજામાં નહિ, બીજામાં નહિ.

(સાંખ્યદર્શનના અધ્યાય ચોથામાંથી)

આ અધ્યાયમાં વિવેકજ્ઞાનનાં સાધનોનું નિરુપણ છે.

राजपुत्रवत्तत्त्वोपदेशात् ॥ १ ॥

ભાવાર્થ:—તત્ત્વનો ઉપદેશ સાંભળવાથી પણ રાજપુત્રની પેઠે આત્માનું યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. કોઈ રાજપુત્રને કોઈ કારણથી શિશુઅવસ્થામાં તેના બાપે વનમાં મોકલાવી દીધો હતો. ત્યાં ભીલના રાજાએ તેને પાળીપોષી મોટો કર્યો તેથી તે રાજપુત્ર પોતાને ભીલ સમજવા લાગ્યો. પછી રાજાનું અપુત્ર મરણ થતાં, મંત્રીઓએ તે ભીલનું અભિમાન ધરનાર રાજપુત્રને ઘેર આણી, "તું ભીલ નથી, પણ રાજપુત્ર છે" એમ

ઉપદેશ કર્યો, ત્યારે તેણે પોતાની ખરી જાતિ જાણી અને ભીલના આચારનો ત્યાગ કર્યો.

पिशाचवदन्यार्थोपदेशेऽपि ॥ २ ॥

ભાવાર્થઃ—એક આચાર્ય પોતાના શિષ્યને તત્ત્વોપદેશ કરવા માટે નિર્જન વનમાં લઈ ગયા હતા. ત્યાં તેમણે તે શિષ્યને તત્ત્વોપદેશ કર્યો. તે ઉપદેશ વૃક્ષ પર રહેલા એક પિશાચે સાંભળ્યો, તેથી તેને પણ મુક્તિ પ્રાપ્ત થઈ. તાત્પર્ય કે, એકને માટે થયેલો ઉપદેશ બીજાને પણ જ્ઞાન આપી શકે–જેમ શિષ્યને થયેલો ઉપદેશ પિશાચે સાંભળ્યો ને તે કૃતાર્થ થયો.

आवृत्तिरसकृदुपदेशात् ॥ ३ ॥

ભાવાર્થઃ—તીવ્ર વૈરાગ્યવાનને એક વખત ઉપદેશ કરવાથી પણ બોધ થાય, પરંતુ મંદ વૈરાગ્યવાનને એક વખતના ઉપદેશ-થી બોધ ન થાય, માટે તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાંસુધી વારે વારે ઉપદેશ કરવો જોઈએ–જેમ શ્વેતકેતુને પુનઃ પુનઃ તેના પિતાએ ઉપદેશ કર્યો હતો તેમ.

पितापुत्रवदुभयोर्दृष्टत्वात् ॥ ४ ॥

ભાવાર્થઃ—એક બ્રાહ્મણ પોતાની ગર્ભિણી ભાર્યાને તેના પિતાને ઘેર મૂકી, ધન મેળવવા માટે પરદેશ ગયો. પછી લાંબે કાળે ઘેર આવ્યો, તો તેણે પોતાના નવા જન્મેલા પુત્રને ઓળખ્યો નહિ અને પુત્રે પણ પિતાને ઓળખ્યો નહિ. પછી તેની સ્ત્રીના ઓળખાવવાથી બંનેએ એક બીજાને ઓળખ્યા. અભિપ્રાય એ કે, ગુરુ વગર સહૃદ્‌ના ઉપદેશથી પણ તત્ત્વજ્ઞાન થાય.

श्येनवत्सुखदुःखी त्यागवियोगाभ्याम् ॥ ५ ॥

ભાવાર્થઃ—અણસમજુ પુરુષજ ત્યાગ તથા વિયોગને લઈને

શ્યેન પક્ષીની પેઠે સુખી તથા દુઃખી થાય છે. કોઇ માણુસે એક સિંચાણાનું બચ્ચું પાળ્યું હતું. તેને તે નિત્ય સારો સારો આહાર પ્રીતિપૂર્વક આપતો, તેથી તે પુષ્ટ થયું. કેટલોક સમય વીત્યાપછી તે માણુસના મનમાં એમ આવ્યું કે આ નિરપરાધી પંખીને મારે શા માટે બંધનમાં રાખવું જોઇએ ? આથી તેણે તેને વનમાં ઉડાડી મૂક્યું. સિંચાણો બંધનથી મોકળો થવાથી સુખી થયો અને પાલકના વિયોગથી દુઃખી થયો.

अहिनिर्ल्वयिनीवत् ॥ ६ ॥

ભાવાર્થઃ—સર્પે કાચળીમાં સ્નેહ કર્યો હતો તેમ સાધકે અનિત્ય પદાર્થોમાં સ્નેહ ન કરવો; કેમકે તેમ કરવાથી બંધન થાય છે. કોઇ એક સાપ કાંચળી ઉતાર્યા પછી તે કાંચળીમાં મમતા રહેવાથી તે સ્થાનનો ત્યાગ નહિ કરતાં ત્યાં ને ત્યાંજ રહ્યો. એવામાં એક વાદીએ તે કાંચળી દૂરથી ભાળી, એટલે તેણે ત્યાં આવી તે સાપને પણ પકડ્યો.

छिन्नहस्तवद्वा ॥ ७ ॥

ભાવાર્થઃ—જેમ કપાઇને જુદા પડેલા હાથને પુનઃ કોઈ ગ્રહણ કરે નહિ, તેમ ત્યાગ કરેલ પ્રકૃતિ વગેરેનું પણ પુનઃ ગ્રહણ કરવું યોગ્ય નથી.

असाधनानुचिंतनं बंधाय भरतवत् ॥ ८ ॥

ભાવાર્થઃ—જેમ શ્રીઋષભદેવજીના પુત્ર ભરત યોગાનુષ્ઠાન કરવા વનમાં ગયા હતા, ત્યાં વાઘના ભયથી હરણીએ પ્રસવ કરેલા એક દીન–અનાથ મૃગના બચ્ચાને પાળવારૂપ ધર્મ કરવાથી તેઓ પુનઃજન્મરૂપ બંધનને પામ્યા હતા; તેમ જે પદાર્થ અથવા કાર્ય વિવેકજ્ઞાનનું અંતરંગ સાધન ન હોય, તે ધર્માનુકૂળ હોય, તોપણ તેનું ચિંતન કે અનુષ્ઠાન સાધકે કરવું નહિ; કેમકે

તેમ કરવાથી બંધન થાય છે. જડભરતની વિશેષ હકીકત ભાગવત તથા વિષ્ણુપુરાણમાં આવે છે.

बहुभिर्योगे विरोधो रागादिभिः कुमारीशंखवत् ॥ ९ ॥

ભાવાર્થ:—ઘણા માણસોના સંગથી રાગદ્વેષાદિની ઉત્પત્તિ થઈ આવી પરસ્પરમાં વિરોધ થાય છે, ને તેથી પુરુષ યોગભ્રષ્ટ થાય છે-કુમારીના હાથનાં કંકણોની પેઠે. એક બ્રાહ્મણની દીકરી હાથમાં ઘણાં કંકણો પહેરીને ડાંગર ખાંડતી હતી. તે કંકણો હાથ ઊંચોનીચો થવાથી બહુ ખખડવા લાગ્યાં. પાડોશમાં તેનું માગું કરવા આવેલા બ્રાહ્મણો બેઠેલા હોવાથી તે બહુ લજ્જા પામી. આથી તેણે દરેક હાથમાં એકએક કંકણ રાખી બીજાં બધાં ઉતારી દીધાં, એટલે અવાજ થતો બંધ પડ્યો. તાત્પર્ય કે, મોક્ષેચ્છુએ ઘણાના સંગમાં ન રહેતાં એકાંત સેવન કરવું.

द्वाभ्यामपि तथैव ॥ १० ॥

ભાવાર્થ:—બેના સંબંધથી પણ તેવુંજ પરિણામ આવે છે; માટે એકાકી રહેવુંજ ઉચિત છે. બેના સંબંધથી કલેશ કદાચ ન થાય તેવું હોય, તોપણ અનુપયોગી વાર્તામાં બહિર્વૃત્તિએ કાળક્ષેપ તો થાયજ, માટે તે પણ ત્યાજ્ય છે.

निराशः सुखी पिंगलावत् ॥ ११ ॥

ભાવાર્થ:—વિદેહનગરમાં પિંગળા નામની એક વેશ્યા રહેતી હતી. તે એક રાત્રિએ પોતાના ઉપપતિની રાહ જોતી ઘરના બારણા પાસે બેસી રહી. રાત્રિનો ઘણો ભાગ વ્યતીત થઈ ગયો. રાજમાર્ગમાં લોકોનું ફરવુંહરવું બંધ થયું, ત્યાંસુધી પણ કોઈ ઉપપતિ તેને ત્યાં આવ્યો નહિ; ત્યારે તેને પોતાના નીચ ધંધા પર અત્યંત ગ્લાનિ આવી અને આત્મારૂપી પતિનું સેવન નહિ કરતાં હાડમાંસના ઉપપતિનું સેવન કરવામાં આટલા બધા દહાડા

એણે કાઢી નાખ્યા, તે માટે તે ઘણી ખેદિત થઈ. પછી તેણે જિંદગી-પર્યંત તે ધંધાના ત્યાગનો દૃઢ સંકલ્પ કર્યો. આવી રીતે વૈરાગ્ય ઊપજતાં સર્વ આશાનો પરિત્યાગ કરવાથી તે સુખ પામી. સુખ એ સત્ત્વગુણનો ધર્મ છે અને આશા વડેજ ચિત્તનું ચંચળપણું થઇને સુખનો તિરોભાવ થઇ જાય છે. પુનઃ જ્યારે એ આશાનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે ચિત્તમાં સત્ત્વગુણની વૃદ્ધિ થવાથી તેનો સ્વાભાવિક ધર્મ જે સુખ છે તેનો પણ આવિર્ભાવ થાય છે. તાત્પર્ય એજ કે, મુમુક્ષુ જો નિઃસ્પૃહ ને નિશ્ચિંત થઈ સાંસારિક સુખની આશાનો પરિત્યાગ કરે, તોજ તે સુખી થાય છે.

अनारंभेऽपि परगृहे सुखी सर्पवत् ॥ १२ ॥

ભાવાર્થઃ—ગૃહાદિનો આરંભ ન કરવાથી પણ સર્પની પેઠે પારકા ઘરમાં સુખી થઇ શકાય છે. ઉંદરો ઘણે કષ્ટે દર તૈયાર કરે છે, ને સર્પ તેમાં પ્રવેશ કરી સુખે નિવાસ કરે છે. કથાનું તાત્પર્ય એ કે, મુમુક્ષુએ ગૃહાદિના આડંબરમાં ન પડવું; કેમકે તેમ કરવાથી સાધનમાં વિક્ષેપ આવે છે ને બંધન થાય છે.

बहुशास्त्रगुरूपासनेऽपि सारादानं षट्पदवत् ॥ १३ ॥

ભાવાર્થઃ—જેમ ભમરો પુષ્પ તથા કાંટાઓનો પરિત્યાગ કરી માત્ર મધુનું ગ્રહણ કરે છે, તેમ શાસ્ત્રો અને ગુરુઓના વિવાદોનો પરિત્યાગ કરીને મુમુક્ષુએ સારમાત્રનુંજ ગ્રહણ કરવું; નહિ તો તેઓના પરસ્પરના વિરોધને લીધે જિજ્ઞાસુને આત્માનો યથાર્થ નિશ્ચય નહિ થાય.

इषुकारवन्नैकचित्तस्य समाधिहानिः ॥ १४ ॥

ભાવાર્થઃ—બાણ બનાવનારનું ચિત્ત જેમ બાણ બનાવવામાં એવું એકાગ્ર થયું હતું કે તેની પાસેથી રાજાનું સૈન્ય ચાલ્યું ગયું, તેની પણ તેને ખબર ન રહી; તેમ સાધક પુરુષ વૃત્તિઓનો

યથાર્થ નિરોધ કરે, તો તેને પણ બહારના પદાર્થોનું વિસ્મરણ રહે, અને સમાધિમાં હાની ન થાય.

कृतनियमलंघनादानर्थक्यं लोकवत् ॥ १५ ॥

ભાવાર્થ:—જેમ લોકોમાં વૈદ્યનું ઓસડ ખાનાર માંદો માણસ વૈદ્યની કહેલી કરી ન પાળે તો તેને રોગ મટી શાંતિ થતી નથી; તેમ સત્ત્વશુદ્ધિદ્વારા જ્ઞાનપ્રાપ્તિ થવા માટે જે નિયમો પાળવાનું શાસ્ત્રે તથા ગુરુએ કહ્યું હોય, તે નહિ પાળવાથી સત્ત્વશુદ્ધિ તથા જ્ઞાનની પ્રાપ્તિ ન થાય ને સંસારીપણું પણ ન મટે.

तद्विस्मरणेऽपि भेकीवत् ॥ १६ ॥

ભાવાર્થ:—વનમાં શિકાર કરવા ગયેલા એક રાજાએ ત્યાં એક બહુ લાવણ્યવતી સુંદરી દીઠી. રાજાએ તે નવયૌવનાને કહ્યું કે, "તું મને વર." ત્યારે તેણે કહ્યું કે, "હું દેડકાના રાજાની પુત્રી છું ને જો તમે મને જળ ન દેખાડો તો હું તમારી સાથે વિવાહ કરૂં." રાજાએ તે નિયમનો અંગીકાર કરી તેની સાથે વિવાહ કર્યો. કેટલોક સમય ગયા પછી એક વખત પરગામ જતાં તે કન્યા તરસી થવાથી રાજાને કહેવા લાગી કે, "મને જળ બતાવો." ત્યારે રાજા આગળ કરેલો નિયમ ભૂલી જઇ તેને તળાવને કિનારે લઇ ગયો. પછી તે ભેકરાજદુહિતા જળ દેખતાંજ દેડકીનું રૂપ ધારણ કરી તેમાં પ્રવેશ કરી ગઈ. રાજાએ બહુ શોધ કરી પણ તે મળી નહિ; તેથી તે બહુ દુઃખી થયો. તેવી રીતે ગુરુશાસ્ત્રે પાલન કરવા કહેલા નિયમોનું વિસ્મરણ કરવાથી આત્મબુદ્ધિરૂપ કન્યા રહી શકતી નથી.

नोपदेशश्रवणेऽपि कृतकृत्यता परामर्शादृते विरोचनवत् ॥१७

ભાવાર્થ:—તાત્પર્ય નિશ્ચયરૂપ પરામર્શ વગર કેવળ ઉપદેશ સાંભળવાથી પણ કૃત્યકૃત્યપણું પ્રાપ્ત થતું નથી; તેનું ઉદાહરણ વિરોચન છે. વિરોચન (દૈત્યનો રાજા) તથા ઇંદ્ર, એ બંને જણે શ્રીબ્રહ્મા

પાસેથી આત્મસ્વરૂપનો ઉપદેશ સાંભળ્યો. ઇંદ્રે તે ઉપદેશનું પુનઃ પુનઃ મનન કરવાથી તેનેં યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું અને વિરોચને તે ઉપદેશનું મનન ન કર્યું, તેથી તેને તે જ્ઞાન પ્રાપ્ત ન થયું. વિશેષ વર્ણન શ્રી છાંદોગ્ય ઉપનિષદમાં છે.

दृष्टस्तयोरिंद्रस्य ॥ १८ ॥

ભાવાર્થઃ—ઇંદ્ર તથા વિરોચન એ બેમાં ઇંદ્રને પણ બહુ સમય સુધી મનનનિદિધ્યાસન કરવાદ્વારાજ તત્ત્વબોધ થયો સાંભળ્યો છે; તેથી બીજાઓને પણ એવા સાધન વડે તત્ત્વજ્ઞાન થાય છે.

प्रणतिब्रह्मचर्योपसर्पणानि कृत्वा सिद्धिर्बहुकालात्तद्वत् ॥१९॥

ભાવાર્થઃ—જેમ નમસ્કાર, સેવા, બ્રહ્મચર્યપાલન અને વેદાધ્યયનાદિ કરવાથીજ ઇંદ્રને બહુકાળે (૧૦૧ વર્ષે) તત્ત્વજ્ઞાન થયું હતું; તેમ બીજા જિજ્ઞાસુઓને પણ ગુરુસેવાદિ સાધન વડે દીર્ઘકાળે પણ જ્ઞાન થાયજ.

न कालनियमो वामदेववत् ॥ २० ॥

ભાવાર્થઃ—તત્ત્વજ્ઞાન આટલાજ સમયમાં ઉત્પન્ન થાય, એવો કોઇ ચોક્કસ નિયમ નથી. વામદેવ મુનિને માતાના ગર્ભમાં જ્ઞાન પ્રાપ્ત થયું તેમ જ્ઞાનલાભ શીઘ્ર પણ થાય અને ઇંદ્રની પેઠે વિલંબે પણ થાય.

अध्यस्तरूपोपासनात् पारंपर्येण यज्ञोपासकानामिव ॥ २१ ॥

ભાવાર્થઃ—શ્રીબ્રહ્મા, શ્રીવિષ્ણુ, તથા શ્રીશિવ આદિકની ઉપાસનાથી પણ બ્રહ્મલોકની પ્રાપ્તિ થઇ, અંતઃકરણની શુદ્ધિદ્વારાજ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ યજ્ઞાદિક કર્મો કરનારને સાક્ષાત નહિ પણ ચિત્તશુદ્ધિદ્વારાજ જ્ઞાન થાય છે, તેમ ઉપાસના કરનારને પણ અંતઃકરણશુદ્ધિદ્વારાજ જ્ઞાન થાય છે.

इतरलाभेऽप्यावृत्तिः पंचाग्नियोगतः जन्मश्रुतेः ॥ २२ ॥

ભાવાર્થ:—બ્રહ્મદૃષ્ટિએ કરીને સિદ્ધ થનારી પંચાગ્નિવિદ્યારૂપ ઉપાસના વડે બ્રહ્મલોકની પ્રાપ્તિ થવાથી પણ કૃતકૃત્યતા થતી નથી; કેમકે જ્ઞાનની પ્રાપ્તિ વગર ત્યાંથી પણ બીજા કલ્પમાં પુનરાગમન થાય છે, એમ શ્રુતિમાં કહ્યું છે. બ્રહ્મલોકને પામેલ મંદવૈરાગ્યવાળા અજ્ઞાની જીવો ત્યાંના ભોગો ભોગવી રહ્યા પછી પંચાગ્નિ યોગે ફરીને જન્મ ગ્રહણ કરે છે. પંચાગ્નિ એટલે સ્વર્ગ, મેઘ, પૃથ્વી, પુરુષ ને સ્ત્રી. પુણ્યના ફળરૂપ ભોગ સ્વર્ગમાં ભોગવી સ્વર્ગમાંથી મેઘમાં, મેઘથી જળમાં, જળથી પૃથ્વીમાં, પૃથ્વીથી અન્નાદિ સાથે પુરુષમાં ને પુરુષથી વીર્યસંગે સ્ત્રીમાં પ્રવેશ કરી તેઓ પુનઃ ઉત્પન્ન થાય છે. "બ્રહ્મલોકમાં ગયા પછી પુનરાવૃત્તિ થતી નથી" એવાં વાક્યો જે શાસ્ત્રોમાં આવે છે; તે વિરક્ત અને જ્ઞાનવાનોની આવૃત્તિનો નિષેધ બતાવવા માટે છે.

विरक्तस्य हेयहानमुपादेयोपादानं हंसक्षीरवत् ॥ २३ ॥

ભાવાર્થ:—વિરક્ત પુરુષ હંસની પેઠે અસાર પ્રકૃતિનો ત્યાગ કરીને સાર જે પુરુષ તેનું ગ્રહણ કરે છે, પણ અવિરક્તથી એમ થઇ શકતું નથી. તાત્પર્ય કે હંસ પક્ષી જેમ દૂધ તથા પાણી ભળેલાં હોય તેમાંથી પાણીનો ત્યાગ કરી દૂધને ગ્રહણ કરે છે, તેમ વિરક્ત પણ સંસારનો ત્યાગ કરી મોક્ષનેજ ગ્રહણ કરે છે.

लब्धातिशययोगाद्वा तद्वत् ॥ २४ ॥

ભાવાર્થ:—હંસ જેમ પોતાની શક્તિવિશેષદ્વારા દૂધમિશ્રિત પાણીમાંથી દૂધમાત્રનું ગ્રહણ કરે છે; તેમ વિવેકી પુરુષ પણ વિવેકજનિત શક્તિવિશેષદ્વારા સંસારનો ત્યાગ અને મોક્ષનું ગ્રહણ કરી શકે છે.

न शुकवत्कामचारित्वं रागोपहतेः ॥ २५ ॥

ભાવાર્થ:—જેનું હૃદય સંસારાસક્તિવાળું છે, તેને શુકદેવની પેઠે કામચારિત્ર્ય (ઇચ્છાનુસાર વિચારવાનું સામર્થ્ય) પણ નથી પ્રાપ્ત થતું; તો પછી મુક્તિ તો ક્યાંથીજ પ્રાપ્ત થાય?

गुणयोगाद्बद्धः शुकवत् ॥ २६ ॥

ભાવાર્થ:—પોપટ જેમ ગુણ (દોરડી) વડે બંધન પામે છે, તેમ પુરુષ પણ ગુણ (ત્રિગુણાત્મક પ્રકૃતિ) વડે બંધન પામે છે.

न भोगाद्रागशांतिर्मुनिवत् ॥ २७ ॥

ભાવાર્થ:—ભોગ ભોગવવા વડે ભોગાભિલાષની શાંતિ મુનિ-મનનશીલ-ને પણ ન થાય, તો બીજા અયુક્તને તો ક્યાંથીજ થાય? પૂર્વે કશ્યપસૌભરી આદિ મુનિને ભોગદ્વારા ભોગોની સ્પૃહા વધી હતી, પણ રાગની શાંતિ થઇ નહોતી.

दोषदर्शनादुभयोः ॥ २८ ॥

ભાવાર્થ:—પ્રકૃતિ અને પ્રકૃતિનાં કાર્યોમાં પરિણામીપણું દુઃખ-સ્વરૂપપણું ઇત્યાદિ જે નાના પ્રકારના દોષો રહેલા છે, તેમે લક્ષપૂર્વક જોવાથી રાગની નિવૃત્તિ થાય છે.

न मलिनचेतस्युपदेशबीजप्ररोहोऽजवत् ॥ २९ ॥

ભાવાર્થ:—જેમ સ્રીના શોકથી મલિન ચિત્તવાળા અજ-રાજાને શ્રીવસિષ્ઠજીનો ઉપદેશ સ્થિરીભૂત થયો નહિ; તેમ પ્રત્યેક મલિન ચિત્તરૂપ ભૂમિમાં ઉપદેશરૂપ બીજના પડવાથી જ્ઞાનરૂપ અંકુરની ઉત્પત્તિ થાય નહિ. કામ, ક્રોધ, મોહ, લોભ, માત્સર્ય, શોક, તાપ એ બધા મનના મેલ છે. એના પ્રવેશથી મન મલિન થઇ જાય છે.

नाभासमात्रमपि मलिनदर्पणवत् ॥ ३० ॥

ભાવાર્થ:—જેમ મેલા દર્પણમાં મુખાદિકનો આભાસમાત્ર

પણ પડતો નથી, તેમ રાગાદિ વડે મલિન થયેલા ચિત્તમાં તત્ત્વોપદેશની છાયા સરખી પણ પડી શકતી નથી.

न तज्जस्यापि तद्रूपता पंकजवत् ॥ ३१ ॥

ભાવાર્થઃ—જેમ કાદવના દોષથી ઉત્તમ બીજથી પણ બીજને યોગ્ય એવાં સારાં કમળ ઉત્પન્ન થતાં નથી, તેમ કાદવના જેવા મેલા હૃદયમાં ઉપદેશાનુસાર જ્ઞાન થતું નથી. તેના ચિત્તમાં રહેલા સંશયવિપર્યય વડે જ્ઞાનનો વ્યતિક્રમ થઈ જાય છે.

न भूतियोगेऽपि कृतकृत्यतोपास्यसिद्धिवदुपास्यसिद्धिवत् ॥३२॥

ભાવાર્થઃ—અણિમાદિ સિદ્ધિઓનો લાભ થવાથી પણ મુક્તિ થાય એમ નથી. ઉપાસકો જેમ ઉપાસનાદ્વારા ઉપાસ્ય દેવતાને પ્રાપ્ત થયા છતાં પણ મુક્ત થઇ શકતા નથી, તેમ તત્ત્વજ્ઞાન વગર કેવળ માત્ર સિદ્ધિ પ્રાપ્ત કરવાથી કોઈ મુક્ત થતું નથી.

"उपास्यसिद्धिवत्" એ પદની પુનરુક્તિ અધ્યાયની સમાપ્તિ બતાવે છે.

- भाग १० मो-समाप्त

स्वामी विवेकानंद

एमना सदुपदेश—भाग ११ मो

જ્ઞાન યોગ

અનુવાદક: નાઝુકલાલ નંદલાલ ચોકસી
ઘડિયાળી પોળ-વડોદરા

स्वामी विवेकानंद

एमना सदुपदेश—भाग ११ मो

જ્ઞા ન યો ગ

१—ब्रह्मांड—सूक्ष्मसृष्टि×

મનુષ્યનું મન સ્વાભાવિક રીતેજ બહાર આવવા ચાહે છે, જાણે ઇંદ્રિયો વાટે શરીરની બહાર ડોકિયું કરવા માગતું ન હોય! આંખોને કંઇ જોવાનું મળવું જોઇએ, કાનને કંઇ સાંભળવાનું મળવું જોઇએ; અને એ રીતે સર્વ ઇંદ્રિયો કંઇ ને કંઇ બાહ્ય-જગતનો અનુભવ કરતી હોય છે. એમાં પ્રકૃતિનું સૌંદર્ય અને તેની પ્રૌઢતા સ્વાભાવિક રીતેજ મનુષ્યના મનનું સૌથી પ્રથમ આકર્ષણ કરે છે; તેથી માનવીના મનમાં સૌથી પહેલાં જે પ્રશ્નો ઉદ્ભવ્યા તે બાહ્યજગત વિષેજ હતા. આકાશ, સૂર્યચંદ્રાદિ નક્ષત્રગણ, પૃથ્વી, નદી, પર્વત, સમુદ્ર ઇત્યાદિના રહસ્ય સંબંધમાં

× ન્યુયોર્ક—તા. ૨૬ જાન્યુઆરી ૧૮૯૬

પ્રથમ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબમાં અજ્ઞાનરૂપી અંધારામાં અટવાતા માનવીના મને પ્રથમ તો બાહ્યજગતની વસ્તુઓનોજ આધાર લીધો. એટલે કે નદીની દેવી, આકાશની દેવી, મેઘની દેવી, વૃષ્ટિની દેવી એમ એકેએક બાહ્યવસ્તુઓની ભિન્નભિન્ન અધિષ્ઠાત્રી શક્તિઓની કલ્પના તેમણે પ્રથમ કરી. અર્થાત્ અત્યારે જેને આપણે પ્રકૃતિની શક્તિઓ તરીકે પિછાનીએ છીએ, તે બાહ્યવસ્તુઓમાં સચેતનતાનું આરોપણ થઇ સચેતન દેવીઓ તરીકે પૂજાવા માંડી. આગળ ચાલતાં વળી સ્વર્ગની કલ્પના અસ્તિત્વમાં આવે છે, ને આ બધાં દેવદેવીઓ સ્વર્ગમાં રહેતી સ્વતંત્ર વ્યક્તિઓ લેખાવા માંડે છે; પણ એ પ્રશ્નમાં વધારે ને વધારે ઊંડા ઊતરતાં આ બાહ્યદેવતાઓના ભાવથી મનુષ્યમનને પૂરતો સંતોષ ન લાગવા માંડ્યો. પરિણામે મનુષ્યની વિચારશક્તિ આંતરપ્રદેશ તરફ વળી અને બાહ્યવસ્તુઓને બદલે પોતાના આત્મા વિષે પ્રશ્ન પુછાવા લાગ્યો; અર્થાત્ પ્રશ્નનો પ્રવાહ હવે બાહ્યજગત પરથી નીકળીને આંતરજગત તરફ વળ્યો. તેથી બાહ્યજગતનું પૃથક્કરણ કરવાનું છોડીને માણસ હવે આંતરજગતનું પૃથક્કરણ કરવા માંડે છે. હવે જે પ્રશ્ન ઊઠે છે, તે આંતરપુરુષને લગતો હોઇ માનવજાતિની સ્થૂળજગતમાં પ્રગતિ સૂચવનારો છે.

ત્યારે આજના વ્યાખ્યાનનો વિષય આંતરમાનવ કિંવા આંતરજગત અથવા સૂક્ષ્મસૃષ્ટિ છે. એ પ્રશ્ન મનુષ્યને એટલો બધો પ્રિય છે અને એટલો બધો તેના હૃદયની નજીકનો છે કે, તેના જેવો પ્રિય અને નિકટનો બીજો એકે પ્રશ્ન નહિ હોય. કેટકેટલા દેશોમાં કંઈ લાખોવાર આ પ્રશ્નની જિજ્ઞાસા થઇ હશે! સંસારત્યાગી, સંન્યાસી અને મહેલવાસી રાજાઓ, ગાદીતકિયે આળોટતા ધનાઢ્યો અને પેટ માટે ગદ્ધાવૈતરું કરતા ગરીબો, સંતસાધુઓ અને દુરાચારીપાપીઓ, પુરુષો અને સ્ત્રીઓ-બધાય

તરફથી આ પ્રશ્ન વખતોવખત પુછાતો રહ્યો છે, અને તે એ કે "આ ક્ષણભંગુર માનવજીવનમાં નિત્યસનાતન-અનાદિ અનંત હોય એવી એક પણ વસ્તુ નથી શું? આ શરીર છૂટ્યા પછી પણ જેનો વિનાશ થતો ન હોય એવી એક પણ ચીજ નથી શું? આ કાયાપિંજર માટીમાં મળી ગયા પછી પણ જીવતો હોય એવો કોઇ પદાર્થ નથી શું? અગ્નિ દેહપિંજરને બાળીને રાખ કરી નાખે તે બાદ કોઇ વસ્તુ બાકી નથી રહેવા પામતી? અને જો કંઇ પણ બાકી રહેતું હોય, તો દેહના વિલય પછી તેનું શું થાય છે? તે વસ્તુ ક્યાં જાય છે અને ક્યાંથી આવેલી?" આવી પ્રશ્નપરંપરા ફરી ફરીને પુછાતી રહી છે; અને સૃષ્ટિ ચાલે છે તથા માનવભેજાં જ્યાંલગી સાબૂત છે ને કામ કરે છે, ત્યાં લગી તે પુછાયા પણ કરવાની. આથી એમ નથી સમજી લેવાનું કે, એ પ્રશ્નોના ઉત્તર અત્યાર સુધીમાં કોઇએ આપવાનો પ્રયત્ન નથી કર્યો. ખરી રીતે તો પ્રત્યેક વખતે-પ્રત્યેક જમાનામાં તેનો બનતો ઉત્તર આપવામાં આવે છે; અને જેમ જેમ વખત જાય છે, તેમ તેમ જવાબ વધારે ને વધારે સબળ અથવા સચોટ બનતો જાય છે. ખરૂં પૂછો તો કંઇ હજારો વર્ષ પહેલાં આ પ્રશ્નનું એકે વારે નિવારણ થઈ ગયેલું છે અને તેનું તેજ નિવારણ યાને તેનો તેજ જવાબ જુદાજુદા જમાનાને અને દેશને અનુસરતી રીતે, જુદે જુદે વખતે અપાતો રહ્યો છે. આપણી બુદ્ધિમાં વધારે ઊતરે તેવા નવાનવા દાખલાદલીલો સાથે એનો એજ-હજારો વર્ષ પર પ્રાપ્ત થયેલો-જવાબ ફરી ને ફરી અપાતો રહ્યો છે, તેથી અત્યારે હું પણ તમારી આગળ જે સમજાવીશ તે પણ એ પ્રાચીન જવાબની પુનરાવૃત્તિરૂપજ હશે. આ સર્વગ્રાહી પ્રશ્નો પર નવું અજવાળું નાખવાનો દંભ મારે નથી કરવો; હું તો માત્ર અમારા પ્રાચીન પૂર્વજોએ શોધી કાઢેલું સત્ય નવા લેબાસમાં આધુનિક મનુષ્ય

સમજી શકે તેવી લોકોની પોતાનીજ ભાષામાં, તત્ત્વજ્ઞોની પરિભાષામાં નહિ પણ લોકોની નિત્યની વ્યાવહારિક ભાષામાં મૂકવાનો પ્રયત્ન કરીશ એટલુંજ. દેવપુરુષોના ઇશ્વર અને બ્રહ્મસંબંધના ગંભીર ને ઉચ્ચ વિચારો સાધારણ માણસો સમજી શકે તેવી તેમની સામાન્ય ભાષામાં હું દર્શાવીશ અને મને ખાતરી છે કે, એ દિવ્ય વિચારો માણસોથી સમજી શકાશે; કારણકે જે દિવ્ય તત્ત્વમાંથી એ ઉચ્ચ ખ્યાલો નીપજ્યા હતા, તે દિવ્ય તત્ત્વ બધાજ માણસોમાં મોજૂદ છે.

હવે, હું મૂળ વિષય પર આવું છું. જુઓ, હું તમારી તરફ જોઉં છું. એ જોવાની ક્રિયા માટે કયી કયી વસ્તુઓની જરૂર પડે છે? સૌથી પ્રથમ જરૂર નેત્રોની પડે છે; કારણકે હું બીજી બધી વાતે સાજોસમો ને પૂરો હોઉં છતાં નેત્રો કે આંખો ન ધરાવતો હોઉં તો મારાથી તમને દેખી શકાય નહિ. બીજી જરૂરી વસ્તુ છે તે દર્શનશક્તિ આપનારી દર્શનેંદ્રિય છે; કેમકે નેત્રો એ કંઇ દર્શનેંદ્રિય નથી, પણ સાધનમાત્ર છે. તેમની પાછળ ખરી દર્શનેંદ્રિય મગજની અંદર એક સ્નાયુકેંદ્રરૂપે રહેલી છે. એ કેંદ્રને અથવા એ જ્ઞાનતંતુને કંઇ ઇજા પહોંચેલી હોય તો માણસને ખાસી કાચ જેવી સાફ આંખો કાં ન હોય? પણ તેનાથી કોઇ પણ વસ્તુ જોવાનું બની શકતું નથી, તેથી આ સ્નાયુકેંદ્ર અથવા જોવાની ખરી ઇંદ્રિય હોવાની આવશ્યકતા છે. બહાર દેખાતી આપણી બધીજ ઇંદ્રિયો–કાન, નાક, જીભ અને ચામડીના સંબંધમાં આવોજ પ્રકાર સમજી લેવાનો છે. સ્થૂળ-કાન એ તો માત્ર અંદર રહેલા સ્નાયુતંતુ આગળ અવાજનાં મોજાં હાજર કરનાર સાધન કિંવા પહેરેગીર માત્ર છે; પણ સાધન અને પ્રકૃતઇંદ્રિય કહેતાં સ્નાયુકેંદ્ર બરાબર સ્થિતિમાં હોય એટલેથી બસ થતું નથી. બીજી પણ એક વસ્તુની આવશ્યકતા

રહે છે. ધારો કે, તમારા પુસ્તકાલયમાં કે અભ્યાસગૃહમાં તમે કોઈ પુસ્તકના અભ્યાસમાં તલ્લીન થઇ ગયા છો, તે વખતે ઘડિયાળના ટકોરા થાય છે; છતાં તે તમને નથી સંભળાતા. આવી જાતનો અનુભવ તો ઘણાયને કોક ને કોક વાર થયો હશે. આનું કારણ શું? ટકોરાનો અવાજ થયો એ તો ચોક્કસ; હવામાં તે અવાજનાં આંદોલનો અથવા મોજાં પ્રસર્યાં, એ પણ સત્ય; કાન વાટે એ મોજાં સ્નાયુતંતુને પહોંચ્યાં, એમાં પણ શક નહિ; છતાં તમને સાંભળવાનું ભાન ન થયું એનું કારણ શું? કયી વસ્તુની ઊણપ રહી વારૂ? ત્યારે તમારૂં મન નવરું નહોતું, બીજે રોકાયલું હતું. આ ઉપરથી આપણને માલૂમ પડી આવે છે કે, ઇંદ્રિયોની ક્રિયા કરવામાં ત્રીજી વસ્તુ તરીકે મનની પણ ખાસ આવશ્યકતા છે. સૌથી પહેલાં સ્થૂળ સાધનો; પછી તે સાધનો જે શક્તિથી અંતર્ગત સ્નાયુકેંદ્ર તરફ લાગણીનો સંદેશો લઇ જાય છે તે શક્તિ; અને છેલ્લે પ્રકૃતઇંદ્રિય પોતે મનની સાથે જોડાયલી હોવી જોઇએ. મન અને સ્નાયુકેંદ્રના તાર જો જોડાયલા નથી હોતાં, તો સ્નાયુકેંદ્ર તથા સ્થૂળસાધન (આ ઠેકાણે કાન) પર થતી ક્રિયાની છાપ અવશ્ય પડે છે; છતાં આપણને સાંભળવાનું ભાન નથી થતું; કેમકે મન સાથે કર્ણેંદ્રિયનો તાર જોડાયલો નહિ હોવાથી મનને તે સંદેશો મળતો નથી. હવે મનને સંદેશો પહોંચે એટલેથી પણ કામ સરી જતું નથી. મન પણ માત્ર વાહક તરીકેનું કામ કરે છે. મનને પણ આગળ વહી જઇને લાગણીનો સંદેશો બુદ્ધિને પહોંચાડવાનો હોય છે. બુદ્ધિ એ નિર્ણયાત્મક શક્તિ હોઇ, કયી અને કેવી જાતની લાગણી આવી તેનો નિર્ણય કરે છે. પણ આટલેથી હજી વાત પૂરી થતી નથી. બુદ્ધિને પોતાનો નિર્ણય આગળ લઇ જઈ શરીરના અધિષ્ઠાતા તંત્રી, આંતરજગતની ગાદીએ બિરાજતા આત્માની હજૂરમાં પહોંચાડવો પડે છે.

જે તે નિર્ણયને મહારાજા આત્મારામની હજૂરમાં બુદ્ધિમંત્રી સાદર રજૂ કરે છે, એટલે મહારાજા પોતે શું કરવું ને શું ન કરવું તે બાબતમાં હુકમો છોડે છે અને તે હુકમો પાછા પૂર્વવત ક્રમે ઊતરતા ઊતરતા બુદ્ધિ, મન, ઇંદ્રિયો અને સાધનોને પહોંચે છે; અને સાધનો તે હુકમોને અમલમાં મૂકે છે. જોવાની ક્રિયા આખી આ રીતે પૂરી થાય છે.

સાધનો અથવા કરણોનું સ્થાન મનુષ્યના સ્થૂળશરીરમાં છે; પણ મન અને બુદ્ધિના સંબંધમાં તેમ નથી. તેમનું સ્થાન અમારા હિંદુલોકોની દાર્શનિક પરિભાષામાં કહીએ, તો 'સૂક્ષ્મ અથવા લિંગદેહ'માં અને તમારી ખ્રિસ્તી ધર્મની પરિભાષામાં જેને 'અધ્યાત્મ દેહ' કહે છે, તેમાં આવેલું છે. આ સૂક્ષ્મ અથવા લિંગદેહ સ્થૂળદેહ કરતાં બહુજ સૂક્ષ્મ હોય છે, છતાં પણ તે આત્મા તો નથીજ. આત્મા તો તે બધાથી પર છે. સ્થૂળદેહ થોડાંક વર્ષો રહીને નાશ પામે છે નજીવું કારણ પણ તેને હરકત પહોંચાડી નષ્ટ કરી શકે. સૂક્ષ્મ શરીર અથવા લિંગદેહ આમ સહેલાઈથી નાશ પામે તેવો નથી, તથાપિ કોઈ વાર તે અવનત થઇ દુર્બળ બને છે અને કોઇ વાર સશક્ત અને સબળ બને છે. ઘરડા માણસના મનની શક્તિ કેવી ઘટી જાય છે, શરીર સશક્ત અને મસ્ત હોતાં મન પણ કેવું સશક્ત અને મસ્ત હોય છે, વિવિધ ઓસડો અને અર્કો તેમજ બીજી બહારની વસ્તુઓની શરીર પર કેવી સારી-માઠી અસરો થાય છે અને બાહ્યજગત પર તેની કેવી પ્રતિક્રિયા થાય છે, એ તો આપણા બધાંના અનુભવની રોજની વાતો છે. શરીરની બાબતમાં જેમ ઉન્નતિઅવનતિ છે, તેમ મનની બાબતમાં પણ ઉન્નતિઅવનતિ રહેલી છે અને તેથીજ મન એ આત્મા નથી એમ ઉપર કહેવામાં આવ્યું છે; કેમકે આત્માને કોઈ જાતનો હરકતહેલો કદાપિ પહોંચતો નથી યાને આત્માની અવનતિ

કદાપિ થતી નથી. આ ઠેકાણે કોઇ પૂછશે કે, આ વાત આપણે શી રીતે જાણીએ? આ મનની પાછળ કંઇ રહેલું છે એમ આપણે શા ઉપરથી જાણવું? તો કે, જ્ઞાન જે સ્વયપ્રકાશી અને બુદ્ધિના પાયારૂપ છે તે સંજ્ઞારહિત અને મૃત આધિભૌતિક દ્રવ્ય યાને જડ તત્ત્વની માલિકીનું કદાપિ હોતું નથી તે ઉપરથી. એવી જડ વસ્તુ કોઇને કદાપિ જડવાની નથી કે જેમાં જ્ઞાન તેના પોતાના ધર્મ-તરીકે રહ્યું હોય. કોઈ પણ જડ પદાર્થ સ્વયંપ્રકાશી હોઇ શકતો નથી. જ્ઞાનજ બધી જડ વસ્તુઓને પ્રકાશમાન કરે છે. આ દીવા-નખાનું અત્યારે અહીં મોજૂદ છે, તે જ્ઞાનના પ્રતાપેજ; કારણકે કોઈ જ્ઞાને તેનું નિર્માણ કર્યું નહોત, તો દીવાનખાના તરીકે તેનું અસ્તિત્વ કેવળ અજ્ઞાતજ હોત. તે મુજબ આ શરીર પણ સ્વયં-પ્રકાશી નથી; કેમકે જો તે સ્વયંપ્રકાશી હોત તો મૃતશરીર પણ પ્રકાશમાન યાને ચેતનયુક્ત હોત. તેજ પ્રમાણે મન અને આધ્યા-ત્મિક કિંવા સૂક્ષ્મશરીર પણ સ્વયંપ્રકાશી નથી; કારણકે તેઓ જ્ઞાનતત્ત્વનાં બનેલાં નથી. સ્વયંપ્રકાશી વસ્તુ કદાપિ કરમાતી કે ક્ષીણ થતી નથી. પરપ્રકાશથી પ્રકાશતી વસ્તુની તેજસ્વિતા સ્થિર નથી હોતી, પણ આવનારી-જનારી છે. પરંતુ જે પદાર્થ પોતે પ્રકાશસ્વરૂપ છે, તેને આવવા-જવાનું યાને તેનાં હ્રાસ-વૃદ્ધિ કોના-થી થઇ શકે તેમ છે? આપણે જોઈએ છીએ કે, ચંદ્રમા નિરંતર ક્ષય-વૃદ્ધિને આધીન છે. એનું કારણ એટલુંજ છે કે, ચંદ્રમા પોતે સ્વયંપ્રકાશી ન હોઇ તે સૂર્યના તેજથી પ્રકાશે છે. એક લોઢાના ટુકડાને દેવતામાં તપાવીને લાલચોળ કરવામાં આવે, તો તે ચળકે છે અને પ્રકાશે છે; કેમકે તે પ્રકાશ લોખંડનો પોતાનો ન હોઇ અગ્નિ પાસેથી ઉછીનો લીધેલો હતો. આ ઉપરથી સમજી શકાશે કે, જે પ્રકાશ બીજાનો હોય છે, સ્વયં-પોતાનો નથી હોતો, તેજ પ્રકાશના સંબંધમાં ક્ષયની સંભાવના છે.

હવે એ તો આપણે જોઈ લીધું કે, શરીરના આ બાહ્ય ઘાટને સ્વયં પોતાનો પ્રકાશ નથી, તેથી કરીને શરીર એ સ્વયંપ્રકાશન કોઈ પોતાની જાતનું જ્ઞાન તેને ન હોઇ શકે, તેમ મનને પણ એ જ્ઞાન ન હોય. કેમ ? તો કે, મનનો વિકાસ—હ્રાસ અથવા અભિવૃદ્ધિ ને ક્ષય થતો જોવામાં આવે છે; તે કોઇ વાર બહુ તેજ અને ઉલ્લાસયુક્ત હોય છે અને કોઇ વાર તે ઢીલું અને પોચું પડેલું લાગે છે. એટલે બીજા શબ્દોમાં કહીએ તો ગમે તે વસ્તુની અસર મન પર પહોંચી શકે છે, માટે મનદ્વારા પ્રકાશતું તેજ તેનું પોતાનું નથી. ત્યારે તે કોનું છે ? એમ કોઈ પૂછશે. તેના ખુલાસામાં એટલુંજ કહેવાનું કે, એ પ્રકાશ જેનો પોતાનો ગુણ અગર ધર્મ હોઇને ક્ષીણ કે નાશ થનારો નથી, એવા સ્વયંપ્રકાશી પદાર્થની કિંવા સ્વયંપ્રકાશતત્ત્વની માલિકીનો છે. આત્માને કંઇ જાણવાપણું નથી, કેમકે તે પોતેજ જ્ઞાન અથવા ચિત્‌સ્વરૂપ છે; આત્માને કંઇ અસ્તિત્વ હોવાપણું નથી હોતું, કેમકે તે પોતેજ અસ્તિત્વ યાને સત્‌ સ્વરૂપ છે; આત્માને કંઇ સુખ કે આનંદ હોવાપણું પણ નથી હોતું; કેમકે તે સ્વયં સુખ અથવા આનંદસ્વરૂપ છે. આત્મા પોતેજ સચ્ચિદાનંદસ્વરૂપ છે. જે સુખી અથવા આનંદી છે, તેણે પોતાનું સુખ કે આનંદ ક્યાંકથી ઉછીના લીધા હોય છે. જેને જ્ઞાન છે, તેણે પોતાનું તે જ્ઞાન કોઇ ઠેકાણેથી ઉછીનું લીધેલું છે અને જેને અસ્તિત્વ છે, તેણે પોતાનું અસ્તિત્વ કોઈની પાસેથી ઉછીનું મેળવ્યું હોય છે—અર્થાત્‌ જ્યાં આગળ ગુણ અને ગુણી વચ્ચે ભેદ જણાતો હોય ત્યાં સમજીજ લેવું કે, એ ગુણો ગુણીના પોતાના ન હોઈ તેનામાં તે ક્યાંકથી પ્રતિબિંબિત થયેલા છે. પરંતુ આત્માના સંબંધમાં તો જ્ઞાન, અસ્તિત્વ અને આનંદ એ એના ગુણો નથી, પણ એનું સ્વરૂપ છે. આત્મા પોતેજ સચ્ચિદાનંદરૂપ છે.

આ ઠેકાણે વળી કોઇ એવો પ્રશ્ન કરશે કે, "તમારૂં કહેવું

સાચુંજ છે, એમ અમે શા ઉપરથી માની લઇએ? અસ્તિત્વ, જ્ઞાન અને આનંદ એ આત્માનાં સ્વરૂપ છે અને તેના ગુણો નથી એવો અમારો વિશ્વાસ કેમ કરી બંધાય?" વળી કોઇ એમ પણ તકરાર ઉઠાવે કે, શરીરનો પ્રકાશ જેમ મનના પ્રકાશ પર આધાર રાખે છે, તેમ આત્માની તેજસ્વિતા, આત્માનું જ્ઞાન અને આત્માનો આનંદ એ પણ બીજા કશાના ઉપર આધાર રાખનારાં કેમ ન હોય? આ જાતનું વલણ આપણી દલીલને આપવામાં આવે, તો તો તેનો પારજ નહિ આવે. જિજ્ઞાસુના પ્રશ્નના જવાબમાં હું સામો પ્રશ્ન પૂછું: "ત્યારે કોના પર તે આધાર રાખે છે?" જવાબમાં તે કહે કે, "અમુક અમુક ઉપર." ફરી પાછો હું પૂછું કે, "તે અમુક કોના પર આધાર રાખે છે?" તો તે કહેશે કે, "અમુક અમુક ઉપર." એ રીતે "અમુક અમુક"નો પારજ નહિ આવવાનો. એ તો પેલી "ફિર, ફુર" ના જેવી વાત થઈ કહેવાય. તકરારનો જો અંત લાવવોજ હોય, તો તો આપણે એવી એક વસ્તુ આગળ અટકી જવું પડશે કે જે વસ્તુ પોતે સ્વયંપ્રકાશી હોય. માટે વધારે ચૂંથણાં ન ચૂંથતાં, તર્કની દૃષ્ટિએ સારામાં સારી વાત તો એજ છે કે, જ્યાં આગળ આપણને સ્વયંપ્રકાશી તત્ત્વ મળી ગયું, ત્યાં આગળજ થંભી જવું અને વધુ પંચાત ન કરવી.

ત્યારે અત્યાર સુધીમાં આપણે જોઇ ગયા છીએ કે, મનુષ્ય પ્રાણીની અંદર ત્રણ વાનાંનો સમાવેશ થયેલો છે. એક તો આ શરીરરૂપી બાહ્ય આવરણ; બીજું મન, બુદ્ધિ અને અહંકારનું બનેલું સૂક્ષ્મશરીર અને ત્રીજું તે બંનેની પાછળ રહેલો પ્રકૃતપુરુષ યાને આત્મા. આપણે એ પણ જોઇ લીધું છે કે, શરીરના સઘળા ગુણો તેમજ તેની સર્વ શક્તિઓ શરીરનાં પોતાનાં ન હોઈ મનનાં પ્રતિબિંબમાત્ર છે અને તેવીજ રીતે મનની સઘળી

શક્તિઓ અને તેજસ્વિતા એ તેની પૂંઠળ રહેલા આત્માનાં પ્રતિબિંબ છે.

હવે વળી આત્માના સ્વરૂપ અથવા સ્વભાવ સંબંધમાં નાના પ્રકારના પ્રશ્નો ઊઠે છે. આત્મા સ્વપ્રકાશી છે યાને સચ્ચિદાનંદજ આત્માનું સ્વરૂપ છે, એ યુક્તિ પરથીજ જો આત્માનું અસ્તિત્વ માની લેવામાં આવતું હોય, તો તો સ્વાભાવિક રીતેજ સિદ્ધ થઇ જાય છે કે, તે સરજાયલો ન હોઇ શકે. બીજા અસ્તિત્વથી સ્વતંત્ર એવું સ્વપ્રકાશી અસ્તિત્વ કશાના પરિણામ કે ફળરૂપ તો કદાપિ કહી નહિ શકાય; તેથી તે સનાતન ઠરે છે યાને એવો એક પણ કાળ નહિ હોય કે જ્યારે તેનું અસ્તિત્વ નહિ હોય; કારણકે જો આત્માનુંજ અસ્તિત્વ ન હોય, તો પછી કાળ રહે કયો ? કાળનું સ્થાન આત્મામાં છે, કેમકે જ્યારે આત્માનું પ્રતિબિંબ મન ઉપર પડે છે, ત્યારે મન પ્રકાશિત થઇ વિચારવાનું કાર્ય કરે છે અને જ્યારે મન વિચારતું થાય ત્યારથી કાળની ગણના થાય. તેથી જો આત્મા ન હોય તો વિચાર પણ ન હોય અને વિચાર ન હોય તો પછી કાળ કેવો ? તેથી કાળનું અસ્તિત્વજ આત્મા ઉપર અવલંબેલું છે; તો પછી આત્મા અમુક કાળમાં અસ્તિત્વમાં આવ્યો એમ કહી શકાયજ શી રીતે? અર્થાત્ એ તો આપોઆપ ઠરી જાય છે કે, આત્માને જન્મ કે મરણ બેમાંથી એકે હોતું નથી. એ તો સઘળી પાયરીમાંથી જેમનો તેમજ પસાર થયે જાય છે યાને નિકૃષ્ટમાંથી ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટમાંથી નિકૃષ્ટ ક્રમેક્રમે ને આસ્તે આસ્તે વ્યક્ત થતો રહે છે. મન વાટે તે પોતાનો પ્રભાવ શરીર ઉપર પાડે છે અને શરીર વાટે તે બાહ્યજગતને ગ્રહણ કરી સમજે છે. આને માટે તે એક શરીર ધારણ કરે છે, તેનો ઉપયોગ કરે છે અને જ્યારે તે શરીર ક્ષીણ થઈ કામ આપતું અટકી જવા માંડે છે, ત્યારે તે બીજું શરીર ધારણ કરે છે અને એ રીતે તે દેહરૂપી

ઘર એક પછી એક બદલ્યા કરે છે.

અહીં એક રસિક પ્રશ્ન ઊભો થાય છે. એ પ્રશ્ન સામાન્યતઃ આત્માના પુનર્જન્મ તરીકે ઓળખાય છે. આ પુનર્જન્મની વાત સાંભળતાંજ કેટલીક વાર લોકો ભડકે છે અને લોકોના કુસંસ્કાર અને વહેમો એટલા બધા પ્રબળ હોય છે કે, સારા વિચારશીલ લોકો પણ એમ માનવાનું કબૂલ કરે છે કે, આપણે શૂન્યમાંથી જન્મ્યા છીએ. વળી મહાયુક્તિપૂર્વક સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે કે, આપણે જો કે શૂન્યમાંથી પેદા થયા છીએ, પણ એક વાર પેદા થયા પછી સનાતન રહીએ છીએ અને અનંતકાળ હયાતી ભોગવ્યા કરીએ છીએ. હવે ખરી રીતે તો વાત એવી હોવી જોઇએ કે, જેઓ શૂન્યમાંથી આવ્યાં હોય, તેમને શૂન્યમાંજ પાછા જવું પડે. તમે, હું કે અહીં બેઠેલ કોઇ પણ વ્યક્તિ શૂન્યમાંથી જન્મી નથી અને તેથી શૂન્યમાં પાછી જવાની નથી. આપણે સનાતન છીએ અને સનાતન રહીશું. સૂર્યની તળે કે સૂર્યની ઉપર એવી કોઇ પણ શક્તિ નથી કે જે મારા કે તમારા અસ્તિત્વને હતું ન હતું કરી નાખી આપણને શૂન્યમાં ધકેલી મૂકી શકે. હવે આ પુનર્જન્મના ખ્યાલથી ભડકવાનું કંઇજ કારણ નથી, કેમકે એ ખ્યાલ મનુષ્યની નૈતિક ઉન્નતિનો ખાસ પોષક છે. વિચારશીલ મનુષ્યો આ બાબતમાં કોઇ પણ ન્યાયસંગત સિદ્ધાંત પર આવી શકે તેમ હોય, તો તે માત્ર આજ યાને પુનર્જન્મનો સિદ્ધાંતજ છે. જો તમે હવે પછી સનાતન અસ્તિત્વ ધરાવવાના હો, તો તો આપોઆપ ઠરી જાય છે કે, ભૂતકાળમાં પણ તમે સનાતન અથવા અનંત અસ્તિત્વ ધરાવતા હતા. ન્યાયની રીતે જોતાં તેથી ઊલટું સંભવી શકેજ નહિ. હવે આ સિદ્ધાંતની સામે જે કેટલાક વાંધાઓ ઉઠાવવામાં આવે છે, તેમાંના કેટલાકનું નિરાકરણ કરવાનો હું પ્રયત્ન કરૂં છું. એ વાંધાઓ જોતાં તમારામાંના અનેક જણને લાગશે કે, એ

કેવળ મૂર્ખાઈભરેલા છે, તથાપિ કેટલીક વાર મોટા મોટા વિચારશીલ માણસો પણ મૂર્ખાઈભર્યા સવાલો પૂછતા માલુમ પડે છે. લોકોમાં કહેવત છે કે, "એવો એક પણ અસંગત વિચાર નહિ હોય કે, જેનું સમર્થન અને સંરક્ષણ કરનાર દાર્શનિકો ન મળી આવે"—એ વાત સાચી છે. જો આ વાંધાઓનું નિરાકરણ કર્યા વગર હું જવા દઉં, તો સંભવ છે કે, કોઇક વિચારવંતો વળી તે વાંધાઓના જોર પર કૂદી પડી ગાજવા નીકળી પડે અને પુનર્જન્મના સિદ્ધાંતની વિરુદ્ધ લોકોનાં મન ભંભેરવા માંડે. એટલા માટે વાંધાઓ જો કે દમ વગરના છે, છતાં હું તેના રદિયા આપું છું. પહેલો વાંધો આ છે કે, આત્મા સનાતન છે, તો પછી જન્મ-જન્માંતરની વાતો આપણને કેમ યાદ નથી?" આના જવાબમાં હું સામો સવાલ કરીશ કે, "આ જન્મનાજ આખા ભૂતકાળની બધી વાતો તમને યાદ છે? બચપણમાં તમે શું શું કર્યું હતું તેની કેટલા જણને સ્મૃતિ છે વારૂ? છેક બચપણની વાતો કોઈનેજ યાદ હોતી નથી. હવે જો સ્મૃતિ ઉપરજ અસ્તિત્વનો આધાર રહેતો હોય, તો તો તમારો આ વાંધો પોતેજ સાબિત કરી આપે છે કે, બચ્ચાં તરીકે તમારૂં અસ્તિત્વજ નહોતું, કેમકે તમારૂં બચપણ તમને યાદ નથી. એટલા માટે આપણું અસ્તિત્વ આપણી સ્મૃતિ ઉપર આધાર રાખે છે, એમ કહેવું કેવળ બેહૂદું યાને પ્રલાપમાત્ર છે. આપણને પૂર્વજન્મની વાતો યાદ હોય, તોજ પૂર્વજન્મનું અસ્તિત્વ માની શકાય, નહિ તો નહિ; એમ કહેવાનો અર્થ શો? પૂર્વજન્મની વાતો યાદ રહેવાનું પ્રયોજન પણ શું છે? યાદ રાખવાનું કામ મગજનું છે. આપણું પૂર્વજન્મનું મગજ અત્યારે આપણી પાસે ક્યાં છે? એ તો ક્યારનુંયે વિનાશ પામ્યું છે અને તેને ઠેકાણે નવું મગજ રચાયું છે. ભૂતજીવનમાં પ્રાપ્ત થયેલા સંસ્કારસમુદાયનું જે સમજણ અને આચારરૂપી

ફળ, તે ફળ અત્યારના મગજને પ્રાપ્ત થયું છે; એ ફળની અને નહિ કે આખા સંસ્કારોની સાથે મન આ શરીરમાં આવ્યું છે.

અત્યારે હું જે રૂપમાં છું, તે મારા અનંત પૂર્વજન્મનાં કર્મફળનું પરિણામ સમજવાનું છે. બધાંય પૂર્વજન્મનાં કર્મફળનું પૂછડું પરાણે મને વળગેલું છે અને એ ફળ ભોગવ્યેજ છૂટકો. સારરૂપ ફળ સાથે હોવા પછી બધો ભૂતકાળ યાદ હોવાની જરૂર પણ શી છે? પરંતુ આપણામાં કુસંસ્કારોનું જોર એટલું બધું છે કે, જે લોકો આ પૂર્વજન્મવાદનો અસ્વીકાર કરે છે, તેના તેજ લોકો એક કાળમાં આપણે વાંદરાં હતાં અને વાંદરાંમાંથી ક્રમવિકાસના નિયમ મુજબ માણસ થયાં છીએ, એ વાત તત્કાળ માની લે છે. પોતે વાંદરાં હતાં, એ વાતની એમને કેમ સ્મૃતિ રહી નથી, તેની તપાસ કરવાનું કોઇનેજ સૂઝતું નથી. જ્યારે કહેવામાં આવે છે કે, પ્રાચીન કાળના અમુક ઋષિમુનિને કે મહાત્માને આ સત્યનો સાક્ષાત્કાર થયો હતો, ત્યારે લોકો એકદમ કહી નાખે છે કે, એ પ્રાચીન ઋષિ બેવકૂફ હતો. એને એ વાતનો ભ્રમ થયો હશે; પણ એમને એમ કહેવામાં આવે કે, "હક્સલી અગર ટિન્ડૉલ આમ આમ કહે છે" તો તેના તે લોકો ચટ લઇને "જી હજી" કરવા મંડી જાય છે અને કહેવા લાગે છે કે, "હા, ભાઇ! ત્યારે તો સાચુંજ હશે." એમ કહીને એ વાતનો તરત સ્વીકાર પણ કરી લે છે—અર્થાત્ વર્તમાન વિજ્ઞાનયુગે પ્રાચીન વહેમો અને કુસંસ્કારોને ઠેકાણે અર્વાચીન વહેમો અને કુસંસ્કારો આણ્યા છે અને પ્રાચીન ધાર્મિક ×પોપોને ઠેકાણે અર્વાચીન વૈજ્ઞાનિક પોપોની પ્રતિષ્ઠા કરાવી છે. આ ઉપરથી આપણને માલૂમ પડે છે કે, સ્મરણશક્તિના મુદ્દા પરનો વાંધો બિલકુલ દમ વગરનો છે. પુનર્જન્મના સિદ્ધાંતની સામે જો કોઇ પણ ગંભીર

× ખ્રિસ્તી રોમન કેથોલિક પંથના સૌથી વડા ધર્મગુરુને પોપ કહે છે.

વાંધો હોય તો તે આ એકજ છે અને તેની પોકળતા મેં ઉપર સાબિત કરી દેખાડી છે. પુનર્જન્મના સિદ્ધાંત માટે પૂર્વજન્મની વાતો યાદ હોવીજ જોઇએ એવું જરૂરી નથી, એમ જો કે મેં સિદ્ધ કરી બતાવ્યું છે, તથાપિ એની સાથે હું તમને એમ પણ જણાવી શકું છું કે, એવા પણ કેટલાક દાખલા બને છે કે જેમાં, પૂર્વજન્મની બધી સ્મૃતિઓ કાયમ હોય છે અને જે જન્મમાં આપણે મુકતાવસ્થાને પ્રાપ્ત થનાર હોઈશું, તે જન્મમાં આપણ પ્રત્યેકને પણ એવી યાદદાસ્ત હશે. ત્યારેજ–તેજ વખતે તમને વસ્તુતઃ માલૂમ પડશે કે, આ જગત કેવળ સ્વપ્ન છે; ત્યારેજ તમને પોતાના અંતરાત્મામાં સાક્ષાત્કાર કિંવા સ્વાનુભવ થશે કે, આ દુનિયા માત્ર રંગભૂમિ છે અને તમે એ રંગભૂમિ પર જુદાજુદા પાઠ ભજવનારા નટોમાત્ર છો; ત્યારેજ અનાસક્તિ અથવા વિરક્તિનો વિચાર મેઘગર્જના સરખા બુલંદ અવાજે તમારી સમક્ષ ઉપસ્થિત થશે; ત્યારેજ તમારી સઘળી ભોગતૃષ્ણા અને જિંદગી તથા સંસારને વળગી રહેવાની વૃત્તિ સદાને માટે લુપ્ત થશે અને ત્યારેજ તમે દિવસના પ્રકાશની માફક સ્પષ્ટ જોઇ શકશો કે, કેટલી બધી વાર આ બધું તમારી બાબતમાં હયાતીમાં આવ્યું હતું અને કેટલી અસંખ્ય વાર તમારે પિતા અને માતા, પુત્રો અને પુત્રીઓ, પતિઓ અને પત્નીઓ, સગાં અને મિત્રો તથા દોલત અને સત્તા હતાં. આ બધું કેટલીયે વાર આવ્યું ને ગયું; કેટલીયે વાર તમે આ સંસારતરંગની ઊંચામાં ઊંચી ટોચ ઉપર ઝૂલતાં હતાં અને કેટલીયે વાર નિરાશાના છેક ઊંડા ખાડામાં દટાયાં હતાં; આ બધી વાત તમારી સ્મરણશક્તિ તમને મુક્તાવસ્થા પ્રાપ્ત થનારા જન્મમાં જ્યારે કહેશે, ત્યારેજ તમે સાચા ધીરવીરની માફક ખડા રહી, સંસારના ક્રોધકટાક્ષની સામે હસશો; ત્યારેજ તમે નીડરપણે ઊભા રહીને

કહેશે કે, "એ મૃત્યુ! હું તારી લેશ પણ પરવા કરતો નથી, તારામાં મને બિવડાવવાની તાકાતજ ક્યાં છે?" આ સ્થિતિ મોડીવહેલી બધાંનેજ પ્રાપ્ત થશે.

હવે કોઈ પૂછે કે, પુનર્જન્મના સિદ્ધાંત માટે કોઇ સયુક્તિક પ્રમાણો છે ખરાં? અત્યાર સુધી તો તમે તે સિદ્ધાંત વિરુદ્ધની શંકાઓના રદિયા આપ્યા છે અને સાબિત કરી દેખાડયું છે કે, એ સિદ્ધાંતનું ખંડન કરવા ઇચ્છનાર સામા પક્ષની દલીલો દમ વગરની છે; પણ પુનર્જન્મનું પ્રતિપાદન કરનારાં પ્રત્યક્ષ પ્રમાણો કાંઇ છે? આના જવાબમાં હું જણાવીશ કે, "હા, છે અને તે પણ અત્યંત પ્રબળ." મનુષ્ય મનુષ્ય વચ્ચે જ્ઞાન સંપાદન કરવાની શક્તિમાં જે વિશાળ અંતર રહેલું છે, તેનું કારણ પુનર્જન્મજ છે. પુનર્જન્મના સિદ્ધાંત વગર અન્ય કશાથી એ અંતરનું સમાધાન થઇ શકતું નથી અર્થાત્ કે પુનર્જન્મવાદ વગર જ્ઞાનવિકાસનો ક્રમ અસંભવિત છે. પ્રથમ, આપણે જે પદ્ધતિએ જ્ઞાન સંપાદન કરાય છે તે પદ્ધતિનો વિચાર કરીએ. ધારો કે, હું એક ફળિયામાં જાઉં છું અને ત્યાં એક કૂતરૂં જોઉં છું. આ પ્રાણી કૂતરૂંજ છે એમ હું શાથી જાણી શકું છું? તો કે હું મારા મનની સલાહ લઉં છું; મારા મનની અંદર મારા બધાજ પૂર્વસંસ્કારો વર્ગ પ્રમાણે જુદાંજુદાં ખાનાંઓમાં ગોઠવાયલા હોય છે. મારી દૃષ્ટિ પર કોઈ નવી છાપ પડતાંજ હું તે ગ્રહણ કરી મારા પૂર્વસંસ્કારોના વર્ગો સાથે મેળવી જોવા માંડું છું અને કોઈ પણ વર્ગની સાથે તેનો મેળ ખાતાંજ હું તે નવી છાપને તે વર્ગના ખાનામાં મૂકી દઉં છું ને સંતોષ પામું છું; તેથી મને મળેલું પ્રાણી કૂતરૂંજ છે, એમ સમજી જવાનું કારણ એજ છે કે, મારા કેટલાક પૂર્વસંસ્કારોની સાથે તેનો સંપૂર્ણ મેળ ખાય છે. એકાદી નૂતન વસ્તુની તોલે આવે એવો કોઇ સંસ્કાર જ્યારે મનનાં ખાનાં-

એમાં આપણને નથી જડતો, ત્યારે મનને જે અસંતોષ થાય છે, તે અસંતોષની સ્થિતિનેજ અજ્ઞાન કહે છે; પણ મનની અંદર તુલ્ય વસ્તુની પ્રાપ્તિ થતાં મનને જે સંતોષ થાય છે તેને જ્ઞાન કહેવામાં આવે છે. પહેલાં કોઇ એક ફળ વૃક્ષ પરથી નીચે પડતું જોવામાં આવતું, ત્યારે તે કયા કારણથી પડે છે તે ન સમજાતાં માણસને અસંતોષ થતો હતો; પણ બધાંજ ફળોને એ પ્રમાણે પડતાં જોતાં જોતાં ક્રમે ક્રમે એ પતનનો વર્ગ પણ તેમના મનમાં બંધાઇ ગયો અને પરિણામે પતનનું કારણ 'ગુરુત્વાકર્ષણ' છે, એમ કહી ન્યુટને ગુરુત્વાકર્ષણનો નિયમ સ્થાપિત કર્યો. ત્યારે આ ઉપરથી આપણે જોઇએ છીએ કે, પૂર્વસંસ્કારના ભંડોળ વિના કોઇ પણ નવીન અનુભવનું જ્ઞાન થવું અસંભવિત છે. કારણકે એ નવા અનુભવને સરખાવી જોવાનું સાધન હાજર નથી. તેથી જેમ કેટલાક યુરોપિયન તત્ત્વચિંતકો માને છે તેમ, બાળક અવતરતી વખતે કેવળ સંસ્કારશૂન્યમગજ સાથે જો આવતું હોય, તો તો આખા જીવનમાં જ્ઞાનનો અલ્પાંશ પણ તેનાથી સંપાદન ન થઈ શકે, કેમકે એની પાસે પોતાને મળતા નવા અનુભવોને સરખાવી જોવાનાં સાધનરૂપ પૂર્વસંસ્કારોના ભંડોળની થાપણ નથી. પ્રત્યેક મનુષ્યમાં જ્ઞાનસંપાદનની શક્તિ એક સરખી ન હોઇ, ઓછીવત્તી હોય છે, એ તો આપણા અનુભવની વાત છે અને એજ વાત સિદ્ધ કરી આપે છે કે, પ્રત્યેક જણ પોતપોતાનો ઇલાયદો જ્ઞાનભંડોળ લઇને જન્મ્યો છે. જ્ઞાન એકજ રીતે સંપાદન થઇ શકે છે અને તે અનુભવથી. અનુભવ સિવાય જાણવાનો યાને જ્ઞાન મેળવવાનો અન્ય કોઇ માર્ગજ નથી. આ જિંદગીમાં આપણને એક વાતનો અનુભવ ન થયો હોય, તો અન્ય જિંદગીઓમાં પણ તે અવશ્ય થયો હોવો જોઇએ. મૃત્યુનો ડર સર્વ પ્રાણીસૃષ્ટિમાં એક સરખો જોવામાં આવે છે તેનું

કારણ શું? એજ કે, ભૂત જિંદગીઓનો અનુભવ. મરઘીનું બચ્ચું ઈંડામાંથી તરતનું જન્મેલું હોય, તો પણ તેને ઝડપવા સમડી કે બાજ આવતાં દેખાય કે તરતજ તે ચિચિયારી પાડતું માતાની સોડમાં ભરાઈ જવાનો પ્રયત્ન કરતું જણાય છે. આ તરતના જન્મેલા બચ્ચાને કોણે શિખવાડયું કે પોતે સમડી કે બાજની ભક્ષ્ય વસ્તુ છે? આ સવાલનો એક પ્રાચીન ખુલાસો છે, પણ એને 'ખુલાસા' જેવું ભારેખમ નામ આપી શકાય કે કેમ એની મને શંકા છે. એ ખુલાસો એવો છે કે, "આંતરપ્રેરણાથી અથવા સ્વાભાવિક સંસ્કારથી તેને એ વાતની ખબર પડી જાય છે." પણ એ તરતના જન્મેલાને જે મરણની ભીતિ લાગી તે કયાંથી આવી? એવીજ રીતે બતકના ઈંડામાંથી બચ્ચું નીકળતાં બરાબર પાણીની સમીપ જઈ તેમાં ઝંપલાવે છે અને તરવા માંડે છે, તેનું કેમ? આ પહેલાં તો તે કદાપિ તર્યું હોતું નથી અગર તો અન્ય કોઈને કદાપિ તરતાં દીઠાં હોતાં નથી. આના જવાબમાં પણ લોકો કહે છે કે, "એ તો એને એવી પ્રેરણા થાય છે." ઠીક, "આંતરપ્રેરણા" એ શબ્દ તો ખાસો મોટો ને લાંબોચોડો છે, પણ એ શબ્દથી આપણા આ વિષયના જ્ઞાનમાં કંઈજ વધારો થતો નથી; એમાં તો આપણે જયાં છીએ ત્યાંના ત્યાંજ રહીએ છીએ. જુઓ, આ "આંતરપ્રેરણા" એ શી વસ્તુ છે, તેની આપણે આલોચના કરીએ, એટલે એ વાતની તમને ખાતરી થશે. આપણી પોતાની અંદર સેંકડો જાતની આંતરપ્રેરણા રહેલી જણાય છે. ધારો કે, એક જણ પિયાનો કે હાર્મોનિયમ વગાડવાનું શીખવા માંડે છે. એ શીખી જવા માટે પહેલાં તો એને વાજાના પ્રત્યેક પડદા લક્ષમાં રાખીને તેના ઉપર ધીમે ધીમે આંગળીઓ ફેરવવી પડે છે; પણ પછી થોડા મહિના કે વર્ષો રહીને આપણે જોઈશું, તો મહાવરો પડી જવાથી એની આંગળીઓ ચપચપ અંધારામાં પણ યોગ્ય

પડદા પરજ ફરતી હશે. બીજા શબ્દોમાં કહીએ તો વાજું વગાડવાની ક્રિયા, એનો હવે ઐચ્છિક વિષય મટી સ્વાભાવિક થઇ જાય છે. એક વખતે એજ ક્રિયા કરવા માટે એને જ્ઞાનયુક્ત ઇચ્છાનો પ્રયોગ કરવો પડતો હતો; પણ હવે ઇચ્છાના પ્રયત્નની જરૂરજ રહેતી નથી. વાજું વગાડવાનું જ્ઞાન એને સ્વાભાવિક બની ગયું હોય છે. પરંતુ હજી સ્વાભાવિક જ્ઞાન કિંવા આંતરપ્રેરણાને લગતી બધી વાત પૂરી થઇ નથી. હજી તો અધીં બાકી છે અને તે એ કે, આ આંતરપ્રેરણાઓને આપણા કાબૂમાં લાવી શકાય છે. અત્યારે જે ક્રિયા આપણે સ્વાભાવિક જ્ઞાન અને આંતરપ્રેરણાથી કરીએ છીએ તેજ ક્રિયા ઇચ્છાને વશ વર્તી પણ બનાવી શકાય છે; એટલે સુધી કે શરીરના પ્રત્યેક સ્નાયુને આપણી ઇચ્છાને આધીન બનાવી શકાય છે યાને તેના સ્વાભાવિક કાર્ય ઉપરાંત બીજા કાર્યમાં તેનો ઉપયોગ કરી શકાય છે. એ વાત તો આજકાલ સર્વસાધારણજનોને પણ જ્ઞાત છે. આ રીતે આપણે બેવડી રીતે-યાને ઇચ્છાયુક્ત અભ્યાસથી સ્વાભાવિક જ્ઞાન કિંવા આંતરપ્રેરણા પ્રાપ્ત કરી શકીએ છીએ અને આંતરપ્રેરણાને ઇચ્છાને વશ વર્તાવી શકીએ છીએ. બંને રીતે આપણે સ્પષ્ટ કરી બતાવ્યું કે, જેને લોકો 'આંતરપ્રેરણા'ના મોટા નામથી ઓળખાવે છે, તે ઇચ્છાકૃત કિંવા ઐચ્છિક કાર્યના અવનત ભાવ સિવાય બીજું કંઇજ નથી. તેથી "પ્રકૃતિમાં સર્વત્ર એકસરખો નિયમ પ્રવર્તે છે" એ સિદ્ધાંતને આધારે સૃષ્ટિમાંના પ્રત્યેક પ્રાણીની બાબતમાં આવોજ પ્રકાર હોવો જોઇએ, એવું અનુમાન આપણે સહેજે દોરી શકીએ અને સ્થાપિત કરી શકીએ કે, નિકૃષ્ટ પ્રાણીઓની અંદર તેમજ મનુષ્યની અંદર આંતરપ્રેરણા જેવું જે જણાય છે, તે ઇચ્છાના અવનત ભાવમાત્ર છે.

સ્થૂળબ્રહ્માંડના વિષયમાં આપણે એવો સિદ્ધાંત સ્થાપિત કરી ચૂક્યા છીએ કે, પ્રત્યેક ક્રમસંકોચની પૂર્વે ક્રમવિકાસ અને પ્રત્યેક

ક્રમવિકાસની પૂર્વે એક ક્રમસંકોચ અવશ્ય હોય છે. એજ સિદ્ધાંત આપણે અહીંયાં લાગુ પાડી જોઇએ તો ઝટ માલૂમ પડી આવે છે કે, પ્રેરણા એટલે બુદ્ધિ કિંવા વિચારપૂર્વક કરેલ કાર્યનો ક્રમસંકોચ ભાવમાત્ર છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, મનુષ્યમાં કિંવા પશુમાં આપણને પ્રેરણા જેવું જે મળી આવે છે, તે પ્રેરણા અવશ્ય તેના પૂર્વગામી ઇચ્છાકૃત કાર્યોનો ક્રમસંકોચભાવમાત્ર છે અને ઇચ્છાકૃત કાર્યો અનુભવ વિના અસંભવિત છે; માટે ઇચ્છાકૃત કાર્યોની વાત સ્વીકારતાંજ આપણે તે કાર્યો પૂર્વે કરેલાં છે, એમ સ્વીકાર્યા વગર છૂટકો નથી. પૂર્વકૃત કાર્યોના અનુભવને લીધે તે તે કાર્યોનાં જ્ઞાનના સંસ્કાર જન્મે છે અને તે સંસ્કાર ચાલ્યા આવે છે. તે મુજબ મરઘીના બચ્ચાનો મૃત્યુભય અથવા બતકના બચ્ચાનું એકદમ જળમાં ઝંપલાવી તરવા માંડવું, તેમજ મનુષ્યની અંદર જે જે કંઇ અનિચ્છાપૂર્વક થતાં સ્વાભાવિક કાર્યો જણાય છે, તે તે બધાંજ પૂર્વકાર્યોનાં અને પૂર્વઅનુભવોનાં ફળરૂપ હોઇ, અત્યારે સ્વાભાવિક જ્ઞાન કે આંતરપ્રેરણારૂપે પ્રાપ્ત થયેલ હોય છે. અહીં સુધી તો આપણે આજના વિષયમાં ઠીક પ્રગતિ કરી છે અને અત્યાર લગી તો આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર પણ આપણી પડખે ઊભું રહ્યું છે. આધુનિક વૈજ્ઞાનિકો ક્રમેક્રમે પ્રાચીન ઋષિઓની સાથે એકમત થતા ગયા છે અને જ્યાંસુધી તેમનો પ્રાચીન ઋષિઓ સાથે મેળ ખાય છે, ત્યાંસુધી તો ખાસ કંઈ મુશ્કેલી નડતી નથી. પરંતુ જ્યાં આગળ તેઓ હજી સહમત થયા નથી, ત્યાં આગળ ખરી મુશ્કેલી ઊભી થાય છે. વૈજ્ઞાનિકો હવે એ તો કબૂલ કરતા થયા છે કે, પ્રત્યેક માણસ તેમ પ્રત્યેક જીવજંતુ કેટલાક અનુભવોનો સંચય પોતાની સાથે લઈને જન્મે છે, એટલુંજ નહિ પણ એથી આગળ તેઓ એમ પણ કબૂલ કરે છે કે, મનનાં બધાં કાર્યો પૂર્વના અનુભવોના ફળરૂપ છે; પણ આની

સાથેજ તેઓ શંકા ઉઠાવે છે કે, આ પૂર્વઅનુભવો આત્માનાજ છે, એમ માનવાને આપણી પાસે શું કારણ છે? શા માટે એમ ન કહીએ કે, એ બધા પૂર્વઅનુભવો માત્ર શરીરનાજ છે? વળી એમ પણ કેમ ન કહીએ કે, એ અનુભવો વંશપરંપરાગત ઊતરતા આવેલા છે? છેલ્લો અને ગંભીર પ્રશ્ન એજ છે કે, જે જે સંસ્કારો લઇને આપણે જન્મ્યા છીએ, તે બધા સંસ્કારો આપણા પૂર્વજોના સંચિત સંસ્કારોના ફળસ્વરૂપ છે, એવું કેમ ન માનવું? સૂક્ષ્મ જીવાણુથી માંડીને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મનુષ્ય સુધીના પૂર્વસંસ્કારો મારામાં ઊતરી આવ્યા છે, પણ તે ઉત્તરોત્તર દેહ મારફતે અને નહિ કે આત્મા મારફતે. આ પ્રશ્ન—આ શંકા છે તો સુંદર અને 'વંશપરંપરાગત સંચારના' કિંવા વારસાના વાદના કેટલાક ભાગની સાથે અમે સંમત પણ થઇએ છીએ; પરંતુ તે એટલાજ પૂરતા કે આત્માને યોગ્ય નવીન દેહને માટે જે પદાર્થની જરૂર છે, તે પદાર્થ વંશપરંપરાગત દેહ મારફત પ્રાપ્ત થાય છે; એથી આગળ નહિ. આપણાં પૂર્વકર્માનુસાર આપણને અમુક દેહમાં અમુક જન્મ પ્રાપ્ત થાય છે અને તે દેહને માટે આવશ્યક યથાયોગ્ય તત્ત્વજ આપણને માબાપ તરફથી વારસામાં મળે છે. માબાપોએ આપણા જીવાત્માને તેમનાં સંતાન તરીકે પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવેલી હોય છે.

આ 'વંશપરંપરાગત-સંચાર' કિંવા વારસાનો વાદ, કોઇ જાતનાં પ્રમાણ આપ્યા વિના એમ ને એમજ સ્વીકારી લે છે કે, માનસિક સંસ્કારોની છાપ જડ પદાર્થ પર પડી શકે છે—યાને માનસિક સંસ્કારો ક્રમસંકુચિત બનીને જડરૂપમાં રહી શકે છે. કેટલું અસંગત! તમારા પર મારી દૃષ્ટિ ઠરતાં, મારા માનસસરોવરમાં—કિંવા મનરૂપી સરોવરમાં એક તરંગ ઊઠે છે. તે તરંગ થોડી વાર રહીને શમી જાય છે, પણ એક છાપ તરીકે સૂક્ષ્મરૂપમાં

તે મારા મનમાં હમેશાને માટે રહી જાય છે. ભૌતિક ઘટનાની યાને વાગવાકરવાની છાપ આપણા શરીર ઉપર રહે તે વાત સમજી શકાય તેવી છે, પણ માનસિક સંસ્કારોની છાપ પણ શરીરમાં રહી શકે છે, એમ માની લેવાની શી સાબિતી છે? શરીર પર તેની છાપ રહેવાની શકયતાજ કયાં છે? શરીર તો મૃત્યુ બાદ પંચત્વમાં ભળી જાય છે. વળી એ માનસિક સંસ્કારોને શરીરમાં કોણ લઇ જાય છે? ઘડીભર આપણે એમ માની લઇએ કે, શરીરની અંદર પ્રત્યેક માનસિક સંસ્કારની છાપ રહી શકે છે અને સૌથી આરંભના માણસથી તે છેક મારા પિતા સુધીના બધાજ પૂર્વજોના સંસ્કારો મારા પિતાના દેહમાં હતા અને પિતાના દેહમાંથી તેઓ મારા દેહમાં વારસારૂપે ઊતરી આવ્યા છે; પણ અહીં આગળ સવાલ આવીને ઊભોજ રહે છે કે, "એ સંસ્કારોનો મારી અંદર સંચાર શી રીતે થયો?" આના ઉત્તરમાં કોઈ કહેશે કે, "જીવાણુકોષ મારફત તેનો સંચાર તમારામાં થયો છે." પણ એમ શી રીતે બને વારૂ? કારણકે પિતાનું આખું શરીર જેમનું તેમ બાળકને વારસામાં મળતું નથી, એ તો આપણે જમાનાઓ થયાં જોતા આવ્યા છીએ. વળી એકજ માબાપને એક કરતાં વધારે બાળક હોય એ કેવળ સંભવિત છે. તો પછી આ 'વંશપરંપરાગત-સંચાર'ના વાદનો સ્વીકાર કર્યાથી તો એમજ માની લેવું પડે કે, પ્રત્યેક બાળકના જન્મની સાથે માબાપોને પોતાના નિજ સંસ્કારોનો કિંચિત્ ભાગ પણ ગુમાવવો પડે છે; અને જો એમજ માનવાનું હોય કે માબાપ પોતાના સકળ સંસ્કારોનો બાળકમાં સંચાર કરે છે, તો તો પહેલા બાળકના જન્મ સાથેજ માબાપનાં મન સાવ સંસ્કારશૂન્ય બની જવાં જોઇએ; કેમકે સંચારક અને સંચાર્ય પદાર્થો એક કહેતાં ભૌતિક છે.

વળી જીવાણુની અંદર ચિરકાળના અનંત સંસ્કારોનું ભંડોળ

રહી શકે છે એમ માની લઇએ, તો સવાલ એ ઊઠે છે કે, જીવાણુની અંદર તે ક્યાંથી અને કેવી રીતે આવ્યું ? આ ‘જીવાણુ-સંચાર’નો વાદ તો બિલકુલ પાંગળો છે; એટલો પાંગળો કે જ્યાંસુધી ભૌતિક કિંવા જડવાદીઓ એમ સિદ્ધ ન કરી દેખાડે કે, એ સંસ્કારો અમુક રીતે અમુક ઠેકાણેથી જીવાણુકોષમાં આવે છે ને રહે છે તથા ‘માનસિક સંસ્કારો કિંવા મનોવૃત્તિ ભૌતિક કોષમાં નિદ્રિત અવસ્થામાં છે’—એ વાક્યનો અર્થ આમ આમ છે, એમ ખુલાસો ન કરે, ત્યાંસુધી તેમનો ‘જીવાણુસંચાર’નો વાદ સ્વીકારાય તેમ નથી.

ત્યારે અત્યાર સુધીની આપણી આગળની બધી દલીલોના ખંડનમંડન પરથી એટલું તો સ્પષ્ટ સમજાઈજ ગયું હશે કે, આ પૂર્વસંસ્કારોનું નિવાસસ્થાન મન છે અને મનજ વસ્તુતઃ જન્મ-જન્માંતર ગ્રહણ કરીને આવે છે. દેહ પણ જીવાત્મા પોતેજ પસંદ કરી લે છે. જે અમુક પ્રકારનો દેહવિશેષ ધારણ કરવાને યોગ્ય પોતે કાર્ય કર્યાં હોય છે, તેવા દેહના નિર્માણ માટે ઉપયોગી પાત્રોની પ્રાપ્તિ તેને નથી થતી ત્યાંસુધી તેને રાહ જોવી પડે છે, એ વાત પણ સમજી શકાય તેવી છે. ત્યારે નવીન દેહના સંગઠનને ઉપયોગી દ્રવ્ય તૈયાર કરી આપવા સુધીનો ‘વંશ-પરંપરાગત-સંચાર’વાદ અમે સ્વીકારીએ છીએ—અર્થાત્ દેહ-તત્ત્વ આપણને વારસામાં મળે છે ને પૂર્વના સંસ્કારયુક્ત મન જીવાત્માનું પોતાનું હોય છે. જીવાત્મા પોતાનાં ઘર બદલ્યાજ કરે છે, એક પછી એક નવાં નવાં શરીર બનાવ્યે જાય છે અને તે દેહમાં રહીને કરેલા એકેએક કાર્ય અને એકેએક વિચારની છાપોનો સૂક્ષ્મરૂપે તેમાં સંચય થઇ રહે છે. એ સંચયમાંથીજ જ્યારે જ્યારે જરૂર પડે છે, ત્યારે ત્યારે પૂર્વ—સંસ્કારની છાપ બહાર નીકળી આવી નવા રૂપે વ્યક્ત થાય છે. મારો મુદ્દો હજી પણ વધારે

સ્પષ્ટ રીતે તમને સમજાવીશ. જુઓ, તમને હું જ્યારે જોઉં છું ત્યારે મારા મનમાં એક તરંગ ઊઠે છે. એ તરંગ ચિત્તની અંદર જાણે ડૂબી જાય છે. ત્યાં તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ બની જાય છે, પણ છેક મરી જતો નથી. તેથી એ સૂક્ષ્મ તરંગ ફરીને જ્યારે કામ પડે, ત્યારે પાછો મોટા તરંગરૂપે ઊછળી આવવા સદા તૈયાર હોય છે. આ મોટો તરંગ તેજ સ્મૃતિ. આજ પ્રમાણે આ બધા સંસ્કારોનો સંચય મારા મનમાં રહેલો છે અને જ્યારે હું મરી જઇશ ત્યારે તે બધાજ સંસ્કારોનું ફળ મારી સંગે આવશે. વળી ધારો કે, આ ઘરમાં એક દડો છે, તેને આપણે બધાંજ ચોગરદમથી ઉપરાછાપરી લાકડીના સપાટા મારીએ છીએ. પરિણામે દડો ઓરડાની અંદર ઘડીકમાં એક છેડે ને ઘડીકમાં બીજે છેડે એમ દોડાદોડી કરી મૂકે છે, પણ બારણા પાસે જવાનું થતાંજ તે સરરર કરતો બહાર નીકળી જાય છે. જતી વખતે પોતાની સાથે એ શું લઇ ગયો? અને કયી શક્તિના પ્રભાવે એ બહાર ગયો વારૂ? તેજ કે બધા ફટકાનું ફળ તે પોતાની સાથે લઇ ગયો અને ફટકાના ફળના પ્રભાવેજ તેનું બહાર જવાનું થયું. આબેહૂબ તેજ મુજબ જીવાત્મા દેહ છોડી જતી વખતે એ દેહમાં રહીને આચરેલાં સકળ કાર્યો અને વિચારેલા સકળ વિચારોનું ફળ પોતાની સાથે લેતો જાય છે. એ ફળ જો એવું હોય કે, હજી વધારે અનુભવ મેળવવા કાજે એને નવો દેહ નિર્માણ કરી લેવાની અગત્ય હોય, તો તે એવા માબાપ પાસે જાય છે કે, જેઓ તેને પોતાને જરૂરી દેહની સામગ્રી પૂરી પાડવાને લાયક હોય. આ રીતે એક પછી એક દેહ પસંદ કરી તે દેહાંતર કર્યા કરે છે. કોઇ વાર સ્વર્ગમાં જાય છે, તો કોઇ વાર વળી ફરી પાછો પૃથ્વી પર મનુષ્યદેહમાં કે તિર્યગ્–જંતુદેહમાં પણ અવતરે છે. આ રીતે જ્યાંસુધી એને લેવો જોઇતો અનુભવ

પૂરેપૂરો નહિ મળે અને એનો ફેરો પૂરો નહિ થાય, ત્યાંસુધી દેહાંતર ચાલ્યાજ.કરશે. ફેરો પૂરો થવા આવતાંજ તેને પોતાના પ્રકૃત સ્વભાવની અને પોતે વસ્તુતઃ શી વસ્તુ છે તેની ખબર પડી જાય છે; અજ્ઞાન બધું ઊડી જાય છે; તેની બધી નૈસર્ગિક શક્તિઓ પ્રકાશે છે અને તે સંપૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. પછી તે જીવાત્માને સ્થૂળ અથવા ભૌતિક તેમજ સૂક્ષ્મ અથવા માનસિક દેહોમાં રહીને કામ કરવાની અગત્ય રહેતી નથી. તે પોતાના સ્વપ્રકાશમાં પ્રકાશે છે અને મુક્ત બને છે-એટલે કે ફરી તેને જન્મવાનું કે મરવાનું રહેતું નથી.

આની વિશેષ વિગતોમાં આપણે અત્યારે નહિ ઊતરીએ, પણ આ પુનર્જન્મના સિદ્ધાંત સંબંધમાં એક વધુ મુદ્દો આ છે કે, આ પુનર્જન્મવાદજ એક એવો સિદ્ધાંત છે કે, જે જીવાત્માની સ્વાધીનતાની અથવા મુક્ત સ્વભાવની ઘોષણા કરે છે. એજ સિદ્ધાંત એક એવો છે કે, જે આપણી નિર્બળતાઓનો દોષ બીજાઓ ઉપર ઢોળી દેતો નથી; બાકી પોતાનો દોષ બીજા કશા પર ઢોળી દેવો, એ તો મનુષ્યની સાધારણ દુર્બળતા થઈ પડી છે. પારકાના રાઇના દાણા જેટલા દોષ ઝટ દેતા આપણી નજરે ચઢે છે, પણ આપણા પહાડ જેવડા દોષ પણ આપણી નજરે ચઢતા નથી; કારણકે આંખો પોતાને જોઈ શકતી નથી, પણ પારકી આંખોને નિહાળી શકે છે. આપણી પોતાની દુર્બળતાઓ અને પોતાના દોષો સ્વીકારવામાં આપણે મનુષ્યો બહુજ મંદ ગતિવાળાં છીએ. જ્યાંસુધી પારકાંને શિર તે ઢોળી દેવાનું બની આવે, ત્યાંસુધી તો ભાગ્યેજ તેની જવાબદારી આપણે પોતાને શિર લઇએ છીએ. સાધારણ રીતે મનુષ્યો પોતાની જિંદગીના બધા દોષોનો ભાર પારકાં મનુષ્યો પર અને તેમ કરવાનું અશક્ય હોય તો ઇશ્વરપર કે કંઇ નહિ તો પછી પોતે કલ્પી લીધેલા ભાગ્યરૂપી ભૂત ઉપર ઢોળી દે છે,

અને કહે છે કે, "શું કરીએ, ભાઈ! જેવું અમારૂં નસીબ!" પણ આ નસીબ શી વસ્તુ છે અને ક્યાં છે તે કોઇ મને કહી શકશે? આપણે જેવું વાવીએ છીએ તેવું લણીએ છીએ. આપણા ભાગ્યના સૃષ્ટા આપણે પોતેજ છીએ; માટે આપણાં કાર્યોનો દોષ કિંવા યશ અન્ય કોઇનો ન હોઇ આપણો પોતાનોજ છે. પવન વાતો હોય છે, ત્યારે જે વહાણના સઢ ઉકેલાયા હોય છે, તે સઢોમાં તે ભરાય છે અને પરિણામે તે વહાણો પવનથી ઘસડાઇને પોતાનો પંથ કાપવા માંડે છે; પણ જેમના સઢ લપેટાયલા હોય છે તે વહાણો પવન વાવા છતાં પણ તેની મદદ નથી પામી શકતાં, અને તેમનો પંથ નથી કપાતો. એમાં દોષ શું પવનનો કહેવાય? અલબત નહિજ. તેજ પ્રમાણે પ્રભુની કૃપારૂપી પવન રાતદિવસ છૂટથી અખંડ વાતો હોવા છતાં, આપણામાંનાં કેટલાંક સુખી છે ને કેટલાંક અસુખી છે, તેનો દોષ શું દયાનિધાન પ્રભુને માથે હોઈ શકે? પ્રભુની દયા તો સદાસર્વદા ભરપૂર છે, તેમાં કદી ઓછપ આવતી નથી. માટે આપણું ભાગ્ય આપણે પોતેજ નિર્માણ કરી લઇએ છીએ. પ્રભુનો બનાવેલો સૂર્ય દુર્બળ કે સબળ બધાંને માટે એકસરખો પ્રકાશે છે. તેનો પ્રેરેલો પવન સાધુ કે અસાધુ, પુણ્યવાન કે પાપી—બધાંને માટે સમાનભાવે વહે છે. પ્રભુ બધાંનો માલિક, બધાંનો પરમ પિતા, દયામય અને સમદર્શી છે. તમારૂં શું એમ માનવું છે કે, આપણા જીવનની ઝીણીઝીણી બાબતો આપણે જે દૃષ્ટિથી જોઇએ છીએ, તેવીજ દૃષ્ટિથી એ બ્રહ્માંડાધીશ ભગવાન જોઈ રહ્યો છે? અતુલ્ય મહિમામય ભગવાનના સંબંધમાં આ કેવી ક્ષુદ્ર ધારણા! આ સંસારમાં આપણે કુરકુરિયાંની માફક વિવિધ બાબતોમાં પરસ્પર લડી પડીએ છીએ અને પ્રાણ જતા સુધી મમતની દોરી ઢીલી મૂકતાં નથી; અને મનમાં મૂઢની માફક માની લઇએ છીએ કે, પ્રભુ પોતે પણ આપણી વાત સાચી છે,

એમ નોંધી લેશે. પણ ઇશ્વર એવું કંઈજ કરતો નથી. એ તો આપણી બધી લડાલડી ને મારામારી તથા મમત અને આગ્રહને કુરકુરિયાંના ખેલ જેવાં સમજે છે. પ્રભુને દંડ દેનાર અગર ફળ આપનાર તરીકે કલ્પીને આપણાં કાર્યોના દોષનો ટોપલો એના માથા પર મૂકવાના આપણા સઘળા પ્રયાસો તદ્દન મૂર્ખાઇભર્યા છે. તે કોઇનેજ દંડ દેતો નથી કે કોઇને પણ ઇનામઅકરામ આપતો નથી. એની અગાધ દયાનો ખજાનો સૌને માટે, જ્યારે ને જ્યાં પણ જોઇએ ત્યારે ને ત્યાં અને સર્વ સ્થિતિસંજોગોમાં ઉઘાડો છે. એમાં કદાપિ ઊણપ આવતી નથી, કે કોઇના આગળ એ કદી અવળું મોં કરતો નથી. એ અતુલ્ય ખજાનાનો આપણે કેવી રીતે ઉપયોગ કરવો તેનો આધાર આપણી પોતાની ઉપર રહેલો છે. તેથી તમારાં સુખદુઃખ માટે પારકાં માણસને, પરમેશ્વરને કે સંસારની કોઈવ્યકિત અગર વસ્તુને દોષ ન આપો. તમે દુઃખી છો એમ જણાતાં તમારી જાતનેજ તે માટે દોષિત ઠરાવો અને વધારે સારી રીતે વર્તો.

આપણી આગળના આખા કોયડાનો એકમાત્ર આજ ઉકેલ છે. જે લોકો પોતાનાં દુઃખ-કલેશ માટે પારકાંની ઉપર દોષારોપણ કરે છે-અને કહેતાં કષ્ટ થાય છે કે, એમ કરનારાંની સંખ્યા દહાડો ઊગતાં વધતી જાય છે-તેઓ સાધારણ રીતે કમભાગ્ય અને દુર્બળ ભેજાંવાળાં હોય છે. પોતાનાજ કર્મદોષને લીધે તેઓ દુર્દશામાં આવી પડેલાં હોય છે, છતાં તેનો દોષ તેઓ પારકા ઉપર ઢોળે છે, પણ તેમ કરવાથી તેમની સ્થિતિમાં કશોજ ફરક પડતો નથી.એમ કરવાથી તેમને લાભ તો મુદ્દલે થતો નથી, પણ ઊલટું તેમના એવા ખોટા પ્રયત્નથી તેમનાં મસ્તિષ્ક વધારે દૂબળાં બને છે. તેથી તમારા પોતાના દોષો માટે કોઇનેજ દોષિત ન ઠરાવતાં, પોતાનાજ પગ પર ઉભા રહીને સઘળી જવાબદારી

તમે પોતેજ મોકળે મને સ્વીકારી લો; અને મુક્તકંઠે કહો કે "અત્યારે હું જે કષ્ટ ભોગવું છું તે મારાં પોતાનાંજ કર્મનું ફળ છે, અને તેથી એમજ નક્કી ઠરે છે કે, આ સ્થિતિ પણ મારાથીજ સુધરી શકશે." જે સૃષ્ટિ મારે હાથે નિર્માણ થઇ હશે, તેનોજ નાશ મારે હાથે થઇ શકશે; બીજાએ નિર્માણ કરેલી સૃષ્ટિનો મારાથી નાશ કરી શકાવાનો નથી. આમ છે માટે ઊઠો, ખડા થાઓ અને ધૈર્યવાન તથા સબળ બનો. બધીજ જવાબદારી તમારા પોતાના માથા પર લઈ લો, અને તમે પોતેજ તમારા ભાગ્યના સૃષ્ટા છો, એ વાત બરાબર રીતે સમજી લો. એને માટે જોઇતી સઘળી શક્તિ અને સહાય તમારા પોતામાંથીજ તમને મળી રહેશે; માટે ઊઠો અને તમારૂં ભવિષ્ય ઘડવા મંડી પડો. બની ગયેલી બાબતો માટે મૂંઝાયા નહિ કરતાં અનંત ભવિષ્ય હજી તમારી આગળ ખડું છે, તે તરફ ધ્યાન આપો. પણ આટલું હમેશાં યાદ રાખજો કે, તમારાં પ્રત્યેક વચન, વિચાર અને કાર્યનો સંચય થયા કરે છે, અને એ પણ બરોબર યાદ રાખજો કે, તમારા પ્રત્યેક કુવિચાર અને કુકર્મ લાગ મળતાંજ વાઘની માફક તમારા પર કૂદી પડવા તત્પર રહેશે; અને એજ પ્રમાણે તમારા પ્રત્યેક સુવિચાર અને સુકૃત્ય પણ દેવતાઓના બળ સાથે તમારી વહારે આવવા અને તમારૂં રક્ષણ કરવા હમેશને માટે તત્પર રહેશે.

૨—આત્મા*

જર્મન પંડિત મેક્સમૂલરનો "વેદાંત–ફિલસૂફી ઉપર ત્રણ વ્યાખ્યાનો"–એ નામનો પ્રસિદ્ધ ગ્રંથ તો તમારામાંનાં ઘણાં જણે વાંચ્યો છે. તે ઉપરાંત તમારામાંનાં કેટલાંકે તો વળી એજ વેદાંત વિષય પર જર્મન પ્રોફેસર ડ્યુસને લખેલો ગ્રંથ પણ કદાચ વાંચ્યો હશે. અમારા ભારતવર્ષની ધાર્મિક વિચારસરણી ઉપર પશ્ચિમના મુલકોમાં જે જે કંઇ લખાય છે કે ઉપદેશાય છે તેમાં અમારા અનેક તાત્ત્વિક વાદોમાંના એકનું મુખ્યત્વે આલોચન કરવામાં આવે છે. અમારો એ વાદ તે અદ્વૈતવાદ છે. તમારે ત્યાં આ વિષય પર થતાં લખાણો અને વ્યાખ્યાનોમાં કેટલીક વાર એમ પણ ધારી લેવામાં આવે છે કે, આ એક અદ્વૈતવાદમાં વેદોના સંપૂર્ણ જ્ઞાનોપદેશનો સમાવેશ થઇ જાય છે; પરંતુ વસ્તુ-સ્થિતિ તેવી નથી. અમારે ત્યાં ભિન્નભિન્ન અનેક તાત્ત્વિક વાદો અસ્તિત્વમાં આવેલા છે અને એ બીજા વાદોની સરખામણીમાં આ અદ્વૈતવાદ તો હજી આજકાલનો કે આધુનિકજ લેખાય. અત્યંત પ્રાચીન સમયથી ભારતવર્ષમાં વિવિધ તાત્ત્વિક સંપ્રદાયો અસ્તિત્વમાં આવતા રહ્યા છે. આનું કારણ એ છે કે, પ્રત્યેક સંપ્રદાયવાળાઓએ અમુક સિદ્ધાંતો તો માનવાજ જોઇએ, એવું પ્રતિપાદન કરનાર કોઇ ધાર્મિક સંસ્થા કે ધાર્મિક પંચની પ્રથા-

* અમેરિકામાં આપેલું વ્યાખ્યાન.

નો અમારે ત્યાં મૂળ થકીજ અભાવ હોવાને લીધે, લોકોને પોતાના ધર્મનું સ્વરૂપ પોતેજ પસંદ કરી લેવાની, પોતાની તાત્ત્વિક વિચારસરણી પોતેજ ઘડી લેવાની અને પરિણામે પોતાના સંપ્રદાયો પોતેજ ચલાવવાની સ્વતંત્રતા હતી. તેથીજ હિંદુસ્તાન આપણને કંઇ જૂના જમાનાથી વિવિધ સંપ્રદાયો અને પંથોથી ઊભરાતો માલૂમ પડે છે. અત્યારે પણ હિંદુસ્તાનમાં કોણ જાણે કેટલાયે પંથો હશે; તેની સંખ્યાની મને પણ ચોક્કસ ખબર નથી.

ભારતવર્ષના આ વિવિધ પંથોનો વિચાર કરતાં પ્રથમ તો આપણે તેમના 'આસ્તિક' અને 'નાસ્તિક' એવા બે વિભાગ પાડીશું. વેદોને શાશ્વત સત્યના પ્રકાશ તરીકે પ્રમાણભૂત માનનારા અમારે ત્યાં 'આસ્તિક' કહેવાય છે અને વેદોના અનાદરપૂર્વક બીજા ગ્રંથનો આધાર લેનારા 'નાસ્તિક' કહેવાય છે. આસ્તિકો અગર વેદપ્રમાણીઓમાં પણ બે પક્ષ છે. એક પક્ષ એવું પ્રતિપાદન કરે છે કે, વેદોનું પ્રમાણ બુદ્ધિ કરતાં અનેકગણું ચડિયાતું છે, એટલે કે ચિત્તમાં ઊતરે કે ન ઊતરે, બુદ્ધિ સ્વીકારે કે ન સ્વીકારે તોપણ વેદનાં વચન એટલે માથે ચઢાવવાંજ જોઈએ; ત્યારે બીજા પક્ષનું એમ કહેવું છે કે, વેદોના જે ભાગ બુદ્ધિગમ્ય હોય તેટલાનોજ સ્વીકાર કરી બાકીના પડતા મૂકાવા જોઈએ.

આસ્તિક અગર વેદપ્રમાણીઓમાં (૧) સાંખ્યવાદી, (૨) નૈયાયિક અને (૩) મીમાંસકો, એવા ત્રણ ભેદો છે. તેમાંના પહેલા બેનું અસ્તિત્વ તાત્ત્વિક વાદો તરીકે મોજૂદ છે, તથાપિ કોઇ ખાસ મત કે સંપ્રદાયની સ્થાપના કરવામાં એ બે વાદો નિષ્ફળ નીવડ્યા છે. પાછળથી નીકળેલો મીમાંસકોનો વાદ—અર્થાત્ વેદાંતવાદજ અત્યારે તો હિંદુસ્તાનની આસ્તિક પ્રજા યાને વેદને પ્રમાણભૂત

લેખનારી પ્રજામાં વાસ્તવિક રીતે વ્યાપી રહેલો છે. તેમનો તત્ત્વવાદ યાને તેમની ફિલસૂફી વેદાંત તરીકે ઓળખાય છે. હિંદુ-ધર્મના વિવિધ પંથો અને મતો આ વેદાંત અથવા ઉપનિષદો-માંથીજ ઉદ્ભવ્યા છે; છતાં એકત્વને માનનારા અદ્વૈતવાદીઓ પોતાને ખાસ 'વેદાંતી' નામે ઓળખાવે છે. આનું કારણ એ છે કે, તે લોકોએ વેદાંતના પાયા પરજ પોતાના સંપ્રદાય અને તત્ત્વજ્ઞાનની આખી ઇમારત ઊભી કરી છે. આ વેદાંતવાદ જેમ જેમ વખત જતો ગયો, તેમ તેમ ફાવતો ગયો અને અત્યારે જે વિવિધ પંથો હિંદુસ્તાનમાં પ્રચલિત છે, તેનું ઉદ્ગમસ્થાન એ વેદાંતવાદ-ની એક યા બીજી વિચારસરણીમાં રહેલું મળી આવે છે. અર્થાત્ હિંદુઓના અત્યારના વિવિધ પંથો વેદાંતનાજ પાયા પર એક યા બીજી રીતે ઊભા થયેલા હોઈ તે સઘળાજ વેદાંતવાદના ફાંટા છે. આમ છતાં એ વિવિધ પંથો અનેક બાબતમાં એકવાક્ય થતા નથી, એ વાત નોંધવા જેવી છે.

વેદાંતીઓની અંદર આપણને ત્રણ મુખ્ય ભેદો મળી આવે છે; છતાં પણ એક મુદ્દા ઉપર તેઓ બધાજ સહમત છે અને તે એ કે, એ ત્રણે જાતના વેદાંતીઓ ઇશ્વરના અસ્તિત્વમાં માને છે, એટલુંજ નહિ પણ એ ત્રણે વેદો ઇશ્વરની વ્યક્ત વાણી છે, એવું માનનારા છે. પરંતુ તેમની એ માન્યતા અથવા શ્રદ્ધા ખ્રિસ્તીઓ અને મુસલમાનોની પોતપોતાના ધાર્મિક ગ્રંથ બાયબલ કે કુરાન પરત્વે હોય છે તેવા પ્રકારની નહિ, પણ કેવળ ભિન્ન, કિંબહુના, વિશિષ્ટ પ્રકારની છે. અર્થાત્ વેદાંતીઓ પોતાના ધર્મગ્રંથ વેદોને ઇશ્વરની વાણી તરીકે માને છે, પણ મુસલમાનો કે ખ્રિસ્તી-ઓ પોતાના કુરાન કે બાયબલને જે અર્થમાં ઈશ્વરનાં વચનામૃત તરીકે લેખે છે, તેનાથી વેદાંતીઓની વેદ વિષેની ભાવના કેવળ જુદા પ્રકારની છે. તેમની ભાવના એવા પ્રકારની છે કે, વેદો એ

ઇશ્વરના જ્ઞાનનો આવિષ્કાર છે, યાને ઇશ્વરના જ્ઞાનનું આબેહૂબ વર્ણન છે; અને ઇશ્વર શાશ્વત હોવાથી–તેનું જ્ઞાન પણ નિરંતર તેની સાથેનું સાથે રહેતું હોવાથી વેદો પણ શાશ્વત છે. તાત્પર્ય કે, વેદ એટલે ઈશ્વરીજ્ઞાનનો આવિષ્કાર અને ઈશ્વરીજ્ઞાન શાશ્વત એટલે વેદો પણ શાશ્વત, એવી અમો વેદાંતીઓની દૃઢ માન્યતા છે. આ સિવાય બીજી પણ એક સામાન્ય માન્યતા અમારા બધામાં જોવામાં આવે છે કે, સૃષ્ટિનો ક્રમ ચક્રવત્ છે. ઘટમાળની માફક સૃષ્ટિનો વ્યાપાર અવ્યાહત ચાલ્યાજ કરે છે. સૃષ્ટિ સમસ્ત એક વાર દૃશ્યમાન થાય છે અને બીજી વાર પાછી અદૃશ્ય બને છે. અંકુરની માફક એક વાર પ્રકટ થયા પછી કાળે કરીને તે વધુ ને વધુ સ્થૂળ રૂપ ધારણ કરે છે અને તે પછી અગણિત કાળાવધિએ તે સૂક્ષ્મરૂપ બનતી જઇ, અંતે પોતાના મૂળ સ્વરૂપમાં સમાઇ જાય છે. તે પછી કેટલોક અવધિ વિશ્રાંતિનો રહે છે. ત્યારબાદ વળી તે ફરીને દૃશ્યમાન થવા માંડે છે અને વળી પાછી વૃદ્ધિ તથા ક્ષયના ક્રમમાંથી પૂર્વવત્ પસાર થાય છે. સૃષ્ટિનો ઉત્પત્તિક્રમ સમજાવવા માટે અમે વેદાંતીઓએ આકાશ નામના એક દ્રવ્યની અને પ્રાણ નામની શક્તિની કલ્પના સ્વીકારેલી છે. અમારૂં આ આકાશદ્રવ્ય તે તમારા વૈજ્ઞાનિકોના ઈથરદ્રવ્યને કંઈક મળતું છે. પ્રાણશક્તિ વિષે અમારા વેદાંતીઓનું એવું કહેવું છે કે, આકાશમાં પ્રાણશક્તિનાં આંદોલનથીજ આ વિશ્વ અથવા સૃષ્ટિનો ઉદ્ભવ થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિથી તે લય સુધીના કાલાવધિને અમે ‘કલ્પ’ કહીએ છીએ. જયારે એક કલ્પનો અંત પૂરો થવા આવે છે, ત્યારે સૃષ્ટિનો આ સ્થૂળ આવિષ્કાર સૂક્ષ્મ અને સૂક્ષ્મતર બનતો જઈ અંતે પોતાના અસલ સ્વરૂપ યાને આકાશદ્રવ્યમાં શમી જાય છે. આ આકાશદ્રવ્ય જોઈ કે સ્પર્શી શકાય તેવું નથી, છતાં

તેજ દ્રવ્યમાંથી સૃષ્ટિ સમસ્તની ઉત્પત્તિ થાય છે. તેવીજ રીતે કુદરતમાં આપણને ગુરુત્વાકર્ષણ, આકર્ષણ અને વિપ્રકર્ષણ અથવા પ્રતિસારણ કિંવા વિચાર, લાગણી અને જ્ઞાનતંતુના અન્ય વ્યાપાર જેવી જે શક્તિઓ જણાય છે, તે તમામ વિવિધ શક્તિઓ પોતાના અસલ પ્રાણસ્વરૂપમાં લીન થાય છે અને પ્રાણશક્તિનું આંદોલન બંધ પડે છે. એ પછી પાછું પ્રાણશક્તિનું આંદોલન શરૂ થાય છે અને આકાશતત્ત્વ પર ક્રિયા કરે છે, એટલે પાછાં સૃષ્ટિનાં આ બધાં રૂપો પોતાના નિયમિત ક્રમમાં પ્રગટ થાય છે; અર્થાત્ આકાશદ્રવ્ય પર પ્રાણશક્તિનું એ કાર્ય અગર આંદોલન બંધ પડતાં સૃષ્ટિનો લય થાય છે.

વેદાંતીઓના ત્રણ વર્ગો પૈકી પ્રથમ હું તમને જે વર્ગની વાત કરવા માગું છું તે વર્ગ દ્વૈતવાદના નામે ઓળખાય છે. દ્વૈતવાદીઓનું માનવું એવું છે કે, ઇશ્વર કે જે જગતનો સૃષ્ટા અને નિયંતા છે, તે પ્રકૃતિથી તેમજ જીવાત્માથી સદાસર્વદા ભિન્ન છે. ઇશ્વર શાશ્વત છે, તેમ પ્રકૃતિ તથા સર્વ જીવાત્માઓ પણ શાશ્વત છે. ફેર માત્ર એટલો કે, પ્રકૃતિ અને જીવાત્માઓ વ્યક્તરૂપને ધારણ કરે છે તથા પરિવર્તનને પામે છે, ત્યારે ઈશ્વર નિરંતર એક ને એકજ રૂપે રહે છે. વળી દ્વૈતવાદીઓના મત મુજબ ઈશ્વર પૌરુષેય અગર માનવ-લક્ષણયુક્ત છે; એટલે કે તે સાકાર નહિ, પણ સગુણરૂપે છે. દ્વૈતવાદીઓના મત મુજબ માનવીના તમામ ગુણો ઈશ્વરમાં હોય છે. તે દયાળુ છે, ન્યાયી છે; તે સત્તાધીશ છે, સર્વશક્તિમાન છે; તેની પાસે જઇ શકાય તેમ છે, તેમ તેને પ્રાર્થના સંભળાવી શકાય તેમ છે; તેને ચાહી શકાય છે, તેમ તેનો ચાહ મેળવી પણ શકાય છે; ઇત્યાદિ ઇત્યાદિ માનવલક્ષણોનું દ્વૈતવાદીઓ તરફથી ઇશ્વરમાં આરોપણ કરવામાં આવે છે. મતલબ કે, દ્વૈતવાદીઓના મત મુજબ ઇશ્વર મનુષ્યધર્મી છે, પણ તે સામાન્ય

મનુષ્ય કરતાં અનંતગણો મહાન હોઇ, સામાન્ય મનુષ્યમાં જણાતો એકેય દુર્ગુણ તેનામાં નથી હોતો—અર્થાત્ દ્વૈતવાદીઓની વ્યાખ્યા મુજબ "ઇશ્વરએ અનંત સદ્ગુણોનો ભંડાર છે." વળી દ્વૈતવાદીઓના મત મુજબ "ઇશ્વરને સર્જનકાર્ય માટે જડ દ્રવ્યની અપેક્ષા રહે છે અને પ્રકૃતિ એ દ્રવ્ય તેને પૂરૂં પાડે છે અને તેના યોગે તે સમગ્ર સૃષ્ટિ સર્જે છે." આ વેદાંતી દ્વૈતવાદીઓ ઉપરાંત બીજા પણ વેદાંતી દ્વૈતવાદીઓ છે. તેઓ પરમાણુવાદીને નામે ઓળખાય છે. આ પરમાણુવાદીઓની પ્રકૃતિ વિષેની ભાવના એવી છે કે, "અનંત પરમાણુઓનો સમૂહ એજ પ્રકૃતિ, યાને પ્રકૃતિ એ અસંખ્ય પરમાણુઓના સમૂહ સિવાય બીજું કંઈજ નથી. એ અનંત પરમાણુઓના સમૂહ પર ઈશ્વરી ઇચ્છાની ક્રિયા થતાં સર્જનકાર્ય થાય છે—અર્થાત્ પરમાણુઓની મદદ લઇ ઇશ્વર પોતાની ઇચ્છાથી સર્જનકાર્ય કરે છે," એમ આ પરમાણુવાદીઓ માને છે. પરંતુ વેદાંતીઓ આ પરમાણુવાદનો સાવ ઇન્કાર કરે છે અને કહે છે કે "એ પરમાણુવાદ બિલકુલ અયુક્તિક અને અસંગત છે; કારણકે પરમાણુ એટલે અવિભાજ્ય અણુ અને અવિભાજ્ય અણુ એટલે ભૂમિતિશાસ્ત્રના બિંદુની માફક વિભાગ કે પરિમાણ (માપ) વિનાની વસ્તુ. હવે એવી વિભાગ કે પરિમાણ વિનાની વસ્તુને અનંત વાર ગુણ્યા કરીએ તોપણ તે તેના તેજ રૂપમાં રહેવાની કેમકે વિભાગરહિત વસ્તુ વિભાગવાળી કોઇ વસ્તુને કદાપિ નિપજાવી શકે નહિ, એ તો એક સર્વમાન્ય સિદ્ધાંત છે. દાખલા તરીકે મીંડાને ગમે તેટલી મોટી સંખ્યામાં લઇને તેમનો સરવાળો કરીએ, તોપણ એક પૂર્ણાંક અગર આખી રકમ કદાપિ કાળે થતી નથી. આથી કરીને જો આ પરમાણુઓ વિભાગ અને પરિમાણરહિત વસ્તુઓ છે, એ વાત જો સાચી હોય, તો એવા વિભાગ અને પરિમાણુરહિત પદાર્થમાંથી જગતનું સ-

જંનકાર્ય યાને સૃષ્ટિની ઉત્પત્તિ કેવળ અસંભવિત અને અશક્ય છે;” એટલા માટેજ વેદાંતી દ્વૈતવાદીઓએ પ્રકૃતિને એક આખા અને સળંગ પદાર્થ તરીકે માન્યો છે અને એ પદાર્થમાંથી ઈશ્વર સૃષ્ટિનું સર્જનકાર્ય કરે છે, એવું વેદાંતી દ્વૈતવાદીઓ માને છે. હિંદુઓનો મોટો ભાગ આ પ્રકારનો દ્વૈતવાદી છે. એના કરતાં વધારે ઉચ્ચ ભાવ માનવબુદ્ધિની કલ્પનામાં ઊતરીજ ન શકે; કેમકે સાધારણ રીતે મનુષ્યનો એવો સ્વભાવ છે કે, પોતાના કરતાં ઉચ્ચતર અગર ચડિયાતી કોટિનો તેને ખ્યાલ ન આવી શકે. આથીજ આપણને દુનિયાની વસ્તુનો નેવુ ટકા ભાગ, પછી તે ગમે તે ધર્મ પાળનારો કાં ન હોય, પણ દ્વૈતવાદીજ માલૂમ પડે છે. યુરોપના અને પશ્ચિમ એશિયાના તમામ ધર્મગ્રંથો દ્વૈતવાદી છે; અને તેમ હોવા વગર તેમનો છૂટકો નથી; કારણકે સગુણ કે સાકાર ન હોય એવી કોઈ પણ વસ્તુનો ખ્યાલ સાધારણ મનુષ્યની બુદ્ધિમાં ઊતરી શકતો નથી અને તેથી સ્વાભાવિક રીતેજ તે પોતાની બુદ્ધિ ગ્રહણ કરી શકે તે વાતને વળગી રહેવાનું પસંદ કરે છે. મતલબ કે, ઉચ્ચતર આધ્યાત્મિક ભાવનાઓને મનુષ્ય પોતાની કક્ષામાં લાવીનેજ પોતાની કલ્પના મુજબ ગ્રહણ કરી શકે છે-અર્થાત્ અમૂર્ત તેમજ ભાવનાપ્રધાન વિચારોને મૂર્ત અને સગુણ સ્વરૂપ આપ્યા વગર મનુષ્યબુદ્ધિથી તે ઝિલાતા નથી. તેથી દ્વૈતવાદ એજ દુનિયાભરના સર્વસાધારણ મનુષ્યોનો ધર્મ થવા પામ્યો છે. ઇશ્વર વિષેની સાધારણ જનસમાજની સર્વત્ર એવી માન્યતા છે કે, તે તેમના પોતાના કરતાં સાવ સ્વતંત્ર વ્યક્તિ છે-જાણે એક મહાન રાજા કે અતુલ શક્તિશાળી સાર્વભૌમ સમ્રાટ ન હોય! પણ એની સાથે ઈશ્વરને તેઓ પૃથ્વીના સમ્રાટો કરતાં કેટલોયે વધારે શુદ્ધ કલ્પે છે. ઇશ્વરની અંદર સઘળાજ સદ્‌ગુણોનું તેઓ આરોપણ કરે છે ને દુર્ગુણમાત્રનો તેનામાંથી

બહિષ્કાર કરે છે. આમ કરતાં તેમનાં ભાવિક અંતઃકરણમાં એ ખ્યાલ નથી રહેતો કે, દુર્ગુણરહિત કેવળ સદ્ગુણની હયાતી કદાપિ સંભવતી નથી. અંધારાના ખ્યાલ વગર જેમ અજવાળાનો ખ્યાલ અસંભવિત છે, તેમ દુર્ગુણની હાજરી વગર સદ્ગુણની હાજરી વિષે સમજવાનું છે.

સર્વ જાતના દ્વૈત સિદ્ધાંતો સમજવામાં સૌથી પ્રથમ મુશ્કેલી એ આવીને ઊભી રહે છે કે, ન્યાયી અને દયાળુ ઇશ્વર કે જે અનંત, અસંખ્ય, સદ્ગુણોનો ભંડાર છે, તેના શાસન તળે રહેલા આ જગતમાં આટલા બધા દુર્ગુણો અને અનર્થો કેમ કરીને સંભવે છે? આ સવાલ બધાજ દ્વૈતવાદી ધર્મોમાં ઊઠ્યો છે; પણ તેના સમાધાન માટે ખ્રિસ્તી વગેરે અન્ય ધર્મીઓએ જેમ સંતાનનો આશ્રય શોધ્યો છે, તેમ અમારા હિંદુ લોકોએ કદાપિ કર્યું નથી. અમારા હિંદુધર્મોએ તો એકે અવાજે એ દોષનો ટોપલો મનુષ્યનાજ શિર પર ઢોળ્યો છે અને સર્વ પ્રકારના દુર્ગુણો માટે મનુષ્યનેજ જવાબદાર ગણ્યો છે. એમ કરવું તેમને માટે સહેલું પણ હતું; કારણકે હું તમને હમણાં કહી ગયો છું તેમ, જીવાત્માઓ શૂન્યમાંથી પેદા થયા છે એવું તેઓ અસલથી માનતાજ નહોતા. આ જિંદગીમાં તો આપણે જોઇએ છીએ કે, આપણું ભવિષ્ય આપણે પોતેજ ઘડી શકીએ છીએ, આપણામાંનો દરેક જણ રોજ ને રોજ આવતી કાલની રૂપરેખા ઘડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. આજે આપણે આવતી કાલનું ભાગ્ય નિર્માણ કરીએ છીએ અને આવતી કાલે વળી પરમ દિવસ માટેની તૈયારી કરીશું. એ પ્રમાણે આપણો વ્યવહાર રોજ ને રોજ ચાલ્યાજ કરે છે. આ તો આપણા સર્વના અનુભવની વાત છે. હવે, આજ દલીલ અથવા બુદ્ધિવાદ ભવિષ્યકાળને બદલે ભૂતકાળને લાગુ પાડીએ તો તેમાં જરાય ખોટું થયું ન કહેવાય;

કેમકે તેમ કરવું બિલકુલ સયુક્તિક છે. આપણાં પોતાનાં કર્મોથી જો આપણે આપણા ભવિષ્યના ભાગ્યને ઘડી શકતાં હોઇએ, તો તેજ નિયમ આપણા ભૂતકાળને પણ કેમ લાગુ ન પાડી શકીએ? દાખલા તરીકે એક અનંત સાંકળમાં અમુક જાતની કડીઓની ચોક્કસ સંખ્યા વારાફરતી ફરી ફરીને આવ્યા કરતી હોય, તો એ કડીઓના એક સમુદાયની ચોક્કસ સમજૂત જો આપણને મળી જાય તો એ આખી અનંત સાંકળની સમજૂત આપણાથી આપી શકાય, એ તો સહજ સમજાય તેવું છે. બરાબર તેવીજ રીતે કાળની આ અનંત લંબાઇમાંથી અમુક ટુકડો આપણે જુદો કાઢી તેનું વિવેચન કરીને તેને બરાબર સમજી લઇએ, તો પછી કુદરત અથવા પ્રકૃતિ એકરૂપ છે એ સાચું હોય તો એજ સમજૂતી કાળની આખીય સાંકળને લાગુ પડવીજ જોઇએ. કાળની ટૂંકી અવધિની અંદર આપણું અહીંનું ભાવી આપણે પોતાનાં કર્મોથી નિર્માણ કરીએ છીએ, એ વાત જો સાચી હોય અને અત્યારે આપણે જોઇએ છીએ તેમ જો પ્રત્યેક કાર્યને અંગે કારણ હોવુંજ જોઇએ એ વાત પણ સાચી હોય, તો તો એ વાત પણ એટલીજ સાચી હોવી જોઇએ કે, આપણે અત્યારે જેવા છીએ તે આપણા સમગ્ર ભૂતકાળના પરિણામરૂપ છીએ-અર્થાત્ મનુષ્યનું ભાગ્ય અથવા પ્રારબ્ધ નિર્માણ કરવાને માટે એની પોતાની જાત સિવાય અન્ય કોઇની જવાબદારી રહેતી નથી. દુનિયાની અંદર જે જે દુર્ગુણો અને અનર્થો વિદ્યમાન છે તે આપણે પોનેજ પેદા કરેલા છે, અન્ય કોઇએ તે ઉત્પન્ન કર્યા નથી. દુષ્ટ કાર્યોમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે, એ તો આપણા રોજના અનુભવની વાત છે. આથી આપણે સહજ સમજી શકીશું કે, દુનિયાની અંદર અત્યારે જે દુઃખો મોજૂદ છે તેનો ઘણો મોટો ભાગ મનુષ્યની પોતાનીજ ભૂતકાલીન દુષ્ટતાના પરિણામ-

રૂપ છે. આથી આ સિદ્ધાંત મુજબ તો જગતમાં પ્રવર્તી રહેલાં દુઃખો અને પાપો માટે એકલો મનુષ્યજ જવાબદાર છે. પરમ-કૃપાળુ પિતા એને માટે લેશ પણ દોષપાત્ર નથી. આપણે પોતે "જેવું વાવીએ છીએ, તેવું લણીએ છીએ" એ સર્વમાન્ય સિદ્ધાંત મુજબ આપણાં ભૂતકાલીન કર્મોનાં ફળ અત્યારે ભોગવી રહ્યાં છીએ.

દ્વૈતવાદીઓનો બીજો એક ખાસ સિદ્ધાંત એવો છે કે, એકે-એક જીવાત્માનો આખરે તો ઉદ્ધાર થવાનોજ; એકે જીવાત્મા મુક્ત થયા વગર રહેવાનો નહિ. વિવિધ લીલીસૂકી અને વિવિધ ભોગવિલાસ અને યાતનાઓમાંથી પસાર થતાં થતાં અંતે તો પ્રત્યેક જીવાત્માનો છુટકારો થશે. છુટકારો શામાંથી થશે? તો કે ભવસાગરમાંથી. અમારા હિંદુધર્મના તમામ પંથો આ બાબત-માં તો સહમત છે કે, જીવાત્માને ભવસાગર તરીને પાર ઊતર-વાનું છે. જે જગતને યાને જે મર્ત્યલોકને આપણે અત્યારે જોઇએ છીએ અને અનુભવીએ છીએ તે અગર અન્ય કોઇ કાલ્પ-નિક જગત કિંવા અપરલોક એ ખરાં ને સાચાં કહેતાં ઇષ્ટલોક હોઈ શકેજ નહિ; કેમકે એ બન્ને સુખદુઃખના મિશ્રણથી ભરેલાં છે. દ્વૈતવાદીઓના મત મુજબ આ જગતની પાર એક એવું સ્થાન છે કે, જ્યાં નર્યું સુખ ને સુખજ ભરેલું છે અને જ્યારે તે ઇષ્ટસ્થાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે પછી જન્મવાની, પુનર્જ-ન્મવાની કિંવા જીવવાની ને મરવાની જરાયે જરૂર રહેતી નથી। અર્થાત્ ત્યારે જન્મમરણનો કિંવા ભવસાગરનો ફેરો ટળી જાય છે અને એ ખ્યાલ—એ ભાવના તે લોકોને અતિશય પ્રિયકર છે. તે સ્થાનમાં રોગનું કે મૃત્યુનું નામ નથી. ત્યાં તેમને શાશ્વત સુખ મળ્યા કરશે અને નિરંતર પ્રભુના સાંનિધ્યમાં રહી સદાકાળ-ને માટે એને સુખાનંદ માણવાનો મળશે. દ્વૈતવાદીઓની માન્યતા

મુજબ ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીટકથી માંડીને તે ઉત્તમમાં ઉત્તમ ફિરસ્તા અને દેવો સુધ્ધાં વહેલામોડા તે અદ્ભુત સ્થાનને પ્રાપ્ત થશે કે જ્યાં દુઃખનો છાંટો સરખો નથી. આવી માન્યતા સાથે તેઓ એવું પણ માનવાવાળા છે કે, આપણા આ જગતનો કદાપિ અંત આવતો નથી; સમુદ્રનાં મોજાંની માફક ઉપરનીચે ગતિ કરતું યાને દૃશ્ય અને અદૃશ્ય બનતું તે અનંતકાળ લગી ચાલ્યા-જ કરે છે; અર્થાત્ કે કલ્પાંતરો થયા કરે છે, પણ તેનો નિઃશેષ અંત તો કદીજ આવતો નથી. ત્યારે અહીં કોઇને એવી શંકા થશે કે, જગતના બધા જીવોનો ઉદ્ધાર થઈ ગયા પછી જગતનું શું થતું હશે? તેના સમાધાનમાં જણાવવાનું કે, ઉદ્ધરનારા જીવોની સંખ્યા પણ અનંત છે. એ સંપૂર્ણતાને પામનારા જીવોની સંખ્યાનો પણ અંત નથી. કેટલાક જીવાત્માઓ વનસ્પતિસૃષ્ટિમાં હોય છે, કેટ-લાક ક્ષુદ્ર જીવજંતુઓની યોનિમાં હોય છે, કેટલાક મનુષ્યયો-નિમાં હોય છે અને કેટલાક દેવયોનિમાં હોય છે; પણ તે બધાજ જીવો–ઊંચામાં ઊંચા દેવજીવો પણ અપૂર્ણ હોઇ બંધનયુક્ત હોય છે. એ બંધન તે કયું વારૂ? એજ કે જન્મવા-મરવાની આવ-શ્યકતારૂપી બંધન. ઉચ્ચમાં ઉચ્ચ દેવતાઓને પણ મરણને શરણ થવાનું હોય છે. હવે આ ઠેકાણે બીજો એક પ્રશ્ન ઊઠશે કે, આ દેવો તે કોણ છે? કાલાવધિએ પણ જો તે મરી જતાજ હોય, તો તેમનાં નામ હમેશાં કેમ સંભળાયા કરે છે? આના જવાબમાં જણાવવાનું કે, દેવતાઓનાં આ નામો એ અમુક વ્યક્તિસૂચક નહિ, પણ અમુક અમુક દરજ્જા કે પદવીનાં સૂચક છે. દાખલા તરીકે, દેવતાઓનો રાજા ઇંદ્ર એટલે ઇંદ્ર નામની કોઇ વ્યક્તિ નહિ પણ એ નામની પદવી. આપણા મર્ત્યલોકમાં સમ્રાટ, શહેનશાહ વગેરે જેમ અમુક પ્રજાના રાજાઓની પદવી સૂચવનારાં નામો છે, તેમ ઇંદ્ર એ દેવતાઓના રાજાની પદવીનું સૂચક છે. અમુક જીવ

ગતકલ્પમાં અતિ પુણ્યશાળી હતો, તે આ કલ્પમાં એ પદવી અથવા એ હોદ્દો પૂરવાને ગયો છે અને આ કલ્પને અંતે તેનું પુણ્ય પરવારતાં તે પાછો મનુષ્યયોનિમાં આ પૃથ્વી પર અવતરશે અને તેને ઠેકાણે જે માણસ આ કલ્પમાં બહુ પુણ્યવંતો હશે તે આવતા કલ્પમાં ઇંદ્રની પદવી ભોગવશે. બધાજ દેવતાઓના સંબંધમાં આજ પ્રકાર સમજવાનો છે. એ બધા દેવતાઓનાં નામો તે તે પદવીનાં સૂચક છે. તે પદવી પર લક્ષાવધિ જીવો વારાફરતી આવ્યા છે, ને પુણ્ય પરવારતાં ફરી પાછા મનુષ્યયોનિમાં પૃથ્વી પર અવતર્યા છે. હવે આ ઉચ્ચ પદવીઓ કેવા જીવોને પ્રાપ્ત થાય છે? તો કે જે મનુષ્યો આ દુનિયામાં પુણ્ય અને પરોપકારનાં કામો કરવા છતાં સ્વર્ગપ્રાપ્તિની કે ઇતર જનસમાજમાં કીર્તિની લાલસારૂપી બદલાની દાનત રાખતા હોય, તેમને તેમનાં સુકૃત્યોનું ફળ તો મળવુંજ રહ્યું ને? બદલાની આશાવાળા એવા પુણ્યશાળી જીવો આ દેવતાઓની પદવીને પ્રાપ્ત થાય છે, પણ એ જાતની દેવતાપદની પ્રાપ્તિ એ કંઈ મુક્તાવસ્થા નથી. બદલાની અપેક્ષા રાખનાર જીવોને કદાપિ મુક્તિની પ્રાપ્તિ થતી નથી. મનુષ્ય જે જે વસ્તુની ઇચ્છા કરે છે, તે તે વસ્તુ પ્રભુ તેને આપે છે. મનુષ્યયોનિમાં આવીને જીવો સત્તા, કીર્તિ, દેવતાઓના વૈભવવિલાસ વગેરેની ઇચ્છા કરે છે, અને તેમની તે ઇચ્છાઓ પુણ્યબળે પાર પણ પડે છે. પરંતુ કોઇ પણ કર્મનું પરિણામ શાશ્વત અગર ચિરસ્થાયી હોતું નથી. તેથી તેમનાં સુકૃત્યોનું ફળ ચોક્કસ કાળે—પછી ભલેને તે યુગો પછી કાં ન હોય—પણ આખરે પરવારી જાય છે, અને ત્યારે આ દેવજીવો પુનઃ મૃત્યુલોકમાં મનુષ્યરૂપે અવતરે છે; અને મુક્તિની પ્રાપ્તિ માટે તેમને બીજી તક મળે છે. એજ પ્રમાણે ક્ષુદ્રયોનિના જીવો ક્રમે ક્રમે ઉચ્ચ ને ઉચ્ચ યોનિને પ્રાપ્ત થતાં થતાં મનુષ્યયોનિમાં આવે છે અને પુણ્યપ્રભાવે દેવયોનિને પણ

પ્રાપ્ત કરે છે. ત્યાંથી પાછા તે પોતાનાં કૃત્યો પ્રમાણે મનુષ્ય-યોનિને કે પશુયોનિને પ્રાપ્ત થાય છે અને જ્યાંસુધી એ જીવો ભોગ-વિલાસ માટેની લાલસા, જિંદગી માટેની તૃષ્ણા અને 'હું' ને 'મારા' ના વળગણમાંથી છૂટતા નથી, ત્યાંસુધી તેમનું એ પ્રમાણે જન્માંતર થયાજ કરે છે. ખરૂં જોતાં તો આ 'હું ને મારૂં'જ દુનિયાના સર્વ અનર્થોનું મૂળ છે. એ અહંતાને લીધેજ સંસારસાગરમાં દુઃખો અને પાપોનું આવડું પૂર ચઢ્યું છે, એ વાત દ્વૈતવાદીઓ સારી પેઠે સમજે છે અને તેથી અહંભાવને દૂર કરવા તેઓ અહર્નિશ મથે છે. કોઇ દ્વૈતવાદીને તેના બાળક તરફ આંગળી ચીંધીને પૂછશો કે, "ભાઈ! આ બાળક તમારૂં છે?" તો તે તરતજ જવાબ દેશે કે "પ્રભુજીનું. આ માલમિલકત પણ મારી નથી, પ્રભુજીની છે." એ રીતે દ્વતવાદીઓના મત મુજબ તો સર્વ કંઇ ઇશ્વરની માલિકીનું લેખાવું જોઇએ.

હવે હિંદુસ્તાનમાંના દ્વૈતવાદી પંથો બધાજ શાકાહારી હોઇ અહિંસાધર્મના મહાન પૂજારી છે. પણ અહિંસા વિષેનો તેમનો ખ્યાલ બૌદ્ધો કરતાં સાવ નિરાળો છે. કોઇ બૌદ્ધને તમે પૂછશો કે, "જીવહિંસા વિરુદ્ધ તું કેમ બોલે છે?" તો તે તરત કહેશે કે, "કોઇનો પણ જીવ લેવાનો આપણને અધિકાર નથી માટે." પણ તમે જો એક દ્વૈતવાદીને એવો પ્રશ્ન કરશો કે, "શા માટે તું કોઈ પ્રાણીની હિંસા કરતો નથી?" તો તે તરતજ કહેશે કે, "તે પ્રભુજીનું છે માટે." એ રીતે કહી દ્વૈતવાદી સૂચવે છે કે, આ 'હું' અને 'મારા'નો ભાવ એકમાત્ર ઇશ્વરનેજ લાગુ પાડવાનો હોઇ, તે એકલોજ 'અહં' રૂપ છે અને સૃષ્ટિમાંનું સર્વ કંઇ તેનુંજ છે. "આ 'અહં-ત્યાગ'ની શુદ્ધ સ્થિતિ પ્રાપ્ત થાય છે યાને મનુષ્યની અંદરથી 'હું અને મારા'નો ભાવ જ્યારે સાવ નાબૂદ થઇ જાય છે, સંસારમાંનું પોતાનું સર્વસ્વ પ્રભુજીને અર્પણ કરી દેવાય છે, અને

જ્યારે તે જીવમાત્રને સમાનભાવે ચાહતો થઇ ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણી માટે પણ પોતાનો જીવ કાઢવા સર્વદા તૈયાર રહે છે છતાં કોઇ બદલાની ઇચ્છા સેવતો નથી, ત્યારેજ તેનું અંતઃકરણ ખરેખરૂં વિશુદ્ધ થાય છે; અને એ રીતે વિશુદ્ધ થયેલા અંતઃકરણમાંજ પ્રભુજીનો પ્રેમ–પ્રભુ માટેની તાલાવેલી પ્રગટ થાય છે. ઇશ્વર એ પ્રત્યેક જીવાત્મા માટે આકર્ષણનું કેંદ્ર છે." પોતાના આ મતના સમર્થનમાં દ્વૈતવાદીઓ સોય અને લોહચુંબકનો દાખલો આપી કહે છે કે, "કાદવથી ખરડાયલી સોય લોહચુંબકથી આકર્ષાતી નથી, પણ તેજ સોય પરનો કાદવ તથા મેલ ધોવાઇ જતાંજ તે લોહચુંબક તરફ આકર્ષાય છે." મતલબ કે, ઇશ્વર એ એક મહાન લોહચુંબક હોઈ જીવાત્મા સોયરૂપ છે, તેથી ઈશ્વર પ્રત્યે તેનું આકર્ષણ થવુંજ જોઇએ, પણ સહેજે તેમ થતું નથી. તેનું કારણ એ છે કે, આ જીવાત્મારૂપી સોયો પર દુષ્કૃત્યો અને પાપોરૂપી કાદવના થર બાઝેલા છે. એ થરો દૂર થતાંજ જીવાત્મારૂપી સોય વિશુદ્ધ બનશે અને પોતાના સ્વાભાવિક ગુણથીજ પ્રભુરૂપી લોહચુંબકભણી ખેંચાશે તથા તેની હજૂરમાંજ હંમેશને માટે રહેશે. પણ તેનું વ્યક્તિત્વ ઇશ્વરથી સદાસર્વદા નિરાળુંજ રહેશે. જીવાત્માની આ અવસ્થાને દ્વૈતવાદીઓ સંપૂર્ણાવસ્થા કહે છે. સંપૂર્ણાવસ્થાને પામેલો જીવ, મરજી હોય તો ગમે તેવું રૂપ ધારણ કરી શકે છે; એટલુંજ નહિ પણ એક સામટા સો દેહો ધારણ કરવાની પણ તેનામાં તાકાત આવે છે; પણ તેમ કરવાની તેની ઇચ્છા હોય તોજ, નહિ તો વિદેહાવસ્થા હંમેશને માટે તેની પોતાની છે. સંપૂર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલો જીવાત્મા સર્જનકાર્ય સિવાય બીજી બધી બાબતમાં લગભગ સર્વશક્તિમાન બને છે. સર્જનકાર્ય તેનાથી થઇ શકતું નથી, કેમકે એ સત્તા કેવળ ઈશ્વરનીજ છે. વળી ગમે તેવો સંપૂર્ણ આત્મા પણ જગતનાં કાર્યો-

ની વ્યવસ્થા રાખી કે કરી શકતો નથી. જગતના નિયમનનું કાર્ય પણ ઈશ્વરનું છે; તથાપિ બધાજ જીવાત્માઓ સંપૂર્ણાવસ્થાને પ્રાપ્ત થતાં સદાને માટે સુખી બને છે અને નિરંતર પ્રભુની સાંનિધ્યમાં વસે છે, એ વાત નિર્વિવાદ. આ પ્રમાણે દ્વૈતવાદીઓ પોતાના મતનું પ્રતિપાદન કરે છે. એ સિવાય દ્વૈતવાદીઓનો બીજો પણ એક સિદ્ધાંત છે, અને તે એ કે, "પ્રભો ! મને ફલાણું આપ અને ઢીંકણું આપ" એવી રીતની પ્રાર્થના પ્રભુ પ્રત્યે કદાપિ ન કરવી જોઇએ. આવી પ્રાર્થનાના તેઓ સખ્ત વિરોધી છે અને તેમ કદી ન થવું જોઇએ એવો તેમનો ખાસ મત છે. ત્યારે આ ઠેકાણે કોઇ પૂછશે કે, પાર્થિવવસ્તુની પ્રાપ્તિ માટે કોની કને અરજ ગુજારવી ? તો કે એવા દુન્યવી પદાર્થની પ્રાપ્તિ માટે ઈશ્વર કરતાં ઊતરતા દરજ્જાના દેવતાઓ પાસે, ફિરસ્તાઓ પાસે કે એકાદા સંપૂર્ણાવસ્થાને પહોંચેલા જીવાત્મા પાસે માગણી કરવી. ઈશ્વરને તો કેવળ ચાહવાનોજ છે, તેની તો માત્ર ભક્તિજ કરવાની છે. "ઓ ઈશ્વર ! મને અમુક આપ અને તમુક આપ" એમ કહી તેની પ્રાર્થના કરવી, એ તો એ મહાન પરમાત્માનીનિંદા કરવા સમાન છે. તેથી દ્વૈતવાદીઓનું એવું માનવું છે કે, મનુષ્યને મોક્ષ સિવાય બીજી જે જે ચીજની જરૂર હોય છે, તે એકાદા દેવતાને આરાધવાથી મોડેવહેલે મળી રહે છે, પણ જો મોક્ષનીજ ઇચ્છા હોય તો તો ઈશ્વરને ભજયેજ છૂટકો થાય છે. હિંદુસ્તાનના બહુજનસમાજનો ધર્મ તે આ છે.

આ દ્વૈતવાદીઓ સિવાય સગુણ—અદ્વૈતવાદીઓ નામનો એક બીજો વર્ગ વેદાંતીઓમાં છે. વાસ્તવિક વેદાંત—ફિલસૂફીનો એ લોકોથીજ આરંભ થાય છે. એ લોકો એમ પ્રતિપાદન કરે છે કે, કાર્ય એ પોતાના કારણથી કદાપિ ભિન્ન હોતું નથી, કિંબહુના, કાર્ય એ બીજા સ્વરૂપમાં કારણનુંજ પુનરાવર્તન છે; તેથી જો આ

જગતને કાર્ય માનીએ અને ઈશ્વરને તેના કારણરૂપ લેખીએ, તો જગત એ સ્વયં ઈશ્વરજ છે-ઈશ્વર સિવાય અન્ય કશું તે હોઈ શકેજ નહિ. "ઈશ્વર પોતેજ જગતના પ્રેરક કિંવા ચેતન અને જડ કિંવા સ્થૂળકારણ છે"-એજ સૂત્રથી તેઓ પોતાના વાદનો આરંભ કરે છે અને ગાઇબજાવીને કહે છે કે, "ઈશ્વર પોતેજ જગતનો સૃષ્ટા હોઇ જે પદાર્થમાંથી, જે પ્રકૃતિદ્રવ્યમાંથી જગતની ઉત્પત્તિ થયેલી છે તે દ્રવ્ય પણ તે પોતેજ છે." તમારી અંગ્રેજી ભાષામાં 'ક્રીએશન' નામનો જે શબ્દ છે તેનો યથાર્થ ભાવ દેખાડનાર શબ્દ અમારી સંસ્કૃત ભાષામાં નથી, કેમકે અમારા હિંદુસ્તાનમાં એવો એકે ધર્મપંથ નથી કે જે તમારા પાશ્ચિમાત્ય ધર્મોની માફક આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવળ શૂન્યમાંથી થયેલી માનતો હોય. આરંભની દશામાં એવું માનવાવાળા થોડાક હતા ખરા, પણ પછી થોડાજ કાળમાં તેમને મોઢે હંમેશને માટે ડૂચા દેવાઇ ગયા. તેથી આજને સમયે તો આવી માન્યતા ધરાવનારો એકે પંથ હિંદુસ્તાનમાં મોજૂદ હોય એમ હું જાણતો નથી. સૃષ્ટિની ઉત્પત્તિ કિંવા સર્જન શબ્દથી અમે કહેવા માગીએ છીએ તે એજ કે, મૂળ અસલથી અસ્તિત્વ ધરાવતી વસ્તુનો પ્રાદુર્ભાવ-અર્થાત્ તમારે ત્યાં જેમ કોઇ કારણે શૂન્યમાંથી ઉત્પન્ન કરેલી વસ્તુને 'ક્રીએશન' યાને સૃષ્ટિ નામે ઓળખવામાં આવે છે, તેમ અમારે ત્યાંનથી. અમે તો સૃષ્ટિને શબ્દથી મૂળ અસલથી અસ્તિત્વ ધરાવનાર વસ્તુનો આવિષ્કારમાત્ર સમજીએ છીએ. ત્યારે હવે વેદાંતી-અદ્વૈતવાદીઓના મત મુજબ તો આ આખી સૃષ્ટિ સ્વયં પ્રભુરૂપ છે અને પ્રકૃતિ-દ્રવ્ય પણ તે પોતેજ છે. અમારા વેદોમાં આને માટે એક સૂત્ર છે, તેનો ભાવાર્થ એવો છે કે, "ઉર્ણનાભિ કહેતાં કરોળિયો જેમ પોતાના શરીરમાંથી તંતુઓ કાઢી જાળું બનાવે છે, તેમ-બરાબર તેમજ આ અખિલ બ્રહ્માંડનો એ

પરમાત્મામાંથી પ્રાદુર્ભાવ થયો છે.”

હવે, આ વાદના સંબંધમાં એક એવો પ્રશ્ન ઊભો થઇ શકે છે કે, કાર્ય એ જો કારણુનીજ અન્યરૂપે પુનરાવૃત્તિ હોય તો શાશ્વત ચૈતન્યમય અને અજડ બ્રહ્મરૂપ કારણનું કાર્ય જે આ જગત, તે સ્થૂળ, જડ અને ચેતનહીન કેમ જણાય છે વારૂ? કેમકે તે જો વિશુદ્ધ અને સંપૂર્ણ હોય તો તેનું કાર્ય તેનાથી છેકજ ભિન્ન કેવી રીતે હોઈ શકે? આના જવાબમાં આ સગુણ–અદ્વૈતવાદીઓ જે સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે તે બહુ વિલક્ષણ અને વિશિષ્ટ છે. તેઓ કહે છે કે, પુરુષ, પ્રકૃતિ અને જીવાત્મા એ ત્રણે અસ્તિત્વો વસ્તુતઃ એક છે. ઇશ્વર એજ જાણે જીવાત્મા છે અને પ્રકૃતિ તથા જીવાત્મા એ જાણે ઈશ્વરનું શરીર છે. મારે ને તમારે જેમ જીવ અને દેહ બંને છે, તેવીજ રીતે અખિલ બ્રહ્માંડ અને બધાય જીવાત્મા ઇશ્વરના ખોળિયારૂપ છે અને ઇશ્વર પોતે આત્માઓનો પણ જીવાત્મા યાને પરમાત્મા છે. આ સિદ્ધાંત મુજબ ઇશ્વર એ જગતનું જડ કારણ છે એમ સમજવાનું છે. શરીર અગર ખોળિયું પરિવર્તનશીલ ભલેને હોય; તરુણ કે વૃદ્ધ, સશક્ત કે અશક્ત ભલેને થયા કરે; પણ આત્મા પર તેની કંઇજ અસર થતી નથી. આત્મા એ તો શરીરદ્વારા આવિષ્કૃત થતું એનું એજ શાશ્વત અસ્તિત્વ છે, શાશ્વત ચૈતન્ય છે. શરીરો એક પછી એક બદલાયા કરે છે, પણ આત્મામાં લેશ પણ પરિવર્તન થવા પામતું નથી. આબેહૂબ તેવીજ રીતે આ સમગ્ર બ્રહ્માંડ એ વિરાટ પ્રભુનું અંગ છે અને એજ અર્થમાં તે સ્વયં પ્રભુ છે. પરંતુ શરીરમાં થતું પરિવર્તન જેમ આત્માને બાધક નથી થતું, તેમ આ સ્થૂળ બ્રહ્માંડમાં થતું પરિવર્તન પરમાત્માને બાધક નથી નીવડતું. આ જડ દ્રવ્યમાંથી એટલે કે પોતાના અંગમાંથીજ તે જગતને સરજે છે અને કલ્પને અંતે તેનું અંગ સંકોચાઈ જઈ સૂક્ષ્મતર બને છે,

એટલે સૃષ્ટિનો લય થયો મનાય છે. વળી પાછો બીજા કલ્પના આરંભમાં તેના એ અંગનો વિકાસ થવા માંડે છે અને તેમાંથીજ આ વિવિધ લોકો ઉત્ક્રાંત થાય છે.

હવે આત્મા સ્વભાવતઃ વિશુદ્ધ હોય છે, પણ તેનાં પોતાનાં કર્મોદ્વારા તે અશુદ્ધ બને છે, એ વાત તો દ્વૈતવાદીઓ તેમજ સગુણ અદ્વૈતવાદીઓ બંને સરખી રીતે સ્વીકારે છે; પણ એ ભાવને દર્શાવવાની સગુણ અદ્વૈતવાદીઓની રીત દ્વૈતવાદીઓ કરતાં વધારે સુંદર છે. તેઓ કહે છે કે, આત્માની વિશુદ્ધિ અને સંપૂર્ણતા સંકોચનના પરિણામે અદૃશ્ય થઇ જાય છે અને ફરીને પાછી વિકાસ પામી આવિષ્કૃત થાય છે અને અત્યારે આપણે એજ કામ કરી રહ્યા છીએ યાને આત્માનાં એ સ્વભાવસિદ્ધ લક્ષણો કહેતાં ચૈતન્ય કિંવા જ્ઞાનવિશુદ્ધિ અને શક્તિનો પુનઃ આવિષ્કાર કરવાનેજ મથી રહ્યા છીએ. સર્વશક્તિમત્તા અને સર્વજ્ઞતા સિવાય ઇશ્વરના બીજા સઘળા ગુણગ્રામ આત્મામાં હોય છે, પણ દરેક દુષ્કૃત્યથી તેના એ સ્વભાવસિદ્ધ ગુણોનું સંકોચન થાય છે અને પ્રત્યેક સુકૃત્યથી તેનો વિકાસ થતો રહે છે. બાકી તો બધાજ જીવાત્માઓ ઈશ્વિર કિંવા પરમાત્માના અંશો છે. જેવી રીતે કોઈ ભડભડતા અગ્નિમાંથી એકજ જાતના લક્ષાવધિ તણખાઓ હવામાં ઊડે છે; આબેહૂબ તેવીજ રીતે આ અનંત સત્ પરમાત્મામાંથી સકળ જીવાત્માઓનું પ્રાકટ્ય થયું છે અને એ પ્રત્યેક જીવાત્માનો આદર્શ એકજ જાતનો અર્થાત્ પોતાના મૂળસ્વરૂપને પ્રાપ્ત થવાનો છે. ઇશ્વર સંબંધીનો સગુણ અદ્વૈતવાદીઓનો આ ખ્યાલ પણ દ્વૈતવાદીઓના જેવોજ, એટલે કે અનેક સદ્ગુણોના ભંડારરૂપ પૌરુષેય ઇશ્વરનો છે. ફેર માત્ર એટલોજ છે કે, સગુણ અદ્વૈતવાદીઓ ઈશ્વરને સૃષ્ટિના પદાર્થમાત્રમાં વ્યાપી રહેલો માને છે. પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક સ્થાનમાં તે ઓતપ્રોત થયેલો છે. તેથી શાસ્ત્રો

જ્યારે એમ કહે કે, પ્રભુ એજ સર્વસ્વ છે, ત્યારે તેનો અર્થ એવો સમજવાનો છે કે, તે પદાર્થમાત્રમાં વ્યાપેલો છે અને નહિ કે પ્રભુએ બધાં રૂપો લીધાં છે. પ્રભુ ભીંત કે પથ્થર બન્યો છે એમ નહિ, પણ ભીંત અને પથ્થરમાં પણ પ્રભુ વિદ્યમાન છે, એમ સમજવાનું છે. આ બ્રહ્માંડની અંદર એવું એક પણ અણુપરમાણુ નથી કે જેની અંદર વિશ્વંભર પરમાત્મા વ્યાપી રહેલા ન હોય. જીવાત્મા બધાજ સીમાબદ્ધ અથવા મર્યાદિત છે; એટલે કે તેઓ સર્વવ્યાપી નથી. તેમની સ્વભાવસિદ્ધ શક્તિઓ અને વિભૂતિઓનો વિકાસ થાય છે અને પરિણામે જયારે તેઓ સંપૂર્ણ બને છે ત્યારે તેમનો જન્મમરણનો ફેરો ટળે છે અને તે પછી તેઓ નિરંતર પરમાત્માના નિકટવાસી બને છે.

હવે આપણે વેદાંતીઓના ત્રીજા અને છેલ્લા વર્ગની યાને અદ્વૈતવાદીઓની વાત કરીશું. અદ્વૈતવાદ એ કોઈ પણ દેશમાં અને કોઇ પણ યુગમાં પ્રગટેલાં તત્ત્વજ્ઞાન અને ધર્મનું સુંદરમાં સુંદર પુષ્પ છે, એમ અમે માનીએ છીએ. એમાં મનુષ્યની બુદ્ધિ અને વિચારશક્તિ તેની ઊંચામાં ઊંચી કક્ષાએ વ્યક્ત થયેલી છે અને અગમ્ય તથા અભેદ્ય લાગતાં રહસ્યને વટાવીને પણ પેલી પાર પહોંચી ગઇ છે. આ તત્ત્વજ્ઞાન તે અદ્વૈત વેદાંતવાદ છે. એ વેદાંતનું તત્ત્વજ્ઞાન એટલું બધું ગહન અને અકળ છે, એટલું બધું ઉચ્ચ કોટિનું છે કે, સર્વસાધારણ માટે તે ધર્મનું રૂપ લઈ શકે તેમ નથી. તેની જન્મભૂમિ ભારતવર્ષ કે જ્યાં હજારો વર્ષથી તેનો ડંકો નિઃશંક ગાજી રહ્યો છે, ત્યાંના બહુજનસમાજની અંદર પણ તે પ્રસરી શક્યો નથી, અર્થાત્ હિંદુસ્તાનનો જનસમાજ પણ તેને હજી યથાર્થ ઝીલી શક્યો નથી, એટલો બધો એ વેદાંતવાદ ગહન અને અટપટો છે. આપણે જેમ જેમ તેની ચર્ચામાં આગળ વધતા જઇશું, તેમ તેમ તમને સમજાતું જશે કે,

હરકોઇ દેશનાં વિચારવંતમાં વિચારવંત પુરુષ કે સ્ત્રીને પણ એ અદ્વૈતવાદમાં યથાર્થ સમજ પડવી મુશ્કેલ છે. આનું કારણ એજ છે કે, આપણે પોતાની જાતને એટલી બધી નિર્બળ બનાવી દીધી છે, આપણે એટલા બધા મંદબુદ્ધિ બની ગયા છીએ, કે આપણી જાત માટે આપણે મોટા મોટા દાવાઓ ભલેને કરતા રહીએ, પણ સ્વાભાવિક રીતેજ આપણે બીજા કશાનો આશરો લેવાની ઇચ્છા ધરાવતા હોઇએ છીએ. આપણી સ્થિતિ નાના દુર્બળ છોડવાના જેવી અસહાય છે. નાના દુર્બળ છોડવાને પોતાના જીવિત માટે જેમ અન્યના આધારની જરૂર રહે છે, તેમ આપણને પણ અન્યાન્ય વસ્તુઓનો આશરો શોધવાની આદત પડી ગઇ છે. 'સગવડભર્યા અને સુગમ ધર્મ' માટે મને તમારા તરફથી કેટલી બધી વાર પૂછવામાં આવ્યું છે! જગતની અંદર ઘણાં થોડાં માણસો સત્યની પૃચ્છા કરે છે, તેના કરતાં પણ થોડાં મનુષ્યો સત્યનો અભ્યાસ કરવાની હામ ભીડે છે અને એમાંનાં પણ થોડાંજ મનુષ્યો સત્યને શીખીને તેને સર્વથા વ્યવહારમાં આચરવાની હિંમત ચલાવે છે. આમાં લોકોનો વાંક નથી, પણ તેમનાં ભેજાં અગર મસ્તિષ્કની નિર્બળતાજ એનું ખરૂં કારણ છે. કોઇ એક નૂતન વિચાર અને તેમાંયે ખાસ કરીને ઉચ્ચ પ્રતિનો નૂતન વિચાર સમાજમાં ખળભળાટ મચાવે છે; કેમકે એ નૂતન વિચાર લોકોના મગજની સપાટી પર નવીન ચીલો પાડવાનો પ્રયત્ન કરે છે, એટલે તેમના મગજનું તંત્ર હચમચી જાય છે અને પરિણામે મનુષ્યો પોતાનું સમતોલપણું ગુમાવી બેસે છે. લોકો અમુક અમુક પરિસ્થિતિઓથી ઘેરાયલા હોય છે અને નૂતન વિચારને વધાવી લેતા પહેલાં તેમને કૌટુંબિક વહેમો, જ્ઞાતિજન્ય વહેમો, નાગરિક અને દેશસ્થ વહેમો અને તે ઉપરાંત મનુષ્યમાત્રમાં રહેલા સ્વભાવજન્ય અનેક વહેમો—એવા એવા અનેક ઢગલાબંધ

પ્રાચીન વહેમોનો સામનો કરી તેમને મહાત કરવાના હોય છે; પણ તેમ છતાંયે દુનિયામાં થોડાક એવાયે બહાદુર જીવો નીકળી આવે છે કે, જેમનાં હૃદયમાં સત્યનો યથાર્થ ખ્યાલ સ્ફુરતાં તેને ઉપાડી લેવાની હિંમત હોય છે; એટલુંજ નહિ પરંતુ કોઇ પણ જાતની અંધશ્રદ્ધા કે વહેમની પરવા કર્યા વગર છેવટ લગી તેને વર્તનમાં મૂકવાની પણ તેઓ જાહેર હિંમત બતાવે છે.

જુઓ, અદ્વૈતવાદી શું જાહેર કરે છે? તે કહે છે કે, જો ઇશ્વર જેવું કોઇ અસ્તિત્વ હોય, તો તેજ ઇશ્વર આ જગતનું જડ અને ચેતન કારણ હોવું જોઇએ. એટલે કે, તે કેવળ સૃષ્ટાજ નથી પણ સર્જિત વસ્તુ પણ છે; તે પોતેજ આ જગત છે. કોઈ પૂછશે કે, એમ કેમ હોઇ શકે વારૂ? ઇશ્વર કે જે વિશુદ્ધ અને ચૈતન્યરૂપ છે તે શું આ મલિન અને જડ જગત હોય એમ કદાપિ બની શકે ખરૂં? તો કે હા. દેખીતી રીતે તો તેમ છે. ખરી રીતે તો બધા અજ્ઞાની લોકો જેને જગત તરીકે નિહાળે છે તેનું અસ્તિત્વજ નથી. તમે, હું અને આ બધી વસ્તુઓ આપણે જોઇએ છીએ તે શું છે? માત્ર નજરબંધી-કેવળ ભ્રમ. જણાતું જગત મિથ્યા છે, વાસ્તવિક અસ્તિત્વ તો એકજ છે ને તે એક અનંત કલ્યાણમય પરબ્રહ્મનુંજ છે. એ એક અસ્તિત્વમાંજ રહ્યા રહ્યા આપણે વિવિધ સ્વપ્નાં અનુભવીએ છીએ. એજ આત્મા છે; સર્વથી પર અને અનંત છે; જ્ઞાન અને જ્ઞેયથી પણ એ પર છે; એમાંજ અને એનાદ્વારાજ આપણે જગતને નિહાળીએ છીએ. એજ-એજ વાસ્તવિક વસ્તુ છે. નામ અને રૂપ બાદ કરતાં આ ટેબલ, આ મારી આગળનો શ્રોતાગણ, આ દીવાલ અને આ બીજું બધું એજ છે. ટેબલના આકાર અને નામને દૂર કરો, બાકી જે રહે છે તે એ છે. વેદાંતીઓ એને નર કે નારી તરીકે નથી ઓળખતા. નર અને નારીના ભેદ વસ્તુતઃ મિથ્યા હોઈ માનવીમગજના ભ્રમમાત્ર છે.

આત્માને જાતિ જેવું કંઇજ નથી. જે લોકો મોહમાયાને વશ થઇ પશુવત્ બન્યા હોય છે, તેઓને સ્ત્રી કે પુરુષરૂપ દેખાય છે, જીવંત દેવતાઓને નરનારીના ભેદ નથી જણાતા. સર્વથી પર બનેલાને તે વળી જાતિ કે લિંગનો ખ્યાલ કેવો? પ્રત્યેક જણ અને પ્રત્યેક પદાર્થ તેને મન તો આત્મારૂપ છે, સ્વયં બ્રહ્મ છે કે જે લિંગવિહીન, વિશુદ્ધ અને શાશ્વત કલ્યાણમય છે. નામ, રૂપ અને શરીર ભૌતિક અથવા જડતત્ત્વ હોઇ તેઓજ આ જાતિભેદ ઉત્પન્ન કરે છે. નામ અને રૂપના આ બે ભેદો તમે કાઢી નાખો, તો આખુંય જગત એક છે; દ્વૈતવાદ જેવું છેજ નહિ; સર્વત્ર એક, એક ને એકજ છે. આ તમે ને હું એક છીએ. પ્રકૃતિ–પુરુષ કહેતાં ઇશ્વર કે જગત જેવું કંઇ નથી; જે છે તે એકજ છે. એ અનંત એકમાંથીજ નામરૂપદ્વારા આ બધી ભિન્નતા ઉત્પન્ન થયેલી છે. એ જ્ઞાતાને જાણવો કેવી રીતે? એ જણાય કે ઓળખાય એવો છેજ નહિ. તમને પોતાને તે તમે કેવી રીતે જોઈ શકો? હા, તમારી જાતનું તમે દર્પણ કે એવા પદાર્થમાં પ્રતિબિંબ પાડી શકો, એ બને ખરૂં. તેવી રીતે આ અખિલ બ્રહ્માંડ એ શાશ્વત પરમ સત્ય યાને આત્માનું પ્રતિબિંબ છે. હવે દર્પણ કે પ્રતિબિંબ પાડનાર વસ્તુ સારી કે નરસી હોવાને લીધે સારાં કે નરસાં પ્રતિબિંબો પડે છે, એ વાત તો અનુભવ-સિદ્ધ છે, તેથી એક ખૂની કે ઘાતકજનની અંદર પ્રતિબિંબ પાડનાર પદાર્થ ખરાબ કિંવા મલિન છે અને નહિ કે આત્મા; તેવીજ રીતે પુરુષની અંદરનો પ્રતિબિંબ પાડનારો પદાર્થ શુદ્ધ અને નિર્મળ છે; બાકી, આત્મા તો બધાયનો સ્વભાવ થકીજ સદાસર્વદા વિશુદ્ધ અને નિર્મળ હોય છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર કીટકથી માંડીને તે સર્વોત્તમ સંપૂર્ણ વ્યક્તિની અંદર પ્રતિ-બિંબિત થતું સત્ત્વ એકજ છે અને તે જગતનું સાચું અસ્તિત્વ

પરબ્રહ્મ પરમાત્મા છે. આ અખિલ બ્રહ્માંડ ભૌતિક દૃષ્ટિએ, માનસિક દૃષ્ટિએ; નૈતિક દૃષ્ટિએ તેમજ આધ્યાત્મિક દૃષ્ટિએ એકજ ઐક્ય છે; પણ આપણે એ એક ઐક્યને—એ એકમાત્ર સત્ત્વને જુદાજુદા રૂપમાં નિહાળી તેના પર આ બધી ભિન્નભિન્ન આકૃતિઓનો આભાસ ખડો કરીએ છીએ. જે વ્યક્તિએ પોતાની જાતને મનુષ્યસ્થિતિની અંદરજ સીમાબદ્ધ કરી દીધી હોય છે, તેને એ પરમ સત્ત્વ માનવસૃષ્ટિરૂપે જણાય છે. તેવીજ રીતે જે વ્યક્તિ માનવીકક્ષા કરતાં ઉચ્ચતર કક્ષાને પ્રાપ્ત થઈ હોય છે, તેને એ સ્વર્ગસમાન ભાસે છે, છતાં વાસ્તવિક રીતે તો વિશ્વભરમાં એક ને એકજ આત્મા છે, બે નહિ. એને આવવાનું કે જવાનું કદી હોતું નથી. એને કદાપિ જન્મવાનું, મરવાનું કે પુનર્જન્મવાનું પણ હોતું નથી. એ શાશ્વત છે તે મરે શી રીતે? અને એ સર્વવ્યાપી છે તેથી એને જવાપણું પણ ક્યાંથી ને ક્યાં હોય ? આ બધાં સ્વર્ગો, વિવિધ લોકો અને વિવિધ સ્થાનો એ તો મનુષ્યમનનાં મિથ્યા કલ્પના—ચિત્રોમાત્ર છે. વસ્તુતઃ તો તેમનું અસ્તિત્વ છેજ નહિ, ભૂતકાળમાં હતુંયે નહિ અને ભવિષ્યમાં હશે પણ નહિ.

હું સર્વવ્યાપી અને શાશ્વત છું. હું ક્યાં જાઉં વારૂ? હું ક્યાં નથી કે જાઉં? જીવન એ પ્રકૃતિના પુસ્તકરૂપ છે. પ્રકૃતિનું એ પુસ્તક અત્યારે હું વાંચી રહ્યો છું. તેના એક પાન પછી બીજું પાન હું ઉથલાવતો જાઉં છું અને તે પૂરૂં કરતો જાઉં છું, અને તેની સાથે જિંદગીનું એક પછી એક સ્વપ્ન ટળતું જાય છે. એ રીતે જિંદગીનું બીજું પાન ઊઘડે છે, તેની સાથે જિંદગીના બીજા સ્વપ્નની શરૂઆત થાય છે અને એ પાન વંચાઈ રહેતાં તે સ્વપ્નું પણ ઊડી જાય છે. એ મુજબ આગળ ને આગળ વધતાં એ આખુંય પુસ્તક વંચાઈ રહેશે, એટલે

હું એ પુસ્તકનું વાચન પડતું મૂકી બાજુએ ખડો રહીશ અને એ પુસ્તકને ફગાવી દેતાંની સાથેજ મારા જીવનની સઘળી બાજી ખતમ થઈ જશે.

ત્યારે હવે અદ્વૈતવાદની ફિલસૂફી શી છે તે બરાબર સમજી લો. ભૂતકાળ કે ભવિષ્કાળમાં અસ્તિત્વ ધરાવનારા તમામ દેવ-દેવતાઓને અદ્વૈતવાદ પદભ્રષ્ટ કરી પાણીચું પકડાવી દે છે, અને તેમના સ્થાને મનુષ્યના પોતાના આત્માને કે જે આત્મ-તત્ત્વ સૂર્ય, ચંદ્ર અને સ્વર્ગ કે અન્ય અપર લોકો કરતાં—રે! આ મહાન બ્રહ્માંડ કરતાંયે વધારે ઉચ્ચ અને ઉન્નત છે, તેને સ્થાપે છે. મનુષ્યરૂપે દેખા દેતા આત્માની મહત્તા અને ગરિ-માની કલ્પના કોઈ પણ પુસ્તક, કોઈ પણ ધર્મગ્રંથ કે કોઈ પણ ભૌતિકવિજ્ઞાનથી થઈ શકવાની નથી; કારણકે જે મહાન ગૌરવશાળી ઈશ્વર ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિ-ષ્યમાં હમેશાં હશે, તે ઈશ્વર—તે આ આત્મા પંડેજ છે. તેથી મારે મારા આત્મા સિવાય અન્ય કોઇ સત્ત્વને ભજવાનું નથી. અદ્વૈતવાદી ઉત્સાહભેર કહે છે કે, “ હું મને પોતાનેજ ભજું છું. વંદન મારે બીજા કોને કરવાનાં ? મારો આત્માજ સર્વેશ્વર છે, તેથી હું મને પોતાનેજ વંદન કરૂં છું. આશરો કે મદદ મારે કોની પાસે માગવાનાં રહ્યાં ? હું કે જે વિશ્વવ્યાપી—સર્વશક્તિ-માન—અનંત સત્ત્વ છું, તેને મદદ કરવાની તાકાત પણ કોની હોય ? કોઈ કોઇને સહાયતા કરે છે. એ વિચાર કેવળ મૂર્ખતા-ભર્યો અને ભ્રમજનક છે. અત્યાર સુધીમાં સાચી સહાયતા કોણે કોને કરી છે ? કોઈએજ નહિ. જ્યારે એક દુર્બળ માણસને—એક દ્વૈતવાદીને તમે રડતોકકળતો અને આકાશ પરના કોઇ સ્થાને-થી મદદ મેળવવા માટે કાકલૂદી ગુજારતો જુઓ, ત્યારે નક્કી માનજો કે, આકાશ અને તેનાથી પણ પર એવાં સર્વ સ્થાનો

તેની પોતાની અંદર છે, એ સત્ય વાતનું તે બિચારાને જ્ઞાન નથી. આ ઠેકાણે કોઇ પૂછશે કે, એ માણસ આકાશમાંથી મદદ મળવાની માગણી કરે છે અને એવી મદદ તેને મળી પણ રહે છે તેનું કેમ? સાચી વાત, આપણે એવી મદદ મળતી જોઇએ છીએ ખરા, પરંતુ એ મદદ તેને પોતાની અંદરથી મળી રહે છે, અને તેને એ બિચારો બહારથી મળેલી માનવાની ભૂલ કરે છે. કેટલીક વાર એવું બને છે કે, રોગી માણસને પોતાની રોગ-શય્યા પર પડ્યાં પડ્યાં વાસેલાં બારણાં પર ટકોરા થયાનો આભા-સ થાય છે. ઘરમાં બિચારો એકલો હોવાથી પથારીમાંથી ઊઠે છે અને બારણું ઉઘાડે છે; પણ ત્યાં તો કોઈજ જણાતું નથી; એટલે તે પાછો પોતાની પથારીમાં પડે છે, કે વળી પાછા ટકોરાના અવાજ થતા તેના સાંભળવામાં આવે છે. ફરી પાછો તે ઊઠે છે ને દરવાજો ખોલે છે, પણ બહાર કોઇજ હોતું નથી. આખરે વિચાર કરતાં તેને સમજાય છે કે, તેને સંભળાયલો અવાજ બારણા પર કોઈના ટકોરાનો નહોતો, પણ તેના પોતાના હૃદય-ના ધબકારાનો હતો; અર્થાત્ પોતાના હૃદયના ધબકારાનેજ તેણે ટકોરા તરીકે કલ્પી લીધો હતો. એ સત્ય વાત આખરે તેને સમજાઇ રહે છે. આવી રીતે માણસ પણ મધ્યબિંદુમાંથી છૂટો પડી પોતાથી બહારનાં અનેક દેવદેવીઓની મિથ્યાશોધમાં આમતેમ અથડાતોકુટાતો વર્તુલ પૂરૂં કરે છે અને પોતે જે બિંદુમાંથી નીકળ્યો હતો તે બિંદુ તરફ અર્થાત્ પોતાના આત્મા તરફ પાછો વળે છે અને ત્યારેજ તેને સમજાય છે કે, જે ઈશ્વર-ની શોધમાં તે ગિરિગહ્વરમાં કુટાતો હતો, જેની શોધ અર્થે તે અનેક નદીનાળાં અને દેવદેવાલયોમાં આથડતો હતો, જે ઇશ્વરને તે સ્વર્ગ અને અન્ય અપર લોકમાં શોધતો હતો અને જે ઇશ્વરને પોતે સ્વર્ગમાં કે વૈકુંઠમાં બેઠા બેઠા જગતનું શાસન-

ચક્ર ચલાવનાર તરીકે કલ્પતો હતો, તે ઇશ્વર તો એ પોતેજ છે. ત્યારેજ તેને યથાર્થ રીતે સમજાય છે કે "હું તે છું અને તે હું છું." મારા સિવાય અન્ય કોઇ ઇશ્વર હતો નહિ અને આ ક્ષુદ્ર 'અહં'નું અસ્તિત્વ પણ કદાપિ હતું નહિ.

આમ છે તો પછી એ સંપૂર્ણ ઈશ્વર—એ પરિપૂર્ણ પરમાત્મા માયાજાળમાં કેવી રીતે સપડાયો હતો? અને વળી એ પૂર્ણ પુરુષોત્તમ સ્વપ્નાં સેવી રહ્યો હતો, એ તે કેવું? એવા પ્રશ્નો માનવ—મગજમાં સહજ ઉદ્દ્ભવશે. એના ખુલાસામાં જણાવવાનું કે, એ સંપૂર્ણ આત્મા કદાપિ કાળે માયાજાળમાં સપડાયો નહોતો કિંવા ભ્રમવશ થયો નહોતો, તેમ સ્વપ્નાવસ્થાનો ભોગ પણ તે કદી થયો નહોતો. સત્યને કદાપિ સ્વપ્નના મિથ્યા ભ્રમ સ્પર્શી શકતા નથી. તેથી આ માયાજાળ ક્યાંથી અને શામાંથી ઉદ્દ્ભવી એ પ્રશ્નજ બેહૂદો છે; કારણ માયા કે ભ્રમ, માયા કે ભ્રમમાંથી ઉદ્દ્ભવે છે—અર્થાત્ તેના પોતાનામાંથીજ તે ઉદ્દ્ભવે છે અને સત્યનું દર્શન થતાંજ ભ્રમમાત્રનો લોપ થઇ જાય છે. ભ્રમ અગર અજ્ઞાનનું આધારસ્થાન હમેશાં ભ્રમ કે અજ્ઞાન હોય છે; ઇશ્વર, સત્ય કિંવા આત્માની અંદર કોઈ કાળે પણ તેને સ્થાન મળ્યું નહોતું અને મળશે પણ નહિ. તમે પોતે કદાપિ ભ્રમમાં વસતા નથી પણ ભ્રમ પોતે તમારામાં વસે છે, ને તમારી નજર આગળ તરવરે છે. એ કોના જેવી સ્થિતિ છે? તો કે આકાશ અને વાદળાં જેવી. આકાશમાં એક વાદળું પથરાયલું હોય છે, તેને બીજું વાદળું આવી હડસેલી કાઢે છે ને તેને સ્થાને પોતે બિરાજે છે. વળી પાછું ત્રીજું વાદળું આવી તેને પણ હડસેલીને દૂર કાઢે છે. હવે, જેવી રીતે શાશ્વત ભૂરા આકાશમાં વિવિધરંગી વાદળાં ઊભરાય છે, થોડી વાર થંભે છે અને પાછાં અદૃશ્ય થઈ જાય છે, તેમ છતાં આકાશના શાશ્વત ભૂરા રંગને જરાયે બાધક નીવડતાં નથી—

આકાશ તો તેનું તેજ ભૂરા રંગનું રહેલું જણાય છે; આએહુબ તેવીજ રીતે તમે નિરંતર શુદ્ધ, પવિત્ર અને સંપૂર્ણ છો; તમેજ આ જગતના વાસ્તવિક દેવતા છે; એટલુંજ નહિ પણ બ્રહ્માંડ-ભરમાં બે જેવું કંઇ છેજ નહિ; જે છે તે એકજ–માત્ર એકજ સત્ત્વ–તમારો આત્માજ ઓતપ્રોત છે; માટે 'તું' અને 'હું' એવો શબ્દપ્રયોગ કરવો ભૂલભરેલો છે. 'હુ" ના–અહંનોજ પ્રયોગ હ-મેશાં કરતા રહો. "લક્ષાવધિ મોઢે ખાનારો તે હુંજ છું; તેથી મને ભૂખ કેવી રીતે પીડી શકે? અનંત હાથ વડે કામ કરનારો પણ 'હુ" છું, તો પછી હું પ્રમાદી કે નિરુદ્યમી હોઉં એ વાત શી રીતે બને વારૂ? આખા જગતનો જીવનદીપ સળગાવનારૂં ચેતનતત્ત્વ તે હું છું, તો પછી મારે નિશ્ચેતન અવસ્થા કે મૃત્યુ કેવી રીતે હોય? હું સર્વ પ્રકારનાં જીવન અને મૃત્યુથી પર છું, મુક્તિ માટે મારે જરા પણ ફાંફાં મારવાનાં નથી, કેમકે હું પોતે સ્વભાવેજ મુક્ત છું. અખિલ બ્રહ્માંડના આત્મા એવા મને બાંધ-નારૂં કોણ છે? દુનિયાભરનાં ધર્મશાસ્ત્રો એ અખિલ બ્રહ્માંડના એકમાત્ર અસ્તિત્વરૂપ જે 'હું' તેની યશરેખા આંકનારાં યાને તેના ગૌરવનું માપ દેખાડનારાં નાના નાના નકશા જેવાં છે, તો પછી આ ગ્રંથો–આ પોથાંથોથાંનું મારે શું પ્રયોજન છે?" અદ્વૈતવાદી વેદાંતી બેધડક આમ વદે છે.

સત્યને પિછાનો, એટલે ક્ષણવારમાં છૂટા થવાશે. પછી તમારૂં બધુંજ અજ્ઞાનતિમિર અદૃશ્ય થઇ જશે. વિશ્વવ્યાપી અનંત સ-ત્ત્વ અને પોતે એકરૂપ છે, એવું પિછાનતાં, સકળ ભેદભાવ ટળી જતાં અને બધાં નર ને નારીનું, દેવતા ને ફિરસ્તાનું, જીવજંતુ અને વૃક્ષવેલાનું–રે! સમગ્ર જગતનું ભાન તે એક અદ્વિતીય એ-કતામાં લીન થતાંજ ભયમાત્રનો લોપ થઇ જાય છે. હું મારી જાતને ઇજા કરૂં, મારી જાતને મારી નાખું કે મારી જાતને ઉપ-

દ્રવ પહોંચાડું, એ શું બનવાજોગ છે? તો પછી ભય તે કોનો ધરવો રહ્યો? તમને શું તમારી પોતાનીજ જાતનો ડર હોય ખરો કે? વળી એ સત્ય જ્ઞાન પ્રગટતાં શોકમાત્રનો નાશ થઇ જશે. અને શોક ઉપજાવનારૂં શું છે? જગતમાં વ્યાપ્તમાન એકમાત્ર અસ્તિત્વ તે હું છું, એ ભાન થતાની સાથે ઇર્ષ્યા ને અસૂયાનો પણ લોપ થશે, કારણકે પછી મારે ઇર્ષ્યા કોની કરવાની રહી? શું હું મારી પોતાનીજ ઇર્ષ્યા કરૂં ખરો કે? વળી, એ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થતાં સર્વ પ્રકારની દુષ્ટ લાગણીઓનો પણ અંત આવશે; કારણકે પછી કોની સામે મારે ખરાબ લાગણી ધરાવવાની રહી? હું પોતે પોતાનીજ સામે ખરાબ લાગણી ધરાવું, એ તો બનેજ કેમ? કારણકે જગતભરમાં મારા સિવાય અન્ય કોઇ અસ્તિત્વ છેજ નહિ. વેદાંતવાદીઓના મત મુજબ જ્ઞાનને પ્રાપ્ત થવાનો એકજ રસ્તો છે; અને તે એ કે, દ્વૈત અથવા ભેદભાવને કચડી નાખો અને અનેકત્વના ભ્રમને મારીને દફનાવી દો. આ અનેકત્વથી ભરેલા જગતમાં જે પુરુષ તે એકત્વનેજ ભાળે છે, આ સઘળા અચેતનના ઢગલાની અંદર પણ જેને તે ઝળહળતા ચૈતન્યસ્વરૂપનાં દર્શન થાય છે અને માયાની છાયામાં ઢંકાયલા તે પરમ સત્ત્વને જે જન ઝીલી લે છે, તેને એકલાનેજ શાશ્વત શાંતિનો અધિકાર પ્રાપ્ત થાય છે, અન્ય કોઇને નહિ.

ભારતવર્ષના ધાર્મિક વિચારકોએ ઇશ્વરના સંબંધમાં જે ત્રણ વિચારસરણી સ્થાપિત કરી છે, તેના મુખ્ય મુદ્દા ઉપર જણાવ્યા પ્રમાણેના છે. આપણે જોઈજ લીધું છે કે, એ વિચારસરણીનો આરંભ જગદ્બાહ્ય યાને બ્રહ્માંડથી અલગ એવા પોરુષેય ઈશ્વરથી થયો છે. પછી વખત જતાં તે જગદ્બાહ્યનો ખ્યાલ નીકળી જઈ તેને સ્થાને જગદ્વ્યાપકતાનો ખ્યાલ સૂઝ્યો છે અર્થાત્ ઇશ્વિર જગતના અણુપરમાણુમાં વ્યાપેલો છે, એવી વિચાર-

સરણી હાથ લાગી છે અને અંતે આત્મા એજ ઇશ્વર હોઇ, તે એક અદ્વિતીય છે અને જગતની અંદર ભાસતા ભિન્નત્વની અંદર તેજ એકમાત્ર સત્ત્વ એકત્વપણે વિલસી રહેલું છે–એ છેલ્લી ને ઉચ્ચતમ વિચારસરણી સ્થાપિત થઇ છે. વેદોનું અંતિમ વચન એજ છે. એ વિચારસરણી દ્વૈતવાદથી શરૂઆત કરે છે, ત્યાંથી સગુણ અદ્વૈતવાદમાંથી પસાર થાય છે અને છેવટે સંપૂર્ણ-શુદ્ધ અદ્વૈતવાદમાં તે પરિણમે છે. એ અંતિમ વિચારસરણી યાને અદ્વૈતવેદાંતના પ્રદેશમાં જગતમાંથી વિરલાજ આવી શકે છે અને એ વિરલામાંથી પણ વિરલાનીજ તેનામાં સચોટ શ્રદ્ધા બંધાય છે અને એવા શ્રદ્ધાળુમાંથી પણ વિરલાજ જીવો તેને રોજના વ્યવહારમાં આચરવાનું સાહસ કરી શકે છે-આ વાત તો આપણે સારી પેઠે જાણીએ છીએ; તેમ છતાં પણ આપણે જોયું છે કે, તેની અંદરજ જગતની અંદર જણાતાં નીતિ, સદાચાર અને આધ્યાત્મિકતાનાં સર્વ તત્ત્વો સમાયેલાં છે. દરેક જણ કહેતું સંભળાય છે કે, "પરોપકાર કરો રે ભાઇ, પરોપકાર કરો; પારકાંનું ભલું કરો રે! ભાઇ, પારકાંનું ભલું કરો." દરેકને મોઢેથી એમ નીકળે છે તેનો શો ખુલાસો છે વારૂ? વળી બધાજ મહાન પુરુષો મનુષ્યપ્રેમનો અને તેમનાથી ચડિયાતા મહાત્માઓ ભૂતપ્રેમનો ઉપદેશ કરી ગયા છે એનું શું કારણ હશે વારૂ? એનું કારણ એજ છે કે, તેઓ સ્વયં એ પરમ સત્યના-એ અવિચ્છિન્ન અભેદભાવના જાણકાર હોય કે ન હોય, તોપણ એટલી વાત તો ખરી કે, તેમના બધીજ જાતના વહેમો અને બુદ્ધિ વિરુદ્ધની અંધશ્રદ્ધાઓની પાછળ આત્માનો એ શાશ્વત પ્રકાશ ડોકિયાં કરી કરીને દેખીતા અનેકત્વનો ઇન્કાર કરતો હતો અને અખિલ બ્રહ્માંડમાં એકમયતાનું સામ્રાજ્ય પથરાયેલું હોવાનું પ્રતિપાદન કરતો હતો, તેથીજ તેમને મુખે વિશ્વપ્રેમ અને ભૂતપ્રેમનો

ઉપદેશ જગતને સાંભળવા મળ્યો છે; અને તેથીજ પરોપકારની વાતો સર્વને મુખે સંભળાય છે.

વળી એ છેલ્લા વચનથી યાને એ વેદાંતવાદથી જગતને આપણે એક પરમસત્ત્વ તરીકે સમજતા થયા અને તે એકજ પરમસત્ત્વ ઇંદ્રિયોને જડરૂપે, બુદ્ધિને જીવાત્મા તરીકે અને પ્રાણ અથવા ચેતનતત્ત્વને ઇશ્વર તરીકે દેખાય છે. જગત એકનું એક છે, છતાં જે મનુષ્ય પોતાની જાતને દુનિયામાં પાપ અને દુષ્ટતાના નામે ઓળખાતા પડદાથી ઢાંકી દે છે, તેને તે ધગધગતા નરકસમાન ભાસે છે. બીજો કે જેને ભોગવિલાસ ને આનંદોપભોગની આકાંક્ષા હોય છે તેને માટે તે સ્વર્ગસમાન ફેરવાઇ જાય છે; અને સંપૂર્ણતાને પામેલાની આગળ જગતમાં એ બંને રૂપો નષ્ટ થઇ જઇને એના એ જગતમાં તેને આત્મરૂપનો યાને સ્વયં ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ જાય છે.

હવે સમાજ અત્યારે જે સ્થિતિમાં છે, તે સ્થિતિમાં તો તત્ત્વજ્ઞાનનાં આ ત્રણે પગથિયાંની યાને આ ત્રણે ધર્મવાદની આવશ્યકતા છે. આ ત્રણે વાદોમાંનો એકે વાદ બીજાનો વિરોધ કરતો નથી; એટલુંજ નહિ પણ એક વાદની અંદર રહેલી ઊણપનો પૂરક છે. અદ્વૈતવાદી કિંવા સગુણ અદ્વૈતવાદી એમ મુદ્દલ પણ કહેતો નથી કે, દ્વૈતવાદ ખોટો છે. દ્વૈતવાદની ફિલસૂફી છે તો ખરી, પણ તે ઊતરતી કોટિની છે. એ વાદ જો કે સત્યના અંતિમ નાકાએ વિરમતો નથી, તોપણ સત્યના ચીલા પર તો છેજ, એટલે દ્વૈતમાર્ગને અનુસરનારા પણ એ પરમ સત્યને પંથે પળે છે, એ તો નિર્વિવાદ. એટલા માટે આ જગતવિષયક જેની જેવી દૃષ્ટિ તેને તે દૃષ્ટિપંથમાં પોતાના ખ્યાલ પ્રમાણે વર્તવા દો. કોઇની પણ લાગણી દુખાવો નહિ તેમ કોઇને પણ તેના સ્થાનમાંથી ખસેડો નહિ. જે માણસ જ્યાં ઊભો હોય ત્યાંજ તેને ઊભો રહેવા

હો અને તમારાથી બની શકે તેમ હોય તો તેને જરા મદદ કરી ઉચ્ચતર ભૂમિકા પર ચઢાવો; પણ કોઈની લાગણી તો હરગીજ દુખાવશો નહિ કે કોઈના મત કે સ્થાનનું કદાપિ ખંડન કરશો નહિ. અંતે તો બધાયે મોડાવહેલા પણ એ પરમ સત્યને પ્રાપ્ત થવાનાજ છે. "અંતરની બધી વાસનાઓનો જ્યારે પરાભવ થઇ જશે અને આ જન્મમરણના ફેરાનો જ્યારે અંત આવશે, ત્યારે અત્યારનો આ મર્ત્ય માનવીજ અમર્ત્ય બનશે"—ત્યારે એજ મનુષ્ય મનુષ્ય ફીટીને ઇશ્વર બનશે.



३–व्यावहारिक वेदांत–भाग १ लो*

વેદાંતનું તત્ત્વજ્ઞાન વ્યાવહારિક જીવનમાં કેટલું ઉપયોગમાં આવી શકે છે, તેના વિષે કંઇક બોલવા માટે મને ઘણા સજ્જનો તરફથી કહેવામાં આવ્યું છે. એક સિદ્ધાંત તરીકે એ જ્ઞાન ખરેખર બહુ સારૂં છે, એ તો હું તમને અગાઉ કહીજ ગયો છું, પણ એ જ્ઞાનને વ્યવહારમાં ઉતારવાનું જો છેકજ અસંભવિત હોય, તો તો પછી બૌદ્ધિક વ્યાયામ કે બૌદ્ધિક કૌશલ્ય સિવાય કાંઇ પણ વિશેષતા એમાં રહેતી નથી. તેથી વેદાંતને જો ધર્માસનનો અધિકાર હોય, તો તો તે વ્યાવહારિક જીવનમાં અત્યંત ઉપયોગી હોવું જોઇએ. આપણા નિત્ય જીવનની પ્રત્યેક બાબતમાં તેનું વર્તન કરવામાં આપણે શક્તિમાન નીવડવું જોઇએ; એટલુંજ નહિ પણ ધર્મ અને સાંસારિક જીવન વચ્ચેનો મિથ્યા ને કૃત્રિમ તફાવત દૂર થવો જોઇએ; કારણકે વેદાંત તો આપણને સર્વત્ર એકતા–અભેદનોજ ઉપદેશ આપે છે. ધર્મના આદર્શો આપણા જીવનના આખાય ક્ષેત્ર પર પથરાઈ જવા જોઇએ; એટલુંજ નહિ, પણ આપણા સર્વ પ્રકારના વિચારોમાં તેમનો પ્રવેશ થઈ વધુ ને વધુ પ્રમાણમાં વર્તનમાં મૂકવા જોઇએ. વ્યાવહારિક જીવનમાં વેદાંતનો કેટલો ને કેવો પ્રભાવ છે, તે વિષય પર હું ક્રમે ક્રમે આવીશ; પણ આ વ્યાખ્યાનોની પરંપરા ભવિષ્યનાં વ્યાખ્યાનોના પાયારૂપ થનાર હોવાથી,

* લંડન તા. ૧૦, નવેમ્બર ૧૮૯૬

પ્રથમ તો આપણે સિદ્ધાંતોનીજ ચર્ચા કરીશું અને એ સિદ્ધાંતો ગિરિકંદરા અને નિર્જન અરણ્યોમાં ઉત્પન્ન થઈ ત્યાંથી નગરો અને શહેરોના કોલાહલપૂર્ણ માર્ગોમાં કેવી રીતે આચારમાં મુકાયા, તે સમજી લેવા પ્રયત્ન કરીશું. વળી આ સિદ્ધાંતોની બાબતમાં એક વિશેષતા તો આપણને એ જણાય છે કે, તેમાંના ઘણાખરા સિદ્ધાંતો નિર્જન અરણ્યવાસના ફળરૂપ નહિ હોઇ, જે વ્યક્તિઓને સંસારની અંદર આપણે વધારેમાં વધારે કાર્યગ્રસ્ત જીવન વ્યતીત કરનાર તરીકે લેખીએ, તેવા સિંહાસનારૂઢ રાજ્યકર્તાઓનાં ભેજાંના ફળરૂપ છે; અર્થાત્ એ સિદ્ધાંતોમાંના ઘણાખરાના ઉત્પાદક અરણ્યવાસી ઋષિમુનિઓ નથી, પણ સામ્રાજ્યની બહુવિધ જંજાળમાં ફસાયલા સમ્રાટો છે.

આરુણિ નામના એક વાનપ્રસ્થ ઋષિને શ્વેતકેતુ નામનો પુત્ર હતો. તે અરણ્યમાં રહી ઊછર્યો હતો. એક દહાડો તે પાંચાલ રાજાના નગરમાં ગયો અને પાંચાલરાજા પ્રવાહન જૈવાલિના દરબારમાં ઉપસ્થિત થયો. ઔપચારિક વિધિને અંતે રાજાએ તેને પ્રશ્ન પૂછ્યો કે, “ મરણસમયે જીવો અહીંથી કેવી રીતે પ્રસ્થાન કરે છે તે તું જાણે છે ? ” શ્વેતકેતુએ જવાબ આપ્યો: “ ના, મહારાજ.”

રાજાએ પૂછ્યું: “તેઓનું અહીં પાછા આવવાનું કેમ થાય છે તે જાણે છે?” શ્વેતકેતુએ કહ્યું: “ નાજી. ” ત્યારે દેવયાન અને પિતૃયાન વિષેની તને કંઇ ખબર છે?” રાજાએ પૂછ્યું. શ્વેતકેતુએ પહેલાંની માફકજ કહ્યું “નાજી.” તે પછી રાજાએ બીજા અનેક પ્રશ્નો તેને પૂછ્યા, પણ શ્વેતકેતુથી તેમાંના એકેયનો ઉત્તર આપી શકાયો નહિ. એ પરથી રાજાએ કહ્યું કે “ તને કંઇજ આવડતું નથી.” એ સાંભળી શ્વેતકેતુ પોતાના પિતાની પાસે પાછો ફર્યો અને રાજદરબારમાં બનેલી વિગત કહી સંભળાવી. શ્વેતકેતુના પિતાએ કબૂલ કર્યું કે, એ પ્રશ્નોના ઉત્તર તેના પોતાનાથી પણ

આપી શકાય તેમ નથી. આરુણિ ઋષિએ એમ કહ્યું તે એટલા માટે નહિ કે આ પ્રશ્નોના ખુલાસા આપવાને તે રાજી નહોતો, પણ વસ્તુતઃ એ પ્રશ્નોની તેને ખબરજ નહોતી. તેથી શ્વેતકેતુ પોતાના પિતાને તેડીને પાછો પાંચાલ રાજાના દરબારમાં આવ્યો અને ત્યાં આગળ તે બન્નેએ રહસ્યજ્ઞાનનો ઉપદેશ પામવાની રાજા પાસે વિનતિ કરી. તે પરથી રાજાએ કહ્યું કે, "આ રહસ્ય-જ્ઞાન અત્યાર સુધી રાજાઓનેજ વિદિત છે, ઋષિઓને નથી. પછી એ પિતાપુત્રની જ્ઞાનની ઇચ્છા રાજાએ તૃપ્ત કરી. અનેક ઉપનિષ-દોમાં આપણને જણાય છે કે, આ વેદાંતનું તત્ત્વજ્ઞાન કાંઇ નિર્જન અરણ્યમાંજ કરેલા ચિંતનનું ફળ નથી, પણ તેનાં અનેક સર્વો-ત્તમ સત્યો તો નિત્યના જીવનવ્યવહારમાં આકંઠ ડૂબેલા પણ ફળદ્રૂપ ભેજાંવાળાઓએ વિચારી કાઢીને બહાર પાડચાં છે. એક સર્વસત્તાધીશ સમ્રાટ કે જેને કરોડો લોકો પર રાજ્ય કરવાનું હોય તેના કરતાં વધારે પ્રવૃત્તિપરાયણ માણસની આપણને કલ્પનાજ ન આવી શકે; છતાં એમાંના કેટલાક રાજ્યકર્તાએ તો ગાઢ વિચારકો હતા.

આ બધું બતાવી આપે છે કે, વેદાંતનું તત્ત્વજ્ઞાન અતિશય વ્યાવહારિક હોવું જોઇએ; અને શ્રીમદ્ભગવદ્ગીતા કે જે તમારા-માંનાં ઘણાંખરાંએ કદાચ વાંચી હશે, અને જે આ વેદાંત-ફિલસૂફી ઉપરની ઉત્તમમાં ઉત્તમ ટીકા છે, તેનો ખ્યાલ કરતાં તો આશ્ચર્યમગ્ન થઇ જવાય છે કે, તેની સારીય ઇમારત સંગ્રામ-ભૂમિ પરના તીવ્ર કોલાહલ વચ્ચે ખડી થઈ છે. એ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને આ વેદાંતજ્ઞાનનોજ ઉપદેશ કરેલો હોઈ તેના પાને પાને જે એક સિદ્ધાંત પ્રધાનપણે ઝળહળી રહેલો છે, તે ગાઢ-પ્રવૃત્તિપરાયણ નાના ઉપદેશમાં શાશ્વત શાંતિનો ઉપદેશ પણ સમાયેલો છે. કર્તવ્યપરાયણતા યાને કર્મયોગનું આજ રહસ્ય

છે અને તેને યથાર્થ પ્રાપ્ત કરવું એજ વેદાંતનું એકમાત્ર લક્ષ્ય છે. નિવૃત્તિ કે જેને આપણે સામાન્ય રીતે નિષ્ક્રિયતાના અર્થમાં સમજીએ છીએ, તે ખચિતજ જીવનનું ધ્યેય નથી, અને તેમ હોઇ પણ શકે નહિ. નિષ્ક્રિયતા એજ જો જીવનનું ધ્યેય હોત, તો તો આપણી આજુબાજુની આ દીવાલો સૌથી વધારે જ્ઞાનસંપન્ન લેખાવી જોઇએ; કેમકે તે નિષ્ક્રિય છે. તેમ હોત તો તો માટીનાં ઢેફાં અને ઝાડનાં ઠૂંઠાં જગતમાં મહાન ઋષિમુનિવરો મનાતાં હોત; કેમકે તેઓ બધાંજ નિષ્ક્રિય અથવા ક્રિયારહિત છે. વળી કર્મપરાયણતા પણ આસક્તિ કે રાગદ્વેષવાળી હોય તો તે પણ કર્મયોગની કોટિમાં આવી શકતી નથી. જે ખરી વિશુદ્ધ પ્રવૃત્તિ વેદાંતનું ધ્યેય છે, તે શાશ્વત શાંતિના હેતુવાળી અને આંતરિક શાંતિવાળી હોવી જોઇએ. એવી શાંતિ કે જે ગમે તેવા સ્થિતિ-સંયોગોમાં પણ સ્થિર રહે અને ગમે તે થાય પણ મનનું સમ-તોલપણું ડામાડોળ ન બને. અને આપણા જીવનના અનુભવથી આપણે બધાજ એટલું તો જાણીએ છીએ કે, એ જાતની મનઃ-સ્થિતિ કાર્યને માટે ઉત્તમોત્તમ છે.

હવે આ પ્રશ્ન મને ઘણી વાર પૂછવામાં આવ્યો છે કે, કાર્ય-માટે સામાન્ય રીતે આપણને જે આસક્તિ હોય છે, તેવી આસક્તિ ન રાખીએ, તો પછી આપણે કોઇ પણ કામ કરીજ શી રીતે શકીએ? વર્ષો અગાઉ હું પણ એમજ માનતો હતો, પણ જેમ જેમ ઉંમર વધતી જાય છે અને વધારે ને વધારે અનુભવવાળો બનતો જાઉં છું, તેમ તેમ મને લાગતું જાય છે કે એ માન્યતા સાચી નથી. આસક્તિ અથવા લૌકિક સ્વાર્થવૃત્તિ જેટલી ઓછી રખાય, તેટલું કામ વધારે સારૂં કરી શકીએ. આપણી મનઃસ્થિતિ જેટલી વધારે શાંત હોય છે, તેટલો આપણને વધારે લાભ થાય છે અને કાર્ય પણ આપણે વધારે પ્રમાણમાં કરી શકીએ છીએ.

જ્યારે આપણી લાગણીઓને આપણે ઉશ્કેરાઈ જવા દઈએ છીએ, યાને જ્યારે આપણે રાગવશ બનીએ છીએ, ત્યારે આપણી શક્તિનો મોટો ભાગ ખોટે માર્ગે ખર્ચાઇ જાય છે; આપણા સ્નાયુઓ ઢીલા પડી જાય છે; ચિત્તવૃત્તિ ચંચળ બની જાય છે અને પરિણામે આપણે બહુ થોડું કામ કરી શકીએ છીએ. જે શક્તિ કાર્યરૂપે પરિણત થવી ઉચિત હોય છે, તે વૃથા લાગણીમાત્રમાં ખર્ચાઈ જતાં તેનો તેટલો અપવ્યય થાય છે અને તેથી કંઈજ ફાયદો થતો નથી. મન જ્યારે સાવ શાંત અને એકાગ્ર હોય ત્યારેજ તેની તમામ શક્તિ કામ સારૂં કરવા પાછળ ખર્ચાય છે. દુનિયાએ નિપજાવેલા મહાન પુરુષોનાં જીવનચરિત્રો વાંચશો, તો આ વાત તરત સમજાઇ જશે કે, તેઓ બધાજ અજાયબી ઊપજે તેવા શાંત નર હતા. તેમના મનનું સમતોલપણું જાણે કશાથીજ ક્ષુબ્ધ થતું નહિ; તેમના મનની શાંતિમાં ખળભળાટ મચાવવાની જાણે કોઈનામાં કે કશામાં તાકાતજ નહોતી. ક્રોધને વશ બનનાર માણસથી વધારે કાર્ય કદી નથી કરાતું, અને કોઇ પણ સંજોગોમાં ક્રોધવશ ન થનાર આદમી વધારે અને સારૂં કામ કરવા શક્તિમાન થાય છે, તેનું રહસ્ય આજ છે. ક્રોધ, દ્વેષ ઇત્યાદિ વિકારોની લગામ છૂટી મૂકનાર આદમી આ જગતમાં કંઈ મહાન કાર્ય કરી શકતો નથી, તેની શક્તિમાત્રના ચૂરેચૂરા થઇ જાય છે અને તેનાથી કંઇજ મહત્ત્વનું કાર્ય નીપજતું નથી અર્થાત્ જગતની અંદર શાંત, ક્ષમાવાન અને સ્થિરચિત્તવાળા નરોજ વધારેમાં વધારે અને સારામાં સારૂં કાર્ય કરી શકે છે.

વેદાંત માત્ર એક આદર્શનો ઉપદેશ આપણને કરે છે અને એ આદર્શ આપણે જાણીએ છીએ તેમ સત્ય વસ્તુસ્થિતિથી અથવા સાત્ત્વિક વ્યાવહારિકતાથી બહુ વેગળો હોય છે મનુષ્યસ્વભાવમાં બે પ્રકારની વૃત્તિઓ હોય છે. એક તો આદર્શની સાથે

જીવનનો તોડજોડ કરી મેળ બેસાડવાની; અને બીજી એ કે, જીવનને ઉન્નત કરી આદર્શની કક્ષાએ પહોંચવાની. આ બે વૃત્તિઓનો ભેદ યથાર્થ સમજી લેવો ઉચિત છે; કેમકે નહિ તો પ્રથમ વૃત્તિ યાને આદર્શનો તડજોડ કરી જીવન સાથે ઘટાવી દેવાની, કિંબહુના, આપણા મત મુજબ આદર્શને ઉતારી પાડવાની લાલચ આપણને થઇ આવવાની દહેશત છે. મને લાગે છે કે, હું અમુક પ્રકારનું ખાસ કામ કરી શકીશ, અને તે કામ હું હાથ ધરૂં છું. એ કામનો અધિકાંશ ભાગ ખરાબ હોય અને એ અધિકાંશ ભાગની પાછળ ક્રોધ, લોભ કે સ્વાર્થરૂપી વિકાર પણ હેતુરૂપે હોય એ બનવાજોગ છે. હવે એકાદ સજ્જન મારી પાસે આવીને મને અમુક આદર્શનો ઉપદેશ કરે અને તે આદર્શ પામવાના પ્રથમ પગથિયા તરીકે સ્વાર્થવૃત્તિનો અને સ્વસુખનો ત્યાગ કરવાનું કહે, તો મને તરતજ એમ લાગવાનું કે, એ આદર્શ અવ્યાવહારિક છે, પણ એને બદલે મારી સ્વાર્થવૃત્તિને પોષક અથવા બંધબેસતો થઇ પડે એવો આદર્શ મૂકનારો કોઇ મળી આવશે, તો તરતજ હું તે આદર્શને વધાવી લઇશ અને ખુશી ખુશી થઇ કૂદવા મંડીશ; અને કહીશ કે, "બસ, એજ મારો આદર્શ છે." "શાસ્ત્રીય" શબ્દના સંબંધમાં લોકો જેમ ફાવે તેમ ગોટાળો કરે છે—અર્થાત્ પોતાના મતને મળતું આવે તેટલું શાસ્ત્રીય અને બીજું બધું અશાસ્ત્રીય; તેમ આ "વ્યાવહારિક" શબ્દની બાબતમાં પણ પોતાની વૃત્તિઓને અનુકૂળ આવે તેટલું વ્યાવહારિક અને બાકી બધું અવ્યાવહારિક, એવો ગોટાળો લોકો કરે છે. આવી સંકુચિત અહંવૃત્તિને લીધે મારૂં એટલું શાસ્ત્રીય અને તમારૂં એટલું અશાસ્ત્રીય એવું પણ અનેક સ્વાર્થી લોકો કહે છે. પોતાને જે વાત વ્યવહારોપયોગી લાગતી હોય તેજ વાત એકલી જાણે દુનિયાભરમાં વ્યાવહારિક અથવા શાસ્ત્રીય ન હોય એમ સ્વાર્થ-

સાધક મનુષ્યને લાગ્યા કરે છે. હું જો એક સ્વાર્થી દુકાનદાર હોઉં, તો મને એમજ લાગશે કે દુકાનદારી એજ એકલો વ્યાવહારિક ધંધો દુનિયામાં છે. જો હું ચોર હોઇશ, તો મને એમજ લાગ્યા કરશે કે ચોરીનો ધંધો કરવો એજ દુનિયામાં વ્યાવહારિક બનવાનું સર્વોત્તમ સાધન છે; બીજા બધાજ રસ્તા અવ્યાવહારિક છે. આ ઉપરથી તમે સમજી શકશો કે, જે વાતો આપણને મનગમતી હોય અને જે આપણે કરી શકતા હોઇએ, તે વાતો માટેજ આપણે આ 'વ્યાવહારિક' શબ્દનો પ્રયોગ કેમ કરીએ છીએ? અર્થાત્ દુનિયામાં વ્યાવહારિક શબ્દનો ઉપયોગ કેવી રીતે થાય છે તે આ ઉપરથી તમે સમજી શકશો. જે વાત અને જે વસ્તુ આપણને મનગમતી હોય અને જે આપણે કરી શકતા હોઇએ, તેનેજ આપણે વ્યાવહારિક કહી ઓળખાવીએ છીએ; તેથી વેદાંત અત્યંત વ્યાવહારિક છે, એમ હું જે કહું છું તે તેના સાધારણ અર્થમાં નહિ, પણ તેના વિશિષ્ટ અર્થમાંજ તમારે સમજવાનું છે; એટલે કે, વેદાંત અતિ વ્યવહારગમ્ય છે. એ વાકયમાં 'વ્યવહારગમ્ય' શબ્દ તેના સાધારણ અર્થમાં નથી સમજવાનો, પણ તેના આદર્શના હિસાબમાં વેદાંત પણ વ્યવહારગમ્ય વિષય છે, એમ સમજવાનું છે. વેદાંતનો આદર્શ ગમે તેટલો ઉચ્ચ કાં નથી હોતો, પણ જગતની આગળ તે અસંભવિત આદર્શ તો નથીજ મૂકતું. વસ્તુતઃ તો આદર્શ નામને લાયક તો જે સધાવો શકય હોય તેજ આદર્શ છે. એક શબ્દમાં કહીએ તો "તું તે દિવ્યરૂપ છે" યાને "तत्त्वमसि" એજ એનો આદર્શ છે. આ "तत्त्वमसि" એજ વેદાંતનો સાર છે. વેદાંતની સઘળીજ ગલીકૂંચીઓ અને બુદ્ધિના વ્યાયામોમાંથી પસાર થતાં તમને જે જાણવાનું મળે છે, તે એજ કે મનુષ્યનો આત્મા શુદ્ધ અને સર્વવ્યાપી છે; અને તેથી આત્માની બાબતમાં જન્મવા–મરવાનું કહેવું એ બિલકુલ બેહૂદું અને

અર્થહીન છે. આત્મા કદાપિ જન્મ્યો નથી અને કદાપિ મરશે પણ નહિ. તેથી આપણને મોત આવશે એમ કહીને આપણે મોતથી જે બીએ છીએ તે કેવળ વહેમ અને કુસંસ્કારનું પરિણામ છે; તેમ આપણે ફલાણું કરી શકીએ ને ઢીંકણું ન કરી શકીએ—એવા ખ્યાલો પણ મિથ્યા ભ્રમમાત્ર છે. આપણે બધુંજ કરવા શક્તિમાન છીએ. માનવીઓને વેદાંતનો પ્રથમ ઉપદેશ એજ છે કે, "તમારી જાતમાં વિશ્વાસ રાખો યાને આત્મશ્રદ્ધા સેવો." વેદાંત કહે છે કે, "જે જન પોતાની અંદર વિશ્વાસ નથી રાખતો તે નાસ્તિક છે." અર્થાત્ પોતાના આત્માના ગૌરવમાં વિશ્વાસ ન કરવો તેને વેદાંત નાસ્તિકતા કહી ઓળખાવે છે. વેદાંતનો આ ખ્યાલ અનેક જણને બેશક ભયાનક ભાસશે અને આપણામાંનાં ઘણાંખરાંને એમ પણ લાગશે કે, આવી જાતના આદર્શને કદાપિ પહોંચી શકાયજ નહિ; પણ વેદાંત આગ્રહપૂર્વક જણાવે છે કે, પ્રત્યેક જણથી તે આદર્શનો સાક્ષાત્કાર કરી શકાય તેમ છે. આ આદર્શના સાક્ષાત્કારની આડે કશુંજ આવી શકે તેમ નથી—સ્ત્રી, પુરુષ, બાળક કિંવા વર્ણ કે લિંગના ભેદ, કશુંજ એને બાધક નીવડે તેમ નથી. આબાલવૃદ્ધ સર્વ કોઈ તેનો સાક્ષાત્કાર કરી શકે તેમ છે; કારણકે વેદાંતે પૂરવાર કરી બતાવ્યું છે કે, "એ આત્મજ્ઞાનનો અત્યાર આગમચ ક્યારનોયે સાક્ષાત્કાર થઈ ચૂક્યો છે, એ આત્મતત્ત્વ સદાસર્વદા તમારી અંદર રહેલુ છે."

જગતની બધીજ સત્તાઓ અને શક્તિઓ મૂળથીજ આપણી છે; છતાં આપણેજ પોતાના હાથ પોતાની આંખો આડા રાખી ચિલ્લાઈરહ્યાં છીએ કે, "અંધારું છે. દેખાતું નથી." એક વાર સારી પેઠે સમજી લો કે, આપણી આજુબાજુ અંધકારનું નામનિશાન નથી. આંખો આડેથી તમારા હાથ ખસેડી લો, એટલે તરતજ ઝળહળતું અજવાળું નજરે પડશે. એ અજવાળું નવેસર ક્યાંયથી

આવ્યું નથી, પણ તે મૂળથકીજ છે. તમારા હાથના અંતરાયને લીધે તમને તે જણાતું નહોતું એટલુંજ. અંધકાર તેમજ દુર્બળતા જેવું કદાપિ હતું નહિ, છે નહિ અને હશે નહિ. આપણે મૂર્ખાઓ અમસ્થા બૂમો પાડીએ છીએ કે, "અમે દુર્બળ છીએ, અમે અપવિત્ર છીએ." આ પ્રમાણે વેદાંત ભારપૂર્વક જણાવે છે કે, વેદાંતના આદર્શ વ્યવહારગમ્ય છે, એટલુંજ નહિ પણ તે પરાપૂર્વથીજ તેવો ચાલ્યો આવ્યો છે–એ આદર્શ યાને એ વાસ્તવિકતા એ તો આપણો અસલ સ્વભાવ છે. બીજું બધું તમે જે જુઓ છો, તે તમામ મિથ્યા અને અસત્ છે. તમે જ્યારે જ્યારે બોલો છો કે, "હું એક પામર મર્ત્ય મનુષ્ય છું" ત્યારે ત્યારે તમે એક જૂઠાણું બોલો છો, એમજ સમજો; એમ કહીને તમે તમારી જાતને છેતરો છો, એટલુંજ નહિ પણ નજરબંધીની જાદૂઈ હિકમતથી તમે તમારી જાતને પામર કરી દો છો, એમજ સમજજો.

એ વાત હમેશાં લક્ષમાં રાખવી જોઇએ કે, અત્યારના આપણા માયામય મિથ્યા જીવનની સાથે આદર્શનો મેળ બેસાડવાનો વેદાંતે જરાય પ્રયત્ન કર્યો નથી. વેદાંત તો ઊલટું કહે છે કે, આ મિથ્યાજીવન બિલકુલ નષ્ટ થવું જોઇએ અને તેને સ્થાને વાસ્તવજીવન–શાશ્વત અસ્તિત્વ ધરાવતું વાસ્તવ જીવન વ્યક્ત થઇને ઝળહળ પ્રકાશવું જોઇએ. કોઇ માણસ વધુ ને વધુ શુદ્ધ બને છે એમ કહેવું ખોટું છે; શુદ્ધિ તો મૂળ થકીજ તેની અંદર સ્વભાવસિદ્ધ રહેલી છે, માત્ર તે હવે વધુ પ્રમાણમાં વ્યક્ત થાય છે એટલુંજ. આત્માની આડે આવેલો પડદો સરી પડે છે એટલે તેની સ્વભાવસિદ્ધ વિશુદ્ધિ અથવા પવિત્રતા પ્રકાશવા માંડે છે. અનંત પવિત્રતા, અનંત મુક્તિ, અનંત પ્રેમ અને અનંત શક્તિ–એ બધુંજ આપણું છે–રે ! આપણને તે સ્વભાવસિદ્ધ છે.

વેદાંત વળી એવું પણ છાતી ઠોકીને જણાવે છે કે, એના એ આદર્શનો સાક્ષાત્કાર માત્ર અરણ્યોમાં કે નિર્જન ગિરિગહ્વરોમાં રહીનેજ પ્રાપ્ત કરી શકાય છે, એવું નથી; પરંતુ વ્યવહારની હરકોઇ સ્થિતિમાં પ્રવૃત્ત થયેલાં પણ તેનો સાક્ષાત્કાર પામી શકે છે. એ તો આપણે આગળ જોઇજ લીધું છે કે, એ આદર્શનાં સત્યો શોધી કાઢનારાઓ અરણ્યવાસી કે કંદરાવાસી નહોતા; એટલુંજ નહિ પણ જીવનની સામાન્ય પ્રવૃત્તિઓ કરતાં વધારે અટપટી પ્રવૃત્તિઓમાં અહર્નિશ નિમગ્ન રહેનારા હતા. એ રાજવી શોધકોના માથા પર સૈન્યસંચાલનની, તેમજ લાખો પ્રજાજનોનાં કલ્યાણની મહાન જવાબદારીઓ રહી હતી. વળી તે જમાનો કેવો હતો તેનો પણ ખ્યાલ કરો! રાજાની રાજ્યસત્તા તે જમાનામાં કેવળ અનિયંત્રિત કિંવા અમર્યાદિત હોઈ રાજ્યની તમામ જવાબદારીઓ તેના શિર પર હોવાથી રાજ્યવ્યવહારના એકેએક અંગ પર તેને પૂરતું લક્ષ રાખવું પડતું હતું. તે વખતના રાજા એટલે અત્યારના રાજા જેવા શોભાના ગાંઠિયા નહોતા; પણ રાજકાજમાં કંઠપર્યંત ડૂબી રહેલા અને પ્રવૃત્તિપરાયણ હતા. આમ હોવા છતાં તે રાજવીઓને આ ગહન સત્યો વિચારી કાઢી તેનો સાક્ષાત્કાર મેળવવાની તેમજ મનુષ્યજાતિમાં તેનો પ્રચાર કરવાની ફુરસદ મળી હતી, તો પછી આપણે માટે તો એ આદર્શ કેટલો બધો વ્યવહારગમ્ય કહેવાય? આપણાં જીવન એ રાજવી શોધકોનાં જીવનની તુલનામાં તો છેકજ ફુરસદવાળાં લેખાય; છતાં આપણે એ સત્યોનો સાક્ષાત્કાર નથી કરી શકતાં એ આપણે માટે અતિ શરમની વાત છે. પ્રાચીનકાળના એક સર્વસત્તાધીશ સમ્રાટ કરતાં આપણી જરૂરિયાતો અને જવાબદારીઓ નહિ જેવી છે. વળી કુરુક્ષેત્રની રણભૂમિ પર વિપુલ સૈન્યને દોરનાર અર્જુનની તુલનામાં પણ આપણી જરૂરિયાતો નજીવી છે.

સમરક્ષેત્રમાં અર્જુનની જવાબદારી અને જરૂરિયાતો કેટલી બધી ભારે હશે તે તો કલ્પીજ લેજો; છતાં પણ એ યુદ્ધભૂમિના હોકારા અને કોલાહલની વચ્ચે પણ અર્જુનને એ સર્વોત્તમ તત્ત્વજ્ઞાનને સમજવાની અને તેને પોતાના જીવનમાં ત્યાં ને ત્યાંજ ઉતારી દેખાડવાની ફુરસદ મળી શકી હતી; તો પછી આપણે આખી જિંદગીમાં થઇને નિદાન તેટલું કરી બતાવવાને તો બચિતજ શક્તિમાન થવું જોઇએ; આપણાં જીવન રામ, કૃષ્ણ અને અર્જુન જેવા રાજપુરુષોની અનેકવિધ રોકાણો અને જવાબદારીઓ તરફ જોતાં પ્રમાણમાં વધારે ફુરસદવાળાં, સરળ અને સગવડભર્યાં છે. સમયનો જો આપણે ખરેખરોજ સદુપયોગ કરવા માગતાં હોઇએ, તો તો આપણામાંનાં ઘણાંખરાંને આપણે ધારીએ છીએ તેના કરતાં વધારે અવકાશ મળે છે. ખરી રીતે તો આપણને એટલો બધો અવકાશ છે કે જો ઇચ્છા હોય તો આ જિંદગીમાં આપણે એક તો શું પણ બસો આદર્શોને પ્રાપ્ત કરી શકીએ. પણ યાદ રાખો કે, આદર્શને આપણી કલ્પના પ્રમાણે ઉતારી પાડવો એ બિલકુલ ગેરવાજબી છે. આ માર્ગમાં વિચરતાં એક ફસામણ આવે છે તે એ કે, કેટલાક પેટભરા અથવા તો सर्वे गुणाः कांचनमाश्रयंते અર્થાત્ ધનધાન્યાદિક અને ભોગવૈભવનેજ સર્વોપરી સમજી અધિકાધિક લોભલાલચમાં ડૂબ્યે જનારા પામર લોકો આવીને આપણી મિથ્યા જરૂરિયાતોને તથા મિથ્યા કામનાઓને પોષે તેવાં વિવિધ કારણો, મીઠી મીઠી વાણીમાં આપણી આગળ રજૂ કરે છે અને તે સાંભળીને આપણને એમ થઇ આવે છે કે, " બસ, આ લોકોના આદર્શ જેવાજ આદર્શની આપણને જરૂર છે." પરંતુ તેમ કરવું ઉચિત નથી. વેદાંતનો ઉપદેશ એવો જરાય નથી. વેદાંત તો એમજ શિખવાડે છે કે, " પ્રત્યક્ષ જીવનને આદર્શ સાથે ઘટાવો અને વર્તમાન જીવનને અનંત જીવનની

સાથે ઘટાવો યાને તેમને એકરૂપ બનાવો."

આ એકત્વ અથવા એકતાનો આદર્શ એજ વેદાંતનો કેંદ્રસ્થ આદર્શ છે, એ વાત હમેશાં સ્મરણમાં રાખો. દ્વૈત જેવું કશામાં નથી; બે પ્રકારનું જીવન ક્યાંય નથી, તે એટલે સુધી કે બે જુદાંજુદાં જગતો માટે પણ બે જાતનાં જુદાં જીવન નથી. શરૂઆતમાં વેદો સ્વર્ગ, નરક અને ઇતર લોકોની વાતો કરતા તમને માલૂમ પડશે; પણ પાછળથી તેમના તત્ત્વજ્ઞાનનું ઊંચામાં ઊંચું તત્ત્વ તેમને પ્રાપ્ત થયા પછી એ બધીજ વાતોને તેઓ કલમના ઝટકાથી છેકી નાખે છે અને કહેવા મંડી જાય છે કે, જીવન એક છે, જગત એક છે અને સત્ કહેતાં અસ્તિત્વ પણ એકજ છે. જે છે તે બધુંજ એક છે; જણાતો તફાવત પ્રમાણુગત છે, પ્રકારગત નથી. આપણાં જીવનમાં જણાતો તફાવત પ્રકારગત નથી યાને પ્રકારની બાબતમાં આપણાં જીવન જુદાં પડતાં નથી. પશુનાં જીવન માનવજીવન કરતાં નોખાં છે અને માનવીઓના ખોરાક તરીકે વાપરવા સારૂજ ઈશ્વરે પશુઓને પેદા કર્યાં છે—એવા ખ્યાલોનો વેદાંત સાવ ઇન્કાર કરે છે, કિંબહુના, એવા વિચારોને વેદાંત ધુતકારી કાઢે છે.

કેટલાક લોકોએ દયાવશ બનીતમારે ત્યાં "જીવિત વ્યવચ્છેદનિવારિણી સભા" × નામની સભા સ્થાપેલી છે. એ સભાના એક સભ્ય મહાશયને મેં સવાલ કર્યો કે, "ભાઇ! તમારા ભોજન અર્થે અગણિત પશુહત્યા થાય તેને તમે સંપૂર્ણ ન્યાયસંગત ગણો છો, તો પછી વૈદકવિજ્ઞાનના અખતરા માટે એકાદબે પશુઓનો વધ કરવામાં આવે તેનો તમે આવડો વિરોધ શાને

× "એન્ટીવિવિસેકશન સોસાયટી"—એટલે કે વૈદ્યક પ્રયોગશાળાઓમાં પ્રયોગ કરતી વખતે જીવંત પ્રાણીઓ પર જે વાઢકાપ કરી ઘાતકીપણું દર્શાવવામાં આવે છે, તેનો વિરોધ કરનારી સભા.

કરો છો ?" તેણે જવાબ આપ્યો કે, "જીવિતવ્યવચ્છેદ યાને પ્રયોગો માટે પશુઓને રિબાવી રિબાવીને મારવાં એ અત્યંત ભયંકર કામ છે, પણ ખોરાક તરીકે તો તેઓ નિર્માણ થયેલાં છે." કેવો ભયંકર અને ભ્રમજનક ખ્યાલ! વસ્તુતઃ તો પશુઓ પણ એજ એકમાત્ર અખંડ સત્તાના અંશો છે. મનુષ્યનું જીવન જો અમર અને અનંત છે, તો પશુઓનું જીવન પણ તેવુંજ છે. જે તફાવત છે તે પ્રમાણમાં છે અને નહિ કે પ્રકારમાં. એક ક્ષુદ્ર જીવાણુ અને હું એકરૂપ છીએ. જણાતો તફાવત પ્રમાણનો હોઇ પ્રકારનો નથી, અને એ જણાતો તફાવત પણ સર્વોચ્ચ જીવનની દૃષ્ટિએ જોતાં તો ઊડીજ જાય છે. ઘાસના તણખલા અને એક નાના છોડ વચ્ચે મનુષ્યને ભેદ ભલે દેખાય, પણ પર્વતના સર્વોચ્ચ શિખર પર ચઢીને જોતાં તો ઘાસનાં તણખલાં તેમ મોટાં મોટાં તરુવરો સુધ્ધાં લગભગ એકસરખાંજ જણાય છે. તેથી સર્વોચ્ચ આદર્શની દૃષ્ટિએ તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીનું અને ઉચ્ચમાં ઉચ્ચ મનુષ્યનું જીવન એકસરખું છે. ઇશ્વર છે, એવું જો તમે માનતાજ હો, તો તો પશુઓ તેમજ સર્વોચ્ચ પ્રાણીઓ જે મનુષ્યો તે એકરૂપ-એકસરખાં હોવાં જોઇએ, એ પણ તમારે માનવું પડશે. કેમકે પશુઓ અને મનુષ્યો બધાંજ એક ઈશ્વરનાં સંતાન છે. તેથી જે ઈશ્વર મનુષ્ય નામે ઓળખતાં પોતાનાં સંતાનો પ્રત્યે પક્ષપાતભરી કૃપા બતાવે અને અવાક્ પ્રાણીઓને નામે ઓળખાતાં પોતાનાંજ બીજાં સંતાનો પ્રત્યે નિર્દયતા દાખવે એ ઈશ્વર ઇશ્વર નહિ પણ દાનવ કરતાં પણ બૂરો હોવો જોઇએ. હું તો મારે એવા પક્ષપાતી ઈશ્વરને ભજવા કરતાં કંઇ સેંકડો વખત મરવાનું વધારે પસંદ કરૂં; એટલુંજ નહિ પણ મારૂં સારૂંય જીવન એવા ઈશ્વર સાથે યુદ્ધ મચાવવામાં ગાળું. પરંતુ વસ્તુતઃ તેમ છેજ નહિ. ઇશ્વર એવો પક્ષપાતી મુદ્દલ નથી. તેમ

છે એવું કહેનારા લોકો બિનજવાબદાર, હૃદયશૂન્ય અને સત્ય જ્ઞાન નહિ જાણનારા છે. હવે, એક બીજો કિસ્સો હું તમને સંભળાવું છું કે જેની અંદર પણ 'વ્યવહારગમ્ય' શબ્દ ખોટા અર્થમાં વપરાય છે. ધારો કે, હું પોતે ચુસ્ત અમાંસાહારી કદાચ નથી, પણ તેના ઉચ્ચ આદર્શની મને સંપૂર્ણ સમજ છે. માંસભક્ષણ કદીમદી કરવું પડે છે, ત્યારે હું જાણું છું કે ખોટું થાય છે. કેટલાક સંજોગોમાં માંસભોજન કર્યા વગર છૂટકોજ નથી થતો, ત્યારે પણ મને ખબર રહે છે કે ઘાતકી કામ થાય છે. હવે, મારા એવા વર્તન માટે મારા પર આક્ષેપ કરવા કોઇ છાતીચલો બહાર પડે, તો મારે અમાંસાહારના ઉન્નત આદર્શને સ્થિતિસંજોગો સાથે ઘટાવીને મારી એ નબળાઇભરી વર્તણુંકનો ખોટો બચાવ ન કરવો જોઇએ. આદર્શ એજ છે કે, માંસાહાર ન કરવો, ને કોઇ પણ પ્રાણીને ઇજા ન પહોંચાડવી; કેમકે પ્રાણીમાત્ર મારાં ભાંડુ છે. પશુઓને જો તમારા ભાંડુવત્ લેખી શકતા થાઓ, તો તો પશુપ્રાણીના બંધુત્વની દિશામાં તમે કંઈક આગળ વધ્યા છો, એમ કહી શકાય. બાકી મનુષ્યના બંધુત્વ વિષે તો કંઈ કહેવાનુંજ નથી; એની તો માત્ર બચ્ચાંનાં રમકડાં જેવી હજી વાતોજ થાય છે. ઘણાને ગળે આ વાત નથી ઊતરતી કારણકે તે તેમને વર્તમાન પરિસ્થિતિનો ત્યાગ કરી દઈ આદર્શ તરફ ઊંચે ચઢવાનો ઉપદેશ કરે છે; પણ તેમનીજ આગળ જો એક એવો સિદ્ધાંત મૂકવામાં આવે કે જે તેમના વર્તમાન આચરણને બંધબેસતો હોય, તો તેને તરતજ તેઓ અપનાવી લેશે અને કહેશે કે, "કેવો વ્યવહારગમ્ય આદર્શ!"

દેખાદેખી રૂઢિરિવાજ પ્રમાણે વર્તવાની ભયંકર વૃત્તિ મનુષ્યસ્વભાવમાં રહેલી છે, તેથી પુરાણા ચીલામાંથી એકે ડગલું આગળ ભરતાં આપણને કંઈનું કંઇ થઇ જાય છે; તેમ કરવાનું

આપણુને મુદ્દલ પણ ગમતુંજ નથી. બરફમાં થિજાઇને મૃત્યુ-વશ થયેલા જે લોકોના સંબંધમાં મારા વાંચવામાં આવ્યું હતું, તેમની સ્થિતિનો ખ્યાલ આવતાં મને એમજ લાગે છે કે, આ મનુષ્યજાતિની પણ તેવીજ દશા છે. નિદ્રાધીન દશામાં બરફમાં સપડાયલાં મનુષ્યોને ઊઠવાનું કહેતાં તેઓ કહે છે કે, " અમારે ઊંઘવું છે, અમને ઊંઘવા દો," અને એમને બરફ-ના ઢગલામાંથી ખેંચી કાઢવાનો પ્રયત્ન કોઇ કરે છે, તો તેઓ કહે છે કે, " અમને સૂવા દો, અહા ! બરફના ગદેલા પર પોઢ-વામાં કેવી મજા પડે છે ! " આપણો મનુષ્યોનો સ્વભાવ પણ આવોજ છે. આખું જીવન આપણે તેમ કરતાં આવ્યાં છીએ અને પગથી માથા સુધી થિજાવા આવ્યાં છતાં આપણુને ઊંઘવા-નુંજ ગમ્યા કરે છે. આ કંગાલ દશામાંથી છૂટવા માટે તમારે આ આદર્શને પહોંચવા ખાઇપીને મંડવું જોઈએ. તે વખતે એ ઉચ્ચ આદર્શને તમારા મનની સપાટી પર ઉતારી દેવાની ઇચ્છાવાળો કોઇ શખ્સ આવીને એવો ધર્મ બતાવે કે જેની અંદર એ ઉચ્ચ આદર્શ ન હોય, તો તેનું કહ્યું મુદ્દલ કાને ધરશો ના. મારે માટે તો નિદાન એવો ઉચ્ચ આદર્શરહિત ધર્મ અવ્યવહારૂ હોવાનો. એવા ધર્મનું આચરણ હું કરી શકુંજ નહિ; પણ કોઇ શખ્સ આવીને ઊંચામાં ઊંચા આદર્શવાળો ધર્મ મારી આગળ મૂકે તો તેને સાંભળવા હું ખડે પગે તૈયાર રહું. માટે જે ધર્મ ઇંદ્રિયોના વિલાસો અને ઇંદ્રિયોની નબળાઇઓને છાવરવા-નો પ્રયત્ન કરતો હોય એવા ધર્મથી અને એવા ધર્મોપદેશકથી સદા સાવધાન રહો. ઇંદ્રિયોના ગુલામ બનીને તો આપણે આપણી જાતને માટીનાં ઢેફાં જેવી નિર્માલ્ય અને અસહાય કરી મૂકી છે. એવી અસહાય દશાવાળા જે આપણે, તેની આગળ આવીને કોઈ આવી જાતના ઇંદ્રિયપોષક ધર્મનો ઉપદેશ કરે અને આપણે તે

પ્રમાણે ચાલીએ, તો તો પ્રગતિના ખરા પંથે આપણે કદાપિ ચઢી શકીએજ નહિ. આવી આવી તો અનેક વાતો મેં જોઈ છે. મને દુનિયાદારીનો પણ કંઇક અનુભવ છે અને મારૂં વતન એક એવો મુલક છે કે જ્યાં ધર્મના પંથો ચોમાસામાં ઊગતા બિલાડીના ટોપની માફક વધ્યે જાય છે. અમારે ત્યાં પ્રતિવર્ષ નવા ધર્મપંથો ઊભા થાય છે; પરંતુ તેમાં એક વાત મારા હૈડામાં ખાસ વસી ગઇ છે કે, જે ધર્મો ભોગપરાયણ મનુષ્ય અને સત્યજ્ઞાનપરાયણ મનુષ્યની વચ્ચે બાંધછોડ કદાપિ નથી કરતા યાને સત્યજ્ઞાનના ઉચ્ચ આદર્શને ભોગપરાયણતાની નિકૃષ્ટ કોટિએ ઉતારી પાડવાનો મુદ્દલ પ્રયત્ન નથી કરતા, તેઓજ આગળ વધી શકે છે. ભોગપરાયણ વૃત્તિઓની સાથે ઉચ્ચ આદર્શનો મેળ બેસાડવાનો યાને ઇશ્વરને મનુષ્યની કોટિમાં ઉતારી પાડવાનો ખોટો ખ્યાલ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં ત્યાં પતન અવશ્ય નજરે પડે છે. માણસને દુનિયાદારીના ગુલામની કક્ષામાં નહિ ઉતારી પાડવો જોઇએ, યાને માણસને સંસારાસક્ત માણસજ નહિ રહેવા દેવો જોઇએ; પણ માણસને માણસ મટાડી ઈશ્વર બનાવવો જોઇએ.

સાથે સાથે આ પ્રશ્નોને એક બીજી પણ બાજુ છે. આપણે કોઇનો તિરસ્કાર કરવો ન જોઇએ કે કોઇને હડધૂત કરવા ન જોઇએ; કેમકે આપણા સઘળાનુંજ પ્રયાણ એક લક્ષ્યબિંદુ તરફ થઇ રહ્યું છે. નિર્બળતા અને સબળતા વચ્ચેનો તફાવત માત્ર પ્રમાણનો છે. સ્વર્ગ અને નરક તેમ જીવન અને મૃત્યુ વચ્ચેનો તફાવત પણ પ્રમાણનો છે. જગતની અંદર જણાતા તફાવત માત્ર પ્રમાણના છે, પ્રકારના નહિ; કેમકે એકત્વ એજ બધાંનું રહસ્ય છે. વિચાર અગર જીવન અથવા આત્મા કે શરીર તરીકે જે જે કંઇ વ્યક્ત થયેલું છે, તે બધું એ એકત્વજ હોઇ, જણાતો

તફાવત માત્ર પ્રમાણનો છે, પ્રકારનો નહિ. આથી કરીને જેટલા પ્રમાણમાં આપણો વિકાસ થયો હોય તેટલા પ્રમાણમાં જેમનો વિકાસ થયો ન હોય, તેમના પ્રત્યે તિરસ્કારની નજરે જોવાનો કે તેમને ધુતકારી કાઢવાનો આપણને કશોજ અધિકાર નથી. કોઇને પણ ધુતકારો નહિ. તમારાથી તેમને કોઇ જાતની મદદ થઇ શકે તેમ હોય તો કરો, નહિ તો હાથ જોડીને તમારાં એ ભાંડુઓનું ભલું વાંચ્છો અને તેમને તેમના માર્ગે નિર્વિઘ્ને વિચરવા દો. કોઇને ઉતારી પાડવું કે ગાલિપ્રદાન કરવું, એ કામ કરવાની ખરી રીત ન હોય. એ રીતે કોઇજ કાર્ય જોઇએ તેવું સિદ્ધ થતું નથી. બીજાંને ગાળો દઇ તેમને દૂષિત ઠરાવવામાંજ આપણી બધી શક્તિઓ ખર્ચાઈ જાય છે. ટીકાખોરી અને નિંદાખોરીમાં આપણી શક્તિઓનો વ્યય કરવો કેવળ મિથ્યા છે. આપણી શક્તિઓના વ્યય માટે એ ખરો રસ્તો નથી, કારણકે અંતે તો આપણને એ જ્ઞાન થાય છેજ કે, આપણા બધાયની નજર એકજ વસ્તુ તરફ દોડી રહી છે અને ધીરે ધીરે કે ઉતાવળે ડગલે પણ આપણે એકજ આદર્શની સમીપ ગમન કરી રહ્યાં છીએ અને આપણી વચ્ચે જણાતા ઘણાખરા તફાવતો માત્ર ઉચ્ચારણભેદનાં પરિણામ છે.

પાપનોજ ખ્યાલ લો. એને વિષે વેદાંતનો ખ્યાલ કેવો છે તે તો હું તમને કહી ગયો છું. હવે બીજો સાધારણ ખ્યાલ એવો છે કે મનુષ્ય પાપી છે. એ બન્ને ખ્યાલો વસ્તુતઃ તો એકજ છે. ભેદ માત્ર એટલોજ છે કે, એક હકારાત્મક પક્ષનું સમર્થન કરે છે અને બીજો નકારાત્મકનું. પહેલો ખ્યાલ મનુષ્યને તેના બળનું ભાન કરાવે છે અને બીજો તેની દુર્બળતાનું ભાન કરાવે છે. વેદાંત કહે છે કે, નબળાઈ હોય તો ભલે રહી; તેની લેશ પણ પરવા ન કરો. આપણે તો બસ આગળ વધવાજ માગીએ છીએ,

એ રોગ તો મનુષ્યના પ્રાકટ્ય સાથેજ માલૂમ પડ્યો હતો. પ્રત્યેક જણને પોતાના રોગનું ભાન છે, યાને આપણા રોગ શા છે તે કહી બતાવવાને કોઇની જરૂર નથી. પરંતુ આપણે રોગિષ્ઠ છીએ, રોગિષ્ટ છીએ, એમ આખો દહાડો મનન કર્યા કરવાથી કંઇ નીરોગી થઇ જવાશે નહિ. નીરોગી બનવા માટે તો ઓષધ અને પરહેજીની જરૂર છે. આપણે બહારની ઉપાધિ માત્ર ભૂલી જઇએ, બહારના જગત આગળ એવો ડોળ કરવાનો પણ પ્રયત્ન કરીએ કે અમે નીરોગી છીએ, અમે સબળ છીએ; કિંતુ આપણા હૃદય-ના ઊંડાણમાં તો આપણે બધાજ આપણી નબળાઇઓ શી શી છે તે જાણતાં હોઇએ છીએ. એ બધી વાત ખરી, છતાં વેદાંત કહે છે કે, દુર્બળતાની વારંવાર ઝંખના કર્યા કરવાથી ઝાઝો લાભ થતો નથી. એ રોગનો ખરો ઉપાય તો એજ છે કે, રોગી-ને બળના ઘૂંટડા પાયા કરો; અને બળ, કંઈ નબળાઇનો આખો દહાડો વિચાર કર્યા કરવાથી આવતું નથી. નબળાઇનો રામબાણ ઉપચાર નબળાઇનું સતત મનન કર્યા કરવું એ નથી, પણ બળ-નો ને શક્તિનો વિચાર અને ઉપાય કર્યા કરવો એ છે. માટે મનુષ્યને હમેશાં બળનોજ ઉપદેશ કરો; કે જે બળ અસલથી-જ તેમની પોતાની અંદર રહેલું છે. મનુષ્યો પાપી છે એમ કહે-વાને બદલે વેદાંત એથી વિરુદ્ધ પક્ષનું પ્રતિપાદન કરે છે અને કહે છે કે, પાપ એ તો આત્માના નિકૃષ્ટ પ્રતિના આવિષ્કાર છે, તમારા આત્માને ઉત્કૃષ્ટ પ્રતિના આવિષ્કારમાં વ્યક્ત કરો. આપણે જે યાદ રાખવાનું છે તે આજ છે; અને એ તો આપણા બધાથીજ થઈ શકે તેવું છે. "ના" એવું કદાપિ કહો નહિ; "મારાથી નહિ બને" એમ પણ કદાપિ કહો ના; કારણકે તમે તો અનંત અને સર્વશક્તિમાન છો. કાળ અને દેશ યાને સમય અને સ્થાન પણ તમારા સ્વભાવની તુલનામાં કંઇ ગણતરીનાં નથી. તમે બધું અને

સર્વ કંઇ કરી શકો તેમ છો. રે! તમે તો સર્વશક્તિમાન છો.

આ તો જાણે ઉન્નત નીતિશાસ્ત્રના સિદ્ધાંતોની વાત થઇ; પણ હવે આપણે જરા નીચી ભૂમિકા પર આવી તેની વિગતોની ચર્ચા કરીશું અને સમજી લઇશું કે, આ વેદાંતનું જ્ઞાન આપણા નિત્ય-જીવનમાં, નાગરિક જીવનમાં, પ્રાંતિક જીવનમાં, રાષ્ટ્રીય જીવનમાં અને પ્રજામાત્રના ગૃહજીવનમાં કેવી રીતે આચારમાં મૂકી શકાય; કારણકે જો કોઇ ધર્મ મનુષ્યને તેની હરકોઇ સ્થિતિમાં સહાયભૂત ન થાય, તો તે ધર્મનો વિશેષ ઉપયોગ નથી; એવો ધર્મ તો ગણ્યાંગાંઠયાં માણસો માટે માત્ર બકવાદનોજ વિષય રહેવાનો. મનુષ્યજાતિને મદદ કરવા ઇચ્છનાર ધર્મે તો હરકોઈ સ્થિતિસંજોગોમાં તેની મદદે ધાવા ખડે પગે તત્પર રહેવું જોઇએ. પછી મનુષ્ય દાસત્વની દશામાં કે મુક્તાવસ્થામાં, અધમતાના ઊંડા ખાડામાં કે પવિત્રતાનાં ઊંચાં શિખરો પર કાં નથી હોતો! હરકોઈ સ્થાને અને હરકોઇ પ્રસંગે તેની મદદે ધાવાની ધર્મમાં તાકાત હોવીજ જોઇએ. આ મહાન કામ માટે વેદાંત પોતાની લાયકાત પૂરવાર કરી આપે છે અને વેદાંતની એ લાયકાતથી તેના સિદ્ધાંતો અગર ધર્મનો આદર્શ પરિપૂર્ણ સિદ્ધ થાય છે.

આત્મશ્રદ્ધાનો યાને આપણી પોતાની ઉપર વિશ્વાસ રાખવાનો આદર્શ આપણને અત્યંત સહાયભૂત થાય છે. આ આત્મશ્રદ્ધાનો પાઠ જો વધારે બહોળી રીતે પ્રચાર પામ્યો હોત અને આચારમાં મુકાયો હોત, તો હું ખાતરીપૂર્વક માનું છું કે અત્યારે અસ્તિત્વ ધરાવતા આપણા અનર્થો અને દુઃખોનો ઘણો મોટો ભાગ અસ્તંગત બન્યો હોત. મનુષ્યજાતિના સમગ્ર ઇતિહાસમાં દૃષ્ટિપાત કરીશું, તો આપણને જણાયા વગર નહિ રહે કે, જગતનાં મહાન સ્રીપુરુષોની મહત્તાના મૂળમાં કોઇ પણ ગુણ જો વધારે કાર્યકર નીવડયો હોય, તો તે ગુણ આત્મશ્રદ્ધાનોજ હતો. પોતે મહાન

થવાનાં છે એવા જ્ઞાન સાથે જન્મેલાંઓ—એ આત્મશ્રદ્ધાની ગળથૂથી ધાવેલાં મનુષ્યો—અવશ્ય મહત્તાને પામ્યાં છે. મનુષ્યને જવું હોય તેટલો નીચે જવા દો, પણ એક સમય તો જરૂર એવો આવશે કે જ્યારે સ્થિતિ છેકજ નિરાશામય લાગતાં, તે મરણિયો થઇને ઉન્નતિને રસ્તે વળશે અને પોતાની જાતમાં શ્રદ્ધા રાખવાનું શીખશે. પરંતુ આ વાત આપણે પહેલેથીજ જાણી લઇએ તે સારૂં છે. આત્મશ્રદ્ધા પ્રાપ્ત કરવા માટે અનુભવોરૂપી કડવી ગોળીઓ ગળવાની શી જરૂર છે? મનુષ્ય મનુષ્ય વચ્ચે આપણને જે કંઇ ભેદ જણાય છે, તે આ આત્મશ્રદ્ધાની હાજરી કે ગેરહાજરીને લીધે હોય છે, એ તો આપણાથી સહજ સમજી શકાય તેવું છે. આત્મવિશ્વાસથી સર્વ કંઇ થઇ શકે છે. મારી પોતાની જિંદગીમાં મને એનો અનુભવ થયો છે, હજી પણ થતો રહે છે અને હું જેમ જેમ વયમાં વધતો જાઉં છું, તેમ તેમ મારો આત્મવિશ્વાસ વધારે ને વધારે ખીલતો જાય છે. જે પોતાની જાતમાં નથી માનતો યાને જેને આત્મવિશ્વાસ નથી તે નાસ્તિક છે. જૂના ધર્મો ઇશ્વરની અંદર શ્રદ્ધા નહિ રાખનારને નાસ્તિક કહી ઓળખાવતા; પણ નવો ધર્મ કહે છે કે, આત્મશ્રદ્ધા વગરના માણસને નાસ્તિક સમજો. કોઇ કહેશે કે, એ શ્રદ્ધા તો સ્વાર્થપરાયણ કહેવાય તો કે ના. સ્વાભાવિક આત્મશ્રદ્ધાથી સ્વાર્થપરાયણતાનો દોષ નથી આવતો, કેમકે વેદાંતનો પ્રધાનસૂર એકતાનો છે. તેથી વેદાંતની દૃષ્ટિએ તો આત્મશ્રદ્ધા એટલે કે 'સાર્વત્રિક શ્રદ્ધા.' કારણકે તમે બધાં એકજ છો. તમારી જાત માટે પ્રેમ એટલે બધાંને માટે પ્રેમ—મનુષ્યો માટે, પશુઓ માટે અને બધાંને માટે; કેમકે તમે બધાંજ એકસ્વરૂપ છો. તે એક એવી મહાશ્રદ્ધા છે કે જે જગતને વધારે સારૂં બનાવશે એ નિઃશંક છે. તમારા આ દેહપિંજરની પૂંઠે હજી કેટલી શક્તિ, કેટલી સત્તા અને કેટલું સામર્થ્ય છુપાઈ

રહ્યાં છે, તેનું તમને ભાન છે ખરૂં? મનુષ્યની અંદર રહેલી તમામ શક્તિઓનું પૂરેપૂરૂં ભાન હજી કયા ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રી-ને થયું છે વારૂ? મનુષ્ય આ ધરાધામ પર પહેલવહેલો આવ્યો તે વાતને લક્ષાવધિ વર્ષો વીતી ગયાં છે; છતાં તેનાં શક્તિ અને સામર્થ્યનો અતિસામાન્ય અંશજ હજી યથાવત્ પ્રકાશમાં આવ્યો છે; એટલા માટે તમારે એમ કદી ન કહેવું કે, તમે નબળા છો, અશકત છો. આ સપાટી પર જણાતી નબળાઈ અને અનીતિની પાછળ કેવી કેવી શકિતઓ અને શકયતાઓ રહેલી છે, તેની તમને શી રીતે ખબર પડે વારૂ? તમારી અંદર જે છે, તેનો અતિ અલ્પ ભાગ તમને અત્યારે વિદિત છે; કારણકે તમારી પૂંઠે તો અનંત-શકિત અને અનંત આનંદનો અફાટ મહાસાગર પડેલો છે.

"आत्मा वारे श्रोतव्यः।" અર્થાત્ કે સર્વાંતર્યામી પરમાત્મા વિષેજ સાંભળવું જોઇએ. રાત ને દિવસ સાંભળ્યા કરો કે, "તમે આત્મા છો, તમે આત્મા છો." તમારી ધમનીઓદ્વારા પ્રત્યેક રક્તકણમાં વહીને તમારા અસ્થિમજ્જામાં અને રોમેરોમમાં ઓત-પ્રોત થાય નહિ, ત્યાંસુધી એનો જાપ અહર્નિશ જપ્યા કરો. તમારા અંગપ્રત્યંગને એ મહાન આદર્શથી રંગાવા દો કે, "હું પોતે અજ, અવિનાશી, આનંદમય, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, નિત્યજ્યોતિર્મય આત્મા છું." રાત ને દિવસ તેનું મનન કરો; તમારા જીવનના અણુએ અણુમાં વ્યાપી જાય નહિ, રે! જીવન-સર્વસ્વ બની જાય નહિ, ત્યાંસુધી એ મહામંત્રનો જપ કર્યાજ કરો. એના ચિંતનથીજ પ્રકૃત કાર્ય કરવા તમે સમર્થ બનશો. "હૃદયમાં ભરપટ હોય છે તો મુખ ઉચ્ચરે છે," તેવી રીતે હૃદય ભરપટ હોય છે ત્યારેજ હાથ કાર્ય કરે છે. કાર્ય તો થશે; પણ તે પહેલાં તમારા હૃદયને આ મહાન આદર્શથી ભરપૂર બનાવો અને જે કંઇ કરો તેના પર સંપૂર્ણ રીતે વિચાર કરો. એ સુવિ-

ચારના પ્રભાવથી તમારાં બધાંજ કર્મો મહત્તાપૂર્ણ બની દેવતાઈ રૂપમાં રૂપાંતર પામશે. જડ દ્રવ્ય શક્તિમાન છે, તો વિચાર સર્વ-શક્તિમાન છે. તેથી એ વિચારનો તમારા જીવન પર પ્રભાવ પડવા દો અને તમારી જાતને સર્વશક્તિમત્તા, મહત્તા અને ગૌરવના વિચારથી ભરી કાઢો. ઇશ્વરેચ્છાએ તમારા ભેજામાં કુ-સંસ્કારો અને વહેમોનું ભૂત ભરાયું ન હોત તો કેવું સારૂં થાત! ઇશ્વરેચ્છાએ આ કુસંસ્કાર અને વહેમોના પ્રભાવથી અને દુષ્ટતા તથા દુર્બળતાના ખ્યાલોથી આપણે જન્મ થકીજ ઘેરાયા ન હોત તો કેવું સારૂં થાત! એ પરમ અને સર્વશ્રેષ્ઠ ઉમદા સત્યોને પ્રાપ્ત થવાનો કોઇ વધારે સહેલો અને સુગમ માર્ગ મનુષ્યજાતિને માટે ઇશ્વરે નિર્માણ કર્યો હોત તો કેવું સારૂં! પણ અત્યારે તો મનુષ્યોને આજ રસ્તે થઈ વટાવાનું છે; તેથી તમારી પાછળ આવનારાંને માટે એ માર્ગ વધારે દુર્ગમ કરી મૂકશો નહિ.

આ સિદ્ધાંતો લોકોને ઘણી વાર ભયંકર ભાસે છે; આવા વિચારોથી ભડકતા લોકોને હું પિછાનું છું, પણ જેમને ખરા વ્યાવહારિક બનવું છે, તેમને માટે તો એજ પ્રથમ પાઠ છે. 'તું નબળો છું' એમ તમારી જાતને કે અન્ય કોઇને પણ કદાપિ કહો નહિ. તમારાથી બની શકે તો ભલુંજ કરો, પણ દુનિયાને હાનિ તો નજ પહોંચાડો. ભૂતપિશાચ જેવું કોઇ અસ્તિત્વ નથી એ વાત તમે સારી પેઠે જાણતા હો છો, તથાપિ અંધકારમાંથી તમારે જવાનું થાય છે કે લાગલો તમારા હૃદયમાં ભયનો સહેજ-સાજ સંચાર તો થાય છેજ. આનું કારણ માત્ર એટલુંજ કે, આપણી બાલ્યાવસ્થાની અંદર એવી જાતના બધા ભયભરેલા ખ્યાલો આપણા મસ્તિષ્કમાં ઠસાવવામાં આવ્યા હોય છે. પરંતુ એવી એવી વાતો તમારાં બચ્ચાંઓને કે બીજાઓને, સમાજના ડરથી કે જાહેર જનમતના ડરથી, મિત્રોની અવકૃપાના ડરથી કે

રૂઢિનાશના ભયથી પણ કદાપિ શિખવાડશો ના. એવા બધાજ કુસંસ્કારો ને વહેમો પર કાબૂ મેળવો, ને તેમના દાસ નહિ પણ માલિક બનો. જગતના ઐક્યભાવ અને આત્મશ્રદ્ધા સિવાય વધારે શીખવા કે શીખવવા જેવું પણ ધર્મમાં શું છે? હજારો વર્ષ થયાં મનુષ્યજાતિનાં બધાંજ કાર્યો એ એકજ લક્ષ્યબિંદુની દિશામાં થઈ રહ્યાં છે–અર્થાત્ કે એ ધ્યેયની પ્રાપ્તિ માટે મનુષ્યજાતિ આજ હજારો વર્ષથી પ્રયત્ન કરી રહી છે અને હજી પણ કર્યે જાય છે. અત્યારે એ વારી તમારી છે અને તમને તો એ સત્યનું જ્ઞાન કયારનું'ય થઈ ચૂકેલું છે. કેમકે અત્યારે તો ચોમેરથી એનું શિક્ષણ અપાઇ રહ્યું છે. એકલાં દર્શનશાસ્ત્ર અને માનસશાસ્ત્રજ નહિ, પણ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો પણ એજ વાત પોકારી પોકારીને કહે છે. એવો કયો વિદ્વાન શાસ્ત્રી અત્યારે જીવે છે કે જે આ જગતના ઐક્યભાવનું યાને જગતની એકરૂપતાનું સત્ય કબૂલતાં ડર ખાય? અનેક જગતોની વાત કરવાની હામ કોની ચાલી શકે તેમ છે? એવા એવા બધાજ ખ્યાલો ભ્રમમાત્ર છે. જીવન જોઇએ તો એકજ છે; જગત જોઈએ તો તે પણ એકજ છે; અને એકજ જીવન તથા એકજ જગત આપણને અનેકરૂપે પ્રતીત થાય છે. એ અનેકત્વનો ભાસ તો સ્વપ્નના ભાસ જેવો મિથ્યા છે. તમને જયારે સ્વપ્નાવસ્થા લાધે છે ત્યારે એક સ્વપ્નું ખલાસ થતાં બીજું આવીને ઊભું રહે છે; પણ તે વખતે કંઈ તમે સ્વપ્નની દુનિયામાં વસતા નથી, યાને સ્વપ્નમાં તમે જે કંઇ જુઓ છો, તે સાચું હોતું નથી. એ રીતે તમને એક પછી બીજું સ્વપ્ન આવીને વિવિધ દૃશ્યો દેખાડે છે, પણ તે જાગૃતાવસ્થા માટે સાચાં નથી. આ જગતના સંબંધમાં પણ એવોજ પ્રકાર છે. અત્યારે આ જગત પંદર આની દુઃખરૂપ અને એક આની સુખરૂપ ભાસે છે અને થોડાક કાળ પછી તે કદાચ પંદર આની સુખરૂપ

અને એક આની દુઃખરૂપ ભાસશે; ત્યારે આપણે તેને સ્વર્ગ કરી ઓળખીશું. પરંતુ સિદ્ધ સંતપુરુષ માટે એક વખત એવો આવે છે કે જ્યારે તેને મન આ સારોય જગતપ્રપંચ અદૃશ્ય બની જઈ સાક્ષાત્ ઈશ્વરરૂપ ભાસે છે અને ઈશ્વરજ તેનો પોતાનો આત્મા છે એવું ભાન સ્ફુરે છે. માટે અનેક જગતો અને અનેક જીવનો છે, એવું વસ્તુતઃ છેજ નહિ. આ બધુંજ અનેકત્વ એ એકનોજ આવિર્ભાવ છે. એ એકજ બ્રહ્મ અનેકરૂપે-ભૂત(જડ)રૂપે, ચેતનરૂપે, મનરૂપે, વિચારરૂપે અને અન્ય સર્વ કંઇ રૂપે આવિર્ભૂત થાય છે. એ એકજ બહુરૂપે પ્રકાશે છે. તેથી વ્યાવહારિકતાની દિશામાં સૌથી પ્રથમ પગલું આપણે ભરવાનું છે તે એજ કે આ પરમ સત્યનું જ્ઞાન આપણી જાતને તેમજ બીજાં સર્વને કરાવવું.

આ મહાન આદર્શથી દુનિયાને એક વાર ગૂંજવા દો અને કુસંસ્કારો માત્રનો ખોડો નીકળી જવા દો. જે જનો પોતે નબળાં હોય અને પોતાની નબળાઇનું વારંવાર કથન કરતાં હોય તેમને કહો કે, “ભાઇ રે! તું તો પવિત્ર બ્રહ્મરૂપ છે; ઊઠ જાગૃત થા; હે મહાન! તને આ નિદ્રા છાજે નહિ. જાગૃત થા અને ઊઠ, આમ સૂઇ રહેવું તને શોભે નહિ. તું દુર્બળ અને દુઃખી છે એવું ધારજ નહિ. હે સર્વશક્તિમાન! ઊઠ, જાગૃત થા અને તારો સ્વભાવસિદ્ધ ધર્મ વ્યક્ત કર. પોતાને દુર્બળ માનવાનું તને છાજતું નથી.” દુનિયાને તેમજ તમારી પોતાની જાતને આમ કહો, અને જુઓ કે તેનું કેવું વ્યાવહારિક પરિણામ નીપજે છે; જુઓ કે કેવા વિદ્યુતવેગથી બધુંજ પરિવર્તિત બની જઇ પ્રકાશવા માંડે છે. મનુષ્યજાતિને આ સત્ય સમજાવો અને તેમ કરીને તેમની સત્તાનું તેમને ભાન કરાવો. તેમ થશે ત્યારેજ આપણને આ ઉચ્ચ આદર્શને આપણા રોજના જીવનવ્યવહારમાં લાગુ પાડતાં આવડશે.

વિવેકને વાપરતાં શીખવાને યાને જીવનની પ્રત્યેક ક્ષણે અને જીવનના પ્રત્યેક કાર્યમાં સારાં કે નઠારાં અને સાચાં કે જૂઠાંનો ભેદ પારખવા શક્તિમાન બનવાને સારૂ આપણને સત્યની કસોટી કરતાં આવડવું જોઇએ. સત્યની કસોટી વિશુદ્ધતા અને એકતા છે; તેથી એકતાને પોષક બધુંજ સત્ય છે. પ્રેમ સત્ય છે અને દ્વેષ અસત્ય છે; કેમકે દ્વેષજ અનેકત્વનો ભાવ ઉત્પન્ન કરે છે; દ્વેષજ એક મનુષ્યને બીજાથી વિખૂટો પાડે છે; માટેજ તે ખરાબ અને ખોટો છે. તે એક વિચ્છેદક શક્તિ હોઇ ભેદભાવ અને નાશને નોતરે છે.

ત્યારે પ્રેમ એક એવી વસ્તુ છે કે જે ભેદને સાંધે છે, ને એકતાને સાધે છે. તમે બધાં જે એકરૂપ થાઓ છો—મા પોતાના બચ્ચા સાથે, કુટુંબો ગામ કે નગર સાથે અને મનુષ્યસૃષ્ટિ પશુ-સૃષ્ટિ સાથે જે એકરૂપ થાય છે—તે આ પ્રેમનાજ પ્રતાપે; કારણકે પ્રેમ એજ વાસ્તવ અસ્તિત્વ છે, યાને સાક્ષાત્ પ્રભુ છે અને આ બધું એ એક પ્રેમનુંજ ઓછુંવત્તું વ્યક્ત સ્વરૂપ છે. ઉપલક નજરે ભાસતો તફાવત માત્ર પ્રમાણની અંદર રહેલો છે; બાકી મૂળમાં તો તે એકજ પ્રેમ જ્યાં ત્યાં વિરાજમાન છે. તેથી સત્યની કસોટી એજ છે કે, આપણા પ્રત્યેક કાર્યમાં આપણે એ તપાસતાં રહેવું જોઇએ કે, આપણને તે ભેદના તરફ ઘસડી જાય છે કે એકતા તરફ? જે કાર્ય આપણને જુદાઈ તરફ લઇ જતું હોય તે અસત્ય છે એમ માની તેનો તરતજ ત્યાગ કરવો ઘટે અને જે કાર્ય એકતા ભણી પ્રગતિ કરાવતું હોય, તે સાચું અને સારૂં છે એમ નિશ્ચયપૂર્વક સમજવું. : આપણા વિચારોની બાબતમાં પણ આવોજ પ્રકાર છે. આપણા વિચારો આપણને ભેદભાવ અને વિવિધતા ભણી ઘસડી જાય છે કે ઐક્યભાવ અને એકરૂપતા તરફ, તેનો આપણે નિર્ણય કરી લેવો જોઇએ. જો એકતા તરફ

લઇ જતા હોય-આત્માને આત્મા સાથે જોડતા હોય અને જગત પર ઐક્યનો પ્રભાવ પાડતા હોય, તો તે વિચારો પવિત્ર હોઇ ગ્રાહ્ય છે; જો તેથી વિરુદ્ધ હોય, તો તે દૂષિત અને ત્યાજ્ય છે.

વૈદાંતિક નીતિશાસ્ત્રનો સમગ્ર સાર એજ છે કે, તે કોઇ અજ્ઞેય વસ્તુ પર આધાર રાખતું નથી, તેમ કોઈ અજ્ઞાત વસ્તુનો ઉપદેશ કરતું નથી; પણ ઉપનિષદની ભાષામાં તે કહે છે કે, "જે ઇશ્વરની તમે અજ્ઞાત ગણીને ઉપાસના કરો છો, તેનોજ હું તમને બોધ આપું છું." આત્મા વડે યાને આત્માદ્વારાજ તમને કોઇ પણ વસ્તુનું જ્ઞાન થાય છે. એક ખુરશી મારી નજરે પડે છે, પણ એ ખુરશી છે એવું જ્ઞાન થવા માટે પ્રથમ તો મારે મારી જાતને જોવી પડે છે અને તેમ કર્યા પછીજ મને ખુરશીનું ભાન થાય છે. આત્માની ભીતર અને આત્મામાં થઇનેજ ખુરશીનું ભાન થાય છે. આત્માની ભીતર અને આત્મા વાટેજ મને તમારૂં તેમજ સમસ્ત સંસારનું જ્ઞાન થાય છે. તેથી આ આત્મા અજ્ઞાત છે એમ કહેવું એ કેવળ અર્થરહિત બકવાદ છે. સ્વ અથવા આત્માને ખસેડી લો કે આખું વિશ્વજ અલોપ થઈ જશે. જેમકે "આપ મૂઆ પીછે ડૂબ ગઇ દુનિયા." અર્થાત્ કે જ્ઞાનમાત્ર આત્માની ભીતર અને આત્માની વાટેજ થાય છે. આ પરથી સિદ્ધ થાય છે કે, આત્મા એ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાત પદાર્થ છે, તમે જેને "હું" કહો છો, તેજ તમારૂં "સ્વ" છે, યાને તેજ તમે છો. અને એ વાતથી તમને નવાઈ ઊપજશે કે આ મારૂં "હું" એજ તમારૂં તેમ આખા જગતનું પણ "હું" છે. એમ કેમ હશે વારૂ? આ મારૂં કે તમારૂં મર્યાદિત "હું" અમર્યાદિત અનંત બની જાય છે, એ જોઇજાણી તમે નવાઈ પામશો; પણ વસ્તુતઃ તેમજ છે. વિશ્વભરમાં વ્યાપેલું આ "હું" અમર્યાદિત અનંતજ છે. મર્યાદિત "હું" એ તો માત્ર ભ્રમ છે. અમર્યાદિત અનંત "હું"

ઉપર જે આવરણુ પડેલું છે, તેમાંથી તેનોજ અલ્પાંશ ભાગ આ મર્યાદિત "હું" તરીકે વ્યક્ત થાય છે. બાકી અમર્યાદિત અનંતને મર્યાદા કે અંતનાં બંધનો કદાપિ બાધકર્તા નીવડે નહિ; એ તો ખાલી ભ્રમ છે. તેથી આ "સ્વ" અથવા આત્મા અગર ઇશ્વરનું જ્ઞાન આપણુ બધાંયને–સ્ત્રી, પુરુષ ને બાળક તો શું, પણુ પશુ પ્રાણી સુધ્ધાંતને છે. એનું જ્ઞાન હોયા વગર આપણે જીવી કે હાલીચાલી શકીએ નહિ કે આપણી હયાતી સરખી હોય નહિ. એ સર્વેશ્વર પ્રભુના જ્ઞાન વગર એક પળવિપળ પણુ આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચલાવી શકીએ નહિ કે જીવી શકીએ નહિ. એટલા માટે વેદાંતનો ઇશ્વર તો અન્ય સકળ પદાર્થ કરતાં સવિશેષ જ્ઞાત હોઇ ખાલી કલ્પનાના પરિણામરૂપ નથી.

આને જો તમે 'વ્યવહારગમ્ય ઈશ્વર'ના બોધ તરીકે નહિ ઓળખો, તો પછી 'વ્યવહારગમ્ય ઈશ્વર'નું જ્ઞાન તમને બીજું તે કોણુ કરાવી શકશે? હું મારી પોતાની નજર સમક્ષ જે ઇશ્વરને જોઉં છું અને જે ઇશ્વર સર્વવ્યાપક હોઇ આપણી ઇંદ્રિયો અને ઇંદ્રિયજન્ય વિષયો કરતાં વધારે પ્રકૃત છે, તેના કરતાં તે વધારે વ્યવહારગમ્ય ઈશ્વર બીજો કયાં છે? કારણુ તમેજ તે છો. સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પરમાત્મા તે તમેજ છો. આ વાતનો તમારાથી ઇનકાર થઈ શકે તેમ હોય તો માનજો કે, હું અસત્ય કહું છું. પણુ મને ખાતરી છે કે હું તેને જાણું છું–પછી તેનો સાક્ષાત્કાર મને પ્રત્યેક પળે થયા કરતો હોય કે ન હોય તે જુદી વાત છે, પણુ મેં તેને જાણ્યો છે. તે સૃષ્ટિમાત્રનું અખંડ એકત્વ છે, પ્રાણીમાત્રનું અને અસ્તિત્વમાત્રનું તે સત્ય સ્વરૂપ છે.

વેદાંતનાં આ સઘળાં નીતિતત્ત્વોની હજી પણુ વિગતવાર આલોચના કરવાની છે; માટે તમારે ધૈર્યનું અવલંબન કરવું

જોઈશે. એ તો હું તમને કહીજ ગયો છું કે, આ વિષયને આપણે વિગતવાર સંપૂર્ણ રીતે ચર્ચવા માગીએ છીએ, કે જેથી કરી અતિ નિકૃષ્ટ પ્રતિના વિચારોમાંથી પ્રગતિ થતાં થતાં એકતાનો આ મહાન આદર્શ કેવી રીતે વિકસવા પામ્યો અને વિશ્વપ્રેમના રૂપમાં તે કેવી રીતે પરિણત થયો, તે બરાબર સમજી શકાય. શંકાના ભયનું નિવારણ કરવા માટે એ બધા વિચારોનો આપણે અભ્યાસ કરવો જોઇએ. ખરી વાત છે કે, છેક નીચેના પગથિયાથી એની સમાલોચના કરવા જેટલો વખત તેમ ધૈર્ય દુનિયાને ન હોય, પણ આપણે દોડતાં દોડતાં સર્વોચ્ચ શિખર પર પહોંચી જઇએ ને આપણી પાછળ આવનારાંને આપણે પસાર કરી ગયેલા સત્ય પક્ષનું એક વાર પણ નિદર્શન ન કરાવી શકીએ, તો પછી આપણું એ સર્વોચ્ચ શિખર પર ઊભું રહેવું કામનું પણ શું? તેથી બહેતર છે કે, આપણે તેની ક્રમવાર આલોચના કરીએ. એમ કરતાં પ્રથમ તો એના બૌદ્ધિક અથવા વિચારભાગને સમજી લેવાની જરૂર છે. જો કે હૃદયના ભાવ આગળ વિચારની કંઇ કિંમત નથી એ વાત આપણે જાણીએ છીએ, છતાં વિચારભાગને પણ સમજી લેવાની જરૂર છે. આખરે તો હૃદયના ભાવનીજ કિંમત સવિશેષ છે. હૃદયદ્વારાજ ભગવાનનાં દર્શન પામી શકાય છે; વિચાર કિંવા બુદ્ધિદ્વારા નહિ. બુદ્ધિ તો સાફસૂફ કરનાર ઝાડુવાળાનું કામ કરે છે. આપણો રસ્તો તે સાફસૂફ કરે છે અને પોલીસની માફક ચોકીપહેરો ભરે છે અને તેથી તેનું સ્થાન આ ક્ષેત્રમાં ગૌણ છે; પણ સમાજના અંતિમ ભલા માટે પોલીસનું પ્રયોજન અનિવાર્ય હોય એવું પણ નથી. પોલીસનું કામ તો એટલુંજ હોય છે કે ધાંધલ થતું અટકાવવું અને ગુના ઉપર અંકુશ રાખવો; બુદ્ધિનું કામ પણ આવુંજ છે. કોઇ વિચારપ્રધાન પુસ્તકોનો તમારે અભ્યાસ

કરવાનો આવે છે, ત્યારે તેનો અભ્યાસ પૂરો કરી રહેતાંજ તમે છુટકારાનો દમ ખેંચો છો અને ઉદ્‌ગાર કાઢો છો કે, "સારૂં થયું જે છૂટયા;" કારણકે બુદ્ધિ આંધળી છે અને તેને હાથ કે પગ કંઈ ન હોવાથી તે પોતાની જાતે હાલીચાલી શકતી નથી; અર્થાત્ કે હૃદયનો ભાવજ ખરો કામનો છે. હૃદયનો ભાવ વિદ્યુતપ્રવાહ કે અન્ય કશાયના કરતાં અનંતગણા ચડિયાતા વેગથી ચાલે છે. તમને એવો ઉગ્ર ભાવ છે? -એ એક સવાલ છે. જો હશે, તો તો પ્રભુનાં દર્શન તમને અવશ્ય થશે. તમારામાં આજે જે કંઇ ભાવ છે તેજ ભાવ પ્રબળ થઈને ઉચ્ચથી ઉચ્ચતર બનશે અને દિવ્યતાને પામી સર્વશ્રેષ્ઠ ભૂમિકાને પ્રાપ્ત થશે અને અંતે બધાંને માટે તમને ભાવ ઉત્પન્ન થઇ સર્વ એકરૂપ જણાશે. એવો ભાવ સ્થિર થતાં ઈશ્વરનો અનુભવ તમને તમારાજ હૃદયમાં અને ભૂતમાત્રમાં થશે. બુદ્ધિથી આ કામ કદાપિ થઇ શકતું નથી. "વિવિધ શબ્દપ્રયોગનું કૌશલ્ય અને શાસ્ત્રના વિવિધ અર્થો ઉપજાવવાનું કૌશલ્ય, એ તો કેવળ પંડિતોના આનંદ માટે છે, મુક્તિ માટે નથી."

તમારામાંથી જેમણે થોમસ-આ-કેમ્પીનું "ઇસુખ્રિસ્તનું અનુસરણ" એ નામનું પુસ્તક વાંચ્યું હશે, તેમને સમજાયું હશે કે, એ પુસ્તકના પ્રત્યેક પૃષ્ઠ પર આ હૃદયભાવની બાબત પર તેણે કેવો ભાર મૂક્યો છે. જગતના લગભગ બધાજ સંતપુરુષોએ તેમ કર્યું છે. આ ઉપરથી કોઇએ એમ સમજવાની ભૂલ નથી કરવાની કે, બુદ્ધિની બિલકુલ જરૂર નથી. બુદ્ધિ અથવા વિચારશક્તિ વગર આપણે નાના પ્રકારના ભ્રમના ખાડામાં અટવાઈ પડીએ તેવો ભય છે. બુદ્ધિ એવા ભયનું નિવારણ કરે છે એટલુંજ. બુદ્ધિ અથવા વિચારશક્તિ પર આ ઉપરાંત વધારે મદાર બાંધવાની ભૂલ રખે કરતા. આ વિષયમાં બુદ્ધિની સહાય

કેવળ ગૌણુ અને અકાર્યકર છે. ખરી અને કાર્યકર મદદ તો હૃદયના ભાવની અંદર સમાયેલી છે. તમને બીજા માટે ભાવ ઉત્પન્ન થાય છે? જો તેમ થતું હોય તો તમે એકતાના માર્ગમાં આગળ વધી રહ્યાં છો એમ માનજો. જો તેમ ન થતું હોય, તો તમે આ પૃથ્વી પર મહાનમાં મહાન બુદ્ધિશાળી હશો તોપણુ જો તમારા હૃદયમાં ભાવ જાગતો ન હોય તો વસ્તુતઃ તમારી કોડી જેટલી પણુ કિંમત નથી. રે! તમારૂં જીવવું ફોક છે. તમારી હયાતી શુષ્ક બુદ્ધિના ગાંઠિયા સમાન છે, અને તેવીજ રહેવાની; અને જો તમારા હૃદયમાં સાચો ભાવ જાગ્યો તો તમને વાંચતાંલખતાં નહિ આવડતું હોય તોપણુ કે કોઇ ભાષાનું વિશિષ્ટ જ્ઞાન પણુ નહિ હોય તોપણુ તમે ખાતરી રાખજો કે તમે ખરા માર્ગ પર જઈ રહ્યાં છો અને પ્રભુ તમારો પોતાનો છે.

દુનિયાના મહાન પયગંબરોની ખરી શક્તિ શામાં રહી હતી તે શું આપણે જગતના ઇતિહાસ પરથી નથી જાણી શકતા? એમની શક્તિ શું બુદ્ધિમાં રહી હતી? તેમાંના એકાદે પણુ તત્ત્વજ્ઞાન કે અટપટા તર્કશાસ્ત્રના વિષય પર એકાદો સુંદર ગ્રંથ પણુ રચ્યો હતો? ના, ના; એકેયે નહિ. તેમણે માત્ર થોડાક ગણ્યાગાંઠ્યા શબ્દોનું ઉચ્ચારણુજ કર્યું હતું અને છતાં જગત તેમના ચરણે નમ્યું હતું. ક્રાઇસ્ટના જેવો હૃદયભાવ રાખો અને તમે ક્રાઈસ્ટ બની જશો; બુદ્ધના જેવો ભૂતપ્રેમ સેવો અને તમે બુદ્ધ બની જશો; અર્થાત્ સાચો હૃદયભાવજ-સાચો સ્નેહજ જીવન, બળ અને ચૈતન્ય છે; સાચા હૃદયભાવ વગરનું ગમે તેટલું બુદ્ધિકૌશલ્ય પણુ ઈશ્વરપ્રાપ્તિ માટે નિરર્થક છે. નરબુદ્ધિ એ તો સંચાલનશક્તિરહિત મોટરના ખોખા સમાન છે. હૃદયનો ભાવ તેમાં પેસે છે અને તેનામાં ગતિનો સંચાર કરે છે, ત્યારેજ તે હલચલ કરી કામ આપી શકે છે. દુનિયાભરમાં એવોજ

પ્રકાર છે; આ વાત તમારે સદાસર્વદા સ્મરણમાં રાખવાની છે. વેદાંતના નીતિશાસ્ત્રમાં આ એક અત્યુત્તમ વ્યવહારગમ્ય તત્ત્વ છે, કેમકે વેદાંતનો એ ઉપદેશ શીખવે છે કે, "તમે બધાજ પયગંબરો છો અને પયગંબરો થવાજ જોઇએ." કોઇ પણ ગ્રંથ તમારા વર્તન કે આચારનું પ્રમાણ નથી; પણ તમેજ તે ગ્રંથના પ્રમાણરૂપ છો. ગ્રંથ સત્યજ શીખવે છે એવું તમે શા ઉપરથી કહી શકો ? તો કે તમે પોતે સત્ય છો અને સત્ય અનુભવો છો તે પરથી. વેદાંત જે કહે છે તે આજ છે. દુનિયાના ક્રાઇસ્ટો અને બુદ્ધોની સર્વોત્તમતા અને સિદ્ધતાનું પ્રમાણ શું છે ? તો કે એજ કે તમે અને હું તેમના જેવીજ સહાનુભૂતિ અને સ્નેહ (કિંચિત અંશમાં પણ) ધરાવીએ છીએ. તમે અને હું તેમને સાચા સમજીએ છીએ તેનું કારણ આજ છે. આપણો પયગંબર–આત્મા તેમના પયગંબરપણાની સાક્ષી પૂરે છે. તમારો ઈશ્વરી આત્મા એજ ઈશ્વરનું પ્રમાણ છે. તમે પોતે જો એક પયગંબર ન હો, તો ઈશ્વરને લગતી કોઇજ વાત સાચી નથી. તમે પોતેજ જો ઈશ્વર ન હો, તો કોઈ ઈશ્વર ભૂતકાળમાં હતો નહિ, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં હશે પણ નહિ. આજ આદર્શને અનુસરવાનું વેદાંત આપણને કહે છે. આપણામાંના પ્રત્યેક જણને પયગંબર બન્યા વગર છૂટકોજ નથી; કેમકે તમે પ્રથમથી તેવા છોજ, માત્ર તેને જાણો એટલીજ વાર છે. આત્મા માટે ફલાણું અશક્ય છે, એવું તો કદાપિ ધારો નહિ. આત્માની બાબતમાં 'અશક્ય' જેવો શબ્દ શબ્દકોષમાં છેજ નહિ. એવો ખ્યાલ સરખો આવવો એ મોટામાં મોટી નાસ્તિકતા છે.



४–व्यावहारिक वेदांत–भाग २ जो×

એક બાળકને જ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થઇ તે વિષે એક અતિ પ્રાચીન વાત છાંદોગ્ય ઉપનિષદમાં છે, તે આજે હું તમને કહી બતાવવા માગું છે. એ વાર્તાનું સ્વરૂપ જોઇએ તેવું પરિપક્વ નથી, છતાં તેની અંદર અમુક સિદ્ધાંત તો સમાયેલો છે, એ વાત નિર્વિવાદ છે. એક નાના છોકરાએ પોતાની માને કહ્યું: "બા! હું વેદાભ્યાસ કરવા ગુરુજી પાસે જાઉં છું; મને મારા પિતાજીનું નામ તથા મારા વર્ણ અને ગોત્રનું નામ કહે." હવે, એ માતા પરણેલી સ્ત્રી નહોતી અને હિંદુસ્તાનમાં એવો ધારો છે કે, અપરિણીત સ્ત્રીનું બાળક વર્ણરહિત યાને વર્ણસંકર લેખાય છે; એટલે કે સમાજની અંદર તેનો અંગીકાર થતો નથી અને વેદાભ્યાસનો પણ તેનો અધિકાર મનાતો નથી. તેથી તે બિચારી માતાએ કહ્યું કે, "બેટા! મને તારા ગોત્ર કે કુળની ખબર નથી. જુવાનીમાં હું દાસીભાવે રહેતી હતી અને એ ભાવે અનેક જગ્યાએ મારે રહેવાનું થયું હતું. તે દરમિયાન મને તારી પ્રાપ્તિ થઇ, પણ કોના વીર્યથી તે હું જાણી શકી નહિ. તેથી તારો બાપ કોણ તે તો હું કહી શકતી નથી. પણ જાણવું હોય તો એટલું કહી શકું છું કે, મારૂં નામ જબાલા છે ને તારૂં નામ સત્યકામ છે." એ પછી તે બાળક એક ઋષિ પાસે ગયો અને પોતાને એક વિ-

× લંડન, તા. ૧૨ નવેમ્બર ૧૮૯૬.

ધાર્થી તરીકે રાખવા માટે તેમની આગળ પ્રાર્થના કરી. તે પરથી તે ઋષિએ તેને પૂછ્યું કે, "વત્સ ! તારા બાપનું નામ શું અને તારૂં ગોત્ર કયું ?" જવાબમાં તે છોકરાએ પોતાની માતાએ જેવી હકીકત કહી હતી તેવીજ કહી બતાવી; એટલે ઋષિ એકદમ બોલી ઊઠયા કે, "પોતાની જાત માટે આવું નામોશીભર્યું સત્ય બ્રાહ્મણ સિવાય કોઈજ બોલી શકે નહિ; માટે ગુણ–સ્વભાવ ઉપરથી તું બ્રાહ્મણ વર્ણનો સિદ્ધ થાય છે. તેથી હું તારો શિષ્ય તરીકે સ્વીકાર કરૂં છું." એમ કહી ઋષિએ તેને પોતાના આશ્રમમાં રાખ્યો અને સંપૂર્ણ વેદાભ્યાસ કરાવ્યો.

પ્રાચીન હિંદમાં શિક્ષણની પ્રથા પણ વિલક્ષણ પ્રકારની હતી, તે મુજબ આ ગુરુએ સત્યકામને દૂબળીપાતળી ચારસો ગાયોની રખેવાળી સોંપીને જંગલમાં મોકલ્યો. તે મુજબ સત્યકામ જંગલમાં ગયો અને કેટલોક સમય ત્યાંજ એ કામ કરતો રહ્યો. આ ચારસો ગાયોનું ધણ હજારની સંખ્યામાં વધે એટલે આશ્રમમાં પાછા ફરવાની ગુરુજીની આજ્ઞા હતી. થોડાંક વર્ષ પછી એક દહાડો તે જૂથમાંનો એક મોટો સાંઢ સત્યકામને ઉદ્દેશીને એમ કહેતો સંભળાયો કે, "હવે અમે હજાર થયાં છીએ, તેથી અમને તારા ગુરુજી પાસે લઈ ચાલ. હું તને બ્રહ્મ વિષે કંઇક શિખવાડીશ." તે સાંભળી સત્યકામે કહ્યું કે, "કહો, કહો, વૃષભરાજ!" એટલે સાંઢ બોલ્યો: "પૂર્વદિશા એ પ્રભુનો અંશ છે, તે પ્રમાણે પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ પણ પ્રભુના અંશો છે. ચાર મુખ્ય દિશાઓ એ પ્રભુના અંશો છે. અગ્નિ પણ આ બ્રહ્મ વિષે તને કંઈક શિખવાડશે." અગ્નિને તે કાળમાં બ્રહ્મના ખાસ ચિહ્ન તરીકે પૂજવામાં આવતો અને પ્રત્યેક વિદ્યાર્થીને રોજ અગ્નિહોત્ર કરવો પડતો. હવે બીજે દહાડે સવારે સત્યકામે ગાયોના ધણ સાથે ગુરુજીના આશ્રમ તરફનો રસ્તો લીધો. સાંજ પડતાં તેણે એક

ઠેકાણે મુકામ કર્યો. ત્યાં સ્નાનસંધ્યા કરી અગ્નિનારાયણને આહુતિ આપી તેની સમીપ તે બેઠો હતો, એવામાં અગ્નિમાંથી એક અવાજ નીકળતો તેને સંભળાયો કે, "હે! સત્યકામ!" સત્યકામે કહ્યું: "ફરમાવો, મહારાજ!" *"જો, સત્યકામ! હું તને બ્રહ્મ-વિષે કંઇક શિખવાડવા આવ્યો છું. આ પૃથ્વી તે બ્રહ્મનો એક અંશ છે. આકાશ અને સ્વર્ગ પણ તેના અંશો છે. સાગર પણ તે બ્રહ્મનો અંશ છે." આમ કહી અગ્નિએ વિશેષમાં જણાવ્યું કે, "અમુક એક પક્ષી પણ તને કંઈક શિખવાડશે." બીજે દિવસે સવારમાં સત્યકામે પાછો પોતાનો પ્રવાસ શરૂ કર્યો અને આગલા દહાડાની માફક સાંજરે મુકામ કર્યો તથા સ્નાનસંધ્યાદિ ખટ-કર્મથી પરવારી રહ્યો; એટલે એક હંસ તેની પાસે આવીને કહેવા લાગ્યો કે, "સાંભળ, સત્યકામ! બ્રહ્મ વિષે હું તને કંઇક શિખ-વાડું છું. આ અગ્નિ કે જેને તું પૂજે છે, તે એ બ્રહ્મનો અંશ છે; તેમજ સૂર્ય, ચંદ્ર અને વિદ્યુત પણ બ્રહ્મના અંશો છે. મદ્ગુ નામનું પક્ષી તને એ વિષે વધારે કહેશે." બીજી સાંજે તે મદ્ગુ પક્ષી આવ્યું અને તેનો પણ એવો ગુપ્ત અવાજ સંભળાયો: "સત્યકામ! બ્રહ્મ વિષે હું તને કંઈક શિખવાડું છું તે સાંભળ. પ્રાણ એ બ્રહ્મનો અંશ છે; દૃષ્ટિ, શ્રવણ અને મન પણ એ બ્રહ્મના અંશો છે." એ પછી સત્યકામ ગુરુના આશ્રમે આવી પહોંચ્યો અને ગુરુજીનાં ચરણોમાં આદરભાવ સહિત દંડવત્ પ્રણામ કર્યા. પોતાના આ શિષ્યને જોતાંજ ગુરુજી બોલ્યા કે, "વત્સ સત્યકામ! તારી મુખમુદ્રા બ્રહ્મજ્ઞાનના તેજથી ઝળકી રહી છે, તો કહે જોઇએ એ જ્ઞાન તને કોણે આપ્યું?" સત્યકામે જવાબ આપ્યો

* બાયબલના ઓલ્ડ ટેસ્ટામેન્ટની અંદર પણ આવી એક વાત છે. તેમાં આવીજ અદ્ભુત આકાશવાણી સેમ્યુઅલના સાંભળવામાં આવતી હતી, એમ કહેવાયું છે.

કે, "મનુષ્યેતર પ્રાણીઓએ ગુરુ ! તથાપિ આપ ગુરુજી પોતે મને તે ઉપદેશ સંભળાવો, એવી મારી મનોકામના છે; કારણકે આપના જેવા મહાપુરુષોના મુખે મેં સાંભળ્યું છે કે, ગુરુના મુખે સાંભળેલું જ્ઞાનજ પરમાર્થના પંથે લઇ જનારૂં બને છે." તે પરથી ગુરુએ તેને તેજ જ્ઞાનોપદેશ કર્યો કે જે પૂર્વે તેને દેવો પાસેથી મળ્યો હતો. એ રીતે સત્યકામને બધુંજ જ્ઞાન પ્રાપ્ત થયું અને કશુંજ બાકી રહ્યું નહિ.

હવે, આ સાંઢ, અગ્નિ અને પક્ષીઓનાં રૂપકોને બાજુએ મૂકી આપણે વિચારી જોઇશું, તો તે જમાનામાં વિચારનું વહેણ કઈ દિશામાં વહેતું હતું, તે સારી રીતે સમજાશે. જે એક મહાન તત્ત્વનું બીજ એ કથામાં રહેલું છે, તે એજ કે આ બધીજ વાણીઓ આપણા પોતાના અંતરપટમાં રહેલી છે. આ સત્યોને જેમ જેમ આપણે વધારે સારી રીતે સમજતા થઇએ છીએ તેમ તેમ આપણને જણાય છે કે, એ જાતનો ધ્વનિ આપણા હૃદયમાંજ ઉત્પન્ન થાય છે. શિષ્યને બરાબર સત્યનોજ ઉપદેશ કર્ણગોચર થતો હતો તેની ના નહિ, પણ તે બાબતની તેની સમજૂતી બરાબર નહોતી. એ ધ્વનિને તે પોતાની બહારના જગતમાંથી આવતો માનતો હતો, પણ તે તો તેના પોતાના અંતરમાંથીજ આવતો હતો. હવે આ કથામાંથી બીજું એક તત્ત્વ જે આપણને જડે છે તે એ કે, બ્રહ્મનું જ્ઞાન જીવનમાં વ્યાવહારિક બનાવી શકાય તેમ છે. દુનિયા તો હમેશાં ધર્મની વ્યાવહારિક શકયતાઓજ ખોળતી ફરે છે અને આ વાતોમાંથી આપણને જણાય છે કે, તે દિનપ્રતિદિન કેવો વધુ ને વધુ વ્યવહારગમ્ય બનતો જતો હતો. જે વસ્તુઓથી વિદ્યાર્થીઓ સુપરિચિત હતા, તે વસ્તુઓદ્વારા તેમને સત્યનું દર્શન કરાવવામાં આવતું હતું. જે અગ્નિને તેઓ પૂજતા હતા, તેને બ્રહ્મના રૂપ તરીકે વર્ણવ્યું છે, તેમ પૃથ્વીને

પણ બ્રહ્મના અંશ તરીકે બતાવી છે, ઇત્યાદિ ઇત્યાદિ.

આ પછી બીજી વાત સત્યકામના શિષ્યની આવે છે. એનું નામ ઉપકોશલ કામલાયન હતું. એ શિષ્યે સત્યકામને ગુરુ બનાવ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ માટે કેટલોક વખત તેમના આશ્રમમાં નિવાસ કર્યો. હવે એક વાર એવું બન્યું કે, સત્યકામને કારણવશાત્ લાંબા પ્રવાસે જવું પડ્યું. આથી તે શિષ્યને પોતાના અભ્યાસમાં વિક્ષેપ પડેલો જોઇને નિરાશા ઉત્પન્ન થઈ અને તેના પરિણામે તેણે ખાવાપીવાનું પણ છોડી દીધું. તે જોઇ ગુરુપત્નીએ તેની પાસે આવીને પૂછ્યું કે, "વત્સ! તું કેમ કાંઇ ખાતો નથી? તને શું થયું છે?" પ્રત્યુત્તરમાં શિષ્યે જણાવ્યું કે, "માતા! મારી ચિત્તવૃત્તિ એટલી બધી અસ્વસ્થ બની ગઇ છે કે મને ખાવાની મુદ્દલ રુચિજ થતી નથી." એવામાં જે અગ્નિકુંડ પાસે બેસીને તે હોમ કરતો હતો તેમાંથી અદ્ભુત નાદ કાને પડ્યો કે, "આ પ્રાણ બ્રહ્મ છે, સુખ બ્રહ્મ છે, આકાશ બ્રહ્મ છે, એ બ્રહ્મને તું જાણ." શિષ્યે સામો જવાબ આપ્યો કે, "પ્રાણ બ્રહ્મ છે તે હું જાણું છું મહારાજ! પણ આકાશ અને સુખ પણ બ્રહ્મ છે તેનું મને જ્ઞાન નથી." તે પરથી અગ્નિએ તેને 'આકાશ' અને 'સુખ' એ બે શબ્દોની સમજૂત આપીને જણાવ્યું કે, 'તે બન્ને વસ્તુતઃ તો એકજ–શુદ્ધ ચૈતન્ય–છે અને આ હૃદય તેનું નિવાસસ્થાન છે." એ રીતે અગ્નિએ તેને હૃદયસ્થ આકાશ અને પ્રાણ તરીકે બ્રહ્મનું જ્ઞાન આપ્યું. વળી અગ્નિએ એ પણ કહ્યું કે, "આ પૃથ્વી, અન્ન અને તું જેની ઉપાસના કરી રહ્યો છે તે આ અગ્નિ અને સૂર્ય સુદ્ધાં બ્રહ્મનાં રૂપો છે. સૂર્યમાં જે પુરુષ દેખાય છે તે મારૂંજ સ્વરૂપ છે. તે હુંજ છું–હું તેજ છું. જે આ બ્રહ્મરહસ્યને પિછાને છે અને તેનું ચિંતન કરે છે, તેનાં સકળ પાપો નાશ પામીને તે દીર્ઘાયુષ અને સુખનો ભોક્તા બને છે. ચતુર્દિશાઓ,

ચંદ્ર, તારા અને જળની અંદર જે રહેલ છે તે હું છું, હું તેજ છું. જે તત્ત્વ આ પ્રાણ, આકાશ, સ્વર્ગો અને વિદ્યુતમાં વસે છે તે હું છું, હું તેજ છું.” અહીંયાં પણ આપણને ધર્મની વ્યાવહારિકતાનોજ ખ્યાલ પ્રાપ્ત થાય છે. અગ્નિ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ જે વસ્તુઓની તેઓ ઉપાસના કરતા હતા અને જે ધ્વનિ સાથે તેમનો પરિચય થઇ ગયો હતો, તેજ કથાઓનો વિષય બને છે અને તેજ ઉપદેશકની ગરજ સારી તેમને ઉચ્ચતર અર્થ પ્રતિ દોરી લઇ જાય છે. અર્થાત્ અગ્નિ, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિ જે વસ્તુઓથી તેઓ પરિચિત હતા તે વસ્તુઓની તેઓ સમાલોચના કરવા લાગ્યા અને તેમ તેમ તેમને એકતાનું રહસ્યજ્ઞાન વધુ અને વધુ પ્રમાણમાં પ્રાપ્ત થતું ચાલ્યું. વેદાંતની પ્રકૃત વ્યાવહારિક બાજુ તે આજ છે. વેદાંત જગતને ઉડાવી દેતું નથી, પણ તેની વ્યાખ્યા અથવા સમાલોચના કરે છે. તે વ્યષ્ટિ અથવા વ્યક્તિને પણ ઉડાવી દેતું નથી, પણ પ્રકૃત વ્યષ્ટિનું નિદર્શન કરાવી તેને યથાર્થ રૂપમાં સમજાવે છે. જગત મિથ્યા છે અર્થાત્ તેનું અસ્તિત્વજ નથી એમ તે કહેતું નથી, પણ કહે છે કે “જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે બરાબર સમજી લો, કે જેથી તે તમને કોઇ રીતે નુકસાનકર્તા ન નીવડે.” જે ધ્વનિ સત્યકામને કે તેના શિષ્યને સંભળાયો હતો તેનો ભાવાર્થ એવો મુદ્દલે નહોતો કે અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વિદ્યુત અથવા જે જે કશાની તેઓ ઉપાસના કરતા હતા તે બધાજ ખોટા પદાર્થો હતા; પણ એ ધ્વનિનો ભાવાર્થ એટલોજ હતો કે, એ સૂર્ય, ચંદ્ર, વિદ્યુત અને અગ્નિ તથા પૃથ્વી ઈત્યાદિમાં જે ચૈતન્યતત્ત્વ રહેલું છે, તેજ ચૈતન્યતત્ત્વ તારી પોતાની અંદર પણ રહેલું છે અને એ જ્ઞાન થતાંજ સત્યકામ અને તેના શિષ્યની નજરમાં જગતની તમામ ચીજોનુંજ જાણે રૂપાંતર થઈ ગયું. જે અગ્નિ પૂર્વે આહુતિઓ હોમવાનો

ભૂતપદાર્થ માત્ર હતો, તેનું હવે રૂપાંતર થઇ જઈ તેને મન સાક્ષાત્ પ્રભુજ દેખાવા લાગ્યો. એ રીતે પૃથ્વીનું, પ્રાણનું, સૂર્યનું, ચંદ્રનું, તારાનું તથા વિદ્યુત ઇત્યાદિ બધાંયનું રૂપાંતર થઇ જઇ તે બધાંજ દેવરૂપ દેખાવા લાગ્યાં અર્થાત્ તેમના મૂળ સ્વભાવનું તેમને જ્ઞાન પ્રાપ્ત થયું. એ રીતે પદાર્થમાત્રને તેમના દેખીતા રૂપમાં નહિ, પણ તેમના અસલ સ્વભાવમાં નીરખવા યાને પ્રત્યેક પદાર્થમાં પ્રભુને જોવો એજ વેદાંતનો વિષય છે.

આ પછી એક બીજો ઉપદેશ ઉપનિષદમાં જોવામાં આવે છે, તે આ પ્રમાણે છેઃ "નેત્રોદ્વારા જે પ્રકાશે છે તે બ્રહ્મ છે,તે મહાસુંદર અને જ્યોતિર્મય છે. એજ એક જ્યોતિર્મય બ્રહ્મ અખિલ બ્રહ્માંડોમાં પ્રકાશી રહ્યો છે." આ સૂત્ર પર ટીકા કરતાં ભાષ્યકાર કહે છે કે, "પવિત્ર માણસમાં અમુક પ્રકારનો જે એક વિલક્ષણ તેજપુંજ જણાય છે તે આ નેત્રોમાંનુંજ તેજ હોય છે અને તે તેજ વાસ્તવિક રીતે તો અંતરસ્થ આત્માનુંજ હોય છે, કે જે આત્મા સર્વત્ર વિરાજમાન છે. ગ્રહો, નક્ષત્રો અને સૂર્યોમાં પ્રકાશતું તેજ પણ એજ છે.

હવે, આ પ્રાચીન ઉપનિષદોમાંથી જન્મમરણ ઇત્યાદિ વિષેના બીજા કેટલાક સિદ્ધાંતો હું તમને વાંચી સંભળાવું છું. શ્વેતકેતુ નામનો એક બ્રાહ્મણકુમાર પાંચાલ રાજાના દરબારમાં ગયો. ત્યાં રાજાએ તેને પૂછ્યું કે, "મૃત્યુ થતાં મનુષ્યો ક્યાં જાય છે તે તું જાણે છે? તેમનું સંસારમાં પુનરાગમન કેવી રીતે થાય છે, તેનું તને જ્ઞાન છે? અપરલોક ખીચોખીચ ભરાઇ કેમ નથી જતો, તેનું કારણ તું જાણે છે?" શ્વેતકેતુએ જવાબ આપ્યો કે, "આમાંના એકે પ્રશ્નનું મને જ્ઞાન નથી." પછી તે છોકરો પોતાના બાપ પાસે પાછો આવ્યો અને તેને એના એજ પ્રશ્નો પૂછ્યા; પણ બાપે કહ્યું કે, "મને એ વિષે કંઇજ જ્ઞાન નથી." એટલે

તેઓ બન્ને પાછા રાજાની પાસે આવ્યા અને પોતાને એ જ્ઞાન શીખવવા માટે તેને વિનતિ કરી. રાજાએ કહ્યું કે, "એ જ્ઞાનની બ્રાહ્મણોને અદ્યાપિ કંઇ ખબરજ નથી, રાજન્ વર્ગનેજ માત્ર એની ખબર છે અને એ કારણથીજ તેઓ જગત પર રાજ્યઅમલ ભોગવે છે." હવે આ બ્રાહ્મણે તે રાજાની કેટલોક વખત સેવાશુશ્રૂષા કરી, ત્યારે રાજાએ તેને તે જ્ઞાનોપદેશ આપવા માંડ્યો અને કહ્યું કે, "સાંભળ ઓ ગૌતમ! અપરલોક તે અગ્નિ છે, સૂર્ય તેનું ઈંધન કહેતાં બળતણ છે, કિરણો એ ધૂમ્ર છે, દિવસ એ તેની જ્વાળા છે, ચંદ્ર તેનો અંગાર છે અને તારા એ તેના તણખા છે. આ અગ્નિમાં દેવો શ્રદ્ધારૂપી આહુતિ હોમે છે અને એ આહુતિમાંથી સોમરાજા પ્રગટે છે." એ રીતે આગળ સમજાવતાં તે કહે છે કે, "તારે એ અગ્નિની ઉપાસના કરવાની જરૂર નથી; સમસ્ત વિશ્વ એ અગ્નિરૂપ છે અને આ આહુતિ અને ઉપાસના સતત ચાલુજ હોય છે. દેવો, ફિરસ્તાઓ અને બધાજ તેની ઉપાસના કરે છે. મનુષ્યનું શરીર એ અગ્નિનું મોટામાં મોટું ચિહ્ન છે." આ ઠેકાણે પણ આપણે બ્રહ્મનો ખ્યાલ વ્યવહારગમ્ય બનતો જોઇએ છીએ, યાને પ્રત્યેક પદાર્થમાં બ્રહ્મનું દર્શન કરાતું જોવામાં આવે છે. આ બધીજ વાર્તાઓના મૂળમાં એકજ સિદ્ધાંત રહેલો છે અને તે એ કે, બ્રહ્મરૂપમાં શોધી કઢાયલાં ચિહ્નો સારાં અને સહાયકર્તા હશે તેની ના નહિ, પણ આપણી બુદ્ધિ શોધી કાઢે તેના કરતાં પણ વધારે સરસ ચિહ્નો અસલથીજ અસ્તિત્વ ધરાવતાં આવ્યાં છે. ઇશ્વરને આરાધવા માટે તમે એકાદી મૂર્તિ શોધી કાઢો, પણ એના કરતાં સરસ મૂર્તિ—જીવંત મનુષ્યરૂપે ક્યારનીયે અસ્તિત્વમાં છે. પ્રભુની ઉપાસના માટે તમે એકાદ મંદિર નિર્માણ કરો તે એક સારી વાત છે; પણ તેના કરતાં સારૂં અને ઉચ્ચ પ્રતિનું મંદિર ક્યારનુંય મોજૂદ છે અને તે મંદિર તે બીજું કંઇ નહિ

પણ માનવીનું શરીર છે.

તમને એટલું તો યાદ હશેજ કે, વેદોના બે વિભાગ પડે છે, એક કર્મકાંડ અને બીજો જ્ઞાનકાંડ. વખત જતાં કર્મકાંડનું જોર એટલું બધું વધી ગયું કે વેદોને તેનાથી છૂટા પાડવાનું કામ લગભગ નિરાશાભર્યું હતું; છતાં ઉપનિષદોમાં આપણે જોઇએ છીએ કે કર્મકાંડને બિલકુલ ઉડાવી દેવામાં આવ્યો છે, પણ તે ધીમે રહીને યાને કર્મવિધિઓનું રહસ્ય ખૂબીથી સમજાવીનેજ–નહિ કે તેમને ધૂતકારી કાઢીને. આપણે જાણીએ છીએ તેમ પ્રાચીન–કાળમાં હોમહવન અને યજ્ઞયાગો તરફ લોકોનું વલણ મુખ્યત્વે કરી હતું. પરંતુ તે પછી તત્ત્વજ્ઞાનીઓનો જમાનો આવ્યો. તેમણે આ યજ્ઞયાગાદિ કર્મકાંડનાં ચિહ્નોને અજ્ઞાન લોકોના હાથમાંથી સાવ ઝૂંટવી લેવાને બદલે યાને હાલના સુધારકો કમનસીબે કરે છે તેમ જૂના રિવાજોનું એકલું ખંડન કરી તેમને છેક નિંદી કાઢીને વિરોધી દળ ઊભું કરે છે તેમ ન કરતાં, તેના બદલામાં લોકોને વધારે સારાં ઉપાસ્ય ચિહ્નો બતાવ્યાં. તેઓ લોકોને કહેતા કે, "જુઓ ભાઇઓ, તમે અગ્નિને બ્રહ્મના ચિહ્ન તરીકે પૂજો છો અને તેમાં હવન કરો છો, એ બહુ સારી વાત છે; પણ આ પૃથ્વી આખીજ બ્રહ્મનું બીજું ચિહ્ન છે, અને તેમાં રાત્રિદિવસ હવન ચાલુ છે. કેવું ભવ્ય અને મોટું ચિહ્ન! એ તમને ગમ્યા વગર કેમ રહે?" નાનાં દેવસ્થાનોને ઉદ્દેશીને તેઓ કહેતા કે, "આ નાનું દેવાલય તમે બાંધ્યું છે તે બહુ સારૂં કર્યું છે; પણ ખરૂં પૂછો તો આ આખું વિશ્વજ દેવમંદિર છે. તેથી મનુષ્ય ગમે ત્યાં રહીને પણ પ્રભુની ઉપાસના કરી શકે છે. ઉપાસના માટે મનુષ્યો ભૂમિ પર વિલક્ષણ આકૃતિઓ અને વેદીઓ રચે છે, પણ આ માનવીનું શરીર એ મોટામાં મોટી વેદી છે અને તે વેદી પર રહી ઉપાસના કરવી તે કોઇ પણ મૃતચિહ્નની ઉપા-

સના કરવા કરતાં ઉચ્ચતર છે.” આ રીતે જૂના વિચારોને ઉતારી પાડી લોકોમાં તેના વિરોધી તરીકે બહાર પડવાને બદલે તેઓએ જૂના વિચારો અને રિવાજોની યોગ્ય રીતે કદર કરી તેમને બદલે વધારે સારા અને ઉચ્ચ વિચારો લોકો આગળ મૂક્યા અને એ રીતે લોકોને તેમણે કર્મકાંડની ઝંઝટમાંથી છોડાવ્યા.

હવે આપણે એક એવા વિલક્ષણ સિદ્ધાંત પ્રતિ આવી પહોંચ્યા છીએ કે જેનો ઘણો ભાગ મારા પોતાથી પણ યથાર્થ સમજી શકાતો નથી; છતાં તમારામાંથી કોઈ કુશાગ્ર બુદ્ધિને એમાંથી કંઇ તારતમ્ય કદાચ જડી આવે, એ હેતુથી હું તે તમારી આગળ અહીં વાંચું છું. કહે છે કે, મનુષ્યનું જ્યારે મૃત્યુ નીપજે છે, ત્યારે ધ્યાન અને ચિંતનથી શુદ્ધ બનેલો જ્ઞાની પુરુષ પ્રથમ તેજમાં પ્રવેશે છે. તેજમાંથી પછી તે દિવસમાં જાય છે. દિવસમાંથી શુકલ પક્ષમાં, ત્યાંથી ઉત્તરાયણમાં, ત્યાંથી વર્ષમાં, વર્ષમાંથી સૂર્યમાં, સૂર્યમાંથી ચંદ્રમાં જાય છે; અને જ્યારે તે વિદ્યુતલોકમાં આવે છે ત્યારે ત્યાં આગળ તેને એક દિવ્યાત્માનો ભેટો થાય છે અને તે દિવ્ય પુરુષ તેને સગુણ બ્રહ્મની સમીપ લઈ જાય છે. આ રસ્તો દેવોનો છે અને તેથી તે દેવયાન કહેવાય છે. સાધુમહાત્માઓ અને જ્ઞાનીઓ મૃત્યુ બાદ એ પંથે પળે છે અને તેમનું આ લોકમાં પુનરાગમન થતું નથી. હવે આમાં પક્ષ, માસ અને વર્ષના શા અર્થ થાય છે તે કોઇથી સ્પષ્ટ સમજી શકાતું નથી. દરેક જણ પોતાને મનગમતો અર્થ લાગુ કરે છે અને કેટલાક તો કહે છે કે, એ બધો ગોટોપિંડો હોઇ તેનો કશોજ અર્થ નથી. આ સૂર્યલોકમાં અને ચંદ્રલોકમાં જવાનો અને ત્યાંથી વિદ્યુતલોકમાં મુક્તાત્માની મદદે દિવ્ય પુરુષનું આગમન થાય છે તેનો ખરો અર્થ શો સમજવાનો છે, તે કોઇજ જાણતું નથી. હા, હિંદુલોકોની એક એવી ધારણા છે ખરી કે, ચંદ્રલોકમાં

પ્રાણીનો વાસ છે અને ત્યાંથીજ પ્રાણીનું પતન થઈ આ પૃથ્વી પર અવતરણ કેવી રીતે થાય છે, તે આપણે હવે પછી જોઇશું. જે લોકોને પરમજ્ઞાનની પ્રાપ્તિ નથી થઇ હોતી, છતાં જેમણે આ પૃથ્વી પરના જીવનમાં સારાં કર્મો કર્યાં હોય છે, તેઓ મૃત્યુ બાદ પ્રથમ તો ધૂમ્રને પ્રાપ્ત થાય છે. ત્યાંથી પછી રાત્રિમાં, રાત્રિમાંથી કૃષ્ણપક્ષમાં, કૃષ્ણપક્ષમાંથી દક્ષિણાયનના છ માસમાં, ત્યાંથી પિતૃલોકમાં, પિતૃલોકમાંથી આકાશમાં અને આકાશમાંથી છેવટે ચંદ્રલોકમાં તેમનું આગમન થાય છે. અહીં ચંદ્રલોકમાં તેઓ દેવતાઓના આહારનો પદાર્થ બને છે અને તે દેવતાઓના ખાધામાં આવતાં તેમના વીર્ય વાટે તેઓ દેવતાઓ થઈ અવતરે છે અને તેમનાં સત્કર્મોનું પુણ્ય પરવારતા લગી તેઓ દેવતારૂપે ત્યાં આગળ રહે છે; પણ તેમના શુભકર્મોનું પુણ્ય પરવારતાંજ તેઓ આવ્યા તે રસ્તે પાછા પૃથ્વી પર પડે છે. પ્રથમ તેઓ આકાશતત્ત્વ બને છે; તેમાંથી વાયુરૂપ, વાયુમાંથી ધૂમ્રરૂપ, ધૂમ્રમાંથી ઝાકળરૂપ, તેમાંથી વાદળરૂપ અને વાદળરૂપમાંથી વર્ષાના બિંદુરૂપે પૃથ્વી પર પડે છે. ત્યાં આગળ તેઓ આહારમાં ભળી મનુષ્યના ખાધામાં આવે છે અને તેમાંથી વીર્ય થઈ મનુષ્યના બાળકરૂપે જન્મે છે. જેમનાં કૃત્યો અતિશય સારાં હોય છે, તેઓ સારાં કુટુંબોમાં જન્મે છે અને જેમનાં કૃત્યો બહુ ખરાબ હોય છે તેઓ નીચ કુળમાં અને કેટલીક વાર તો કૂતરાંબિલાડાં જેવી પશુયોનિમાં પણ અવતરે છે. આ પૃથ્વી પર પ્રાણીઓનાં ગમન તથા આવાગમનની ક્રિયા સતત ચાલુ છે અને તેથીજ પૃથ્વી છેક ભરાઇ જતી નથી કે છેક ખાલી પણ થઇ જતી નથી.

આમાંથી પણ આપણને કેટલાક મુદ્દાઓ મળી શકશે અને આગળ જતાં કદાચ તેના રહસ્યને આપણે સારી રીતે સમજી શકીશું, યાને તેનો શો અર્થ થતો હશે તેનો કંઇક ક્યાસ પણ બાંધી

શકીશું. એમાંનો છેલ્લો ભાગ કે જેમાં સ્વર્ગના નિવાસીઓનું કેવી રીતે પુનરાગમન થાય છે તેનું વર્ણન છે, તે ભાગ પહેલા ભાગ કરતાં વધારે સ્પષ્ટ છે; તથાપિ એકંદરે જોતાં તે આખીજ વાતનો સાર એમ લાગે છે કે, કાયમનું સ્વર્ગ તો પ્રભુના સાક્ષાત્કાર સિવાય મળતુંજ નથી. તેથી જે લોકોએ ઇશ્વરનો સાક્ષાત્કાર મેળવ્યો નથી, પણ આ દુનિયામાં સારાં કૃત્યો કર્યાં હોય છે અને તે પણ તેનાં શુભ ફળ પામવાની ઇચ્છાથી, તેઓ મૃત્યુ બાદ એકમાંથી બીજા લોકમાં પસાર થતાં થતાં અંતે સ્વર્ગલોકમાં પહોંચે છે અને ત્યાં તેઓ આપણા અહીંનીજ માફક દેવતાઓનાં બાળકો થઇ અવતરે છે અને પુણ્યફળ પહોંચતાં લગી દેવતાઓનાં સુખભોગ ભોગવતાં ત્યાં આગળ રહે છે. આમાંથી વેદાંતનો એક મુખ્ય વિચાર તરી આવે છે કે, જેને જેને નામ અને રૂપની ઉપાધિ છે, તે પ્રત્યેક વસ્તુ નાશવંત છે. આ પૃથ્વી નાશવંત છે, કેમકે તેને નામ તથા રૂપ છે. તેવીજ રીતે આ સ્વર્ગો પણ નાશવંતજ હોવાં જોઇએ; કેમકે તેમને પણ નામ અને રૂપની ઉપાધિઓ લાગુ છે. તેથી "શાશ્વત સ્વર્ગ" એ કથનજ વિરોધાભાસવાળું છે. સ્વર્ગ એટલે નામરૂપવાળી જગા, એટલે કે નાશવંત જગા; અને શાશ્વત એટલે કે અનાશવંત. આથી "અનાશવંત નાશવંત" જગા એમ કહેવું બિલકુલ અજુગતું છે. નામરૂપવાળી પ્રત્યેક વસ્તુ કાળમાં શરૂ થાય છે, કાળમાં વર્તમાન હોય છે અને કાળમાંજ લય પામે છે. આ તો વેદાંતના સ્થાપિત સિદ્ધાંતો છે, તેથી સ્વર્ગોની વાત પાછળથી મૂકી દેવામાં આવી છે.

એ તો આપણે જોઇ ગયા છીએ કે, વેદોના સંહિતાભાગમાં આપણને શાશ્વત સ્વર્ગની ભાવના-લગભગ મુસલમાનો અને ખ્રિસ્તી લોકોના જેવીજ મળી આવે છે. મુસલમાનોએ તેને વધારે સ્થૂળ સ્વરૂપમાં વર્ણવી છે. તેઓ કહે છે કે, જીન્નત અથવા સ્વર્ગ

એક એવું સ્થાન છે કે, જ્યાં ઠેકઠેકાણે બાગબગીચા બહેકી રહ્યા છે અને જ્યાં સરસ નદીઓ ખળખળ વહી રહી છે. ખરૂંજ છે કે અરબસ્તાનના રણપ્રદેશમાં પાણી એ બહુ ઇચ્છનીય વસ્તુ હોવાથી મુસલમાનોની કલ્પનાસૃષ્ટિમાં પાણીની વિપુલતાવાળુંજ સ્વર્ગ હમેશાં તરવરે એ સ્વાભાવિક છે. હું એક એવા દેશમાં જન્મ્યો છું કે, જ્યાં વર્ષના છ મહિના વરસાદ ને વરસાદજ હોય છે; તેથી સ્વર્ગની મારી કલ્પના એક સૂકા અને ભેજ વગરના સ્થાન તરીકેનીજ થવાની; અંગ્રેજોની પણ સ્વર્ગની કલ્પના તેવીજ તરેહની હોવાની. આ સ્વર્ગો સંહિતામાં શાશ્વત તરીકે વર્ણવાયાં છે, અને ત્યાં જનારા જીવો સુંદર શરીરો ધારણ કરીને પોતાના પિતૃઓના સાથમાં વસે છે અને તે પછી હંમેશને માટે સુખી જીવન ગુજારે છે; ત્યાં તેમને તેમનાં માબાપ, બાળબચ્ચાં અને બીજાં સગાંસંબંધીઓનો મેળાપ થાય છે અને એ બધાં એકત્ર મળી લગભગ અહીંના જેવુંજ જીવન ગુજારે છે. ફેર માત્ર એટલો કે, ત્યાંનું જીવન અહીંના જીવન કરતાં વધારે સુખમય હોય છે. આ જિંદગાનીમાં સુખના માર્ગમાં જે જે મુશ્કેલીઓ અને અંતરાયો જણાય છે તે બધાજ ત્યાં–સ્વર્ગમાં અદૃશ્ય બની જાય છે અને સુખના સઘળા સારાજ અંશો અને ભોગો માત્ર અવશિષ્ટ રહે છે. પરંતુ આવી જાતની વસ્તુસ્થિતિ મનુષ્યના મનને ગમે તેવી સુખપ્રદ ભલે ભાસે, છતાં સત્ય અને સુખ એ બે ભિન્ન વસ્તુઓ છે, તેની તો કોઇથી ના પડાય તેમ છેજ નહિ. સત્યની પરાકાષ્ટાએ પહોંચ્યા વગર તે સામાન્ય રીતે કદાપિ સુખકર ભાસતું નથી. માનવી સ્વભાવ બહુ પુરાણપ્રિય યાને એકની એક સ્થિતિને ચુસ્ત રીતે વળગી રહેવાવાળો હોવાથી એક વાર તે અમુક કામ કરે છે, એટલે પછી તેમાંથી નીકળી જવાનું તેને બહુ ભારે થઇ પડે છે; કેમકે તે નવીન વિચારો તેને અસુખકર ભાસે છે. તેથી તેનું મન

તે નવીન વિચારોને ગ્રહણ કરવાની આનાકાની કરે છે.

આ ઉપરથી આપને લાગ્યા વગર નહિ રહે કે, આવીતેવી બાબતમાં યાને પૂર્વપ્રચલિત ધારણાઓમાં ઉપનિષદે બહુ આગળ ડગ માંડયાં છે. ઉપનિષદમાં પોકારી પોકારીને કહેવાયું છે કે, આ બધાં સ્વર્ગો કે જ્યાં આગળ જીવાત્માઓ પોતાના પૂર્વજ-પિતૃઓ સાથે રહે છે એમ કહેવામાં આવે છે, તે શાશ્વત હોઇ શકે નહિ; કેમકે નામરૂપવાળા એકેએક પદાર્થનો મોડાવહેલો નાશ તો અવશ્ય થવોજ જોઇએ. તેથી જો વિશિષ્ટ આકૃતિવાળાં સ્વર્ગો ખરેખર હોયજ, તો તેમનો પણ કાળે કરીને નાશ થતોજ હોવો જોઇએ. તેઓ ભલે લક્ષાવધિ વર્ષો લગી ટકવાવાળાં હોય, પણ એક વેળા તો અવશ્ય એવી આવવાની કે જ્યારે તેમને નષ્ટ થવુંજ પડવાનું. આનીજ સાથે એ ખ્યાલ પણ સ્ફુરે છે કે, ત્યારે તો ત્યાં વસતા જીવાત્માઓને પુનઃ પૃથ્વી પર પણ મોડાવહેલાં આવવુંજ પડતું હશે અને તેથી સ્વર્ગો એ એવાં સ્થાનો હોવાં જોઇએ કે જ્યાં જીવો પોતાનાં સુકૃત્યનાં ફળ ભોગવતાં હોવાં જોઇએ અને એ સુકૃત્યોનો પ્રભાવ પૂરો થતાં પાછાં પૃથ્વી પર અવતરતાં હોવાં જોઇએ. આ પરથી એક વાત તો સ્પષ્ટ સમજાય છે કે, કાર્યકારણની ફિલસૂફીનો એ ખ્યાલ માનવજાતિને અતિ પ્રાચીન સમયથી હતો. એ ખ્યાલને અમારા તત્ત્વવેત્તાઓએ તત્ત્વજ્ઞાન અને તર્કની ભાષામાં કેવી રીતે ઘટાવ્યો, તે આપણે આગળ ચાલતાં જોઈશું. આ ઠેકાણે તો તે માત્ર છોકરાંઓનીજ ભાંગીતૂટી ભાષામાં દર્શાવાયો છે. છતાં આ ગ્રંથો વાંચતાં એટલું તો તમારા લક્ષમાં આવ્યા વગર નહિજ રહે કે, એ બધુંજ આંતર્જ્ઞાન હતું યાને એ બધુંજ જ્ઞાન અંતરમાંથી સ્ફુર્યું હતું. એમ થવું વ્યાવહારિક છે કે કેમ એવો જો તમે પ્રશ્ન પૂછો, તો તે સંબંધમાં મારો જવાબ એટલોજ છે કે, એ વિચાર પ્રથમ વ્યાવહારિક બન્યો છે તે પછીજ તે દાર્શ-

નિક અથવા તાત્ત્વિક બનેલો છે. અર્થાત્ એ તો તમે જોઈ શકો છો કે, આ બધી બાબતો પહેલાં જોવાઈ અને અનુભવાઈ છે, તે પછીજ પુસ્તકોનાં પાનાં પર લખાઈ છે. આરંભના તત્ત્વચિંતકો આગળ દુનિયા જાણે બોલતી હતી. (એટલે કે દુનિયાનાં પ્રાણીપદાર્થો) એ તત્ત્વચિંતકો સાથે પંખીઓ વાતોલાપ કરતાં, પશુઓ બોલતાં, અને સૂર્ય–ચંદ્ર ઇત્યાદિ પણ તેમની સાથે વાતચીત કરીને તેમને પોતપોતાનાં જીવનનું રહસ્ય સમજાવતાં. એ રીતે ક્રમે ક્રમે તેમણે બધાંના રહસ્યથી જ્ઞાત બનીને પ્રકૃતિના હૃદયમાં પ્રવેશ કર્યો હતો. તે કામ એમણે ચિંતન કે તર્કના જોરે કિંવા અત્યારની ફેશન છે તેમ–પારકાંના મગજનો લાભ ઉઠાવીને મોટાં થોથાં લખી કાઢવામાં આવે છે તેમ–અગર હું જેમ તેમનું એકાદું પુસ્તક લઈને લાંબુંલચક વ્યાખ્યાન આપું છું તેમ સાધ્યું નહોતું, પણ ખંતભરી શોધખોળને પરિણામેજ એ ઉચ્ચ તત્ત્વો તેમણે પ્રાપ્ત કર્યાં હતાં. પ્રત્યક્ષાનુભૂતિ યાને સ્વાનુભવ એજ માત્ર એ શોધખોળનું સાધન હતું અને એ જ્ઞાન માટે તેજ સાધન હમેશને માટે રહેવાનું. ધર્મ હમેશાં સ્વાનુભવનું શાસ્ત્ર છે; માત્ર આધ્યાત્મિક મંતવ્યોજ કદાપિ ધર્મ બન્યાં નથી કે બનવાનાં પણ નથી. ધર્મમાં સાધના અને અભ્યાસની વાત તો પહેલી છે અને પછી જ્ઞાનની. એટલે કે સાધના અને અભ્યાસનું સેવન પ્રથમ થાય તોજ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. જીવોનું સ્વર્ગમાંથી પૃથ્વી પર પુનરાગમન થાય છે, તે ખ્યાલ પણ ઉપનિષદની અંદર આપણને મળી આવે છે. જે લોકો ફળની ઇચ્છાથી શુભકર્મો કરે છે, તેમને તેમનું ઇષ્ટફળ મળે છે; પણ તે ફળ ચિરસ્થાયી હોતું નથી. અહીં કાર્યકારણનો ભાવ અતિ સુંદર રીતે નિર્દિષ્ટ કરતાં ઉપનિષદ કહે છે કે, કાર્ય તેના કારણને અનુરૂપજ હોય છે. જેવું કારણ તેવુંજ તેનું કાર્ય. કારણ અંતવાન હોય તો તેનું કાર્ય પણ અંતવાનજ

હોવું જોઇએ; અને કારણ જો અંતરહિત હોય, તો તેનું કાર્ય પણ અંતરહિત હોવાનું. માટે આ શુભ કર્મો કરવાં એ વગેરે કારણો સાન્ત અથવા અંતવાન હોવાથી તેઓ અંતરહિત પરિણામોનાં ઉત્પાદક હોઇ શકેજ નહિ.

હવે આપણે આ પ્રશ્નની બીજી બાજુ પર આવીએ છીએ. જો સ્વર્ગ શાશ્વત હોય નહિ, તો પછી નરક પણ શાશ્વત હોઈ શકે નહિ. ધારો કે, હું અતિશય ખરાબ માણસ છું અને મારી આખીય જિંદગીની પ્રત્યેક પળ દુષ્ટતાનાં કાર્ય કરવામાં ગાળું છું. છતાં મારા શાશ્વત જીવનની તુલનામાં મારૂં અહીંનું આ જીવન નહિ જેવું તુચ્છ છે. તેથી મારા આ જીવનમાં દુષ્કૃત્યો માટે જો શાશ્વત સજા સરજાયલી હોય, તો તેનો અર્થ એમજ થયો કે, અંતવાન કારણે અંતરહિત પરિણામ નિપજાવ્યું. પણ એ વાત કાર્યકારણના સ્થાપિત સિદ્ધાંતથી વિપરીત હોઈ શકેજ નહિ. તેવીજ રીતે જો હું આખું જીવન સુકૃત્યો કરવામાં ગાળનારો હોઉં તોપણ મને શાશ્વત સ્વર્ગની પ્રાપ્તિ તો થાયજ નહિ. કેમકે એ માન્યતા પણ શાશ્વત નરકની માન્યતા જેવી ભૂલભરેલી છે; પરંતુ જેમણે સત્યને યથાર્થ પિછાની તેનો સાક્ષાત્કાર સાધ્યો હોય છે, તેમને માટે એક ત્રીજો માર્ગ છે ખરો; અને માયાના આ આવરણમાંથી પર થવાનો એજ એકમાત્ર રસ્તો છે. સત્યનું સ્વરૂપ કેવું છે તેનો સાક્ષાત્કાર કરવો યાને તેનો સ્વાનુભવ મેળવવો એજ એકમાત્ર રસ્તો માયાના આવરણમાંથી પાર થવાનો છે. એ સત્યનો સાક્ષાત્કાર કરવો એટલે શું તે ઉપનિષદો બતાવે છે.

ઉપનિષદો એવું બતાવે છે કે, સારા કે નરસા-કશાનો સ્વીકાર ન કરતાં બધુંજ આત્મામાંથી પ્રકટ થયેલું છે, એમ જાણવું યાને સકળ વસ્તુમાં આત્મા પ્રસ્તુત છે એમ સમજવું, તેનુંજ નામ સત્યનો સાક્ષાત્કાર છે. એનો અર્થ એજ કે, દેખીતા બાહ્ય-

જગતનો ઇન્કાર કરવો, તેના પ્રત્યે આંખો મીંચી રાખવી અને પ્રભુને સ્વર્ગ તેમજ નરકમાં, જીવન તેમજ મૃત્યુમાં પણ જોવો. મેં તમને વાંચી બતાવેલા ફકરાની વિચારસરણી પણ આવીજ છે. પૃથ્વી એ બ્રહ્મનું ચિહ્ન છે, આકાશ પણ બ્રહ્મ છે; જે સ્થળમાં આપણો વાસ છે તે સ્થળ પણ બ્રહ્મ છે; રે! બધુંજ બ્રહ્મમય છે અને આ સત્ય જાણવાનું તેમજ અનુભવવાનું છે, તેની માત્ર વાતોજ કરવાની કે વિચારજ કરવાનો નથી. આનું તાર્કિક પરિણામ એજ થતું આપણને માલૂમ પડે છે કે, બધુંજ પ્રભુથી ભરેલું છે યાને સર્વસ્વ બ્રહ્મમય છે, એવો જ્યારે જીવાત્માને સાક્ષાત્કાર થાય છે, ત્યારે પછી તેને સ્વર્ગમાં જવાનું થાય, નરકમાં જવાનું થાય કે અન્ય સ્થળે જવાનું થાય, તેની તેને કશી દરકાર રહેતી નથી. એને મન શુભ–અશુભ કિંવા જીવન-મૃત્યુ જેવું કંઇજ રહેતું નથી; માત્ર એક અનંત બ્રહ્મનુંજ અસ્તિત્વ કાયમ રહે છે.

વેદાંતના મત મુજબ, મનુષ્ય જ્યારે આ જ્ઞાનને પ્રાપ્ત થાય છે, ત્યારેજ તે ઉન્નત થઇને જીવન્મુક્ત બની શકે છે અને તેજ આ બ્રહ્માંડમાં સુખી અને ઉન્નત જીવન જીવવા પામે છે, બીજા નહિ. જેને જન્મમરણનો ભય રહે છે તેનુંજ જીવન દુઃખમય રહે છે. જેણે સત્યને પિછાન્યું હોય છે અને જેને સર્વત્ર પ્રભુનાં દર્શન થયાં હોય છે, તેજ મનુષ્ય આ વિશ્વમાં યથાર્થ જીવી શકે અને તેજ કહી શકે કે, “હું આ જીવન ભોગવું છું અને હું આ જીવનમાં સુખી છું.” સાથે સાથે હું તમને એ વાત પણ જણાવી દેવી ઉચિત સમજું છું કે, વેદોની અંદર કોઇ પણ ઠેકાણે નરકનો ખ્યાલ સરખો નજરે પડતો નથી. નરકની ભાવના તો વેદો પછી કેટલાંયે વર્ષ પાછળથી લખાયલાં પુરાણોની અંદર જોવામાં આવે છે બાકી વેદોના મત મુજબ તો, દુષ્કૃ-

ત્યોની ખરાબમાં ખરાબ સજા જન્મમરણના ફેરામાં અટવાવું એજ છે, અર્થાત્ વેદોમાં દુષ્કૃત્યોની મોટામાં મોટી સજા એજ મનાઇ છે કે, પાપી માણસ જન્મમરણના ફેરામાં અથડાતો-કુટાતો ફરી પાછો મનુષ્યાવતારને પામે છે અને એ જન્મમાં સુકૃત્યો કરી તેદ્વારા મુક્તિ મેળવવાની બીજી તક મેળવે છે. આ ઉપરથી આપણને જણાય છે કે, ઉપનિષદની અંદર ઈશ્વર વિષેની ભાવના પ્રથમ થકીજ નિર્ગુણત્વનું વલણ લેતી જાય છે. સારો બદલો અને સજાના ખ્યાલ અતિ જડભાવાત્મક હોઇને તે મનુષ્યના જેવાજ સગુણ ઇશ્વરની કલ્પનાને બંધબેસતા આવે છે. વેદના સંહિતાભાગમાં એવા સગુણ ઇશ્વરની કલ્પના હતી, પરંતુ ઉપનિષદોમાં ઇશ્વરના નિર્ગુણ સ્વરૂપનું પણ પ્રતિપાદન થયેલું છે. ઇશ્વરના એ નિર્ગુણ સ્વરૂપનો ભાવ સામાન્ય મનુષ્યને સમજાવો અતિશય કપરો છે અને તે સ્વાભાવિક છે. કેમકે સામાન્ય મનુષ્યની બુદ્ધિમાં સગુણ વ્યક્તિનોજ ખ્યાલ ઝટ ઊતરી શકતો હોવાથી તે તેનેજ વળગી રહેવાનું પસંદ કરે છે અને આ નિર્ગુણ અથવા અપૌરુષેય ઇશ્વરના ખ્યાલથી ભડકી ઊઠે છે. ઈશ્વરને માત્ર માનવી જેવો અને સગુણ ઈશ્વરજ સમજવો એ તો તેની નિંદા કરવા જેવું લાગે છે.

ઇશ્વરના સગુણ અને નિર્ગુણ સ્વરૂપ વચ્ચે ભેદ રહ્યો છે તે આ છે કે, નિર્ગુણ ઇશ્વર પોતે મનુષ્ય, પશુ, પ્રાણી કે દેવતા હોવા ઉપરાંત આપણી માનવદૃષ્ટિને ન દેખાય તેવું અન્ય વિશેષ તત્ત્વ પણ છે. અર્થાત્ નિર્ગુણતા યાને અપૌરુષેયતામાં બધીજ વ્યષ્ટિઓ સમાવિષ્ટ થઇ જઈ બ્રહ્માંડના પદાર્થમાત્રનો સરવાળો રહેલો છે અને તે ઉપરાંત પણ અનંતગણો વધારે ભાવ રહેલો છે. જેવી રીતે એકજ અગ્નિ દુનિયામાં આવીને ભિન્નભિન્નરૂપે પ્રકાશે છે અને છતાંય બીજો અનંતગણો અવશિષ્ટ પણ રહે છે,

તેવીજ રીતે આ નિર્ગુણ ભાવની બાબતમાં પણ સમજવાનું છે.

આપણે જીવંત ઇશ્વરને ભજવા ને પૂજવા માગીએ છીએ. મેં મારા આખાય જીવનમાં ઇશ્વર સિવાય અન્ય કશું જોયુંજ નથી; તમે પણ ઈશ્વર સિવાય અન્ય કશું જોયું નથી કે જોતા નથી. આ ખુરશી જોતી વખતે પ્રથમ તમે ઈશ્વરને જુઓ છો અને તે પછી તે ઈશ્વરની અંદર અને તેમાં રહીનેજ ખુરશીને જુઓ છો. "હું છું, હું છું" એમ હુંકારો ભણતો તે બધેજ રહેલો છે. જે પળે તમને પણ "હું છું" એવી લાગણી થાય કે એવું વચન તમારા મુખમાંથી નીકળે, તે પળે તમને પણ એ સત્ય સત્તાની ફ્રામ છે, એમ નક્કી સમજજો. એ ઈશ્વરને આપણા પોતાના અંતરમાં અને ભૂતમાત્રમાં નહિ જોઈ શકીએ તો તેને શોધવા બીજે ક્યાં જઇશું? એવું કયું સ્થાન છે કે જ્યાં ઇશ્વર ન જડે? "ઓ પ્રભો! ઓ પરમાત્મા! તુંજ પુરુષ છે, તુંજ સ્ત્રી છે, તુંજ છોકરી છે, તુંજ છોકરો છે, લાકડીને ટેકે લથડિયાં ખાતી ચાલે ચાલતો વૃદ્ધ પણ તુંજ છે, તેમ જુવાની-ના જોમમાં મદભર ચાલે ધરણી ધ્રુજાવતો તરુણ પણ તુંજ છે. અસ્તિત્વ માત્ર તુંજ છે."×

ઇશ્વરના આવા અપૌરુષેય અથવા નિર્ગુણ ભાવને વિનાશ-કારી તરીકે ઓળખાવવામાં આવે છે. અલબત, ધર્મગુરુઓ અને પુરોહિતોના ધંધાની દૃષ્ટિએ તો તે વિનાશકારી છેજ, કેમકે એ ભાવના તેમના હાથમાંથી તેમનું પેટિયું, તેમનાં મંદિરો ને તેમની ગાદીઓ ઝૂંટવી લે, એ વાત તો નિર્વિવાદ છે. હિંદુ-સ્તાનમાં લગભગ ચાલુ દુષ્કાળની સ્થિતિ પ્રવર્તી રહી છે, છતાં

×त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उतवा कुमारी त्वं ।
जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतो मुखः ॥

એ વખતે પણ ત્યાં એવાં અનેક મંદિરો મોજૂદ છે કે, જ્યાં ધાન્યના ઢગલા ને ઢગલા રગદોળાય છે અને જેમની તિજોરીઓ મોટામોટા રાજારજવાડાને છાજે તેવાં જરજવાહિરોથી છલકાય છે! આમ હોવાથી પુરોહિતો જો આ અપૌરુષેય નિર્ગુણ ઇશ્વરની ભાવનાનો જનસમાજમાં પ્રચાર કરે, તો તો તેમની પેઢીઓને તાળાંજ દેવાઇ જાય, ને તે તેમની સ્વાર્થી વૃત્તિને કેમ પાલવે? પરંતુ મારે તો સ્વાર્થરહિત બનીને અને પુરોહિતો કે ધર્મગુરુઓની પરવા રાખ્યા વગર આ મહાન સત્ય બધાંયને શીખવવું છે. તમે ઇશ્વર છો અને હું પણ ઇશ્વર છું; તો પછી કોણ કોનું કહ્યું માને? કોણે કોને ભજવાનો? ઇશ્વરનું ઉત્તમમાં ઉત્તમ મંદિર તો તમે છો. તેથી કોઈ મંદિર, મૂર્તિ કે બાયબલ ઇત્યાદિ ધર્મપોથીના ભક્ત બનવા કરતાં તમનેજ ભજવાનું હું વધારે પસંદ કરૂં. દુનિયામાં કેટલાક લોકો પોતાના વિચારોમાં પરસ્પર વિરુદ્ધતા કેમ ધરાવતા હશે વારૂ? તેમની સ્થિતિ આંગળાંમાંથી સરી જતાં જીવંત માછલાં સમાન છે. તેઓ એક વાર કહે છે કે, અમે પ્રખર વ્યવહારવાદીઓ છીએ. બહુ સારી વાત. પરંતુ તેવાને પણ અહીંની અહીંજ ઉપાસના કરવાની આ વાત ગળે નથી ઊતરતી. અત્યારે ને અહીંજ ઉપાસના કરવી, પોતાની જાતને અને સામાને ઇશ્વર સમજી ઉપાસના કરવી, એ શું વધારે વ્યાવહારિક વાત નથી? હું તમને નજરે નિહાળું છું, મારા મનમાં તમારા માટે લાગણી પણ છે અને હું એ પણ જાણું છું કે, તમે ઇશ્વરરૂપ છો; તો પછી તમારા જેવા જીવંત ઇશ્વરનીજ ઉપાસના કરવી એ શું વધારે વ્યાવહારિક અને શ્રેયસ્કર નથી? મુસલમાન ભાઇઓ કહે છે કે, અલ્લા સિવાય બીજો કોઇ ઇશ્વર નથી. પણ વેદાંત તો ઊલટું એટલે સુધી કહે છે કે, ઇશ્વર ન હોય એવું કશુંજ નથી. આ વિચારથી તમારામાંના અનેકને

ગભરામણ છૂટશે, એ વાત હું સમજું છું; પણ ગભરાઓ નહિ ક્રમે ક્રમે એનું રહસ્ય તમને આપોઆપ સમજાઇ રહેશે. જુએ આત્મારૂપી જીવંત-ઇશ્વર તમારી પોતાની અંદર છે, છતાં તેન ઉપાસના માટે તમે દેવળો ને મંદિરો, મસ્જિદો ને ઇદગાએ બંધાવ્યા કરો છો અને એવાજ બીજા કાલ્પનિક ગપગોળાઓમ માન્યા કરો છો, એ કેવું! કોઇ પણ ઇશ્વર જો ભજવાલાય હોય, તો તે મનુષ્યનો આત્માજ છે અને કોઇ પણ મંદિર દેવળ તેની ઉપાસના માટે ઉત્તમમાં ઉત્તમ હોય, તો તે મનુષ્ય શરીરજ છે. અલબત, પ્રાણીમાત્રના દેહો એ પ્રભુમંદિરો છે, પણ તે બધાયમાં માનવદેહ સર્વોત્કૃષ્ટ છે-જાણે બધાં મંદિરોને તાજમહાલ છે. એ મંદિરમાં રહીને જો હું ઇશ્વરને આરાધી નહિ શકું, તો બીજા કોઇ પણ મંદિરથી મને કશોય લાભ થવાનો નથી પ્રત્યેક માનવીના દેહરૂપી મંદિરમાં ઇશ્વર બિરાજમાન છે, એવં શ્રદ્ધા મારામાં સ્થિર થશે અને પ્રત્યેક માનવ-પ્રાણી આગળ હું આદરભાવથી ઊભો રહી તેની અંદર ઇશ્વરને નિહાળતો થઇશ તેજ પળે હું બંધનમાંથી મુક્ત બનીશ, મને બાંધનારી વસ્તુમાત્ર અસ્તંગત થઇ જશે અને હું સંપૂર્ણ મુક્ત બની શકીશ.

કોઇ પણ ઉપાસના જો વધારેમાં વધારે વ્યાવહારિક હોય તો તે આજ છે. વાદવિવાદ કે તર્કવિતર્કની ભાંજગડો સાથે એને કંઇજ લેવાદેવા નથી; છતાં પણ અનેક જણ એનાથી ચમકે છે અને કહેવાની ધૃષ્ટતા કરે છે કે, એ માર્ગ બરાબર નથી. આગળ વધી તેઓ કહેવા માંડે છે કે, "જુઓ, અમારા બાપદાદા કહેતા આવ્યા છે કે, ઇશ્વરે અમુક અમુક યુગમાં અમુક અમુકને સ્વર્ગમ પ્રત્યક્ષ દર્શન દીધાં હતાં અને તેમની આગળ સ્વમુખે કહ્યું હતુ કે, 'હું ઇશ્વર છું.' એ વખતથી અમારી આ માન્યતા ચાલી આવી છે, અને તે અમારાથી ખોટી શી રીતે મનાય? શાસ્ત્રમ

પણ તેવું જ લખ્યું છે—અર્થાત્ તેમના મત મુજબ તો તેઓ જે માનતા આવ્યા છે, તેજ સાચું અને વ્યાવહારિક, અને અમારા વિચારો બધાજ ખોટા અને અવ્યાવહારિક! બેશક, વેદાંત પ્રતિપાદન કરે છે કે, જેને રુચે તેવો પંથ ગ્રહણ કરવાની પ્રત્યેકને છૂટ છે, પણ એ પંથજ અંતિમ લક્ષ્ય બની રહેવો ન જોઇએ. સ્વર્ગમાં વસતા ઇશ્વરની ઉપાસના અને એવી બીજી વાતો છેક ખરાબ નથી; પણ તે કલ્પનાઓ તો માત્ર સત્ય ઈશ્વરને પામવાના પગથિયારૂપ હોઇ સ્વયં સત્ય નથી, તે વિસારવું ન ઘટે. એ વિચારો સારા અને સુંદર છે અને એ સિવાય પણ બીજા કેટલાક અદ્ભુત વિચારો કેટલાક પંથોમાં છે એની ના નહિ; પણ વેદાંત તો ડગલે ને પગલે કહે છે કે, "ભાઇ રે! જેને તું અજ્ઞાન તરીકે ઉપાસે છે તેને હું 'તું'રૂપે ઉપાસું છું. જેને તું અજ્ઞાનરૂપે ઉપાસતો આખા જગતમાં ઢૂંઢી રહ્યો છે, તે ઇશ્વર તારી સાથેનો સાથેજ બધો વખત રહ્યા કર્યો છે. તું એનામાં રહીનેજ જીવે છે અને એજ આ વિશ્વસમગ્રનો સનાતન સાક્ષી છે." વળી "તે કે જેની સઘળા વેદો આરાધના કરે છે એટલુંજ નહિ, પણ જે અનંત 'હું'' ની અંદર સદાસર્વદા વિદ્યમાન છે, તે બ્રહ્મનું અસ્તિત્વ છે તેથીજ આ વિશ્વનું અસ્તિત્વ છે. વિશ્વનું તેજ અને ચેતન પણ એજ છે. જો તે અનંત 'હું'' તમારી અંદર ન હોય, તો તમારાથી સૂર્યને જોવાયજ નહિ. તમારે માટે બધુંજ અંધકારના ઢગલારૂપ હોવાનું. તે પ્રકાશી રહ્યા છે તેથીજ તમને આ વિશ્વનું દર્શન થાય છે."

હવે આ ઠેકાણે એક પ્રશ્ન સામાન્ય રીતે બધેજ પૂછવામાં આવે છે તે એ કે, આ ભાવનાનો જો સાર્વત્રિક પ્રચાર થવા પામે તો તો મહામુશીબત ઊભી થાય. પ્રત્યેક જણ એમજ વિચારતો થાય કે, "હું ઈશ્વર છું, તેથી જે જે કંઇ હું કરૂં કે વિચારૂં તે તે

બધુંજ સારૂં હોય; કેમકે ઇશ્વર તો કદી ખોટું કરેજ નહિ.” આનું સમાધાન કરતાં પ્રથમ વાત તો હું એજ પૂછીશ કે, “ એ ભાવનાનો આમ વિપરીત અર્થ થવાની જે ભીતિ છે તે વાસ્તવિક છે એમ સ્વીકારી લઇએ, તોપણ એવીજ જાતની ભીતિ સામા પક્ષમાં એટલે કે સગુણ ભાવમાં નથી રહી, એમ સપ્રમાણ સિદ્ધ કરી શકાય તેમ છે ખરૂં કે ?” પોતાથી પૃથક્ સ્વર્ગમાં વસતા ઇશ્વરને લોકો કંઇ જમાનાથી ભજતા આવ્યા છે અને તેના કોપથી તેઓ ડરે છે પણ બહુ. તેનો કોપ ઊતરવાના ભયથી થરથરતા તેઓ જન્મે છે અને સારોય જન્મારો તે પ્રમાણે ધ્રૂજ્યા કરે છે. પરંતુ એથી જગતની સ્થિતિ કિંચિત્ પણ સુધરવા પામી છે? જેમણે સગુણ પૌરુષેય ઇશ્વરની ભાવનાને અપનાવી તે મુજબ ઉપાસના કરી છે અને જેમણે નિર્ગુણ અપૌરુષેયની ભાવનાને અપનાવી તેની ઉપાસના કરી છે—એ બેમાંથી કયા પક્ષમાં જગતના મહાન કાર્યકર્તાઓ વધારે નીપજ્યા છે તેનો જરા ખ્યાલ કરશો કે ? પ્રખર કાર્યકર્તાઓ અને પ્રચંડ નૈતિક શક્તિઓ કોની બાજુ વધારે ઢળે છે? તો કે અપૌરુષેય નિર્ગુણવાદીઓનીજ બાજુમાં ખચિત વધારે પ્રમાણ નીકળે છે. “જ્યાં એક વ્યક્તિ બીજીને પોતાથી ભિન્ન જુએ છે, અને તેમજ સમજી તેને હાનિ પહોંચાડે છે; ત્યાં હજી માયાનું જોર છે એમ સમજવું. પણ જ્યારે એક વ્યક્તિ બીજીને પોતાથી અભેદરૂપ નિહાળે છે અને કોઇને કશીજ ઇજા પહોંચાડતી નથી યાને જ્યારે તેને મન બધુંજ આત્મવત્ બની જાય છે, ત્યારે પછી કોણ કોને જુએ અને કોણ કોનો અનુભવ કરે ?” બધુંજ ‘તે’ છે અને સાથે સાથે બધુંજ ‘હું’ છું. આત્મા સાવ વિશુદ્ધ અને પવિત્ર બન્યો હોય છે ત્યારેજ સત્ય પ્રેમ એ શી વસ્તુ છે તે આપણાથી સમજી શકાય છે. પ્રેમનો પ્રાદુર્ભાવ ભયમાંથી કદાપિ થઇ શકતો નથી; સ્વાતંત્ર્ય એજ તેનું ઉદ્

ગમસ્થાન છે, તેથી જ્યારે આપણે આ જગતને વાસ્તવિક રીતે ચાહતા થઇશું ત્યારેજ બંધુત્વ અને મનુષ્યજાતિના ખરા ભાવાર્થો સમજવા આપણે શક્તિમાન થઇશું, તે પહેલાં નહિ તે નહિજ.

માટે વેદાંતની આ અપૌરુષેય ભાવના જગતની અંદર મહાન અનર્થકારિણી નીવડશે, એમ કહેવું વાસ્તવિક નથી. કેમ જાણે પૌરુષેયની ભાવનાવાળાને હાથે તો કદાપિ કશા અનર્થો નીપજ્યાજ ન હોય કે જગતને રક્તના સાગરમાં તરબોળ કરી નાખવા જેવા અનર્થો અને મનુષ્યોને એકબીજાંના ટોટા પીસવા તથા એકબીજાંને રેંસી નાખવાના બનાવો કદાપિ બન્યાજ ન હોય! એ ભય તો બંને પક્ષે સમાન છે. બંને પક્ષો કહે છે કે, "અમારો ઇશ્વર સર્વશ્રેષ્ઠ છે." તો ચાલો, એ વાદનો આપણે છૂટે હાથે નિકાલ કરી લઇએ. સગુણવાદીઓને હું કહું છું કે, તમારી આ ભાવના જગતભરમાં પ્રસરેલા દ્વૈતવાદનુંજ પરિણામ છે. તમારી અંધારી ગુફામાંથી બહાર મેદાનમાં આવો, સૂર્યના ઝગઝગતા ઉજાસમાં આવો અને જુઓ કે ખરી વાત શી છે? તમારા અનંત આત્માને તમારી આ જીર્ણશીર્ણ નાની ઘરેડોમાં રહી જીવવા-મરવામાં સંતોષ શી રીતે વળે વારૂ? માટે એ સાંકડી ઘરેડોને છોડી બહાર ખુલ્લામાં–તેજોમય વિશ્વમાં આવો ને અનુભવો કે, વિશ્વભરનું સર્વસ્વ તમારૂંજ છે અને એ અનુભવ સાથેજ તમારી ભુજાઓ વિસ્તારીને વિશ્વસમગ્રને પ્રેમના ઉમળકાથી બાથમાં ભીડો. એમ કરવાનું તમારે માટે હજી બાકી છે. એવો ભાવ સરખો તમને કદાપિ થયો હોય તો નક્કી સમજજો કે તમારા મનમાં ઇશ્વર માટે ભાવ પ્રગટ્યો છે.

ભગવાન બુદ્ધે પોતાનો પ્રેમપ્રવાહ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તથા ઉપર નીચે સર્વત્ર કેવા વેગથી વહેવડાવ્યો હતો અને આખરે વિશ્વસમસ્તને ઉમદા, ભવ્ય અને અનંત પ્રેમથી

કેવું તરબોળ કરી દીધું હતું; એના ધ્યાનથી ભરપૂર બુદ્ધદેવના જીવનચરિત્રનો ફકરો તો બધાંએ અવશ્ય યાદ રાખવા જેવો છે. એવી તીવ્ર પ્રેમની લાગણી તમારામાં પ્રગટે ત્યારેજ તમારામાં સત્ય વ્યક્તિત્વ પ્રગટ્યું છે, એમ માનવું. આ સમગ્ર વિશ્વ એક-જ વ્યષ્ટિ છે. તેમાં જણાતા ક્ષુદ્ર પદાર્થોની વાતજ જવા દો. અનંતને માટે અલ્પનો ત્યાગ કરો. અનંત સુખાનંદ માટે અલ્પ સુખાનંદમાત્રનો નાદ છોડી દો. આ બધુંજ વિશ્વ તમારૂં છે, કેમકે સમષ્ટિની અંદર વ્યષ્ટિમાત્ર આવી જાય છે; તેથી પ્રભુ પૌરુષેય તેમજ અપૌરુષેય બન્ને એકી વખતે છે. એ અનંત અને નિર્ગુણ અપૌરુષેય પુરુષજ પોતાની જાતને સગુણ પુરુષ તરીકે વ્યક્ત કરે છે. આપણે કે જે વસ્તુતઃ અનંત છીએ, તેમણે હાથે કરીને જુદાજુદા વિભાગોમાં પોતાની જાતને મર્યાદિત કરી દીધી ન હોય તેવો પ્રકાર છે. વેદાંત ગાઈ બજાવીને કહે છે કે, અનંતતા એજ આપણો સ્વભાવ છે અને એનો કદાપિ લય નહિ થતાં જેમનો તેમ હમેશાં કાયમજ રહેશે. આપણાં કર્મોથી આપણે આપણી જાતને મર્યાદિત બનાવી દીધી છે. એ કર્મોએજ આપણા ગળાની આસપાસ સાંકળરૂપે વિંટળાઇ આપણને આ મર્યાદાના ખાડામાં ઘસડી આણ્યાં છે. એ કર્મરૂપી શૃંખલાને તોડી નાખો તોજ મુક્ત થવાશે. મનુષ્યના વાસ્તવિક આત્મભાવમાં નિયમ, ભાગ્ય કે ભાવી જેવું કંઇ છેજ નહિ. અનંતતાને તે વળી કાયદો કેવો? મુક્તિ અને સ્વાતંત્ર્ય એજ એનો તો સંકેતશબ્દ–એજ એનો મુદ્રાલેખ. મુક્તિ એ એનો સ્વભાવ છે, એટલુંજ નહિ પણ એ એનો જન્મસિદ્ધ હક છે. એક વાર મુક્ત થાઓ અને પછી જોઇએ તેટલા વ્યષ્ટિભાવો ધારણ કરજો. એક વાર મુક્ત બન્યા પછી આપણી દશા રંગભૂમિ પરના ભિખારીના પાત્ર જેવી પલટાઈ જશે. રંગભૂમિ પર એક પાત્ર આવીને ભિખારીનો વેશ ભજવે છે. તેનો દેખાવ

આબેહૂબ ભિખારીના જેવા હોય છે. તેના મુખમાંથી ભિખારીના જેવીજ દીનતાભરી વાણી નીકળે છે; છતાં શેરીઓમાં ભટકતા સાચા ભિખારી અને રંગભૂમિ પરના આ વેશધારી ભિખારીમાં કેટલા બધા તફાવત હોય છે! રંગભૂમિના ભિખારી પોતાના ભિખારી-વેષની મોજ માણી રહ્યો છે, ત્યારે રસ્તાના ભિખારી ભિખારીપણાની અસહ્ય યાતના ભોગવી રહ્યો છે. આવા ફરક શાથી ઉત્પન્ન થાય છે? તો કે એક વસ્તુતઃ મુક્ત છે અને બીજો બંધનયુક્ત છે. રંગભૂમિનું પાત્ર પોતાના મનમાં સારી પેઠે સમજે છે કે, તેનું ભિખારીપણું સાચું નથી, પણ તેણે તે દેખાડવા પૂરતું ધારણ કરેલું છે; ત્યારે સાચા ભિખારીને બાપડાને તેની ભિખારી હાલત એટલી બધી પરિચિત બની ગઇ હોય છે કે, તેને અંગે ભોગવવાં પડતાં દુઃખોના તેને પૂરેપૂરો ખ્યાલ હોય છે અને તેની પોતાની મરજી હોય કે ન હોય પણ તે દુઃખો ભોગવ્યા વગર તેનો આરો નથી, એવું તે પોતાના મનમાં બરાબર સમજતો હોય છે. આ એક નિયમ થયો. તે મુજબ જ્યાંસુધી આપણને આપણા સત્ય સ્વભાવનું કંઇ જ્ઞાન નથી થયું, ત્યાંસુધી આ જગતમાં આપણે ભિખારીની માફક પ્રકૃતિમાંની પ્રત્યેક શક્તિના હડસેલા ખાતાં આમતેમ અથડાવાનું છે અને પ્રકૃતિના પ્રત્યેક પદાર્થના ગુલામ બન્યા કરવાનું છે.

માટે એક વાર તો બસ મુક્ત બનો. કોઈની પાસેથી કશાની આશા રાખશો નહિ. તમારાં ભૂતજીવનો પર તમે દૃષ્ટિપાત કરશો તો મને ખાતરી છે કે, તમોને એ સત્ય જણાયા વગર નહિજ રહે કે, એ જીવનો દરમિયાન તમે હમેશાં પારકાં પાસેથી મદદ મળવાની મિથ્યા કોશિશ કર્યા કરી છે અને તે નિષ્ફળ નીવડ્યા કરી છે. મદદ મળી છે તે હમેશાં તમારી પોતાનીજ અંદરથી મળી છે. તમને તમારા પોતાના કર્મનુંજ ફળ પ્રાપ્ત થતું રહ્યું છે અને

છતાં આશ્ચર્યની વાત છે કે, તમે બધોજ વખત પારકાંની મદદની આશામાં અટવાયા કરો છો. શ્રીમંત શેઠિયાનું દીવાનખાનું હમેશાં ભરપૂર ને ભરપૂર દેખાય છે; પણ જો તમે ધ્યાનપૂર્વક અવલોકન કરશો, તો તમને જણાયા વગર નહિ રહે કે, પ્રત્યેક વખતના મેળામાં એના એ લોકો નથી હોતા. મુલાકાતે આવનારા લોકો હમેશાં આશા રાખતા હોય છે કે, એ શ્રીમંત પાસેથી તેમને કંઇક પ્રાપ્તિ તો અવશ્ય થશે; પણ વસ્તુતઃ તો તેમને તેમની પાસેથી કશુંજ મળતું નથી. તેવીજ રીતે આપણું જીવન પણ આશામાં ને આશામાં પસાર થયે જાય છે, પણ એ આશાનો કદીજ અંત આવતો નથી. માટે વેદાંત કથે છે કે, આશામાત્રને તજી દો. તમારે આશા કશાની ને કોઇની શા માટે રાખવી પડે? તમે પોતેજ સર્વસ્વ અને સર્વ કંઇ છો અને સર્વસ્વ તમારૂં પોતાનુંજ છે; તો પછી તમે શાની આશા સેવ્યા કરો છો? જો કોઇ રાજા ગાંડો થઇ જાય અને તે પોતાના દેશના રાજાને ખોળી કાઢવાને આખો દેશ ખૂંદી નાખે, તોયે તેને રાજાનો પત્તો કદાપિ લાગતો નથી. કેમકે રાજા તો તે પંડેજ છે, તે પોતાના રાજ્યના ગામડે ગામડે ને નગરે નગરે ઘૂમી વળશે; એટલુંજ નહિ પણ એકે એક ઘરમાં જાતે ફરીફરીને તપાસી વળશે ને સાથે રોતોકકળતો જશે, તોપણ તેને રાજાનો પત્તો લાગવાનો નથી તે નથીજ; કેમકે દેશનો રાજા તો તે પંડેજ છે. ઈશ્વર માટેની આપણી શોધ પણ તેવીજ છે. માટેજ વેદાંત કહે છે તેમ આપણે જાતેજ ઈશ્વર છીએ એ વાત સમજી લઈ ઇશ્વર માટે બહાર ફાંફાં મારવાં મૂકી દેવાં એ સારૂં છે. આપણે પંડેજ ઇશ્વર છીએ એજ જ્ઞાનથી આપણને સુખ અને સંતોષનો અનુભવ થશે. માટે આ બધીજ તરેહની ગાંડી દોડધામમાંથી મુક્ત બનીને આ જગતમાં તમારો પાઠ, રંગભૂમિ પરના પાત્રની પેરે અલિપ્ત થઇને ભજવો.

આ ઉચ્ચ જ્ઞાનથી જગતનું બધુંજ દૃશ્ય પલટાઇ જાય છે અને પછી આ જગત કેદખાનું મટીને ક્રીડાંગણુ બની રહે છે. હરીફાઈ અને સ્પર્ધાની ભૂમિ મટીને તે એક એવું કલ્યાણધામ બની રહે છે કે, જ્યાં નિરંતર વસંતઋતુનો વાસ હોઇ વિવિધ પુષ્પો ખીલીને મઘમઘતાં હોય છે અને ભાતભાતનાં સુંદર પતંગિયાંઓ આમતેમ ઊડાઊડ કરી રહ્યાં હોય છે. માયાબદ્ધ અજ્ઞાની લોકોનેજ આ જગત દુઃખદાયક થઇ રહે છે; પણ મુક્તાત્માને તો તેથી ઊલટુંજ દૃશ્ય દેખાય છે. એવુંજ જીવન વૈશ્વિક જીવન છે. સ્વર્ગ અને નરક બધુંજ અહીંનું અહીં છે. મનુષ્યના નમૂનારૂપે દેવો પણ બધા અહીંના અહીંજ છે. દેવોએ પોતાના નમૂનાપરથી માણસને નથી બનાવ્યો, પણ માણસેજ દેવોને પોતાના નમૂના પ્રમાણે બનાવ્યા છે. મનુષ્યનાજ નમૂનારૂપ ઇંદ્ર, વરુણ ઇત્યાદિ જગતના બધા દેવો આ રહ્યા. આપણેજ આપણી પ્રતિકૃતિરૂપે દેવોને બહાર પાડીએ છીએ અને દેવોના મૂળરૂપે તો આપણે પોતેજ છીએ. વેદાંતનો ખ્યાલ આવો છે, અને એમાંજ એનું વ્યાવહારિકપણું રહેલું છે. એજ જ્ઞાનથી આપણે મુક્ત બની શકીશું. ફરક માત્ર એટલોજ પડ્યો હશે કે, ત્યારે આપણે વિશ્વનો સઘળો ભેદ સમજી ગયા હોઇશું અને તેને તેના સત્ય સ્વરૂપમાં પિછાનતા થયા હોઇશું–અર્થાત્ આ જગતપ્રપંચ તો તેના તેજ રૂપમાં કાયમ રહેશે, પણ તેનો અર્થ આપણે મન પલટાઇ જશે. જગતનું સત્ય સ્વરૂપ હજી આપણને સમજાયું નથી. જીવન્મુક્તિદ્વારાજ આપણને તેનું ખરૂં સ્વરૂપ તથા તેનો ખરો સ્વભાવ સમજાય તેમ છે. એ મુક્તદશા પ્રાપ્ત થયા પછીજ આપણે સમજી શકીશું કે, આ કહેવાતો નિયમ અથવા ભાગ્ય, ભાવી કે પ્રારબ્ધ એ તો આપણા સ્વભાવમાં નહિ જેવો નામનોજ અધિકાર ભોગવે છે. ભાગ્ય અથવા અદૃષ્ટ એ તો અમારા સ્વ-

ભાવનું એક નાનુંસરખું પાસું છે, પણ બીજે પાસે મુક્તિ ને સ્વતંત્રતાજ સઘળો સમય મોજૂદ છે, તેનું આપણને ભાન નથી. તેથીજ તો આપણે અનર્થ અને પાપથી બચવા, શિકાર બનેલું સસલું જેમ શિકારીથી બચવા પોતાનું માથું માટીમાં આમતેમ સંતાડતું ફરે તેમ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફાંફાં મારતા ફરીએ છીએ. માયાની જાળમાં પડીનેજ આપણે આપણા અસલ સ્વભાવને ભૂલી જવાની કોશિશ કરી રહ્યા છીએ, છતાં તેનું નિઃશેષ વિસ્મરણ તો આપણને કદાપિ થઈ શકતુંજ નથી. આપણો સ્વભાવ હમેશાં આપણને હાંક પાડે છે અને ઇશ્વર કે દેવતાઓ માટેના કિંવા સ્થૂળ સ્વાતંત્ર્ય માટેના આપણા સઘળાજ ધમપછાડા એ આપણા પ્રકૃત સ્વભાવની શોધ માટેનાજ ધમપછાડા છે, એમ નક્કી સમજો. અંતરમાંથી નીકળતા અવાજને આપણે ભૂલથી અવળા અર્થમાં સમજ્યા હતા. એ અવાજ અગ્નિ કિંવા એકાદા દેવ કે સૂર્યચંદ્ર જેવા કોઈ બાહ્ય પદાર્થમાંથી આવતો હોવાનું આપણે ભૂલથી કલ્પી લીધું; પણ આખરે આપણી એ ભૂલ પકડાઈ ગઈ છે અને એ નાદ વસ્તુતઃ આપણા પોતાના અંતરમાંથીજ નીકળે છે, એ સત્ય આપણે હાથ ચઢી ચૂક્યું છે. એ શાશ્વત નાદ આપણાં અંતરમાંજ શાશ્વત મુક્તિનો સાદ નિરંતર કાઢી રહ્યો છે; તેનું સંગીત અહર્નિશ અખંડ ચાલુજ છે. આત્માના એ સંગીતનોજ એક અંશ આ પૃથ્વીરૂપે, નિયમરૂપે અને આ વિશ્વરૂપે પરિણત થયેલો છે; પરંતુ બધોજ વખત એ આપણો હતો અને બધોજ વખત આપણો રહેવાનો છે. ટૂંકામાં કહીએ તો વેદાંતની પ્રધાન ભાવના એજ છે કે, મનુષ્યના વાસ્તવ સ્વરૂપને ઓળખો અને જગતને તે એજ સંદેશો આપે છે કે, જો તમે તમારા માનવબંધુ કે જે ઇશ્વરનું વ્યક્તરૂપ છે તેને ભજી નહિ શકો, તો પછી અવ્યક્ત એવા કોઇ ઇશ્વરને

તો ભજીજ શી રીતે શકશો? અર્થાત્ મનુષ્યરૂપી જીવતા ઈશ્વર-નીજ ઉપાસના કરો યાને પ્રાણીમાત્રને આત્મવત્ અથવા પરમાત્મસ્વરૂપ લેખતા થાઓ, એજ વેદાંતનો અમૂલ્ય સંદેશો છે.

બાયબલ પણ આજ તત્ત્વનું પ્રતિપાદન કરે છે, એ તો તમને યાદ હોવુંજ જોઇએ. બાયબલ કહે છે કે, "મનુષ્ય કે જેને તમે નજરે જોયો ને જાણ્યો છે, તેને જો તમે નહિ ચાહી શકો તો પછી ઈશ્વર કે જેને તમે નજરે જોયો કે જાણ્યો નથી, તેને તો તમે ચાહીજ શી રીતે શકશો?" અર્થાત્ માનવીના ચહેરામાં જો તમને ઇશ્વરની ઝાંખી નહિ થાય, તો પછી આકાશનાં વાદળાં-માં કે જડ પદાર્થની બનાવેલી અચેતન મૂર્તિમાં તો તેનાં દર્શન તમને ક્યાંથીજ થશે? તેમજ ભેજામાંથી નિપજાવી કાઢેલી ઈશ્વિર સંબંધી વાતોમાં તો તમારી આસ્થા શાનીજ બંધાશે? જે દિવસે તમે પ્રત્યેક નરનારીમાં પ્રભુનાં દર્શન કરતા બનશો, તે દિવસથી તમને હું ખરા ધર્મિષ્ઠ થયેલા માનીશ, અને "તમારા જમણા ગાલ પર કોઈ તમાચો મારે તો તરતજ તમારો ડાબો ગાલ પણ ધરો."–બાયબલમાંના એ ઉમદા કથનનું રહસ્ય પણ તમારાથી ત્યારેજ સમજાશે. મનુષ્યને જ્યારે તમે ઈશ્વિરરૂપ દેખતા થશો, ત્યારે તમારે માટે બધુંજ–વાઘ જેવું હિંસક પ્રાણી સુધ્ધાં આવકારદાયક થઇ પડશે. તમારી પાસે જે જે કંઇ આવશે, તે તે તમને પ્રભુનાજ પ્રતિબિંબરૂપ, એ શાશ્વત સચ્ચિદાનંદ-સ્વરૂપજ જણાશે. પિતા, માતા, મિત્ર કે બાળક એવાં એવાં વિવિધ રૂપમાં એજ સચ્ચિદાનંદ પ્રભુ, એ તમારો પોતાનોજ આત્મા તમારી સાથે આ વિશ્વરૂપી રંગભૂમિ પર ક્રીડા કરી રહ્યા છે, એમ જણાશે.

હવે આ રીતે આપણા માનવ-સંબંધો જેમ દિવ્ય બનાવી શકાય, તેમ ઇશ્વર સાથેનો આપણો સંબંધ પણ તેમના કોઇ પણ

રૂપમાં પ્રકાશી શકે, અને તેથી ઇશ્વરને આપણે પિતાભાવે, માતાભાવે, મિત્રભાવે કે પ્રિયાભાવે નીરખી શકીએ. ઇશ્વરને માતા કહી સંબોધવો એ પિતાભાવ કરતાં વધારે ઉચ્ચ આદર્શ છે; અને તેને એક સખાભાવે સંબોધવો એ તેના કરતાં પણ ચડિયાતો આદર્શ છે. પણ એ સૌના કરતાં ચઢિયાતો આદર્શ તો તેને પ્રિયાભાવે ભજવો એ છે. એક પ્રેમી અને પ્રેમપાત્રની વચ્ચે કંઇ ભેદભાવજ ન જોવો એ ઉત્તમ આદર્શ છે. એક ફારસી ગાથામાં વાત છે કે, એક પ્રેમી પુરુષ પોતાની પ્રિયાના મકાન પર આવ્યો અને તેણે બારણાં ખખડાવ્યાં એટલે અંદરથી પ્રિયાનો સાદ આવ્યો કે, "કોણ છે?" તેના પ્રત્યુત્તરમાં પ્રેમીએ કહ્યું કે, "એ તો હું." પણ આના જવાબમાં ન તો બારણું ઊઘડ્યું કે ન બીજો સવાલ સંભળાયો. બીજી વાર તે આવ્યો ને બોલ્યો કે, "હું આવ્યો છું." પણ બારણું તો બંધજ રહ્યું. પછી ત્રીજી વાર આવ્યો અને બારણાં ખખડાવ્યાં ત્યારે અંદરથી અવાજ આવ્યો કે, "કોણ છે એ?" તેના જવાબમાં પ્રેમીએ ઉમળકાભેર કહ્યું કે "એ તો ત્વંમય (તારારૂપ બનેલો) હુંજ પ્રિયે!" એટલા શબ્દો એના મુખમાંથી નીકળતામાંજ ફટાફટ બારણાં ઊઘડી ગયાં, અને બન્ને પ્રેમીઓ એકબીજાની વહાલસોઇ બાથમાં ભિડાઇ જઈ એકરૂપ બન્યાં. ઈશ્વર અને આપણી વચ્ચે પણ એવોજ એકાત્મભાવ હોવો જોઇએ. તે પ્રત્યેક પદાર્થમાં છે અને પ્રત્યેક પદાર્થ પણ તે પોતેજ છે. પ્રત્યેક સ્ત્રીપુરુષ એ તે સચ્ચિદાનંદ જીવંત ઇશ્વરનું ઇંદ્રિયગોચર થતું સ્વરૂપજ છે. કોણ કહે છે કે ઇશ્વર અજ્ઞાત છે? કોણ કહે છે કે એને ખોળી કાઢવાનો છે? ઇશ્વર તો આપણને ચિરકાળને માટે જડેલોજ છે. ચિરકાળથી આપણે એની અંદરજ રહેતા આવ્યા છીએ. ઇશ્વરનું અસ્તિત્વ સર્વત્ર હોઇ તેનું સ્વરૂપ શાશ્વતકાળથી જ્ઞાત છે, શાશ્વતકાળથી પૂજાતું આવ્યું છે ને

શાશ્વત કાળપર્યંત પૂજાયા કરશે.

હવે આટલે સુધી આવ્યા પછી એક સવાલ એ બાકી રહે છે કે, "ત્યારે ઇશ્વરોપાસનાની બીજી રૂઢિઓ શું ભૂલભરેલી યાને ખોટી છે?" વેદાંત કહે છે કે, "ના." આ વાત કદાપિ સ્મરણુમાંથી ખસવી જોઇએ નહિ કે જેઓ જાતજાતના ક્રિયાકાંડદ્વારા પ્રભુને ભજે છે—એ ક્રિયાકાંડના વિધિઓ આપણી દૃષ્ટિને ગમે તેવા અનુચિત અને અપરિપક્વ ભલેને ભાસતા હોય, તોપણ–તેઓ ભ્રમમાં પડી ગોથાં ખાયા કરે છે, એમ સમજવું ઉચિત નથી. કારણકે લોકો જેમ ક્રમે ક્રમે પ્રવાસ આદરે છે, તેમ સત્યના પંથમાં પણ નિકૃષ્ટ પ્રતિના સત્યમાંથી ઉત્કૃષ્ટ પ્રતિના સત્ય ભણી ક્રમે ક્રમેજ આગળ વધે છે. અંધકાર એટલે પ્રકાશની ન્યૂનતા, પાપ એટલે પુણ્યની ન્યૂનતા, અપવિત્રતા એટલે કે પવિત્રતાની ન્યૂનતા અને નહિ કે સાવ શૂન્યતા. તેથી આ વાત દરેકે નિરંતર યાદ રાખવી જોઇએ કે, આપણે બીજાંને હમેશાં પ્રેમભરી આંખે અને હૃદયની સંપૂર્ણ સહાનુભૂતિથી જોવાં જોઇએ, અને તેઓ આપણે જે રસ્તો પસાર કરી ચૂકયાં છીએ, તેજ રસ્તે પોતાનું પ્રયાણ કરી રહ્યાં છે, એમ જાણવું જોઇએ. તમે જો મુક્તાવસ્થાને પ્રાપ્ત કરી ચૂકયાં હશો, તો સાચેજ સમજી રાખજો કે, મોડાંવહેલાં તેઓ પણ બધાં એ અવસ્થાને પ્રાપ્ત કરશેજ કરશે; અને તમે જો ખરેખરાં મુક્ત બની સ્થિરતાને પામ્યાં હો, તો તો બીજાની અંદર અસ્થિરતાનો ભાસ તમને થાયજ કેમ? તમે જો ખરેખર પવિત્ર બન્યાં હો, તો બીજાંની અંદર તમને અપવિત્રતા દેખાયજ કેમ? કારણકે એ તો અંતરમાં જેવું હોય તેવુંજ બહાર દેખાય છે. "દર્પણ તેવી છાયા" એ કહેવત અહીં બરાબર લાગુ પડે છે. આપણી પોતાની અંદર અપવિત્રતાનો કિંચિત્ અંશ હોવા વગર બીજાની અંદર અપવિત્રતા રહેલી આપણને જણા-

ચજ નહિ. વેદાંતની વ્યાવહારિક બાજુઓમાંની આ એક અતિ વ્યાવહારિક બાજુ છે અને મને ઉમેદ છે કે, તેને આપણે બધાજ પોતપોતાના જીવનમાં ઉતારી બતાવવાની કોશિશ કરીશું. દુનિયામાંનું આપણું આ આખું જીવન એને આચરણમાં મૂકી બતાવવા માટેજ છે. વળી આ ઉચ્ચ જ્ઞાનના વિચારથી મોટો લાભ તો આપણુને એ થશે કે, હવે પછી આપણે અસંતોષ અને અશાંતિપૂર્વક કામ કરવાને બદલે સંપૂર્ણ સંતોષ અને શાંતિસહિત કામ કરતા થઇશું. કેમકે એટલી વાતની તો નિદાન આપણુને સમજ પડી ચૂકી છે કે, એ પરમ સત્ય આપણી પોતાનીજ અંદર વસે છે, આપણા જન્મસિદ્ધ હક તરીકે તે આપણીજ માલિકીનું છે. આપણે માટે કરવાનું જે બાકી રહે છે તે એટલુંજ કે, એ પરમ સત્યને આપણી વચ્ચે રહેલા મળવિક્ષેપ અને આવરણરૂપ દોષો દૂર કરીને એને આપણા અંતરમાંથીજ વ્યક્ત કરવું જોઇએ તથા સ્પષ્ટસ્વરૂપે પ્રકાશવા દેવું જોઇએ.



५–व्यावहारिक वेदांत–भाग ३ जो*

સમષ્ટિની ચર્ચા ચલાવ્યા પછી હવે હું વ્યષ્ટિની સાથે સમષ્ટિના સંબંધ વિષે વેદાંતના કેવા વિચાર છે, તે તમારી આગળ મૂકવાનો પ્રયત્ન કરીશ. આપણે આગળ જોઇ ગયાં છીએ તેમ, અસલના દ્વૈતવાદાત્મક સઘળાજ વૈદિક મતોની અંદર એ વાત એકસરખી રીતે સ્વીકારાયલી માલૂમ પડે છે કે, પ્રત્યેક પ્રાણીને તેનો પોતાનો એકેક વિશિષ્ટ અને સીમાબદ્ધ આત્મા હોય છે. એ વ્યક્તિમાત્રમાં રહેતા વિશિષ્ટ આત્માના સંબંધમાં અનેક પ્રકારના મતવાદો પ્રચલિત છે; પરંતુ તે બધામાં પ્રાચીન વેદાંતવાદીઓ અને પ્રાચીન બૌદ્ધમાર્ગીઓની વચ્ચે ચાલેલો વિવાદ અગ્રસ્થાન ભોગવે છે. વેદાંતીઓનું માનવું અને પ્રતિપાદન એવું હતું કે, આ વ્યક્તિગત વિશિષ્ટ આત્મા સ્વયંસંપૂર્ણ છે; ત્યારે બૌદ્ધ લોકો એવા વ્યક્તિગત આત્માના અસ્તિત્વનો સાફ સાફ ઇન્કાર કરી કહેતા કે, "એવા વ્યક્તિગત આત્માની કશી આવશ્યકતા નથી." આ વાદ યુરોપમાં એક વખત પૂરજોસમાં ચાલતા દ્રવ્ય અને ગુણના વાદને મળતો છે. એ વિષે પણ હું તમને અગાઉ કહી ગયો છું કે, એક પક્ષ એમ માનવાવાળો હતો કે ગુણોના સમૂહની પાછળ દ્રવ્યરૂપી કશાનું અસ્તિત્વ છે, ત્યારે બીજો પક્ષ એવા દ્રવ્યની બિલકુલ અનાવશ્યકતા જણાવી તેનો ઇન્કાર કરતો અને

* લંડન, તા. ૧૮ નવેમ્બર ૧૮૯૬

ઊલટું એમ પ્રતિપાદન કરતો કે, ગુણો પોતેજ એકલા કશાના આધાર વગર રહી શકે છે. અલબત, આત્માના અસ્તિત્વ સંબંધનો પ્રાચીનમાં પ્રાચીન મત પણ અહં—સાદશ્યતાની યુક્તિ ઉપર સ્થિત થયેલો છે. એ યુક્તિ એવી છે કે, "હું તે હુંજ છું; ગઈ કાલનો 'હું' તેજ આજનો 'હું' છું, અને આજનો 'હું' તેજ આવતી કાલનો 'હું' હશે—અર્થાત્ શરીરની અંદર ગમે તેવાં પરિણામો યાને ફેરફારો થવા છતાં, મારી શ્રદ્ધા છે કે, 'હું' તો તેનો તેજ 'હું' રહું છું." આજ યુક્તિ જીવાત્માને સીમાબદ્ધ છતાં સ્વયંસંપૂર્ણ માનવાવાળાઓની પ્રધાન યુક્તિ હોવી જોઇએ.

ઊલટપક્ષે, પ્રાચીન બૌદ્ધ વિદ્વાનોએ એવી કલ્પનાનો યાને જીવાત્માનું પ્રયોજન સ્વીકારવાનો ઇન્કાર કર્યો છે. તેઓ પોતાના મતના સમર્થનમાં એ તર્ક આગળ ધરે છે કે, આપણે જે કંઇ જાણીએ છીએ ને ભવિષ્યમાં જે જે કંઇ જાણી શકીએ તેમ છીએ, તે આ પરિવર્તનો યાને ફેરફારોજ છે—અર્થાત્ પરિવર્તન સિવાય અન્ય કશાનું જ્ઞાન થવું આપણે માટે શકયજ નથી. તેથી કોઇ અપરિવર્તનશીલ અને નિર્વિકારી દ્રવ્યની કલ્પનાનો સ્વીકાર કરવો અનાવશ્યક, કિંબહુના વધારે પડતો છે; એટલુંજ નહિ પણ એવી કોઇ અપરિવર્તનશીલ વસ્તુ ખરેખર હયાતીમાં હોય, તોપણ તેને સમજવા તથા કોઈ પણ રૂપમાં પ્રત્યક્ષ કરવા આપણે કદી શક્તિમાન નથી. અત્યારે યુરોપમાં એજ વિષય પર ચર્ચા ચાલી રહેલી માલૂમ પડે છે. તેમાં એક પક્ષ પર ધર્મવાદીઓ અને માયાવાદીઓ છે, ત્યારે બીજા પક્ષ પર અર્વાચીન પ્રત્યક્ષવાદીઓ અને અજ્ઞેયવાદીઓ છે. પહેલા પક્ષનું માનવું એવું છે કે, કોઇ અપરિવર્તનશીલ નિર્વિકારી સત્તાનું અસ્તિત્વ અવશ્ય છે. આ પક્ષનો સૌથી છેલ્લો મહાન પ્રતિનિધિ હર્બર્ટ સ્પેન્સર હોઇ તે કહે છે કે, એ અપરિવર્તનશીલ, નિર્વિકારી તત્ત્વની કંઇક ઝાંખી આપણને થઇ

શકે છે, ત્યારે બીજા પક્ષના પ્રતિનિધિઓ તરીકે અર્વાચીન કૉમ્ટિસ્ટો અને ઍગ્નોસ્ટિકો યાને અજ્ઞેયવાદીઓ છે. હર્બર્ટ સ્પેન્સર અને ફ્રેડરિક હેરિસન વચ્ચે આ વિષય પર થોડાંક વર્ષ પર જે વાદ ચાલતો હતો, તેમાં તમારામાંના જે લોકોએ રસ લીધો હશે તેમના લક્ષ પર આવ્યુંજ હશે કે, ત્યાં પણ એજ જૂના જમાનાની મુશ્કેલી આવીને ઊભી રહી હતી-એક પક્ષ પરિવર્તનશીલતાની પાછળ કોઇ અપરિવર્તનશીલ તત્ત્વનું સમર્થન કરતો હતો અને બીજો પક્ષ એવી કલ્પનાના પ્રયોજનનોજ સાફ ઇન્કાર કરતો હતો. અર્થાત્ આ બાબતમાં એક પક્ષ હમેશાં કહેતો આવ્યો છે કે, કોઇ અપરિવર્તનીય અથવા અવિકારી તત્ત્વની હયાતી વગર પરિવર્તનશીલતા અથવા વિકારનો આપણને ખ્યાલ સરખો ન આવી શકે; ત્યારે બીજો પક્ષ તેટલાજ ભાર સાથે કહેતો આવ્યો છે કે, એ ધારણા વધારે પડતી છે, કેમકે આપણને કલ્પના આવી શકે છે તે કેવળ પરિવર્તનશીલ પદાર્થનીજ આવી શકે છે અને અપરિવર્તનશીલ કોઇ તત્ત્વને જાણવા, અનુભવવા કે પ્રત્યક્ષ કરવા આપણે કદાપિ શક્તિમાન નથી.

ભારતવર્ષમાં પણ આ મહાન પ્રશ્નનું નિરાકરણ અતિ પ્રાચીનકાળમાં પ્રાપ્ત થયું નહોતું. કારણકે એ તો આપણે જોઇજ લીધું છે કે, ગુણસમુદાયની પાછળ રહેલા તેમજ એ ગુણોથી ભિન્ન એવા કોઈ પદાર્થનું અસ્તિત્વ સાબિત કરી શકાય તેમ નથી; એટલુંજ નહિ પણ સ્મૃતિજન્ય અહં-સાદૃશ્યતાની યુક્તિનું એટલે કે હું કાલનોજ 'હું' છું, કેમકે મને તેનું સ્મરણ છે અને તેથી હું નિત્ય વસ્તુ છું-એ યુક્તિ પણ સાબિત કરી શકાય તેમ નથી. બીજું કે, જે પ્રમાણ આ મતના સમર્થનમાં સામાન્ય રીતે રજૂ કરવામાં આવે છે, તે તો માત્ર શબ્દજાળજ છે. દાખલા તરીકે એમ કહેવામાં આવે છે કે, "હું ખાઉં છું, હું જાઉં છું, હું

સ્વપ્નાં સેવું છું, હું ખસું છું"-ઇત્યાદિ વાક્યોની લાંબી ને લાંબી પરંપરા લઇશું તો તેમાં ખાવાની, કરવાની, જવાની વગેરે ક્રિયાઓ બદલાયા કરે છે, પણ તે બધાયમાં 'હું' તો જેમનું તેમ કાયમજ રહેતું દેખાય છે. તેથી સિદ્ધ થાય છે કે, એ 'હું' કોઇ નિત્યવસ્તુ હોઈ એજ ખુદ વ્યક્તિત્વ છે અને આ પરિણામો અને ફેરફારો જે જોવામાં આવે છે, તે શરીરના ધર્મો છે અને નહિ કે એ 'હું' ના. આ યુક્તિ દેખીતી તો બહુ સચોટ અને સ્પષ્ટ છે, છતાં તેની આખીય રચના શબ્દના ખેલ પર ઊભી થયેલી છે. એ 'હું' અને કરવા, જવા કે ખાવાની ક્રિયા લખવા-વાંચવામાં ભલે ભિન્ન હોય, પણ પોતાના મનની અંદર તો તેમને એકબીજાથી ભિન્ન કોઈજ કરી શકતું નથી.

દાખલા તરીકે, જ્યારે હું ખાવાની ક્રિયા કરૂં છું, ત્યારે હું મારી જાતને ખાતીજ માનું છું-એટલે કે, ખાવાની ક્રિયા સાથે મારો તાદાત્મ્યભાવ થઇ ગયો હોય છે. તેવીજ રીતે જ્યારે હું દોડવાની ક્રિયા કરૂં છું, ત્યારે પણ દોડવાની ક્રિયા અને 'હું' ભિન્ન ન રહેતાં તાદાત્મ્ય સેવે છે. ત્યારે આ ઉપરથી સમજાશે કે, આ અહં-સાદશ્યતાની યુક્તિ બહુ સબળ જણાતી નથી. સ્મૃતિની યુક્તિ પણ તેવીજ પાંગળી છે. મારી હયાતીની સાદ-શ્યતા કિંવા વાસ્તવિકતા જો મારી સ્મૃતિ પરથીજ સિદ્ધ થઇ શકતી હોય, તો તો જે અનેક વસ્તુઓ હું અત્યારે ભૂલી ગયો હોઉં, તેમની વાસ્તવિકતા નષ્ટ થઇ ગયેલીજ આપણે માનવી પડે. વળી એ વાત તો આપણે બધાંજ જાણીએ છીએ કે, કેટ-લાક સ્થિતિસંજોગોમાં લોકો પોતાનું સમગ્ર ભૂત-જીવન ભૂલી જાય છે. ગાંડપણના અનેક કિસ્સામાં મનુષ્ય એમ માનતો થાય છે કે, પોતે એક કાચનો બનેલો પદાર્થ છે અથવા તો એક જ-નાવર છે. હવે જો એ મનુષ્યની હયાતી તેની સ્મૃતિ પરજ આધાર

રાખતી હોય તો તે કાચજ બની ગયો છે યા તો જનાવરજ થઇ ગયો છે એમજ માનવું ઘટે; પરંતુ વસ્તુતઃ એવો કંઇજ પ્રકાર હોતો નથી. તેથી સિદ્ધ થાય છે કે, આ અહં-સાદૃશ્યતાનો આધાર સ્મૃતિ જેવી નિર્માલ્ય વસ્તુ પર કદી પણ હોઇ શકેજ નહિ. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે, સીમાબદ્ધ છતાં સંપૂર્ણ અને શાશ્વત અહંની સાદૃશ્યતાને ગુણસમુદાયથી અલગ સ્થાપિત કરી શકાતી નથી-અર્થાત્ એવા કોઇ સંકીર્ણ, સીમાબદ્ધ અસ્તિત્વને આપણે સ્થાપિત કરી શકતા નથી, કે જેની પછવાડે ગુણોનો ઝૂમખો વળગી રહેલો હોય.

બીજી બાજુએ જોતાં, ગુણોના સમુદાયથી પર હોય એવી કોઇ વસ્તુ આપણે જાણતા નથી કે જાણી શકીએ તેમ નથી-એ પ્રાચીન બૌદ્ધ લોકોની યુક્તિ વધારે સબળ ભાસે છે. બૌદ્ધોના મત મુજબ તો પ્રત્યક્ષાનુભૂતિ અને લાગણીઓને નામે ઓળખાતા ગુણોના સમુદાયનોજ આત્મા બનેલો છે. ગુણોના એવા એવા સમૂહનેજ આત્મા તરીકે ઓળખવામાં આવે છે અને ગુણસમૂહ સદાસર્વદા પરિવર્તનશીલ છે.

આત્મા વિષેનો અદ્વૈતવાદનો સિદ્ધાંત આ ઉભય પક્ષોનું સમાધાન કરે છે. અદ્વૈતવાદનો એવો મત છે કે, ગુણથી ભિન્ન હોય એવા કોઇ પદાર્થનું અસ્તિત્વ આપણી કલ્પનામાં ઊતરી શકતું નથી, એ વાત સાચી છે; તેમજ પરિવર્તન અને અપરિવર્તન બન્નેનો એકી સાથે વિચાર કરવો પણ અશકય છે. પરંતુ સત્ય હકીકત તો એ છે કે, પદાર્થ અને ગુણ એ મૂળે એકજ વસ્તુ છે; બન્ને અલગ અલગ નથી. અપરિવર્તનશીલ નિર્વિકારી તત્ત્વ જે છે, તેજ પરિવર્તનશીલ યાને વિકારી ભાસે છે; તેથી જગતનો અપરિવર્તનશીલ પદાર્થ એ તેનાથી ભિન્ન વસ્તુ નથી; તેમ આ અદૃશ્ય ચમત્કાર એ દૃશ્ય ચમત્કારથી જરાયે જુદો નથી, પણ

એ અદૃશ્ય અને અજ્ઞેય સત્તા પોતેજ દૃશ્ય અને જ્ઞેય બનેલી છે. તેથી અપરિવર્તનશીલ એવા આત્માનું અસ્તિત્વ છે, એટલુંજ નહિ પણ જેને આપણે લાગણી, અનુભવ ઇત્યાદિ નામોથી ઓળખીએ છીએ તે તેમજ શરીર સુધ્ધાં બધુંય જુદા દૃષ્ટિબિંદુથી જોવાય તો તે આત્માજ છે. આપણને શરીર, આત્મા અને એવું એવું છે એમ વિચારવાની આદત પડી ગઇ છે. બાકી વાસ્તવિક રીતે જોતાં તો અસ્તિત્વ એકજ છે.

જ્યારે હું મારી જાતનો શરીર તરીકે વિચાર કરૂં છું, ત્યારે હું શરીરજ છું. તે વખતે એમ કહેવું કે, હું અન્ય કંઈ છું, એ કેવળ અર્થહીન છે. એવીજ રીતે જ્યારે હું મારી જાતને આત્મારૂપે વિચારૂં છું, ત્યારે શરીર અદૃશ્ય બને છે યાને શરીર છે એવું ભાનજ મુદ્દલ રહેતું નથી. તાત્પર્ય કે, શરીરનું ભાન ગયા વગર આત્માનું ભાન કદાપિ કોઈને થઇ શકતું નથી, તેમ ગુણોનું ભાન અદૃશ્ય થયા વગર પદાર્થનું ભાન થવું પણ સંભવિત નથી.

અદ્વૈતવાદના સર્પરજ્જુન્યાયના પ્રાચીન દૃષ્ટાંતથી આ મુદ્દો વધારે સ્પષ્ટ રીતે સમજી શકાશે. કોઇ મનુષ્ય એક દોરડાને ભૂલથી સાપ ધારી લે છે, ત્યારે તેને મન દોરડું અદૃશ્ય બની સાપ ખડો રહે છે અને દોરડાનું વાસ્તવિક રૂપ જ્યારે તેના સમજવામાં આવે છે ત્યારે તે કાલ્પનિક સાપ અદૃશ્ય બનીને અસલ જે દોરડું તેજ કાયમ રહે છે. તેવીજ રીતે દ્વિવિધ કે ત્રિવિધ અસ્તિત્વોના ખ્યાલો અપૂર્ણ વિચારોના પરિણામરૂપ હોઇ પુસ્તકોમાં નોંધાયા છે. એ પુસ્તકોના વાચનથી કે એવા અપરિપક્વ ખ્યાલોના શ્રવણથી શરીર અને આત્મા—બન્નેનો એકસાથે અનુભવ થવાનો આપણને ભ્રમ પેદા થાય છે; પણ એવો દ્વિવિધ અનુભવ એકી વખતે વસ્તુતઃ તો કદાપિ હોતોજ નથી. અનુભવ કાં તો શરીરનો કે આત્માનો બેમાંથી એકનોજ થાય છે. આ

વાતને સાબિત કરવા દલીલો કે પ્રમાણોની અગત્ય નથી રહેતી; કેમકે પ્રત્યેક જણ પોતાના મનમાંજ તેની સત્યાસત્યતાની ખાતરી કરી શકે તેમ છે.

તમે પોતાની જાતને દેહશૂન્ય આત્મા તરીકે કલ્પવાની કોશિશ કરો. એમાં તમને કંઇ સમજણ પડશેજ નહિ, યાને એવો વિચાર કરવો પણ તમારે માટે લગભગ અશકય થઇ પડશે; અને જે વીરલાઓ દેહશૂન્ય આત્માનું મનન કરવામાં સફળ થશે, તેમને તેજ ઘડીએ અનુભવ થઈ જશે કે, જ્યારે તેઓ પોતાની જાતને આત્મા તરીકે પ્રત્યક્ષ કરતા હતા, ત્યારે તેમને શરીરનો ખ્યાલ સરખો નહોતો. તમારા જોવામાં કે સાંભળવામાં એવાં મનુષ્યો કદાચ આવ્યાં હશે કે જેઓ અમુક અમુક પ્રસંગોએ પોતાના મનને ગાઢ સમાધિ, આત્મવશીકરણ-વિદ્યા કિંવા અમુક ઔષધસેવનથી એક પ્રકારની વિલક્ષણ અવસ્થામાં આણી મૂકતાં હોય; વાયુના રોગથી પણ કેટલીક વાર એવું બને છે. આ લોકોના અનુભવ પરથી પણ તમે તારવી શકશો કે, જ્યારે તેઓ આભ્યંતરિક દશાનો અનુભવ કરતા હતા, ત્યારે તેમનું બાહ્યજ્ઞાન તદ્દન ઊડી ગયું હતું. દારુ ને એવાજ બીજા ઉગ્ર માદક પદાર્થોના સેવનથી ઉન્મત્ત બનેલાઓને પોતાના દેહનું કે વાસ્તવિક દરજ્જાનું ભાન રહેતું નથી, એ તો આપણ બધાંના અનુભવની વાત છે. આથી સિદ્ધ થાય છે કે, ખરૂં અસ્તિત્વ છે તે એકનુંજ છે. એ એકજ સત્તા આ ત્રિવિધ રૂપોમાં દૃશ્યમાન થાય છે અને આ બધાં વિવિધ રૂપોજ કાર્યકારણના સંબંધને જન્માવે છે. એટલે કે કાર્યકારણનો સંબંધ આ વિવિધ રૂપોમાંજ રહેલો છે. કાર્યકારણનો સંબંધ એટલે કે ક્રમવિકાસ અથવા ઉત્ક્રાંતિનો ભાવ, યાને એક વસ્તુ બીજા રૂપમાં પરિણત થાય અને એ બીજું રૂપ પાછું મૂળ રૂપમાં સંકુચિત થઇ જાય

તે. કેટલીક વાર એવું પણ બનતું જોવામાં આવે છે કે, કારણ સમૂળગું અદૃશ્ય બની જાય છે અને તેને સ્થાને કાર્યને મૂકતું જાય છે; તે મુજબ આત્મા જો શરીરનું કારણ હોય, તો કોઇક વાર આત્મા તત્કાળ પૂરતો જાણે અદૃશ્ય બની જાય છે અને એકલું શરીરજ રહે છે; તેથી એકલા શરીરનુંજ જ્ઞાન થયા કરે છે. તેવીજ રીતે જ્યારે શરીરનું જ્ઞાન ઊડી જાય છે, ત્યારે આત્મા એકલો રહે છે અને તેનુંજ જ્ઞાન તત્કાળ માટે થયા કરે છે. અદ્વૈતવાદનો આ સિદ્ધાંત, શરીર અને આત્માની દ્વૈતભાવનાની સામે બૌદ્ધ વિચારકોએ જે દલીલો રજૂ કરી આત્માનો અસ્વીકાર કર્યો હતો, તેનો આબાદ જવાબ છે. એટલે કે અદ્વૈતનો આ સિદ્ધાંત પદાર્થ અને ગુણો એકજ છે, એમ સિદ્ધ કરીને દ્વિવિધ અસ્તિત્વનો ઇન્કાર કરે છે અને એ બાબતમાં બૌદ્ધમતનું સમર્થન કરે છે; પણ તેની સાથે એકનો એકજ પદાર્થ વિવિધ રૂપોમાં પ્રતીત થાય છે, એમ સિદ્ધ કરી આત્માનું અસ્તિત્વ પણ સિદ્ધ કરી બતાવે છે અને એ વાતમાં બૌદ્ધમતનું તે ખંડન પણ કરે છે.

વળી આપણે એ પણ જોઇ લીધું છે કે, અપરિવર્તનશીલતાનો ખ્યાલ કેવળ સમષ્ટિના સંબંધમાંજ સત્ય ઠરી શકે છે, પણ વ્યષ્ટિ સંબંધમાં તો નહિજ. કેમકે વ્યષ્ટિનો ભાવજ પરિવર્તનશીલતા અને ગતિના ભાવમાંથી ઉત્પન્ન થાય છે. સીમાબદ્ધ પ્રત્યેક વસ્તુ આપણે સમજી તેમ જાણી શકીએ છીએ કારણકે તે પરિવર્તનશીલ યાને ફેરફારને પાત્ર છે અને સમષ્ટિ તેવી રીતે અપરિવર્તનીય હોવી જોઇએ, કેમકે એના સિવાય અન્ય કશી વસ્તુ નથી કે જેના મુકાબલે તે પરિવર્તનશીલ કે પરિણામગામી હોય: પરિવર્તન કે પરિણામનો ખ્યાલ હમેશાં બીજા કોઇ અલ્પ પરિવર્તનીય કિંવા સંપૂર્ણ અપરિવર્તનીય પદાર્થની તુલનામાંજ આવી શકે, અન્યથા કદાપિ નહિ.

આ ઉપરથી માલૂમ પડે છે કે, અદ્વૈતવાદના સિદ્ધાંત મુજબ સર્વવ્યાપી, અપરિણામી, અમર આત્માનું અસ્તિત્વ બની શકે તેટલું સિદ્ધ કરી બતાવાય એમ છે. મુશ્કેલી જે છે તે વ્યષ્ટિના સંબંધમાંજ છે. જે દ્વૈતવાદની ભાવનાઓનો આપણા ઉપર આવો જબરજસ્ત કાબૂ છે, તેનું નિરાકરણ આપણે શી રીતે કરીશું? યાને સસીમ અને ક્ષુદ્ર વ્યક્તિગત આત્માઓ સંબંધી આપણી પરાપૂર્વથી ચાલી આવેલી ભાવનાઓ કે જેમાં થઇને આપણે સૌને પસાર થવાનું છે તેનું નિરાકરણ શી રીતે કરીશું?

એ તો આપણે જોઇ ગયાં છીએ કે, સમષ્ટિભાવે આપણે અમર્ત્ય કિંવા અમર છીએ; પણ મુશ્કેલી એ આવીને નડે છે કે, સમષ્ટિના અંશરૂપે યાને વ્યક્તિ તરીકે પણ અમર રહેવાની આપણે ઉગ્ર ઇચ્છા ધરાવીએ છીએ તેનું કેમ? વળી આપણે અનંત છીએ અને તેજ આપણું વાસ્તવિક વ્યક્તિત્વ છે; એ પણ આપણે જોઇ લીધું છે. પરંતુ આપણે આ ક્ષુદ્ર જીવાત્માઓને વ્યક્તિઓ-તરીકે પ્રતિપન્ન કરી તેમને અનંત અને અમર બનાવવા ચાહીએ છીએ. તો પછી આપણા નિત્યજીવનમાં જણાતા આ ક્ષુદ્ર વ્યક્તિત્વનું શું? આપણે જોઇએ છીએ કે, તેમનું વ્યક્તિત્વ છે, પણ તે વ્યક્તિત્વ નિરંતર વૃદ્ધિંગત થનારૂં યાને વિકાસશીલ છે; એ વ્યક્તિત્વો એનાં એ છેયે ખરાં અને નથી પણ—અર્થાત્ કે કાલનો 'હું' આજે છુંયે ખરો અને નથી પણ. હવે આ બધાં પરિવર્તનોની મધ્યમાં એક અપરિવર્તનીય સૂત્ર રહેલું છે, એવી દ્વૈતમતાત્મક ભાવનાથી આપણે મુક્ત બનીએ અને વર્તમાન કાળ-ની છેલ્લામાં છેલ્લી જે ક્રમવિકાસની ભાવના તેની મદદ લઇએ, તો આપણને સમજાશે કે આ 'હું' નિરંતર પરિવર્તનશીલ છે, પરંતુ તેમાં એક સાદૃશ્ય એટલું રહેલું છે કે તે નિત્યવિકાસશીલ છે.

હવે એ વાત જો સાચીજ હોય કે, મનુષ્યપ્રાણી એ એક

જાતના માંસલ જંતુના ક્રમવિકાસના પરિણામરૂપ છે, તો તે માંસલ જંતુવિશિષ્ટ અને મનુષ્ય એકજ પદાર્થ છે. ફેરમાત્ર એટલો કે, મનુષ્યપ્રાણી એ માંસલ જંતુનું અધિક પ્રમાણમાં વિકસિત રૂપ છે-અર્થાત્ કે માંસલ જંતુ ક્રમશઃ વિકાસને પ્રાપ્ત કરતો કરતો અનંતતા તરફ પ્રયાણ કરી રહ્યો છે અને આ ક્ષણે તે અનંતતાની મનુષ્યકોટિને પ્રાપ્ત થયો છે. તેથી સીમાબદ્ધ જીવાત્માને પણ વ્યક્તિ કહી શકાય, પણ તે એવી વ્યક્તિ કે જે ક્રમવિકાસને નિરંતર પ્રાપ્ત કરી અનંત વ્યક્તિમાં પરિણત થવા પ્રયાસ કરી રહી છે. જીવાત્માનું અત્યારનું વ્યક્તિત્વ અપૂર્ણ છે. સંપૂર્ણ વ્યક્તિત્વ તો જીવાત્માને ત્યારેજ પ્રાપ્ત થશે કે જ્યારે તે અનંતને પહોંચ્યો હશે. બાકી અનંતતાની આ બાજુએ-યાને અનંતતાને પ્રાપ્ત થતાં પહેલાં તો તે નિરંતર બદલાતી ને વિકાસ પામતી વ્યક્તિજ છે. અદ્વૈતના વેદાંતવાદની આ એક ખૂબી છે કે, તે તેના પૂર્વગામી વિરોધી મતોનો વિરોધ ટાળીને એકબીજાની સાથે તેમનો મેળ બેસાડી આપે છે. તેની આ રીત અનેક પ્રસંગે તેને પોતાને અતિ ઉપકારક નીવડી છે, તેમ અનેક વાર નુકસાનકર્તા પણ નીવડી છે. જે સિદ્ધાંતને અત્યારે તમે ક્રમવિકાસવાદ અથવા ઉત્ક્રાંતિવાદ તરીકે ઓળખો છો, તે સદ્ધિાંત અમારા પ્રાચીન તત્ત્વવેત્તાઓને પણ અવગત હતો; અર્થાત્ વૃદ્ધિ કિંવા વિકાસ ક્રમેક્રમે થાય છે, એ વાતથી તેઓ પૂર્ણ વાકેફગાર હતા અને તેથીજ તેઓ પોતાના પૂર્વગામી મતમતાંતરોનું સામંજસ્ય સાધવા યાને તેમની એકવાકયતા કરી બતાવવાને પ્રેરાયા હતા. પરિણામે તેમણે એકે પૂર્વગામી મતનો ઇન્કાર કરી તેને સાવ ઉડાવી દીધો નથી. ત્યારે બૌદ્ધમતનો આજ એક દોષ હતો કે, તેને આ ક્રમવિકાસના સિદ્ધાંતનું જ્ઞાન નહોતું અને એ ખામીને લીધે તેણે અંતિમ લક્ષ્યને પહોંચવાનાં પગથિયાંરૂપ જે પૂર્વવર્તી મતો તેમની સાથે

પોતાનું સામંજસ્ય યાને એકવાક્યતા સાધવાનો મુદ્દલ પ્રયત્નજ કર્યો નહિ અને તે બધાયને નુકસાનકર્તા ગણીને ત્યજી દીધાં.

આ જાતની વૃત્તિ ધર્મના ક્ષેત્રમાં અત્યંત હાનિકર નીવડે છે. એક માણસને એકાદ નવીન અને ઉચ્ચતર વિચાર સ્ફુરે છે, એટલે પછી તે પોતે છોડી દીધેલા પૂર્વના વિચારો પર એક વાર નજર ફેરવી લે છે અને તેનીજ સાથે સિદ્ધાંત બાંધી દે છે કે, એ બધાજ વિચારો અનિષ્ટ અને અનાવશ્યક હતા. પરંતુ આની સાથે તે એટલો વિચાર કરવાયે નથી થોભતો કે એણે ત્યાજ્ય ઠરાવેલા એ વિચારો તેના વર્તમાન દૃષ્ટિબિંદુને ગમે તેવા અપરિપકવ ભાસતા હશે, તથાપિ તેજ અપરિપકવ વિચારો તેને પોતાને ઉપકારક નીવડ્યા હોઈ, તેની અત્યારની ઉન્નત સ્થિતિને પ્રાપ્ત કરાવનાર તેજ હતા. આપણ પ્રત્યેક જણનો વિકાસ એજ રીતે થવાનો છે; એટલે કે શરૂઆતની દશામાં એ અપરિપકવ વિચારોનો આશરો લઇ તેમાંથી શક્ય તેટલો લાભ ઉઠાવી, ક્રમેક્રમે ઉચ્ચતર ને ઉચ્ચ-તર પાયરીને પ્રાપ્ત થવાનું છે; એ વાત લક્ષમાં રાખીને અદ્વૈત-વાદ અતિ જૂનામાં જૂના મતોની સાથે પણ મૈત્રીભાવ રાખે છે. એ રીતે અદ્વૈતવાદ, દ્વૈતવાદ તેમજ તેની પૂર્વના અન્યાન્ય મતોનો જે સ્વીકાર કરે છે તે આશ્રયદાતાના ઘમંડથી નહિ, પણ તેઓ બધા એકજ પરમ સત્યના સાચા આવિર્ભાવો હોઇ તેઓ બધાજ પોતે પ્રાપ્ત કરેલા અંતિમ સિદ્ધાંત તરફ દોરી જનાર પગથિયાં છે, એવું ખાતરીપૂર્વક માનીનેજ.

તેથી કરીને, આ વિવિધ પગથિયાંરૂપ પ્રાચીન મતોનું કે જેના ઉપર રહીને મનુષ્યજાતિએ આગળ વધવાનું છે, તે બધાયનું નિંદાપૂર્વક નહિ પણ ઊલટું આશીર્વચન સાથે સંરક્ષણ થવું ઘટે છે. એ સૂત્રને અનુસરીનેજ વેદાંતે બધા દ્વૈતમતમતાંતરોને ઇન્કારપૂર્વક ઉડાવી દેવાને બદલે જેમના તેમ પોતાની અંદર

સમાવી લીધા છે અને તે મુજબ આ સસીમ છતાં સ્વયંપૂર્ણ જીવાત્મા વિષેના દ્વૈતભાવને પણ વેદાંતની અંદર યોગ્ય સ્થાન મળેલું જણાઈ આવે છે.

દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ મનુષ્ય મરી જાય છે ત્યારે અમુક કે તમુક અપરલોકમાં જાય છે, એવા એવા ખ્યાલ છે એ વિચારોને પણ વેદાંત જેમના તેમ અખંડિત રહેવા દે છે. કારણકે અદ્વૈતવાદનો અંગીકાર કરવા છતાં એ બધા મતોનું તેમના યોગ્ય સ્થાનમાં સંરક્ષણ કરી શકાય છે; અને તેમ કરતાં માત્ર એટલું માનવાની જરૂર રહે છે કે, તેઓ પ્રકૃત સત્યનું આંશિક દર્શન કરાવનારા છે.

દ્વૈતવાદીઓના દૃષ્ટિબિંદુથી જોતાં તો આ જગત એ કેવળ જડ દ્રવ્ય કિંવા શક્તિનુંજ પરિણામ લેખી શકાય અને અમુક ઇચ્છાશક્તિના ખેલરૂપજ ગણી શકાય; અને તે ઇચ્છાશક્તિ પણ કેવી? તો કે જગતથી સાવ ભિન્ન, એટલે કે એ દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ તો મનુષ્યે પોતાને શરીર અને આત્મા એ દ્વિવિધ તત્ત્વોનો બનેલો સમજવાનો છે; અને એ આત્મા સસીમ હોવા છતાં તેનું વ્યક્તિત્વ સ્વયંસંપૂર્ણ છે એમ માનવાનું છે. હવે આવા મનુષ્યના અમરત્વ અને ભાવીજીવનના ખ્યાલો પણ તેના આત્માના ખ્યાલને અનુસરતા હોય એ તો દેખીતુંજ છે. એ ખ્યાલો અથવા ભાવોને પણ વેદાંતમાં સાચવી રાખવામાં આવ્યા છે અને તેથી દ્વૈતવાદીઓમાં ખૂબ પ્રચલિત થયેલા ખ્યાલોમાંના કેટલાક ખ્યાલો તમને કહી બતાવવાની હું જરૂર જોઉં છું. આ દ્વૈતવાદના સિદ્ધાંત મુજબ આપણને અલબત એક દેહ તો છેજ અને એ સ્થૂળની પછવાડે એક સૂક્ષ્મદેહ પણ હોય છે. આ સૂક્ષ્મ અથવા લિંગદેહ પણ સ્થૂળદેહની માફક જડ તત્ત્વનોજ બનેલો હોય છે; પરંતુ ફેર એટલો કે, સૂક્ષ્મદેહનું જડ તત્ત્વ પણ અતિશય સૂક્ષ્મ

હોય છે. એ લિંગદેહજ આપણાં સર્વ જાતનાં કર્મ અને સંસ્કારોને રહેવાનું સ્થાન છે અને તેમાંથીજ તેઓ જરૂર પડે ત્યારે સ્થૂળરૂપમાં પ્રગટી નીકળે છે. આપણે વિચારીએ છીએ તે પ્રત્યેક વિચાર અને કરીએ છીએ તે દરેક કાર્ય અમુક મુદત પછી સૂક્ષ્મતાને પામી બીજરૂપમાં પરિણમે છે અને ભાવાત્મક દશામાં સૂક્ષ્મશરીરમાં કિંવા લિંગદેહમાં વસે છે અને ત્યાંથી થોડાક સમય બાદ તે ફરીને પાછા ફૂટી નીકળી ફળરૂપે દેખા દે છે. એ લિંગદેહમાં સંચિત થયેલાં કર્મ અને સંસ્કારોનું ફળજ મનુષ્યનું જીવતર ઘડે છે. આ રીતે પ્રત્યેક મનુષ્ય પોતેજ પોતાનું ભાવી જીવન ઘડે છે. મનુષ્યે પોતેજ પોતાને માટે નિર્માણ કરેલા નિયમો સિવાય યાને તેનાં કર્મફળ સિવાય બીજા કોઇજ નિયમો તેને બંધનકર્તા હોતા નથી. મતલબ કે, પ્રત્યેક મનુષ્ય પોતાના કર્મફળથી બંધાયલો છે. ભલા કે બૂરાને માટે આપણી આસપાસ જે જાળ આપણે નાખીએ છીએ, તે જાળના તાર આપણા વિચારો, વચનો અને કૃત્યોજ પૂરા પાડે છે. અમુક એક શક્તિને આપણે એક વાર ગતિમાં મૂકી કે તેનાં સારાંનરસાં સંપૂર્ણ પરિણામો આપણે પોતાને માથે ઉઠાવવાંજ રહ્યાં. કર્મનો નિયમ આ પ્રકારનો છે. લિંગદેહની પાછળ જીવ કિંવા મનુષ્યનો વ્યક્તિગત આત્મા રહેલો છે. આ વ્યક્તિગત આત્મા કિંવા જીવના રૂપ અને કદ વિષે વિવિધ વાદો અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક કહે છે કે, તે પરમાણુ જેવો નાનો છે; ત્યારે બીજા કેટલાકનું એવું માનવું છે કે, તે એટલો બધો તો નાનો નથીજ; ત્યારે વળી અન્ય કેટલાક એવું માને છે કે, તે અતિશય મોટો છે, વગેરે. આ જીવ વિશ્વવ્યાપી અનંતસત્તા કહેતાં બ્રહ્મનો અંશ હોઇ શાશ્વત, અનાદિ અને અનંત છે. પવિત્રતા અને વિશુદ્ધિ એ તેનો અસલ સ્વભાવ છે અને તે અસલ સ્વભાવને વ્યક્ત કરવા માટેજ તે

વિવિધ રૂપોમાંથી પસાર થાય છે. આ વ્યક્ત દશાને પાછું હઠાવનારૂં પ્રત્યેક કાર્ય દુષ્કર્મ અથવા પાપ કહેવાય છે અને તેવો વિચાર પણ પાપ કહેવાય છે, ત્યારે જીવાત્માને વિકસવામાં અને તેનો પોતાનો પ્રકૃત સ્વભાવ વ્યક્ત કરવામાં સહાયભૂત થનાર પ્રત્યેક કાર્ય અને વિચાર શુભ કર્મ કહેવાય છે. ભારતવર્ષના અપરિપકવમાં અપરિપકવ દ્વૈતવાદીઓ તેમજ સૌથી શ્રેષ્ઠ પ્રગતિમાન અદ્વૈતવાદીઓની વચ્ચે જે એક સામાન્ય સિદ્ધાંત નજરે પડે છે, તે આ છે કે, જીવાત્માની બધીજ શકયતાઓ અને શક્તિઓ તેની પોતાની અંદરજ રહેલી હોઇ, તે કોઇ પણ બહારના સ્થાનમાંથી આવતી નથી. એ બધીજ શક્તિઓ અવ્યક્તભાવે આત્માની અંદરજ રહેલી છે અને મનુષ્યમાત્રના જીવનની સઘળી કાર્યવાહી એ અવ્યક્ત શક્તિઓને વ્યક્ત કરવા પ્રેરાય છે.

તેઓ પુનર્જન્મવાદ પણ માને છે. આ પુનર્જન્મવાદ એવી જાતનો છે કે, આ દેહના લય પછી જીવને બીજો દેહ પ્રાપ્ત થશે અને તેના પંચત્વ પછી વળી બીજો—એ રીતે જન્માંતર આ લોકમાં કે અન્ય લોકમાં થયાજ કરે છે. પરંતુ આ મૃત્યુલોકમાં જન્મ થાય એ વધારે પસંદ કરવા યોગ્ય મનાય છે. કેમકે આપણા હિતને માટે યાને મુક્તિની પ્રાપ્તિ માટે આ લોકજ સર્વોત્તમ ગણાય છે. સ્વર્ગ અને બીજા અપર લોકો એવી જાતના કલ્પાયા છે કે, જયાં દુઃખનું પ્રમાણ નહિ જેવું હોય છે; પરંતુ તેજ કારણને લીધે તેઓ દલીલ કરે છે કે, એ અપર લોકોમાં ઉચ્ચતર અને ઉન્નતિકર વાતોનો વિચાર આવવાનો સંભવ ઓછો છે; ત્યારે આ મર્ત્યલોકમાં સુખનું પ્રમાણ ઓછું અને દુઃખનું પ્રમાણ અધિક હોવાથી જીવ એક યા બીજા જન્મમાં જાણે જાગૃત બને છે અને પોતાની જાતને બંધનમુક્ત કરવાનો વિચાર કરે છે. પરંતુ આ દુનિયામાં અતિ ધનવાન મનુષ્યોને સુખવૈભવ

કરતાં ઉચ્ચતર વિચારો આવવાનો સંભવ જેમ ઓછો હોય છે, તેમ જીવને માટે સ્વર્ગમાં અને અન્ય અપર લોકમાં પણ પ્રગતિ થવાનો સંભવ ઓછો હોય છે. કારણકે ત્યાં તેની સ્થિતિ વિપુલ પ્રમાણમાં પણ આ લોકના ધનાઢ્યો જેવીજ હોય છે, ત્યાં એના સૂક્ષ્મશરીરને વ્યાધિ પીડી શકતો નથી અને ખાવાપીવાની કંઇજ કડાકૂટ તેને કરવી પડતી નથી, તથા તેની બધીજ જાતની ભોગવાસનાઓ આપોઆપ તૃપ્ત થયા કરે છે. ત્યાં આગળ જીવને ઉપરાછાપરી સુખવિલાસ ભોગવતા રહી રહેવાનું મળે છે, અને તેથી તે પોતાના અસલ મુક્ત સ્વભાવને વીસરી જાય છે. આ સ્વર્ગલોકો કરતાં બીજા કેટલાક એવા પણ ઉચ્ચતર લોકોની કલ્પના છે કે, જયાં જીવનો આગળ વિકાસ થવાનો સંભવ હોય છે, તે મુજબ કેટલાક દ્વૈતવાદીઓ ઉત્તમોત્તમ અંતિમ લોક-તરીકે વૈકુંઠ કે ગોલોક જેવા સ્થાનની કલ્પના કરે છે, અને માને છે કે, ત્યાં જીવોને ચિરકાળ પ્રભુ સાથેજ રહેવાનું પ્રાપ્ત થાય છે. અહીં તેમને સુંદર દિવ્ય દેહ પ્રાપ્ત થાય છે અને તેને વ્યાધિ, જરા, મૃત્યુ કે અન્ય કંઇ અનર્થ કંઇજ બાધા કરી શકતાં નથી, તથા તેમની બધીજ વાસનાઓ તૃપ્ત થયે જાય છે. એ વૈકુંઠ કે ગોલોક કિંવા સત્યલોકને પ્રાપ્ત થયેલા જીવો પૈકી કેટલાક કોઈ કોઇ વાર ફરીને આ પૃથ્વી પર મનુષ્યજાતિને પ્રભુનો માર્ગ બતાવવાના ઉદ્દેશથી મનુષ્યરૂપે અવતરે છે. દુનિયામાં જન્મતા મહાન પયગંબરો અથવા અવતારો આ કોટિનાજ જીવો હોય છે. તેઓ મુક્તાવસ્થાને પામી ચૂકેલા અને પ્રભુના ઉત્તમોત્તમ ધામમાં-સતત પ્રભુના સહવાસમાં રહેનારા જીવો હોય છે; પણ કષ્ટાતી, રિબાતી મનુષ્યજાતિ માટે તેમનો પ્રેમ અને સમભાવ એટલો બધો તીવ્ર હોય છે કે રિબાતી મનુષ્યજાતિને દુ:ખમાંથી છોડવી સ્વર્ગ અને તેથી પણ ચડિયાતા પ્રભુના ધામપ્રતિ વાળવાના શુભ

હેતુથી તેઓ પૃથ્વી પર ફરીને અવતાર લે છે.

હવે આ સંબંધમાં અદ્વૈતવાદનો મત કેવો છે તે તો આપણે અલબત જાણીએજ છીએ. અદ્વૈતવાદ એવું પ્રતિપાદન કરે છે કે, એ રીતે દિવ્ય છતાં સદેહાવસ્થામાં પ્રભુનું સતત સાંનિધ્ય પ્રાપ્ત કરવું એ અંતિમ ધ્યેય કે આદર્શ હોઇ શકેજ નહિ. વિદેહાવસ્થા યાને અસીમતા અને અનંતતાજ જીવમાત્રના આદર્શ હોવા જોઇએ. અંતિમ આદર્શ અંતવાન હોયજ નહિ. અનંતથી ઊતરતો આદર્શ હોઇ શકેજ નહિ અને દેહ અનંત હોવાનો કદાપિ સંભવ નથી. દેહ સસીમતામાંથીજ ઉત્પન્ન થતો હોવાથી કાર્યકારણના ન્યાયે તે અસીમ કિંવા અનંત હોવાની શકયતાજ નથી. એ રીતે વિચાર પણ અનંત હોઈ શકે નહિ, કેમકે વિચારની ઉત્પત્તિ પણ સસીમતામાં રહેલી છે. એટલા માટે અદ્વૈતનું કથન છે કે, મુક્તિ માટે આપણે દેહ તેમજ વિચારથી પણ પર જવાનું છે, અને આપણે એ પણ જોઇ લીધું છે કે, એ મુક્તાવસ્થા આપણે ક્યાંયથી પ્રાપ્ત કરવાની નથી, પણ તે મૂળ અસલથી આપણી પોતાની છે. આપણને તે સ્વભાવસિદ્ધ હોવા છતાં તેની ફામ આપણને રહી નથી અને તેથીજ આપણી અંદરના તેના અસ્તિત્વનો આપણે ઇન્કાર કરીએ છીએ. જ્ઞાન પણ ક્યાંયથી પ્રાપ્ત કરવાનું નથી, તે આપણા પોતાનામાં મૂળથીજ મોજૂદ છે. એજ પ્રમાણે અમરત્વ અને પરમાનંદ પણ ક્યાંયથી મેળવવાનાં રહેતાં નથી; પરંતુ તેમના પર પણ આપણી પોતાનીજ મૂળ માલિકી છે. એ બધા ગુણો સદાસર્વદા આપણા પોતાનાજ છે.

તમે મુક્ત છો, એમ સમજવા અને અનુભવવાને તમે શક્તિ બતાવી શકો, તો અત્યારે ને અબઘડીએજ તમે મુક્ત છો. એમ નહિ કરો ત્યાંસુધી તમે બદ્ધાવસ્થામાંજ રહેવાનાં. અદ્વૈતવાદ આજ મત સાહસભેર જાહેરમાં મૂકે છે. દ્વૈતવાદીઓના વિચારો

પણ હું તમારી આગળ રજૂ કરી ગયો છું. એમાંથી તમને જે પસંદ પડે તેને ઉઠાવો અને અપનાવો.

વેદાંતનો આ સર્વશ્રેષ્ઠ આદર્શ સામાન્ય રીતે સમજાવો બહુ અઘરો છે, અને તેથી લોકો એના પર હમેશાં વિવાદ ચલાવે છે. એમાં મોટામાં મોટી મુશ્કેલી આવીને એ ઊભી રહે છે કે, લોકોના મનમાં અમુક એક મત વસી જાય છે, એટલે તેઓ બીજા મતનો ઇન્કાર કરીને બીજા મતાવલંબીઓની સાથે વિવાદના અખાડામાં ઊતરી પડે છે. તમે તેમ ન કરશો. તમને રુચે તે મત તમે ગ્રહણ કરો, અને બીજાને ફાવતો આવે તે બીજાને સ્વીકારવા દો. તમારી ઇચ્છા જો આ ક્ષુદ્ર વ્યક્તિત્વને યાને આ સસીમ મનુષ્યપણાને વળગી રહેવાની હોય, તો ભલે તેની તે અવસ્થામાં રહ્યા કરો અને તેમાંજ સંતોષ માનો ને રાજી થાઓ. મનુષ્યપણાનો તમારો અનુભવ જો સારો અને સુંદરજ હોય, તો તમારી ઇચ્છા હોય ત્યાંસુધી તે રાખો અને તમારાથી તે વાત બની શકે તેવી પણ છે; કારણકે તમારા ભાગ્યવિધાતા તમે પોતેજ છો, એટલે તમારૂં મનુષ્યપણું તમારી પાસે મુકાવી દેવાની કોઈ તમને ફરજ પાડી શકે તેમ છેજ નહિ. તમારી મરજી હશે ત્યાંસુધી તમે મનુષ્ય અવતર્યા કરશો, કોઇથી તમને કશોજ અટકાવ થઇ શકશે નહિ. તમારા પૈકી જેમને ફિરસ્તા બનવું હશે તેઓ ફિરસ્તા પણ બની શકશે; કારણ કે એ તો એક નિયમજ છે કે 'જેવી કૃતિ તેવી ગતિ.' પરંતુ કેટલાંક જણ વળી એવાં પણ હશે, કે જેમને ફિરસ્તાપણું સુદ્ધાં નહિ રુચતું હોય. એમના એ વિચારથી તમારે ભડકવાનું લેશમાત્ર પ્રયોજન નથી. એમનો એ ખ્યાલ ભયાનક છે એમ ધારી લેવાનો તમને શો અધિકાર છે વારૂ ? તમારી સો મહોરોની ભરેલી થેલી ગુમાઈ જતાં તમે હડબડી જાઓ તે સંભવિત છે; પણ દુનિયામાં બીજાં કેટલાંક એવાં

પણ પડ્યાં હશે, કે જેમનું આ દુનિયામાં સર્વ દ્રવ્ય ગુમાઇ જવા છતાં તેઓ આંખનો એક પલકારો સરખો નહિ ભરે. દુનિયામાં એવાં માણસો થઇ ગયાં છે, અને હજી પણ છે. તેમને તમારા પોતાના ગજથી માપવાની ધૃષ્ટતા તમે શા માટે આદરો છો ? તમે તમારી મર્યાદાઓને સુખે વળગી રહો, અને આ ક્ષુદ્ર દુન્યવી ભાવનાઓને તમારો સર્વોત્તમ આદર્શ ભલે માન્યા કરો. તમને તે સદાસર્વદા મુબારક રહો. તમને તે યથામતિ તથા ગતિરૂપ નીવડશે, પરંતુ બીજાં કેટલાંક એવાં હોય છે કે જેમને સત્યની ઝાંખી થઈ હોય છે, તેમને આ સસીમતાના ક્ષેત્રમાં ગોંધાઇ રહેવામાં કળ નથી વળતી. તેઓ એનાથી કંટાળી ગયાં હોય છે અને તેથી પર થવાની ઇચ્છા રાખે છે. આ દુનિયા અને તેના સકળ સુખવિલાસ જેમના તેમ છતાં તેમને મન એ બધું કાદવકીચડનાં ખાબોચિયાંરૂપજ ભાસે છે. એવા લોકોને તમારા પોતાના વિચારોથી બાંધી રાખવાની ઇચ્છા તમે શા માટે રાખો છો ? આવી ક્ષુદ્ર વૃત્તિથી તો તમારે બધાંયે એક વાર મુક્ત થયેજ છૂટકો છે. જગતમાં દરેકને તેનું યોગ્ય સ્થાન સુખે લેવા દો.

દક્ષિણ મહાસાગરના ટાપુઓમાં પ્રચંડ વાવાઝોડાના તોફાનમાં સપડાયલાં કેટલાંક વહાણોની હકીકત એક વાર મારા વાંચવામાં આવી હતી અને તેને લગતું એક ચિત્ર પણ 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુઝ' યાને 'સચિત્ર લંડન—સમાચાર' નામના છાપામાં આવ્યું હતું. તેમાં એક અંગ્રેજ વહાણ સિવાય બીજાં બધાંજ વહાણો ભાંગી ગયેલાં બતાવવામાં આવ્યાં હતાં. તે અંગ્રેજ વહાણ એ તોફાનની સામે ટક્કર ઝીલતું આગળ વધી રહ્યું હતું. હવે, આ ચિત્રમાં એવો દેખાવ હતો કે ભાંગેલાં વહાણો પરનાં માણસો કે જે ડૂબવાની અણી પર હતાં, તેઓ તૂતક પર ઊભાં રહીને ડૂબતાં ડૂબતાં પણ તોફાનમાંથી છટકી જતા તે અંગ્રેજ

વહાણના ઉતારૂઓને પ્રોત્સાહન આપતાં હતાં. કેવાં બહાદુર અને ઉદારચરિત લોકો! એમના જેવા બહાદુર અને ઉદાર બનો, અને બીજાઓને તમારી ભૂમિકાપર ઘસડી પાડવાનો પ્રયત્ન કદી ન કરો. બીજો એક મૂર્ખાઇભર્યો ખ્યાલ એવો પ્રવર્તે છે કે, આપણું આ ક્ષુદ્ર વ્યક્તિત્વ જો જતુંજ રહેશે, તો પછી દુનિયામાં નીતિ–નિયમ જેવું કંઇજ રહેશે નહિ અને તેમ થતાં મનુષ્યજાતિના ઉદ્ધાર માટેની તમામ આશાનો અંત આવશે. કેમ જાણે પ્રત્યેક જણ હરઘડીએ મનુષ્યજાતિના કલ્યાણ માટે મરી પરવારતો ન હોય! પ્રભુ તમારૂં કલ્યાણ કરો! મનુષ્યજાતિનું કલ્યાણ કરવાની વાસ્તવિક ભાવનાવાળાં બસો બસોજ નરનારીઓ પ્રત્યેક દેશમાં જો હયાત હોય, તો તો સત્યયુગ પાછો પાંચજ દિવસમાં પૃથ્વીપર ઉતરે. મનુષ્યજાતિના ભલા માટે આપણે કેવા મરી ફીટીએ છીએ તે તો આપણે બધાંજ પોતપોતાનાં મનમાં સમજીએ છીએ. એ તો બધી મોટી મોટી વાતો છે, બીજું કંઇજ નહિ. દુનિયાનો ઇતિહાસ તો ઊલટો એમ બતાવી આપે છે કે, જેમણે પોતાના ક્ષુદ્ર વ્યક્તિત્વનો કદાપિ વિચાર કર્યો નહોતો તેવા લોકોજ માનવજાતિના ઉત્તમોત્તમ કલ્યાણકર્તા નીવડ્યા છે, અને પોતાના ક્ષુદ્ર વ્યક્તિત્વનો વધારે ને વધારે વિચાર કરનાર નરનારીઓને હસ્તક પરોપકારનાં કાર્યો ઓછાં ને ઓછાંજ થતાં ગયાં છે. એક વૃત્તિ નિઃસ્વાર્થતાની અને બીજી સ્વાર્થપરાયણતાની છે. ક્ષુદ્ર સુખભોગોને વળગી રહેવાની વૃત્તિ અને આની આ વસ્તુસ્થિતિ કાયમ ટકી રહે કિંવા તેનુંજ પુનરાવર્તન થયા કરે એવી ઇચ્છા એ કેવળ સ્વાર્થપરાયણતાજ છે. એ વૃત્તિ સત્યજ્ઞાનની પ્રાપ્તિ માટેની કોઇ ઇચ્છામાંથી નથી ઉદ્ભવતી, યાને તેનું મૂળ પારકાં માટેની દયા કે અનુકંપામાં નથી રહ્યું; પણ “મનેજ બધું મળો, બીજાંની મને શી પડી છે?” એવી જાતની મનુષ્યહૃદયની

અધમ સ્વાર્થપરાયણુતામાં એનું મૂળ રહેલું છે. અલબત, મને પોતાને તો આમજ લાગે છે. મારી તો એવી ઘણીયે ઇચ્છા છે કે, એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીનું ભલું થતું હોય, તો તેને માટે પણ પોતાની સેંકડો જિંદગી ન્યોછાવર કરી નાખે એવા પ્રાચીન કાળના એ મહાન પયગંબરો અને સંતપુરુષો આ પૃથ્વી પર ફરી દેખા દે. બાકી નીતિપ્રચાર અને પારકાંનું ભલું કરી નાખવાની અત્યારની વાતો! એ તો સાવ મૂર્ખાઈભરેલો બકવાદમાત્ર છે.

ભગવાન ગૌતમબુદ્ધ જેવા નીતિમાન અને ચારિત્ર્યશીલ મનુષ્યોનાં દર્શન કરવાની મને આકાંક્ષા છે. એ ભગવાન પોતે સગુણ ઈશ્વર કે જીવાત્મામાં માનતા નહોતા, તેમને વિષે જિજ્ઞાસા સરખી તેમણે કદી કરી નહોતી; એટલુંજ નહિ પણ સંપૂર્ણ અજ્ઞેયવાદી હતા. આમ છતાં તેઓ કોઇને માટે પણ પોતાનું જીવન સમર્પી દેવા સદાસર્વદા તત્પર હતા, અને પોતાનું આખુંજ જીવન તેમણે સર્વ કોઈનું કલ્યાણ કરવામાં અને કલ્યાણ વાંચ્છવામાંજ વ્યતીત કર્યું છે. એમના જન્મનું વર્ણન કરતાં તેમના ચરિત્રકારે ઠીકજ લખ્યું છે કે, "તેમનો જન્મ અનેકના કલ્યાણ માટે હતો, અનેકને આશીર્વાદરૂપ હતો." પોતાની મુક્તિ માટે તેઓ જંગલમાં તપ કરવા નહોતા ગયા; પણ તેમને લાગ્યું કે, દુનિયા બધી દુઃખથી બળીઝળી રહી છે, અને તેમાંથી બચવાના રસ્તા શોધી કાઢવાની તેમની ફરજ છે. "દુનિયામાં આટલું બધું દુઃખ કેમ જણાય છે?"–એજ એક પ્રશ્ન તેમના મનમાં જીવનભર ઘોળાયા કરતો હતો. આ બુદ્ધ ભગવાન જેટલા આપણે નીતિમાન અને ચારિત્ર્યશીલ છીએ એવું શું તમે માનો છો?

માણસ જેટલો સ્વાર્થપરાયણ વધુ, તેટલોજ અનીતિમાન પણ વધુ. આખી જાતિ કે પ્રજાના સંબંધમાં પણ તેવોજ પ્રકાર સમજવાનો છે. જે જાતિ પોતાનાજ સ્વાર્થોમાં આંધળીભીંત

થઇને રચી પચી હોય છે, તે જાતિ જગતભરમાં ક્રૂરમાં ક્રૂર અને દુષ્ટમાં દુષ્ટ હોય છે. નિઃસ્વાર્થીઓનાં નામ પર સ્થપાયલા ધર્મોના સ્વાર્થી અનુયાયીઓના જેટલું લોહી છાંટનાર અને નિર્દયતા વરસાવનાર અન્ય કોઇ નથી. અમુકમાં શ્રદ્ધા નહિ રાખનારની કતલ કરવી તે તેના પ્રત્યે દયા દેખાડવા સમાન છે! અને સર્વાંગ-સુંદર હૂરીઓ તથા વિવિધ પ્રકારના ભોગવિલાસોથી ભરપૂર સ્વર્ગને પ્રાપ્ત થવાનો ખાતરીમાં ખાતરીભર્યો માર્ગ એજ છે કે, અન્ય ધર્મવાળાઓને ખરાબ ગણીને તેમને પોતાનો ધર્મ સ્વીકારાવવો ને ન સ્વીકારે તો તેમનો સંહાર કરવો! આવી આવી માન્યતાઓને પરિણામે કેટલું બધું લોહી આ ધરતી માતાને ખોળે છંટાયું છે, તેનો વિચાર તમે પોતેજ કરી જુઓ.

ઈસુખ્રિસ્તના ધર્મમાં થોડીક અપરિપકવતા છે. ઈસુખ્રિસ્તે સ્થાપેલા શુદ્ધ ખ્રિસ્તી ધર્મ અને વેદાંત વચ્ચે થોડોકજ ફેર છે. ખ્રિસ્તી ધર્મમાં આપણને અદ્વૈત કિંવા એકત્વનો ખ્યાલ રહેલો જણાઇ આવે છે, પણ સાધારણ લોકોને એ ઉચ્ચતમ આદર્શ પ્રતિ દોરવાના શુભ હેતુથી દ્વૈતવાદનો ઉપદેશ પણ ઇસુ ભગવાને કરેલો છે; પણ તે એકતાના ઉચ્ચતમ આદર્શને પહોંચવાના પગથિયા તરીકેજ. "સ્વર્ગમાં વસનારા અમારા ઓ બાપ!" એમ કહી પ્રાર્થના કરનારા એના એજ પયગંબરનો ઉપદેશ છે કે, "હું અને મારા બાપ (કહેતાં પ્રભુ) એકજ છીએ." આ ઉપરથી જણાય છે કે 'સ્વર્ગમાં વસનાર બાપ'ના નિમ્નતર દ્વૈતભાવમાં થઇનેજ "હું અને મારો બાપ એક છીએ" એવા ઉચ્ચતમ અદ્વૈતભાવને પ્રાપ્ત થવાનો રસ્તો રહેલો છે–એટલે કે દ્વૈતભાવથી ઇશ્વરની ઉપાસના કરતાં કરતાંજ અદ્વૈતભાવને પમાય છે, એ વાતની તે મહાન પયગંબરને ખબર હતી. ઈસુખ્રિસ્તના મૂળ ધર્મમાં પ્રેમ અને આશીર્વાદના ધોધ ઊડતા હતા; પણ આગળ

જતાં તેનામાં જેમ જેમ વિકૃતિઓ પ્રવેશ કરતી ગઇ, તેમ તેમ તે ધર્મ એટલો બધો અવનત દશાને પ્રાપ્ત થતો ગયો કે, પરિણામે તે તેટલો સારો રહ્યો નહિ અને પરધર્મ અસહિષ્ણુ બની ગયો. તે ખરેખર એક મોટી વિકૃતિજ હતી–આ ક્ષુદ્ર 'અહં' માટેની મારામારી, અને ક્ષુદ્ર 'અહં'ને કેવળ આ જિંદગીમાંજ નહિ પણુ મૃત્યુ પછી પણ વળગી રહેવાની ભાવના એ જબરજસ્ત વિકૃતિ છે; છતાં કેવું આશ્ચર્ય કે, એને નિઃસ્વાર્થપરાયણુતા કહી ઓળખાવે છે, અને એનેજ નીતિ તથા સદાચારનો પાયો ગણે છે! આ ક્ષુદ્ર 'અહં'ભાવ યાને સ્વાર્થપરાયણતા એજ જો નીતિનો પાયો હોય, તો પ્રભુ આપણને તેનાથી બચાવે! કેવું આશ્ચર્ય કે, જે નરનારીઓને એના કરતાં ઉત્તમ ભાવને પિછાનવાની જરૂર છે, તેઓ એમ માની બેઠાં છે કે આ ક્ષુદ્ર 'અહં'નો લોપ થવાથી જગતમાંની બધી નીતિમત્તા રસાતળમાં જતી રહેશે! ખરી નીતિમત્તા આ ક્ષુદ્ર 'અહં'ના ખંડિયેર પરજ ખડી રહી શકે, એ વિચાર સાંભળતાં તેઓ આભાજ બની જાય છે; પરંતુ તેમણે જાણવું જોઇએ કે, સકળ પ્રકારનાં કલ્યાણુ અને સકળ જાતની નીતિમત્તાનો મૂળ મંત્ર 'હું' નહિ પણુ 'તું' છે. સ્વર્ગ કે નરકની આપણને શી પરવા છે? આત્મા છે કે નહિ તેની ચિંતા આપણે શાને કરવી? તેમ કોઇ અવિકારી, અપરિણામી સત્તા છે કે નહિ તેની પણ દરકાર આપણને શાને જોઇએ? આપણી આગળ તો દુઃખમાં ખદબદતી આ દુનિયા પથરાયલી છે. એ દુઃખોને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણુ, બુદ્ધ, ખ્રિસ્ત, મહંમદ, ઇત્યાદિ સાચા મહાપુરુષોની માફક બહાર પડો, અને કાં તો તેને થોડાઘણા પ્રમાણુમાં પણ ઓછાં કરો કે પછી તે પ્રયત્નમાં તમારા જીવનની આહુતિ અર્પી દો. તમારા આ ક્ષુદ્ર 'સ્વ'ને ભૂલી જાઓ; તમે આસ્તિક હો કે નાસ્તિક હો, વેદાંતી હો કે

અજ્ઞેયવાદી હો, ખ્રિસ્તી હો કે મુસલમાન હો; પણ તમારે બધાં-ને સૌથી પહેલો અને અગત્યનો પાઠ એજ શીખવાનો છે કે, આ ક્ષુદ્ર 'સ્વ'ની ભાવનાનો યાને સ્વાર્થવૃત્તિનો બિલકુલ નાશ કરો અને તેને ઠેકાણે नाहं नाहं तुंहि तुंहि એ સત્ય ભાવની પ્રતિષ્ઠા કરો. એમાંજ મનુષ્ય જાતિનું કલ્યાણ અને ઉન્નતિ રહેલાં છે.

જગતની અંદર બે શક્તિઓ સમાંતર રેખામાં સાથે સાથે કાર્ય કરી રહી છે-એક 'અહં'ની અને બીજી 'નાહં'ની. એ શક્તિ-ઓનો આવિર્ભાવ કેવળ મનુષ્યોમાંજ નહિ, પણ પશુઓની અંદર તેમજ ક્ષુદ્ર જંતુઓની અંદર પણ જોવામાં આવે છે. જે વાઘણ પોતાનો પંજો મનુષ્યના ઉષ્ણ રુધિરમાં ઝબકોળતાં જરાયે અચ-કાતી નથી, તેજ વાઘણ પોતાનાં બચ્ચાંનું જતન કરતાં પોતાનો જાન સુદ્ધાં આપી દે છે. જે નરપિશાચને પોતાના માનવબંધુઓ-ના જાન લેતાં જરાપણ અરે નથી આવતી, તેવા કઠોર વૃત્તિવાળાનું મન પણ પોતાનાં ભૂખે મરતાં સ્ત્રીબાળકનું દુઃખ જોઇ પીગળી જાય છે અને તેમને બચાવવા કાજે પોતાનો પ્રાણ આપવો પડે તો તે પણ વગર આનાકાનીએ આપી દે છે. એ પ્રમાણે સારીય સૃષ્ટિમાં આ સ્વાર્થપરતા અને નિઃસ્વાર્થપરતાની ઉભય શક્તિઓ સાથે સાથેજ કાર્ય કરી રહેલી જણાય છે. જે ઠેકાણે એકની હાજરી જણાય તે ઠેકાણે બીજીની પણ જણાવાનીજ. સ્વાર્થ-પરતાનો પ્રધાન હેતુ સંચય છે, ત્યારે નિઃસ્વાર્થપરતાનો હેતુ પરિત્યાગ છે. એક શક્તિ પોતાને માટે ગ્રહણ કરે છે, ત્યારે બીજી પોતાનું હોય તે આપી દે છે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીથી માંડીને તે ઉત્તમમાં ઉત્તમ પ્રાણીપર્યંતનું આ સમસ્ત બ્રહ્માંડ આ બે શ-ક્તિઓનું જાણે ક્રીડાંગણ છે. આ વાતને સિદ્ધ કરી બતાવવા કોઈ પ્રમાણની જરૂર નથી, કેમકે તે સ્વતઃ પ્રમાણ હોઇ સૌ તેને પોત-પોતાના મનમાં સમજી શકે છે.

સ્પર્ધા અને સંગ્રામ એ ઉભય શક્તિ પૈકી એકાદી પરજ આ જગતનો સઘળો કાર્યભાર અને વિકાસ અવલંબી રહ્યો છે, એમ કહેવાનો સમાજના કોઇ પણ વર્ગને શો અધિકાર છે વારૂ? રાગ-દ્વેષ અને લડાલડી તથા સ્પર્ધા અને સંઘર્ષણ પરજ જગતનું તંત્ર ચાલે છે, એમ કહેવાનો પણ કોઇને શો અધિકાર છે? આ જાતની શક્તિઓ જગતની અંદર કાર્ય કરી રહી છે તેની અમે ના પાડતા નથી; પણ તે પરથી કોઈને એમ કહેવાનો શો અધિકાર છે કે, તેનાથી ઊલટી બીજી શક્તિઓનું કાર્ય ચાલતુંજ નથી? આ પ્રેમ-ભાવ, આ 'નાહં' નો ભાવ અને આ ત્યાગવૃત્તિ એજ એકલી જગતની અંદર નિશ્ચયાત્મક સત્તા છે, એનો કોઈથી ઇન્કાર થઇ શકે તેમ છે ખરો કે? બીજી શક્તિઓ એ આ પ્રેમશક્તિનાજ અવળે માર્ગે થયેલ ઉપયોગના પરિણામરૂપ છે. પ્રેમનીજ શક્તિ સ્પર્ધાને જન્માવે છે, યાને સ્પર્ધાનું ખરૂં મૂળ તો પ્રેમમાંજ રહેલું છે. તેવીજ રીતે અનર્થ કે દુષ્કૃત્યનું ખરૂં મૂળ પણ નિઃ-સ્વાર્થપરતામાં છે. અનર્થનો ઉત્પાદક શુભ છે, તેમ તેનો અંત પણ શુભ છે. અનર્થ અથવા દુષ્કૃત્ય એ શુભ કરવાની શક્તિનો અવળો ઉપયોગ થયાનું પરિણામ છે એટલુંજ. જે માણસ બી-જાનું ખૂન કરે છે તે કદાચ પોતાના બચ્ચા પરના કે અન્ય કશા પરના પ્યારને લીધે તેમ કરવા પ્રેરાયો હોય છે. તેનો પ્રેમ જગ-તમાંના લક્ષાવધિ મનુષ્યોને છાંડી એ એક નાના બાળક કે અન્ય કશા પૂરતોજ સીમાબદ્ધ થયો હોય છે, છતાં એ પ્રેમ સસીમ હોય કે અસીમ હોય, પણ છે તો એક પ્રેમજ.

આ પરથી સમજાય છે કે, જગતની સંચાલક શક્તિ-પછી તે ગમે તે રૂપમાં વ્યક્ત થતી કાં ન હોય-પણ તે એકજ અદ્ભુત વસ્તુ છે. તેને નિઃસ્વાર્થપરતા, અનાસક્તિ, પ્રેમ, સત્ય ગમે તે નામથી ઓળખો પણ જગતની અંદર તેજ એકમાત્ર

જીવંત શક્તિ છે. તેથીજ વેદાંતીઓ એકતાના ભાવ પર યાને અદ્વૈતના ભાવ પર અતિશય ભાર મૂકે છે. આ અદ્વૈતવાદની સમજૂતી પર આપણે એટલો બધો ઝોક દીધો છે તેનું કારણ પણ એટલુંજ છે કે, આ જગતની મીમાંસા કરવામાં બે કારણો કિંવા બે શક્તિઓનો સ્વીકાર આપણે કેમ કરી શકતા નથી, તે તમારાથી બરાબર સમજાય. આપણે ફક્ત એટલુંજ સ્વીકારતા થઈએ કે, એ એકાકી સુંદર અને અદ્ભુત પ્રેમજ સીમાના ક્ષેત્રમાં બદ્ધ થઇને દુષ્ટતા અને દ્વેષરૂપે પ્રતીત થાય છે, તો આ સમગ્ર મીમાંસા એકલી પ્રેમની શક્તિથીજ થઇ જતી આપણને માલૂમ પડે; નહિ તો પછી જગતની મીમાંસા માટે એક શુભ-કર અને બીજું અશુભકર યાને એક પ્રેમ અને બીજો દ્વેષ એવાં બે કારણોનો આપણે સ્વીકાર કરવો પડે. આ બેમાંથી કયો સિદ્ધાંત વધારે યુક્તિસંગત જણાય છે વારૂ ? અલબત, એક શક્તિ અગર એક કારણનો સિદ્ધાંતજ બેમાંથી વધારે યુક્તિસંગત છે, એની તો કોઈથી ના પડાશે નહિ.

હવે આપણે દ્વૈતવાદને લગતી વાતો છોડીને બીજી વાતોની ચર્ચામાં ઊતરીએ. મને ડર રહે છે કે, દ્વૈતવાદીઓને હું હવે વધારે વાર નહિ સંતોષી શકું; કારણકે મારો ઇરાદો આજે એજ બતાવી આપવાનો છે કે, નીતિમત્તાનો અને નિઃસ્વાર્થપરતાનો ઊંચામાં ઊંચો આદર્શ સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક કલ્પનાની સાથે હાથ-માં હાથ મિલાવીને ફરી શકે તેમ છે, અને તેથી નીતિમત્તા અને સદાચારની પ્રાપ્તિ તથા તેમના સંરક્ષણ કાજે તમારી સર્વોત્તમ આધ્યાત્મિક કલ્પનાને ઉતારી પાડવાની લેશ પણ જરૂર નથી; પણ ઊલટપક્ષે હું એ બતાવી આપવા માગું છું કે, નીતિમત્તા અને સદાચારનો સાચો પાયો પ્રાપ્ત કરવા કાજે તમારે ઊંચા-માં ઊંચી દાર્શનિક તેમજ ભૌતિક-વિજ્ઞાનની કલ્પનાઓને

અપનાવવી જોઇએ. મનુષ્યનું જ્ઞાન મનુષ્યના કલ્યાણનું વિરોધી હોતુંજ નથી, ઊલટું એ જ્ઞાનજ આપણા જીવનના પ્રત્યેક વિભાગમાં આપણું સંરક્ષણ કરે છે. માટે જ્ઞાનપ્રાપ્તિ એજ સાચી ઉપાસના છે. જેટલું વધારે જ્ઞાન આપણે મેળવીએ તેટલું આપણા ભાવી માટે શ્રેયસ્કર. વેદાંતી કહે છે કે, આ દેખીતા અશુભમાત્રનું કારણ એ એક અસીમ ભાવનું સીમાબદ્ધ થવું, તેજ છે. જે અસીમ પ્રેમ નાનાં નાનાં ક્ષેત્રોમાં સીમાબદ્ધ થઈ અનર્થકર ભાસે છે, તેજ પ્રેમ આખરે બીજે છેડેથી બહાર પડી સાક્ષાત્ ઇશ્વરરૂપે પ્રકાશે છે. વેદાંત વળી એમ પણ કહે છે કે, આ બધા દેખીતા અનર્થો અને અશુભ બનાવોનું કારણ પણ આપણી પોતાનીજ અંદર રહેલું છે. માટે તેનો દોષ કોઈ દેવદેવતાઓને શિરે રખે ઢોળતા ! તેમ નિરાશ કે નિરુત્સાહ પણ રખે થતા કે એમ પણ ઘડીભર રખે માનતા કે, તમે એક એવા દુર્ભેદ્ય સ્થાનમાં ફસી પડ્યા છો કે, જ્યાંથી તમારો છૂટકારો કોઇની મદદ વગર થવો શક્યજ નથી. વેદાંત છાતી ઠોકીને હિંમત આપે છે કે, એવી વસ્તુસ્થિતિ કદાપિ હોતીજ નથી. કેમકે આપણી સ્થિતિ સાચું પુછાવો તો રેશમના કીડા જેવી છે. આપણે પોતાની અંદરથીજ (કર્મરૂપી) એક પછી એક તાંતણા કાઢી આપણી આસપાસ કોશેટો બનાવ્યે જઇએ છીએ, અને એ કોશેટામાંજ આખરે આપણે સપડાઇ જઇએ છીએ. પરંતુ એ સ્થિતિ કંઇ સદાને માટે ટકવાવાળી નથી. એ કોશેટામાંજ રહેતાં રહેતાં આપણો આત્મસાક્ષાત્કાર ક્રમે ક્રમે વિકસિત થશે અને અંતે રેશમનો કીડો જેમ પતંગિયું બનીને કોશેટામાંથી ઊડી જાય છે, તેમ આપણે પણ પતંગિયારૂપ બની આપણી બનાવેલી કર્મજાળમાંથી મુક્ત થઇ જઇશું. કર્મની આ જાળ આપણે પોતેજ આપણી આસપાસ ગૂંથી છે; છતાં અજ્ઞાનવશ

બની આપણે પોતાને અન્ય કોઈથી બંધાયલાં માનીએ છીએ અને મદદ માટે ઉચ્ચ સ્વરે આક્રંદ કરીએ છીએ. અને નિસાસા પર નિસાસા છોડીએ છીએ; પરંતુ એ જાળમાંથી છૂટવાની મદદ બહારથી કદી આવતીજ નથી. તે આવે છે તો અંદરથીજ આવી મળે છે. જગતમાંનાં દેવદેવતાઓને પોકારી પોકારીને વિનવો, પણ મદદ બહારના સ્થાનમાંથી મળતીજ નથી. વર્ષોનાં વર્ષો સુધી હું પણ એવી મદદ માટે રડતો રહ્યો હતો અને આખરે મને લાગ્યું હતું કે, મારી ધારણા સફળ થઈ છે ને મને મદદ આવી મળી છે; પરંતુ એ મદદ કોઈ બહારની નહિ પણ અંતરનીજ હતી. એટલે ભ્રમવશ બની મેં પોતે જે જે કર્યું હતું તે તે મારે સુધારી લેવાનું હતું, યાને મેં પોતેજ રચેલી કર્મજાળ મારે પોતાનેજ સંકેલી લેવાની હતી. સંસારના બંધનમાંથી છૂટવાનો એજ એક માર્ગ છે કે, પોતાની આસપાસ પોતેજ ગૂંથેલી જાળને કાપી કાઢવી, અને તે કાપવાની શક્તિ પણ દરેકની પોતાનીજ અંદર રહેલી છે. વળી એ વાતની પણ મને ચોક્કસ ખાતરી છે કે, મારા જીવનની સારી કે નરસી એકે મહત્ત્વાકાંક્ષા નિષ્ફળ નીવડી નથી. પણ તેની સાથે મને એ પણ ખાતરી છે કે, અત્યારે હું જે છું તે મારા ભૂતપૂર્વનાં સારાં તેમજ નરસાં કર્મના પરિપાકરૂપે છું. મારી જિંદગીમાં મારે હાથે અનેક ભૂલો થઈ છે; પણ ધ્યાનમાં રાખો કે, મારી એ ભૂલો વગર અત્યારે હું જે સ્થિતિમાં છું તે સ્થિતિને પ્રાપ્ત પણ થઈ શકયો ન હોત, એવી મને ખાતરી છે. તેથી મારે હાથે એ ભૂલો થવાને માટે મને પરિતાપ થતો નથી, પણ સંતોષ થાય છે. મારા આ કથનનો ભાવાર્થ એમ નથી સમજવાનો કે, હું તમને ઘેર જતાં બરોબર ઇરાદાપૂર્વક ભૂલો યાને દુષ્કૃત્યો કરવાનો ઉપદેશ આપું છું. જોજો, એવી જાતની ગેરસમજ ઉભી થવા દેતા. મારા કથનનો ઉદ્દેશ એટલોજ છે કે,

તમારે હાથે ભૂલચૂકો કે ખોટાં કામો થઈ જાય, તો તેથી ઉદાસ થઈ ગળિયા બળદની માફક હાથપગ જોડીને બેસી ન પડશો; પણ આખરે બધી બાજી સીધીજ ઊતરવાની છે, એવી સમજપૂર્વક આગળ ધપ્યેજ જજો. આત્મોદ્ધાર માટે એનાથી ઊલટો પ્રકાર સંભવિતજ નથી; કેમકે ભલાઇ અને વિશુદ્ધતા એ તો આપણો સ્વભાવજ છે અને આપણો એ અસલ સ્વભાવ કશાથી કદીયે નષ્ટ થતો નથી. આપણો વાસ્તવિક સ્વભાવ તો જેમનો તેમ નિરંતર કાયમજ રહે છે.

આ પરથી આપણે સમજવાનું છે તે એજ કે, આપણે હાથે ભૂલો અથવા આપણે જેને અશુભ કૃત્યો કહીએ છીએ તે થાય છે, તેનું કારણ આપણી દુર્બળતા છે, અને આપણે દુર્બળ છીએ તેનું કારણ એ કે, આપણે અજ્ઞાન છીએ. મનુષ્યનાં અશુભકૃત્યને હું ભૂલ નામે ઓળખાવવાનું પસંદ કરૂં છું, કારણકે 'પાપ' એ શબ્દ મૂળે બહુ સારો શબ્દ હતો પણ કાળે કરીને તેમાં એક એવો અર્થ રૂઢ થઇ ગયો છે, કે જેનાથી હું ભડકું છું. વારૂ, ત્યારે આપણી દુર્બળતાનું કારણ જો અજ્ઞાન હોય, તો આપણને અજ્ઞાની કોણ બનાવે છે? એ એક પ્રશ્ન રહે છે. એનો જવાબ ટૂંકો ને ટચ એટલોજ છે કે, આપણે પોતે. આપણે પોતેજ આપણા હાથ આપણી પોતાની આંખો આડે ધરી રાખીને વ્યર્થ વિલાપ કરીએ છીએ કે, "અંધારૂં છે, અંધારૂં છે; દેખાતું નથી, કંઇ દેખાતું નથી." હાથ ખસેડી લો કે પ્રકાશ ઝટ દેખાશે. પ્રકાશનું અસ્તિત્વ તો આપણે માટે હમેશનું છે, જીવાત્માનો સ્વભાવજ સ્વપ્રકાશ છે, યાને જીવાત્મા પોતેજ સ્વયંજ્યોતિર્મય છે. અર્વાચીન પદાર્થવિજ્ઞાનવાદીઓ શું કહે છે તે તરફ લક્ષ આપો. ક્રમવિકાસનું કારણ શું હશે, એ પ્રશ્નના જવાબમાં તેઓ 'વાસના' અથવા 'ઇચ્છા'ને આગળ ધરે છે. પશુને અમુક વસ્તુ કરવાની ઇચ્છા થાય છે, પણ

તેને તેમ કરવાની અનુકૂળ પરિસ્થિતિઓ પ્રાપ્ત થતી નથી; તેથી તે નવું શરીર વિકસાવે છે. એ વિકસાવવાનું કામ કોણ કરે છે? તો કે એ પશુ અથવા જનાવર પોતેજ. કિંબહુના, તેની પોતાનીજ ઇચ્છા. તમારી ઇચ્છાશક્તિના જોરે તમે એક ક્ષુદ્ર જીવાણુમાંથી વિકસિત થતાં થતાં આ મનુષ્યકોટિને પ્રાપ્ત થયાં છો. તમારી એ ઇચ્છાશક્તિને અજમાવવાનું હજીયે ચાલુ રાખશો, તો તે તમને હજીયે ઉચ્ચતર કોટિએ લઇ જશે. મતલબ કે, ઇચ્છાશક્તિ સર્વશક્તિમાન છે. આ ઇચ્છાશક્તિ સર્વશક્તિમાન છે, એમ સાંભળતાંજ તમારા મનમાં પ્રશ્ન ઊઠશે કે, "તો પછી મારાથી સર્વ કંઇ થઇ શકતું કેમ નથી?" પરંતુ એ પ્રશ્ન વખતે તમને તમારા ક્ષુદ્ર 'અહં' પૂરતોજ વિચાર હોય છે. જીવાણુની સ્થિતિમાંથી આ મનુષ્યજાતિપર્યંતના તમારા વિવિધ વિકાસક્રમ પર જરા નજર કરો અને વિચારી જુઓ કે, એ બધું કામ કોણે કર્યું? તમારી ઇચ્છાશક્તિએજ એ કામ સાધ્યું છે. એમ છે, તો પછી તેની સર્વશક્તિમત્તાનો તમારાથી ઇન્કાર થઇ શકે ખરો કે? જે ઇચ્છાશક્તિએ તમને આટલી ઉચ્ચ કોટિ પર આણી મૂકયા છે, તેજ ઇચ્છાશક્તિ તમને હજી પણ ઉચ્ચતર કોટિએ ચઢાવશે. તમારે અત્યારે જેની જરૂર છે, તે ચારિત્ર્યસંગઠનની તથા ઇચ્છાશક્તિને બળવત્તર બનાવવાની.

તેથી જો હું તમને એવો ઉપદેશ આપું કે, તમારો સ્વભાવ દુષ્ટ છે અને તમે અમુક અમુક પાપો કર્યાં છે, માટે તમે ઘેર જાઓ અને શરીરે કામળી ઓઢી તથા રાખોડી ચોળીને કરેલાં દુષ્કૃત્યો માટે અશ્રુપૂર્ણ નયને અનુતાપ કરતાં આખું જીવન વ્યતીત કરો, તો તેવા ઉપદેશથી તમને જરાયે લાભ થશે નહિ, પણ ઊલટા તમે વધારે નબળા બનશો. એવી જાતના ઉપદેશથી તો હું તમને શુભ કરતાં અશુભનોજ પંથ વધારે બતાવનારો

થાઉં. આ ઓરડો છેલ્લાં હજારો વર્ષથી અંધકારથી વ્યાપેલો હોય અને તેમાં દાખલ થઇને તમે રડવા માંડો કે, "હાય! અંધકાર! અરેરે! અંધકાર!" તો તેથી શું અંધકારનો લય થવાનો હતો? અંધકાર તો ત્યારેજ જાય કે જ્યારે તમે દીવાસળી ચેતાવો. દીવાસળી ઘસતાંજ ઘડીભરમાં ઓરડો અજવાળાથી ભરાઈ જાય છે. તે મુજબ "અધધ! મેં કેટલાં બધાં પાપ કર્યાં છે. અરેરે! મારે હાથે કેટલી બધી ભૂલો થઇ છે!"–એવા એવા વિચારો આખી જિંદગીભર કર્યા કરવાથી તમને શો લાભ થવાનો છે? જે પાપ ને ભૂલો થયાં છે તે કહી બતાવવાની કંઈપણ જરૂર નથી. જરૂર તો છે માત્ર જ્ઞાનરૂપી દીપકની, તેને પ્રગટાવો એટલે બધાજ અનર્થો આપોઆપ ઘડીભરમાં અદૃશ્ય થઇ જશે. માટે ચારિત્ર્યસંગઠન કરી તમારા નિજસ્વરૂપને પ્રકટાવો યાને તમારા પ્રકૃત 'અહં'ને–એ જ્યોતિર્મય, ઉજ્જવળ અને નિત્યશુદ્ધ 'અહં'ને વ્યક્ત કરો તથા જેને જેને જુઓ તે પ્રત્યેકની અંદરના તે પ્રકૃત 'અહં'ને હાંક પાડી બોલાવો. મારી અંતરની અભિલાષા છે કે, આપણે પ્રત્યેક જણ એવી સ્થિતિને પ્રાપ્ત કરીએ કે, અધમમાં અધમ મનુષ્યોની અંદર પણ આપણને એ પ્રકૃત 'અહં'નાં દર્શન થઇ શકે, અને તેમને ધિક્કારવાને બદલે આપણા મુખમાંથી સ્વાભાવિક રીતેજ સરી પડે કે, "ઊઠ, ઓ જ્યોતિર્મય! ઊઠ; હે સદા શુદ્ધસ્વરૂપ ને પવિત્ર! તું ઊઠ. અરે, ઓ અજન્મા અને અમર! તું ઊઠ. ભો સર્વશક્તિમાન! તું ઊઠ, જાગૃત થા અને તારા પ્રકૃત સ્વભાવને–તારા આત્મસ્વરૂપને વ્યક્ત કર. આ ક્ષુદ્ર આવિર્ભાવો તને નથી છાજતા." આજ સર્વોત્તમ પ્રાર્થનાનો ઉપદેશ અદ્વૈતવાદ કરે છે. આપણા પ્રકૃત સ્વભાવનું સ્મરણ કરાવનાર આજ એક પ્રાર્થના છે. આપણો પ્રકૃત સ્વભાવ જે ઈશ્વર તે આપણી પોતાનીજ અંદર હોઇ તે અનંત,

સર્વશક્તિમાન, સદાશિવ, સદા કલ્યાણકર, સદા નિષ્કામ તથા નિઃસીમ છે; તેનું સ્મરણ કરાવનાર આજ એક પ્રાર્થના છે અને એ પ્રકૃત સ્વભાવ નિષ્કામ છે તેથીજ તે સબળ અને નીડર છે; કારણકે સ્વાર્થપરાયણતાની પાસેજ ભય આવી શકે છે. જેને પોતાને માટે કશી સ્પૃહાજ નથી, તેને કોનો ડર હોય અને તેને ડરાવી શકે પણ શું ?* તેને મૃત્યુ કે આપત્તિથી ડરવાનું રહેતુંજ નથી. તેથી આપણે જો અદ્વૈતવાદીઓજ હોઈએ, તો તો અહીં અને અબઘડીથીજ માનવા માંડો કે, આપણું પહેલાંનું ક્ષુદ્ર 'અહં' મરણાધીન થઈ જતું રહ્યું છે. પહેલાંના શ્રીમાન ફલાણાભાઇ અને શ્રીમતી ફલાણી બહેન જતાં રહ્યાં છે. એ બધા ભ્રમ હતા તે ઊડી ગયા છે, અને જે તત્ત્વ અવશિષ્ટ રહ્યું છે તે સદા શુદ્ધ, સદા સબળ, સર્વશક્તિમાન અને સર્વજ્ઞજ એકલું રહ્યું છે, એમ સમજો. એટલે ભય માત્ર આપણામાંથી પલાયન કરી જશે. આપણને ઇજા કોણ પહોંચાડશે ? કોણ સર્વવ્યાપી ? સર્વવ્યાપી સર્વવ્યાપીને ઇજા પહોંચાડે એ વાત તો અશક્યજ મનાય. આ સત્ય ભાવનાના ઉદય સાથેજ આપણી દુર્બળતામાત્ર નષ્ટ થઈ જશે, અને પછી તો આપણાં મનુષ્યભાંડુઓની અંદર એજ જ્ઞાનદીપક જાગ્રત કરવાનુંજ કામ આપણે માટે બાકી રહેશે. આપણે તે વેળાએ જોઇ શકીશું કે, તેઓ પણ તેજ શુદ્ધસ્વરૂપ

---

* લૌકિક વસ્તુસ્થિતિઓ તરફ પૂર્ણ નિઃસ્પૃહતા હોવી એ પણ અનેક ગુણમાંનો એક ગુણ વેદાંતીમાં હોવો જોઇએ, એ વાત અહીં સ્પષ્ટપણે કહી છે; છતાં એવી ખાસ યોગ્યતાઓ અથવા સાધનસંપત્તિ વિનાના પાખંડી જ્ઞાનીઓ તથા ભક્તો કેટલા બધા પામર અને વિષયલોલુપ હોય છે; અને "**अहंब्रह्मास्मि**" "**श्रीकृष्णशरणंमम**" ઇત્યાદિ પ્રકારની શબ્દજાળને ઓથે દુનિયાને ઠગ્યા કરે છે, એ વાત પણ હવે ઠીક બહાર આવતી જાય છે એ ખુશી થવા જેવું છે. —ભિક્ષુ અખંડાનંદ

છે, પણ એનું તેમને જ્ઞાન નથી. એટલા માટે આપણે તેમને ઉપદેશસહિત તેમના એ અનંત સ્વભાવને જાગૃત કરવામાં સહાયભૂત થવું જોઇએ. દુનિયાભરમાં આવો પ્રયાસ થવાની જરૂર છે, એમ મને લાગે છે. અદ્વૈતવાદના આ સિદ્ધાંતો આજકાલના નથી, પણ જૂના છે અને તે અનેક પહાડપર્વતો કરતાં પણ વધારે જૂના હોવાનો સંભવ છે. સત્ય માત્ર શાશ્વત છે; તેમ સત્ય પર કોઇનો માલિકી હક નથી. કોઇ પ્રજા અગર કોઇ વ્યક્તિ સત્ય પર પોતાનો અબાધિત આગવો દાવો સ્થાપન કરી શકેજ નહિ. સત્ય એ જીવાત્મામાત્રનો સ્વભાવ છે; તેથી એમના પર ખાસ દાવો કોનો ચાલી શકે વારૂ? પરંતુ તેને વ્યવહારગમ્ય અને સરળ બનાવવું જોઇએ. બધાંજ સર્વોત્તમ સત્યો હમેશાં સાદાં અને સરળજ હોય છે, એ તો તમે જાણોજ છો. તેથી આ સત્ય પણ માનવસમાજના રોમેરોમમાં ખૂંપી જઇ સર્વશ્રેષ્ઠ બુદ્ધિમાનથી માંડીને તે સાધારણમાં સાધારણ મનના માનવીઓની-આબાલવૃદ્ધ તમામ સ્ત્રીપુરુષોની-તે મિલકત થઇ રહે એટલા માટે આ સત્યને પણ વ્યવહારગમ્ય અને સરળમાં સરળ બનાવવું જોઇએ. આ બધી ન્યાય ને તર્કની કડાકૂટો, આ બધા અધ્યાત્મવિદ્યાના ગાંસડાપોટલાં તથા આ બધા ઈશ્વરવિષયક ભાવો અને કર્મકાંડો-એ સૌ તેમના પોતાના જમાનામાં સારા હશે, તેની ના નહિ; પરંતુ અત્યારે તો ચાલો, આપણે ધર્મને સહજ અને સરળ બનાવી એવા સુવર્ણયુગને આણવાનો પ્રયત્ન કરીએ કે જ્યારે પ્રત્યેક જણ ઉપાસક બન્યો હોય અને તે દરેકનો ઉપાસ્યદેવતા તેના પોતાના અંતરમાં બિરાજતું સત્ય સ્વરૂપજ હોય!

६–विश्वधर्म अने तेने प्रत्यक्ष करवानी रीत×

આપણને પ્રભુનો પ્રકાશ આપનારી શોધ કરતાં બીજી કોઇ પણ શોધ માનવહૃદયને વધારે પ્યારી નથી, તેમ ભૂતકાળમાં કે વર્તમાનમાં બીજા કોઇ પણ વિદ્યાભ્યાસે મનુષ્યની શક્તિ એટલી બધી નથી રોકી કે જેટલી જીવાત્મા, ઇશ્વર અને મનુષ્યને લગતા વિદ્યાભ્યાસે રોકી છે. આપણા રોજના કામધંધામાં, આપણી મહત્ત્વાકાંક્ષાઓમાં અને આપણાં કાર્યોમાં આપણે ગમે તેટલાં નિમગ્ન થયેલાં હોઇએ, તોપણ આપણી મોટામાં મોટી ખટપટોમાં પણ કોઇ વાર તૂટ પડે છે ને વિશ્રાંતિ મળે છે; મન થંભે છે; આ જગતથી પર શું છે તે જાણવાની ઇચ્છા કરે છે અને એમ કરતાં કરતાં તેને કેટલીક વાર ઇંદ્રિયાતીત રાજ્યની ઝાંખી થઇને તેનું પરિણામ એ આવે છે કે, તે ઇંદ્રિયાતીત રાજ્યને પ્રાપ્ત કરવાનું મંથન શરૂ કરે છે. આ પ્રમાણે પ્રત્યેક યુગમાં અને પ્રત્યેક દેશમાં બનતું આવ્યું છે; મનુષ્યને ઇંદ્રિયાતીત રાજ્ય જોવાની અને પોતાની જાતને વિકસાવવાની આકાંક્ષા ઉદ્ભવી છે અને આપણે જેને પ્રગતિ કે ક્રમવિકાસના નામથી ઓળખીએ છીએ, તેનું માપ હમેશાં આ એકજ શોધ ઉપરથી–માનવીના ભાવિ તથા ઇશ્વરવિષેની શોધ ઉપરથીજ નીકળે છે.

× પાસાડેના (કેલિફોર્નિયા) યુનિવર્સાલિસ્ટ ચર્ચમાં આપેલું વ્યાખ્યાન, તા. ૨૮ જાન્યુઆરી ૧૯૦૦.

જુદી જુદી પ્રજાઓનાં સામાજિક મંથનો જુદી જુદી સામાજિક સંસ્થાઓદ્વારા જણાઇ રહે છે, તેમ મનુષ્યનાં આધ્યાત્મિક મંથનો પણ જુદી જુદી ધાર્મિક સંસ્થાઓ ઉપરથી જણાઇ રહે છે. જેમ જુદી જુદી સામાજિક સંસ્થાઓ સતત ઝઘડ્યા કરે છે તથા એકબીજી સાથે અહર્નિશ સંગ્રામ મચાવે છે, તેમ આ જુદી જુદી આધ્યાત્મિક સંસ્થાઓ કહેતાં જુદા જુદા ધર્મો પણ પરસ્પર સતત સંગ્રામ મચાવતા ને નિરંતર ઝઘડતા રહ્યા છે. અમુક સામાજિક સંસ્થાને માનનારા લોકો દાવો કરે છે કે, જીવવાનો હક માત્ર તેમનેજ છે અને તેમનાથી બની શકે ત્યાંસુધી તે હક તેઓ નબળાંપોચાંને ભોગે પણ અમલમાં મુકાયલો જોવાની ઇચ્છા ધરાવે છે. દક્ષિણ આફ્રિકામાં (તેમજ પૂર્વ આફ્રિકામાં) અત્યારે એવી જાતની ઝનુની ખટપટ ચાલી રહી છે, તેની તો આપણ સૌને ખબરજ છે. તેવીજ રીતે દરેક ધાર્મિક સંપ્રદાયે પણ પોતાના સિવાય અન્ય કોઇને જીવવાનો હક નથી, એવો દાવો કર્યો છે. પરિણામે આપણે જોઇએ છીએ કે, મનુષ્યજાતિનું વધારેમાં વધારે કલ્યાણ કર્યું હોય એવું પણ ધર્મ જેવું બીજું કશુંજ નથી, તેમ મનુષ્યજાતિ પર વધારે ત્રાસ વર્તાવનારૂં પણ ધર્મ જેવું બીજું કશું નથી. શાંતિ અને પ્રેમના ક્ષેત્રમાં ધર્મ જેટલો વધારે પ્રયત્ન કોઇએ કર્યો નથી, તેમ ખૂનખાર વેરઝેરને પણ ધર્મ જેટલા બીજા કોઇએ પેદા કર્યાં નથી. મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભ્રાતૃભાવ ધર્મ કરતાં કોઈએ વધારે સ્પષ્ટ કર્યો નથી, તેમ મનુષ્ય મનુષ્ય વચ્ચે હાડવેર ને કટ્ટુ દુશ્મનાઈ પણ ધર્મ જેટલાં કોઇએ પેદા કર્યાં નથી. માણસો તેમજ ઢોરો માટેનાં દવાખાનાંઓ જેવી સખાવતની સંસ્થાઓ ધર્મ કરતાં વિશેષ કોઇએ નિર્માણ કરી નથી; તેમ દુનિયાને લોહીથી તરબોળ પણ ધર્મ જેટલી કોઇએ કરી નથી. બાબત આમ છે,

છતાં એટલું તો આપણે જાણીએ છીએજ કે, શુભ વિચારનું ગુપ્ત વહેણ પણ જગતમાં નિરંતર વહેતું રહ્યું છે યાને તત્ત્વવેત્તાઓ અને તુલનાત્મક ધર્મના અભ્યાસીઓની મંડળીઓ પણ હમેશાં હયાતી ભોગવતી આવી છે અને એમણે પરસ્પર દાંત કચકચાવતા પ્રતિકૂળ મતપંથોની વચ્ચે સમભાવ લાવવાનો પ્રયત્ન કર્યો છે ને હજી કર્યે જાય છે. ખરૂં છે કે, તેમના એ પ્રયત્નો કેટલાક દેશોની બાબતમાં ફળિભૂત થયા છે, પણ આખી દુનિયાનો વિચાર કરતાં તો તે નિષ્ફળજ નીવડ્યા છે.

કેટલાક એવા ધર્મો પણ આપણને અત્યંત જૂના જમાનાથી મળતા આવ્યા છે કે, જેઓ એવી ઉદાત્ત ભાવનાથી રંગાયલા છે કે, બધાજ પંથોને જીવવાની છૂટ છે અને હોવી જોઇએ. પ્રત્યેક પંથની અંદર કોઇ ને કોઇ મહાન ભાવ છુપાયલો હોઈ તેના જીવનનું કંઇ પ્રયોજન હોય છે, તેથી દુનિયાના ભલા માટે તેની આવશ્યકતા હોય છે અને તેથી તેને બનતી સકળ સહાય કરવી જોઇએ—એમ એ ધર્મો માને છે. વર્તમાન કાળમાં પણ એવો ખ્યાલ જોર પકડતો લાગે છે અને તેને વ્યવહારમાં મૂકવાના વખતોવખત પ્રયત્નો થાય છે. આ પ્રયત્નો આપણી ધારણા પ્રમાણે ફળદાયી અને જોઇએ તેટલા કાર્યસાધક નીવડતા નથી; એટલુંજ નહિ પણ આપણી મહાન નિરાશા વચ્ચે કેટલીક વાર આપણા જોવામાં એવું પણ આવે છે કે, એવા પ્રયત્નો કરતા જતાં વઢવાડ ને વિખવાદમાં આપણે વધારે ને વધારે સંડોવાતા જઇએ છીએ.

હવે ધર્મોના સ્થાપિત સિદ્ધાંતની વાત બાજુએ મૂકીને આપણે તેનો સામાન્ય અક્કલથી વિચાર કરી જોઇએ છીએ તો શરૂઆતમાંજ આપણને જણાઈ આવે છે કે, દુનિયાના બધાજ મુખ્ય ધર્મોમાં પ્રચંડ જીવનશક્તિ રહેલી છે. આ સાંભળી કેટ-

લોક કદાચ કહેશે કે, અમને તો તે વાતની મુદ્દલ ખબર નથી, પણ અજાણપણું એ કંઇ છૂટી પડવાનું બહાનું નથી. જો કોઇ માણસ કહે કે, “આ બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે તેની મને ખબર નથી, તેથી એ બહારની દુનિયામાં ચાલી રહેલી ઘટનાઓનું અસ્તિત્વજ નથી.” તો તે માણસ અક્ષંતવ્યજ લેખાશે. હવે તમારા પૈકી જે લોકો દુનિયાભરના ધાર્મિક વિચારની હિલચાલનું અવલોકન કરનારા હશે, તેઓ સંપૂર્ણ રીતે જાણતા હશે કે, દુનિયાનો એકે મહાન ધર્મ મરણને શરણ થયો નથી; એટલુંજ નહિ પણ એકેએક મહાન ધર્મ પ્રગતિશીલ છે, ખ્રિસ્તીઓ દિનપ્રતિદિન વધતા જાય છે, મુસલમાનો પણ વધતા જાય છે; હિંદુઓ પણ પગભર બનતા જાય છે ને એક વખતની હડધૂત બનેલી યહૂદી કોમ પણ વૃદ્ધિંગત થાય છે. દુનિયાભરમાં યહૂદીઓના ફેલાવાથી અને ઝડપી વંશવૃદ્ધિથી યહૂદીધર્મનો વાડો પણ પ્રતિદિન વિસ્તાર પામતો જાય છે.

દુનિયાનો માત્ર એકજ પ્રાચીન મહાન ધર્મ ક્ષીણતાને પામ્યો છે. એ ધર્મ તે પ્રાચીન ઇરાનીઓનો જરથોસ્ત ધર્મ યાને હાલનો પારસીધર્મ. મુસલમાનોની ઇરાનની જીત પછી હજારો જરથોસ્તીઓએ હિંદુસ્તાનમાં આવી આશરો લીધો અને બીજાં થોડાંક મનુષ્ય પ્રાચીન ઇરાનમાં રહ્યાં. જે જરથોસ્તીઓ માદરેવતન ઇરાનમાંજ રહ્યા તેઓની સંખ્યા પરધર્મીઓની ચાલુ સતાવણીને લીધે ઘટતી ગઇ અને અત્યારે ત્યાં બહુ બહુ તો માત્ર દસેક હજાર જરથોસ્તીઓ યાને પારસીઓ રહ્યા છે. હિંદુસ્તાનમાં આશરે એંસીક હજાર છે, પણ તેમની વંશવૃદ્ધિ થતી નથી. અલબત, વંશવૃદ્ધિ ન થવામાં એક આરંભની મુશ્કેલી છે. તે એ કે, જરથોસ્તીઓ બીજા લોકોને પોતાના ધર્મમાં વટલાવતા નથી અને બીજું કે, હિંદમાંના આ મુઠ્ઠીભર પારસીઓમાં

કાકા કાકાનામાં લગ્ન કરવાનો હાનિકારક રિવાજ છે, તે પણ તેમની વસ્તીવૃદ્ધિમાં આડે આવે છે.× આ પારસી ધર્મના એક અપવાદને બાદ કરીએ, તો દુનિયાના બીજા બધાજ મહાન ધર્મો અત્યારે જીવંત છે; એટલુંજ નહિ પણ ફેલાયે જાય છે ને વૃદ્ધિંગત પણ થાય છે. આપણે સ્મરણમાં રાખવું જોઇએ કે, દુનિયાના બધાજ મહાન ધર્મો બહુ પ્રાચીન છે. એમાંનો એકે વર્તમાનકાળમાં ઊભો થયો નથી, અને દુનિયાનો એકેએક મહાન ધર્મ પોતાના જન્મસ્થાન માટે ગંગા અને યુફ્રેટિસ નદીઓ વચ્ચેના પ્રદેશને આભારી છે–અર્થાત્ એકે મહાન ધર્મ યુરોપમાં કે અમેરિકામાં જન્મ્યો નથી. એકેએક મહાન ધર્મનું જન્મસ્થાન એશિયાખંડ અને તેમાંયે ઉપરોક્ત ગંગા–યુફ્રેટિસ વચ્ચેનો પ્રદેશ છે. હવે "વધારેમાં વધારે લાયકનુંજ અતિ જીવન એ લાયકાતનું પારખું છે"–એમ જે વર્તમાનકાલીન વૈજ્ઞાનિકોનું કહેવું છે, તે સાચુંજ હોય તો આ મહાન ધર્મો હજી પણ જીવતાજાગતા રહીને સાબિત કરી આપે છે કે, તેઓમાં હજી પણ કેટલાક લોકોને માટે લાયકાત રહી છે. તેઓને જીવવાનું એક કારણ છે અને તે એ કે, હજુ અનેકનું ભલું કરવાની તેમનામાં શક્તિ છે. મુસલમાનો તરફ જુઓ, દક્ષિણ એશિયાનાં કેટલાંક સ્થાનોમાં તેઓ કેટલા વધતા જાય છે અને આફ્રિકામાં તો આગના ભડકાની માફક તેમનો ફેલાવો થાય છે. બૌદ્ધધર્મીઓ મધ્ય એશિયાભરમાં અસલ થકીજ ફેલાતા રહ્યા છે. યહૂદીઓની માફક હિંદુઓ પણ પરધર્મીઓને પોતામાં વટલાવતા નથી, તેમ છતાં

× ભારે દાયજા ઉર્ફે ભારે પઠણના કુરિવાજને લીધે અનેક પારસી બહેનોને મોટી ઉંમર સુધી અને કેટલીકને તો જીવનપર્યંત કુમારી અવસ્થામાં રહેવું પડે છે, એ પણ પારસી ભાઇઓની વસ્તીમાં વધારો નહિ થવાનું એક કારણ છે. —અનુવાદક

પણ બીજી જાતો ધીમે ધીમે હિંદુધર્મમાં આવતી જાય છે; અને હિંદુઓના રીતરિવાજો અપનાવી તેમની પંક્તિમાં 'એક-તાર' થતા જાય છે. ખ્રિસ્તીધર્મના ફેલાવા વિષે તો તમે જાણોજ છો—જો કે તેના ફેલાવા પાછળ જેટલી શક્તિ ખરચવા-માં આવે છે તેના પ્રમાણમાં પરિણામો આવે છે કે કેમ, તેની મને શંકા છે. ધર્મપ્રચાર માટે ખ્રિસ્તીઓ તરફથી થતા પ્રયત્ન-માં એક ભારે ઊણપ રહેલી છે—અને એજ ઊણપ બધીજ પાશ્ચાત્ય સંસ્થાઓમાં રહેલી જોવામાં આવે છે અને તે એ કે, શક્તિનો નેવુ ટકા ભાગ યંત્રો ખાઈ જાય છે; યંત્રોનું જોર અતિશય વધી ગયું છે. ધર્મોપદેશનો ધંધો તો હમેશાં એશિયાવાસીઓના બાપ-નોજ રહ્યો છે. પાશ્ચાત્ય લોકોનો દરજ્જો વ્યવસ્થાની બાબતમાં, સામાજિક સંસ્થાઓની બાબતમાં તેમ લશ્કરી વ્યવસ્થા, રાજ્ય-કારભાર ઇત્યાદિની બાબતમાં બેશક મહાન છે; પણ ધર્મોપદેશ-ની વાત આવે છે ત્યારે એશિયાવાસીઓની સમીપે પણ તેમના-થી આવી શકાતું નથી. કારણકે ધર્મોપદેશનું કાર્ય એ તો એશિ-યાવાસીઓનો અસલ થકીજ ધંધો બની રહ્યો છે. તેની કળા તે જાણે છે અને વળી યંત્રનો તે બેહદ ઉપયોગ કરતા નથી.

ત્યારે મનુષ્યજાતિના વર્તમાન ઇતિહાસમાં આ એક સાચી વાત નોંધાય છે કે, દુનિયાના આ બધાજ મહાન ધર્મો અત્યારે હયાત છે અને દિનપ્રતિદિન ફેલાતા ને વધતા જાય છે. હવે, આ વસ્તુસ્થિતિ હોવાનો ખચિતજ કંઇક અર્થ છે. ડહાપણ તથા કૃપાના અખંડ ભંડારરૂપ જગદીશની જો એવીજ મરજી હોત કે એમાંનો કોઇ એકજ ધર્મ જીવે ને બીજા મરણાધીન થાય, તો અત્યાર પહેલાં ક્યારનુંયે તેમ સિદ્ધ થઈ ચૂક્યું હોત—અર્થાત્ એમાંનો એકજ ધર્મ માત્ર સાચો છે અને બાકી-ના બીજા ખોટા છે. એ જો સાચું હોત તો અત્યાર સુધીમાં તો

તે એક ધર્મ આખા વિશ્વમાં વ્યાપી ગયો હોત. પરંતુ આપણે જાણીએ છીએ કે, વસ્તુસ્થિતિ તેવી નથીજ; એકે ધર્મ હજી સર્વત્ર વિજયી નીવડ્યો નથી. બધાજ ધર્મો કોઇ વાર પ્રગતિમાન થાય છે અને કોઈ વાર વળી પછાત પણ પડે છે. હવે આનો જરા ખ્યાલ કરો. તમારા પોતાનાજ દેશમાં છ કરોડ ઉપરાંતની વસ્તી છે અને તેમાંથી માત્ર બે કરોડ ને દસલાખ જેટલાજ લોકો કોઈપણ એક ધર્મપંથને માનનારા મળી આવે છે. આ પરથી માલૂમ પડે છે કે, પ્રગતિની સ્થિતિ હંમેશ રહેતી નથી. એ રીતે જો પ્રત્યેક દેશના આંકડાઓ મેળવવામાં આવે, તો તમને જણાશે કે, ધર્મો કોઇ વાર પ્રગતિસાધક હોય છે તો કોઇ વાર પાછા પડતા હોય છે. પંથો તો બધોજ વખત વધતા રહ્યા છે. પ્રત્યેક ધર્મ જે એવો દાવો કરે છે કે, તેની પોતાની અંદર સઘળું સત્ય સમાયેલું છે અને ઇશ્વરે પોતાના અમુક એક ધર્મગ્રંથમાંજ સકળ સત્ય ભરેલું છે, તે દાવો જો સાચો હોય તો આટલા બધા પંથો દુનિયાભરમાં અત્યારે હોયજ શાના? કોઇ ધર્મને પૂરાં પચાસ વર્ષ વીતતાં નથી તેટલામાં તો તે એકજ ધર્મગ્રંથને આધારે વીસ ધર્મપંથો ઊભા થાય છે. પ્રભુએ અમુક અમુક ધર્મગ્રંથોમાં જો સઘળાનું સત્ય ભર્યું હોય તો એ ગ્રંથોમાંનાં ઉપદેશવચનો ઉપર આપણે લડ્યા કરીએ; એટલા માટે એ ગ્રંથો આપણને નથી અપાયા. ધર્મ વિષે સઘળુંજ સત્ય જેમાં સમાયલું હોય એવું એકજ ધર્મપુસ્તક પ્રભુ તરફથી આપણને મળ્યું હોય, તોયે આપણી ગરજ નહિ સરે; કેમકે તેને બરાબર સમજવાની શક્તિ આપણા સર્વમાં હશે નહિ. દાખલા તરીકે, તમારા બાયબલને તથા ખ્રિસ્તીધર્મમાં ચાલતા સકળ સંપ્રદાયોનેજ તપાસીએ, તો શું જણાય છે? એજ કે, દરેક પંથ એકનાએક વચનનો પોતપોતાનો ઇલાયદો અર્થ

લાગુ પાડે છે અને દાવો કરે છે કે, તે પોતેજ એકલો તે વચનને યથાર્થ સમજે છે અને બાકીના બધાજ ખોટા છે. દરેક ધર્મની બાબતમાં આવો પ્રકાર છે. મુસલમાનોમાં તથા બૌદ્ધોમાં અનેક સંપ્રદાયો છે અને હિંદુઓમાં તો સેંકડોની સંખ્યામાં છે. હવે આ બાબતો હું તમારા ધ્યાન પર લાવી એમ બતાવવા માગું છું કે, આધ્યાત્મિક બાબતમાં સકળ મનુષ્યજાતિને એકજ પદ્ધતિએ વિચાર કરવાનો હરકોઇ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો છે અને હમેશાં નિષ્ફળ નીવડશે. અત્યારે આજના જમાનામાં પણ નવો મત ચલાવનાર કોઇ મહાપુરુષ પોતાના અનુયાયીઓથી વીસેક માઇલ જેટલો દૂર થાય છે કે તરતજ તેના અનુયાયીઓમાં વિચારભેદ ઊભા થઈ તે એકજ મત વીસ પંથોમાં વહેંચાઇ જતો જણાય છે. બધાજ સમયમાં તેમ બનેલું તમે જુઓ છો. મતલબ કે, બધાં એકજ જાતની ભાવનાઓ સ્વીકારતાં થાય, એ બનવું શકયજ નથી અને વસ્તુસ્થિતિ એમ હોવા માટે હું પ્રભુનો પાડ માનું છું. હું પોતે કોઇજ સંપ્રદાયની વિરુદ્ધ નથી; ઊલટો હું તો પંથો ને સંપ્રદાયોનું અસ્તિત્વ જોઇને રાજી થનારો છું અને અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે, હજી તેઓ વૃદ્ધિંગત થઇ એકના અનેક થાય. આ સાંભળી કોઇ સવાલ કરશે કે, " કેમ વારૂ, એમ ઇચ્છવાનું કારણ શું ? " એનું કારણ કેવળ એજ છે કે, જો તમે, હું અને અત્રે ઉપસ્થિત લોકો તમામ બરાબર એકજ જાતના વિચારો વિચારતા થઇ જઇએ, તો પછી આપણે માટે કોઈજ વિચાર વિચારવાના રહે નહિ. એ વાતની તો આપણ સૌને ખબરજ છે કે, ગતિ પેદા કરવા માટે બે અગર તેથી વધારે શક્તિઓ સામસામી અથડાવી જોઈએ. તે મુજબ વિચારોની ટક્કર યાને વિચારોની વિભિન્નતાજ વિચારને જાગૃત કરે છે. હવે જો આપણે બધાંજ એકજ રીતે વિચારતાં થઈ ગયાં હોઇએ,

તો તો આપણી સ્થિતિ સંગ્રહસ્થાનમાં ગોઠવેલા ઇજિપ્ત દેશના મમિઝ યાને મસાલો ભરીને જેવાં ને તેવાં સાચવી રાખેલાં મુડદાંના જેવીજ થાય–યાને આપણે એકબીજાનાં મોં સામું સૂનકાર દૃષ્ટિએ જોતાંજ ઊભાં રહીએ–એ સિવાય વિશેષ કંઇજ ન કરીએ. વમળો અને ભમરા વેગબંધ વહેતા જીવંત ઝરણામાંજ ઉત્પન્ન થાય છે, બંધિયાર–મૃત પાણીમાં વમળ કે ભમરા જેવું કંઇજ હોતું નથી. તેવીજ રીતે ધર્મો જ્યારે મૃત બની જશે, ત્યારે પંથો ઉદ્ભવતા બંધ થઈ જશે, કિંબહુના પંથોનાં નામે નહિ રહે અને સર્વત્ર શાંતિ અને એકદિલી પથરાયેલી જણાશે. પણ તે શાંતિ કબર કિંવા ઘોરના જેવી હશે. પરંતુ જ્યાંસુધી મનુષ્યજાતિ વિચારશીલ રહેશે, ત્યાંસુધી તો પંથોનું અસ્તિત્વ પણ રહેશેજ. ફેરફાર અને ભેદ, એ તો જીવનની નિશાની છે અને તે હોવાજ જોઇએ. ઈશ્વર પ્રત્યે મારી પ્રાર્થના છે કે, પંથોની સંખ્યા હજી પણ વધ્યે જાય અને આખરે સંસારમાં જેટલા માનવીઓ તેટલા પંથો બને અને પ્રત્યેક જણ ધર્મની બાબતમાં પોતપોતાની વ્યક્તિગત રીતે વિચારતો થાય.

પરંતુ એ સ્થિતિ તો ક્યારનીય અસ્તિત્વમાં છે. આપણામાંનો પ્રત્યેક જણ તેની પોતાની રીતેજ વિચારનારો હોય છે, પણ વિચારના એ સ્વાભાવિક વહેણમાં સમાજ તરફથી સર્વ સમયે નડતર નાખવામાં આવી છે અને હજીયે નખાયા કરે છે.

હાલના જમાનામાં તલવારનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે નથી થતો, તો બીજાં સાધનોનો ઉપયોગ એ કામ માટે થાય છે; પણ નડતર તો એક યા બીજે રસ્તે થાય છેજ. મારા આ કથનના સમર્થનમાં ન્યુયોર્કમાં એક સર્વશ્રેષ્ઠ ધર્મોપદેશક યાને પાદરી સાહેબનો દાખલો ટાંકું છું. એ પાદરી શું કહે છે તે જરા સાંભળો. તેઓ તમારા લોકોને ઉપદેશ આપતાં ચઢાવે છે

કે, ફિલિપાઇનવાસીઓને જીતવા જોઇએ, કેમકે તેમને ખરો ખ્રિસ્તી માર્ગ શીખવવાનો એજ એકલો રસ્તો છે! એ ફિલિપાઇનો ખ્રિસ્તીમાર્ગના કેથલિક સંપ્રદાયને માનતા તો ક્યારનાય થયેલા છે; પણ એ પાદરી મહાશયની આકાંક્ષા તો તેમને પ્રેસ્બીટેરિયન પંથમાં આણવાની છે અને તેટલા માટે તેઓ પોતાની જાતિના માથા પર ખૂનરેજીનું ભયંકર પાપ લાદવા તૈયાર થયા છે! કેવું ભયંકર! કેવું નીચ! અને આ પાદરી તમારા દેશના સર્વોત્તમ ધર્મોપદેશકોમાંનો અને સર્વશ્રેષ્ઠ બહુશ્રુતોમાંનો એક ગણાય છે! એવા દરજ્જાનો માણસ ઊભો થઈને આવું અતિનિંદ્ય, અર્થ વગરનું બોલતાં શરમાતો નથી અને તેનો શ્રોતાવર્ગ પણ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેતાં અચકાતો નથી; ત્યારે એ પરથી દુનિયાની સ્થિતિ કેવી હશે તેનો ક્યાસ તમે પોતેજ કરી લો! આનું નામ શું સંસ્કૃતિ? આનું નામ તે સુધારો? અરે! એ તો વાઘની પેલી જૂની લોહીતૃષ્ણા! એ તો મનુષ્યમાંસભક્ષક, જંગલી પિશાચવૃત્તિ નવીન લેબાસમાં બહાર આવે છે—એ સિવાય બીજું શું માનવું? વસ્તુસ્થિતિ આજની ઘડીએ જ્યારે આવી છે, ત્યારે જૂના વખતમાં જ્યારે પ્રત્યેક પંથ સામા પંથને છૂંદી નાખવા અને તેના કુરચેકુરચા ઉડાવી દેવાને પોતાના હસ્તકની સર્વ સત્તા ને સાધનો સાથે કટિબદ્ધ થતો હતો, તે વખતે દુનિયાને માથે કેવો કેર વર્તી રહ્યો હશે અને લોકોને કેવા ત્રાસમાંથી પસાર થવું પડ્યું હશે, તેનો વિચાર કરી જુઓ. ઇતિહાસ આપણને તેનો ચિતાર આપે છે. લોહીપિપાસુ એ વાઘ અત્યારે આપણી અંદર નિદ્રાધીન પડ્યો છે, સાવ મરણાધીન થયો નથી. તેથી જ્યારે જ્યારે અનુકૂળ પ્રસંગો આવે છે, ત્યારે ત્યારે તે છલંગભેર નીકળી આવે છે અને અસલની માફકજ પોતાના તીક્ષ્ણ પંજા અને તીણા દાંતોનો યથેચ્છ ઉપયોગ કરે છે. તલવાર અને બંદૂક

જેવાં જડ હથિયારો સિવાય બીજાં તેમનાથીયે વધારે ભયકંર હથિયારો જગતમાં છે. તિરસ્કાર અને અપ્રતિષ્ઠા, સામાજિક દ્વેષ ને સામાજિક બહિષ્કાર જેવાં ભયંકરમાં ભયંકર હથિયારો, જે લોકો બરાબર આપણી પદ્ધતિએ ધર્મના સવાલો નથી વિચારતા તેમની પ્રત્યે આજે પણ છૂટથી છોડવામાં આવે છે. પ્રત્યેક જણે આપણી માફકજ શા માટે વિચારવું જોઇએ? તેનું કારણ હું સમજી શકતો નથી. હું જો સમજદાર માણુસ હોઉં તો તો બીજા લોકો મારી માફક નથી વિચારતાં એ જોઇને તો મારે રાજીજ થવું રહ્યું. મારી ઇચ્છા એક કબર જેવા સ્થાનમાં પડી રહેવાની જરાય નથી; હું તો મનુષ્યોની દુનિયામાં એક મનુષ્ય થવા માગું છું. વિચારશીલ પ્રાણીઓ પરસ્પર જુદાં પડેજ. જુદાઇ અથવા ભેદ એ તો વિચારશીલતાની પ્રથમ નિશાની છે. હું જો એક વિચારશીલ મનુષ્ય હોઉં, તો તો મારે ખચિત મતભેદોવાળા વિચારશીલ મનુષ્યોનીજ વચમાં રહેવું જોઇએ.

ત્યારે હવે, પ્રશ્ન એ આવીને ઊભો રહે છે કે, ધર્મના આ બધાજ પ્રકાર સાચા કેમ કરીને હોઈ શકે? જો એ વાત સાચી હોય, તો તેનો નિષેધ નકામો ને ખોટો છે. પરસ્પર વિરુદ્ધ મતો એકી વખતે સાચા હોય, એ વાત શી રીતે સંભવે? આજ સવાલનો જવાબ આપવાનો આજે મારો ઇરાદો છે; પરંતુ તેમ કરતાં પહેલાં હું તમને પૂછીશ કે, “શું દુનિયાના બધા ધર્મ ખરી રીતે એકબીજાના વિરોધી છે કે કેમ?” જે બાહ્ય આચારવિધિઓમાં ધર્મમાત્રના મહાન વિચારો ઢંકાઇ રહ્યા છે, તે આચારવિધિઓની વાત હું નથી પૂછતો. તેમ પ્રત્યેક ધર્મમાં વપરાતાં વિવિધ બાંધકામો, વિવિધ ભાષાઓ, વિવિધ વિધિઓ અને વિવિધ પુસ્તકો ઇત્યાદિની વાત પણ હું નથી પૂછતો. હું જે પૂછું છું તે પ્રત્યેક ધર્મના અંતરાત્મા વિષે યાને ધર્મમાત્રના વાસ્તવ-વસ્તુ વિષે પૂછું

છું. દરેક ધર્મની પાછળ એક સત્યરૂપ આત્મા રહેલો છે અને તે આત્મા બીજા ધર્મના આત્માથી કદાપિ જુદો પડતો હશે; પણ તેથી શું તેઓ એકબીજાના વિરોધી છે? તેઓ એકબીજાનો વિરોધ કરી ગળાં કાપે છે કે પરસ્પરની ઊણપો પૂરે છે? સવાલ એજ છે. હું છેક નાનો છોકરો હતો ત્યારથી આ સવાલ મેં હાથ ધર્યો છે અને અત્યાર સુધી હું તેનો સતત અભ્યાસ કરતો રહ્યો છું. મારો નિર્ણય તમને કંઈક સહાયકર્તા થઈ પડશે, એવી માન્યતાથી હું તે તમારી આગળ મૂકું છું. મારી પાકી માન્યતા થઇ છે કે, તેઓ એકબીજાના વિરોધી નથી, પણ પોષક છે. એકેએક ધર્મ જાણે વિશ્વવ્યાપી મહાન સત્યના એક ભાગને ઊંચકે છે અને તે મહાન સત્યના તેજ ભાગનું સંગઠન કરવામાં અને તેના અસલ સ્વરૂપનું ચિહ્ન બતાવવામાંજ પોતાની બધી શક્તિ ખરચે છે. તેથી તે ધર્મના ક્ષેત્રમાં ઉમેરો કરે છે, ઘટાડો લેશ પણ કરતો નથી. ખરો ખ્યાલ આવો છેઃ-સંપ્રદાય પછી સંપ્રદાયો ઊભા થાય છે અને તે દરેક એક મહાન આદર્શનું સંગઠન કરે છે; અને એ રીતે મહાન આદર્શોની સંખ્યામાં ઉમેરો થતો રહે છે. મનુષ્યજાતિની પ્રગતિની કૂચ આ રીતેજ થાય છે. મનુષ્ય ભૂલમાંથી સત્ય તરફ કદાપિ આગળ વધતો નથી, પણ સત્યમાંથીજ સત્ય તરફ આગળ વધે છે. એક બાળક તેના બાપ કરતાં વધારે વિકાસ સાધે, તેથી તે બાપ શું કંઇ માલ વગરનું ખાલી ખોખું અથવા મૂર્ખ હતો? ખરી વાત તો એ છે કે, બાળક એટલે બાપ વત્તા બીજું કંઈક. તમે એક બાળક હતા ત્યારે તમને જેટલું જ્ઞાન હતું તેના કરતાં તમારૂં અત્યારનું જ્ઞાન અતિશય વિશાળ બન્યું હોય, તેથી તમારા બાલ્યકાળની તે સ્થિતિ પર અત્યારે તમે તિરસ્કારની દૃષ્ટિએ જોશો શું? તમારી પાછલી સ્થિતિને શું તમે નિઃસાર ને પોકળ સમજશો? ના. કેમકે તમારી

અત્યારની સ્થિતિ તે તમારૂં બાલ્યાવસ્થાનું જ્ઞાન વત્તા બીજું કંઇક વધારેનું પરિણામ છે.

હવે આપણને એ વાત પણ જાણીતી છે કે, એકજ વસ્તુનાં લગભગ વિરોધી દૃષ્ટિબિંદુઓ અથવા ભાવો હોય છે, છતાં તે બધાં એકજ વસ્તુનું સૂચન કરે છે. ધારો કે, કોઈ શખ્સ સૂર્યના પ્રવાસે નીકળ્યો છે અને તે જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ દરેક મજલે તે સૂર્યની છબી પાડતો જાય છે. હવે જ્યારે તે પાછો ફરે છે, ત્યારે એણે ખેંચેલી સૂર્યની અનેક છબીઓ તે આપણી આગળ મૂકે છે. એમાંની કોઇ બે છબીઓ એકબીજીને મળતી નથી આવતી; તેમ છતાં તે છબીઓ જુદા જુદા કેંદ્રસ્થાનોએથી લીધેલી એકજ સૂર્યની છબીઓ છે, તેની ના કોનાથી પાડી શકાશે વારૂ? અત્યારે જે દેવળમાં આપણે બેઠા છીએ, તેજ દેવળની ચાર જુદાજુદા ખૂણા પરથી ચાર છબીઓ પાડશો, તો તે છબીઓ એકબીજીથી કેટલી બધી ભિન્ન દેખાશે? છતાં તેઓ બધીજ છબીઓ આ દેવળના ભાવને બતાવનારી હોય છે. એવીજ રીતે આપણે એકજ સત્યને જુદીજુદી ભૂમિકા પર ઊભા રહીને નિહાળીએ છીએ. એ ભૂમિકાઓ આપણાં જન્મ, કેળવણી, પરિસ્થિતિઓ ઇત્યાદિના પ્રમાણમાં જુદીજુદી હોય છે. પોતપોતાની ભૂમિકા પર રહી આપણે સત્યને અવલોકીએ છીએ. આપણી આ પરિસ્થિતિઓ આપણને લેવા દે તેટલું આપણે તેમાંથી ગ્રહણ કરીએ છીએ, આપણા પોતાના હૃદયના રંગથી તેને રંગીએ છીએ, આપણી પોતપોતાની બુદ્ધિ મુજબ તેને સમજીએ છીએ અને આપણા પોતપોતાનાં મન વડે તેને દૃઢ પકડી રાખીએ છીએ. આખા સત્યમાંથી જેટલું આપણને સંબંધકર્તા હોય છે અને જેટલું મેળવવાનું આપણું ગજું હોય છે, ફક્ત તેટલુંજ આપણે જાણીને સમજી શકીએ છીએ. મનુષ્ય

મનુષ્ય વચ્ચે અને પ્રસંગ પ્રસંગ વચ્ચે જે પ્રકારની ભિન્નતા જણાય છે તથા કેટલીક વાર ઉત્તમ વિચારોમાં જે વિરુદ્ધતા જણાય છે, તેનું કારણ પણ આજ છે. છતાં આપણે સૌ એજ વિરાટ સત્યના અંશો છીએ.

આથી મારો મત એવો છે કે, આ બધાજ ધર્મો, મનુષ્ય-જાતિના કલ્યાણ માટે કાર્ય કરતી ઈશ્વરી રાજ્યકારભારની જુદી-જુદી શક્તિઓ છે અને તેમાંની એકે મરણાધીન બને તેમ નથી કે એકેને મરણાધીન કરાય તેમ નથી. પ્રકૃતિ અથવા કુદરતની કોઈ શક્તિનો તમારાથી ધ્વંસ થઈ શકતો નથી, તેમ ધર્મરૂપી આ આધ્યાત્મિક શક્તિઓ પૈકી પણ એકેયનો નાશ તમારાથી થઈ શકે તેમ નથી. ઉપર તમે જોઈજ ગયા છો કે, એકેએક મહાન ધર્મ જીવંત છે. વખતોવખત તે પાછો પડતો હશે કે આગળ ધપતો હશે, પણ જીવંત તો તે દરેક છેજ. એક વાર તેની કાયા પરથી ઘણાખરા શણગારો ઊતરી જતા દેખાશે, તો બીજી વેળા તેની કાયા બધીજ જાતના શણગારોથી ખીચોખીચ ઢંકાઈ રહેતી દેખાશે. પરંતુ તેનો આત્મા તો એ બધો વખત જ્યાંનો ત્યાંજ રહે છે, એનો નાશ કદાપિ થતો નથી. અર્થાત્ દરેક ધર્મ જે જે આદર્શને રજૂ કરે છે, તે તે આદર્શ કદી પણ ગુમ થતો નથી અને તેથી પ્રત્યેક ધર્મ હોશિયારીથી આગે કૂચકદમ કરી શકે છે.

અને એ વિશ્વધર્મ કે જેનાં પ્રત્યેક દેશના તત્ત્વજ્ઞાનીઓ અને બીજા લોકોએ સ્વપ્નાં સેવ્યાં છે, તે વિશ્વધર્મ ક્યારનોય હયાતી ધરાવે છે; તે આ રહ્યો. જેવી રીતે મનુષ્યના વિશ્વવ્યાપક બંધુ-ભાવનું અસ્તિત્વ ક્યારનુંય છે, તેવી રીતે વિશ્વધર્મનું અસ્તિત્વ પણ ક્યારનુંય છે. તમારામાંનાં જેમણે દૂર–સુદૂર પ્રવાસ ખેડ્યો છે, તેમાંથી કોને પ્રત્યેક પ્રજામાંથી ભાઈબહેનો નથી મળી આવ્યાં?

મને તો એવાં ભાઈબહેનો દુનિયાભરમાં મળી આવ્યાં છે. મતલબ કે, બંધુભાવ મોજૂદ તો છેજ, પણ સંખ્યાબંધ મનુષ્યો તેને જોવામાં નિષ્ફળ નીવડે છે અને બીજા અન્ય બંધુભાવો માટે બુમરાણ મચાવી તેને ઉથલાવી પાડે છે એટલુંજ. તેવી રીતે વિશ્વધર્મ પણ દુનિયામાં ક્યારનોય મોજૂદ છે. જો પુરોહિતો અને પાદરીઓ, મૌલાના અને મુલ્લાંઓ ઇત્યાદિ જે લોકોએ જુદાજુદા ધર્મોના ઉપદેશનું કામ પોતાને શિર વહોર્યું છે, તે લોકો થોડીક ક્ષણ ઉપદેશ આપતા કેવળ બંધ પડી જાય, તો આપણને તત્કાળ જણાશે કે, વિશ્વધર્મ આ રહ્યો. આ લોકોજ સર્વ સમય તેને સળકડી કર્યા કરે છે અને તેમ કરવામાં તેમનો સ્વાર્થ સમાયલો છે. તમે જુઓજ છો કે, પ્રત્યેક દેશમાં પુરોહિત લોકો યાને ધર્મગુરુઓનો વર્ગજ બહુ પુરાણપ્રિય વૃત્તિવાળો યાને જૂના રૂઢિરિવાજોને ચામજૂની માફક વળગી રહેનારો દુરાગ્રહી હોય છે. આનું ખરૂં કારણ શું છે, તે જાણો છો ? ખરૂં કારણ એ છે કે, લોકોને દોરે તેવા ધર્મગુરુઓ વિરલા પાકે છે. બાકી ઘણાખરા તો લોકોથીજ દોરવાનારા હોય છે, કિંબહુના લોકોના દાસ અને નોકર જેવા હોય છે. તમે કહો કે, 'સૂકું છે' તો તેઓ કહે છે કે, 'હા, એમજ છે;' તમે કહેશો કે, 'કાળું છે', તો તેઓ પણ ઓચરશે કે, 'હા, કાળુંજ છે.' બાબત આમ છે; તેથી લોકો જે તરફ જવા માંડે તે તરફજ તેઓ બિચારાને ગયે છૂટકો છે. તેઓથી તો એવુંજ થવાનું. તેથી જેને તે બાબતમાં પુરોહિતવર્ગને માથે જે દોષનો બધો ટોપલો ઢાલવવાનો સામાન્ય રિવાજ છે, તે મુજબ આ વિષયમાં પુરોહિતો અથવા ધર્મગુરુઓનો દોષ કાઢવા પહેલાં તમારો પોતાનોજ દોષ તમારે કાઢવો ઉચિત છે. તમે જેટલા માટે લાયક હો છો, તેટલુંજ તમને મળે છે. કોઇ છાતીચલો પુરોહિત તમને આગળ વધેલા વિચારોનો ઉપદેશ કરી

આગળ દોરવાની ઇચ્છા કરે, તો તેના શા હાલ થાય, તેની તમને ખબર છે? તેનાં બાળબચ્ચાં કદાચ ભૂખે મરે ને તેને બિચારાને ચીંથરેહાલ થવું પડે! જે સાંસારિક કાયદાકાનૂનોની સત્તા તમારા પર ચાલે છે, તેમની સત્તા તળે એ પુરોહિત પણ છે; તેથી જે તરફ તમે ડગ ઉપાડશો, તે વિષે તે તરત કહેશેઃ "હા, ઠીક છે, આગળ વધો." અલબત, આ સંસારમાં એવા પણ આત્માઓ અપવાદરૂપે મળી આવે છે કે, જેઓ સામાન્ય જનસમૂહથી જરા પણ દબાતા નથી. તેઓ સત્યને નીરખે છે અને એક સત્યનીજ તેમને કિંમત છે; કારણકે સત્યની પકડ તેમના પર સજ્જડ બેઠી હોય છે. તેઓ સત્યના સંપૂર્ણ અનુયાયી થવા મથતા હોય છે; એટલે તેમને તો 'સામે મોઢે સિદ્ધપુર' એ કહેવત મુજબ 'આગેકૂચ' કર્યા વગર ચાલતુંજ નથી. પાછી દૃષ્ટિ કરી તેઓ કદી જોતા નથી અને તેમને માટે લોકપ્રતિષ્ઠાનું મહત્ત્વ કે આકર્ષણ રહેતું નથી; પણ માત્ર ઇશ્વરએકલાનુંજ અસ્તિત્વ, મહત્ત્વ અને આકર્ષણ તેમને માટે રહ્યું હોય છે. ઇશ્વર પોતેજ તેમની માર્ગદર્શક જાજ્વલ્યમાન જ્યોતિરૂપ બને છે અને એ ઝળહળતી જ્યોતિનેજ તેઓ 'આગે કૂચ' કરવામાં અનુસર્યે જાય છે.

આ દેશમાં મને એક મોર્મન ગૃહસ્થનો સમાગમ થયો હતો. તેમણે મને પોતાના મતનો અનુયાયી થવા માટે સમજાવવાની ખૂબ કોશિશ કરી; પણ મેં તેમને કહ્યું કે, "તમારા સિદ્ધાંતો માટે મને પુષ્કળ માન છે, પણ કેટલીક વાતોમાં હું તમારી સાથે એકમત થઇ શકતો નથી. પ્રથમ તો એ કે, હું સંન્યાસી સંપ્રદાયનો છું, ત્યારે તમે અનેક પત્નીઓ પરણવામાં માનવાવાળા છો. પણ તમે હિંદુસ્તાનમાં પ્રચારકાર્ય માટે કાં જતા નથી?" આ સાંભળી તે અચંબા સાથે બોલ્યો કે, "શું, તમે

એકે વારના લગ્નમાં નહિ માનનારા હોવા છતાં અને હું એકી વખતે અનેક સ્ત્રીઓને પરણવાની પ્રથામાં માનવાવાળો હોવા છતાં, તમે મને તમારા દેશમાં જવાનું કહો છો?" મેં જવાબ આપ્યો કે, "હા, મારા દેશબંધુઓ હરકોઇ દિશામાંથી આવતા હરકોઇ ધાર્મિક વિચારોનું શ્રવણ કરશે. તેથી મારી ઇચ્છા છે કે, તમે એક વાર તો હિંદુસ્તાન જાઓજ. મારી આ ઇચ્છાનું પ્રથમ કારણ તો એ છે કે, અનેક પંથોની ઉપયોગિતામાં મને જબરજસ્ત વિશ્વાસ છે અને બીજું એ કે, હિંદુસ્તાનમાં એવા અનેક માણસો છે કે જેઓ અત્યારના વિદ્યમાન ધર્મપંથોથી સંતુષ્ટ નથી અને એ અસંતોષને લીધે તેમને કોઈ ધર્મની સાથે કોઇ જાતની નિસ્બત નહિ હોય; તેથી એવા લોકોમાંથી તમને પણ કેટલાક શિષ્યો મળી આવે, એ સંભવિત છે." મતલબ કે, ધર્મપંથોની સંખ્યા જેમ વધારે, તેમ લોકોને ધર્મ મળવાની તક પણ વધારે. જે હોટેલમાં સર્વ વાનીના ખોરાક રાખવામાં આવેલા હોય છે, તે હોટેલમાં દરેક જણને પોતપોતાની રુચિને તૃપ્ત કરવાની તક મળે છે; તેજ પ્રમાણે વિવિધ જાતના પંથો હોય, તો દરેક જણને તેને પોતાને રુચતો ધર્મ પણ મળી રહે ખરો. એટલાજ માટે હું ઇચ્છું છું કે, પંથોની સંખ્યા હજી પણ વધ્યે જાય અને વધારે લોકોને આધ્યાત્મિક માર્ગ પર ચડવાની તક મળે. લોકોને ધર્મ ગમતો નથી એમ તો માનશોજ નહિ. એ વાતમાં મારો જરાય વિશ્વાસ નથી. બાબત એમ છે કે, લોકોને જેની જરૂર છે, તે ધર્મગુરુઓ તેમને આપી શકતા નથી. જે માણસને કપાળે એક વાર 'નાસ્તિક,' 'જડવાદી' ઇત્યાદિ ઇત્યાદિ છાપ વાગી હોય છે, તેનો તેજ માણસ તેને પોતાને જોઇતા સત્યનો ઉપદેશ કરનારો કોઈ સદ્‌ગુરુ મળી જાય છે તો તેની કોમમાં સર્વશ્રેષ્ઠ ધર્મિષ્ઠ કિંવા બ્રહ્મનિષ્ઠ તરીકે ઝળકી ઊઠે

છે. આપણે આપણી પોતપોતાની રીતેજ ખાઈ શકીએ છીએ. દાખલા તરીકે, અમે હિંદુઓ અમારાં આંગળાં વડે ખાઈએ છીએ. અમારી આંગળીઓ તમારી આંગળીઓ કરતાં વધારે વશવર્તી યાને આધીન છે; તમારાથી એ રીતે આંગળીઓનો ઉપયોગ નહિ થઇ શકે. તે મુજબ આધ્યાત્મિક વિચારો તમારે હાંસલ કરી મેળવવાના છે; પણ તે તમારી પોતાની પદ્ધતિ મુજબ તમારી સમક્ષ મુકાવા જોઈએ. ઉપદેશકોએ તમારી પોતાની ભાષામાં યાને તમારા આત્માની ભાષામાં કહેતાં તમારા હૃદયના ભાવને અનુસરતી વાણીમાં બોલવું જોઇએ અને તેમ કરે તોજ તેઓ તમને સંતોષી શકે. જ્યારે કોઇ માણસ આવી મારી પોતાની ભાષામાં બોલે છે અને મારી પોતાનીજ ભાષામાં મને સત્યનું શિક્ષણ આપે છે, ત્યારે હું ઝટ દઇને તે સમજી જાઉં છું અને હમેશને માટે તે સત્યને હું અપનાવી લઉં છું. આ એક મહાન સાચી બીના છે.

હવે આ ઉપરથી આપણે જોયું કે, માનવીઓનાં મન વિવિધ જાતનાં અને વિવિધ પાયરીઓનાં છે અને તેમને સંતોષવા ધર્મે કેવું કામ ઉપાડે છે, તે તો જુઓ! એક માણસ બે કે ત્રણ સિદ્ધાંત લઇને બહાર પડે છે ને દાવો કરતો ફરે છે કે, તેના ધર્મથી સકળ મનુષ્યજાતિને સંતોષ થવોજ જોઇએ. ઇશ્વરની પશુ સંગ્રહસ્થાનરૂપી આ દુનિયામાં એક નાનુંશું પિંજરૂં લઈ તે આમ તેમ ફરે છે અને કહે છે કે, "ઇશ્વર તેમજ હાથી દરેક જણે આ પિંજરામાં આવવાનું છે. હાથીને તેમ કરતાં જો કાપી કાઢવો પડે, તોપણ તેને અંદર સમાવું તો પડશેજ." વળી કોઈ ધર્મ થોડાક સારા વિચારોવાળો હોય છે. તેના પ્રચારકો કહે છે કે, "બધાં મનુષ્યોએ આમાં આવવું જોઇએ." એટલે કોઇ બોલી ઊઠે છે કે, "પણ એમાં તેમને માટે જગા નથી" તો તેઓ કહે

છે કે, "પરવા નહિ! તેમને કાપીને ટુકડા કરો; પણ હરકોઈ રીતે તેમને અંદર તો લોજ; છતાં જો તેઓ નજ આવે, તો તેમના પર લ્યાનત વરસશે ને તેઓ નરકમાં પડશે." એવો એક પણ ધર્મોપદેશક કે ધર્મપંથ મને હજી નથી મળ્યો, કે જે જરા ઊભો રહીને પૂછતો હોય કે, "લોકો અમારૂં કહ્યું સાંભળતા નથી તેનું શું કારણ?" આને બદલે ઊલટા તેઓ લોકોને ભાંડવા માંડે છે ને કહે છે કે, "લોકોજ દુષ્ટ છે." પણ તેઓ કદાપિ પૂછવા નથી થોભતા કે, "લોકો મારા શબ્દો કાને નથી ધરતા તેનું શું કારણ? મારાથી તેમને સત્યનું દર્શન કેમ કરાવી શકાતું નથી? હું તેમની આંખો કેમ ઉઘાડી શકતો નથી?" ખચિતજ, ધર્મગુરુઓને વધારે સારૂં જ્ઞાન હોવાની જરૂર છે અને જ્યારે લોકો તેમનું સાંભળતા ન જણાય ત્યારે કોઇને પણ દોષિત ઠરાવવાનું હોય કે કોઇને પણ ભાંડવાનું હોય, તો તે પોતાની જાતનેજ, પણ આને બદલે વાંક હમેશાં લોકોનોજ નીકળે છે! મતલબ કે, બધાજ લોકોના સમાવેશ માટે પોતાના પંથને પૂરતો વિશાળ બનાવવાની તેઓ કશી કોશિશજ કદી કરતા નથી.

આ ઉપરથી ધર્મની બાબતમાં જગતની અંદર આટલી બધી સંકુચિત મનોવૃત્તિ કેમ જણાય છે, તેનું કારણ આપણાથી ઝટ સમજી શકાય છે અને તે એજ કે, એક અંશ–એક ટુકડો હમેશાં આખી વસ્તુ હોવાનો દાવો કરે છે. એક ક્ષુદ્ર વસ્તુ એકમ–અનંત હોવાનો હમેશાં દાવો કરે છે. ભૂલને પાત્ર મનુષ્યભેજાંમાંથી, થોડાંક સૈકામાં જન્મેલા અનેક પંથોનો વિચાર કરો. ઈશ્વરના અનંત સત્યને આખું ને આખું જાણવાનો કેવો મગરૂબીભરેલો દાવો તેઓ કરે છે! કેવી ઉદ્ધતાઇ! આ વાતથી જો કંઈજ સિદ્ધ થતું હોય, તો તે એજ કે, મનુષ્યપ્રાણીઓ કેવાં મિથ્યાભિમાની છે? અને એવા બધાજ દાવાઓ અત્યાર સુધીમાં નિષ્ફળ નીવડ્યા

છે; તેમાં નવાઇ જેવું પણ કશુંજ નથી. ઇશ્વરકૃપાએ એવા દાવાઓ હમેશાં નિષ્ફળજ નીવડવા સરજાયા છે. આવા દાવાદારોની પ્રત્યેક કૂચ એક હાથમાં ધર્મગ્રંથ અને બીજા હાથમાં તલવાર લઇને થતી હતી. વિધર્મીઓ પાસે જતાંજ તેઓ કહેતા કે, “કાં તો અમારા ધર્મને સ્વીકારો કે કાં તો મૃત્યુને અંગીકારો, ત્રીજો કોઇ રસ્તોજ નથી.” આવાઓની ફતેહ કેવી ચમત્કારી હતી તે તો તમે ઇતિહાસ પરથી જાણોજ છો. છસો વર્ષ લગી તો કોઇજ તેમના વેગને ખાળવા સમર્થ થયું નહિ; પણ તે પછી એવો વખત આવ્યો, કે જ્યારે તેમને એ અયોગ્ય રસ્તેથી અટકવાની બૂમ લલકારવી પડી. બીજા કોઇ ધર્મો એનું અનુકરણ કરવા જશે, તો તેમની પણ એવીજ દશા થવાની. આપણે મનુષ્યો આવાં બબૂચક બાળકો છીએ? મનુષ્યના સ્વભાવનું આપણને હમેશાં વિસ્મરણ થાય છે. આપણે જીવનની શરૂઆત કરીએ છીએ ત્યારે આપણને લાગે છે કે, આપણું પ્રારબ્ધ અસાધારણ નીવડવાનું છે અને એ શ્રદ્ધા કેમે કરી ઓછી થતી નથી; પરંતુ જ્યારે આપણે વૃદ્ધાવસ્થાને ઉંબરે ચડીએ છીએ, ત્યારે આપણે જુદી રીતે વિચારતા થઇએ છીએ. ધર્મોની બાબતમાં પણ એવુંજ બને છે. ધર્મોની આરંભની દશામાં જ્યારે તેમનો જરાતરા વિસ્તાર થવા માંડે છે, ત્યારે તેઓ ફુલાઇ જઇને એમજ માની લે છે કે, થોડાંજ વર્ષોની અંદર તેઓ આખી મનુષ્યજાતિનાં મન ફેરવીનાખવા શક્તિમાન થશે અને એ માન્યતાથી પ્રેરાઇને તેઓ બળાત્કારે વટાળવા માટે આંખો મીંચીને ખૂનામરકી ને કતલ ચલાવ્યે જાય છે; પણ આખરે તેમને એ કામમાં નિષ્ફળતા મળે છે, ત્યારેજ તેમને સારી સમજ આવવા માંડે છે. આપણે જોઇએ છીએ કે, આ ધર્મો જે કાર્ય સાધવા બહાર નીકળ્યા હતા, તે કાર્ય સાધવામાં તેઓ ફાવ્યા નથી અને તેમની એ નિષ્ફળતા જગતને આશીર્વાદરૂપ

હતી. એમાંનો એક પણ ધર્માંધ ઝનૂની ધર્મ દુનિયાભરમાં ફાવ્યો હોત, તો અત્યારે મનુષ્યજાતિ ક્યાં જઇને ઊભી હોત, તેની જરા કલ્પના કરી જુઓ! પ્રભુનો ઉપકાર માનો કે, તેઓ ફાવ્યા નહિ! આમ છે, તથાપિ એકેએક ધર્મ એકેકું મહાન સત્ય રજૂ કરે છે, એ વાત તો નિર્વિવાદ. પ્રત્યેક ધર્મ અમુક એક વિશિષ્ટ ખૂબી જગત આગળ રજૂ કરે છે અને એની એ વિશિષ્ટ ખૂબીજ એનો આત્મા હોય છે. એક જૂની વાત મને આ ઠેકાણે યાદ આવે છે. એક સમયની વાત પર, કેટલીક નરમાંસભક્ષક રાક્ષસીઓ હતી. તેઓ લોકોને મારી ખાતી અને બીજા પણ બહુ ઉપદ્રવો મચાવતી; પરંતુ તેમનો સંહાર કોઈથી કરી શકાયો નહિ. આખરે એક બુદ્ધિમાન માણસે શોધી કાઢ્યું કે, તેમના આત્માઓ અમુક અમુક પંખીઓમાં વસે છે, તેથી જ્યાંસુધી એ પંખીઓ સલામત રહે ત્યાંસુધી એ રાક્ષસીઓનો સંહાર કોઇથી કે કશાથી થઇ શકે તેમ નથી. એવી રીતે આપણ દરેકને પણ એવું એકેક પંખી છે, કે જેની અંદર આપણા આત્મા વસે છે; એ પંખી તે આપણા જીવનનો આદર્શ અને જીવનનો સંદેશો. દરેક માનવી એવા એકેકા આદર્શનું ને એકેકા જીવનસંદેશનું ધામ છે. બીજું ફાવે તે અને ફાવે તેટલું તમારૂં જતું રહે, પણ જ્યાંસુધી તમારો એ આદર્શ ગુમ થાય નહિ અને તમારા જીવનસંદેશને કંઇ હરકતહેલો ન પહોંચે, ત્યાંસુધી તમારો સંહાર કરવા કોઈ પણ સમર્થ નથી. ધન ભલે આવે અને જાય, તથા દુઃખના ઢગલા ડુંગર જેટલા ઊંચા ભલે ખડકાય; પણ જો તમે તમારા આદર્શને સાંગોપાંગ સાચવી રાખ્યો હશે, તો કોઇથી કે કશાથી તમારી જીવનદોરી તૂટી શકશે નહિ. તમે ઘરડા થયા હશો, સો વર્ષના બુઢ્ઢા થયા હશો, પણ તમારો તે જીવનસંદેશ જો તમારા હૃદયમાં હજી તાજો ને તરુણ હશે, તો તમને મારી નાખવાની કોની

તાકાત છે ? પરંતુ એ આદર્શ જ્યારે નષ્ટ થાય છે અને એ જીવન-સંદેશને હાનિ પહોંચે છે, ત્યારે પણ તમને બચાવવા કોઈ સમર્થ થતું નથી. પ્રજાઓ, એ સંખ્યાબંધ વ્યક્તિઓના સમૂહ સિવાય બીજું શું છે? તેથી દરેકે દરેક પ્રજાને મનુષ્યજાતિઓની એકદિલીના ક્ષેત્રમાં પોતપોતાનો સંદેશો બજાવવાનો હોય છે અને જ્યાંસુધી એ આદર્શને-એ જીવનસંદેશને તે પ્રજા વળગી રહે છે, ત્યાંસુધી તે પ્રજાનો નાશ કરવા કોઈ કે કશુંજ સમર્થ નીવડતું નથી; પરંતુ એ પ્રજા જો પોતાના જીવનસંદેશને પડતો મૂકીને બીજીત્રીજી બાબતો પાછળ લાગે છે, તો તેની જીવનદોરી ટૂંકી બને છે ને તે વેગપૂર્વક નાશને પંથે પળે છે.

ધર્મની બાબતમાં પણ એવોજ પ્રકાર છે. આ બધાજ જૂના ધર્મો અત્યારે જીવંત છે; એ વાત પૂરવાર કરે છે કે, તેઓ બધાએજ પોતપોતાના સંદેશને સાંગોપાંગ સાચવી રાખ્યો હોવો જોઇએ. તેમની બધી ભૂલો છતાં, બધી મુશ્કેલીઓ અને આફતો છતાં, બધા ઝઘડા અને આંતરવિગ્રહ છતાં અને આચારવિધિઓના પોપડા ને પોપડામાં દટાયા છતાં હૃદય તો પ્રત્યેક ધર્મનું સાબૂત છે-એકેએકનું હૃદય ધબકતું, સ્ફુરતું ને જીવતું છે. તેમાંના એકેયે પોતે જે સંદેશો લઇને આવ્યો હતો, તે સંદેશો ગુમાવ્યો નથી. ધર્મના એ જીવનસંદેશાનો અભ્યાસ કરવો એ એક ભવ્ય અને ઉમદા વાત છે. ઉદાહરણ તરીકે ઇસ્લામધર્મનેજ લો. તમે ખ્રિસ્તી લોકો ઇસ્લામધર્મને જેટલો ધિક્કારો છો તેટલો દુનિયાના બીજા એક પણ ધર્મને ધિક્કારતા નથી. તમે એમ માનો છો કે, ઇસ્લામ જેવો ખરાબ ધર્મ બીજો નથી; પણ એ ઈસ્લામમાં પણ એક વિશિષ્ટ ખૂબી છે તે ભૂલો નહિ. હરકોઇ જાત કે રંગનો કોઇ પણ મનુષ્ય એક વાર કલમો પઢી લઈ મુસલમાન બને છે કે તરતજ આખી ઇસ્લામી આલમ તેને પોતાના ભાઈ

તરીકે મોકળે હાથે ભેટે છે અને તેની સાથેની રહેણીકરણીમાં કોઇ જાતનો ભેદભાવ કે અંતરપડદો રાખતી નથી. બીજા કોઈ પણ ધર્મમાં આવી જાતનું વર્તન થતું જોવામાં આવ્યું નથી. એકાદ જંગલી મનુષ્ય પણ જો મુસલમાન ધર્મને અંગીકારે તો મુસલમાન બાદશાહને પણ તેની સાથે ભોજન કરવામાં વાંધો નહિ આવે. તેનામાં જો મગજશક્તિ ને બુદ્ધિબળ હશે, તો કોઇ પણ ઊંચામાં ઊંચી પદવી તેને માટે અપ્રાપ્ય નહિ રહે. ત્યારે આ સુધરેલા ગણાતા અમેરિકામાં, હજી એકે દેવળ એવું મારી નજરે ચઢયું નથી કે જયાં એક ગોરો આદમી અને એક કાળો હબસી એકબીજાની અડોઅડ રહી પ્રાર્થના માટે ઘૂંટણિયે પડી શકતા હોય. આનો જરા ખ્યાલ કરો. ઇસ્લામ પોતાના બધાજ અનુયાયીઓને સરખા ગણે છે, એટલુંજ નહિ પણ એ માન્યતા વ્યવહારમાં સિદ્ધ કરી દેખાડે છે. ઇસ્લામની અજબ ખૂબી એમાંજ રહેલી છે, તે જુઓ ને સમજો. કુરાનમાં અનેક સ્થળે તમને જીવનના અતિવિષયલંપટ ભાવોનું બ્યાન મળી આવશે, પણ પરવા નહિ. ઇસ્લામ ધર્મ જગતને જે સંદેશો આપવા આવ્યો છે તે એજ કે, પોતાના સઘળાજ હમદીનો કહેતાં ધર્માનુયાયીઓ પ્રત્યે વ્યવહારમાં ભ્રાતૃભાવ આચરી બતાવવો. ઇસ્લામધર્મનો પ્રધાનભાવ એજ છે; બાકી બેહેસ્ત જિંદગી ઇત્યાદિના બીજા બધા ભાવો એ ઇસ્લામનું વાસ્તવ રૂપ નથી. એ તો વધારો છે, મરીમસાલો છે.

હિંદુઓની બાબતમાં 'આધ્યાત્મિકતા' નો ભાવ એ એક પ્રજાકીય ભાવ તરીકે તમારા જોવામાં આવશે. દુનિયાના બીજા એકે ધર્મમાં કે એકે ધર્મપુસ્તકમાં, ઈશ્વરી શોધ અને વ્યાખ્યા પાછળ હિંદુઓએ જેટલી શક્તિ ખરચી છે, તેટલી શકિત ખરચાયલી તમારા જોવામાં નહિ આવે. કોઇ દુન્યવી સ્પર્શ તેની

ચૂંથીને બગાડી ન શકે તેવી રીતે તેમના આત્માના ભાવની વ્યાખ્યા કરવાની તેમણે અદ્ભુત કોશિશ કરી છે. આત્મા દિવ્ય હોવો જોઇએ અને ક્ષેત્રજ્ઞ તરીકે મનાયલા આત્માનું મનુષ્ય તરીકે રૂપાંતર કરી નંખાવું ન જોઇએ. હિંદુઓના વેદાંતમાં અદ્વૈતનો યાને સર્વવ્યાપી પરમાત્માના સાક્ષાત્કારનો એકજ ભાવ ઠેઠ લગી ઉપદેશાયલો છે. હિંદુઓ કહે છે કે, પ્રભુ માત્ર સ્વર્ગમાં કે જિન્નતમાં રહે છે અને એવું એવું બીજું કહેવું એ બધોજ અર્થહીન બકવાદ છે. એ તો કેવળ માનવભાવ છે—માનવવિદ્યાને લગતો ભાવ છે. સ્વર્ગ જેવી કોઈ ચીજ કદી હયાત હોય તો તે બધી અત્યારે ને અહીંજ છે. અનંતકાળમાંની એક ક્ષણ બીજી કોઇ ક્ષણના જેટલીજ સારી છે. પરમેશ્વરમાં જો તમે સાચી શ્રદ્ધા રાખતા થાઓ, તો પરમેશ્વરને તમે હમણાં ને હમણાંજ જોઇ શકો. અમારા હિંદુઓના મત પ્રમાણે ધર્મની ખરી શરૂઆત સત્યની સહેજ પણ ઝાંખી થવા માંડે છે, ત્યારથીજ થઈ ગણાય છે. ધર્મના સિદ્ધાંતોમાં માનતા થવાથી કે તેને બૌદ્ધિક સંમતિ આપવાથી, કિંવા દેવળમાં તેનો એકરાર કરવાથી ધર્મની શરૂઆત થયેલી કહેવાય નહિ. તમારી માન્યતા પ્રમાણે ઇશ્વર જો છેજ, તો તમે તેને નિહાળ્યો છે? જવાબમાં તમે કહો કે, 'ના' તો પછી તેની અંદર શ્રદ્ધા રાખવાનો તમને શો અધિકાર છે વારૂ? ઇશ્વર છે કે નહિ એનો તમને શક હોય તો તેને જોવાને તમે શા માટે મથતા નથી? આ દુનિયાની મધલાળને છોડી ઇશ્વરને જોવાના હેતુ માટે તમારૂં સમગ્ર જીવન ખરચી નાખવા તમે તત્પર કેમ નથી બનતા? ત્યાગ અને આધ્યાત્મિકતા એ બે હિંદુસ્તાનના મહાન આદર્શો છે અને હિંદુસ્તાન એ મહાન આદર્શોને વળગી રહે છે, તેથી તેની સઘળી ભૂલોની ઝાઝી વિસાત રહેતી નથી.

ખ્રિસ્તીઓની બાબતમાં પણ ખ્રિસ્તીધર્મે ઉપદેશેલો કેન્દ્રસ્થ ભાવ આજ છે કે, "સાવધ થાઓ અને પ્રભુની સહાય લો; કેમકે એમ કરો તો સ્વર્ગનું રાજ્ય હાથવેંતમાં છે." અર્થાત્ તમારાં મન અને આચરણ પવિત્ર કરીને સ્વર્ગ માટે તૈયાર થાઓ! અને એ અસલ આશય કદાપિ મરતો નથી. એ તો તમને યાદજ છે કે, ખ્રિસ્તીઓ ગમે તેવી આફતમાં પણ અને ગમે તેવા કુસંસ્કારી ખ્રિસ્તી મુલકોમાં પણ પરોપકાર કરવાનો પ્રયત્ન કરીને, દવાખાનાંઓ અને એવીજ બીજી સખાવતી સંસ્થાઓ બંધાવીને પ્રભુના આગમન માટે પોતાની જાતને તૈયાર કરવાનો હમેશાં પ્રયત્ન કરે છે. ખ્રિસ્તીઓ જ્યાંલગી એ આદર્શને વળગી રહ્યા છે અને અનુસરી રહ્યા છે ત્યાંલગીજ તેમનો ધર્મ જીવતો છે.

હવે એક આદર્શ મારા મનમાં સ્ફુરે છે. એ કદાચ એક સ્વપ્નું માત્ર પણ હોય. આ દુનિયામાં તેનો પ્રત્યક્ષ અનુભવ થશે કે કેમ, તેની મને ખબર નથી; પણ અણગમતી ને નિષ્ઠુર ઘટનાઓ પર કુટાઇ મરવા કરતાં મીઠું મધુરૂં સ્વપ્નું સેવવું એ કેટલીક વાર વધારે સારૂં ને હિતકર હોય છે. ખરાબ બનાવો કરતાં તો સારાં સ્વપ્નજ સારાં હોય છે. તેથી ચાલો, આપણે એવું એક સ્વપ્નું સેવીએ.

એ તો તમે જાણોજ છો કે, મનની વિવિધ પાયરીઓ હોય છે. તમે વાસ્તવિક રીતે એક સામાન્ય અક્કલના પાકા બુદ્ધિવાદી છો; તમને આચારવિધિઓની કંઈજ પરવા નથી. તમને તો બુદ્ધિગમ્ય, નક્કર અને ખખડતી સાચી વાતોજ જોઇએ છે અને એવી સાચી વાતોજ એકલી તમને સંતોષી શકે તેમ છે. હવે ખ્રિસ્તીધર્મના પ્યુરિટનોને અને મુસલમાનોને તેમનાં પ્રાર્થના-મંદિરોમાં એક ચિતરામણ કે મૂર્તિ હોય તો તે નહિ ચાલે.

બહુ સારૂં! પણ બીજો એક માણુસ એવો છે કે જેને કળાની કદર વિશેષ છે, તેને જ્યાં ને ત્યાં ભરપટ્ટે કળા જોવી ગમે છે—સુરેખા અને વાંકનું સૌંદર્ય, રંગો, ફૂલો અને આકૃતિઓ—એ બધી કળા તથા બત્તીઓ અને રોશની, ધૂપ અને દીપો તથા કર્મકાંડના બધાય ઠાઠમાઠની તેને ઈશ્વરદર્શનમાં આગળ વધવા માટે જરૂર ભાસે છે. તમારૂં મન જેમ ઇશ્વરના ભાવને બુદ્ધિદ્વારા ઝીલે છે, તેમ તેનું મન કર્મકાંડની એ બધી વિધિઓદ્વારા ઝીલે છે. હવે વળી એક ભક્તિપરાયણ મનુષ્ય છે કે જેનો જીવ ઈશ્વરને માટે આક્રંદ કરી રહ્યો છે; તેને ઇશ્વરની ભક્તિ કરવા અને તેના ગુણાનુવાદ ગાવા સિવાય અન્ય કશુંજ ગમતું નથી. હવે છેલ્લે સરવાળે એક તત્ત્વજ્ઞાની એ બધાથી છેટો ઊભો ઊભો હસ્યા કરે છે ને ઉપર કહેલા બીજાઓની પેઠે તે પણ એવુંજ મનમાં વિચારે છે કે, "આ બધા કેવા મૂર્ખા છે! ઇશ્વર વિષેના તેમના આ કેવા ખ્યાલ!"

હવે આ બધા એકબીજાની ટોળ ભલે ઉડાવે, પણ આ દુનિયામાં તે દરેકનું સ્થાન તો છેજ; એ બધી બાબતોની અને એ બધાજ વિવિધ પ્રકારોની આ જગતમાં આવશ્યકતા છે. એક આદર્શ કદી પણ અસ્તિત્વમાં આવવાનો હોય, તો તે આ બધાજ પ્રકારના મનુષ્યોને જરૂરી ખોરાક પૂરો પાડવા જેટલો વિશાળ હોવો જોઇએ. તેણે એક તત્ત્વવેત્તાને તત્ત્વજ્ઞાનનું જોર પૂરૂં પાડવું પડશે અને ભકતને ભકિતભાવ પૂરો પાડવો પડશે. કર્મકાંડીને તેણે અદ્ભુતમાં અદ્ભુત કર્મકાંડથી જે મળે તે આપવું જોઇશે અને એક કવિને તેણે તેનાથી લઈ શકાય તેટલા પ્રમાણમાં હૃદયનો ભાવ ને ઊર્મિ અને તે ઉપરાંત પણ અન્ય વસ્તુઓ આપવી જોઇશે. ધર્મને આવો વિશાળ બનાવવા માટે તો આપણે ધર્મના આરંભકાળ સુધી પાછા જવું પડશે અને એ બધાયનો

તેમાં સમાવેશ કરવો પડશે.

'સ્વીકાર' એ પછી આપણો મુદ્રાલેખ બનશે; અને નહિ કે 'બહિષ્કાર.' માત્ર પરધર્મસહિષ્ણુતાજ નહિ; કારણકે કહેવાતી પરધર્મસહિષ્ણુતા એ ઘણી વાર બગદોઈ જેવી હોય છે અને તેથી મને એની અંદર શ્રદ્ધા નથી. મને તો બસ 'સ્વીકાર'માંજ શ્રદ્ધા છે. હું કોઇ પણ ધર્મને શા માટે સાંખી લઉં? હું તમને સાંખી લઉં તેનો અર્થ-એટલોજ કે, તમે ખોટા છો, છતાં હું તમને નભાવી લઉં છું યાને જીવવા દઉં છું. આપણે એકબીજાને જીવવા દઇએ છીએ, એવો વિચાર સરખો કરવો એ શું ઇશ્વરની બગદોઇ કરવા સમાન નથી? માટે હું તો બધાજ ધર્મોનો સ્વીકાર કરૂં છું અને બધાજ ધર્માનુયાયીઓની સાથે ઉપાસના કરૂં છું. ઈશ્વરને જે વિધિએ તે લોકો ઉપાસતા હોય છે, તેજ વિધિએ હું પ્રત્યેકની સાથે તે મહાન પિતાને ઉપાસું છું. હું મુસલમાનોની મસ્જિદમાં પણ જઇશ; ખ્રિસ્તી દેવળમાં પણ દાખલ થઇશ અને ખ્રિસ્તીઓની સાથે તેમના ક્રોસ આગળ ઘૂંટણિયે પડીશ; બૌદ્ધોનાં મંદિરોમાં પણ હું જઇશ અને ત્યાં તેમની માફક હું પણ ભગવાન બુદ્ધદેવનું વંદન અને તેના નિયમોનું પાલન કરીશ. પ્રત્યેકના હૃદયમાં ઝગમગી રહેલી અખંડ જ્યોતિનાં દર્શન કરવાને પ્રયત્નશીલ હિંદુની સાથે જંગલમાં પણ જઇને એકાંતમાં સાધના કરવા બેસીશ.

આ બધું તો હું કરીશ, એટલુંજ નહિ પણ ભવિષ્યમાં પ્રગટનાર સકળ પંથો માટે પણ હું મારા હૃદયના આગળા મોકળા રાખીશ. ઈશ્વરના પુસ્તકની શું 'ઇતિશ્રી' થઇ ગઇ છે કે હજુયે દુનિયાનાં આ આધ્યાત્મિક પ્રકટીકરણો—હજી ચાલુજ છે? ખરેજ એ એક અદ્ભુત પુસ્તક છે. બાઈબલ, કુરાન, વેદો અને બીજા તમામ ધર્મગ્રંથો, ઇશ્વરના એ અદ્ભુત મહાન પુસ્તકનાં અનેક

પાનાં માત્ર છે અને હજી તેનાં અનંત પાનાં તો ઊઘડવાં બાકી છે. તેથી મારૂં હૃદયદ્વાર તે બધાયને માટે મોકળું રાખીશ. આપણે વર્તમાનમાં ઊભાં છીએ, પણ અનંત ભવિષ્યને માટે પણ આપણી જાતને ખુલ્લી રાખીએ છીએ. ભૂતસમયમાં જે કંઈ ભવ્ય હતું તે બધાયને આપણે અપનાવી લઈએ છીએ, વર્તમાનકાળના પ્રકાશ-ની પણ મોજ માણીએ છીએ અને ભવિષ્યમાં આવનારાં તમામને માટે પણ આપણાં હૃદયનાં બધાંજ બારીબારણાં ખુલ્લાં મૂકીએ છીએ. પ્રણામ હો, ભૂતકાળના એ બધાજ પયગંબરોને! વંદન હો એ વર્તમાનકાળના બધા મહાત્માઓને! અને નમસ્કાર હો ભવિ-ષ્યકાળમાં થનારા એ બધા મહાપુરુષોને!





૭–कल्याणनो पंथ

આજે રાત્રે હું તમોને વેદમાંની એક વાત કહીશ. વેદો એ અમારાં હિંદુઓનાં પવિત્ર શાસ્ત્રો હોઇ સાહિત્યનો એક વિશાળ ભંડાર છે. એના છેલ્લા ભાગને વેદાંત કહેવામાં આવે છે. તેમાં વેદની અંદર આવેલા સિદ્ધાંતોની અને ખાસ કરીને દાર્શનિક વિચારોની યાને તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે. એ તત્ત્વજ્ઞાનનીજ ચર્ચા આજે આપણે કરવાની છે. વેદની ભાષા આર્ષ સંસ્કૃત હોઇ, તે હજારો વર્ષ ઉપર લખાયા છે, એ લક્ષમાં રાખો. હું તમને જે વાંત કહેવા માગું છું તે આવી છેઃ–અમુક એક માણસને એક મહાયજ્ઞ કરવાની ઇચ્છા થઇ. હિંદુઓના ધર્મમાં યજ્ઞો મહત્ત્વનો ભાગ ભજવે છે. યજ્ઞો વિવિધ જાતના હોય છે. બ્રાહ્મણો તેમાં વેદીઓ ને કુંડો બનાવે છે અને તેની અંદર અગ્નિની પ્રતિષ્ઠા કરી તેમાં વિવિધ મંત્રો બોલીબોલીને આહુતિઓ આપે છે અને યજ્ઞની સમાપ્તિ વખતે બ્રાહ્મણો તથા દરિદ્રજનોને દાનદક્ષિણા આપે છે. દરેક યજ્ઞને અંગે તેની પોતાની વિશિષ્ટ પ્રકારની દાનવિધિ હોય છે. એક યજ્ઞનો પ્રકાર એવો હતો કે જેની અંદર યજ્ઞ કરનારને પોતાની માલિકીનું સર્વ કંઈ દાનમાં આપી દેવું પડતું હતું. હવે આ માણસ ધનાઢ્ય છતાં કંજૂસ હતો. તેમ છતાં તેને આ કપરામાં કપરો યજ્ઞ કર્યાની કીર્તિ ખાટવાનો અભિલાષ હતો; એટલે તેણે એ યજ્ઞ કર્યો તો ખરો, પરંતુ યજ્ઞને

અંતે પોતાના સર્વસ્વનું છૂટે હાથે દાન કરવાને બદલે તેણે તો પોતાની ગૌશાળામાંની આંધળી, લૂલી, ઘરડી એવી એવી વસૂકી ગયેલી ગાયો દાનમાં આપવા માંડી. હવે આ માણસને નચિકેતા નામનો એક તેજસ્વી જુવાન પુત્ર હતો. બાપની આ દાનવિધિ તેના જોવામાં આવતાં તેને વિચાર આવ્યો કે, આથી તો બાપની બદનામી થશે અને તેને પુણ્યને બદલે પાપની પ્રાપ્તિ થશે. તેથી બાપની આ કંજૂસાઇનો ખંગ વાળી દેવા કાજે તે પોતાની જાતને દાનમાં આપી દેવાના ઠરાવ પર આવ્યો. એ ઠરાવ સાથે તે બાપની પાસે આવ્યો અને તેને પૂછયું કે, "પિતાજી! મને તમે કોને દાનમાં આપવાની ઇચ્છા રાખો છો?" નચિકેતાના એ પ્રશ્નનો તેના બાપે કંઇજ જવાબ આપ્યો નહિ, પણ નચિકેતાએ એનો એ પ્રશ્ન બીજી ને ત્રીજી વાર પૂછ્યો. એટલે બાપે ક્રોધે ભરાઇને કહ્યું કે, "તારૂં દાન હું યમરાજાને કરૂં છું, મૃત્યુના હાથમાં તને હું અર્પણ કરૂં છું." એ સાંભળતાંજ નચિકેતા સીધો યમના રાજ્યમાં ગયો; પણ તે વખતે યમરાજા ઘેર નહોતા, તેથી તેને તેમની રાહ જોતાં થોભવું પડયું. ત્રણ દિવસ રહીને યમરાજા ઘેર પાછા ફર્યા, એટલે તેમણે નચિકેતાને કહ્યું કે, "ઓ બ્રાહ્મણકુમાર! તું તો મારો મહેમાન થઇને આવ્યો છે; છતાં તારે મારી વાટ જોતાં ત્રણ દિવસ નિરાહાર અવસ્થામાં અહીં પડી રહેવું પડયું! હું તને વંદન કરૂં છું અને તને પડેલી તકલીફનું સાટું વાળી આપવા હું તને ત્રણ વરદાન આપવાની ઇચ્છા રાખું છું; માટે તને ગમે તે ત્રણ વરદાન તું મારી પાસે માગી લે." એટલે નચિકેતાએ પહેલા વરદાન તરીકે એ માગ્યું કે, "મારા પિતાનો મારા પરનો રોષ શમી જાય." બીજા વરદાન તરીકે તેણે અમુક એક યજ્ઞ વિષેની માહિતી મેળવવાની માગણી કરી. યમરાજાએ તેની એ બંન્ને અભિલાષા તૃપ્ત કરી. એટલે ત્રીજા વરદાન તરીકે

નચિકેતાએ યમરાજા પાસે માગણી કરી કે, "મૃત્યુ પછી મનુષ્યનું શું થાય છે? કેટલાક કહે છે કે તેનું અસ્તિત્વ રહેતું નથી અને કેટલાક કહે છે કે રહે છે. આનું રહસ્ય જાણવાની મારી ઇચ્છા છે તો તે કૃપા કરી તૃપ્ત કરો, મહારાજ!" એના ઉત્તરમાં યમરાજાએ કહ્યું કે, "પ્રાચીન કાળમાં દેવતાઓ આ રહસ્યની ગૂંચ ઉકેલવાનો પ્રયાસ કરતા હતા; પણ આ રહસ્ય એવું તો બારીક છે કે તે સમજાવું મુશ્કેલ છે. માટે તું બીજું કંઈ વરદાન માગ ને આ વાતને છોડી દે. ઇચ્છા હોય તો પૂરાં સો વર્ષનું આયુષ્ય માગ. ગાય, ઘોડા વગેરે પશુધન જેટલું જોઈએ તેટલું માગ અને મરજી હોય તો મોટું રાજ્ય માગ; પણ આ રહસ્યના ઉકેલ માટે તું મારા પર દબાણ ન કર. મનુષ્યપ્રાણીને ભોગવિલાસ માટેની જે જે વાસનાઓ થતી હોય તે બધીય તું મારી પાસે માગ, હું તે તૃપ્ત કરીશ; પણ આ રહસ્ય જાણવાની તું મારી પાસે માગણી કરવી મૂકી દે." નચિકેતાએ ઉત્તર વાળ્યો કે, "ના, મહારાજ! મનુષ્યને દ્રવ્યથી તૃપ્તિ થતી નથી; દ્રવ્ય જોઈતું હોય તો તો તે તારાં દર્શન થતાંવારજ મનુષ્યને મળી રહે છે. અમારો આવરદા પણ તમારા શાસન મુજબ ટકવાવાળો છે. અક્ષીયમાણ અમર્ત્ય દેવતાનો સંગ થયા પછી અને જ્ઞાનની પ્રાપ્તિ થયાપછી મર્ત્યલોકનો કયો ક્ષીયમાણ મર્ત્ય માનવી લાંબા આવરદાથી રાચશે, અને તે પણ સંસારના રસનો સ્વાદ એક વાર જાણી લીધા પછી? માટે મહારાજ! મને તો મૃત્યુ પછીના એ મહાન રહસ્યનોજ ખુલાસો આપો; અન્ય કશાયની મને અપેક્ષા નથી. નચિકેતાને જે જોઈએ છે તે એજ કે મૃત્યુનું રહસ્ય શું છે?" નચિકેતાની આવી દૃઢતા જોઈ યમરાજા પ્રસન્નથયા અને તેની ઇચ્છા મુજબનું વરદાન આપવાની તેમણે હા પાડી. છેલ્લાં બેત્રણ વ્યાખ્યાનમાં આવ્યું છે કે, આ જ્ઞાનજ મનને કલ્યાણપંથ માટે સજ્જ કરે

છે; તે મુજબ આ વાતમાં પણ તમે જુઓ છો કે, સત્યનીજ ખાતર સત્યને જાણવાની ઇચ્છા સિવાય અન્ય કશી વાસના મનુષ્યને રહેવી ન જોઇએ. જુઓ, યમે આપવા માંડેલી બધીજ બક્ષિસો, માલમિલકત, અઢળક ધન, લાંબો આવરદા–એ વગેરેનો નચિકેતાએ કેવો દૃઢતાપૂર્વક ઇન્કાર કર્યો અને ફક્ત જ્ઞાન અને સત્યના વિચારને ખાતર એકેએક બીજી ચીજને જતી કરવાની કેવી તૈયારી દેખાડી! આવીજ–માત્ર આવીજ રીતે સત્યની પ્રાપ્તિ થઇ શકે. તાત્પર્ય કે, યમરાજા પ્રસન્ન થયા અને બોલ્યા કે, "જો, નચિકેતા! અહીં એટલે કે મૃત્યુ પછી બે માર્ગ છે. એક ભોગનો અને બીજો કલ્યાણનો. એ બન્ને માર્ગો મનુષ્યને વિવિધ રીતે પોતાના તરફ આકર્ષે છે. એ બે પૈકી કલ્યાણનો પંથ પકડનાર જીવ શાણો છે, જ્ઞાની છે અને તે મુક્ત બને છે; ત્યારે ભોગના પંથે પળનાર જીવ મૂઢ છે અને તેની અવનતિ થાય છે. નચિકેતા ! હું તારાં વખાણ કરૂં છું; કેમકે તેં કોઇ વાસનાની તૃપ્તિ માટે માગણી કરી નથી. વિવિધ રીતે મેં તને ભોગના માર્ગ તરફ જવાને લલચાવી જોયો; પણ તે બધાયની સામે તું ટકી રહ્યો ને જરાય ચલિત થયો નહિ. ભોગની જિંદગી કરતાં જ્ઞાન વધારે ઉત્તમ છે. એવું જ્ઞાન તને થઈ ચૂકયું છે.

"તને એ વાત પણ પૂરેપૂરી સમજાઇ ગઇ છે કે, જે માણસ અજ્ઞાનમાં પડી રહી ભોગ ભોગવ્યા કરે છે, તેની અને મૂઢ પશુની વચ્ચે કંઈ ભેદ નથી. આમ છતાં દુનિયામાં એવાયે અનેક હોય છે, કે જેઓ કંઠપર્યંત અજ્ઞાનમાં ડૂબેલા છતાં તેઓ ઘમંડમાં એમ માને છે કે, તેઓ ભારે શાણા છે અને આંધળાથી દોરાયલા આંધળાની પેઠે અનેક વાંકેચૂકે રસ્તે આમતેમ ગોળ ને ગોળ માર્ગમાં ભટકાયા કરે છે. આ સત્યનો પ્રકાશ ઓ નચિકેતા ! જે માણસો, માટીનાં ઢેફાંથી રીઝી જતાં અજ્ઞાન બાળકો

સમાં છે તેમના હૃદયમાં કોઈ કાળે થતો નથી. તેવા અબુધ અ જ્ઞાનીઓને આ લોકનું તેમ પરલોકનું ઉભય પૈકી એકેયનું જ્ઞા હોતું નથી. તેઓ આ લોકનો ઇન્કાર કરે છે, તેમ અપરલોકને પણ ઇન્કાર કરે છે અને પરિણામે પુનઃ પુનઃ મારા કાબૂ તળે આવ્યા કરે છે, અનેકને તો એ સત્યને સાંભળવાની પણ ત મળતી નથી અને અનેકને શ્રવણ કર્યા છતાં તેનું જ્ઞાન લાધ નથી; કારણકે એ જ્ઞાન પ્રગટવામાં તો ઉપદેશક જેમ અસામાન્ય હોવો જોઇએ, તેમ ઉપદેશ ગ્રહણ કરનાર પણ તેવોજ અસામાન્ય હોવો જોઇએ. ઉપદેશકે પોતે જો એ માર્ગમાં અસામાન્ય પ્રગતિ સાધી નહિ હોય તો એનું એ સત્ય સોવાર કહેવાય અને સો વાર સંભળાય, તોપણ હૃદયમાં સત્યનો પ્રકાશ કદાપિ ઝળહળતો નથી; માટે ઓ નચિકેતા! વ્યર્થ વાદવિવાદથી તારા મનને અકળાવીશ ના. આ સત્યનો પ્રકાશ એવાજ હૃદયમાં ઝળહળે છે કે જે શુદ્ધ અને પવિત્ર બન્યું હોય છે. તે પરમાત્મા કે જે ભગીરથ પ્રયત્ન વગર જોઈ શકાતો નથી અને જે હૃદયની અતિ ઊંડી ગુફામાં લપાઈ રહેલો છે, તે પુરાણપુરુષનાં દર્શન સ્થૂળ દૃષ્ટિથી થઇ શકતાં નથી; અને આંતરિક અધ્યાત્મદૃષ્ટિથી જેને તેનાં દર્શન થાય છે તેનાં સઘળાંજ સુખદુઃખ ને હર્ષશોક વિરમી જાય છે. જે આ રહસ્યને જાણે છે તે બધીજ લૌકિક વાસનાઓ નો ત્યાગ કરી દે છે અને એ અતિસૂક્ષ્મ અધ્યાત્મદૃષ્ટિને પ્રાપ્ત કરી પરિણામે તે સચ્ચિદાનંદરૂપ બની રહે છે. નચિકેતા! કલ્યાણ નો પંથ એજ છે. એ સચ્ચિદાનંદરૂપ પરમાત્મા સર્વ દુર્ગુણથી પણ પર છે; સર્વ સદ્‌ગુણોથી પણ અપાર શ્રેષ્ઠ છે; સર્વ કર્તવ્યો થી પર છે, તેમ સર્વ અકર્તવ્યોથી પણ પર છે. સર્વ અસ્તિ ત્વોથી પર છે, તેમ સર્વ ભવિતવ્યોથી પણ પર છે–એમ જે જાણે છે તેજ ખરો જ્ઞાની છે અને તેજ ઉત્તમ ચરિત્રવાન થાય

છે. તે કે જેને સકળ વેદ શોધી રહ્યા છે અને તે કે જેનાં દર્શન માટે મનુષ્યો જાત જાતની તપશ્ચર્યા કરે છે, તેનું નામ હું તમને કહું ? તેનું નામ ૐ છે. આ શાશ્વત ૐ તેજ પરબ્રહ્મ પરમાત્મા છે, તેજ એક અજરઅમર છે. આનું રહસ્ય જે જાણે છે, તેની સકળ વાસનાઓ શાંત થાય છે; કેમકે જે જે વસ્તુઓની વાસના થઇ શકે, તે તે તમામ વસ્તુઓ તેની પોતાનીજ તેને દેખાય છે. અરે ઓ નચિકેતા ! આ માનવઆત્મા કે જેના વિષે તું જાણવા માગે છે, તે કદાપિ જન્મતો નથી તેમ કદાપિ મરતોયે નથી. શરીરનો નાશ થાય છે, ત્યારે પણ આ અનાદિ શાશ્વત એવા પુરાણ પુરુષનો નાશ થતો નથી; હન્તા અર્થાત્ હણનારો જો એમ માનતો હોય કે તે હણે છે અને હણાનારો જો એમ માનતો હોય કે તે હણાય છે, તો તે બન્ને ભૂલે છે; કેમકે આત્મા કોઇને હણતો નથી કે કોઇથી હણાતોયે નથી. નાનામાં નાના પરમાણુથી પણ એ અનંતગણો સૂક્ષ્મ અને મોટામાં મોટા અસ્તિત્વથી પણ અનંતગણો મોટો એવો એ ચરાચરમાત્રનો માલિક પરબ્રહ્મ પુરુષોત્તમ ભૂતમાત્રના હૃદયની ગુફામાં વસેલો છે. જે માણસ પાપરહિત બન્યો હોય છે, તેને એ પ્રભુનાં દર્શન એ પ્રભુનીજ કૃપાથી થાય છે, એવો મહાન પ્રભુ કે જેની અંદર બધાજ વિરોધી ભાવોનું સંમિલન થયેલું છે, તેનાં દર્શનનો અધિકાર પવિત્ર અને પાકી સમજણવાળા મનુષ્યો સિવાય અન્ય કોને હોય ? એ પ્રભુ પોતે અશરીરી હોવા છતાં શરીરમાં રહે છે; નિર્લેપ હોવા છતાં દેખીતી રીતે લિપ્ત જણાય છે ને તે સર્વવ્યાપી પરમાત્મા સર્વના આત્મારૂપ છે, એવું જાણીને શાણા અને સાધુજનો દુઃખમાત્રનો ત્યાગ કરે છે. આ આત્માની પ્રાપ્તિ માત્ર લૌકિક હેતુવાળા વેદાધ્યયનથી કે ઉત્તમોત્તમ લૌકિક બુદ્ધિથી કિંવા લૌકિક વિદ્વત્તાથી થઇ શકતી નથી; પણ જે કોઇ પૂરી

તાલાવેલીપૂર્વક એ પરમાત્માની શોધમાં હોય છે, તેનેજ તે પરમ પુરુષનો ભેટો થાય છે અને તેનીજ આગળ તે પોતાનો અપાર અલૌકિક મહિમા ખુલ્લો કરે છે. જે મનુષ્ય સદાસર્વદા લૌકિક સ્વાર્થોમાંજ રચ્યોપચ્યો રહે છે, જેનું મન એ તરફથી શાંત ને ઉપરામ બન્યું નથી, જે એકાગ્રચિત્તે ધ્યાનમગ્ન બની શકતો નથી અને જે લૌકિક સ્વાર્થ પાછળ મચ્યો રહે છે, તે મનુષ્ય હૃદયની ગુફામાં રહેલા આ પરમાત્માને સમજવા અને પ્રત્યક્ષ કરવા શક્તિમાન થતો નથી. ઓ નચિકેતા! સમજ કે, આ શરીર એ એક જાતનો રથ છે, સ્થૂળ ઇંદ્રિયો તેના ઘોડા છે, મન તેની લગામ છે, બુદ્ધિ તેનો સારથિ છે અને આત્મા એ રથમાં બેસનારો સવાર છે. આત્મા જ્યારે બુદ્ધિરૂપી સારથિ સાથે જોડાય છે અને પછી તેનાદ્વારા મનરૂપી લગામનો તેને મેળાપ થાય છે, અને મન વાટે પછી ઇંદ્રિયોરૂપી ઘોડાઓને તે પહોંચે છે, ત્યારેજ તે પરમધામનો ભોક્તા થઈ શકે છે. જે માણસનું મન સંયમમાં નથી અને જેનામાં સારાસારની વિવેકબુદ્ધિ જાગી નથી, તેની ઇંદ્રિયો રથે જોડેલા ખરાબ ઘોડાઓ જેમ સારથિના કાબૂમાં નથી રહેતા, તેમ કાબૂમાં નથી રહી શકતી. જેનામાં વિવેકબુદ્ધિ હોય છે અને જેનું મન સંયમમાં રહે છે યાને જેણે મનોનિગ્રહ સિદ્ધ કર્યો છે, તેનીજ ઇંદ્રિયો રથે જોડેલા સારા ઘોડાની માફક હમેશાં વશવર્તી હોય છે, મતલબ કે, જેનામાં વિવેકબુદ્ધિ હોય છે, જેનું મન સત્યને સમજવા પાછળજ હમેશાં લાગેલું હોય છે અને જે સદાસર્વદા પવિત્ર અને વિશુદ્ધ હોય છે, તેનેજ તે પરમ સત્યની પ્રાપ્તિ થાય છે, અને એ પ્રાપ્તિ પછી મનુષ્યને પુનર્જન્મ જેવું કંઇજ રહેતું નથી. આ રસ્તો એક રીતે ઓ નચિકેતા! બહુ કપરો અને લાંબો પણ છે. જેણે સૂક્ષ્મદૃષ્ટિ પ્રાપ્ત કરી હોય છે તેનેજ માટે આ રસ્તો દેખાવો કે સમજાવો

શક્ય બને છે; તથાપિ ગભરાઇશ ના; જાગૃત બન, ઊઠ, એ રસ્તે પ્રવૃત્ત થા અને અંતિમ ધ્યેયની સંપૂર્ણ પ્રાપ્તિ થતા સુધી વચ્ચે ક્યાંય રોકાતો નહિ. આ કામ ભલે તલવારની ધાર પર ચાલવા જેવું અઘરૂં હોય, પણ તે પરબ્રહ્મ પરમાત્મા કે જે ઇંદ્રિયોથી અતીત છે, સ્પર્શમાત્રથી અતીત છે, સકળ આસ્વાદથી અતીત છે, નિર્વિકારી છે, અનંત છે, બુદ્ધિથી અતીત છે અને અવિનાશી છે; તેને પામીનેજ આપણે જન્મમૃત્યુના જડબામાંથી બચી શકીએ તેમ છીએ."

આપણે જોઇએ છીએ કે, અત્યાર સુધીમાં યમરાજા પ્રાપ્ત કરવાના અંતિમ ધ્યેયનું વર્ણન કરે છે. એમાં સૌથી પ્રથમ ખ્યાલ આપણને મળે છે તે એજ કે જન્મ, મરણ, દુઃખ અને ભવસાગરમાં ભોગવવી પડતી વિવિધ પ્રકારની અફાળકૂટોનો અંત એ સત્યને જાણવાથીજ આવી શકે છે. એ સત્ય શી વસ્તુ છે? તો કે જે કદાપિ પરિણામગામી યાને પરિવર્તનશીલ નથી, એવો જે સર્વનો એક અમાપ આત્મા-જગતસમસ્તની પાછળ રહેલો એ પરમાત્માજ સત્ય વસ્તુ છે. એ સંબંધમાં વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે, તેને જાણવાનું કામ કઠિન છે. જાણવાનો અર્થ માત્ર બુદ્ધિથી તેને કબૂલ કરવો એટલુંજ નહિ, પણ પ્રત્યક્ષ કરવો યાને તેનો સાક્ષાત્કાર મેળવવો એવું સમજવાનો છે. ફરી ફરીને આપણે વાંચ્યું છે કે, આ મુક્તાવસ્થાને આપણે સમજવા ઉપરાંત અનુભવવી પણ જોઇએ. તે કાંઈ આ ચર્મચક્ષુઓથી દેખી શકાતી નથી. એને માટે તો અંતરદૃષ્ટિ અતિ સૂક્ષ્મ યાને દિવ્ય બનવી જોઇએ; જે દૃષ્ટિ વડે આ ભીંતો અને ચોપડીઓ વગેરે દેખાય છે, તે તો સ્થૂળદૃષ્ટિ છે, પણ સત્યને નિહાળવામાં એ દૃષ્ટિ ન ચાલે. એને માટે તો તેને અતિ સૂક્ષ્મ અને અંતર્મુખી બનાવવી જોઇએ. તે પછી યમ કહે છે કે, "માણસે બહુ પવિત્ર

અને શુદ્ધ બનવું જોઇએ, દૃષ્ટિને સૂક્ષ્મ બનાવવાનો એજ એક માર્ગ છે." તે પછી તે બીજા રસ્તાઓ બતાવે છે. એ સ્વયંભૂ ઇંદ્રિયોથી બહુ આઘે રહેલો છે. એ સ્થૂળ ઇંદ્રિયો તો માત્ર બહારના વિષયો જોઈ શકે છે, પણ તે સ્વયંભૂ આત્મા તો અભ્યંતરનો વિષય છે. એને જોવા કાજે જે ગુણની જરૂર છે, તે તમારે યાદ રાખવો જોઇએ. એ ગુણ બીજો કોઇ નહિ પણ દૃષ્ટિને આભ્યંતર દેશમાં વાળીને આત્માને નીરખવાની ઉત્કટ ઇચ્છા. પ્રકૃતિની અંદર આજે આ સંસારમાં જે સુંદર વસ્તુઓ આપણે જોઇએ છીએ તે બધીજ સારી છે; પણ ઈશ્વરને જોવાની એ રીત નથી. એને માટે તો દૃષ્ટિને અભ્યંતર વાળતાં આવડવું જોઈએ; બાહ્ય વસ્તુઓ જોવા માટે આંખોની જે આતુરતા, ઉત્સુકતા હોય છે, તેના પર કાબૂ મુકાવો જોઇએ. કોઈ એક ઉદ્યોગી રસ્તે થઈને તમે જતાં હો છો, ત્યારે તમારી સાથમાં ચાલતા આદમીનું બોલવું પણ તમારા સાંભળ્યામાં બરાબર આવતું નથી. તમને એ સાંભળતાં મુશ્કેલી પડે છે, કારણકે રસ્તા પર જ્યાંત્યાં ગાડીઘોડાની ધમાલ મચી હોય છે. તેમ તમારી સાથેનો માણસ તમારૂં બોલવું પણ રસ્તા પરના એ ઘોંઘાટને લઇને સાંભળી શકતો નથી. આનું ખરૂં કારણ એજ છે કે, બહારના અવાજને લીધે તમારૂં મન બહાર જતું રહે છે, એટલે તમારી અડખેપડખેના આદમીનું બોલવું પણ તમારા સાંભળવામાં આવતું નથી, એવીજ રીતે આપણી ચારેકોર આવી રહેલો આ સંસાર પણ એટલો બધો ઘોંઘાટમય છે કે, આપણું મન તેથી બહારની બાજુએ આકર્ષાય છે. તેથી આત્માને નીરખવાનું આપણાથી કેવી રીતે બને વારૂ? મનની આ બહાર ભટકવાની આદત રોકાવી જોઇએ યાને મનોનિગ્રહ પ્રાપ્ત કરવો જોઇએ. એવી જાતનો મનોનિગ્રહ સાધ્ય થવો તેનુંજ નામ આભ્યંતર દૃષ્ટિની પ્રાપ્તિ છે. એવી આ-

અંતર દૃષ્ટિ પ્રાપ્ત થાય ત્યારેજ અંતરમાં બિરાજતા પ્રભુનો મહિમા દૃષ્ટિગોચર થાય છે.

આ આત્મા શી ચીજ છે? આપણે જોયું છે કે, તે બુદ્ધિથી પણ અતીત છે. આપણે એજ કઠોપનિષદમાંથી જાણી શકીએ છીએ કે, આ આત્મા શાશ્વત અને સર્વવ્યાપી છે. તમે, હું અને બધાંજ સર્વવ્યાપી છીએ અને આત્મા અપરિણામી અથવા નિર્વિકારી છે. જો આ વાત ખરી હોય તો તો આ વિશ્વવ્યાપી વ્યક્તિ એકજ હોવી જોઇએ. એકસરખી વિશ્વવ્યાપી હોય એવી બે વ્યક્તિઓ હોવાનો સંભવજ નથી. તેમ હોઈ શકેજ કેવી રીતે? અનંત એવી બે વ્યક્તિઓ પણ હોઈ શકે નહિ. એટલે પરિણામે એજ સિદ્ધ થાય છે કે, વાસ્તવિક રીતે તો અસ્તિત્વ માત્ર એક આત્માનુંજ છે અને તમે, હું તેમજ આ સચરાચર જગતસમસ્ત, અનેક દેખાતાં છતાં એકજ છીએ. "જેવી રીતે એક અગ્નિતત્ત્વ સંસારમાં આવતાં વિવિધ રીતે પોતાની જાતને વ્યક્ત કરે છે, તેવીજ રીતે બધાંનો એ એકજ આત્મા પોતાની જાતને પ્રત્યેક રૂપમાં વ્યક્ત કરે છે." પણ ત્યારે પ્રશ્ન એ રહે છે કે, આ આત્મા જો સંપૂર્ણ અને શુદ્ધ છે અને જગત-સમસ્તનું સત્ એક છે; તો પછી અપવિત્ર, દુષ્ટ, શુભ ઇત્યાદિ દેહોમાં જતાં તેનું શું થતું હશે? ત્યાં એ કેવી રીતે સંપૂર્ણ અને શુદ્ધ રહી શકતો હશે? આના સમાધાનમાં કહે છે કે, "એકજ સૂર્ય પ્રત્યેક આંખની દૃષ્ટિશક્તિનું કારણ છે, તથાપિ કોઇની આંખોની ખોડખાંપણ સૂર્યનારાયણને સ્પર્શી શકતી નથી; વળી કોઇ માણસને કમળો થયો હોય તો તેને બધુંજ પીળું પીળું દેખાય છે. તેની દૃષ્ટિનું કારણ પણ સૂર્યજ છે, પણ કમળાના રોગીને બધું પીળું દેખાય છે તેથી સૂર્યને તેનો જરાય સ્પર્શ થઇ શકતો નથી; તેવીજ રીતે આબેહૂબ આ એક સત્ જો કે

પ્રત્યેક જણુનો આત્મા છે, છતાં તેને બહારની અપવિત્રતા કે પવિત્રતાનો જરાય સ્પર્શ થઇ શકતો નથી.” જેમાં બધુંજ નાશવંત છે, એવી આ દુનિયામાં જે માણુસ એ નિત્ય નિર્વિકારીને જાણે છે, અજ્ઞાનમય આ સંસારમાં જે જન એ જ્ઞાનમય સત્ ચિત્‌ને ઓળખે છે તથા અનેકથી ભરેલી આ સૃષ્ટિમાં જે શખ્સ આ એકને જાણે છે અને તેને પોતાનાજ આત્મામાં નીરખે છે તેનું, રે! તેનુંજ શાશ્વત કલ્યાણુ છે, અન્ય કોઈનું નહિ, અન્ય કોઇનું નહિ. ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, નક્ષત્રો ઝગઝગતાં નથી, કિંવા વિદ્યુત્‌ના ચમકારા થતા નથી; તો પછી અગ્નિની તો ત્યાં વાતજ શી? એ પ્રકાશતાં બધું પ્રકાશે છે; એના પ્રકાશના પ્રભાવથીજ બધું પ્રકાશમય અને ઉજ્જવળ બને છે અને હૃદયને પજવતી ને વ્યગ્ર બનાવતી બધીજ ઇચ્છાઓ ને વાસનાઓ બંધ પડે છે, ત્યારેજ મર્ત્ય આદમી અમર્ત્ય બને છે અને અહીંયાં ને આ લોકમાંજ તેને બ્રહ્મની પ્રાપ્તિ થઇ જાય છે. તેના હૃદયની બધીજ વક્રતા યાને કૂડકપટવૃત્તિ અદૃશ્ય થાય છે, અને જ્યારે હૃદયની બધીજ ગ્રંથિઓ છિન્નવિચ્છિન્ન થઇ જાય છે, ત્યારેજ મર્ત્ય મનુષ્ય અમર્ત્ય બને છે; અન્યથા કદાપિ નહિ. કલ્યાણુનો પંથ આ છે. આ ગુપ્ત વિદ્યાના અભ્યાસથી આપણું કલ્યાણુ થાઓ, એ અભ્યાસ આપણા આહારરૂપ બનો, તે આપણુને બળપ્રદ થાઓ, તે આપણુને શક્તિરૂપ નીવડો અને એના અભ્યાસથી આપણે એકબીજાનો દ્વેષ કરતાં મટીએ? ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ–યાને સર્વને શાંતિ પ્રાપ્ત થાઓ!

વેદાંતની ફિલસૂફીમાં આ જાતની વિચારસરણી માલૂમ પડે છે. એમાં આપણુને પ્રથમ તો આ વાત માલૂમ પડે છે કે, દુનિયાના કોઇ પણુ ભાગના ધર્મગ્રંથોમાં મળી આવતા વિચારના કરતાં વેદાંતનો વિચાર તદ્દન નિરાળો છે. વેદના જૂનામાં જૂના

ભાગોમાં આત્મા વિષેની એ શોધ બીજા ધર્મગ્રંથોમાં આપણને મળી આવે છે તેવાજ પ્રકારની જણાય છે, યાને એ શોધ બાહ્ય-સૃષ્ટિમાં થતી જણાય છે. કેટલાંક જૂનાં જૂનાં ધર્મપુસ્તકોમાં આ પ્રશ્ન ઉપસ્થિત થયેલો દેખાય છે કે, “ આરંભમાં શું હતું ? જ્યારે આ કે તે કશુંજ નહોતું, યાને અંધકાર અંધકારની અંદર આચ્છાદિત થયેલો હતો, ત્યારે આ સઘળું કોણે સરજ્યું ? ” એ રીતે શોધખોળનો આરંભ થયો. તેમાં પ્રથમ તો તેઓ ફિરસ્તાઓ, દેવો અને એવી એવી અન્ય વિભૂતિઓની વાતો કરવા લાગ્યા, પણ પાછળથી આપણને માલૂમ પડે છે તેમ એમાં નાઉમેદ થઇ તે વાતો તેમણે પડતી મૂકી. એ જમાનામાં લોકો ઇશ્વરની શોધ બાહ્યપ્રદેશમાં કરતા હતા, અને તેમાં એમને કંઇજ તત્ત્વ હાથ લાગ્યું નહિ; એટલે પછી આપણે વેદમાં વાંચીએ છીએ તેમ પાછળથી તેઓ આંતરપ્રદેશમાં એ સ્વયંભૂની ખોળ કરવા પ્રેરાયા. વેદનો આ એક પ્રધાન ભાવ છે કે, “ નક્ષત્રોમાં, વાદળાંઓમાં, આકાશગંગામાં તેમજ આ સમગ્ર બાહ્યસૃષ્ટિમાં ઇશ્વરની શોધ કરવાથી આપણા હાથમાં કંઇજ પરિણામ આવતું નથી; એ શોધથી જીવનમરણનો કોયડો કદી ઉકલતો નથી.” એની શોધ માટે છેવટે તેઓ આ અદ્ભુત આભ્યંતરિક યંત્રનું પૃથક્કરણ કરવા પ્રેરાયા અને એ પૃથક્કરણે આ જગતનું રહસ્ય તેમની આગળ ખોલી બતાવ્યું; નક્ષત્ર કે સૂર્યથી તે કામ કરી શકાયું નહિ. એ કામ માટે તો તેમને માણસનું પૃથક્કરણ કરવું પડ્યું—પણ તે માણસના શરીરનું નહિ પણ તેના આત્માનું. અને એ આત્મામાંજ તેમને જોઇતો ઉત્તર સંતોષકારક રીતે મળી શક્યો. કયો ઉત્તર તેમને મળ્યો વારુ ? તો કે એજ કે, શરીર તેમજ મનની પાછળ એક સ્વયંભૂ અસ્તિત્વ છે, કે જે મરતું નથી કે જે જન્મતું નથી. એ સ્વયંભૂ તત્ત્વ સર્વવ્યાપી છે, કારણકે તે નિરાકાર છે. જેને રૂપ કે આકાર

નથી યાને જે દેશકાળની મર્યાદામાં બદ્ધ નથી તે અમુક એક સ્થાનમાં રહી શકેજ નહિ; એવું બની શકેજ શી રીતે? તે બધેજ છે, સર્વવ્યાપી છે; એટલે તે આપણી બધાયની અંદર એકસરખો વિદ્યમાન છે.

ત્યારે આ માનવઆત્મા એ શું ચીજ છે? આના સંબંધમાં એક પક્ષનું એવું માનવું હતું કે, એક અસ્તિત્વ તો જાણે ઇશ્વરનું અસ્તિત્વ છેજ; અને તેની સાથે બીજું એક અસ્તિત્વ ઈશ્વરથી બધીજ બાબતમાં શાશ્વત ભિન્ન એવા અનંત અગણિત આત્માઓનું છે. આ દ્વૈતવાદ થયો. આના જવાબમાં બીજા પક્ષ તરફથી એવું પ્રતિપાદન થયું કે, આત્મા એ અનંત દિવ્ય અસ્તિત્વનો એક અંશ છે. જેવી રીતે આ શરીર પોતેજ એક દુનિયા છે અને તેની પાછળ વ્યક્તિગત આત્મા આવેલો છે, તેવીજ રીતે આ સમગ્ર વિશ્વ એ એક શરીર છે, તેની પાછળ વિશ્વવ્યાપી મન છે અને તેની પાછળ વિશ્વવ્યાપી આત્મા યાને ઇશ્વર છે. હવે જેવી રીતે આ વ્યક્તિગત શરીર એ વિશ્વવ્યાપી શરીરનો અંશમાત્ર છે, તેવી રીતે વ્યક્તિગત મન એ વિશ્વવ્યાપી મનનો અંશ છે અને વ્યક્તિગત આત્મા એ વિશ્વવ્યાપી આત્માનો અંશ છે. આ વાદ વિશિષ્ટાદ્વૈત યાને સગુણ એકેશ્વરવાદ થયો. હવે આપણે એ તો જાણીએજ છીએ કે, વિશ્વવ્યાપી આત્મા અનંત છે. તો પછી અનંતતાને તે વળી અંશ શી રીતે સંભવે? અનંતતા ખંડિત થઈ તેના ભાગલા કેવી રીતે પડે? હું અનંતનો એક તણખો છું એમ કહેવું કાવ્યમય તો બહુ સારૂં લાગતું હશે, પણ વિચારશીલ મનને એ કથન અર્થહીન અને બેહૂદું લાગ્યા વગર રહેતું નથી; કારણકે અનંતતાના ભાગલા પાડવા એનો અર્થ શો? શું તે એક જડ પદાર્થ છે કે તેના તમે ભાગ પાડી ટુકડા બાચકા કરી શકો? અનંતતાના ભાગલા કદી પાડી શકાયજ નહિ. એમ છે તો પછી

અંતિમ જવાબ શો સમજવો વારૂ? અંતિમ જવાબ એજ કે, જે આત્મા વિશ્વવ્યાપી છે તેજ તમે છો; તમે તેનો એક અંશ નહિ પણ તેનું અખંડ સમષ્ટિરૂપ છો. તમેજ સંપૂર્ણ ઇશ્વર છો, તો પછી આ બધા નાના પ્રકારના ભેદો એ શું છે? લક્ષાવધિ આત્માઓ આપણી નજરે ચઢે છે, એ બધા શું છે? એનો જવાબ એવો છે કે, પાણીનાં લક્ષાવધિ નાનાંનાનાં બિંદુઓ ઉપર જ્યારે સૂર્ય પ્રકાશે છે, ત્યારે તે દરેક બિંદુમાં સૂર્યનું સંપૂર્ણ પ્રતિબિંબ નજરે પડે છે. પણ ધ્યાન રાખો કે, તે માત્ર પ્રતિબિંબોજ છે અને વાસ્તવ સૂર્ય તો એકજ છે. તેવીજ રીતે આપણા પ્રત્યેકની અંદર રહેલો આ દેખીતો આત્મા એ ઈશ્વરનું પ્રતિબિંબમાત્ર છે; એ સિવાય બીજું કંઇજ નહિ. એ બધાની પાછળ જે ખરૂં સત્‌ છે, તે તો એક પરમેશ્વર અથવા પરમાત્માજ છે. જગતમાં આત્મા તરીકે તો આપણે બધા માત્ર એકજ છીએ. તે મારી અંદર તેમ તમારી અંદર પણ છે અને તે એકજ છે; અને તે એકજ આત્મા આ જુદાં જુદાં શરીરોમાં જુદા જુદા આત્મા તરીકે પ્રતિબિંબિત થઇ રહ્યો છે. પરંતુ આપણને તેનું જ્ઞાન નથી; તેથીજ આપણે એમ માનીએ છીએ કે, આપણે એકબીજાથી તેમ એ એક ઇશ્વરથી પણ નિરાળાં છીએ. અને જ્યાંસુધી આપણે એમ ને એમ માન્યા કરીશું, ત્યાંસુધી દુઃખ ને કલેશનું અસ્તિત્વ દુનિયામાં રહેશેજ. માટે સાચેજ માનો કે એ એક ભ્રમ છે, ઇંદ્રજાળ છે. પછી દુઃખનું બીજું મોટું મૂળ ભય છે. એક માણસ બીજાને ઇજા કરે છે, તે શા માટે કરે છે? તો કે પોતાને પૂરતા પ્રમાણમાં ઇચ્છિત ભોગની પ્રાપ્તિ નહિ થાય એવી બીકથી તે સામાને નુકસાન કરે છે. એક માણસને ધાસ્તી લાગે છે કે, તેની પાસે પૂરતા પૈસા નહિ રહે; એટલે તે ધાસ્તી તેની પાસે બીજાંને નુકસાન કરાવે છે યાને બીજાંને લૂંટાવે છે. એકજ અસ્તિત્વ છે એમ બધાં વાસ્તવિક માનતાં થાય,

તો પછી ભયને સ્થાનજ ક્યાં રહે? મારા મસ્તક પર જો વીજળી પડે, તો હુંજ તે વીજળી છું; કેમકે અસ્તિત્વજ મારૂં એકલાનું છે. જો પ્લેગ આવે તો તે પણ હું છું. કોઈ વાઘ આવે તો તે પણ હું છું. મૃત્યુ આવે તો તે પણ હું છું. જીવન અને મૃત્યુ બંને હુંજ છું. આ ઉપરથી જણાય છે કે, બેના ભાવથી યાને દ્વૈતભાવથીજ જગતમાં ભયને સ્થાન મળે છે. "એકબીજાને ચાહો" એમ ઉપદેશાતું આપણે હમેશાં સાંભળતાં આવ્યાં છીએ. શા માટે એવો ઉપદેશ કરવામાં આવે છે વારૂ? એ સિદ્ધાંતનો ઉપદેશ તો થાય છે, પણ તેનો ખુલાસો તો અહીંજ મળે છે. મારે પ્રત્યેક જણને શા માટે ચાહવું જોઇએ? તો કે હું અને તે એક છીએ માટે. એકતા કહેતાં અદ્વૈતનો ભાવ છે અને એજ આખા જગતની મક્કમતા યાને વાસ્તવિકતા છે. આપણા પગ તળે ઘસડાતા કીટકથી માંડીને કો કાળે પણ અસ્તિત્વમાં આવેલા સર્વશ્રેષ્ઠ મનુષ્ય પ્રાણી સુધ્ધાં—બધાંયને દેહો ભિન્નભિન્ન હોય છે, પણ આત્મા તરીકે તો તે બધાંય એકજ છે. આ જુદાં જુદાં બધાંજ મુખોદ્વારા તમે આહાર કરો છો, બધાજ હસ્તોદ્વારા તમે કામ કરો છો; તેમ બધીજ આંખોદ્વારા તમે જુઓ છો. લક્ષાવધિ શરીરોમાં તમે તંદુરસ્તી ભોગવો છો, તેમ લક્ષાવધિ શરીરોમાં તમે વ્યાધિની વેદના પણ અનુભવો છો. જ્યારે આવો ભાવ પેદા થશે અને એ ભાવને આપણે પ્રત્યક્ષ કરતાં, જોતાં ને અનુભવતાં અથવા વિચારતાં થઇશું, ત્યારેજ જગતમાં જણાતાં દુઃખ અને ભય નાબૂદ થશે. હું મારી શકુંજ કેવી રીતે? મારાથી પર અન્ય કશુંજ નથી. એ પ્રમાણે જ્યારે ભયમાત્ર ટળી જાય છે, ત્યારે ને ત્યારેજ સંપૂર્ણ સુખ અને સંપૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય છે. એ વિશ્વવ્યાપી સમભાવ, એ વિશ્વવ્યાપી પ્રેમ અને એ વિશ્વવ્યાપી આનંદ કે જે કદી બદલાતો નથી, તે મનુષ્યને ઊંચે ચઢાવી

બધાંને માથે થાપે છે. એને પ્રતિક્રિયા જેવું કશુંજ હોતું નથી, અને દુઃખ નામે તેને સ્પર્શી શકતું નથી. પણ દુનિયાનાં આ ક્ષુદ્ર ખાનપાન હમેશાં પ્રતિક્રિયાને જન્મ આપે છે. એનું આખું એક કારણ આ દ્વૈતભાવજ યાને હું જગતથી તેમ ઇશ્વરથી ભિન્ન છું, એવો એક ખ્યાલજ છે. પરંતુ "હું તે છું, હું જગતનો આત્મા છું, હું સદા સચ્ચિદાનંદસ્વરૂપ છું, હું નિત્યમુક્ત છું." એ ઉન્નત ભાવને જેવા આપણે પ્રાપ્ત થઇશું કે તરતજ સાચો પ્રેમ ઉદ્ભવશે, ભય નામે નષ્ટ થઈ જશે અને દુઃખમાત્રનો આરો આવેલો જણાશે. इत्योम्



८–याज्ञवल्क्य अने मैत्रेयी

આપણે કહીએ છીએ કે, "વાદળાંવાળો દિવસ બિલકુલ ખરાબ નથી, પણ જે દિવસે પ્રભુનું શ્રવણચિંતન ન થાય તે દિવસ ખચિત ખરાબ છે." યાજ્ઞવલ્કય નામના એક મોટા ઋષિ થઇ ગયા છે. તમને એ તો ખબર હોવીજ જોઇએ કે, હિંદુઓનાં શાસ્ત્રોમાં એક એવું ફરમાન છે કે, વૃદ્ધાવસ્થામાં માણસે સંસારનો ત્યાગ કરી દેવો જોઇએ. તે મુજબ યાજ્ઞવલ્કયે પણ વૃદ્ધાવસ્થામાં પેસતાં પોતાની પત્નીને કહ્યું કે, "પ્રિયે! મારી માલમિલકત, ધન વગેરે આ રહ્યું; તે સંભાળો, હું તો હવે સંસારનો ત્યાગ કરીને જાઉં છું." એ સાંભળી યાજ્ઞવલ્કયની પત્નીએ પ્રત્યુત્તરમાં પૂછ્યું કે, "સ્વામિન્! દ્રવ્યથી છલકાતી આ આખી પૃથ્વી મારી થાય, તો મને તેનાથી અમૃતત્વ અપાવી શકાશે ખરૂં?" યાજ્ઞવલ્કયે કહ્યું કે, "ના, તેમ તો નહિ બને. એથી તું ધનવાન બને એટલુંજ. ધનથી કાંઈ અમૃતત્વની પ્રાપ્તિ થઇ શકતી નથી." એટલે તેણીએ જવાબ આપ્યો કે, "જો એમજ હોય, તો મારે અમૃતત્વ મેળવવા કાજે કઈ વસ્તુ મેળવવી જોઇએ અને તે વસ્તુ પ્રાપ્ત કરવા શું કરવું જોઇએ? આપ જાણતા હો તો તે મને કહો." આ પ્રશ્નનો જવાબ વાળતાં યાજ્ઞવલ્કયે કહ્યું કે, "કલ્યાણિ! તું હમેશાં મને પ્રિય રહી છે, પણ આજે તારા આ પ્રશ્નથી તું મને પ્રિયતર બની છે. આવ,

આ આસન ગ્રહણ કર અને હું કહું તે સાંભળ. સાંભળી રહ્યા પછી તેના પર મનન કરજે.” પછી યાજ્ઞવલ્કયે કહેવા માંડ્યું કે, “પત્ની પતિને ચાહે છે તે પતિની ખાતર નહિ, પણ આત્માની–પોતાની ખાતર ચાહે છે. પતિ પત્નીને ચાહે છે તે પણ પત્નીને ખાતર નહિ, પણ પોતાને ખાતર ચાહે છે; બાળકોને બાળકોની ખાતર કોઈ ચાહતું નથી, પણ ચાહનાર પોતાને ખાતર ચાહે છે; દ્રવ્યની ખાતર કોઇ દ્રવ્યને ચાહતું નથી, પણ પોતાને ખાતર ચાહે છે; બ્રાહ્મણને બ્રાહ્મણ ખાતર કોઇ ચાહતું નથી, પણ પોતાને ખાતર ચાહે છે; તેવી રીતે ક્ષત્રિયને તે ક્ષત્રિય છે તેટલા ખાતર કોઇ ચાહતું નથી, પણ પોતાના સુખ અને હિત માટે ચાહે છે. વળી દુનિયાને કોઈ ચાહે છે તે દુનિયાની ખાતર નહિ, પણ ચાહનાર મનુષ્ય પોતાને–આત્માને ચાહે છે માટેજ તે દુનિયાને ચાહે છે. તેવીજ રીતે જે મનુષ્ય દેવતાઓ પર પ્રીતિભાવ રાખે છે તે દેવતાઓ માટે નહિ, પણ પોતાના પંડ ઉપર તેનો પ્રીતિભાવ છે તેથીજ. મતલબ કે, વસ્તુની ખાતર વસ્તુને કોઈ ચાહતું નથી, પણ તે વસ્તુ સુખદાયક ને હિતકારી હોય છે તેટલા ખાતર તેને ચાહે છે. હકીકત આવી હોવાથી એ આત્મા શું છે અને કેવો છે એ વાતનું અવશ્ય શ્રવણ થવું જોઇએ, પછી તે બુદ્ધિમાં ઊતરવો જોઇએ, અને છેલ્લે તેનું મનન ને ધ્યાન કરાવું જોઇએ. હે પ્રિય મૈત્રેયિ! જ્યારે આ આત્માનું શ્રવણ થઇ ચૂકે છે, જયારે તે સમજાઇ ચૂકે છે અને જયારે તેનો સાક્ષાત્કાર થઈ રહે છે, ત્યારે બધુંજ રહસ્ય જ્ઞાત થઇ જાય છે.” યાજ્ઞવલ્કયના આ કથનમાંથી આપણને શું પ્રાપ્ત થાય છે? આપણી સમક્ષ એક વિલક્ષણ દાર્શનિક વિચાર ઉપસ્થિત થયેલો જોઇએ છીએ. એમાં એવું કથન કરાયલું જણાય છે કે, પ્રેમ પણ માત્ર સ્વાર્થ–હલકામાં હલકા અર્થમાં સ્વાર્થ છે; કારણકે હું મારી

જાતને ચાહું છું તેથીજ હું સામાને ચાહું છું. અર્વાચીન સમય-માં પણ એવા ફિલસૂફો યાને તત્ત્વવિદો પાકયા છે અને તેમણે પણ કહ્યું છે કે, આ સંસારમાં પ્રધાન શક્તિ જો કોઇની હોય તો એક માત્ર 'સ્વ'નીજ છે એ સાચું પણ છે, અને તે છતાં ખોટું પણ છે. કેમકે સામાન્ય રીતે મનુષ્યનું એ 'સ્વ' અથવા પોતાપણું તેની પૂંઠળ રહેલા મૂળ 'સ્વ' અથવા આત્માનો પડ-છાયો માત્ર છે. આ 'સ્વ' ખોટું એટલા માટે છે કે, તે ખરા આત્માનો પડછાયો હોવાથી ક્ષુદ્ર છે. જ્યારે એક પત્ની પતિને ચાહતી હોય છે, ત્યારે પણ તેને ખબર હોય કે ન હોય પણ તે પોતાની ખાતરજ પતિને ચાહે છે. જગતમાં દર્શાવાય છે તેમ આ સ્વાર્થપરતા છે, પરંતુ એ સ્વાર્થપરતા પણ વસ્તુતઃ તો એ આત્માપણાનો અલ્પ અંશજ છે. જ્યારે કોઈ પ્રેમ કરે છે, ત્યારે તે આત્મામાં થઇનેજ પ્રેમ કરી શકે છે. માટે પ્રેમ કરવા પહેલાં આ આત્માને ઓળખવો જોઇએ. ઓળખ્યા વગર અને ઓળખી-ને ચાહવામાં ફેર શો છે? તો કે આત્મા શી ચીજ છે તે જાણ્યા વગર જે કોઈ આત્માને ચાહે છે, તેનો તે ચાહ અથવા પ્રેમ એ સ્વાર્થપરાયણતા છે. ત્યારે જેઓ આત્માના સ્વરૂપને ઓળખીને પ્રેમ કરે છે, તેમનો પ્રેમ એ મહાન દોષથી મુક્ત હોય છે; અને તેથીજ તેઓ શાણા અને સંત કહેવાય છે. "જે મનુષ્ય પોતાના સત્ય આત્મા સિવાય બીજા કશાની અંદર બ્રાહ્મણને જુએ છે, તેને બ્રાહ્મણ તજી દે છે; આત્મા સિવાય બીજે ક્ષત્રિયને જોનાર-નો ક્ષત્રિય ત્યાગ કરી દે છે; આત્મા સિવાય બીજા કશામાં દુનિયા જોનારનો દુનિયા પણ ત્યાગ કરે છે; એ સત્ય આત્મા-અર્થાત્ પરમાત્મા સિવાય અન્ય કશામાં દેવતાઓ રહેલા છે-એમ સમજીને જે મનુષ્ય દેવતાઓ પર ભાવ રાખે છે, તે જનને દેવતાઓ પણ છોડી દે છે. મતલબ કે, પ્રત્યેક ચીજ આત્મા

સિવાય કંઇ બીજું છે એમ સમજનારની પાસેથી પ્રત્યેક ચીજ નાસી જાય છે. આ બ્રાહ્મણો, આ ક્ષત્રિયો, આ દુનિયા, આ દેવતાઓ, જે જે કંઈ છે, તે બધુંજ એ પરમાત્મા છે.” આવી રીતે યાજ્ઞવલ્કય પ્રેમનો અર્થ સમજાવે છે. જ્યારે જ્યારે કોઇ પદાર્થનું આપણે ઝીણી ઝીણી વિગતવાર વર્ણન કરીએ છીએ, ત્યારે ત્યારે દરેક પ્રસંગે આપણે તેને આત્માથી જુદો પાડીએ છીએ. હું એક સ્ત્રીને ચાહવાનો પ્રયત્ન કરૂં છું; અર્થાત્ એ સ્ત્રીને વિશેષતા આપું છું કે તરતજ તેણીને આત્માથી જુદી પડાય છે અને તેથી મારો તેણી માટેનો પ્રેમ શાશ્વત નહિ બને પણ શોક અને સંતાપમાં પરિણમશે. પણ જેવો હું તે સ્ત્રીને આત્મા તરીકે જોવા માંડું છું કે તરતજ તેણી માટેનો મારો પ્રેમ સંપૂર્ણ બને છે અને તેમાં કદાપિ ઊણપ આવતી નથી. એવોજ પ્રકાર પ્રત્યેક બાબતમાં છે. જગતના કોઈ પણ પદાર્થને જગતરૂપ સમષ્ટિથી છૂટો પાડીને તેના પર તમે આસક્તિ રાખતા થયા કે તરતજ પ્રતિક્રિયા આવીને ઊભી રહે છે. આત્માની બહાર કોઈ વસ્તુને આપણે ચાહીએ છીએ કે તેની સાથેજ શોક અને સંતાપ તેના પરિણામરૂપે આવીને ખડા થાય છે. હવે જો આપણે આત્મામાં અને આત્મા તરીકેજ પ્રત્યેક વસ્તુનો ઉપભોગ કરીએ, તો કોઇ-જ જાતનો કલેશ કે પ્રતિક્રિયા આવતાં નથી. આ સ્થિતિ સંપૂર્ણ સુખાનંદની છે. પણ સવાલ એ છે કે, આ આદર્શને પ્રાપ્ત કેવી રીતે કરવો ? એ ભૂમિકાને પ્રાપ્ત કરવાની વિધિ યાજ્ઞવલ્કય આગળ ચાલતાં આપણને સમજાવે છે. જગત અનંત છે, તેમાંની પ્રત્યેક વિશિષ્ટ વસ્તુને આપણે એક વાર ઓળખ્યા વગર આત્મા તરીકે શી રીતે ગણી શકીએ ? એ સવાલના જવાબમાં યાજ્ઞ-વલ્કય કહે છે કે, “એક રામઢોલનો દાખલો લો. આઘે રહીને આપણે તેના અવાજને પકડી કે દાબી શકતા નથી; પણ તેની

પાસે આવતાંજ આપણે તેના પર હાથ મૂકીને તેના અવાજને મહાત કરી શકીએ છીએ. તેવીજ રીતે શંખ જ્યારે ફુંકાય છે, ત્યારે તેના અવાજને પણ આઘે રહીને આપણે ઝીલી કે જીતી શકતા નથી; પણ શંખ વગાડનારની પાસે આવીને આપણે શંખને ઝૂંટવી લઇએ છીએ કે તરતજ તેના અવાજને આપણે જીતી શકીએ છીએ. જ્યારે વીણા વાગતી હોય છે, ત્યારે પણ આપણે વીણાની પાસે આવીને જેમાંથી અવાજ નીકળતો હોય છે, તે કેન્દ્રસ્થાનને પ્રાપ્ત કરીને તેનો અવાજ બંધ કરી શકીએ છીએ. જ્યારે કોઈ હવાયલું બળતણ બાળતું હોય છે, ત્યારે જેમ તેમાંથી ધુમાડો અને વિવિધ જાતના તણખા નીકળે છે, તેજ પ્રમાણે એ મહાન પ્રભુમાંથી જ્ઞાન શ્વાસરૂપે બહાર પડ્યું છે, અને વસ્તુમાત્ર તેમાંથી ઉદ્ભવી છે. બધુંજ જ્ઞાન જાણે તેણે શ્વાસોચ્છ્વાસ વાટે બહાર કાઢ્યું છે. બધાંજ પાણીના સંબંધમાં જેમ સમુદ્રજ એકમાત્ર આદર્શ હોય છે; બધી જાતના સ્પર્શ માટે ત્વચા જેમ એક કેન્દ્રસ્થાન છે; બધી વાસ માટે જેમ નાક એક મધ્યબિંદુ છે; બધા રસ માટે જેમ જીભ એક મધ્યબિંદુ છે; બધાં રૂપ ને આકાર માટે જેમ નેત્રો મધ્યબિંદુ છે; બધા સૂર ને ધ્વનિ માટે જેમ કાન એજ એક કેન્દ્રસ્થાન છે, વિચારમાત્રનું કેન્દ્રસ્થાન જેમ મન છે; બધી તરેહના જ્ઞાન માટે જેમ હૃદય એજ એક કેન્દ્ર છે, બધાંજ કાર્યો માટે જેમ હાથ એક મધ્યબિંદુ છે; તથા સમુદ્રમાં મૂકેલો મીઠાનો ગાંગડો જેમ ઓગળી જાય છે અને તેને આપણે પુનઃ પાછો લઈ શકતા નથી; તેવીજ રીતે ઓ મૈત્રેયિ! આ વિશ્વવ્યાપી સત્ અગર આત્મા સદાય અનંત છે; બધુંજ જ્ઞાન એની અંદર સમાયેલું છે. જગતસમસ્ત તેમાંથી ઉદ્ભવે છે, અને પુનઃ તેમાંજ સમી જાય છે. પછી મરવાનું કે મરણ જેવું કશુંજ રહેતું નથી." આ કથન-

માંથી આપણને જે વિચારની પ્રાપ્તિ થાય છે તે એજ કે, આપણે બધાંજ એ પરમાત્મામાંથી તણખારૂપે બહાર આવ્યાં છીએ; અને જ્યારે આપણે તેને બરાબર પિછાનીએ છીએ, ત્યારે આપણે પાછા તેના તરફજ વળીએ છીએ અને તેની સાથે તદ્રૂપ બની જઈએ છીએ, માટે આપણે પણ તે સર્વવ્યાપી આત્માજ છીએ.

આ કથન સાંભળીને બીજે બધે ઠેકાણે જેમ લોકો ભડકે છે, તેમ મૈત્રેયી પણ ભડકી ગઈ ને બોલી કે "પૂજ્યશ્રી ! આજ ઠેકાણે બરાબર આપે મને ભ્રમમાં નાખી દીધી છે. દેવતાઓનું નામ નહિ રહે અને વ્યક્તિત્વ માત્ર અસ્તંગત થઈ જશે, એમ કહીને આપે મને ભડકાવી મારી છે. જો એમજ હોય તો તો પછી દુનિયામાં ઓળખવાનું, ચાહવાનું કે ધિક્કારવાનું કશું રહેશેજ નહિ. તો પછી આપણું શું થશે વારૂ ?" યાજ્ઞવલ્ક્યે જણાવ્યું કે, "મૈત્રેયિ ! તને ગૂંચવાડામાં નાખવાનો મારો ઇરાદો નથી; પણ બહેતર છે કે આ વિષય તું આટલેથીજ પડતો મૂક, કારણકે વધુ જાણવા જતાં સંભવ છે કે, તું વધારે ગભરાઈશ; પણ આટલું સાંભળી લે કે, જ્યાં બે જેવું હોય છે, ત્યાંજ એક જણ બીજાને જુએ છે કે સાંભળે છે; ત્યાંજ એક જણ બીજાનું સ્વાગત કે આદરાતિથ્ય કરે છે; અને ત્યાંજ એક જણ બીજાનું ચિંતન કે પિછાન કરે છે. પણ જ્યાં બધુંજ તે આત્મામય બની ગયું હોય છે, ત્યાં કોણ કોનાથી જોવાય? કોણ કોનાથી સંભળાય? કોનું કોનાથી સ્વાગત થાય અને કોણ કોનાથી પિછાનાય ?" આજ એક વિચારને યુરોપીય તત્ત્વવેત્તા શોપનહોરે અપનાવી લઈને પોતાની ફિલસૂફીમાં તેનો પડઘો પાડ્યો છે. આ જગતને આપણે કોનાદ્વારા ઓળખીએ છીએ? શાનાદ્વારા આપણે એને એટલે કે આત્માને ઓળખવો ? એ જ્ઞાતાને આપણે કેવી રીતે જ્ઞાત કરવો ? કયા સાધનથી આપણે

તે જ્ઞાતાનું જ્ઞાન સંપાદન કરી શકીએ? એ વાત સંભવેજ શી રીતે? કારણકે એમાં ને એનાદ્વારાજ વસ્તુમાત્રનું જ્ઞાન આપણને મળે છે. તો પછી કયી રીતે અને કયા સાધનથી આપણે તેને જાણી શકીએ? એવું એકે સાધન નથી. સાધન હોય તો તે પોતેજ છે અને તેથી એ સાધનને જાણવાની હમેશાં આવશ્યકતા છે.

અત્યારસુધીમાં જે ખ્યાલ પ્રાપ્ત થાય છે તે એ કે, જે છે તે બધુંજ તે એક અનંત અસ્તિત્વ છે. એજ એક ખરૂં વ્યક્તિત્વ છે, તેના વિભાગ કે અંશ જેવું કંઇજ નથી. વિભાગ અને અંશના આ ક્ષુદ્ર ખ્યાલો અતિ નિકૃષ્ટ અને ભ્રમાત્મક છે; તથાપિ વ્યષ્ટિના દરેક તણખામાં અને તણખાદ્વારા એજ અનંત તત્ત્વ પ્રકાશી રહ્યું છે. પદાર્થમાત્ર એ અનંત આત્માનોજ આવિર્ભાવ છે. એને કેવી રીતે પામવો? તો કે જેવી રીતે યાજ્ઞવલ્કય પોતે આપણને કહે છે કે, "આ આત્માનું પ્રથમ શ્રવણ થવું જોઇએ." તેવી રીતે સૌથી પ્રથમ તો એનું કથન કરો. એવી રીતનું કથન તેણે કર્યું, પછી તેને બુદ્ધિથી છણી જોયું અને પછી જેનાદ્વારા સકળ જ્ઞાન શકય છે તેનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું તેનું દર્શન છેક છેલ્લે કરાવ્યું. શ્રવણ કર્યા પછી જે કરવાનું રહે છે, તે મનન છે. એ કેવી રીતે કરવું, તે સમજાવવા તે વિરુદ્ધ લક્ષણવાળા સ્થૂળ અને સૂક્ષ્મ જગતનો મુકાબલો કરે છે અને બતાવી આપે છે કે, એ ઉભયનો વ્યવહાર તેમની ખાસ ખાસ પદ્ધતિઓ પર કેવો ચાલ્યા કરે છે અને તે સકળ અસ્તિત્વ કેવું મનોહર ને રમ્ય છે. તે કહે છે કે, "આ ધરણી અત્યંત સુખપ્રદ છે, ભૂતમાત્રની તે મોટી સહાયક છે; અને ભૂતમાત્ર પણ એ ધરણીનાં અત્યંત સહાયક છે; પણ એ સ્વયંપ્રકાશી શુદ્ધ આત્માને કશુંજ સહાયક નથી." નિકૃષ્ટમાં નિકૃષ્ટ ભાવમાં પણ સુખ જેવું જે કંઈ છે તે એનુંજ પ્રતિબિંબ છે. સારૂં જે કંઇ છે તે પણ

બધું તેનું માત્ર પ્રતિબિંબ છે અને જ્યારે તે પ્રતિબિંબ ઓળા જેવું ઝાંખું હોય છે ત્યારે તે ખરાબ અથવા અશુભ નામે ઓળખાય છે. બે દેવતાઓ જેવું કંઇ છેજ નહિ. જ્યારે તે ઓછા પ્રમાણમાં વ્યક્ત થાય છે ત્યારે તે અંધકારના નામે ઓળખાય છે અને જ્યારે તે વધુ પ્રમાણમાં આવિર્ભૂત થાય છે ત્યારે તે પ્રકાશ તરીકે ઓળખાય છે. અર્થાત્ જે છે તે બધું એજ છે. સારૂં ને નરસું અથવા શુભ ને અશુભ, એ માત્ર પ્રમાણનો સવાલ છે. એ શબ્દો એના આવિર્ભાવના વત્તાપણા અને ઓછાપણાના સૂચક છે. આપણાં જીવનનોજ દાખલો લો. એવી કેટલી બધી વસ્તુઓ છે કે જે વસ્તુતઃ ખરાબ હોવા છતાં તેમને આપણી બાલ્યાવસ્થામાં આપણે સારી ગણતા હોઇએ છીએ! અને કેટલી બધી સારી વસ્તુઓને આપણે ખરાબ ગણીએ છીએ! અર્થાત્ સારાનરસાના આપણા ખ્યાલ કેવા બદલાયા કરે છે! વિચાર કેવો આગળ ને આગળ વધતો જાય છે! એક વાર આપણને સારૂં લાગતું હતું તે અત્યારે એટલું સારૂં નથી જણાતું. માટે સારૂં ને નરસું, શુભ ને અશુભ, એ તો માત્ર ભ્રમ છે. ભેદ જે દેખાય છે તેપ્રમાણનો છે. બાકી તો જે છે તે બધુંજ એ આત્માનો આવિર્ભાવ માત્ર છે. પ્રત્યેક વસ્તુમાં તે આવિર્ભૂત થયા કરે છે. જ્યારે તે આવિર્ભાવ બહુ જાડો કિંબહુના ઝાંખો હોય છે, ત્યારે આપણે તેને ખરાબ કહીએ છીએ; અને જ્યારે તે સૂક્ષ્મ કિંબહુના સ્પષ્ટ હોય છે, ત્યારે આપણે તેને સારો કહીએ છીએ. અને જ્યારે બધુંજ આવરણ અદૃશ્ય બને છે, ત્યારે તે ઉત્તમોત્તમ અથવા શ્રેષ્ઠ તરીકે ઓળખાય છે. તેથી જગતમાં જે કંઇ છે તે પ્રત્યેકનું મનન થવું જોઇએ, તે એજ અર્થમાં કે જે બધુંજ શ્રેષ્ઠ છે તેને આપણે સારા તરીકે જોઇ શકીએ; સારૂં અને ખરાબ એ બંનેનું મથાળું અને મધ્યબિંદુ તો એ એક સત્યજ છે. તે સારો

કે ખરાબ એમાંથી એકેય નથી પણ તે તો સર્વશ્રેષ્ઠ છે. સર્વશ્રેષ્ઠ તો એકજ હોઇ શકે, સારાં અનેક હોઇ શકે તેમ ખરાબ પણ અનેક હોઇ શકે. સારૂં અને નરસું અથવા શુભ અને અશુભ, એમનામાં પણ ભેદનાં પ્રમાણો હોય છે, પણ સર્વશ્રેષ્ઠ તો માત્ર એકનું એકજ હોય છે; અને એ એક સર્વશ્રેષ્ઠ જ્યારે ચઢતા ઊતરતા પાતળા પડદામાંથી દેખાય છે, ત્યારે તેને આપણે સારા અથવા શુભની વિવિધ જાતો તરીકે ઓળખીએ છીએ; અને જ્યારે જાડા પડદાઓમાંથી જોઇએ છીએ ત્યારે ખરાબ અથવા અશુભની જુદીજુદી જાતો તરીકે પિછાનીએ છીએ. શુભ અને અશુભ એ વહેમનાં જુદાંજુદાં રૂપો છે. એ રૂપો દ્વૈતાત્મક ભાવના વિવિધ પ્રકારના ભ્રમોમાંથી અને બધી જાતના એવા વિચારોમાંથી પસાર થતાં આવ્યાં છે કે, એ શબ્દો મનુષ્યના હૃદયમાં ઠેઠ ઊંડે લગી ઊતરી ગયા છે અને ત્યાં રહ્યા રહ્યા જુલમગાર જાલિમોની માફક સ્રીપુરુષોને થથરાવે છે. તેઓ આપણને વાઘ જેવા ક્રૂર બનાવે છે. ક્રોધના જે આવેશથી આપણે બીજાંઓને ધિક્કારીએ છીએ તે આપણને ગળથૂથીમાંથી અને બાલ્યવસ્થામાં મળેલા આ ‘સારા-નરસા’ના મૂર્ખાઇભરેલા વિચારોમાંથીજ ઉત્પન્ન થાય છે. માણસજાતિ વિષેનો આપણો નિર્ણય સાવ જૂઠો પડે છે. આ સુંદર પૃથ્વીને સારાનરસાના ખ્યાલથી આપણે નરક બનાવી દઈએ છીએ; પણ એવા ખ્યાલ તજી દેવાને આપણે શક્તિમાન થઇએ કે તરતજ આ પૃથ્વીજ સ્વર્ગ બની જાય છે.

આ પૃથ્વી બધાં પ્રાણીઓને મધુર લાગે છે, તેમ બધાં પ્રાણીઓ આ પૃથ્વીને મધુર લાગે છે; તેઓ સઘળાં એકબીજાને મદદ કરે છે અને જે મધુરતા છે તે બધીજ પૃથ્વીના અંતરભાગમાં રહેલો તે જ્યોતિર્મય, અમર એક આત્માજ છે. આ મધુરતા કોની છે? તેના સિવાય કોઈ મધુરતા કે મીઠાશ હોઈ

શકેજ કેવી રીતે? એ એકજ મધુરતા વિવિધરૂપે વ્યક્ત થાય છે. કોઇ પણ મનુષ્ય પ્રાણીમાં, સાધુમાં કે પાપીમાં; ફિરસ્તામાં કે ખૂનીમાં; તેમ શરીરમાં, મનમાં કે ઇંદ્રિયોમાં જ્યાં જ્યાં પ્રેમ જેવું કંઇ છે, મધુરતા જેવું કંઇ છે, તે એજ છે—એજ છે. બધા શારીરિક આનંદ પણ એજ માત્ર છે, માનસિક આનંદો પણ એજ છે, તેમ આધ્યાત્મિક આનંદો પણ એજ છે. એના સિવાય બીજું કંઇ હોઈજ શી રીતે શકે? પરસ્પર લડતા વીસહજાર દેવો અને દાનવો હોઇજ કેવી રીતે શકે? એ તો માત્ર બાલિશતાભર્યાં સ્વપ્નો છે, બીજું શું? નિકૃષ્ટમાં નિકૃષ્ટ શારીરિક આનંદ તેમજ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આધ્યાત્મિક આનંદ એજ છે. એના સિવાય આનંદ, પ્રેમ આદિ નામોથી ઓળખાતી મધુરતા છેજ નહિ. યાજ્ઞવલ્કયનું કથન આ પ્રમાણે છે. એ ભૂમિકાને જ્યારે તમે પ્રાપ્ત થશો અને બધીજ વસ્તુઓને સમદૃષ્ટિએ જોતાં થશો, ત્યારેજ તમને સુખનો ને પ્રેમનો ખરો અર્થ સમજાશે. પણ જ્યાંસુધી આ મિથ્યા ભેદો કર્યા કરશો અને સાદા પણ બાલિશતા તથા મૂર્ખાઈભર્યા વહેમો રાખ્યા કરશો, ત્યાંસુધી વિવિધ જાતનાં દુઃખ ને કલેશો આવ્યાજ કરશે; પરંતુ અમર અને જ્યોતિર્મય એવો જે તે પરમાત્મા તે પૃથ્વીના આંતરભાગમાં છે. મધુરતામાત્ર તેની છે અને શરીરમાં પણ તેજ છે. આ શરીર જાણે પૃથ્વી છે અને શરીરની બધી શક્તિઓ તથા શરીરના બધા આનંદોની અંદર તે છે. આંખો જુએ છે, ત્વચા સ્પર્શાનુભવ કરે છે—એ વગેરે બધા ભોગો શું છે? તો કે શરીરની અંદર રહેલો એ સ્વયંજ્યોતિ યાને એ પરમાત્માજ છે. આ દુનિયા કે જે ભૂતમાત્રને આટલી બધી મધુર છે અને ભૂતમાત્ર તેને આટલાં બધાં મધુર છે, તે પણ એ જ્યોતિર્મય આત્મા છે; એ અમર આત્માજ દુનિયામાં આનંદ છે. આપણી અંદરનો આનંદ પણ એજ છે,

એજ બ્રહ્મ છે. આ હવા બધાં પ્રાણીઓને અતિ મધુર ને પ્રિય છે, અને બધાં પ્રાણીઓ હવાને અતિ પ્રિય છે; પણ જે જ્યોતિર્મય અનંત સત્ત્વ હવામાં છે, તેજ સત્ત્વ શરીરમાં પણ છે, પ્રાણીમાત્રના જીવ તરીકે તેજ પોતાને વ્યક્ત કરે છે. આ સૂર્ય બધાં પ્રાણીઓને અતિ પ્રિય છે, તેમ બધાં પ્રાણીઓય સૂર્યને અતિ પ્રિય છે. સૂર્યમાં જે જ્યોતિર્મય સત્ત્વ છે, તેનેજ આપણે લઘુતર ઉજાસ તરીકે પ્રતિબિંબિત કરીએ છીએ. તેના પ્રતિબિંબ સિવાય હોઇજ શું શકે? એ શરીરમાં છે અને એનુંજ પ્રતિબિંબ આપણને પ્રકાશ જોવાની શક્તિ અર્પે છે; આ ચંદ્રમા બધાંને અતિ પ્રિય છે અને બધાં તે ચંદ્રમાને પણ અતિ પ્રિય છે; પણ જે તેજોમય અમર સત્ત્વ ચંદ્રમાનું 'સ્વ' છે, તેજ આપણી અંદર મન તરીકે વ્યક્ત થાય છે. આ વીજળી અતિ મનોહર છે અને પ્રત્યેક જણ વીજળીને પણ અતિ પ્રિય છે; પણ જે જ્યોતિર્મય અમર સત્ત્વ આ વીજળીનો આત્મા છે તેજ આપણી અંદર પણ છે; કારણ કે બધુંજ તે બ્રહ્મ છે. મનુષ્યો પશુપ્રાણીઓને પ્રિય છે, તેમ પશુપ્રાણીઓ મનુષ્યોને પ્રિય છે; પણ જે જ્યોતિર્મય સત્ત્વ પશુપ્રાણીઓમાં છે, તેજ મનુષ્યમાં પણ છે—અર્થાત્ બધુંજ પરમાત્મામય છે; આ આપણો વિશુદ્ધાત્મા અથવા પરમાત્માજ ભૂતમાત્રનો રાજા છે. આ વિચારો મનુષ્યને અતિ સહાયક છે; મનન યાને ધ્યાનને માટે બહુ કીમતી છે. દાખલા તરીકે પૃથ્વીનું ધ્યાન ધરો ત્યારે પૃથ્વીનો વિચાર કરો, પણ તેની સાથે એમ પણ સમજતા રહો કે, પૃથ્વીમાં જે છે તેજ આપણામાં પણ છે; અને એ બે એકજ છે. મતલબ કે, શરીરને પૃથ્વી જોડે તદ્રૂપ બનાવો અને શરીરસ્થ જીવાત્માને પૃથ્વી પાછળ રહેલા આત્માની સાથે એકરૂપ કરો. હવામાં તેમજ તમારી અંદર રહેલા આત્માને હવા સાથે તદ્રૂપ કરો. એ સર્વ વિવિધ રૂપોમાં વ્યકત થવા છતાં એકજ છે.

૧—જગતશાસ્ત્ર

જગત બે જાતનાં છે. એક સૂક્ષ્મજગત કિંવા આંતરજગત, અને બીજું સ્થૂળજગત કિંવા બાહ્યજગત. એ બંનેમાંથી આપણને અનુભવદ્વારા સત્યોની પ્રાપ્તિ થાય છે. આંતર અનુભવમાંથી મળેલાં સત્યોના પરિણામ તરીકે માનસશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર અને ધર્મ છે; ત્યારે બાહ્ય અનુભવમાંથી મળેલાં સત્યોના પરિણામરૂપ, ભૌતિકવિજ્ઞાનશાસ્ત્રો છે. હવે કોઈપણ સંપૂર્ણ સત્ય આ બંને જગતોમાં થતા અનુભવો સાથે એકવાક્ય હોવું જોઇએ યાને સૂક્ષ્મજગતનો અનુભવ સ્થૂળજગતના અનુભવનો સાક્ષીપૂરક હોવો જોઇએ અને સ્થૂળજગતનો અનુભવ સૂક્ષ્મજગતના અનુભવનો સાક્ષીપૂરક હોવો જોઇએ. અર્થાત્ ભૌતિક સત્યના અનુભવની પ્રતિછાયા અથવા નકલ આંતરજગતમાં અને આંતરજગતના અનુભવની સાબિતી બાહ્યજગતમાં મળવી જોઈએ. આમ છતાં આમાંનાં અનેક સત્યો, એક નિયમ તરીકે પરસ્પર વિરોધી જણાય છે. દુનિયાના ઈતિહાસના એક યુગમાં આંતરસત્યો સર્વોપરી બને છે અને તેઓ બાહ્યસત્યો સાથે ઝઘડવા માંડે છે. વર્તમાનકાળમાં બાહ્યસત્યો યાને ભૌતિકશાસ્ત્રો પ્રબળ બન્યાં છે અને તેમણે માનસશાસ્ત્રો તેમજ અધ્યાત્મશાસ્ત્રોને દબાવી દીધાં છે. મારા જ્ઞાનની ગતિ જ્યાંસુધી પહોંચે છે, ત્યાંસુધી મને તો લાગે છે કે, માનસશાસ્ત્રના અગત્યના અંશોની, વર્તમાન ભૌતિકશાસ્ત્રના જ્ઞાનના અગત્યના અંશો સાથે સંપૂર્ણ

એકવાકયતા છે. કોઇ પણ એકજ વ્યક્તિને દરેક બાબતમાં મહાન થવાનો અધિકાર મળેલો હોતો નથી; તેજ પ્રમાણે જ્ઞાનના સકળ ક્ષેત્રોની શોધખોળમાં સરખા સામર્થ્યવાન હોવાનો અધિકાર પણ કોઈ એકજ જાતિ અથવા પ્રજાને મળેલો હોતો નથી. વર્તમાનકાળની યુરોપિયન પ્રજાઓ બાહ્યજગતના ભૌતિક જ્ઞાનમાં અતિ પ્રબળ છે, પણ મનુષ્યના આંતરસ્વભાવના અભ્યાસમાં યાને આંતરજગતની વિદ્યામાં તેઓ એટલા પ્રબળ નથી. ત્યારે બીજા હાથ પર પૌર્વાત્ય પ્રજાઓ બાહ્ય ભૌતિક જગતની શોધમાં બહુ પ્રબળ નીવડી નથી, પણ આંતરિક જગતની શોધોમાં અત્યંત પ્રબળ નીવડી છે. તેથીજ આપણુને પૌર્વાત્ય પ્રજાઓનાં પદાર્થવિજ્ઞાન અને બીજાં ભૌતિકવિજ્ઞાનશાસ્ત્રોનો પાશ્ચિમાત્ય પ્રજાઓનાં વિજ્ઞાનશાસ્ત્રો સાથે મેળ ખાતો નથી જણાતો. તેવીજ રીતે પાશ્ચિમાત્ય માનસશાસ્ત્રનો પૌર્વાત્ય માનસશાસ્ત્ર સાથે મેળ નથી ખાતો, તેનું કારણ પણ એજ છે. પૌર્વાત્ય ભૌતિકશાસ્ત્રીઓએ ભૌતિકવિદ્યાના વિષયમાં પાશ્ચિમાત્ય ભૌતિકવિજ્ઞાનીઓ સાગે નાસેડું લીધું છે, યાને પૂર્વના લોકો એ વિષયમાં પશ્ચિમના લોકો સામે ટકી શકયા નથી, તેમ છતાં દરેક પક્ષ સત્ય ઉપર આધાર રાખવાનો દાવો કરે છે અને આપણે ઉપર જણાવી ગયા તેમ કોઈ પણ જ્ઞાનના વિષયમાં પ્રાપ્ત થયેલું કુદરતી સત્ય પરસ્પર વિરોધક નહિ હોય–અર્થાત્ જે આંતરિક જગતનાં સત્યો હોય તેજ બાહ્યજગતનાં સત્યો હોવાં જોઇએ અને તેમ છે પણ ખરૂં.

આધુનિક ખગોળવેત્તાઓ અને પદાર્થવિજ્ઞાનીઓના મતાનુસાર જગતના સિદ્ધાંતો શા છે, તેની આપણને બધાનેજ ખબર છે અને આની સાથે આધુનિક ભૌતિકવિજ્ઞાનવેત્તાઓ યુરોપની અધ્યાત્મવિદ્યાનાં મૂળિયાં કેવી દુઃખદ રીતે વાઢે છે તેની પણ

આપણને ખબર છે. ભૌતિકવિજ્ઞાનની અંદર આજે જે જે શોધો થાય છે, તે દરેક અધ્યાત્મવિદ્યાના કિલ્લા પર જીવલેણ ગોળાની ગરજ સારે છે અને તેથી આ ભૌતિકવિજ્ઞાનની શોધખોળોને દાબી દેવાને અધ્યાત્મશાસ્ત્રવેત્તાઓએ વખતોવખત કેવા પ્રયત્નો કર્યાં છે, તેની પણ આપણ સૌને ખબર છે.

આ ઠેકાણે હું તમારી આગળ જગતશાસ્ત્ર અને તેને લગતા બીજા બધા વિષયો વિષે અમારા પૌર્વાત્ય લોકોના આધ્યાત્મિક વિચારો કેવા છે, તેની ચર્ચા કરીશ અને તે પરથી તમને જણાશે કે, અમારાં એ આધ્યાત્મિક સત્યો અર્વાચીનકાળની તમારી ભૌતિકવિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધો સાથે કેવી અજબ રીતે મળતાં આવે છે અને જ્યાં જ્યાં એવો મેળ ખાતો નહિ માલૂમ પડે, ત્યાં ત્યાં આધુનિક ભૌતિકવિજ્ઞાનની ઊણપ છે યાને એ મુદ્દાઓ પર ભૌતિકવિજ્ઞાનને હજી શોધ કરવાની બાકી છે અને નહિ કે અમારાં સત્યો ખોટાં છે; કુદરત અથવા પ્રકૃતિ એ શબ્દ તો આપણે બધાંજ વાપરીએ છીએ. પ્રાચીનકાળના સાંખ્યતત્ત્વવેત્તાઓ એને પ્રકૃતિ અને અવ્યક્ત એવાં બે જુદાંજુદાં નામોથી ઓળખાવતા. 'પ્રકૃતિ' એ અંગ્રેજી 'નેચર' કહેતાં કુદરત શબ્દને અધિકાંશ મળતો છે; ત્યારે 'અવ્યક્ત' એ એનું વધારે શાસ્ત્રીય નામ છે યાને પારિભાષિક શબ્દ છે. એ પ્રકૃતિ અથવા અવ્યક્તમાંથી અણુઓપરમાણુઓ અને મન, વિચાર તથા બુદ્ધિની શક્તિઓ પ્રગટે છે. હિંદુસ્તાનના તત્ત્વવેત્તાઓએ તથા માનવશાસ્ત્રવેત્તાઓએ યુગો પૂર્વે, મનને જડદ્રવ્યાત્મક કહીને ઓળખાવ્યું છે, એ જાણીને તમને અજાયબી ઊપજશે. વર્તમાન યુગના ચાર્વાક યાને અનાત્મવાદીઓ કિંવા જડવાદીઓ પણ શાનો પ્રયત્ન કરી રહ્યા છે? એજ દેખાડવાનો કે, મન એ શરીરના જેટલીજ પ્રકૃતિની પેદાશ છે અને એવીજ રીતે વખત જતાં

આજ જડવાદીઓને મોઢે આપણે સાંભળીશું કે, વિચાર તથા બુદ્ધિ પણ અવ્યક્ત અથવા પ્રકૃતિમાંથી ઉદ્ભવી છે. અમારા સાંખ્યવેત્તાઓ પ્રકૃતિની વ્યાખ્યા, "સત્ત્વ, રજસ અને તમસ નામે ઓળખાતી ત્રણ શક્તિઓનું સમતોલપણું" એવી કરે છે. કનિષ્ઠમાં કનિષ્ઠ શકિત જે તમસ, તે દેખીતી રીતે આકર્ષક યાને આગળ ખેંચનારી શકિત છે; તેના કરતાં જરા ચડિયાતી રજસ્ શકિત એ પ્રતિસારક યાને પાછળ ઠેલનારી શકિત છે અને સર્વોત્કૃષ્ટ જે સત્ત્વશકિત તે તમસ અને રજસ શકિતઓનું સમતોલપણું છે; તેથી જ્યારે આ આકર્ષક અને પ્રતિસારક બંને શકિતઓ સત્ત્વશકિતના સંપૂર્ણ કાબૂમાં હોય છે, ત્યારે સૃષ્ટિ જેવું અગર ગતિ જેવું જગતમાં કંઇજ હોતું નથી. આ સમતોલપણું ખોવાય છે અગર તેમાં કંઈ ખલેલ પહોંચે છે તથા તમસ ને રજસ એ બે શકિતઓમાંની એક શકિત ચઢી વાગે છે, ત્યારેજ ગતિનો સંચાર થાય છે અને સૃષ્ટિની શરૂઆત થવા માંડે છે. આવી ઘટના કલ્પે કલ્પે કે અમુક કાલાવધિએ થયા કરે છે. મતલબ કે, એક કાલાવધિ સમતોલપણાનાં ક્ષોભનો કિંવા ખલેલનો આવે છે, ત્યારે શકિતઓનું જોડાણ અને પુનર્જોડાણ થવા માંડે છે; એટલે સૃષ્ટિના પદાર્થોનું બહાર આગમન થાય છે. આની સાથેસાથેજ પ્રત્યેક વસ્તુનું વલણ પોતાની અસલ સમતોલપણાની સ્થિતિને પુનઃ પ્રાપ્ત થવાનું હોય છે, એટલે પાછો એક કાલાવધિ એવો આવે છે કે જયારે સકળ વ્યકતતાનો યાને સૃષ્ટિમાત્રનો સર્વાંશે ધ્વંસ કિંવા લય થઈ જાય છે. ફરી પાછું અમુક કાલાવધિ બાદ સૂક્ષ્મસમષ્ટિમાં દખલ ઉત્પન્ન થાય છે. સ્થૂળસૃષ્ટિ બહાર પડે છે અને પુનઃ ધીમે ધીમે મોજાંની માફક શમી જાય છે. દરેક ગતિ, તેમ જગતમાંની પ્રત્યેક ચીજ, ઉદય અને પતનના ક્રમને અનુસરતાં સાગરનાં મોજાંની સાથે સરખાવી શકાય. આમાં કેટલાક

તત્ત્વવેત્તાઓ એમ માને છે કે, અમુક અવધિપર્યંત તો વિશ્વ-સમસ્ત શમી જાય છે; ત્યારે બીજા કેટલાક એમ માને છે કે, આ શાંતતા અથવા લયની ક્રિયા અમુક એક લોકનેજ લાગુ પડે છે; એટલે કે, આપણી આ સૃષ્ટિ યાને સૌરસૃષ્ટિ શાંત પડીને અ-વ્યકત સ્થિતિમાં લય પામશે, ત્યારે લક્ષાવધિ બીજી સૃષ્ટિઓ એથી ઊલટા ક્રમને પ્રાપ્ત થશે—અર્થાત્ તેઓ વ્યકતાવસ્થાને પા-મશે કિંવા પ્રગટ થશે. મને જો પૂછવામાં આવે, તો તો હું આ બીજા અભિપ્રાયનેજ મળતો થાઉં, એટલે કે આ લયની ક્રિયા અખિલબ્રહ્માંડમાં એક સમયાવચ્છેદે યાને એકી વખતે નથી બનતી અને જુદાજુદા ભાગોમાં જુદોજુદો પ્રકાર ચાલે છે. એ ગમે તેમ બ-નતું હોય તેની સાથે અત્યારે આપણને કંઈ લેવાદેવા નથી; પરંતુ મુદ્દો તો બન્નેનો એકજ છે. આપણે જે જે કંઇ જોઇએ છીએ એટલે કે પ્રકૃતિસમસ્ત ઉદય અને અસ્તના અનુક્રમમાં પ્રગતિ કરે છે એ અસ્તક્રિયાને યાને સંપૂર્ણ સમતોલપણાની ભૂમિકાની પુનઃ-પ્રાપ્તિને પ્રલય કિંવા કલ્પનો અંત કહેવામાં આવે છે. જગતની આ ઉત્પત્તિ અને પ્રલયની ક્રિયાઓને હિંદુસ્તાનના આસ્તિક અથવા ઇશ્વરવાદી લેખકોએ ઇશ્વરના શ્વાસોચ્છ્વાસની સાથે સર-ખાવી છે; એટલે કે ઈશ્વર જાણે કે ઉચ્છ્વાસદ્વારા સૃષ્ટિને બહાર કાઢે છે અને શ્વાસદ્વારા પાછી તેને અંદર ખેંચી લે છે. હવે પ્રશ્ન એ છે કે, પ્રલયને અંતે જગતનું શું થાય છે? એનો જવાબ એવો છે કે, પ્રલયાંતે જગતનું અસ્તિત્વ સૂક્ષ્મતર રૂપમાં અને સાંખ્ય-શાસ્ત્રની ભાષામાં કહીએ તો કારણમાં મોજૂદ રહે છે. પ્રલયાંતે પણ જગત કાર્યકારણ તથા દેશ—કાળના ભાવોથી મુકત બનતું નથી, પણ તેઓ તો જેમના તેમ રહે છે. તેથી પ્રલયાંતે જગત અતિ સૂક્ષ્મ અને બારીક રૂપને પ્રાપ્ત થાય છે એટલુંજ. હવે ધારો કે, આપણા સહવાસનો પ્રત્યેક પદાર્થ એક ક્ષુદ્ર પરમાણુ બની

જાય ત્યાંસુધી આ આખું જગત સંકોચાવા માંડે છે, તો એ વસ્તુસ્થિતિમાં આપણને થઇ રહેલા પરિવર્તનનો મુદ્દલ ભાસ નહિ થાય; કેમકે આપણા સંબંધની પ્રત્યેક ચીજ એક સમયાવચ્છેદે યાને એકી વખતે સંકુચિત થતી હોય છે. એ રીતે બધુંજ વિશ્વ શમી જાય છે અને ફરી પાછું પ્રગટ થાય છે; કારણ કાર્યને પ્રગટાવે છે અને એ રીતે તે ચાલ્યાજ કરે છે.

વર્તમાન સમયમાં આપણે જેને 'મૅટર' કહેતાં જડદ્રવ્ય તરીકે ઓળખીએ છીએ, તેને પ્રાચીન કાળના તત્ત્વવિદો પંચમહાભૂતો યાને બાહ્ય મૂળતત્ત્વો કહેતા. તેમના મત મુજબ એમાંનું એક મહાભૂત અથવા મૂળતત્ત્વ શાશ્વત છે અને બીજાં બધાંજ મહાભૂતો અથવા મૂળતત્ત્વો આ શાશ્વત એક મહાભૂતમાંથીજ પ્રગટે છે. એ શાશ્વત મહાભૂતનું નામ આકાશ છે. એ આકાશનું મૂળતત્ત્વ અર્વાચીન ભૌતિકવિજ્ઞાનીઓના 'ઇથર' તત્ત્વને આબેહૂબ તો નહિ, પણ કંઇક મળતું છે. આ આકાશતત્ત્વની સાથે પ્રાણ નામે ઓળખાતી પ્રધાનશકિતનું અસ્તિત્વ છે. એ પ્રાણ અને આકાશ વચ્ચે જોડાણ અને પુનર્જોડાણની ક્રિયાના પરિણામે બીજાં મહાભૂતો અથવા મૂળતત્ત્વો પ્રગટ થાય છે. કલ્પાંતે બધુંજ શમી જઇને આ આકાશ અને પ્રાણમાંજ લીન થાય છે. મનુષ્યજાતિનો જૂનામાં જૂનો ગ્રંથ જે ઋગ્વેદ તેનો એક સુંદર અને અતિશય કાવ્યમય ફકરો સૃષ્ટિની ઉત્પત્તિનું બયાન કરતાં કહે છે કે, "જયારે આ કે તે કશુંજ નહોતું અને જયારે અંધકાર ઉપર અંધકારનો ગોટોપિંડો ખડકાયલો હતો, ત્યારે શું હતું?" અને એનો જવાબ આપતાં કહે છે કે, "પ્રાણનું અસ્તિત્વ ત્યારે **आनिद्रातम्** કહેતાં આંદોલનરહિત હતું." અર્થાત્ તે વખતે આ પ્રાણશકિતનું અસ્તિત્વ હતું તો ખરૂં, પણ તેમાં ગતિ નહોતી; કેમકે આંદોલનક્રિયા બંધ પડી હતી. તે પછી જયારે લાંબે કાળે

કલ્પની શરૂઆત થાય છે, ત્યારે આ आनिद्वातम् યાને આંદોલન રહિત પ્રાણમાં આંદોલનનો આરંભ થાય છે અને આકાશ પર તેના ફટકા પર ફટકા પડવા માંડે છે. એટલે આકાશના છૂટા પરમાણુઓ સંઘટ્ટ બને છે અને જેમ જેમ તે સંગઠિત થતા જાય છે, તેમ તેમ વિવિધ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. સાધારણ રીતે આ બધી વાતોનું અન્ય ભાષામાં વિલક્ષણ રૂપાંતર થયેલું આપણા દીઠામાં આવે છે. ભાષાંતર કરતી વખતે લોકો તત્ત્વવેત્તાઓ કિંવા ભાષ્યકારોની મદદ નથી ગોતતા અને મૂળ વાતોને તેમના યથાર્થ રૂપમાં સમજવા જેટલી તેમની મગજશક્તિ નથી હોતી. એક સાદો ભોળો માણસ સંસ્કૃત ભાષાના क, ख, ग વાંચતો થાય છે કે આખા ગ્રંથનું ભાષાંતર કરવા બેસી પડે છે! એવા ભાષાંતરકારોએ આ મૂળતત્ત્વોને હવા, અગ્નિ, ઇત્યાદિ નામોથી ઓળખાવ્યાં છે; પણ જો તેઓએ કોઇ ભાષ્યકારની મદદ શોધી હોત, તો તેમને માલૂમ પડત કે, એમનો અર્થ હવા ઇત્યાદિ એવી જાતનું કંઈ, એવો નથી થતો.

પ્રાણના ઉપરાછાપરી આઘાતથી આકાશમાં વાયુ અથવા ગતિની ઉત્પત્તિ થાય છે. આ વાયુ આંદોલાયમાન બને છે અને તેનાં આંદોલનો વધારે ને વધારે વેગવાન બનતાં તેમાં ઘર્ષણ ઉત્પન્ન થઈ પરિણામે તેમાંથી તેજ–તત્ત્વ નીકળે છે. પછી આ તેજ એજ વિધિએ આપ કહેતાં પ્રવાહીતત્ત્વ પાણીમાં પરિણમે છે. પછી તે આપ એજ પ્રકારે ઘનત્વને પ્રાપ્ત કરે છે યાને નક્કર બને છે. હવે તમને સમજાયુંજ હશે કે, આરંભમાં આકાશ અને પ્રાણ હતાં. તેમાંથી અનુક્રમે વાયુ, તેજ ને આપની ઉત્પત્તિ થઈ અને એ આપતત્ત્વ સંગઠિત થઇને સ્થૂળ જડદ્રવ્ય કહેતાં પૃથ્વી બની અને એનો લય થાય છે ત્યારે બરાબર ઊલટા ક્રમમાં તે સમાતી જાય છે. અર્થાત્ તમામ ઘનદ્રવ્ય પ્રવાહી બની જશે.

પછી બધા પ્રવાહી પદાર્થનું તેજ–તત્ત્વમાં રૂપાંતર થઇ જશે. એ તમામ તેજ ગતિ કિંવા વાયુરૂપમાં પરિણમશે અને એ વાયુ આકાશમાં શમી જતાં ગતિ બંધ પડી જઇને કલ્પનો અંત આવે છે. તે પછી કાલાવધિએ વિશ્વચમત્કાર પાછો પ્રાદુર્ભૂત થશે અને પાછો આકાશમાં લીન થઇ જશે. જગતમાં ગતિ, આંદોલન અથવા વિચારના રૂપમાં આપણને જે જે કંઇ જણાય છે, તે તે બધુંજ એ પ્રાણનું અથવા મહત્તત્ત્વનું રૂપાંતર છે અને પ્રત્યેક વસ્તુ કે જેને આપણે આકાર કે અંતરાય જેવા જડપદાર્થના રૂપમાં જોઇએ છીએ, તે તે બધીજ એ આકાશનું રૂપાંતર છે. પ્રાણથી એકલાથી રહી શકાતું નથી કે કોઇ સાધનની ગેરહાજરીમાં ક્રિયમાણ થઇ શકાતું નથી. જ્યારે તે નર્યો નિર્ભેળ પ્રાણજ હોય છે, ત્યારે તેને આકાશમાંજ રહેવું પડે છે અને જ્યારે તે ગુરુત્વાકર્ષણ કે કેન્દ્રત્યાગી જેવી પ્રકૃતિની શક્તિઓમાં રૂપાંતર પામે છે, ત્યારે એના વાસ માટે જડદ્રવ્યની અપેક્ષા રહે છે. જડરહિત શક્તિનાં અગર શક્તિરહિત જડનાં આંખો વડે તમને કદાપિ દર્શન થતાં નથી. જેને આપણે શક્તિ અને જડતત્ત્વ કહીએ છીએ, તેઓ આ પ્રાણ અને આકાશનાજ સ્થૂળ આવિર્ભાવો માત્ર છે, એટલે જ્યારે તેઓ સૂક્ષ્મતર બને છે ત્યારે પ્રાણ અને આકાશ તરીકે ઓળખાય છે. પ્રાણને તમે અંગ્રેજીમાં 'લાઇફ' કહેતાં જીવન અથવા ચૈતન્યશક્તિ કહી શકો; પણ એ શબ્દનો અર્થ મનુષ્યપ્રાણના ભાવમાં સંકુચિત નથી કરવાનો, તેમ આત્માના ભાવમાં પણ તે નથી સમજવાનો; આ પ્રમાણે સૃષ્ટિનો ક્રમ અવ્યાહત (ખંડિત થયા વિના) સદાસર્વદા ચાલ્યાજ કરે છે. અર્થાત્ સૃષ્ટિને આદિ કે અંત એમાંથી એકે હોઇ શકે નહિ; કેમકે સૃષ્ટિ એ તો એક અખંડ વ્યાપાર છે.

હવે હું પ્રાચીન માનસશાસ્ત્રીઓના બીજા સિદ્ધાંતની ચર્ચા

પર આવું છું. એ સિદ્ધાંત એવો છે કે, તમામ સ્થૂળપદાર્થો માત્ર સૂક્ષ્મપદાર્થના પરિણામરૂપજ છે.

તેઓ કહે છે કે, પ્રત્યેક સ્થૂળ વસ્તુ સૂક્ષ્મ વસ્તુની બનેલી છે. એ સૂક્ષ્મ વસ્તુઓને તેઓ તન્માત્રા એટલે સૂક્ષ્મ અણુઓનું નામ આપે છે. દાખલા તરીકે, એક પુષ્પ હું સૂંઘું છું. એ સૂંઘવાની ક્રિયા માટે કોઈ ચીજ મારા નાકના સંસર્ગમાં આવવીજ જોઇએ. હાથમાં ફૂલ તો છે, પણ તેમાંથી હું મારા તરફ કશું આવતું હોય એમ આંખો વડે તો જોતોજ નથી; છતાં સુવાસ તો આવે છેજ—તેથી જે કંઇક ફૂલમાંથી નીકળીને મારા નાકના સંસર્ગમાં આવે છે તે વસ્તુને તન્માત્રા કહેવાય છે. અર્થાત્ એ પુષ્પની તન્માત્રા એટલે કે પુષ્પનાં ઝીણાં અણુઓ અથવા રજકણો. એવીજ રીતે તાપ, પ્રકાશ વગેરે પ્રત્યેક વિષયમાં સમજી લેવાનું છે; આ તન્માત્રાઓના અણુઓ પાછા પરમાણુઓમાં પેટાવિભક્ત થઈ શકે છે. ભિન્નભિન્ન તત્ત્વવેત્તાઓના ભિન્નભિન્ન મત (માન્યતા) હોય છે અને આપણે જોઇએ છીએ કે, એ કેવળ મત અથવા માન્યતાજ હોય છે. હાલ તો આપણા ઉદ્દેશ માટે એટલુંજ જાણવું બસ છે કે, પ્રત્યેક સ્થૂળ વસ્તુ અત્યંત સૂક્ષ્મ વસ્તુઓની બનેલી છે. શરૂઆતમાં સ્થૂળ પદાર્થોની આપણને પ્રાપ્તિ થાય છે. તેમને આપણે બહારથી જોઇ જાણી શકીએ છીએ. તે પછી તે તે પદાર્થનાં સૂક્ષ્મ મૂળતત્ત્વો (અર્થાત્ અણુ કે પરમાણુઓ) આપણાં નાક, કાન અને આંખોના સંસર્ગમાં આવે છે, એટલે તે તે પદાર્થનો અનુભવ આપણને થાય છે. ઈથરનાં મોજાં મારી આંખોના સંસર્ગમાં આવે છે તે મારાથી જોઈ શકાતાં નથી, છતાં મને ખબર તો છેજ કે, હું પ્રકાશને દેખી શકું તે પૂર્વે મારી આંખના સંસર્ગમાં એ ઈથરનાં મોજાં આવવાંજ જોઇએ.

આ આંખો જેમની તેમ રહે, છતાં તેનાથી જોવાનું કામ

થઈ શકે નહિ. મસ્તિષ્કના કેન્દ્રને જો તમે ખસેડી મૂકો, તો આંખો તેમજ બાહ્યજગતનું દૃશ્ય તેના પડદા પર જેમનાં તેમ કાયમ રહેવા છતાં, આંખોથી જોવાનું કામ નહિ બને. તેથી આંખો એ તો જોવાની ક્રિયાનું એક ગૌણ સાધન છે; ખરી દૃષ્ટિ ઇંદ્રિય નથી. દૃષ્ટિની ઇંદ્રિય એ તો મગજમાં આવેલું એક જ્ઞાનતંતુનું કેંદ્ર છે. એવીજ રીતે આ નાક એ પણ બાહ્યસાધન છે અને તેની પાછળ ઇંદ્રિય અથવા કેન્દ્ર રહેલું છે. આ ઇંદ્રિયો અથવા જ્ઞાનતંતુઓ અનુભવ અથવા જ્ઞાનનાં પ્રકૃત ધામ છે, એમ કહેવાય ખરૂં.

જ્ઞાનાનુભવ માટે ઇંદ્રિયો સાથે મનનું જોડાણ થવું અનિવાર્ય છે. એ તો એક સાધારણ અનુભવની વાત છે કે, આપણે જ્યારે કોઈ ગહન અભ્યાસમાં તલ્લીન થયાં હોઇએ છીએ, ત્યારે આપણાજ ખંડમાં વાગતા ઘડિયાળના ટકોરા આપણા સાંભળ્યામાં નથી આવતા. કેમ વારૂ એમ થતું હશે? કાન તો જેમના તેમ સાબૂત હતા. તેનાદ્વારા ટકોરાના અવાજ મગજને પહોંચ્યા છતાં મન શ્રવણેંદ્રિયની સાથે નહિ જોડાવાથી સાંભળવાની ક્રિયા આપણાથી થઇ શકી નહિ.

દરેક કરણ અથવા સ્થૂળઇંદ્રિયરૂપી સાધનને નિરનિરાળી ઇંદ્રિય અથવા કેંદ્ર હોય છે; કારણકે એકજ ઇંદ્રિય અથવા કેંદ્રથી જો કામ સરતું હોત, તો તો આપણને એવો અનુભવ થાત કે, મનનું તે એક કેંદ્રની સાથે જોડાણ થતાં બધાંજ કારણો એકસરખી રીતે કામ કરવા મંડી પડતાં હોત. પરંતુ તેમ થતું નથી, એવું આપણે ઉપરના ઘડિયાળના દાખલા પરથી જોઇ શકયાં છીએ. બધાં કરણો માટે કેંદ્ર અથવા ઇંદ્રિય જો એકજ હોત, તો તો મન જોવાનું તથા સાંભળવાનું કામ, તેમ સાંભળવાનું ને સૂંઘવાનું કામ એકી સાથે કરી શકત અને જેમ અત્યારે એ બધાં

કામો એકી સાથે કરવા તે અસમર્થ છે તેમ ન હોત. તેથી એ વાત આવશ્યક ઠરે છે કે, દરેક સ્થૂળ ઇંદ્રિય માટે સૂક્ષ્મ ઇંદ્રિય અથવા કેંદ્ર જુદાંજુદાં હોવાં જોઇએ. અમારી આ પ્રાચીન આધ્યાત્મિક શોધનું અર્વાચીન પ્રાણીશાસ્ત્ર સમર્થન કરે છે. હવે કોઈ કહેશે કે, જોવા તથા સાંભળવાની બન્ને ક્રિયા મન એકી વખતે કરી શકે છે. પરંતુ યાદ રાખો કે, તેવે પ્રસંગે મન આંખ તથા કાનનાં ઉભય કેંદ્રો સાથે ઓછુંવત્તું સંયોજિત થાય છે–જોડાય છે, તેથીજ તેમ થઈ શકે છે.

હવે, સવાલ એ ઊભો થાય છે કે, આ સૂક્ષ્મ ઇંદ્રિયો શાની બનેલી છે? આપણે જોયું છે કે, આ આંખ, કાન, નાક વગેરે સ્થૂળ કરણો સ્થૂળ જડતત્ત્વમાંથી બનેલાં છે. તેવી રીતે આ સૂક્ષ્મ ઇંદ્રિયો પણ જડતત્ત્વમાંથીજ બની છે. જેવી રીતે આ સ્થૂળ શરીર સ્થૂળ દ્રવ્યનું બને છે અને પ્રાણનું સ્થૂળ શક્તિઓમાં રૂપાંતર કરે છે, તેવી રીતે સૂક્ષ્મ ઇંદ્રિયો આકાશ, વાયુ, તેજ વગેરે સૂક્ષ્મ મહાભૂતો અગર મૂળતત્ત્વોમાંથી બને છે અને પ્રાણને સૂક્ષ્મ જ્ઞાનશક્તિઓ યાને ઇંદ્રિયોમાં રૂપાંતર કરે છે. આ સૂક્ષ્મ-ઇંદ્રિયો, પ્રાણની શક્તિઓ તથા મન અને બુદ્ધિ–એ ચારના સમુદાયને મનુષ્યનું લિંગશરીર કિંવા સૂક્ષ્મશરીર કહે છે. એ લિંગશરીરને વાસ્તવ આકાર હોય છે, કેમકે સિદ્ધાંત મુજબ જડાત્મક પ્રત્યેક વસ્તુને આકાર હોવોજ જોઇએ.

મનને સંસ્કૃતમાં મનસ્ કહેવામાં આવે છે. મનસ્ એટલે વૃત્તિસ્થ અથવા આંદોલાયમાન કે ચંચળ ચિત્ત. જો કોઇ તળાવ માં તમે એક પથરો ફેંકશો, તો પ્રથમ તો આંદોલન થશે અને પછીથી પ્રતિરોધની ક્રિયા થશે. પળેક વાર પાણીમાં આંદોલનો ઊઠશે અને તે પછી પાણી પેલા પથરા પર પ્રતિક્રિયા કરશે. તેવી રીતે જ્યારે કોઇ બાહ્યવિષયની છાપ ચિત્ત પર આવે છે,

ત્યારે તે પ્રથમ જરાક આંદોલાયમાન થાય છે. એવી રીતનું આંદોલાયમાન થતું ચિત્ત તેનુંજ નામ મનસ્. બાહ્યછાપને મન આગળ અંદરના ભાગમાં લઈ જાય છે અને નિર્ણાયક શક્તિ જે બુદ્ધિ તેની સમક્ષ રજૂ કરે છે; એટલે બુદ્ધિ પ્રતિક્રિયા કરે છે. એ બુદ્ધિની પાછળ અહંકારનું સ્થાન છે. અહંકાર એટલે સ્વ-ભાન કે જે 'હું, હું' કર્યા કરે છે. એ અહંકારની પૂંઠે મહતનું સ્થાન છે. મહત્ એટલે સમજ, અક્કલ કે ચતુરાઈ હોઇ તેનું સ્થાન પ્રકૃતિની સૃષ્ટિમાં ઊંચામાં ઊંચું છે. આ તન, બુદ્ધિ વગેરે પ્રત્યેક પદાર્થ તેના પછીનાનું પરિણામ અથવા કાર્ય છે. તળાવની બાબતમાં જેમ પ્રત્યેક આઘાત બાહ્યજગતમાંથી આવે છે, તેમ મનની બાબતમાં બાહ્ય અગર આંતરિક, બેમાંથી ગમે તે એક જગત-માંથી આઘાત આવે છે. મહતની પાછળ માનવઆત્મા જેને પુરુષ કહે છે, તેનું સ્થાન છે. એ પુરુષ શુદ્ધ, સંપૂર્ણ, એકમ્, અદ્વિતીયમ્ સાક્ષી અથવા દ્રષ્ટા હોઈ તેને અનુલક્ષીનેજ આ બધું પરિવર્તન ચાલી રહ્યું છે.

પુરુષ આ બધાં પરિવર્તનોને કિંવા ફેરફારોને નિહાળે છે, તે પોતે કદાપિ અપવિત્ર કે અશુદ્ધ નથી, પણ વેદાંતીઓ જેને અધ્યાસ કહી ઓળખાવે છે તે અધ્યાસ કિંવા પ્રતિચ્છાયા કે ફલિતાર્થથી તે અપવિત્ર કિંવા અશુદ્ધ જણાય છે. કોઇ બિલોર-ની આગળ એકાદ ભૂરૂં કે રાતું ફૂલ ધરવામાં આવે ત્યારે બિ-લોરનો જેવો દેખાવ થાય છે, તેવોજ આ દેખાવમાત્ર છે. ફૂલનો રંગ બિલોરમાં પ્રતિબિંબિત થાય છે, તેથી બિલોર રંગીન હોવાનો ભાસ થાય છે. બાકી બિલોર તો વસ્તુતઃ નીરંગી યાને સ્વચ્છ હોય છે. તેવીજ રીતે આ પુરુષના સંબંધમાં પણ સમજવાનું છે. જીવાત્મા અનેક છે અને તે દરેક વિશુદ્ધ અને સંપૂર્ણ છે, એ વાત આપણે માન્ય ગણી લઈશું. એની નિર્મળ સપાટી પર

નાનાવિધ સ્થૂળ તેમજ સૂક્ષ્મ જડાત્મક તત્ત્વોનાં પ્રતિબિંબ આપોઆપ આવીને પડે છે અને તેને અનેકરંગી બનાવે છે. કુદરત અથવા પ્રકૃતિ આમ કેમ કરે છે વારૂ? તો કે જીવાત્માના વિકાસ માટેજ પ્રકૃતિ આ બધાં પરિવર્તનોમાંથી પસાર થાય છે; તેમ આ બધું સૃષ્ટિકાર્ય પણ જીવાત્માના ભલા માટે થાય છે કે જેથી તે કોઇ રીતે મુક્ત બને. આ જગતરૂપી પ્રચંડ પુસ્તક મનુષ્યની આગળ વાચન માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. તે વાંચતાં પરિણામે એને માલૂમ પડે છે કે, એ પોતેજ સર્વજ્ઞ અને સર્વશકિતમાન અસ્તિત્વ છે. આ ઠેકાણે મારે તમને કહી દેવું જોઇએ કે, અમારા કેટલાક સર્વોત્કૃષ્ટ પંકિતના અધ્યાત્મવેત્તાઓ, તમે લોકો જે અર્થમાં ઇશ્વરમાં માનો છો, તે અર્થમાં ઇશ્વરને નથી માનતા. અમારી અધ્યાત્મવિદ્યાના પિતા ભગવાન કપિલ મુનિનો મત એવો છે કે, પૌરુષેય સગુણ ઇશ્વરનો ભાવ બિલકુલ અનાવશ્યક છે; કેમકે પ્રકૃતિ એકલીજ આખું સર્જનકાર્ય કરવાને પૂરતી છે. જેને 'ડિઝાઇન થિયરી' યાને યોજનાવાદ અથવા હેતુવાદ કહેવામાં આવે છે, તેના માથા પર તો તેઓ ખૂબ હથોડા મારીને કહે છે કે, એના જેવો નાદાનીભર્યો વાદ કદાપિ મોખરે કરવામાં નહિ આવ્યો હોય. આમ છતાં પણ તેઓ ઇશ્વરના એક વિલક્ષણ પ્રકારમાં માને છે. તેઓશ્રી કહે છે કે, આપણે બધાજ મુક્તાવસ્થાને પ્રાપ્ત થવા મથી રહ્યા છીએ અને જ્યારે તે આપણને પ્રાપ્ત થાય છે, ત્યારે આપણે જાણે પ્રકૃતિમાં પીગળી જઇએ છીએ અને બીજા કલ્પના આરંભમાં તેમાંથી પ્રગટ થઇ તેના શાસક બનીએ છીએ. આપણે તેમાંથી સર્વજ્ઞ અને સર્વશક્તિમાન અસ્તિત્વો તરીકે પ્રગટ થઇએ છીએ. એ અર્થમાં આપણે ઇશ્વરો પણ કહેવાઇ શકીએ. એ રીત મુજબ તો તમે ને હું અને બીજાં નિકૃષ્ટમાં નિકૃષ્ટ પ્રતિનાં પ્રાણીઓ પણ જુદાજુદા કલ્પોમાં

ઈશ્વરો થઇ શકે છે; પણ આગળ તેઓશ્રી કહે છે કે, આવો ઈશ્વર તે કલ્પ પૂરતોજ હોય છે. શાશ્વત, સર્વશકિતમાન અને જગતનો શાશ્વત નિયંતા હોય એવો શાશ્વત ઇશ્વર તો હોઇ શકેજ નહિ. એવા શાશ્વત ઇશ્વરનું અસ્તિત્વ માનીએ, તો તેમાં આ અડચણ નડે છે–તે કાં તો બદ્ધ આત્મા હોવો જોઇએ કે મુકતાત્મા હોવો જોઇએ. હવે જે ઇશ્વર સર્વાંશે મુકત હોય તે તો સર્જનકાર્ય કરે નહિ; કેમકે તેને તેમ કરવાની કંઇ આવશ્યકતા નથી. હવે જો તે બદ્ધ હોય, તોપણ તે સર્જનકાર્ય નહિ કરે; કેમકે તેમ કરવા તે અશકત હશે. તેથી એવું ઠરે છે કે, બેમાંથી એકેય રીતે સર્વજ્ઞ અને સર્વશકિતમાન એવા શાશ્વત શાસ્તાનું અસ્તિત્વ સંભવિત નથી. કપિલ મુનિના મત મુજબ તો આપણાં શાસ્ત્રોમાં જયાં જયાં ઇશ્વરનું નામ આવે છે, ત્યાં ત્યાં તે શબ્દથી મુકત થયેલા માનવઆત્માઓજ સમજવાના છે.

વળી કપિલદેવ તો જીવાત્માઓની એકતામાં પણ નથી માનતા. એ બાબતમાં તેમનું પૃથક્કરણ જે સ્થિતિમાં મળી આવે છે, તે સ્થિતિમાં તો કેવળ અદ્ભુત છે. કપિલ ભગવાન ભારતવર્ષીય વિચારકોના પિતા હોઇને બૌદ્ધધર્મ અને બીજા પંથો તેમનાજ વિચારના પરિણામરૂપ છે.

કપિલદેવના અધ્યાત્મશાસ્ત્ર પ્રમાણે તો બધાજ જીવાત્માઓ પોતપોતાની મુકતાવસ્થા તથા સર્વશકિતમત્તા ને સર્વજ્ઞતાના સ્વાભાવિક હક્કો પુનઃ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ પ્રશ્ન એ ઊઠે છે કે, આ બંધન આવે છે કયાંથી ? કપિલ કહે છે કે, આ બંધન અનાદિ છે; પણ જો તે અનાદિ હોય, તો તો તે અનંત પણ હોવું જોઇએ અને એમ હોય તો તો આપણે કોઈ કાળે પણ મુકત થઇ શકીએ નહિ. આના સમાધાનમાં એ કહે છે કે, બંધન જો કે અનાદિ છે, તોપણ તે અનાદિપણું આત્માના સંબંધમાં જેવું છેતેવું

નિત્ય સમાન લક્ષણવાળું નથી. બીજા શબ્દોમાં કહીએ તો બંધનનું કારણ જે પ્રકૃતિ તે અનાદિ ને અનંત છે, પણ આત્મા જે અર્થમાં અનાદિ ને અનંત છે, તે અર્થમાં નહિ; કારણકે પ્રકૃતિને પોતાનું વ્યક્તિત્વ નથી–પ્રકૃતિ એ તો પ્રત્યેક પળે પાણીનો નવો જથ્થો મેળવનારી નદીના જેવી છે. પાણીના આ બધા જથ્થાઓની સમષ્ટિ તે નદી છે, પણ નદી એ પોતે એક સ્થિર જથ્થો નથી; તેવી રીતે પ્રકૃતિમાંનું બધુંજ સદા બદલાયા કરે છે, પણ આત્મા કદાપિ બદલાતો નથી. આથી સિદ્ધ થાય છે કે, પ્રકૃતિ નિત્ય-પરિવર્તનશીલ હોવાથી આત્માને તેના બંધનમાંથી મુક્ત થવાનો સંભવ છે.

આ વિરાટ જગતના એક અંશનું બંધારણ જે યોજના પર થયેલું છે, તેજ યોજના પર જગત સમસ્તનું બંધારણ થયેલું છે; તેથી જેવી રીતે મારે એક મન છે તેવી રીતે જગતને પણ એક મન છે. જેવું વ્યષ્ટિમાં તેવુંજ સમષ્ટિમાં. મારે જેમ એક સ્થૂલશરીર ને તેની પાછળ સૂક્ષ્મ શરીર છે; તેમ જગતને પણ એક વિરાટ સ્થૂલશરીર અને તેની પાછળ બીજું એક વિરાટ સૂક્ષ્મશરીર છે. એ વિરાટ સૂક્ષ્મશરીરની પાછળ વિરાટ મન અને તેની પાછળ વિરાટ અહંકારનું તથા એ વિરાટ અહંકારની પાછળ વિરાટ ચૈતન્યનું અસ્તિત્વ છે અને પ્રકૃતિનો આ બધોજ આવિર્ભાવ પ્રકૃતિની અંદર છે અને નહિ કે તેની બહાર.

આપણા સ્થૂલદેહો તેમજ ચૈતન્ય આપણને આપણાં માબાપ તરફથી વારસામાં મળેલાં છે. કડક વારસાવાદ પ્રમાણે તો મારૂં શરીર એ મારાં માબાપનાં શરીરોનો એક અંશ છે, તેમજ મારાં ચૈતન્ય અને અહંકાર પણ મારાં માબાપનાં ચૈતન્ય અને અહંકારનો અંશ છે. માબાપ તરફથી વારસામાં મળેલા એ નાના ભાગમાં આપણે વિરાટ ચૈતન્યમાંથી બીજું જોઇએ તેટલું

ઉપાડીને ઉમેરો કરી શકીએ. પ્રકૃતિમાં ચૈતન્યનો અનંત ભંડાર ભરેલો હોઇ તેમાંથી આપણને જરૂર પૂરતું મળ્યા કરે છે. તેવીજ રીતે માનસિક શક્તિનો પણ અનંત ભંડાર વિશ્વમાં ભરેલો છે, તેમાંથી પણ આપણને નિરંતર જોઇએ તે પ્રમાણમાં મળ્યા કરે છે. પરંતુ તેનું મૂળબીજ તો આપણને માબાપ તરફથીજ મળવું જોઇએ.

પુનર્જન્મયુક્ત વારસાવાદ એ અમારો સિદ્ધાંત છે. વારસાના કાયદા મુજબ, પુનર્જન્મને પ્રાપ્ત થતા જીવાત્માને મનુષ્ય બનવા પૂરતું જડ દ્રવ્ય માબાપ તરફથી મળી રહે છે.

કેટલાક યુરોપિયન તત્ત્વવેત્તાઓએ પ્રતિપાદન કર્યું છે કે, આ દુનિયાનું અસ્તિત્વ છે; કેમકે મારૂં અસ્તિત્વ છે અને મારૂં અસ્તિત્વ જો બંધ પડે તો દુનિયાનું પણ બંધ પડશે. "આપ મૂઆ પિછે ડૂબ ગઈ દુનિયા" એવું કેટલીકવાર કહેવામાં આવે છે. જગતમાં બધાં લોકો મરી જાય અને અનુભવ તથા ચૈતન્યશક્તિવાળાં મનુષ્યપ્રાણીઓ તથા પશુપ્રાણીઓનું અસ્તિત્વ નાબૂદ થઇ જાય, તો આ બધાજ વ્યક્ત ભાવો અદૃશ્ય બની જાય. પરંતુ આ યુરોપિયન તત્ત્વવેત્તાઓને જો કે મૂળ સિદ્ધાંત હાથ લાગ્યો છે, તોપણ હજી તેમને તેના અધ્યાત્મશાસ્ત્રની સમજ નથી પડી. અર્વાચીન તત્ત્વવિદ્યાને હજી તેની કંઇક ઝાંખી માત્ર થઈ છે. સાંખ્યના દૃષ્ટિબિંદુથી જોતાં આ સત્ય સમજાવું સહેલ થઇ જાય છે. એ બાબતમાં સાંખ્યનો મત એવો છે કે, જે કશાકની અંદર મારા મનનો અલ્પાંશ પણ તેના જડ દ્રવ્ય તરીકે નથી હોતો, તે કશાકનું અસ્તિત્વ હોવું અશકય હોય છે. આ મેજનું જ્ઞાન મનેજેવી સ્થિતિમાં તે છેતેવીજ સ્થિતિમાં પરભાર્યુંજ નથી થતું. પ્રથમ તો તેની છાપ મારી આંખો પાસે આવે છે, ત્યાંથી પછી ઇંદ્રિય પાસે જાય છે, ત્યાંથી મન પાસે અને મન પાસેથી બુદ્ધિ પાસે જાય છે અને બુદ્ધિ પ્રતિક્રિયા કરે છે તથા જેને હું

મેજ કહું છું, તે આ પ્રતિક્રિયાનું પરિણામ છે. આ ઘટના તળાવમાં પથરો ફેંકવાની ઘટનાને મળતી છે. તળાવ તેમાં પડતા પથ્થર તરફ એક મોજું ફેંકે છે; આપણે જે જાણીએ છીએ તે આ મોજુંજ છે. બહાર શું છે તેની કોઇને ખબર નથી હોતી. જ્યારે હું તેને જાણવાનો પ્રયત્ન કરૂં છું, ત્યારે મારી આંખ જે દ્રવ્ય તેને પૂરૂં પાડે છે તે રૂપે તેને બનવું પડે છે. મેં મારા મન વડે મારી આંખોને તે દ્રવ્ય પૂરૂં પાડ્યું છે. બહારની બાજુ નિમિત્ત કે ઇશારા જેવું કંઈક હોય છે અને એ નિમિત્ત કે ઇશારાને આધારેજ હું મારા મનની યોજના ઘડું છું અને તે યોજનાજ મને દેખાય છે તે રૂપમાં પરિણત થાય છે. વારૂ, એમ છે તો પછી આપણે બધાંજ વસ્તુઓને એકજ સરખા રૂપમાં કેમ કરી જોઇએ છીએ? તો કે આપણા સૌની અંદર જગદ્વ્યાપી કિંવા વિરાટ મનના એકસમાન અંશો છે તેથી. જેમને એકસમાન મન હોય છે, તેમને બધી વસ્તુઓ એકસમાન દેખાય છે અને જેમનાં મન એકસમાન નથી હોતાં તેમને વસ્તુઓ પણ એકસમાન રૂપમાં નથી દેખાતી.

भाग ११ मो–समाप्त

ग्रंथसेवननो महिमा

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના-સ્ત્રીના) શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઇશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું તફાવત?"

"ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરી સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી તે ઘર, ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોરજ છે."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તોપણ એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કે, 'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લો અને વાપરો, એટલે તમારૂં કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કિંમતી છે?"

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે."

"એકાદ ઉત્તમ ગવૈયો ઇચ્છે ત્યારે જેમ પોતાના વાજિંત્રમાંથી ચહાય તે સ્વર કાઢી આનંદ લે છે, તેમ એક વાંચનાર પણ જ્યારે ઇચ્છે ત્યારે એકાદ ઉત્તમ ગ્રંથમાંથી પોતાને મનગમતો અવાજ કાઢી આનંદમગ્ન થઇ શકે છે."

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લેડ્સ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ ?"

"એક વિદ્વાન ઠીકજ કહે છે કે, 'વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઈ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ."

"એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કે, 'માણસને લૂગડાંલત્તાંની જેટલી જરૂર નથી તેટલી પુસ્તકોની છે.' તે પોતે પણ જરૂરનાં પુસ્તકો ખરીદી લેતાં સુધી લૂગડાં લેવાનું મુલતવી રાખતો. તેને સિસેરોનાં પુસ્તકો બહુ ગમતાં. તે વાંચતો ત્યારે ત્યારે 'હું વધારે સારો થયો છું' એમ તેન લાગતું."

"સુખ, વિદ્યા અથવા પ્રમાણિકતાના પ્રેમીઓએ તો જરૂર પુસ્તકોનો શોખ રાખવો જોઇએ."

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવન સુધી જરૂર છે." **—સ્વામી વિવેકાનંદ**

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઇ પણ કામમાં નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્ય-સરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે."**—બંકિમચંદ્ર**

"ગરીબોને દરિદ્રતામાંથી છોડાવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભુલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." —માર્ડન

"બંધુઓ ! સારાં પુસ્તકો એટલે શું એ તમે જાણો છો ? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો ? ભાઈ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે." —સ્વ૦ પઢિયાર

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત; તોપણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્વિચાર પણ કરી શકશો." —મહાત્મા ગાંધીજી

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્ગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા માટે પ્રયત્ન કરે છે; તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમ-શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા–સમજવાથી ઘણીજ વધારે અસર થાય છે. અર્થાત્ અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઇ આગળ વધે છે."

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદૃષ્ટાંત જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

योगशास्त्रनुं रहस्य

પ્રત્યેક આત્મા અવ્યક્ત બ્રહ્મ છે.

બાહ્ય અને અન્તઃપ્રકૃતિને વશ કરીને આત્માના એ બ્રહ્મપણાને પ્રકટ કરવું એજ જીવનનું પરમ લક્ષ્ય અને સર્વોપરી ધર્મ છે.

કર્મ, ઉપાસના, જ્ઞાન અને યોગ, એમાંના એક અથવા વિશેષ ઉપાયવડે એ બ્રહ્મત્વ પ્રકટ કરી મુક્ત અને કૃતકૃત્ય બની શકાય છે. ધર્મનું સર્વ રહસ્ય એમાંજ છે. સંપ્રદાય, કર્મકાંડ, શાસ્ત્ર, મંદિર અથવા કોઇપણ બાહ્ય પદાર્થ કે પ્રવૃત્તિ, એ તો શુદ્ધ ધર્મનાં કેવળ બાહ્ય-ગૌણ અંગો છે.

હે મનુષ્ય ! તારી આસપાસ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ-શક્તિનો અનંત સાગર ઊછળી રહ્યો છે, અને તું પોતે પણ એજ સાગરની નાની નીક છે. હવે તારે તારા પાણીને (શક્તિને) બાહ્ય અસાર પદાર્થોરૂપી મરૂભૂમિ તરફજ વહેવા દઈ સુકવી નાખવું હોય, તોપણ તારી મરજી અને પોતાના મૂળ તરફ વળી તે સચ્ચિદાનંદમય અનુપમ અનંતતાને મળવું હોય તોપણ તારી મરજી !

—આ ગ્રંથમાંથી